00086005

THE
ASIATIC SOCIETY OF BOMBAY
Town Hall, Bombay.

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018

ઇંગ્લંડમાં પ્રવાસ

આ ગ્રંથનો "કૉપી રાઇટ" રાખવામાં આવ્યો છે.

REGISTERED UNDER ACT XX OF 1847.

ઇંગ્લંડમાં પ્રવાસ

કરનાર

કરસનદાસ મુલજી.

"સખી ભૂમ ગોપાળકી, વામેં અટક કહા
જાકે મનમેં અટક રહી, સોઈ અટક રહા"

86005

TRAVELS IN ENGLAND

BY

KARSANDÁS MÚLJI.

"The Earth is God's, where can the Atak lie?
The coward shrinks, and dares not burst the tie."

મુંબઈ:
યુનિયન પ્રેસ.

૧૮૬૬.

કિંમત રૂપીયા બાર.

Bombay :—Union Press,
1866

પ્રસ્તાવના.

ઈ૦ સ૦ ૧૮૬૩ માં ઇંગ્લંડમાં પ્રવાસ કરી આવ્યા પછી મને એમ લાગ્યું કે એ પ્રવાસથી મારાં મનમાં જે અનેક વિચારો ઉપજ્યાછે તે પ્રગટ કરીને મારા દેશીઓની સેવામાં મુકું—એવી ઇંચ્છાથી મેં આ ગ્રંથ તઈયાર કરયોછે.

આ ગ્રંથનાં મેં બાર પ્રકરણ કરયાંછે અને દરએક પ્રકરણમાં બાર બાર બાબદ લખીછે.

પેહેલાં પ્રકરણમાં પ્રવેશક લખ્યોછે. તેમાં મુખ્ય કરીને વિલાયત જોયાથી મન ઉપર થયેલી પેહેલ વેહેલી અસર વિષે તથા ઇંગ્લંડ જવાના લાભ વિષે તથા અસલના વખતના હિંદુઓમાં પ્રવાસનો ચાલ ને તે ચાલ બંધ પડવાનાં કારણ વિષે તથા ઇંગ્લંડ જવાનો અટકાવ તોડીને સ્વતંત્ર થવાની જરૂર વિષે મેં લખ્યુંછે.

બીજાં પ્રકરણમાં મુંબઈથી ફ્રાન્સને રસ્તે લંડન જતાં સમુદ્ર વિષે તથા આગબોટ વિષે તથા જે શેહેરો મારા જોવામાં આવ્યાં તે વિષે ટુંકામાં લખ્યુંછે અને તે સંબંધી ઉપજેલા વિચાર પ્રગટ કરયાછે.

ત્રીજાં પ્રકરણમાં લંડનનો બાહારથી કેવો દેખાવ લાગેછે—રસ્તા, પુલ, ચોક, કુવારા, પુતળાં, દુકાન, ગ્યાસલાઈટ તથા ભીડ વગેરે દેખાવ કેવો દેખાયછે તે વિષે લખ્યુંછે ને તે સંબંધી કેટલાક વિચાર આપ્યાછે.

ચોથાં પ્રકરણમાં વિલાયતનાં ઘર તથા પ્રસિદ્ધ મુકામોની બાંધણી વિષે લખ્યુંછે; તેમાં આપણા દેશનાં ઘરોની બાંધણીમાં અને

વિલાયતનાં ઘરોની બાંધણીમાં કેટલો ફેર છે તથા તેઓનો ઘાટ કેવો છે તથા લંડનમાં ઘરનું ભાડું તથા ઘર બાંધવાનો ખરચ કેટલો બેસેછે ઇત્યાદિ જણાવ્યુંછે અને મુંબઇમાં ઘરોનો સમાસ વધારવાની તથા ઘરોનો દેખાવ અને ઘાટ મોહોલ્લે મોહોલ્લે સરખો રાખવાની જરૂર જણાવીછે.

પાંચમાં પ્રકરણમાં લંડનમધ્યે જોવાનાં કેટલાંએક પ્રખ્યાત ઠેકાણાંમાં શું જોવાજોગ છે અને તે જોવાથી કેટલું જ્ઞાન થાયછે અને કેટલી વિચારશક્તિ ઉઘડેછે ને કેટલા નવા વિચાર સુજેછે તે વિસ્તારીને લખ્યુંછે.

છઠ્ઠાં પ્રકરણમાં જે મુખ્ય તમાશાઓ લંડનમધ્યે થાયછે તેનું કેટલુંએક બ્યાન કરયુંછે. તેમાંના કેટલાએક તમાશાઓથી જોનારનું મન કેટલું ખુશી થાયછે તેનો થોડોક વિચાર આપ્યોછે. બિલોરી મેહેલમાં જે ગમત અને જ્ઞાન મળેછે તેનો પુરો વિચાર આપવો કઠણ છે તે છતાં એ મેહેલની તથા એ મેહેલમાં જે કાંઈ જોવાનું છે તેની ખુબીનો માત્ર વિચાર આપવાની મેં તજવીજ કરીછે.

સાતમાં પ્રકરણમાં ઇંગ્લંડના લોકોની સંસારી હાલત કેવી છે તે વિષે જે કાંઈ મુખ્ય બાબદ મારા જાણવામાં અને જોવામાં આવી છે તેનો વિસ્તાર કરયોછે. ઇંગ્લંડના લોકોની સંસારી હાલતનું ચિત્ર બરાબર પાડી દેખાડવાની મારામાં શક્તિ નથી, એ મારે કબુલ કરવું જોઇએ. પણ આ પ્રકરણમાં મેં જે કાંઈ લખ્યુંછે તે એવીજ મતલબથી કે તેઓની સંસારી સ્થિતિનું કંઈક જ્ઞાન દેશીઓને ઉપજે અને તે ઉપરથી તેઓમાં પોતાની સંસારી હાલત સુધારવાની પ્રેરણા ઉત્પન થાય.

આઠમાં પ્રકરણમાં ઇંગ્લંડના લોકોનો વિવેક તથા તેઓની કેટ-

લીએક રીતભાત વિષે મેં લખ્યુંછે. આ કામ પણ કઠણ છે. પણ એ લખવામાં મેં એટલીજ મતલબ રાખીછે—કે ઇંગ્રેજોનો મુખ્ય વિવેક (એટિકેટ) તથા તેઓની કેટલીક મુખ્ય રીતભાત જાણ્યાથી મારા દેશીઓ તેઓની મંડળીમાં સામેલ થઈ મિત્રાચારીનો સંબંધ કરીને તે સંબંધ વધારી શકે.

નવમાં પ્રકરણમાં ઇંગ્રેજી પ્રજાના સામાન્ય ગુણ દેખાડયાછે. કેટલાએક મોટા ગુણોથી એ દેશના લોકો રાજપ્રકરણમાં, વિદ્યા હુન્નરમાં, કળાકૌશલ્યમાં અને વેપારવણજમાં વધ્યાછે તે ગુણ જણાવ્યાછે અને તેવા ગુણોની દેશીઓમાં જરૂર દેખાદીછે.

દસમાં પ્રકરણમાં ઇંગ્લંડની મોટાઈનાં મુખ્ય કારણ જણાવ્યાંછે. કેટલાએક સંજોગ મળવાથી ઇંગ્લંડ દેશની મોટાઈ તથા દોલત વધી છે તે સંજોગ કયા કયા તે મેં આ પ્રકરણમાં દેખાડયાછે.

અગિયારમાં પ્રકરણમાં એ દેશનું રાજ્યબળ કેટલું છે અને એ દેશની રાજરીતિ કેવી છે તે વિષે મેં લખ્યુંછે. ઘણાખરા દેશીઓ આ બાબદથી અજ્ઞાન છે તેટલામાટે તેઓને સમજ પડે તેમ આ પ્રકરણ લખવામાં આવ્યુંછે.

બારમાં પ્રકરણમાં મેં ઇંગ્લંડ તથા સ્કૉટલંડનાં કેટલાંએક શેહેરો તથા ગામોમાં મુસાફરી કરી હતી તેનું ટુંકામાં વર્ણન કરયુંછે અને તે મુસાફરીથી ઉપજેલા વિચાર પ્રગટ કરયાછે. આ છેલ્લાં પ્રકરણમાં હું મારા પ્રવાસનો છેડો લાવ્યો છઉં.

પ્રવાસ, અભ્યાસ તથા અનુભવથી ઇંગ્લંડ વિષે જે મુખ્ય બાબદો મારા જોવામાં અને જાણવામાં આવીછે તેમાંની—આ ગ્રંથમાં સમાઈ શકે એવીજ—બાબદો મેં દાખલ કરીછે. આમાં કોઈ પણ ઇંગ્રેજી પુસ્તકમાંથી તરજુમો કરયો નથી. મારા વિચા-

રને તથા આંકડાને ટેકો આપવા માટે મેં અનેક ગ્રંથકારોની તથા કેટલાંએક પ્રખ્યાત વર્તમાનપત્રોની તથા આપણા (હાલના) ગવર નર સાહેબ—સર બાર્ટલ ફ્રિયરનાં ભાષણોમાંથી સત્તા ટાંકીછે.

મારા દેશી ભાઈઓને મારી વિનંતી છે કે અવકાશ મેળવીને આ ગ્રંથ ધિરજથી વાંચવો અને તે ઉપર સારીપેઠે વિચાર કરવો. આ ગ્રંથનો અભ્યાસ કરયાથી ઇંગ્લંડ જેવા મોટા અને મહા પ્રતાપી દેશમાં પ્રવાસ કરવાની હોંસ તેઓમાં પ્રગટ થશે એટલુંજ નહી પણ પોતાના દેશને વેપાર વણજમાં, વિદ્યા હુન્નરમાં તથા કળાકૌશળ્યમાં ઇંગ્લંડના જેવી ઉંચી સ્થિતિ ઉપર લાવવાની રૂડી પ્રેરણા તેઓમાં આપોઆપ ઉત્પન્ન થયા વિના રેહેશે નહી એવી હું અંતઃકરણથી આશા રાખું છઉં

PREFACE.

On my return from England, it occurred to me that I could not do a better service to my countrymen than by laying before them, in this Volume, the various thoughts which suggested themselves to my mind during my visit to that country.

The Volume is divided into twelve chapters, and each chapter treats of twelve subjects.

The first chapter is introductory to the work, delineating my first impressions of England, and the advantages of visiting that country; giving an account of the custom of visiting foreign lands prevalent among the ancient Hindus, and the causes which led to its discontinuance; and finally advocating the adoption of the same custom by the present generation.

The second chapter gives a brief description of the voyage between Bombay and London, (passing through France,) and of its various incidents.

In the third chapter I have attempted to give an idea of the external appearance of London,—its roads, bridges,

parks, fountains, statues, shops, gaslight, crowds, etc; and the thoughts suggested by these sights.

The fourth chapter describes the architecture of the houses and public buildings of London; marking the difference between it and that of our Indian houses, especially in their forms of structure, with information about house rent in London, the probable cost of building a house and so forth. The importance of erecting houses of a better and more uniform structure in Bombay is also pointed out.

The most remarkable institutions of London, such as the British Museum, the Zoological Gardens, the Times Office, have been enumerated in the fifth chapter; and the knowledge and entertainment which the sight of them afford have been particularly noticed.

In the sixth chapter I have endeavoured to give an account of some of the places of recreation and amusement in London. It is not easy to describe the advantages gained and the gratification experienced by a visit to the Crystal Palace. I have only attempted to give the reader some notion of its beauty and of its various contents.

The social or domestic state of England, so far as I have been able to understand it, I have laid before the reader in the seventh chapter. But to give a full and correct picture of the social life of Englishmen is, I must confess, beyond my power. It is only with a view to give some faint idea [illegible] with the object of urging them to

reform their *own* social condition, that I have ventured to say something on the subject.

In the eighth chapter I have spoken about the etiquette and various other usages of society of the people of England, which subject is doubtless as difficult to do justice to as that of the last chapter. My object, however, in saying any thing about it, is to make my countrymen acquainted with some of the chief customs of Englishmen, that they may be the more able to maintain the interchange of social and friendly cordialities with the latter.

The national characterestics of the people of England have been described in the ninth chapter. The most distinguishing traits in their character by which they have risen to pre-eminence in politics, arts, science, literature and commerce have been fully brought to view, and the importance of the same in the native character particularly pointed out.

The causes of England's greatness are noticed in the tenth chapter. The events which have tended to the glory and enrichment of England have been treated in connection with this subject.

In the eleventh chapter I have attempted to give an idea of the POWER and CONSTITUTION of the British Government in a manner as to enlighten the mass of Natives who are behind in knowledge of the subject.

The twelfth chapter closes the volume with a brief account of the visits I paid to some of the principal towns and places

of England and Scotland, and the thoughts suggested by them.

I have introduced in this volume so much matter only as I have been able to bring within its compass from my own personal observation, study and experience during the visit. No part of the book is a simple translation from English authors. I have, of course, quoted from numerous writers as well as from some public journals and the speeches of His Excellency Sir Bartle Frere, as authorities in support of my statements.

It is my earnest request that my countrymen should give a patient and careful perusal to the volume, which will I hope, create not only a desire to visit the great and glorious land of commerce, learning and benevolence, but the more important desire of raising themselves and their country to the same level.

CONTENTS

CHAPTER I.

Introduction.

		PAGE
1	First Impressions	1
2	Things to be seen in England	2
3	British Kindness towards Foreigners	6
4	Climate not unfavourable to Natives of India	7
5	Advantages of visiting England	13
6	Foreign Travel among the Ancient Hindus	23
7	Causes of Prohibition in Latter Ages	25
8	The Prohibition has long been disregarded	28
9	First Natives who visited England	31
10	Religious Authorities on Foreign Travel..	38
11	Observances of the Caste-System merely Nominal ..	42
12	Free Action most needed	44

CHAPTER II.

From Bombay to London.

1	Arabian Sea	51
2	On Board the Steamer	52
3	Aden	57
4	Red Sea	60
5	Suez—The Desert	61
6	Kairo	63
7	Alexandria	65
8	Mediterranean Sea	67
9	Malta	67
10	Marseilles	69
11	Lyons	74
12	Paris	75

CHAPTER III.

LONDON—ITS EXTERNAL VIEW

		PAGE
1	A Few Hints to Indian Travellers	86
2	View of London	90
3	Extent and Population	91
4	Streets and Thoroughfares	92
5	Horses and Conveyances	94
6	Shops and Markets	99
7	Newspapers and Placards	103
8	Parks and Public Gardens	105
9	Public Statues and Fountains	107
10	Thames and its Bridges	110
11	View by Night—Gaslight	113
12	Climate and Seasons..	115

CHAPTER IV.

HOUSES AND PUBLIC EDIFICES.

1	Architecture	119
2	Accommodation in a Dwelling House	123
3	Cost of Building	126
4	Rent of a Private House	128
5	Churches and Cathedrals	129
6	Palaces...	131
7	Public Offices	132
8	Commercial Buildings	134
9	Club-Houses	137
10	Hotels and Inns	138
11	Public Baths	140
12	Railway Stations	141

CHAPTER V.

Principal Institutions and Sights of London.

		PAGE
1	British Museum..	143
2	South Kensington Museum...	151
3	East Indian Museum	152
4	Polytechnic Institute	153
5	Zoological Gardens	154
6	Times Office	157
7	Thames Tunnel	160
8	Tower of London	161
9	St. Paul's Cathedral	163
10	Westminister Abbey...	166
11	New Houses of Parliament...	167
12	Windsor Castle	172

CHAPTER VI.

Places of Recreation and Exhibitions.

1	Crystal Palace	175
2	Colosseum	181
3	Opera and Theatre..	182
4	Cremorne Gardens	186
5	Tussaud's Wax Works	189
6	National Gallery	190
7	Royal Society of Arts...	192
8	Flower Show...	193
9	Dog Show	194
10	Exhibition of the Charity Schools...	194
11	Ceremony of Uncovering Prince Concert's Statue ...	196
12	Great Derby Races	198

CHAPTER VII.

Social State and Habits of the People.

		PAGE
1	Aristocratic Class....	201
2	Middle Classes	205
3	Social Position of Women..	210
4	Domestic Life	216
5	Study	222
6	Travels..	224
7	Education	228
8	Morality	231
9	Religion	233
10	Occupations—Distinction of Ranks	237
11	Lower Orders of the People..	239
12	Agriculture—Scientific Farming	263

CHAPTER VIII.

Etiquette and Usages of Society.

1	Characteristics of a Gentleman	269
2	Characteristics of a Lady	270
3	Toilet and Dressing Materials	270
4	Dress	272
5	Dinner	277
6	Conversation	279
7	Visits	281
8	Evening and Morning Parties	282
9	Public Dinners	284
10	Hospitality	286
11	Balls—Dancing	287
12	Courtship and Matrimony	288

CHAPTER IX.

General Character of the British Nation.

		PAGE
1	Industry	293
2	Activity	295
3	Emulation	296
4	Division of Labour	297
5	Perseverance	298
6	Zeal and Excitement	300
7	Enterprise	301
8	Energy	302
9	Courage	303
10	Self Respect	305
11	Liberty..	305
12	Benevolence	307

CHAPTER X.

Causes of England's Greatness.

1	Knowledge	311
2	Arts	312
3	Mechanical Inventions	313
4	Manufactories...	313
5	Coal	314
6	Iron	315
7	Climate	316
8	Railway...	316
9	Universal Language	317
10	Commerce	318
11	Navy	319
12	Mild Government	319

CHAPTER XI.

Power and Constitution of British Raj.

		PAGE
1	British Dominions	321
2	British Forces...	322
3	State Income	323
4	Form of Government	324
5	Imperial Parliament	325
6	House of Commons	329
7	House of Lords	329
8	THE SOVEREIGN	331
9	Royal Prerogatives	333
10	Ministry	333
11	Privy Council...	335
12	Administration of Justice	335

CHAPTER XII.

Tour in Great Britain.

1	Hertford	337
2	Manchester	338
3	Rochdale...	340
4	Liverpool	343
5	St. Helens	345
6	Edinburgh	346
7	Glasgow	350
8	Loch Lomond...	353
9	Loch Katrine	355
10	Trosachs—Rock and Woods Scenery	355
11	Stirling Castle...	357
12	Conclusion	359

અનુક્રમણિકા.

પ્રકરણ ૧.—પ્રવેશક.

		પૃષ્ઠ.
૧	એ દેશ જોવાથી મનઉપર અસર	૧
૨	એ દેશમાં શું જોવાલાયક છે?	૨
૩	એ દેશના લોકો કેવા છે?.....	૬
૪	એ દેશની હવા કેવી છે? હિંદુઓ રહી શકે કે નહી? ..	૭
૫	એ દેશમાં પ્રવાસ કરવાથી લાભ.....	૧૩
૬	અસલના હિંદુઓમાં પ્રવાસ કરવાનો ચાલ.....	૨૩
૭	એ ચાલ કેમ બંધ પડ્યો ને પાછો ચાલુ થયો?	૨૫
૮	હાલના વખતમાં હિંદુઓ કેટલે દુર જાયછે?.....	૨૮
૯	ઇંગ્લંડ જનાર પેહેલા દેશીઓ	૩૧
૧૦	ઇંગ્લંડ જવું શું હિંદુ-ધર્મથી ઉલટું છે?.....	૩૮
૧૧	આ બાબદમાં જાતીભેદ વિષે ખોટું અભિમાન	૪૨
૧૨	સ્વતંત્ર થવાની જરૂર	૪૪

પ્રકરણ ૨.—મુંબઇથી લંડન.

૧	આરબી સમુદ્ર	૫૧
૨	આગબોટ	૫૨
૩	આદન	૫૭
૪	લાલ સમુદ્ર	૬૦
૫	સુવેજ-રેતીનું રણ.....	૬૧
૬	કેરો	૬૩
૭	સિકંદરાબાદ	૬૫
૮	ભૂમધ્ય સમુદ્ર.....	૬૭
૯	માૅલટા.....	૬૭
૧૦	માર્સેલ્સ	૬૯
૧૧	લાયન	૭૪
૧૨	પારિસ	૭૫

પ્રકરણ ૩.—લંડન અને તેનો બાહારથી દેખાવ.

પૃષ્ઠ.

૧ લંડનમાં ઉતરવા વિષે ૮૬
૨ લંડનનો દેખાવ ૯૦
૩ વસ્તી અને વિસ્તાર ૯૧
૪ રસ્તા અને ચોક ૯૨
૫ ગાડી અને ઘોડા ૯૪
૬ દુકાન અને બજાર ૯૬
૭ વર્તમાનપત્ર અને જાહેરખબર ૧૦૩
૮ મેદાન અને બગીચા ૧૦૫
૯ પુતળાં અને કુવારા ૧૦૭
૧૦ નદી અને પુલ ૧૧૦
૧૧ રાતનો દેખાવ અને ગ્યાસલાઇટ ૧૧૩
૧૨ હવા અને ઋતુ ૧૧૫

પ્રકરણ ૪.—ઘર તથા પ્રસિદ્ધ મુકામો.

૧ ઘરની બાંધણી. ૧૧૯
૨ ઘરની માંહેલી ગોઠવણ ૧૨૩
૩ ઘર બાંધવાનો ખરચ ૧૨૬
૪ ઘરનું ભાડું ૧૨૮
૫ દેવળ ૧૨૯
૬ મેહેલ ૧૩૧
૭ સરકારી ઈમારત ૧૩૨
૮ વેપારનાં મુકામ ૧૩૪
૯ ક્લબ હાઉસ ૧૩૭
૧૦ હૉટેલ ૧૩૮
૧૧ બાથ અથવા નાહાવાની જગ્યા ૧૪૦
૧૨ રેલવે સ્ટેશન ૧૪૧

પ્રકરણ ૫.—જોવાનાં પ્રખ્યાત ઠેકાણાં.

પૃષ્ઠ.
૧ બ્રિટિશ મ્યૂઝીયમ ૧૪૩
૨ સૌથ કેન્સીંગ્ટન મ્યૂઝીયમ ૧૫૧
૩ ઈસ્ટ ઇંડીયન મ્યૂઝીયમ ૧૫૨
૪ પૉલિટેકનિક ઇન્સ્ટીટ્યુટ ૧૫૩
૫ ઝુઓલૉજીકલ ગાર્ડન્સ ૧૫૪
૬ ટાઇમ્સ છાપાખાનું ૧૫૭
૭ ટેમ્સ નદી નીચેનો રસ્તો ૧૬૦
૮ લંડનનો કિલ્લો ૧૬૧
૯ સેંટ પૉલનું દેવળ ૧૬૩
૧૦ વેસ્ટ-મિનિસ્ટર આબ્બી ૧૬૬
૧૧ પાર્લ્યામેંટનો મહેલ ૧૬૭
૧૨ વિન્સર કાસ્ટલ ૧૭૨

પ્રકરણ ૬.—તમાશો જોવાનાં મુખ્ય ઠેકાણાં.

૧ બિલોરી મહેલ ૧૭૫
૨ કૉલોઝીયમ ૧૮૧
૩ નાટકશાળા ૧૮૨
૪ ક્રિમોર્ન નામનો મોટો બાગ ૧૮૬
૫ મીણનાં પુતળાંઓનો મોટો સંગ્રહ ૧૮૯
૬ ન્યાશનલ ગ્યાલરીમાં ચિત્ર-સંગ્રહ ૧૯૦
૭ રૉયલ સોસાયટી ઑવ આર્ટ્સ ૧૯૨
૮ અનેક જાતનાં અનેક ફુલનો સંગ્રહ ૧૯૩
૯ કુતરાંઓનો મોટો તમાશો ૧૯૪
૧૦ દસ હજાર છોકરાંઓનું એક રાગમાં ગાવું ૧૯૪
૧૧ પ્રિન્સ ઑલ્બર્ટનું પુતળું ઉઘાડવાની ક્રિયા ૧૯૬
૧૨ ઘોડાઓની સઉથી મોટી શરત ૧૯૮

પ્રકરણ ૭.—લોકોની સંસારી હાલત.

પૃષ્ઠ.

૧ શ્રીમંત અથવા તવંગર ૨૦૧
૨ મધ્યમ સ્થિતિના લોક ૨૦૫
૩ સ્ત્રીજાતની હાલત ૨૧૦
૪ ઘરની રીતભાત ૨૧૬
૫ અભ્યાસ ૨૨૨
૬ મુસાફરી ૨૨૪
૭ કેળવણી ૨૨૮
૮ નીતિ ૨૩૧
૯ ધર્મ ૨૩૩
૧૦ ધંધો તથા પદ્ધતિ ૨૩૭
૧૧ ઉતરતી પદ્ધતિના લોક ૨૩૯
૧૨ ખેતીવાડી ૨૬૩

પ્રકરણ ૮.—લોકોનો વિવેક તથા ચાલ.

૧ ગૃહસ્થનાં લક્ષણ ૨૬૯
૨ સ્ત્રીનાં લક્ષણ ૨૭૦
૩ સણગાર ૨૭૦
૪ પોશાક ૨૭૨
૫ ભોજન ૨૭૭
૬ વાતચિત ૨૭૯
૭ મુલાકાત ૨૮૧
૮ મિજલસ ૨૮૨
૯ મેજબાની ૨૮૪
૧૦ પરોણાગત ૨૮૬
૧૧ ખૉલ અથવા સ્ત્રી પુરુષનો નાચ ૨૮૭
૧૨ લગ્ન ૨૮૮

પ્રકરણ ૯.—પ્રજાના સામાન્ય ગુણ.

પૃષ્ઠ.

૧ ઉદ્યોગ ૨૯૩
૨ ચાલાકી ૨૯૫
૩ એકએકથી સરસ થવાની હોંસ ૨૯૬
૪ કામની વેહચણી ૨૯૭
૫ હારીને કામ છોડવું નહીં ૨૯૮
૬ હોંસ તથા ઉલટ ૩૦૦
૭ સાહસ ૩૦૧
૮ દૈવત ૩૦૨
૯ હિંમત ૩૦૩
૧૦ ટેક ૩૦૫
૧૧ સ્વતંત્રપણું ૩૦૫
૧૨ પરોપકારબુદ્ધિ ૩૦૭

પ્રકરણ ૧૦.—ઇંગ્લંડની મોટાઈનાં મુખ્ય કારણ.

૧ વિદ્યા ૩૧૧
૨ હુન્નર ૩૧૨
૩ નવી શોધ તથા કળા ૩૧૩
૪ કારખાનાં ૩૧૩
૫ કોયલો ૩૧૪
૬ લોહોકું ૩૧૫
૭ હવા ૩૧૬
૮ રેલવે ૩૧૬
૯ એક ભાષા ૩૧૭
૧૦ વેપાર ૩૧૮
૧૧ દરિયાઈ ફોજ ૩૧૯
૧૨ દયાળ સરકાર ૩૧૯

પ્રકરણ ૧૧.—રાજબળ તથા રાજરીતિ.

પૃષ્ઠ.

૧ રાજબળ ૩૨૧
૨ રાજફોજ ૩૨૨
૩ રાજની ઉપજ ૩૨૩
૪ રાજની ગોઠવણ ૩૨૪
૫ રાજસભા ૩૨૫
૬ કૉમન્સ અથવા લોકોની સભા ૩૨૯
૭ અમીરોની સભા ૩૨૯
૮ રાજા અથવા રાણી ૩૩૧
૯ રાજા અથવા રાણીનો અખત્યાર ૩૩૩
૧૦ રાજા અથવા રાણીના પ્રધાન ૩૩૩
૧૧ પ્રિવિ-કૌન્સીલ ૩૩૫
૧૨ પાર્લમેન્ટની ગોઠવણ ૩૩૫

પ્રકરણ ૧૨.—વિલાયતનાં ગામોમાં મુસાફરી.

૧ હાર્ટફોર્ડ ૩૩૭
૨ માનચેસ્ટર ૩૩૮
૩ રૉચડેલ ૩૪૦
૪ લિવરપુલ ૩૪૩
૫ સેંટ હિલન્સ ૩૪૫
૬ એડિનબરો ૩૪૬
૭ ગ્લાસગો ૩૫૦
૮ લૉખ્ય લોમંડ સરોવર ૩૫૩
૯ લૉખ્ય ક્યાટરાર્ઇન ૩૫૫
૧૦ પાહાડ વચ્ચે ખોનો તથા વનનો દેખાવ ૩૫૫
૧૧ સ્ટરલિંગ કેસ્ટલ ૩૫૭
૧૨ પ્રવાસનો છેડો ૩૫૯

આ ગ્રંથમાં આપેલાં ચિત્રની ટીપ.

(List of Illustrations.)

પ્રારંભચિત્ર–સ્ટીલ પ્લેટ.

રાજકુટુંબ–મહારાણી તથા તેનું કુટુંબ.

રંગીત સ્ટીલ-પ્લેટ.

		પૃષ્ઠ.
પારિસનો રાજમેહેલ	(A)	૮૧
લંડનનો દેખાવ	(B)	૯૧
સરકારી બાગ–ક્યુગાર્ડન્સ	(C)	૧૦૭
ત્રફાલગરનો ચુખસુરત ચોક–નેલ્સનનું પુતળું	(D)	૧૦૯
હાઈડ પાર્કનો રસ્તો–વેલિંગટનનું પુતળું	(E)	૧૦૯
લંડનનો કિલ્લો	(F)	૧૬૩
સેંટપૉલનું દેવળ	(G)	૧૬૫
વેસ્ટ મિનિસ્ટર આબ્બી	(H)	૧૬૭
પાર્લ્યામેંટનો મેહેલ	(I)	૧૬૯
વિન્સર કાસ્ટલનો રાજમેહેલ	(J)	૧૭૩
બિલોરી મેહેલ તથા બાગ	(K)	૧૮૧
હુન્નરનું પરિણામ–ઈન્ટર ન્યાશાલ એક્ઝીબિશન	(L)	૩૧૩
મહારાણીનો રાજમેહેલ–બર્કિંગામ પાલેસ	(M)	૩૩૩
એડિનબરો–પ્રિનસેસ બાગનો સુંદર દેખાવ	(N)	૩૪૭
એડિનબરોનો જુનો રાજમેહેલ–"હોલીરૂડ"	(O)	૩૪૯
સરોવર પાસે બાલબ્યંગામનો દેખાવ	(P)	૩૫૫
લૉબ્મલોમંડ સરોવરનો કાંઠો	(Q)	૩૫૫
લૉબ્મલોમંડ સરોવરનો દેખાવ	(R)	૩૫૫
લૉબ્મ ક્યાટરાઇન સરોવરનો દેખાવ	(S)	૩૫૫
સ્ટરલિંગનો કિલ્લો	(T)	૩૫૯

સાદી સ્ટીલ-પ્લેટ.

પૃષ્ઠ.

રીજંટ સ્ટ્રીટમાં ઇમારતનો દેખાવ ..... (a) ૯૩
ટેમ્સ નદી ઉપરનો નવો પુલ-વેસ્ટ મિનિસ્ટર બ્રિજ .... (b) ૧૧૩
પાર્લ્યામેંટનો મેહેલ-(રસ્તાઉપરથી) ..... (k) ૧૨૧
ત્રેફેરીવાહાઇટહૉલ-સરકારી હાફીસ ..... (l) ૧૩૩
લંડનનો પુરજો-માંડવી ..... (m) ૧૩૫
રૉયલ એક્સચેંજ તથા બ્યાંક ઑવ ઇંગ્લંડ ..... (n) ૧૩૭
બ્રિટિશ મ્યુઝિયમ ..... (c) ૧૪૫
ટેમ્સ નદી નીચેનો રસ્તો ..... (d) ૧૬૧
સન ૧૮૬૨નું મોટું એકઝીબિશન ..... (e) ૧૯૭

ઉડકટ તથા ઇલિકેત્રો પ્લેટ.

આગબોટ ૫૦
ઉડતી માછલી-લાલ સમુદ્રમાં ૬૦
રેતીનાં રણમાં મુસાફર ૬૨
મિસર દેશના પિરામિડ ૬૩
મિસર દેશની સ્ત્રી ૬૫
સિકંદ્રાબાદના બે મોટા સ્તંભ ૬૬
પારિસમાં માછલીનો પુવારો ૭૯
પારિસમાં સિંહનો તમાશો દેખાડનાર ૮૩
લંડન ૮૪
ઑમ્નિબસ ૯૫
ફળ વેચનારની દુકાન ૧૦૦
દરજીની દુકાન ૧૦૦
ગોગા વેચનારની દુકાન ૧૦૧
પાણી પીવાનો પુવાગે ૧૧૧

પૃષ્ઠ.
ગ્યાસના દિવા ૧૧૪
ફુવારો ૧૧૮
જુદા જુદા પાંચ ઘાટના સ્તંભ ૧૨૦
ઘર નીચે દુકાનનો દેખાવ ૧૨૧
વિલા અથવા કૅટિજ ૧૨૨
દેવળનો ઘાટ ૧૨૯
દેવળની અંદરનો હૉલ ૧૩૦
ઑક્સફર્ડ અંડ કેમ્બ્રીજ ક્લબ-હાઉસ ૧૩૭
ઈમારતનો નમુનો ૧૪૨
બ્રિટિશ મ્યૂઝીયમમાં:—
મિસરદેશની પુરાતન ગાડી ૧૪૪
મિસરનું પુરાતન દેહેરું ૧૪૪
આસિરિયાનું પુરાતન પુતળું ૧૪૫
આસિરિયાનો પુરાતન રાજા ૧૪૫
રેન્ડીયર-સાબરની જાત ૧૪૬
સ્પાઈડર મંકી-વાંદરની જાત ૧૪૭
ગોલ્ડન ઈગલ-ગરૂડ પક્ષીની જાત ૧૪૭
સ્ત્રીજાતનાં પુતળાં ૧૪૮
ઝુઓલૉજીકલ ગાર્ડન્સમાં:—
હિપોપોટેમસ ૧૫૫
જીરાફ ૧૫૬
ફ્લેમિંગો ૧૫૬
ઑસ્ત્રીચ જાતનું પક્ષી ૧૫૭
વિન્સરનો રાજમહેલ ૧૭૪
બિનોરી મહેલમાં ફુવારાનો બાહાર ૧૮૦
દોડતા ઘોડા ઉપર નાચ ૧૮૭
ઘોડાની રારત ૨૦૦

પૃષ્ઠ.

સ્ત્રીજાતની હાલત ૨૧૦
સેતરંજની રમત ૨૧૯
"બિલિયર્ડ્સ" ૨૨૦
"ગૉલ્ફ"–દડો ફેંકવાની રમત ૨૨૧
ક્રિકેટની રમત.. ..... ૨૨૧
અભ્યાસ ૨૨૨
તનની કેળવણી–કસરતશાળા ૨૨૮
પાંઉ તથા બિસ્કિટ વેચનાર ૨૩૯
કંદ મુળ તથા ભાજી વેચનાર ૨૪૧
સેકેલા બટાટા વેચનાર ૨૪૨
નારંગી વેચનાર ૨૪૩
ભાડુતી ગાડી હાંકનાર ૨૪૪
કાળી માછલી વેચનાર ૨૪૫
મજુર અથવા હેલકરી ૨૪૬
ઘાસ–પાલો વેચનાર ૨૪૭
જુનાં કપડાંનો બદલો કરનાર ૨૪૮
કુતરાંના પટા વેચનાર ૨૪૯
ધૂળ ધોયો–ધૂળ ભેગી કરનાર ૨૫૦
હાડકાં એકઠાં કરનાર ૨૫૧
ધુમાડિયું સાફ કરનાર ૨૫૨
ફિત વેચનાર આંધળો ભિખારી ૨૫૩
રસ્તામાં ઝાડુ કાઢનાર લંગડો ભિખારી ૨૫૪
રસ્તો ઝાડનાર ભિખારીના છોકરા ૨૫૫
આંધળો સારંગીવાળો ૨૫૬
ગરીબ કુટુંબમાં ખુશીનો દેખાવ ૨૬૦
ખેતીવાડી ૨૬૩
ખેડૂત બજારમાં જવાની તયારી કરેછે ૨૬૫

પૃષ્ઠ.

ખેતરમાં કામ કરનાર મજુર ૨૬૬
ઝુપડીમાં રહેનારૂં કુટુંબ ૨૬૭
ગામડાની હાલત ૨૬૮
લગ્ન-નવું પરણેલું જોડું ૨૭૨
પરોપકારબુદ્ધિ ૩૧૦
ઈંગ્લંડની મોટાઈ ૩૨૦
રાજ-ચિન્હ ૩૩૬
મેનચેસ્ટર-જેમ્સ વૉટનું પુતળું ૩૩૮
સુતરનું કારખાનું ૩૩૯
કાપડનું કારખાનું ૩૪૧
લિવરપુલનાં બંદરમાં "ગ્રેટઈસ્ટરણ" ૩૪૪
ભઠ્ઠી ૩૪૬
એડિનબરોનો હાઈલંડર ૩૪૭
ગ્લાસગોમાં કાચ બનાવવાનું કારખાનું ૩૫૨
ઓકનું ઝાડ ૩૫૮
ગ્રંથ કરનારની આભાર ૩૬૦

ઇંગ્લંડમાં પ્રવાસ.

પ્રકરણ ૧.

પ્રવેશક:

"સબ ભૂમી ગોપાળકી, વામેં અટક કહા ;
જાકે મનમેં અટક રહી, સોઇ અટક રહા."

સુંદરાઈ, સ્વતંત્રતા ને કળાકૌશલ્ય માટે જે દેશ પેહેલી પદવી ભોગવે છે; વેપાર, ઉદ્યોગ, દોલત ને કૈવત માટે જે દેશ ઘણો પ્રસીધ થયો છે; અને હિંદુસ્તાન જેવી આબાદ, ફળવંત ને વિસ્તીર્ણ ભૂમી ઉપર જે દેશ અમલ ચલાવેછે; તે દેશમાં પ્રવાસ કરવાની ને તે દેશ નજરે જોવાની મારાં મનમાં આજ કેટલાંક વરસ થયાં જીજ્ઞાસા ઉત્પન થઈ હતી. એ જીજ્ઞાસા ઈશ્વર કૃપાથી પુરી પડીછે ને ઇસવી સન ૧૮૬૩ માં એ અતિ સુંદર દેશ મારા જોવામાં આવ્યો છે. એ જોવાથી મારાં મન ઉપર જે અસર થઈ છે તથા મારાં મનમાં જે કાંઈ વિચાર ઉત્પંન થયાછે તે મારા દેશીઓની આગળ મુકવા જરૂર છે એમ જાણીને મેં આ ગ્રંથ તૈયાર કર્યો છે.

એ દેશ જોવાથી મન ઉપર અસર.

એ દેશ જોવાથી મન ઉપર પેહેલ વેહેલી અસર થાયછે તેનું વર્ણન હું કરી રાકતો નથી. ફ્રાન્સને રસ્તે જતાં પ્રથમ માર્સેલ્સમાં

પગ મુકીએ એટલે એક નવી દુનિયામાં પેઠા એવું તરત મનમાં આવેછે. મોટી ને હારબંદ સુંદર હવેલિઓ; મોટા ને પોહોળા ફરસબંદી રસ્તાઓ; ગાડી ને ગાડાંના મોટા ગગડાટો; જનરથ ને ઘોડા જોડેલાં માલના ગાડાંઓ; સુંદર સોનેરી ચળકાટના પોહોચ્યાનાં ને રેસ્તોરાં; બિલોરી બારણાના ચકચકિત કાફેોઓનાંઓ ને દુકાનો; ડેકાગેડેકાગે ને રસ્તે રસ્તે મોટાં ઘડીયાળો ને પાણી પીવાના ઉડતા સુદર ફુવારાઓ; ફૂલ ને રોપાનાં સુંદર દુકાનો ને મકાનો; લોકોને ફરવાના રસ્તાઓ ને બગીચાઓ; આંખને દીપાવી નાખે તેવા મેહેલ ને બાગ; છક્ક થઈ જવાએ એવો તે મધ્યેનો કિંમતી શૃંગાર ને સામન; થીએટર ને ઑપેરા મધ્યેના ખેલો ને બીજા તમાસાઓ; શોભાયમાન પુલ ને ચોક; સુંદર દેહેરાં ને દેવળ; લોકોનો ઉદ્યોગ, આવજાવ ને મેળો; રેલવે ને વિજળીની પથરાઈ ગયલી જાળ; રાતની વેળાએ ગ્યાસલાઇટથી સળગેલી લંડા ને નિત્યની મોટી દિવાળી; રાતની એ મોટી રોશનીથી આંખને દીપાવી નાખે તેવા ચકચકતા ને ઝકઝકતા કાફીઓનાં, દુકાનો ને રેસ્તોરાં; આ બધો દેખાવ આપણા દેશના મુસાફરને અચરજીના ઊંડા ખ્યાલમાં પ્રથમ ગુંમ કરી નાખે છે. થોડોવાર તે માનતો નથી કે હું મારી સુધમાં છઉં કે સપનું જોઉ છઉં. ખરેખર એવીજ પેહેલ વેહેલી અસર મારાં તથા મારા સોબતીઓનાં મન ઉપર થઈ હતી. અમે એક બીજાને પુછવા લાગ્યા કે શું આ ખરેખરો દેખાવ છે કે ઊંઘમાં સપનું જોઇએ છઇએ.

એ દેશમાં શું જોવા લાયક છે?

ઇંગ્લંડમાં શું શું જોવા લાયક છે તેનો જવાબ ઘટતી રીતે હું આપી શકનાર નથી. ત્યાં નવું જોવાનું ને જાણવાનું બેહદ છે. આ ગ્રંથની શરૂઆતમાં તો હું તમને એટલુંજ કહી શકું છઉં કે ત્યાંનું સેંટપૉલનું દેવળ જોવા લાયક છે; બ્રિટિશ મ્યૂઝીયમ, કેન્સીંગટન મ્યૂઝીયમ, ને બીજા મ્યૂઝીયમ જોવા લાયક છે; કોલોઝીયમ તથા ટાવરનું છાપાઓનું જોવા લાયક છે. વળી ત્યાંની નેશનળ ગ્યાલરી

જોવા લાયક છે; રાયલ સોસાયટી આવ આર્ટસ જોવા લાયક છે; ક્યૂ તથા ક્રીમોર્ન ગાર્ડન્સ જોવા લાયક છે; હૉર્ટીકલચરલ તથા ઝુઓલૉજીકલ ગાર્ડન્સ જોવા લાયક છે–પૉલીટેકનિક ઈંસ્ટિટચુટ જોવા લાયક છે. વળી ત્યાંનો કિલ્લો જોવા લાયક છે; બિલોરી મેહેલ જોવા લાયક છે; રાણી વિક્ટોરિયાનો બકીંગહામ મેહેલ તથા વિંડસરનો મેહેલ જોવા લાયક છે; ત્યાંના મેદાન બગીચા જોવા લાયક છે; પાર્લામેંટના નવા મેહેલ જોવા લાયક છે; મડમ ટુસાના મીણના પુતલાનો સંગ્રહ જોવા લાયક છે; ત્યાંના થીએટર ને ઑપેરા જોવા લાયક છે. મેં ઈંગ્લંડથી અત્રેના એક મિત્રને લખ્યું હતું કે ભાઈ તમે આ દેશમાં માત્ર "ફ્લૉવર શો" એટલે ફુલનો સંગ્રહ કે તમાસો જોવા આવશો તો તમારા પૈસા વળી જશે.

ત્યાંનાં રોંકડો ચીજનાં કારખાના જોવા લાયક છે. કાપડ, સુતર, ધોતર, જમદાની, છીંટ, ઊન, રેશમ, ગલેચા, કાગલ, બિલોર કામ, લોહોડાં કામ, કોડીકામ તથા લાકડ કામ એ બધાનાં યંત્ર ને કારખાનાં જોવા લાયક છે. રંગવાનાં, ધોવાનાં, ધાતુ સાફ કરવાનાં, તેલ પોલવાનાં, યંત્રકામ બનાવવાનાં તથા ગ્યાસ બનાવવાનાં કારખાનાઓ જોવા લાયક છે.

વળી ત્યાંના લોકોનો ઉદ્યોગ, ઉમંગ અને કારભાર જોવા લાયક છે. ત્યાના લોકોનો આગ્રહ, સાહાસ અને ટેક જોવા લાયક છે. ત્યાંના લોકનું દેશાભિમાન અને સ્વતંત્રપણું જોવા લાયક છે. ત્યાના લોકોનું ધૈર્ય, ઔદાર્ય અને શૌર્ય જોવા લાયક છે; ત્યાંના લોકોની હિંમત, ઝડપ અને ચાલાકી જોવા લાયક છે; ત્યાંના લોકોની વિદ્યા, કેળવણી, કળા અને રાજરીતિ જોવા લાયક છે. ટુંકામાં એ દેશની પ્રજાના ઉંચા ગુણ તથા એ પ્રજાની સંસારી સ્થિતિ અને રીતભાત જોવા લાયક છે.

આ બધું ને બીજું ઘણું જોવા લાયક છે એમ મેં કહ્યું; પણ તે ઉપરથી વાંચનારને બધાની મુખીની ખ્યાલ આવી રાકનાર નથી. અંધારામાંથી એકાએક મુરજના તડકામાં આવી ઉભા રહીએ છઇએ

ને આંખ ઉપર તડકાનો પ્રકારા પડેછે એજ પ્રમાણે જ્ઞાનરૂપી પ્રકારા, જોનારનાં મન ઉપર પડેછે. ઉપર જે નામ લીધાંછે તે વિષે સેજ તમારાં મનમાં કંઈ ખ્યાલ ઉત્પંન થાય તે માટે હાલ એક બે દાખલા આપું છઉં:—

ત્યાંના લંડન શહેર મધેના કોલોઝીયમમાં ગયા તો શું જોશું? એ ઘરમાં એક ડેકાણે (કળાથી બનાવેલો) ઊંચો ડુંગર જોશુ; એ ડુગર-માંથી પાણીનો મોટો ધોધધો ઊંચેથી પડતો જોશું; તેજ ઘરમાં બીજે ડેકાણે એક ગુફા જોશું; તેજ ઘરમાં ત્રીજે ડેકાણે ઊંચી જગા ઉપરથી દિવસે લંડન અને રાત્રે પારિસનો દેખાવ જોશું. એ શહેરો એવી રીતે ચિત્રથી પડદા ઉપર પાડીને આસપાસ પડદા ગોઠવ્યા છે કે આ-પણી આંખ ઠગાઈ જાય છે ને એ શહેરોનાં ઘરો, રસ્તા, પુલો, જતાં આવતાં માણસો, ગાડી ઘોડા ઇત્યાદિ આબેહુબ આપણી આંખે પડે છે. એજ ઘરમાં ચોથે ડેકાણે જાઓ ને લિસ્બોન શહેરમાં મોટો ધરતીકંપ થયો હતો ને સુંદર હવેલિઓ તૂટિ પડી હતી ને માણસો દબાઈ મૂવાં હતાં એ બધાંનું ચિત્ર આંખ આગળ પડે છે. પ્રથમ લિસ્બોન શહેર નજરે પડે છે; ત્યાંની સુંદર હવેલિઓની સુંદર રચના જોવામાં આવે છે; દરીઆમાં વાહાણો ચાલતાં દેખાય છે–તેવામાં ધરતીકંપનો મોટો ગગડાટ થાય છે, વાહાણ ઊંચાં ને નીચાં જતાં માલમ પડે છે ને કેટલાંક વાહાણ શેવટે દરીઆમાં અલોપ થઈ જતાં જોવામાં આવેછે. પછી એકાએક સુંદર હવેલિઓ ગગડી પડે છે; તે મધેની કેટલીક તમામ જમીનદોસ્ત થઈ ગયલી ને કેટલીક અરધી ભાંગી ને વાંકી વળી ગયલી દેખાય છે; આ બધો દેખાવ આંખને અચરતીમાં નાખનારો થઈ પડેછે. તે શિવાય બીજી ઘણી જાતની રમત ને ગમત એ ઘરમાં નિત્ય રાત દિવસ કરી દેખાડે છે. આતો માત્ર કોલોઝીયમ વિષે હું જોલ્યો.

લંડન મધેની પૅલીટેકનિક ઈંસ્ટિટચુટ લો. તેમાં નિત્ય વિજળી ને રસાયણ શાસ્ત્ર તથા બીજી વિદ્યાના મોટા પ્રયોગો ને મોટા ચમત્કારો કરી દેખાડે છે. મોટા "ડાઈવીંગ બેલ" માં માણસને

બેસાડીને લુગડાં સહીત પાણીમાં ઉતારીને તથા પાણીમાં પાંચ દસ મિનિટ રાખી બાહાર કાહાડે છે ને વગર બિજાયલે લુગડે તે ધંટમાંથી બાહાર નિસરે છે. દુરામનોનાં વાહાણો પાણીની નીચેથી આગ લગાડીને કેવી રીતે બાળી નાખેછે તે દેખાડે છે. પૃથ્વી ને તારાઓની ગત્તિ દેખાડે છે; તેજ ઘરમાં બીજે કેકાણે ભૂત ડાકણના ચમત્કાર દેખાડે છે. એક કીમિયાગર પોતાના ઓરડામાં ખુરસી ઉપર વિચારમાં પુતળાની પેઠે બેઠેલો તેવામાં તેની સામે તેનું મુવેલુ સગું પાછું જીવતું થઈ માણુસના આકારમાં ઉભું રેહે છે ને તેના ઉપર હાથ નાખવા જાય છે તો તરત અલોપ થઈ જાય છે; પાછો ઘણીવાર દેખાવ દેછે ને ઘણીવાર બાથ ભિડવા જાયછે તો હવાનો બાચકો હાથમાં આવેછે, ને તે બિચારો નિરાસ થઈ પોતાની ખુરસી ઉપર પાછો બેસેછે; ત્યારપછી અંધારી ઘોર રાત જેવું કરી નાખે છે ને મોટું તોફાન તથા વાદળ થઈ આવ્યું હોય એમ દેખાય છે. વાદળની ગર્જના ને વિજળીના ઝબકારા નજરે પડેછે ને બિહામણું ભૂત ડાબું વકાસતું આવી ચાળા કરેછે. તે શિવાય બીજી ઘણી રમત ને ગમત નિત્ય રાત દિવસ એ પૉલીટિકનિક ઈંસ્ટિટચુટમાં કરી દેખાડે છે.

ત્યાંનો કીમોર્ન બાગ લો. એ મોટા ને સુંદર બાગમાં નિત્ય રાતના મોટી ગમત થાયછે. ચોતરફ દીવાની રચના જોવામાં આવેછે. વાજીંત્ર પોતાનો મધુર રોર કાહાડેછે; ઘોડાની રમત ને આંગની કસરત કરી દેખાડે છે; આંપેરાનો તમાસો કરેછે ને આકાશની પરિયો અધરને અધર ઉતરીને આવી હોય એમ જોવામાં આવેછે. એ પરિયોની મોટી સંખ્યા એકઠી થઈ પોતાના સુંદર પોશાકમાં નૃત્ય કરી દેખાડે છે. બીજી ગમ મોટી આતશબાજી થાય છે. તે થયુ કે ઈંગ્લિડના આગલા વખતના રાજાઓની સ્વારી લશ્કરી દમામ અને બખ્તર સાથે નિસરે છે; તે વેળાએ તમાસો કરનાર માણુસોની મોટી સંખ્યા, ઘોડે ઘોડે ભાલાઓમાં ઝીણી આંકડીયો ભરાવી લેવાની કસરત ને છેલ્લી તરવારની ઝપાઝપ જોવા જોગ

થઈ પડે છે. તે સિવાય બીજી રમત ને ગમત એ બાગ મધ્યે જોવામાં આવેછે.

ઝુઓલૉજીકલ ગાર્ડન્સમાં જાઓ ને ત્યાં બધી જાતનાં જીવતાં જનાવરનો મોટો સંગ્રહ જોવામાં આવશે. નાહાની બકરીથી તે મોટા સિંહ, વાઘ ને હાથી સુધી ચોપગાં જનાવરો અનેક જાતનાં જોવામાં આવશે. અનેક જાતનાં વાંદરા, અનેક જાતનાં સાપ ને અનેક જાતનાં પોપટ ને અનેક જાતની માછળી ઇત્યાદિ જીવતાં પ્રાણીઓ જોવામાં આવશે. એ વગેરે અનેક જાતનાં બીજાં જનાવરો જેઓને ઘણા મોટા રણવગડામાં ગયા વગર કે દુનિયાના ચારે ખંડમાં ફરયા વગર જોઈ શકાયે નહીં તે બધાં આ ઠેકાણે જોવામાં આવેછે. એક એક જનાવરને તમે એક એક મિનિટ જોશો તોપણ આખા દિવસમાં બધાંને જોઈ શકશો નહીં. તેમજ વળી તમે બ્રિટિશ મ્યૂઝીયમમાં જાઓ ને લાખો જાતની તરેહ તરેહની વસ્તુનો સંગ્રહ જોવામાં આવશે ને તે બધાનું અવલોકન કરવાને એક અઠવાડિયું પણ બસ નહીં થશે.

એ દેશના લોકો કેવા છે?

તમે મને પુછશો કે ઇંગ્લંડના લોકો કેવાછે ને તેઓ આપણા દેશીઓ સાથે કેવી રીતે વર્તેછે,—તો તેનો જવાબ હું એટલો આપું છઉં કે તેઓ ઘણા ભલા અને માયાળુ છે ને પરદેશીઓ ઉપર મોહોબ્બત ને મમતા ખુશીથી દેખાડે છે. આ વાત અલબત બધા ઇંગ્રેજોને લાગુ પડી શકતી નથી કેમકે કેટલાક એવા નઠારા ને ઠગારા હોય છે કે આપણા દેશના હલકા ને ઠગ લોકોને એક કોરે મુકે. પણ તેઓનો ઘણો ભાગ માયાળુ ને ભળા સ્વભાવનો નિકળશે. તમે રસ્તામાં ભુલા પડયા ને કોઈ ભલા ઇંગ્રેજને રસ્તો પુછ્યો તો તે પોતાનું કામ મુકી તમને પાંસરા મારગ ઉપર મુકવા આવશે. તેઓની સાથે ગાડીમાં બેઠા તો કેટલાક ખોલકણા સ્વભાવના તમને તમારો દેશ, તમારી જાત પુછી તથા બીજી વાતચીત કરીને તમને ગમત

ઉપજાવશો. વગર ઓલકણા ને ગંભીર સ્વભાવના વધારે જોવામાં આવશે; પણ તમારી સાથે વગર ઓલખાણે વાત ન કરે તો તે ઉપરથી તેમને વિષે ઉતરતો વિચાર બાંધશો તો એમાં મોટી ભૂલ થશે.

તમારી એક વખત કોઈ ભલા ને વગવાલા ઇંગ્રેજ સાથે ઓળખાણ થઈ અને તે ઓળખાણ કોઈ તેવાજ આબરૂવાળા ગૃહસ્થની મારફતે થઈ તો પછી તમને ભલા ઇંગ્રેજોની ભલાઈની તથા માયાની ખૂબી એકદમ માલમ પડી આવશે. તમારી ઓળખાણ પોતાનાં કુટંબ તથા મિત્રો સાથે કરાવશે ને પછી તેઓ તમને કેવા ચાહેછે, તમારી ઉપર કેવો પ્યાર રાખેછે ને તમારે તથા તમારા દેશને માટે કેવું ભલું ઇચ્છેછે તે જોવામાં આવશે. આ દેશના ઇંગ્રેજો ઉપરથી ત્યાંના ઇંગ્રેજો વિષે વિચાર બાંધશું તો તેમાં આપણી મોટી ભૂલ થશે. આ દેશમાં મિશનરીઓ તથા આબરૂવાળા ને અમીરી તોખમના જે ઇંગ્રેજો આવેછે તેઓજ આપણા દેશીઓને ચાહેછે તથા તેમનાં ભલાને માટે મેહેનત કરેછે. પણ ઘણાંખરા તો માત્ર પોતાનીજ મતલબ ઉપર ધ્યાન રાખી દેશીઓ તરફ કરડી નજર રાખેછે. તેઓનાં મન ઉપર આપણા દેશની ગરમ હવાની અસર ઉપજે છે ને તેથીજ તેઓનો મિજાજ પણ ગરમ થાયછે. માટે આ દેશના ઇંગ્રેજો ઉપરથી ત્યાંના ઇંગ્રેજો વિષે વિચાર બાંધવામાં મોટી ભૂલ થશે. અહીંનો ભલો ઇંગ્રેજ ત્યાં વધારે ભલો માલમ પડેછે. આપણને પરદેશી જાણી વધારે ચાહેછે ને ઘટતી મદદ તથા સલાહ આપેછે.

એ દેશની હવા કેવી છે—હિંદુઓ રહી શકે કે નહીં?

તમે મને પુછશો કે ત્યાંની હવા કેહેવી છે અને ત્યાં હિંદુઓ કેવી રીતે રહી શકે ને જાતી આવતી વેળાએ વાહાણમાં કેવી ને કેટલી અડચણો નડે તો તેનો જવાબ હું એટલો આપું છઉં કે ત્યાંની હવા ઠંડીછે પણ આપણા લોકોથી ન ખમાય તેવી નથી. તે ઠંડી હવામાં નિત્ય સારી પેઠે ચાલવા હાલવાની કસરત રાખવી જોઇએ ને તેમ કીધું એટલે આ દેશ કરતાં ખાવાની રૂચી વધેછે; અંગમાં કૌવત

આવેછે; શરીરની ચામડીનો રંગ પણ કેટલેક દરજ્જે સુધરેછે. મને ત્યાંના શિયાળાનો જાતી અનુભવ માલ્યો નથી કેમકે જેઓને છાતીનું દરદ અથવા બૈનો મરજ હોયછે તેઓને શિયાળામાં એ દેશ મધ્યે રેહેવાની ડાકટરો ભલામણ કરતા નથી. તે મુજબ મને છાતીનું દરદ હોવાને લીધે શિયાળાની અગાઉ અત્રે આવવું પડ્યું. તે છતાં આસરે ૬ મહિના હું ઇંગ્લંડમાં રહ્યો તેટલી મુદતમાં મારી તબિયત ઘણી સુધરી હતી. ભાઈ મહિપતરામ રૂપરામ સન ૧૮૬૦ માં ત્યાંનો કઠણ શિયાળો ખાઇને આવ્યા હતા પણ તેથી એ ભાઈ શરીરમાં વધારે પુષ્ટ ને કઉવતવાન થયા હતા. આ વખતે ઇંગ્લંડમાં સખ્ત શિયાળો જણાયેછે તે છતાં પણ અમારી સાથેનો એક સોબતી લખેછે કે એ ઠંડી મારાથી વગર મ્હાંએ ખમી શકાય છે. તે વગેરે બીજા હિંદુઓ, પારસીઓ ને મુસલમાનો હાલ કેટલાંએક વરસથી ઇંગ્લંડમાં રહેલાછે તેઓની તનદુરસ્તી દેખાડી આપેછે કે ત્યાંની હવા આપણા દેશીઓથી સેહવાય એવીછે.

ત્યાંનાં ઘરોની એવી ગોઠવણ હોયછે કે એક ઘરમાં એકજ રસોડું એટલે રાંધણી હોયછે તે માટે આખું ઘર ભાડે લેવું જોઇએ. ને તેવાં ઘર ફરનિચર એટલે રાંગાર સુધાં અથવા રાંગાર વગરનાં ખાલી ઘણાં હોયછે ને આપણે પોસાય તેવા નાહાનાં મોટાં સેહેલાઈથી ભાડે મળી શકેછે. દરએક ઘરમાં નદીનું પાણી નળ મુકીને દાખલ કરેલું હોયછે તેટલા માટે પાણી લાવવા કરવાની તો મુદલ અડચણ પડતીજ નથી. અનાજમાં ઘણું કરીને બધી જાતનો દાણો મળી શકે છે. માત્ર તુવરની દાળ ને કેટલીક જાતનું કઠોળ મળી શકતું નથી. એક જાતના વટાણા આવેછે તે બાવામાં તુવરની દાળ જેવા લાગે છે. કેટલીક જાતની ભાજી તરકારી મલેછે ને તે દરએક લત્તા ઉપરની દુકાનોમાં વેચાય છે. જેઓ ભાજી તરકારી વેચેછે તેઓ ગોસ અથવા પરમાટી વેચતા નથી એટલુંજ નહીં પણ તેઓની દુકાનો પણ ઘણું કરીને જુદી હોય છે. કોવંટ ગાર્ડન્ નામનું એક મોટું બજાર નિત્ય સવારના ભરાય છે તેમાં તરકારી ફુલ ફલ અને

બધી જાતની વનસ્પતિ શિવાય બીજું કાંઈજ વેચાતું નથી. આપણા દેશીઓને લાયકનો મરી મસાલો મળી શકતો નથી ને દવા વેચનારાઓની દુકાનેથી મળેછે તો બહુ મોંઘો. તે અત્રેથીજ લેવો જોઇએ અથવા દર વખત મંગાવવો જોઇએ.

કેટલાએક એવી ધારણા આપેછે કે એ ઠંડા દેશમાં માત્ર અનાજ તરકારી ઉપર નિભાવ થઈ શકે નહીં તેટલા માટે જનાવરનો ખોરાક ખાવોજ જોઇયે. કેટલાએક ઇંગ્રેજો પણ એમજ ધારેછે અને કેહે છે કે એ ઠંડા દેશમાં જનાવરના ખોરાક વગર ચાલેજ નહીં. મને પણ એવી બિહિક કેટલેક ઠેકાણેથી મલી હતી. પણ ઇંગ્લંડ જઈ આવેલા મારા એક મિત્ર-પારસી ડાકટરે મને અગાઉથીજ ખાતરી આપી હતી કે એ બિહિક રાખવાનું કંઈ કારણ નથી. ઇંગ્લંડમાં પણ કેટલાએક ઇંગ્રેજો "વેજીટેરીયન" કેહેવાય છે ને તેઓ જનાવરનો કંઈપણ ખોરાક ઉપયોગમાં લેતા નથી. એવા ઇંગ્રેજો ત્યાં બહુજ થોડા છે પણ તેઓ પોતાનો નિભાવ અનાજ તરકારી ને દૂધ ઉપર કરી શકેછે એ વાત ખોટી નથી. એ દેશના મધેના બૉલ્ટા નામના એક પ્રસિદ્ધ ડાકટરે છાતીનાં દરદને માટે મને રિયાળાની આગાઉ જવાનું મત આપ્યું તે મતની સાથે આ બાબદમાં પોતાનો વિચાર જણાવ્યોછે તે અગત્યનો જાણીને એ ચિઠ્ઠીની નકલ નીચે પ્રગટ કરૂં છઉં ને તે ઉપરથી એ બાબદ વિષે કોઇને પણ શક રહી શકશે નહીં. સન ૧૮૯૩ ના એપ્રિલ મહિનાની શરૂઆતમાં હું ઇંગ્લંડ પોંહોંચ્યો ત્યારે એ ડાકટરે મારી છાતી તપાસી જોઈ હતી ને ત્યાર પછી જુલાઈની આખેરીએ ફરીથી તપાસીને નીચે જણાવ્યા પ્રમાણે પોતાનું મત આપ્યું હતું.

MY DEAR SIR,

I have very fully considered all the circumstances of your case and am of opinion it would not be safe for you to winter in this country, or in any country even nearly similar in dampness and variability of climate. Although the affection

of the upper part of your left lung has not grown in the least worse since your arrival in London (indeed it has rather improved), I feel certain that it would be excited into morbid and dangerous activity by the wet and cold of our winter season. I advise you then to return to Bombay.

But I can not help remarking, *en passant*, how completely you have in your own person demonstrated that natives of India are capable of living in England on the vegetable diet to which they are accustomed in their own country. You have actually thriven upon it here,—you are stouter than when I first saw you. In this respect you differ in nowise from the native vegetarian of Great Britain, who, as is well known, is generally speaking plump and well nourished.

Believe me
&c. &c.
W. H. WALSHE.
37, Queen Anne Street;
Cavendish Square.
July 26, 1863.

(આ ચિઠ્ઠીનો અર્થ)

"મારા પ્યારા સાહેબ,

"તમારાં દરદને વિષે મેં સર્વ વાતનો સારી પેઠે વિચાર કર્યો
"છે ને મારૂં મત એવું છે કે આ દેશમાં અથવા એના જેવા ઠંડા ને
"ઘડી ઘડીમાં હવા બદલાઈ જાય તેવા કોઇપણ દેશમાં તમોએ શિયાળો
"ગુજારવો એ મને સલામત લાગતું નથી. તમે લંડનમાં આવ્યા
"પછી તમારી ડાબા પડખાની છાતીનું દરદ જોકે વધ્યું નથી પણ
"ઉલટું જરા સુધર્યું છે તોપણ મને ચોકસ લાગેછે કે અમારા (દેશના)
"શિયાળાની ઠંડી ને ચારદીવાળી હવાથી એ દરદ વધીને ભય ભરેલી

"હાલતમાં આવી પડશે, માટે હું તમને પાછા મુંબઈ જવાનો ભલામણ "કરું છઉં.

"પણ આ ઠેકાણે જણાવ્યા વગર ચાલતું નથી કે હિંદુસ્તાનના "જે દેશીઓને પોતાના દેશમાં વનસ્પતિનો ખોરાક ખાવાની ટેવ "છે તેઓ ઈંગ્લંડ દેશમાં તેનીજ ઉપર પોતાનો ગુજારો કરી શકે "છે એ વાત તમારાજ દાખલા ઉપરથી પૂરી સાબીત થાયછે. આ "દેશમાં તમે એજ ખોરાક ઉપર નિભાવ કરી શકયા છો અને મેં તમને "પ્રથમ જોયા હતા તે કરતાં તમે શરીરમાં વધારે પુષ્ટ દેખાઓ છો. આ "બાબદમાં ગ્રેટબ્રિટન્ દેશનો વેજીટેરિયન એટલે વનસ્પતિનો ખોરાક "ખાનાર ધાર્યું કરીને શરીરમાં પુષ્ટ ને સારી પેઠે પોતાનો નિર્વાહ "કરી શકેછે તેમાં ને તમારામાં કંઈ ફેર જણાતો નથી."

એ ઠંડા દેશમાં ને ઠંડી હવામાં નાહાવા ધોવાને હરકત પડતી હોય એમ કદાચ લાગશે; પણ તેમ કંઈ નથી. નદી કુવા ઉપર ખુલ્લી હવામાં નાહી શકાય નહીં પરંતુ નાહાવા ધોવાની બંધિયાર જગામાં અથવા ઘર મધ્યે નાહાવા ધોવાની બંધિયાર ઓરડીમાં નાહાવાને કંઈ હરકત નથી. ત્યાંના લોકો ધાર્યું કરીને નિત્ય નાહાતા નથી પણ બીજે, ચોથે કે આઠમે દાહાડે જેમ જેઓને ઠીક પડેછે તેમ નાહેછે. જેઓને નિત્ય નાહાવાનો નિયમ છે તેઓને એ નિયમ રાખવામાં કાંઈ હરકત પડતી નથી પંજાબના આગલા રાજા રંજીતસીંગની વિધવા રાણી ચાર વરસ સુધી ઈંગ્લંડમાં રહી હતી તેને વિષે એવું જાણવામાં આવ્યું છે કે નિત્ય બે વાર સ્નાન કર્યા વગર ભોજન લેતી નહીં હતી. એ રાણીનો પુત્ર દુલિપસીંગ ખ્રિસ્તી ધર્મ પાળેછે પણ પોતે હિંદુ ધર્મમાં એટલી તો દૃઢ (તેના વિચાર પ્રમાણે) હતી કે સ્નાન કર્યા પછી પોતાના પુત્રનું મોંહોં જોવાઈ ગયું તો ફરીથી સ્નાન કરતી હતી અથવા ભોજન કર્યા વગર રહેતી હતી. કહેછે કે જે દાહાડે એ વિધવા રાણી ઈંગ્લંડ મધ્યે મરણ પામી તેજ દાહાડે સ્નાન કર્યા પછી તેના પુત્રનું મોંહોં જોવાઈ ગયાથી ભુખી રહી ગઈ હતી.

કપડાંમાં કેટલોએક ફેરફાર કરવાની જરૂર પડે છે. ફલાનલ તથા બનાતનાં ગરમ કપડાં જોઇએ; ને પાટલૂન અથવા સુરવાલ ને ગરમ મોજાં વગર ચાલેજ નહીં. તે સિવાય બીજો ફેરફાર કરવાની જરૂર નથી. આપણી પાઘડી તથા આપણા દેશી ઘાટનો ડગલો રહેવા દેવામાં એ દેશમાં વધારે માન છે. અલબત અજાણ્યાં લોકોને આપણો પેરવેશ વિચિત્ર લાગેછે ને આપણી તરફ એ પેરવેશથી વધારે નજર પડેછે; પણ તેથી કંઈ નુકસાન કે હરકત થતી નથી. ત્યાંના ઘણાખરા ગૃહસ્થો તો આપણને આપણા દેશી પોશાકમાં જોવાને વધારે ખુશી હોય છે.

જતી આવતી વખતે આગબોટમાં કેટલીએક અડચણ પડેછે એ કોઇથી ના કેહેવારો નહીં. પણ મુંબઇથી કલકતે અથવા આદન જતાં આગબોટ અથવા વાહાણમાં હિંદુઓને જે અડચણ ખમવી પડેછે તે અડચણથી ઇંગ્લંડ જવાને કંઈ વધારે અડચણ પડતી નથી. માર્સેલ્સ પોંહોંચવાને ત્રણ અઠવાડિયાં ધાર્યું કરીને લાગેછે પણ આરબી બગલામાં મોજામ્બિક તથા આફ્રિકાના બીજા કોસ્તાઓ ઉપર હિંદુઓ જાય તેઓને એથી વધારે અઠવાડિયાં લાગે છે ને વધારે અડચણ ભોગવવી પડે છે. જે આગબોટમાં હું ઇંગ્લંડથી મુંબઇ આવ્યો તેજ આગબોટ મધ્યે આદનથી આસરે સાત વાણીઆ ઉતારૂઓ હતા. તેઓ "ડેક" એટલે છેલ્લા વર્ગના ઉતારૂ હતા તેથી તેઓને અડચણ પડતી હતી તે અમારા કરતાં ઘણીજ વધારે હતી. જે ડેકાગે તેઓનેં જગા આપી હતી તે જગા ઉપર ઇંગ્રેજી ખલાસીઓ તેઓનાં ભાતાંને તથા પાણીને વારંવાર અડકતા હતા ને તેઓ જેમ વધારે ચોખ્ખાઈ રાખવા જતા હતા તેમ તેઓને વધારે બિજવતા હતા. તેઓ જ્યારે બાવા બેસતા હતા ત્યારે માથા ઉપર ચાદર કે ચોફાળ ઓઢીને બેસતા હતા; તે દેખાવ જોઇને ઇંગ્રેજી બારવાઓને રમુજ ઉપજતી હતી અને તેઓ વધારે રમુજ મેળવવાને તે વાણીઆઓનો ચોફાળ હળ રહીને ઉઘાડો કરી નાખતા હતા, ને તેથી તેઓનાં ભાતાં તથા પાણીને વારંવાર "અભડ-છેટ" થઈ પડતી હતી. ફરી

કલાસમાં જનારને એવી અડચણ ને પિડાનો દસમો હિસ્સો પણ અમલો પડતો નથી.

એ દેશમાં પ્રવાસ કરવાથી લાભ.

ઈસવી સન ૧૮૫૨ માં બુદ્ધિ વર્ધક સભા આગળ દેશાટણનો નિબંધ મેં વાંચ્યો હતો અને જે નિબંધ સભાએ છપાવી પ્રગટ કર્યો હતો તે નિબંધમાં દેશાટણના લાભ દેખાડવાની મેં તજવીજ કરી હતી. હાલ એ વિષે મારી ખાતરજમા થઇછે કે દરએક માણસ દરએક વસ્તુનો જાતે અનુભવ મેળવ્યા વગર તેની ખરી ખૂબી જાણી શકતો નથી; અને તેની ખરી ખૂબી જાણ્યા વગર તે ખૂબીનું વર્ણન કરવું અથવા તેના લાભ દેખાડવા તો તે કામ ઘટતી રીતે તે કરી શકતો નથી.

મેં પ્રથમ કહ્યું કે જોવાથી જે સંતોષ ઉપજે છે તેનું વર્ણન થઈ શકતું નથી. જોનારનાં મનમાં પહેલ વહેલી એટલી તો વાત આવ્યા વગર રહેતી નથી કે દરએક માણસે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને પોતાની જીંદગીમાં આવો દેશ જોયો નથી તેણે કંઈજ જોયું નથી એમ સમજવું. "કુવામાંનો કાચબો આખું જગત કુવાનેજ જાણે છે; તે બચારાને બાહર શુંછે તેની ખબર હોતી નથી." આપણા દેશીઓ કુવામાંના કાચબાની પેઠે પોતાના દેશને આખું જગત જાણીને જેસો રહેશે ત્યાંસુધી તેઓને ખબર પડનાર નથી, કે આપણો દેશ, વિદ્યા હુન્નરમાં ને કળાકૌશલ્યમાં તથા બધી જાતના સુધારામાં ને વધારામાં કેટલો પાછળ પડી ગયોછે. જેઓને ઈશ્વરે નાણાંની બક્ષીસ કીધીછે તેઓને તો અવશ્ય કરીને ઘટેછે કે પોતાની જીંદગીમાં એક વખત પણ સુધરેલા દેશમાં પ્રવાસ કરીને જ્ઞાન અને સંતોષ મેળવવાં.

રે! એક સુંદર અને છક્ક થઈ જવાએ એવો ને કોઈ દાહાડે નજરે ન ભાળીએ તેવો દેખાવ આપણી આંખ આગળથી ચાલ્યો જતો હોય તો એવો કોણ અભાગ્યો હશે કે તે વખતે પોતાની આંખ મિચી જશે?

એવે વખતે તમારી આંખ આડો કોઈ હાથ દેવા આવશે તા તે શું તમે ખમી શકશો? તો તેવા રોંકડો અને હજારો છક્ક થઈ જઇએ એવા દેખાવો જેનો ખ્યાલ સપનાંમાં પણ લાવી શકનાર નથી અને જેની ખરી ખૂબીનું વર્ણન કોઈની કલમથી થઈ શકનાર નથી તે જોવાની જીજ્ઞાસા થોડી હોવી જોઇયે? હું કંઈ તમને લલચાવવા લખતો નથી પણ ત્યાં જઈ આવેલા આપણા દેશી ભાઈઓ તે વિષે, તમારી ખાતરી થતી નહીં હશે તો કરી આપશે.

વિદ્યા હુન્નર સંબંધી લાભ.

સુધરેલા દેશમાં મુસાફરી કરવી એ ઉંચી કેળવણીનો મુખ્ય અને અગત્યનો ભાગછે અને તે વગર કેળવણી અધુરી ગણાય છે. જે રોંકડો અને હજારો ચીજો વિષે વાંચવામાં અને સાંભળવામાં આવે છે તેમનું નજરે જોયા વગર ખરું જ્ઞાન થતું નથી; તે બધી ચીજો અથવા તેમાનો મોટો ભાગ એ દેશમાં નજરે પડેછે અને તેથી ખરું જ્ઞાન થાયછે. કેટલીએક વસ્તુ જે મારાં વાંચવામાં અને સાંભળવામાં આવી હતી તેમના સ્વરૂપ વિષે કલ્પ બુધ્ધિ વડે મારાં મનમાં મેં પ્રથમ ખ્યાલ બાંધ્યો હતો તે કેટલો ખોટો હતો એ વાત નજરે જોયાથી સાબીત થઈછે. સુધરેલા દેશમાં પ્રવાસ કરવાથી ત્યાંના લોકો વિદ્યા હુન્નરમાં કેટલા આગળ વધ્યા છે તેનું ખરું ચિત્ર નજરે પડેછે. એ દેશ નજરે જોયા વગર કોઈ પણ પુરૂષને ખરો વિચાર આવનાર નથી કે આપણો દેશ અને આપણે પોતે કેટલા પાછળ રહી ગયા છઇએ.

મારો તો એવોજ વિચાર છે કે રૂના પ્રતાપથી આપણી સધળી આબાદાની છતાં ને સુધારાની મોટી મોટી વાતો છતાં ને મુંબઇમાં કેટલીક જાતનાં કારખાનાં ને કંપનીઓ છતાં અને મુંબઇની રોણકમાં થતો ફેરફાર છતાં આપણે સુધરેલા જમાનામાં અને સુધારાની દોડમાં દર વરસે વધારે અને વધારે પાછળ પડતા જઇએ છઇએ. એક તો તેઓ આપણને પાછળ મુકી બહુ આગળ વધી ગયાતો બ્રેજ ને

વળી રેલવેના જેવી ઝડપથી દર વરસ આગળ વધતા જાયછે ને આપણે તથા આપણો દેશ બળદના ખટારામાં હડસેલા ને ધક્કા ખાતાં "ત્રણ દાહાડે અઢી કોસ" આગલ વધીએ છઇએ. ત્યાં સુધી વિદ્યા હુન્નર તથા કળાકૌશલ્યના રસ્તા ઉપર રેલવેની સડક બાંધીને આપણી દોડ ને ઝડપ વધારશું નહીં ત્યાંસુધી દર વરસે વધારે ને વધારે પાછળ પડતા જઇશું.

આપણા દેશમાં હુન્નર કેવી સ્થિતિમાં આવી પડયોછે તે સહુ કોઇને વિદિત છે. એક સોઈ કે ટાંચણીથી પેહેરવાનાં કપડાં સુધી અને આપણા ઉપયમાં આવતી ઘણું કરીને બધી વસ્તુને માટે આપણે ઇંગ્લંડ અને બીજા સુધરેલા દેશો ઉપર આપણો આધાર રાખી બેઠા છઇએ અને આપણા દેશમાંથી હુન્નરનો દીનપરદીન નાશ થતો જાયછે. ઈશ્વરે બોહોલે હાથે આ દેશ ઉપર બક્ષીસ રેડી દીધીછે અને આ દેશને મહા ફળવંત બનાવ્યો છે તેથી, અને માયાળુ ઇંગ્રેજ સરકારના અમલ નીચે આ દેશ આવ્યો છે તેથી, રોજગાર અને પૈસાની બાબદમાં આ દેશની સ્થીતિ સુધરી છે; પરંતુ ઈશ્વરની મદદ સાથે આપણી પોતાની તરફનો ઉદ્યમ હોવો જોઇએ.

ઇંગ્લંડનો એક કારીગર હંમેશા વિચારમાં ને વિચારમાં રેહે છે કે કંઈ નવી યુક્તિ ને નવી બનાવટ શોધી કાહાડું; નહીં તો મારો પડોશી મને હરાવીને આગળ વધી જશે; એવો મમત અને ચરસ ત્યાંનો દરએક કારીગર રાખેછે; ને દર વરસે રોંકડો કારીગર નવી બનાવટ શોધી કાહાડી પેટંટ (એટલે એ માલ બીજો કોઈ બનાવી શકે નહીં તેવી મતલબનો સરકારી પટો) મેળવે છે અને લાખો રૂપિયા પેદા કરેછે. રે! એવી સરસા સરસી ને ચરસા ચરસી આપણા દેશના કારિગર ક્યારે કરશે? પ્રથમ તો આપણા કારિગરોએ જાણવું જોઇએ કે યુરોપના લોક હુન્નરમાં કેવા ને કેટલા આગળ વધ્યાછે ને તેઓએ કેટલી નવી યુક્તિ અને બનાવટ દાખલ કરીછે. એ બધું નજરે જોયા વિના તેઓને કયાંથી સુજ પડે? શું આપણા દેશના કારિગરોમાં બુધ્ધીબળ થોડું છે? ના; ઘણુંછે. પણ તે કેળવવું જોઇયે. જેમ એક અમુલ્ય

હીરો ધૂળમાં પડેલો ઢંકાઈ રહેછે તેમ વગર કેળવાયલા કસબીઓ આપણા દેશના ખુણા ખપટામાં ઢંકાઈ ગયાછે અને તેઓની બુધ્ધિ અને ચપળતા ઉપર કાટનો પોપડો બંધાઈ ગયોછે.

શું તેઓને માટે અને આપણા દેશનો દટાઈ ગયલો હુનર સજીવન કરવાને માટે કંઈપણ મેહેનત નહીં કરશું ! એવી મેહેનત હાલ થવા માંડીછે અને તેમાં આ દેશનું ભલું ઈચ્છનાર મિત્ર મંડયા છે એ જોઈને મને બહુ આનંદ અને હર્ષ ઉત્પન થાયછે. આપણા દેશના હરકોઈ ધ્યાનદાર અને ઉદ્યોગી કસબી અથવા વીદ્યાર્થી હરકોઈ જાતનો હુનર અથવા હરએક વિદ્યા શીખવાને સુધરેલા દેશમાં જવા ઈચ્છતો હોય તો તેને થોડે વ્યાજે જરૂરનું નાણું ધીરવુ એવી મતલબથી એક કંપની ઉભી કરવાની ગોઠવણ થઈ છે. એ કામમાં પારસી, હિંદુ તથા મુસલમાનો સામેલ થયા છે ને જેઓની આગેવાની તથા મેહેનતથી એ ઉંચી મતલબનું કામ પાર પડશે તેઓનો આ દેશ અને દેશીઓની ઉપર મોટો ઉપકાર રહી જશે.

સંસારી બાબદમાં લાભ.

સુધરેલા દેશમાં આવજાવ કરવાથી ને ત્યાંના લોકોના સંબંધમાં આવ્યાથી આપણી સંસારી હાલતમાં જેટલો સેહેલાઈથી સુધારો થઈ શકશે. તેવો બીજા ઉપાયથી થવાને ઘણો વિલંબ લાગશે. માત્ર ઉપદેશથીજ લોકોની ચાલુ રૂઢીમાં ફેરફાર થવો બહુ મુશ્કેલ છે. એક બીજાને જોઈને દેખા દેખીથી જેવો સુધારો થઈ શકેછે તેવો બીજી રીતે થતો નથી. "સંગત તેવી અસર" એ કેહેવત ખોટી નથી ને સુધરેલાઓની સંગતથી સુધારો અને બગડેલાઓની સંગતથી બગાડો થાયછે; આ વાત કોઈથી નામંજુર થઈ શકશે નહીં.

જુઓ દેખા દેખીથી બેમાલમ રીતે આપણા તથા આપણી બાએડીઓના પેરવેશમાં કેવો ફેરફાર થવા માંડયો છે? જેઓ મોજાં અને બુટને ધિક્કારતા હતા તેઓ પોતે પેહેરવા લાગ્યા છે. જાડાં અને બેડોળ ઘરેણાં ઉપરથી ઝીણાં અને થોડાં વજનનાં ઘરેણાં દાખલ

થવાં માંડ્યાં છે; એ બધું શાથી? કકાભાઈએ મોજ પેહેલ્યાં તો થોડા દિવસ તેની ચરચા લોકો કરી બેસી રહ્યા તો હવે બબાભાઈ શા માટે તેમ ન કરે? એમ એક બીજાને જોઇને હરએક સારું કે નઠારું કામ જેવું સેહેલાઇથી થાય છે તેવું બીજાથી થતું નથી.

આપણા કેટલાક નઠારા રેવાજ એ સુધરેલા દેશના સુધરેલા લોકોમાં મુદ્દલ જોવામાં આવતા નથી. તેથી તેમ્મોની સંસારી હાલત આપણા કરતાં કેટલી ચહડતી છે એ તરત માલમ પડી આવેછે. એ સ્વતંત્ર ભૂમીની સ્વતંત્ર હવાનો એક વખત સ્વાસ લીધા પછી પેહેમરૂપી રૂઢીના બંધમાંથી છુટા થવાનો સ્વભાવિક જોસ્સો છુટેછે. આખી પૃથ્વીમાં ઇંગ્લિંડની ભૂમી સ્વતંત્રપણાંને માટે પ્રસિદ્ધ છે અને ત્યાંની સ્વતંત્ર હવાનો એક વખત દમ લીધો એટલે આપણાં મન ઉપર ગુલામગીરીમાંથી છુટવાનો તરત ખ્યાલ આવે છે. મારા એક મિત્રનો પુત્ર જે મુંબઈ મધ્યે પોતાના પિતા સાથે સેજ વાત કરવાને ડર ખાતો હતો તે સુધારા સંબંધી પોતાના વિચાર પિતા ભણી માનપૂર્વક રીતે પણ હિંમતથી જણાવે છે. તે લખેછે કે:—

" ખાલી મનસુબા કરવાની હાલતમાં આપણા દેશીઓ ક્યાં સુધી
" રેહેશે? સારી ચીજને વિષે ક્યાં સુધી ભાષણ કરશે કરશે? ને કરવું
" તો કાંઈજ નહીં. પિતાજી આ વિચાર હું આપું છઉં તેમાં તમે
" મને બહુ હિંમતવાન્ ગણશો ના. ખરી હિંમત શું છે ને તે કેમ
" વાપરવી તે મને ઇંગ્લિંડે શીખવ્યું છે. હું કબુલ કરું છઉં કે મારી
" બધી હિંમતને માટે હું જેટલો ઇંગ્લિંડનો આભારી થયો છઉં તેટ-
" લોજ તમારો આભારી છઉં. કેટલા થોડા જુવાનોને તમારા જેવા
" પિતા છે? પણ પિતાજી આટલી વાત ધ્યાનમાં રાખજો કે પિત-
" લેએ તમે જેમ મને લાભ કીધોછે તેમજ મારી બેહેનોને વિષે
" તેમના પિતા લેએ તમે શું (લાભ) કરવાની ધારણા રાખીછે?"

સોળ વરસની વયનો જુવાન પુત્ર પોતાના પિતાની આગળ મુંબઈ મધ્યે એક સાધારણ વાત કરવાની બિહિક રાખે તે જુવાનનાં મન ઉપર ઇંગ્લિંડની સ્વતંત્ર હવાએ થોડા મહિનામાં કેટલો ફેરફાર

કરી નાખ્યો છે તે ઉપલા થોડા વાકય ઉપરથી માલમ પડશે. આવા સ્વતંત્ર વિચાર ઉત્પંન થાય એમાં કંઈ નવાઈ નથી. આપણે જેટલી સંસારી ખામિયો વિષે ફરિયાદ કરીયે છઈએ ને ખુમ મારીએ છઈએ તેમાંની મોટી ખામીનો ભાગ સુધરેલા લોકોના સંબંધમાં વધારે ને વધારે આવ્યાથી દૂર થશે એ વિષે મને થોડોજ શકછે. અલબત "ગાંમ ત્યાં ઢેડવાડો" તેમ સુધરેલા ઘરોમાં પણ કેટલા-એક નઠારા ને ઠગારા વસેછે પણ તેવાં લોકથી વેગળા રેહેવાની પ્રથમથીજ સાવચેતી રાખવી જોઈએ.

રાજદરબારી બાબદમાં લાભ.

આપણી ઉપર અમલ ચલાવનાર દેશ મધ્યે પ્રવાસ કરવાથી અને એ દેશના લોકો સાથે વધારે સંબંધમાં આવ્યાથી રાજદરબારી બાબદમાં આપણને ઘણો લાભ થયા વગર રેહેશે નહીં. આપણને તથા આપણા દેશને કેકે વસ્તીની જરૂરિયાત છે તથા કે કે બાબદમાં આપણી ઉપર બેઇનિસાફી ગુજરેછે તથા આપણા હકને નુકસાની પોંહોંચે છે એ વિષે ત્યાંના લોકોના સંબંધમાં વધારે આવ્યાથી તેઓ વધારે વાકેફ થતા જશે ને તે ઉપર તેઓ ધ્યાન આપ્યા વિના રેહેશે નહીં

ઈંગ્લંડની વસ્તીનો મોટો ભાગ આપણા દેશ વિષે તથા આપણા દેશીઓ વિષે બીનમાહિત અને બેદરકાર છે તેનું કારણ એટલુંજ છે કે આપણા લોકો એઓના સંબંધમાં સારીપેઠે આવ્યા નથી. તેઓના સંબંધમાં વધારે આવ્યા વગર તેઓ વચે ને આપણા દેશીઓ વચે પરસ્પર પ્રીતિ લાગનાર નથી તથા આપણે એક બીજાને સારી પેઠે ઓળખી શકનાર નથી. અને તેમ ન થાય ત્યાં સુધી એ દેશની વસ્તીનો મોટો ભાગ આપણા દેશ વિષે બેદરકાર રેહે એમાં કાંઈ નવાઈ જેવું નથી.

ઈંગ્લંડ મધ્યે Association for Promoting the Moral and Social Improvement of India આ નામની મંડળી ઉભી થઈછે ને તે મંડળીનો મુખ્ય હેતુ એ છે કે આપણા દેશની સંસારી તથા નીતિ સંબંધી

સ્થિતિમાં સુધારો કરવો. તે મંડળીના એક મુખ્ય આગેવાન હાનરેબ્બલ મી૦ આર્થર કિનાર્ડે રાતની મજલસમાં મને તથા મારા મિત્ર રાવબાહાદુર રામચંદ્ર બાળકૃષ્ણને બોલાવ્યા હતા ને તે વખતે એ મંડળીના ઘણા ખરા અધીકારીઓ પણ હાજર હતા, અને તેઓ આપણા દેશની સ્થિતિ વિષે આપણે મોંહોંડેથી કેટલીક વાત સાંભળવાને બહુ આતુર હતા. તેઓએ કહ્યું કે "તમને કે કે બાબદમાં હરકત નડેછે તથા કે કે બાબદમાં તમે નારાજી છો તથા તમને કે કે વસ્તુની જરૂર છે એ બધી હકીકત તમારાજ લોકોને મોંહોંડે સાંભળવાને અમે વધારે ઇચ્છિએ છઈએ અને તે માટે તમારા દેશના લોકોનો આવજાવ આ દેશમાં વધારે થશે તેમ વધારે લાભ થશે."

તે વગેરે હરએક જગાએ ને હરએક મંડળીમાં સદ્-ગૃહસ્થો સાથે આપણા દેશ સંબંધી વાત કરવાની જોગવાઇ મળેછે ને તેથી ઘણો ફાયદો થાયછે. ઇંગ્રેજ લોકોની મોટી સંખ્યાનો ગુણ એવો છે કે એક વખત જાણવામાં આવ્યું કે કુલાણાં કારણથી કુલાણું દુઃખ આપણી ઉપર પડેછે તો તે દૂર કરવાને પોતાની તરફથી કંઈપણ તજવીજ કરશે. ઇંગ્રેજી રાજનીતિનો પાયો રૈયતના વિચાર ઉપર રચાયલો છે અને રૈયતના મોટા ભાગનો વિચાર જે વળણ પકડે છે તે વળણ પ્રમાણે બધું કામ ચાલેછે. એક સારા ને વગવાળા ઇંગ્રેજની ખાતરી થઈ કે તમે જે બાબદ વિષે ફરિયાદ કરો છો તે વાજબી છે તો તે વિષે તે બેદરકાર રેહેશે નહીં.

આ વિષે એકજ દાખલો આપું છઉં. કરનાટકના નવાબ અકબર જ્યારે વિલાયત ગયા ત્યારે ત્યાંહાંના કેટલાએક લોકોની જ્યારે ખાતરી થઈ કે તેનો દાવો ખરો ને વાજબીછે ત્યારે તેઓએ મેહેનત લીધી અને સભા મેળવીને પાર્લામેંટને અરજી કરી. આપણા દેશીરાજાના હકને માટે ઇંગ્રેજ લોકો અરજી કરવાને બાહાર પડે એ કંઈ નાહાની-સુની વાત નથી. મધરાસ તરફથી મુંબઇ આવીને મી૦ પુરશોતમ મુદ્દણીયર ઇંગ્લંડ આજ ચાર વરસ થયા એ રાજના દાવા સંબંધી અરજ ગુજરવાને ગયોછે તે જોકે કાંઇ ધાર્યું કરી શક્યો નથી પણ

એટલું તો કરી શક્યોછે કે ઘણાએક ઈંગ્રેજોના વિચાર એ રાજના વાજબી હક ઉપર બેસાડ્યાછે. આ ઉપરથી માલમ પડશે કે આપણા દેશીઓ એઓના સંબંધમાં જેમ વધારે આવતા જશે તેમ વધારે લાભ થતો જશે.

વેપારની બાબદમાં લાભ.*

વેપારની બાબદમાં એ દેશમાં ગયાથી કેટલો લાભ થાય તેનો પણ વિચાર કરવો જરૂર છે. તે સાથે જે દેશીઓએ હાલ તરત પોતાની પેહેડી ઈંગ્લંડ મધ્યે કાહાડી છે તેઓને આપણા દેશી વેપારીઓથી ટેકો મળે તો તેમનાજ જાતભાઈઓને અને અંતે તેઓનાજ દેશને કેટલો લાભ થાય તેપણ જાણવું જોઇએ છે. ઈંગ્લંડ સાથે આપણા દેશનો વેપાર બહુ વધી પડ્યો છે અને તે ઘટવાને બદલે દાહાડે દાહાડે વધતો જશે એમ સર્વનાં માનવામાં આવેછે. એ મુખ્ય વેપાર ચલાવનાર મુખ્ય કરીને આપણા દેશીઓ છે અને તેઓ પોતાના આડતિયાઓને દર રોંકડે ૨॥ ટકા હકસાઈ આપેછે; તે હકસાઈની કેટલી મોટી રકમ દર વરસે થાય છે તેનો વિચાર કરવો જરૂરનો છે. અને તેટલી મોટી રકમનો મુખ્ય ભાગ આપણા દેશીઓ તરફથી આપણાંજ દેશીઓને મળે તો તેથી આપણા દેશનેજ ઘણો લાભછે.

અમેરિકાની લહડાઈ જાગી તે પેહેલાં આપણા દેશથી ઈંગ્લંડખાતે દર વરસે આશરે ૬ લાખ રૂની ગાંસડી ચહડતી હતી. લહડાઈ ચાલુ થયા પછી વધતી વધતી આ વરસે* ૨૦ લાખ ગાંસડી ચહડશે એવી ગણતરી કરવામાં આવીછે. થોડી કે ઘણી મુદતમાં એ લહડાઈ બંધ પડવી જોઇએ ને બંધ પડ્યા પછી પણ ઘણાક વરસ સુધી આ દેશ તરફથી દર વરસે ૧૦ લાખ રૂની ગાંસડીનો ખપ ચાલુ રેહેશે ને રૂનો ભાવ રૂ ૨૦૦ કે ૨૫૦ થી હેઠલ ઘણી મુદત સુધી નહીં જાશે એવું અનુમાન કરવામાં આવેછે; એ ગણતરી મુજબ

* ૪૦ સા૦ ૧૮૬૪.

દર વરસે ૧૦ થી ૧૨ કરોડ રૂપિયાનો ફ઼ ઇંગ્લંડ તરફ઼ જરો. એની ચોખ્ખી હકસાઈજ ગણીએ તો ૧૫ થી ૧૮ લાખ રૂપિયા થાયછે. હવે એ વેપાર મધ્યે ૦।।– વેપાર આપણા દેશીઓ કરેછે તેમાં ૦।।= હિંદુઓજ.

તેમજ બીજા મુખ્ય માલનો વિચાર કરીએ. અત્રેથી દર વરસ ૩૦ લાખ રૂપિયાની અલસી, સરસવ વગેરે "બી" ચહડેછે; ૩૦ લાખ રૂપિયાની શાળ ચહડેછે; ૫૦ લાખ રૂપિયાની કિંમતનું ઉન ચહડે છે; ૮ લાખ રૂપિયાની કિંમતનો હાથીદાંત ચહડેછે; ૪ લાખ રૂપિયા કિંમતની કાફી ચહડેછે; ૩ લાખ રૂપિયા કિંમતનો સુરોખાર ચહડેછે; ૩ લાખ કિંમતનો મસાલો ચહડેછે. ને બીજી પરચુરણ ચીજો મલીને ૨ શિવાય બીજો માલ ૧।। કરોડનો ઇંગ્લંડ તરફ઼ ચહડેછે. તે મધ્યે એક કરોડથી વધારે દેશીઓનો ગણીયે તો તેનીજ હકસાઈ ૨।। લાખ રૂપિયા થઈ.

આવક માલમાં મુખ્ય કરીને કાપડ આવેછે. એ કાપડ ખરીદ કરનારા ઘણું કરીને ભાટિયા વેપારીઓ છે. આપણું કાપડ બજાર ભાટિયા તથા વાણિયાઓથી ભરેલુંછે. હવે દર વરસે ઇંગ્લંડથી અત્રે ૩ કરોડ રૂપિયાની કિંમતનું કાપડ આવેછે તેની હકસાઈ તથા હાફીસ સરસ્તાની દલાલી ગણીએ તો ૨૨ લાખ રૂપિયા દર વરસે એજ થવા જાયછે. તે શિવાય દર વરસે સુતર રૂપિયા ૩૦ લાખની કિંમતનું; ત્રાંબુ રૂપિયા ૫૦ લાખની કિંમતનું; પિતલકામ રૂપિયા ૨૫ લાખની કિંમતનું; લોઢું રૂપિયા ૩૦ લાખની કિંમતનું; બીજી ધાતુઓ ૧૧ લાખની કિંમતની; ઉનનું કાપડ ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ને બીજો પરચુરણ માલ મળી સુતરાઉ કાપડ શિવાય ૪ કરોડ રૂપિયાને આસરે ઇંગ્લંડથી મુંબઈ આવેછે. તેનીજ હકસાઈ ગણીયે તો દસ લાખ રૂપિયા દર વરસે થાયછે.

આ પ્રમાણે આવક તથા જાવક માલ ઉપર ફકત હકસાઈ ગણીયે તો દર વરસ ૫૦ થી ૫૫ લાખ રૂપિયાની મોટી રકમ થવા જાયછે તે મધ્યે યુરોપિયન વેપારીઓની તરફથી ઘણું કરીને ૦)= બાદ કરીયે તોપણ ૪૦ થી ૪૫ લાખ રૂપિયા દેશીઓને દર વરસ હકસાઈનાજ

લાગેછે. દેશીઓની તરફથી હાલ છ કે સાત પેહેડી ઇંગ્લંડમાં છે તેની જગાએ ૫૦ પેહેડી થાય અને દેશીઓ પોતાનીજ પેહેડીની મારફતે પોતાનું કામ લેય તો દરએક પેહેડીને દર વરસે ફકત હકસાઇમાંજ એક એક લાખ રૂપિયાની પેદાસ થાય. એ શું આપણા દેશીઓને અને તેથીજ અંતે આપણા દેશનેજ થોડો લાભછે? અમેરિકાની લહડાઇ જેવો વખત તો કોઇજ વખત આવેછે; પણ આ જાથુકની કમાઇ અને માલ ઉપરની મળાઇ પોતાના દેશીઓનાં પેટમાં ગઈ હોય તો તેઓ કેવા પુષ્ટ થઈ જાય? ને અંતે તેટલો આપણાજ દેશની દોલતમાં વધારો થાય કે નહીં? આ બાબદ વિષે સારીપેઠે આપણા દેશીઓએ વિચાર કરવો જોયેછે. કંઇ નહીં તો એટલું તો અવશ્ય કરવું જોઇએ કે જે દેશીઓની પેહેડી ઉઘડી હોય તેઓને એ હકસાઇનો મુખ્ય ભાગ આપવો જોઇએ.

આપણા દેશીઓમાં જાતી અભિમાન અથવા સ્વદેશ પ્રીતિનો જુસ્સો હોય તો તેઓ હાલ આવી ઘણીક અગત્યની બાબદમાં બેદરકાર રેહેછે તેમ રેહે નહીં. હાલ જાતી અભિમાન ફકત જાતી ભેદ રાખવામાં રહ્યું છે તે ત્યાંથી કાહાડી નાખીને પોતાની જાતનું રૂડું કરવા ઉપર લગાડવું જોયેછે. ઉદ્યોગી, ચંચલ અને ધ્યાનદાર દેશી વેપારી હકસાઇનાં કામમાં કેટલો વધી શકેછે તેનો દાખલો હાલ આપણી નજર આગળછે. આપણી વસ્તીમાં સુધારાનાં અને સ્ત્રી કેળવણીનાં બી રોપનારાઓ મધ્યેનો એક મુખ્ય ગૃહસ્થ જે આસરે દસ વરસ થયાં ઇંગ્લંડ મધ્યે હકસાઇનું કામ ચલાવે છે તથા ઇંગ્લંડ મધ્યે પોતાના દેશીઓને વેપાર રોજગાર ને દરએક કામમાં રૂડી સલા આપવામાં, જરૂરની મદદ કરવામાં અને પ્રીતિ દેખાડવામાં પ્રસિદ્ધ થયોછે, તે ગૃહસ્થ ઉદ્યોગ, ચપળતા ને ધ્યાનદારી વડે કેટલો વધ્યો છે એ વાત હાલ સહુ કોઇનાં જાણવામાં આવીછે. પ્રોફેસર દાદાભાઈ નવરોજજી વિષે હું લખું છઉં. તેણે થોડી મુદ્દત ઉપર પચાસ હજાર રૂપિયાની મોટી રકમ આ દેશની યુનિવરસિટિ મધ્યે સ્કૉલરશીપ સ્થાપવાને માટે ભેટ કરવા વિષે મુંબઈ સરકારને પોતાની

ઇચ્છા જણાવી હતી. ઇંગ્લંડ મધ્યે વેપારની બાબદમાં ફતેહ મેળવવા સંબંધી આ દાખલો સર્વ કોઇની ખાતરી કરી આપે તેવોછે માટે એ વિષે હું વધારે બોલતો નથી.

સારાંસ; સુધરેલા દેશમાં પ્રવાસ કરવાથી સુધરેલા લોકોની પ્રકૃતી ને રૂઢી; કળા કુશલતા ને રાજનીતિ એ સઉ જાણવામાં આવેછે અને તેનો મુકાબલો આપણા દેશના લોકોની સ્થિતિ સાથે કરવાને બની આવેછે. સુધરેલા દેશોમાં આપણા દેશીઓ જ્યારે પ્રવાસ કરવા માંડશે અને તે દેશો સાથે આવજાવ કરવાનો સંબંધ જ્યારે વધારશે ત્યારેજ આપણા દેશમાં ચૈતંતા અથવા જીવ આવશે, ત્યારેજ ખરી જાગૃતી આવશે, ત્યારેજ બેહેર મારી ગયલી ઇંદ્રીઓ ઝબકી ઉઠશે, ને ત્યારેજ વેહેમરૂપી બેડી વધારેવાર પેહેરી રાખવાને શરમ ઉપજશે; ને ત્યારેજ સુધરેલા જમાનાની દોડમાં આપણો દેશ કેટલો પાછળ રહી ગયોછે તેનું ખરૂં જ્ઞાન થશે.

અસલના હિંદુઓમાં પ્રવાસ કરવનો ચાલ.

હવે આ બધા લાભ મેળવવાને આપણા દેશીઓ તેમાં અગત્ય કરીને હિંદુઓ ક્યાં સુધી પાછળ રેહેશે? અટક નદી અથવા હિંદુસ્તાન છોડીને બાહારના દેશમાં જવાને જેઓ હરકત સમજેછે તેઓએ પ્રથમ જાણવું જોયેછે કે પારકા અને દૂરના દેશોમાં મુસાફરી કરવાનો ચાલ હિંદુઓમાં ઘણા પ્રાચીનકાળમાં હતો તે વિષેના દાખલા ઇતિહાસમાંથી મળી શકેછે*:-

૧ ૪સવી સનની ૭૬ વરસની અગાઉ એટલે આજ ૧૯૪૦ વરસ ઉપર હિંદુઓ જાવામાં ગયા હતા અને ત્યાં પોતાનો શક બેસાડ્યો હતો એવો લેખછે. વળી તેની સાખીતીમાં એ દેશ મધ્યે સંસકૃત ભાષામાં લખાયલાં જુનાં પુસ્તકો તથા કાવ્ય જોવામાં આવેછે તથા એ દેશમાં પડી ભાગેલા હિંદુઓનાં જુનાં દેહેરાંઓ છે.

૨ તેમજ વળી જવાની પૂર્વ દિશાએ "બાલી" બેટછે ત્યાં અસલથીજ

* જુઓ એશિયાટિક રિસર્ચિઝ.

હિંદુઓની વસ્તીછે અને હાલ પણ ત્યાં હિંદુ દેવની પુજાપાત્રી થા-
યછે તથા સતી થવાની રીત અસલથી ત્યાં ચાલુછે.

૩ વળી રામચંદ્રજીના પ્રપિતા રઘુરાજા પારસી એટલે ઈરાણ દેશ ઉપર યુદ્ધ કરવાને ગયા હતાં એ વિષે રઘુવંશ નામનાં પ્રખ્યાત સંસ-
કૃત કાવ્યમાં લખ્યું છે. એ કાવ્ય ભોજ રાજાની દરબારમાં પ્રસિદ્ધ થયલા કવી કાલીદાસ જેના શાકુંતલા નાટકની વખાણ આપ્પા યુરો-
પખંડમાં થાયછે એણે રચ્યું હતું.

૪ અર્કસીસ નામના ઇરાણના રાજાએ યુનાન દેશ ઉપર ૨૩૪૪ વરસની વાત ઉપર સ્વારી કરી ત્યારે તેનાં લશ્કરમાં કેટલાક નામીચા હિંદુ સરદારો હતા.

૫ (કાર્થેજમાં) આસદ્રુબાલ અને હાનીબાલના લશ્કરમાં હિંદુ-
સ્તાનથી ગયલા હાથી તથા હિંદુ સિપાઇઓ હતા.

૬ શીકંદર બાદશાહ જ્યારે પોરસના રાજાનો પરાજય કરીને ઇરા-
ણને રસ્તે પોતાના દેશ યુનાનમાં જવા નિકાલ્યો ત્યારે તેની સાથે "કલેનસ" નામે એક હિંદુ જોગી હતો તથા બીજા કેટલાક હિંદુ સરદારો પોતાનાં બાઇડી છોકરાં સહિત હતા. કેતુ નામનો હિંદુ સર-
દાર તેના લશ્કરમાં હતો; તે મરણ પામ્યો એટલે તેની બે સ્ત્રી સતી થવાને તૈયાર થઈ. તે મધ્યેની એક સ્ત્રીને બાદશાહે રજા આપી અને બીજીને ન આપી કેમકે તે ગર્ભવંત હતી.

૭ પોરસ રાજાએ તથા દક્ષિણના પાંડ્ય રાજાએ પોત પોતાની તરફના વકીલ રોમ દેશના આગસ્ટસ શહનશા પાસે મોકલ્યા હતા, તેઓ હિંદુ હતા અને તેઓ ઠેઠ સ્પેન દેશ શુધી ગયા હતા એવો લેખછે. તેમની સાથે "ભૃગુ ગોશાક" જેને હાલ આપણે ભરૂચ કહીયે છઇએ ત્યાંનો એક વિદ્વાન્ બ્રાહ્મણ ગયો હતો.

૮ સેવરસ નામનો એક રોમન શ્રી અલેકઝાંડરીયા મધ્યે પોતાના બડપણના દિવસ ગુજારવા ગયો હતો તેને મોટો વિદ્વાન જાણીને હિંદુસ્તાનના કેટલાક વિદ્વાન બ્રાહ્મણો મળવા ગયા હતા અને તેમનો તેણે સારો આદર સત્કાર કર્યો હતો.

૯ સુશ્રુણાચાર્યે રૂમ દેશમાં જઈને ત્યાં સિદ્ધાંત જાણનાર મ્લેચ્છ પાસેથી મ્લેચ્છ સિદ્ધાંત શિખીને રોમી સિદ્ધાંત રચ્યોછે. આ વાત જ્યોતિષ્ય લોકોમાં પ્રસિદ્ધ છે.

૧૦ રોમ, ગ્રીસ, કાર્થેજ વગેરે બાહારના દેશોના લોકો સાથે હિંદુ લોકોનો વેહેવાર સુમારે બારસો વરસ સુધી એક સરખી રીતે ચાલતો હતો એ વાત ઘણાક દાખલા ઉપરથી સિદ્ધ થઈ રાકેછે.

એ ચાલ કેમ બંધ પડયો ને પાછો ચાલ્યો?

હવે તમે પુછશો કે એ ચાલ પાછળથી કેમ બંધ પડ્યો તો તેનો ખોલાસો થઈ રાકશે. તાતાર અને આફગાન દેશો તરફથી મુસલમાન લોકોનાં ટોળે ટોળાં આપણા દેરા ઉપર ઉતરી પડ્યાં ને હલ્લા કરવા મંડ્યાં ત્યારે સઉ પોતાનાં કુટુંબ ને ઘરબારનો બચાવ કરવાને રોકાયા અને પારકા દેરામાં જતાં અટકી પડ્યા. વળી મુસલમાનોએ જબરદસ્તીથી વટલાવવાની કોશિરા કરી હતી તેથી વધારે ત્રાસ ઉપજ્યો કે બાહાર ગામમાં એવા લોકો આપણને વટલાવ્યા વગર રેહેનાર નથી. એવી દરા અને એવો સમો જોઈને તેઓએ રૂઢી [illegible]ી હોય કે અટક નદી છોડીને જવું નહીં, પણ ત્યાં અટકી રેહેવું તો અનુમાન કંઈ પાયા વગરનું ગણાશે નહીં. તે વખતની રૂઢી ધર્મની ઢાલ થઈ હોય, પણ હાલના વખતમાં તો આપણી બેડી થઈ પડીછે.

તે ચાલ પાછો કેવી રીતે ચાલુ થયો અને હાલ આપણા લોકો ક્યાં સુધી જઈ આવ્યાછે તથા જાયછે તે વિષે થોડો વિચાર કરીએ. મુસલમાનોનાં હલ્લા થયા પછી તથા મુસલમાનની તાબેદારીમાં આવ્યા પછી હિંદુઓની સાહસિક ઇંદ્રી બેહેર પામી ગઈ અને તેઓમાંથી મુસાફરીનો શોખ નિકળી ગયો તે પાછો જાગૃત થયો નથી અને જાત્રાને માટે ધર્મનું ઓઠું નહીં હત તો પોતાનાજ દેરામાં પણ એક ઠેકાણેથી બીજે ઠેકાણે પ્રવાસ કરવા નિસરત નહીં. પણ કેટલાએક દાખલા મળી આવશે કે ફકત મુસાફરીના શોખનેજ ખાતર કેટલાક હિંદુઓ ઘણા દૂર દેશોમાં હમણાના વખતમાં પણ જઈ આવ્યા છે.

શ્રાવકનો એક જતી રેઢ કૉનસ્ટાંટિનોપલ અથવા ઇસ્તંબોલ સુધી જઈ આવ્યોછે અને તેણે પોતાની મુસાફરીનું વર્ણન લખ્યુંછે. આસરે ૧૦૦ થી વધારે વરસની વાત ઉપર એક જોગી યુરોપમાં મુસાફરી કરવા ગયો, તેનું નામ પુરાણપૂરી હતું. તેની થોડીક હકીકત તા૦ ૧૭ મી એપ્રિલ સન ૧૮૫૯ નાં સત્ય પ્રકારામાં એક ઇંગ્રેજી ગ્રંથ ઉપરથી મેં લખી હતી તે અગત્યની જાણીને અત્રે ટાંકું છઉં.

"પુરાણપૂરી નામનો હિંદુઓની રજપુત જાતનો એક મોટો સન્યાસી હતો. તે (આસરે ૧૦૦ વરસની વાત ઉપર આ દેશમાં પ્રવાસ કર્યા પછી) પેહેલ વેહેલો આફ્ગાનીસ્તાનમાં ગીઝની શેહેરમાં મહમદશાહ અબદલીની ફોજ આગળ જઈ પોંહોંચ્યો. ત્યાંથી તે હિરાતને રસ્તે થઈને ખુરાશાનમાં ગયો. ખુરાશાનમાં થોડા દિવસ રહીને કાસપિયન સમુદ્રને કાંઠે આસ્ત્રાખાદ તરફ ગયો. તેણે પોતાની મુસાફરીનો હેવાલ ડંકન સાહેબ આગલ આપતાં એવું જણાવ્યું કે કાસપિયન સમુદ્રની પશ્ચિમ દિશાએ જ્વાળામુખી પાહાડ છે જેને ત્યાંના લોકો દાગીસ્થાન કેહેછે. આસ્ત્રાખાદમાં ૧૧ મહિના સુધી રહીને તે આસ્ત્રાખાનમાં જઈ પોંહોંચ્યો. તે કેહેછે કે આસ્ત્રાખાન શેહેર એશિયા ખંડના રશિયા દેશમાં આવ્યું છે ત્યાં ઘણા હિંદુઓ વસેછે.

"આસ્ત્રાખાનથી ૧૮ દાહાડાની કુચ કર્યા પછી તે યુરોપના રશિયામાં જઈ પોંહોંચ્યો. રશિયાનું અગાઉનું મોટું અને મુખ્ય શેહેર "મૉસ્કો" ત્યાં તે પાંચ દિવસ સુધી રહ્યો. આ જગાએ તેના સાંભળવામાં આવ્યું કે ત્યાંથી એક મહિના દાહડાની મજલે "સેંટ-પીટર્સ-બર્ગ" થઈને ગ્રેટબ્રીટન્ જવાય છે. પણ ત્યાંહાંથી તે આગળ ચાલ્યો નહીં અને આસ્ત્રાખાન તરફ પાછો ફર્યો. ત્યાંથી તે ઈરાન તરફ ગયો. ઈરાનનાં મોટાં શેહેરો ઈસ્પાન અને શીરાજમાં તે કેટલાએક દિવસ સુધી રહ્યો. ત્યાં થઈને તે અબુશેર તરફ ઉતર્યો; અને ત્યાંથી ખારેકનાં બેટમાં (?) ગયો. ત્યાંથી ચાલતાં તે બાહારીન નામનાં બેટ આગળ આવી પોંહોંચ્યો. તે કેહેછે કે બાહારીનના કોસ્તા ઉપર મોતી ઘણાં પાકેછે.

"ત્યાંથી તે બસરા તરફ ગયો. તે જણાવેછે કે બસરા મધ્યે હિંદુઓનાં કેટલાંએક ઘર છે અને ત્યાં ગોવિંદરાય અને કલ્યાણરાયની મૂર્તિઓછે. બસરા તરફથી તે મસ્કત ગયો. મસ્કતમાં પણ તે કેહેછે કે ઘણા હિંદુઓ વસેછે. મસ્કતથી તે પાછો હિંદુસ્તાનમાં કચ્છ તરફ આવ્યો. હીંદુસ્તાનથી પાછો તાતાર દેશમાં ગયો. તાતાર દેશનાં મુખ્ય શેહેરો સમરકંદ, બોખારા અને બલ્ખમાં તે કેહેછે કે હિંદુઓ વસેલાછે. તાતાર દેશ તરફથી કાશ્મીર થઇને નિપાળના મુલકમાં ગયો. નિપાળનું મુખ્ય શેહેર કઠામાંદુમાં ઘણાએક દિવસ રહ્યો. તીબેટની સરકારે હિંદુસ્તાનના ગવર્નર જેનરલ હેસ્ટિંગ્સને આપવાને વાસ્તે રાજ દરબારને લગતો એક કાગલ એ સન્યાસીને આપ્યો. તે કાગલ એ સન્યાસીએ ગવર્નર જેનરલને મી॰ એલિયટ તથા બીજાઓની હજુરમાં આપ્યો હતો. આ પુરાણપૂરી મુંબઇમાં પણ આવ્યો હતો."

એવા કેટલાએક દાખલા માત્ર શીખને ખાતર મુસાફરી કરવાના મળી આવશે. એ શિવાય આ દેશમાં લહડાઇઓની સમાધાની થયા બાદ ઉદ્યમ, ધંધોરોજગાર અથવા વેપાર કારણે ઘણે દૂર દૂર ઠેકાણે આ દેશના હિંદુઓ વસ્યાછે તથા આવજાવ કરેછે. એશિયા-ખંડના મધ્ય ભાગમાં જેટલો વેપાર ચાલેછે તેનો ચોથો ભાગ માત્ર હિંદુઓજ ચલાવેછે. વેપાર રોજગારને માટે મુલતાન અને લાહોરથી રોંકડો હિંદુઓ આસ્થાખાનમાં જઈ રહ્યાછે ને ત્યાં એક દેહેરું પણછે. આસરે ત્રણસો વરસ થયાં ભાટિયા તથા વાણિયા મસ્કત જાયછે ને ત્યાં બે મોટાં મંદીર બાંધ્યાંછે. એકમાં શ્રીનાથજી ને બીજામાં શ્રીગોવિંદરાયજીની મૂર્તિછે. ગોવિંદરાયજીની મૂર્તિ પ્રથમ બસરામાં હતો તે ત્યાં કંઈ ગડબડ થયાથી મસ્કતમાં લઈ ગયાછે.

જે વાણિયાઓ આરબસ્તાન સુધી જઈ આવ્યાછે ને જાયછે તેઓ "બખાર" નાં નામથી મસહુર થયલા છે. તેઓ પાકી ઉંમર સુધી "બખાની ઝેપ" પહેરીને આવેછે. મસ્કતમાં વાણિયા, બ્રાહ્મણ ભાટિયા મળી, આસરે હજારથી બારસોછે તેમાં સારસ્વત બ્રાહ્મણો

ગૃહસ્થાશ્રમ માંડીને રહ્યાછે. આદનમાં આસરે ૨૦૦ વાણિયાઓ છે ને ત્યાં એક દેહેરૂ પણછે. મુખાસા, જંગબાર, લામુ તથા મોંબાસિક આ ઠેકાણે ભાટિયા, વાણિયા આસરે હજાર બારસો રેહેછે. જવા તરફ પણ કેટલાક વાણિયા, ભાટિયા લાંબી મુદતથી આવજાવ કરેછે ને ત્યાં થોડાં વરસ ઉપર વેપાર કરવાની બિહિક હતી તે ઉપરથી કેહેવત ચાલીછે તે મસહુરછે.

"જે જાય જાવે તે ફરી ન આવે,
આવે તેના પરીયાંનાં પરીયાં ચાવે."

જમેકા સુધી પણ હિંદુઓ ગયાછે. કેટલાક નામાંકિત વેપારીઓ તથા ધંધાદારીઓનાં નામ મસહુરછે. સીંગાપોર તથા મલાઈ કાંઠા ઉપર શેઠ જીવરાજ બાલુ તથા શેઠ ગોવિંદજી વીરજીનાં વાંહાણો આવજાવ કરેછે તેમાં ભાટિયા પણ ચઢેછે. ચીન તરફ શેઠ મોતીરાહાના સસરા રા૦ તારાચંદ ચીનાઈ આસરે ૩૦ વરસ ઉપર ગયા હતા તે પાછા આવ્યા ત્યારે તેની સાથે શેઠ મોતીરાહાએ જાતિ વેહેવાર પ્રથમ કર્યો હતો. સવચંદ જેરામ નામનો એક બીજો વાણિયો આસરે ૨૫ વરસ ઉપર ચીન ગયો હતો. વળી જેશ્રીરામ શીવલાલની પેહેડી તરફથી પણ કેટલાક મારવાડીઓ ત્યાં ગયાછે. શેઠ પુરશોત્તમદાસ હીરાચંદના છોકરાઓની કંપનીની તરફથી બુદ્ધિવર્ધક સભાના હાલના સેક્રેટરી અને શેઠ ગોકુળદાસ તેજપાળની સ્કુલના હેડ-માસ્તર દલપરામના પિતા બ્રહ્મક્ષત્રી પ્રાણજીવન પૂર્ણાનંદ ૧૮૫૯ માં પુત્ર ઊમરે મુનીમ તરીકે સીંગાપોર ગયા હતા. ત્યાર પછી શેઠ કાસમભાઈ નાથાભાઈની તરફથી દામોદર ઈશ્વર નામનો એજ ન્યાતનો એક જુવાન પુરૂષ ૧૮૬૦ માં ચીનમાં ગયો હતો.

હાલના વખતમાં હિંદુઓ કેટલે દૂર જાય છે?

હિંદુસ્તાન છોડીને હિંદુઓ કઈ કઈ જગાએ જઈ આવ્યા અને જાયછે તે જગાઓનાં નામની ટીપ કેટલાએક જઈ આવેલા ભાટિયા મિત્રોને મોંહોંડેથીજ ઉતારી લીધીછે તે પ્રગટ કરૂં છઉં.

ગુવાદર	મક્રાલા	તારણ	કેરમાન
ચોબાર	મુખ્યા	બુશેર	આંગોલ
મકરાણ	લોઈયા	સેના	કેપવર્ડ
બંદ્રાબ્બાસ	બારબરા	લામુ	મેદાગાસ્કર
બસરા	આદન	મુબ્બાસા	મોરીસ
બુદ્દખી	મસવા	મલીંદા	બારબોર
મુસનો	હુદીદા	જંગબાર	સિયામ
હોરમઝ	સુમાત્રા	પેખા	જાવા
મરકત	જેપાન	કીલવા	સિંગાપોર
મછીરા	કાબુલ	વીમુ	બુખારા
રાસલખેમા	કંડાહાર	કોમર	તેહેરાન
સોર	બલ્ખ	મોઝાંબિક	આસ્ત્રાખાન
કિસમ	ગાબરૂન	સુફાલા	શીરાજ.

આ બધી જગાઓ ઉપર હિંદુઓ ગયાછે. એક હિંદુ વેપારી બત્રીસ વરસની વાત ઉપર યુરોપ મધ્યે રૂશિયાની રાજધાની સેંટ પીટર્સ-બર્ગમાં ગયો હતો તે વિષેનો સત્તાભરેલો હેવાલ સરકારી દસ્તાવેજ ઉપરથી જાણવામાં આવ્યો છે. એ શખ્સ જાતે શીખ હતો ને તેનું નામ રાયબ્રાહ્મણ કરીને હતું. તેનો બ્યારે મરવાનો વખત થયો ત્યારે પોતાના મિત્ર રામદાસને તેણે સેંટ-પીટર્સ-બર્ગ મધ્યે બોલાવ્યા હતો. તેની વિગત તા૦ ૭ મી જુલાઈ સન ૧૮૬૧ ના રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકારામાં મેં લખી હતી તે અગત્યની જાણી નીચે પ્રગટ કરૂં છઉં.

"એક શીખ વેપારીની હિંમતનો દાખલો પ્રગટ થયોછે. તે આસરે ત્રિસ વરસની વાત ઉપર રૂશિયાની રાજધાની સેંટ-પ્રીટર્સ-બર્ગમાં જઇને રહ્યો હતો, એમ માલમ પડેછે. એ વાતની સાચાઈ વિષે સરકારી દસ્તાવેજ પુરાવો આપેછે. એ દસ્તાવેજનો સાર "ફ્રેંડ આવ ઇંડિયા" માં પ્રગટ થયોછે તે ઉપરથી માલમ પડે

છે કે એ શીખનું નામ રાયબ્રાહ્મણ હતું. તે અસલ પંજાબ મધ્યે જંગ પ્રગણામાં રેહેતો હતો. ત્રીસ વરસ ઉપર આસ્ત્રાખાનનું દેહેરૂ જોવા માટે ગયો હતો. આસ્ત્રાખાન થઇને સેંટ-પીટર્સ-બર્ગમાં આવી રહ્યો અને ત્યાં એક પેહેડી કાહડી. ધિમે ધિમે વેપારમાં તે વધતો ગયો અને પચાસ લાખ રૂપિયાની દોલત મેળવી.

"આ મોટી દોલતનો વારસો આપવા માટે અથવા કાંઈ બીજી મતલબે તેણે પોતાના મિત્ર રામદાસ ઉપર જંગ પ્રગણામાં કાગલ લખી મોકલ્યો. તેમાં તેણે લખ્યું હતું કે તમે મારી પાસે આવીને રહો. એ સમે મુલાડિચ નામના એક મુસલમાન વેપારીએ તેજ શેહેરમાં બે લાખ રૂપિયાની દોલત મેળવી હતી તેણે પણ આડદમાંથી પોતાના મિત્રને બોલાવ્યો હતો. એ બેહુ જણ પોતાના મિત્રોને મલવા માટે સાથે નિકળ્યા. મૉસ્કો શેહેર તરફ જતાં રસ્તામાં લૂટાયા ને કેટલીએક મુશ્કેલીથી સેંટ-પીટર્સ-બર્ગ આવી પોંહોંચ્યા. પણ તેમના મિત્રો રાયબ્રાહ્મણ તથા મલાડિચ એક કે બે મહિના થયા મરણ પામ્યા હતા; અને તેમની દોલતનો કોઈ વારસ ન હોવાને લીધે સરકારને હવાલે થઇ હતી.

"રામદાસે રૂશિયાની દરબારને અરજ કરી તથા પોતાના મિત્રનો કાગલ દેખાડયો; પણ તેને કાહાડી મેલવામાં આવ્યો. તે બિચારો નાઉમેદ તો થયો પણ શેહેનશાહ પાસે દાદ મેળવવાને તેણે ઠરાવ કર્યો. એક દિવસ તે શેહેનશાહના મેહેલ આગળ ઉભો હતો તેવામાં શેહેનશાહની નજર તેના ઉપર પડી. એ પરદેશીનો વિચિત્ર પોશાક ને દેખાવ જોઇને શેહેનશાહે પોતાની હજુર બોલાવી મંગાવ્યો. તેણે પોતાની સર્વ બિના જાહેર કરી અને પોતાના મિત્રના હાથનો લખેલો પત્ર દેખાડયો. તેના મુસલમાન મિત્રની પણ તે સમે દાદ લાગી.

"૧૬૯૮ સ૰ ૧૮૫૬ ની શરૂઆતમાં રૂશિયાની સરકારે ઇંગ્લંડની સરકાર ઉપર એ બેહુ જણ વિષે લખી વાળતાં જણાવ્યું કે મરનારાઓની દોલત અમારા હાથમાં આવીછે પણ તે દોલતના હકદાર વારસ કોણછે તેની તપાસ કરવી. એ દરમ્યાનમાં ઇંગ્લંડની સરકારે

હિંદુસ્તાનની સરકાર ઉપર મોકલ્યાં, પણ તેવામાં રામદાસ મરણ પામ્યો.

"હિંદુસ્તાનની સરકાર તરફથી આ બાબદમાં તજવીજ થઈ. મલાઉચનાં નામનો કંઈ પત્તો માળ્યો નહીં. રાયબ્રાહ્મણ વિષે પંજાબ મધ્યે જાણવામાં આવ્યું કે તે જંગ પ્રગણામાંથી ૩૦ વરસની વાત ઉપર નિકળ્યો હતો. રામદાસે પોતાના મરણની અગાઉ જણાવ્યું હતું કે મારા બે ભાઈછે તે મધ્યે એક જંગ પ્રગણામાં અને બીજો અમૃત શેહેરમાં છે. એ ભાઈઓનો પતો માળ્યો. પણ રાયબ્રાહ્મણનો હકદાર વારસ કોણ એ બિના પેલા કાગલ શિવાય માલમ પડી નહીં. સર ચાર્લસ ઉડ આ વાત રૂશિયાની સરકારને લખી જણાવી."

આ ઉપરથી માલમ પડશે કે સમજુ અને હિંમતવાન વેપારીઓ વેપાર રોજગારને માટે બાહાર પડયા અને સમજ તથા હિંમત વગરના ઘરનો ખુણો થોબી બેસી રહ્યા.

ઇંગ્લંડ જનાર પેહેલા દેશીઓ.

હવે સવાલ એ ઉઠશે કે જ્યારે હિંદુઓ આવા દૂરના દેશોમાં જુદે જુદે વખતે ગયાછે ત્યારે કોઈ હિંદુઓ ઇંગ્લિડ ગયાછે કે નહીં અને ગયાછે તો પેહેલ વેહેલો કોણ ને કયા વરસમાં ગયોછે તે જણાવું છઉં. આ વિષે આજ લગી એમ જણાતું હતું કે ઇંગ્લંડ જનાર પેહેલો દેશી રામોહનરાય હતો કેમકે તે ઈસવી સન ૧૮૩૦ ના વરસમાં કલકતેથી ઇંગ્લિંડ ગયો હતો. પણ હાલ મારા એક પારસી મિત્રની મારફતે જે બિના જાણવામાં આવીછે તે ઉપરથી માલમ પડેછે કે રામોહનરાયની અગાઉ એક દક્ષણી હિંદુ મુંબઈ ઈલાકામાંથી ગયો હતો અને તેની સાથે એક પારસી પણ હતો. આ વાત પારસી તથા હિંદુ એ બંને જાતને અગત્યની તથા ઉપયોગીછે. ઈસવી સન ૧૭૮૧ ની શરૂઆતમાં રઘુનાથરાવે પોતાનાં રાજ વિષે દાદ મેળવાને પોતાના એક કારભારી હનમંતરાવને મોકલ્યો હતો ને તેની સાથે તેની ચાકરીમાં કોઈ મણિયાર નામનો પારસી ગયો હતો. હાનરબલ એડમન બર્કનું વૃતાંત એ નામનાં ઇંગ્રેજી પુસ્તકના ત્રીજા

દફ્તર મધ્યે ૪૬ મેં પાને એડમન બર્કે રઘુનાથરાવ ઉપર લખેલો પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે; તે નીચે મુજબ:—

"You set too much value on the few and slight services, that I have been able to perform for your agent Hanumant Ráo, and his assistant Maniár Pársi. It was nothing more than a duty one man owed to another. Hanumant Ráo has done me the honour of being my guest for a very short time, and I endeavoured to make my place, as convenient as any of us are able to do, for a person so strictly observant as he was, of all the rules and ceremonies of the religion, to which he was born, and to which he strictly conformed, often at the manifest hazard of his life. To this I have been witness. We have however, Sir, derived one benefit from the instruction he has given us, relative to your ways of living; that whenever it shall be thought necessary to send gentoos of a high *caste* to transact any business in this kingdom, on giving proper notice, and on obtaining proper licence from authority for their coming, we shall be enabled to provide for them in such a manner as greatly to lessen the difficulties in our intercourse and to render as tolerable as possible to them a country, where there are scarcely, six good months in the year. The suffering these gentlemen underwent at first was owing to the ignorance, not unkindness of this nation.

"I am sorry, Sir, to inform you that I can give you no sort of hope of your ever obtaining the assistance

of the troops you require. It is best at once to speak plainly, when it is not in our power to act.

"Hanumant Ráo is a faithful and an able servant of yours, and Maniár Pársi used every exertion to second him. If your affairs have not succeeded to your wishes, it is no fault of theirs."

☞ *To the preceding letter, the following is a foot note:—*

"The object of this letter is incomplete, and one that of Ragunáth Ráo to which it is in reply, has not been found amongst Mr. Burke's papers. The origin of the correspondence appears to be this: early in 1781 Hanumant Ráo—a Bráhman of high caste, and Maniár Pársi, arrived in England as agents of Ragunáth Rào, who had some business to transact with East India Directors and British Government. They were found by Mr. Burke under very unpleasant circumstances, occasioned by their peculiar modes of life, and the obligations of their religion, with the attention to strangers for which Mr. Burke was so remarkable, he took them down to Beaconsfield and it being summer, gave them up a large green-house for their separate use where they prepared their food according to the rules of their *caste*, performed their ablutions, and discharged, such other duties as rites of their religion and their customs required, and as circumstances permitted. They found great pleasure in Mr. and Mrs. Burke's society and where they were visited by many distinguished people whilst they sojourned at Beaconsfield. In autumn they set out on their return to India, and on their arrival there, Ragunàth Rào wrote to thank Mr. Burke for his kindness to his agents. The fragment of Burke's reply, which is here given was written probably at the end of the year 1782."—*Burke's Life; vol. 3rd. p. 46.*

(એનો અર્થ.)

"તમારા કારભારી હનમંતરાવની તથા તેના હાથ નીચેના માણસ મણિયાર (માહિયાર?) પારસીની મેં કાંઈ સેજ ચાકરી કરી તેને તમે મોટી ખીના સમજો છો. હરએક મનુષ્યનો પોતાના ભાઇબંધ તરફ જે કાંઈ ધર્મછે તેથી વધારે મેં કાંઈ કરયું નથી. હનમંતરાવે મારે ત્યાં પરોણા દાખલ રહીને મને ઘણાજ થોડા દિવસ માન

આપ્યું અને તેના જેવા બરાબર રીતે જાતીભેદ સાચવનાર તથા કર્મકાંડ કરનાર એવા પુરૂષને માટે અમારા લોકોથી બની શકે તેવી રીતે મેં તેને મારી જગામાં ગોઠવણ કરી આપી. તે પોતાનાં કર્મ-કાંડમાં એટલો તો દૃઢ હતો કે કેટલીક વખત પોતાના જીવની દરકાર કર્યા વગર પોતાનું ખટકર્મ કરતો હતો. તે મેં મારી નજરે જોયું છે. પણ શેઠજી એની પાસથી અમને એક મોટો લાભ થયોછે તે એ કે તમારા લોકની રેહેવાની રીતભાત અને છટા કેવીછે તે અમારાં જાણવામાં આવ્યુંછે ને તેથી હવે પછી કોઈ ઉંચી જાતના પુરૂષને કાંઈ કામ માટે આ દેશમાં મોકલવાની જરૂર પડે તો વખ-તસર ખબર મળ્યાથી અને સરકાર તરફથી જરૂરનો પરવાનો મેળ-વીને અમે એવી ગોઠવણ કરી શકશું કે તેથી કરીને અમારા દેશમાં આવનારને જેમ બને તેમ થોડી મુશ્કેલી પડે; તથા જે દેશમાં ૬ મહિના ભાયગેજ સારા ગુજરેછે તે દેશમાં જેમ બને તેમ થોડી હરકત નડે. આ ગૃહસ્થોને પ્રથમ જે કાંઈ અડચણ ભોગવવી પડી તે અમે (તમારા રેવાજથી) અજાણ્યા તેથીજ કરીને; ને આ દેશની પ્રજાએ તેઓની બરદાસ્ત ન કરી એમ તમે જાણશો નહીં.

"સાહેબ, હું તમને જણાવવાને દલગીર છઉં કે તમે લશ્કરની મદદ માગોછો તે કદી મળશે એવી હું તમને કંઈપણ રીતની આશા આપી શકતો નથી. જ્યારે હરએક ચીજ કરવાનો ધંધાજ ન હોય ત્યારે તે વિષે ખુલ્લે ખુલ્લું બોલી દેવું તેના જેવું બીજું એકે નથી.

"હનમંતરાવ તમારો ઘણો વિશ્વાસુ અને હોશ્યાર નોકરછે અને મણિયાર પારસીએ તેને મદદ કરવાને કાંઈ કસર રાખી નથી. તમારી ધારણા મુજબ તમારું કામ થયું ન હોય તો તેમાં તેમનો વાંક નથી."

ગ્રંથકર્તાએ આ પત્ર વિષે ટિકા લખીછે તે નીચે પ્રમાણે:—

"આ પત્રની મતલબ પુરેપુરી નથી અને રઘુનાથરાવનું પત્ર જેના જવાબમાં આ લખ્યુંછે તે મી૦ બર્કનાં પત્રો મધ્યેથી મળ્યું નથી. એ પત્રપેહેલાં ચાલ્યો તે એ ઉપરથી કે સન ૧૭૮૧ ની શરૂઆતમાં

હનમંતરાવ–એ ઉંચી જાતનો બ્રાહ્મણ અને મણિયાર પારસી ઈંગ્લંડ મધ્યે રઘુનાથરાવની તરફથી ઈસ્ટ ઇંડિયા ડરેકટર્સ અને ઇંગ્રેજ સરકાર સાથે કંઈ કામને વાસ્તે આવી પોંહોંચ્યા હતા. તેઓની રેહેવા વિષેની તરેહેવાર રીતભાત અને ખટકર્મને લીધે તેઓને અડચણ ભોગવતાં મી૦ બર્ક જોયા. તે ઉપરથી અને પરદેશીઓ તરફ મોબત દેખાડવાને માટે મી૦ બર્ક પ્રસિદ્ધ હતો તે ઉપરથી તે (એ ગૃહસ્થોને) બિકન્સ ફીલ્ડમાં લઈ ગયો અને ઉનાળાની મોસમ હોવાથી એક કુસાદે બગીચાવાળું ઘર આપ્યું ને તે ઠેકાણે તેઓ પોતાની જાતની રૂઢી પ્રમાણે પોતાની રસોઈ કરતા તથા નિત્ય સ્નાન સંધ્યા કરતા હતા; તથા પોતાના ધર્મ અને રૂઢી પ્રમાણે ખટકર્મ એ જગામાં બની આવવું તે પ્રમાણે કરતા હતા. મી૦ બર્ક અને તેની સ્ત્રીના સમાગમમાં આવ્યાથી તેઓને મોટી ખુશી ઉપજી હતી અને જ્યાં સુધી તેઓ બિકન્સ ફીલ્ડમાં રહ્યા હતા ત્યાં સુધી તેઓને ઘણાક પ્રખ્યાત પુરૂષો મળવાને આવ્યા હતા. ચોમાસામાં તેઓ પાછા હિંદુસ્તાનમાં ગયા; અને તેઓ ત્યાં જઈ પોંહોંચ્યા ત્યારે રઘુનાથરાવે મી૦ બર્કની મેહેરબાનીને માટે ઉપકારનો પત્ર લખ્યો. મી૦ બર્કે ઘણું કરીને ઈસવી સન ૧૭૮૨ ની આખેરીએ જવાબ લખ્યો હતો."

આ ઉપરથી કંઈપણ શક વગર સિદ્ધ થાયછે કે ઈંગ્લંડ મધ્યે પેહેલ વેહેલો દેશી આજ ૮૪ વરસની વાત ઉપર હનમંતરાવ ગયો હતો અને તેને મોકલનાર રઘુનાથરાવ હતો. ત્યાર પછી બીજો દેશી કલકતાનો રામોહનરાય હતો. એ ગૃહસ્થ જેનું નામ દેશી સુધારકોમાં પેહેલે નંબરે મુકવું જોયે તે ઈસવી સન ૧૮૩૦ માં વાહણમાં બેસીને કલકતેથી લીવરપુલ ગયો હતો. તે લીવરપુલથી લંડન તથા ફ્રાન્સ ગયો ને ૧૮૩૩ માં ઈંગ્લંડમાંજ મરણ પામ્યો હતો. એ જ્યારે ઈંગ્લંડ જવા નિકાળ્યો ત્યારે બંગાલાના હિંદુઓમાં કેવો ગભરાટ ઉઠી રહ્યો તે નીચેની થોડી લીટી રામોહનરાયનાં જન્મ–ચરિત્રમાંથી ઉતારી લીધીછે તે ઉપરથી જોવામાં આવશે.

"રામમોહનરાય યુરોપ એટલે મ્લેચ્છ દેશમાં જનારછે એવી ખબર પડવાથી હિંદુઓમાં બહુ ગભરાટ થયો. લોકો તેની પરોપકાર બુદ્ધિ અને જીજ્ઞાસાનો વિચાર કરવાને કેવળ અરાજત માટે અઘટિત મતલબથી તે આ મુસાફરી કરવા જાયછે, એવી એવી

કલ્પના કરી તેને માઠું બોલવા લાગ્યા. પણ જે પુરૂષે તેમના જુલમની સામે ઢાલ બાંધી હતી, જે પુરૂષે પોતાની કરેલી મેહેનત નીષ્ફળ જશે એવી એક વખતે ધાસ્તી આપનારી હજારો અડચણની ઉપર ફતેહ મેળવી હતી, જે પુરૂષે ધર્મ સંભાની સામે યુદ્ધ કરીને તેની ઉપર ફતેહ મેળવી હતી, અને જે પુરૂષે બ્રાહ્મણોના શ્રાપની અને નિંદાની દરકાર ન કરતાં તેનો તિરસ્કાર કર્યો હતો, તે પુરૂષને તેનો પક્કો વિચાર પાર પાડવામાં શું તેના દેશીઓ ખાટા પોકારથી અટકાવી શકનાર હતા? સન ૧૮૩૦ માં નવેંબર મહિનાની પંદરમી તારીખે રાજા રામમોહનરાય, પોતાના દત્તપુત્ર રાજા રામરાય અને બે ચાકર, રામરત્ન મુકરજી અને રામહોરી મુકરજી એ સહવર્તમાન સ્વદેશ છોડી આલ્બીયન નામનું વાહાણ, જે લીવરપુલ જવાનું હતું તેમાં બેસી ચાલતો થયો." (ગુજરાતી જન્મ ચરીત્ર; પૃષ્ટ ૩૪.)

રામમોહનરાય પછી બીજા કેટલાએક બંગાલીઓ ઈંગ્લંડ જઈ આવ્યા છે અને ગયાછે. તેઓ મધે ડાકટર ચકરબર્તીનું નામ પ્રસિદ્ધ છે. એ ગૃહસ્થે દેશીઓમાં વૈદકપણાની સનદ પેહેલ વેહેલી ઈંગ્લંડમાં મેળવી હતી. આણીગમ મુંબઈ ઈલાકામાં હનમંતરાવ પછી ઈંગ્લંડ જનાર નડિયાદ ગામનો સામલદાસ દેશાઈ હતો; તે આસરે ૩૩ વરસની વાત ઉપર પોતાનાં વતનનાં કામને માટે ઈંગ્લંડ ગયો હતો. ગોવિંદ વિઠલ નામનો એક દક્ષણી બ્રાહ્મણ મુંબઈની હાઈ કોર્ટના જડજ મી૦ ટકરની સાથે આજ આસરે ૭ વરસની વાત ઉપર ગયો હતો તે હજુર ઈંગ્લંડમાં વિદ્યાભ્યાસ કરેછે ને સિવિલ સરવીસ માટે તૈયાર થાયછે. ત્યારપછી ઈસવી સન ૧૮૬૦ ની શરૂઆતમાં ભાઈ મહિપતરામ રૂપરામ જાતે નાગર બ્રાહ્મણ પોતાની સાથે એક બ્રાહ્મણ રસોયાને લઈને ગયા હતા. એ ગ્રહસ્થને સરકારી કેળવણીના ડરેકટરે ગ્રેટ બ્રીટનની નિશાળોમાં કેવી રીતે કેળવણી આપવામાં આવેછે તેની રૂઢી જોવાને તથા શીખવાને મોકલ્યા હતા; અને તેઓ એક વરસ રહીને તથા ઈંગ્લંડના કઠણ શિયાળાનો અનુભવ

લઈને પાછા આવ્યા હતા. હું જ્યારે ઈંગ્લંડમાં હતો ત્યારે બધા મળીને ૧૮ (અઢાર) હિંદુઓ હતા. તેમાં ૧૨ ગૃહસ્થ અને ૬ ચાકર :—મુંબઈ તરફના ૮; પંજાબના ૨; કલકતાના ૪; મદ્રાસના ૩; ને સીલોનનો ૧. એ વગેરે પંજાબના રંજીતસીંગની વિધવા માહરાણી ચંદાકુવર ઈંગ્લંડમાં ચાર વરસથી રહી હતી તે હું હતો તેવામાં મરણ પામી હતી. તે રાણીની સાથે બે હિંદુ કારભારીઓ હતા.

પારસીઓમાં "મણિયાર" પછી ઈ૰ સ૰ ૧૮૦૭ માં ફરામજી દાદાભાઈ શેસનવાળા ડાકટર બ્રેમનર નામનાં ઈંગ્રેજ સાથે ગયા હતા.* ઈ૰ સ૰ ૧૮૨૪ માં કોઈ ચાર્લસનો મેહેરવાન ઈંગ્લંડ ગયો હતો. ત્યારપછી શેઠ કેખસરૂ ફરામજી પાટક આસરે સન ૧૮૩૨ માં અને શેઠ દીનશા ફરદુનજી ૧૮૩૩ માં ગયા હતા. ત્યારપછી પારસી સુધારકોમાં પ્રખ્યાત અને જેનું નામ પારસી સુધારાની ટીપમાં પેહેલે નંબરે મુકાએ તો તે ખોટું નહીં કેહેવાશે, એ ગૃહસ્થ એટલે શેઠ માણેકજી ખરશેદજી જડજ ઈ૰ સ૰ ૧૮૩૮ માં ઈંગ્લંડ પ્રથમ ગયા હતા. ને તેજ વરસમાં તેની પાછળ શેઠ જંહાંગીર નવરોજજી તથા શેઠ હીરજી મેરવાનજી ગયા હતા. ત્યારપછી ૧૮૩૯ મા શેઠ અરદેશર ખરશેદજી વાહાડીઆ ગયા હતા.

પણ જ્યાં સુધી ત્યાં પારસીઓની તરફથી પેહેડી થઈ ન હતી ત્યાં સુધી ઈંગ્લંડમાં પારસીઓનો જથુક પ્રવાસ થયો નહીં હતો. પારસીઓમાં ને વધારે ચોખ્ખું કહીયે તો દેશીઓમાં ઇંગ્લંડ મધ્યે પેહેલ વેહેલી પેહેડી ઉઘાડવાનું માન શેઠ કામાજીવાળા ગૃહસ્થોને ઘટેછે કેમકે તેઓએ ઈ૰ સ૰ ૧૮૫૫ માં ઈંગ્લંડ મધ્યે પેહેલી પેહેડી ઉઘાડી હતી. એ પેહેડી ઉઘડ્યા પછી પારસીઓનો આવજાવ વધ-યોછે અને બીજી વધારે પેહેડીઓ નિરારી છે. તેઓનાં નામની ટીપ અત્રે આપું તો લંબાણ થઈ જાય; પણ તેઓનાં ટોળામાં ને આપણી આબ્રી વસ્તીમાં માન પામેળા હાલના સર જમશેદજી

*રાસ્તગોફતાર તથા સત્યપ્રકાર; પુસ્તક ૧૩, પૃષ્ટ ૪૬૪.

જીજીભાઈ આસરે ચાર વરસ ઉપર ઇંગ્લંડ ગયા હતા એ બીના સહુ કોઇને જાણીતી છે તેથી આ ઠેકાણે નોંધવા જોગ છે. હાલ પારસીઓ આસરે ૬૫ થી ૭૦ ચાકર સહિત ઇંગ્લંડમાં છે. ઓજ-ઓની પેહેડી પણ એકથી વધારે નિસરી છે અને હિંદુ વેપારીઓમાં પ્રખ્યાત થએલા શીવજી નેણસીની કંપનીએ ગયા વરસની શરૂઆતમાં પોતાનાં નામની પેહેડી કાહાડવાને જોકે હિંદુને નહીં તોપણ દેશીઓને મોકલ્યા છે.

ઇંગ્લંડ જવું શું હિંદુ ધર્મથી ઉલટું છે?

ધર્મ શાસ્ત્ર તથા વ્યાકરણ તથા ન્યાય ઇત્યાદિ વિદ્યામાં પ્રવીણ અને જેને મોટા પંડીત લોકો માન આપેછે એવો જે ભર્તૃહરી તે કેહેછે કે:—

अयं निजः परो वेति गणना लघुचेतसां
उदारचरितानां तु वसुधैव कुटुंबकम्॥

એનો અર્થ—"આ મારો દેશ અને આ પારકો દેશ એમ ગણવું હલકાં મનવાળા માણસનું હોયછે, ઉદાર મનવાળા પુરૂષ તો સઘળી પૃથ્વીને પોતાનું ઘર જાણેછે."*

વેદ, સમૃતી, શાસ્ત્ર, પુરાણ અને ઉપપુરાણ આદિ મળીને હિંદુનાં ધર્મ પુસ્તકો ગણાયછે; આ બધાંમાં વેદ શ્રેષ્ટ મનાયછે કેમકે તે સઉથી પ્રાચીનછે. દેશાટણ કરવા વિષે અથવા વાહાણમાં બેસીને સમુદ્ર માર્ગે પ્રવાસ કરવા વિષે વેદમાં કોઈ ઠેકાણે અટકાવ નથી. પણ ઉલટું માલમ પડેછે કે વેદના વખતમાં હિંદુઓ વેપાર અર્થે તથા લહડાઇને અર્થે જતા હતા. ઋગ્વેદનાં પેહેલાં મંડળમાં ૫૬ માં સૂક્ત મધ્યે બીજી ઋચામાં વેપારીઓ લાભ મેળવાને સમુદ્ર મધ્યે વાહાણમાં બેસીને એકઠા મળેછે એવો એક દાખલો આપ્યોછે.† વળી ઋગ્વે-

*પ્રસ્થાન ચંદ્રિકા પૃષ્ટ ૨૨.
†હેમન વીલ્સન; ઋગ્વેદ સંહિતાનું ભાષાંતર પૃષ્ટ ૧૫૨; પુસ્તક ૧ લું.

વેદનાં પેહેલાં મંડળનાં ૧૧૬ માં સૂક્ત મધ્યેની ત્રીજી અને પાંચમી ઋચામાં કેહેછે કે :—

तुर्योहभुज्युमश्विनादमेघेरयिंनकश्चिन्ममृवाँअवाहाः ॥
तमूहथुर्नौभिरात्मन्वतीभिरंतरिक्षप्रुद्भिरपोदकाभिः ॥ ३ ॥
अनारंभणेतदवीरयेथामनास्थानेअग्रभणेसमुद्रे ॥
यदश्विनाऊहथुर्भुज्युमस्तंशतारित्रांनावमातस्थिवांसं ॥ ५ ॥

આનો અર્થ

" એક મરવા પડેલો માણસ જેવી રીતે પોતાની ઘેલતથી
" છુટો પડેછે તેવી રીતે તુએ પોતાના પુત્ર ભૂજ્યુને
" સમુદ્રમાં મોકલ્યો પણ રે આશ્વીન ! તું તારૂં વાંહાણ સમુદ્રમાં
" ચલાવીને તથા પાણીથી દૂર રાખીને તેને પાછો લાવ્યો.
" માહસાગર મધ્યે આશ્રો લેવાને કે બેસવાને કે પકડવાને
" કાંઈજ નથી તેમાં રે આશ્વીન ! તેં આવું પરાક્રમ કીધું
" કે સો હલેસાંવાળા વાહાણમાં બેસાડીને ભૂજ્યુને તેના
" પિતાને ઘેર પાછો લાવી આપ્યો.* "

આ ઉપરથી માલમ પડશે કે વેદના વખતમાં હિંદુઓને જળ માર્ગે એટલે સમુદ્રને રસ્તે દેશાટણ કરવાનો કંઈ અટકાવ ન હતો. પાછળના વખતમાં લહડાઈ અને રાજ્યોને લીધે ડીજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રી એમ્બોએ જલમાર્ગે દેશાટણ ન કરવું એમ કેટલાએક શાસ્ત્ર તથાં પુરાણ લખનારાઓએ નીર્ણય કર્યું હશે. પણ હાલ કાંઈ લહડાઈ અથવા જુલમથી વટલાવાવાનો વખત નથી માટે અગાઉના વખતમાં જે ઠરાવ બ્રાહ્મણોએ કર્યો હતો તે હાલના વખતને મુદલ અનુસરતો નથી. કેમકે પ્રાયશ્ચિત અધ્યાયની મિતાક્ષરામાં દેવળ ઋષીનું વચનછે કે :—

* હેમન વીલ્સન ; ઋગવેદ સંહિતાનું ભાષંતર પૃ૦ ૩૦૬–૩૦૭ પુસ્તક ૧ લું.

सिंधुसौवीरसौराष्ट्रां स्तथा प्रत्यंत वासिनः ॥
अंगवंगकलिंगांध्रान् गत्वा संस्कार मर्हति ॥

એનો અર્થ:—"સિંધુ સૌવીર, સૌરાષ્ટ્ર મ્લેચ્છ દેશ, અંગ વંગ, કલિંગ તથા અન્ધ્ર એ દેશોમાં જવાથી પુનઃ સંસ્કાર ને યોગ્ય થાયછે.*" હવે સિંધ તથા સૌરાષ્ટ્ર તરફ જવાને આવો બાધ કહ્યો છે તે છતાં બ્રાહ્મણ ક્ષત્રી અને બીજી વરણના હિંદુઓ આવજાવ કરેછે. વલભકૂળના મહારાજા સિંધ તરફ અગાઉ જતા નહીં હતા અને પોતાને બદલે ભેટ લેવાને સારસ્વત બ્રાહ્મણોને મોકલતા હતા; તેઓ પણ હાલ જવા લાગ્યાછે.

સમુદ્રને માર્ગે જનાર બ્રાહ્મણનો સંગ ન કરવો એ વિષે આદિત્ય પુરાણમાં લખેછે કે:—

द्विजस्याब्धौ तु नौयातुः शोधितस्या प्यसंग्रहः

એનો અર્થ:—સમુદ્રમાં વાહાણને માર્ગે જનાર બ્રાહ્મણ શુધ થયો તોપણ તેનો સંગ્રહ કરવો નહીં.†"

હાલ આપણે એથી ઉલટું જોયેછે. સમુદ્ર માર્ગે ઘણેએક ઠેકાણે હાલ બ્રાહ્મણો આવજાવ કરેછે ને તેઓને એ વિષે કોઈ પુછતું નથી. એમજ થવુ જોઇએ; કેમકે જે વખતમાં એ પુરાણમાં લખ્યાયું છે તે વખતમાં એ ઠરાવ કદાચ સારી મતલબથી થયો હોય પણ તે વખતનો ઠરાવ હમણાના બ્રાહ્મણો કબુલ રાખવાને બંધાયા નથી. હાલના વખત પ્રમાણે એ ઠરાવ રદ કરવાની જરૂર પડી છે ને જ્યારે સિંધ તથા કાઠીયાવાડ ન જવાનો તથા સમુદ્રને માર્ગે ન જવાનો ઠરાવ રદ કરવામાં આવ્યો છે ત્યારે એ ઠરાવ ઈંગ્લંડ જવા વિષે મુદલ લાગુ પડી શકતો નથી.

ધર્મ શાસ્ત્ર પ્રમાણે "બ્રાહ્મણે લોકોએ મ્લેચ્છ લોકોનો એક શબ્દ પણ બોલવો ન જોઇએ. હિંદુ વગર બીજા બધા લોકોને મ્લેચ્છ

*પ્રસ્થાન ચંદ્રિકા પૃષ્ટ ૪. †પ્રસ્થાન ચંદ્રિકા પૃષ્ટ ૬.

કહ્યા છે. બ્રાહ્મણ થઇને મ્લેચ્છને અડકે તો તેમાં મોટું પાપ છે, ને તેને નાહાવું જોઇએ. દિવસમાં કેટલેએક વખત કહ્યો છે તે વખતે તો બ્રાહ્મણોએ મ્લેચ્છનું મોંહોં પણ જોવું ન જોઇયે. બ્રાહ્મણ થઇને પતિતની ચાકરી કરે તો તે પતિત કહેવાય. બ્રાહ્મણે તો પતિતની સાથે કંઇપણ સંબંધ રાખવો ન જોઇએ." *

હાલના વખતમાં મ્લેચ્છની ચાકરી કરનાર કેટલા બ્રાહ્મણો નિકળી આવશે? પારસી, મુસલમાન અને ઈંગ્રેજ એમ્મો બધા ઉપલા વિચાર પ્રમાણે મ્લેચ્છ ઠરેછે તેમ્મોની ચાકરીમાં અને તેમ્મોની સાથે સંબંધ રાખનાર આજ ઉંચ જાતના ઘણા હિંદુમ્મો મળી આવશે. માટે આવી બાબદમાં આગલા વખતનો ઠરાવ બિલકુલ લાગુ પડી શકતો નથી, ને લાગુ પાડીએ તો બધી વાતમાં લાગુ પાડવો જોઇયે. ઇંગ્લંડ જવાની બાબદમાં એ ઠરાવ લાગુ પાડીયે તો કાઠીયાવાડ તથા કરાંચી જવાને તથા મ્લેચ્છની ચાકરી કરવાને પણ આ ઠરાવ લાગુ પડવો જોઇયે. આજે એમ કોણ હિંમતથી બોલી શકશે કે હું મ્લેચ્છની સાથે કંઇપણ સંબંધ રાખતો નથી? પણ એ બાબદમાં હાલ કોઇથી વાંધો લઈ શકાતો નથી ત્યારે ઇંગ્લંડ જવાની બાબદમાં બીજા કયા આધાર ઉપરથી વાંધો લઈ શકાશે? જેપુરનો આગળનો રાજા માનસિંગ દેશ જિતવા નિકલ્યો ત્યારે જિતતો જિતતો અટક નદી આગલ આવી પોંહોંચ્યો; એ વેળાએ આ પુસ્તકના પ્રારંભમાં ટાંકેલી સાખી બોલીને પોતે લશ્કર સહિત બીજે કાંઠે ઉતર્યો. તે સાખીની મતલબ એજ હતી કે બધી ભૂમી ઈશ્વરે પેદા કરીછે તેમાં અટક એટલે શું? જેમ્મોનાં મનમાં અટક રહીછે તેમ્મોજ અટકીને બેઠા છે.

ધર્મ વિષે અડચણ લેનારા ધર્મ શામાંછે તેનો થોડોજ વિચાર કરેછે. માણસનો ધર્મ માણસની સાથેજ રહી શકશે. જ્યાંસુધી હરએક માણસ પોતાની ખુશીથી પોતાનો ધર્મ છોડતો નથી ત્યાંસુધી ધર્મ તેને છોડશે નહીં. હાલના વખતમાં જાતી વેહેવાર સાચવવામાં જેમ બને તેમ બાહારથી વધારે સફાઈ અને પતરાજી દેખાડવી

* મહિપતરામ લાઇબ્લિ કેસમાં કવી દલપતરામની સાહેદી.

ભેમાંજ ધર્મ રહ્યો છે એમ વગર વિચારના લોકો માને છે. જેઓ સેજ વાતમાં જુઠું બોલેછે, સમ ખાયછે તેઓ ધર્મથી ઉલટા ચાલતા નથી. જેઓ ચોરી કરેછે, વ્યભિચાર કરેછે, પોતાના ભાઈબંધોની દોલત ખાઈ જાયછે, ગરીબ વિધવાઓને રડાવે છે ને સરકારના મોટા અપરાધમાં આવી કાળે પાણીએ જઈ આવે છે તેઓ ધર્મથી ઉલટા ચાલતા નથી; પણ જેઓએ જાતીભેદ સાચવવાને ઉપરની સફાઈ દેખાડી નહીં અથવા તેમાં જરા ભૂલ કરી તો તેમાં તેઓએ મોટું પાપ કર્યું અને તેમાં તેઓ ધર્મથી ઉલટા ચાલ્યા! હાય હાય આ કેવી રીતની સમજ અને તે ક્યાં સુધી ચાલશે?

આ બાબદમાં જાતીભેદ વિષે ખોટું અભિમાન.

વારૂ જાતીભેદ વિષે ખરૂં અભિમાન રાખીને એવી સમજ રાખતા હોય તો એક વાત. પણ તેમ કંઈ છેજ નહીં. તેઓ માત્ર બાહારથી સફાઈ રાખેછે અને મોંહોડેથી મોટી મોટી વાતો કરેછે પણ પોતાના વિચાર પ્રમાણે જાતીભેદ પાળતા નથી. આ વિષે હું થોડાજ દાખલા આપી આ બિના બંધ કરૂં છઉં.

(૧) જગંનાથજીમાં બધી વરણના હિંદુઓ એક બીજાને અડકીને જમેછે તેમ બીજે ઠેકાણે થયું તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

(૨) મુંબઈમાં મેશ્રી (વૈષ્ણવ) અને શ્રાવક (જૈન ધર્મ પાળનાર) વાણિયાઓ એકઠા બેસીને જમેછે પણ ગુજરાતમાં મેશ્રી વાણિયા શ્રાવકનાં ઘરનું પાણી પણ પીતા નથી ને પીપેછે તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

(૩) કાઠીયાવાડમાં વાણિયાઓ કપડાં પેહેરીને જમવાં બેસેછે ને કપડાં પેહેરીને ન્યાતનાં જમણમાં પિરસેછે, પણ મુંબઈમાં તેમ કર્યું તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

(૪) મુંબઈમાં જે કુવામાંથી મુસલમાન અને બીજી વરણ પાણી ભરેછે તે કુવામાંથી વાણિયા બ્રાહ્મણે પાણી કાહાડીને પીધું તો તે

ચાલેછે પણ તેમ પ્રગણામાં કેટલેએક ઠેકાણે કરયું તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

(૫) અમદાવાદમાં ચામડાંની પખ્ખાલનું પાણી વાણિયાઓએ પીધું તો ચાલેછે; તેમજ આદનમાં ચામડાંની બોખ્નું પાણી મુસલમાન ભરીને તથા અડકીને ગધેડાં ઉપર લાવેછે તો તે ચાલેછે ને મુંબઈમાં તેમ કરયું તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

(૬) કાઠીયાવાડ મધ્યે પોરબંદર તથા માંગરોલમાં મુસલમાન જે ગાદી ઉપર બેઠો હોય તેજ ગાદી ઉપર વાણિયાએ કાફી અથવા પાણી પીધું તો ચાલેછે એમ બીજે ઠેકાણે કીધું તો જાતીભેદ તોડ્યો એમ કેહેવાય છે.

આ થોડા દાખલા ઉપરથી માલમ પડશે કે જાતીભેદ વિષે કંઈ ચોકસ કાયદો અથવા નિયમ નથી. જુદો દેશ, જુદો વખત તેમ જુદી રીતનો જાતીભેદ છે.

તેમ વળી એકજ ગામમાં, એકજ જાતનાં લોકો સરખી રીતે જાતીભેદ પાળતા નથી. મુંબઈ મધ્યે એક જાતનો આસામી એક રીતે જાતીભેદ પાળેછે તો બીજો બીજી રીતે.

(૧) કકાભાઈ જેટલી વખત જમેછે તેટલી વખત સ્નાન કરેછે પણ તેનીજ જાતના ખખાભાઈ તેમ કરતા નથી તો ચાલેછે.

(૨) ગગાભાઈ જો મેઘજી સુખડિયાનાં ઘરની સુખડી લાવીને ખાયછે તો તે ચાલેછે પણ તેજ જાતના નનાભાઈ કેહેછે કે એમાં ધર્મ રેહેતો નથી.

(૩) ચચાભાઈ ક્રિશ્ચીના હાથનું અને તેનાં પાણીનું ઓરાડ પીયેછે તો તે ચાલેછે પણ છછેભાઈ કેહેછે કે એમાં ધર્મ રેહેતો નથી.

(૪) પપા શેઠિયાએ પોતાનાં ઘરમાં ઇંગ્રેજોને બોલાવીને વાઈન ચાંપેન (દારૂ) આપ્યો તો તે ચાલેછે પણ ફફો શેઠ કેહેછે કે એમાં ધર્મ જતો રેહેછે.

(૫) બબા શેઠિયાએ ટીચર અને રોંજર્સનાં ઘરનું લેમોનેડ અને સોડાવૉટર મંગાવીને પીધું તો તે ચાલેછે પણ ભભાભાઈ કેહેછે કે એમ્મો પોતાનો ધર્મ ડુબાડેછે.

(૬) મમાભાઈએ સીરોપુરી, ભજીયાં, મોહનથાળ અને ગંગન-ગાંઠિયા પોતાનાં ઘરમાં તૈયાર કરીને રેલવેમાં લીધાં અને મુસલ-માન અથવા કોઈ મ્લેચ્છ અડ્યો તો તે ચાલેછે પણ રરાભાઈ કેહેછે કે એમાં જાતીભેદ ડુબેછે.

(૭) લલાભાઈ જંગબાર જતી વખતે મુસલમાનનાં વાહાણમાં રસોઈ પકાવીને જમેછે તો તે ચાલેછે પણ તેજ જાતનો વવાભાઈ કેહેછે કે એમાં ધર્મ ડુબેછે.

આ ઉપરાંત ભિતરથી જે પોકળ ચાલેછે તે જુદું. કેટલાએક વેશ્યારાંડોને ઘેર જઈ વટળે છે. કેટલાએક મુસલમાનોની દુકા-નોમાં ગાંજો અને ચંડુલ પીઇને વટલેછે. કેટલાએક કોઈ ન દેખે એવી રીતે મદીરા પીઇને વટલે છે. હલકી જાતના લોક પૈસાથી તાજા થઈ પડ્યા છે તેમની સાથે કેટલાએક વાડીવજીકે જમવા આવાનો વેહેવાર રાખેછે. કેટલાએક કાળે પાણીએ દેશનિકાલ થઈ વટલી આવેછે. આવી રીતનું પોકળ ચાલેછે અને તેમને કોઈ પુછી શકતું નથી. તેઓને વિષે એટલુંજ કેહેવામાં આવેછે કે "તેઓનું કરમ તેઓ જાણે."

આવી દશામાં જાતીભેદ આવી પડ્યો છે તોપણ તેને ધર્મનું મુળ કરીને બેસાડ્યો છે. તેમાં સઉથી અચરજી ભરેલી બીના તો એજ છે કે જે હિંદુઓ ચોરીના અને એવા બીજા મોટા અપરાધ કરીને દેશનિકાલ થાયછે ને કાળેપાણીએ જઈ આવેછે તેઓએ મુસલમા-નનાં હાથનું ખાધું હોય કે મલાઈ લોકોના હાથનું તે છતાં તેઓએ જાતીભેદ તોડ્યો એમ કેહેવાતું નથી.

સ્વતંત્ર થવાની જરૂર.

જ્યારે માણસ પોતાની મરજી પ્રમાણે ફરી હરી શકે નહીં ત્યારે તે ગુલામની સ્થિતિમાં કેહેવાય છે. સ્વતંત્ર માણસ પોતાની મરજી પ્રમાણે છુટથી ફરી શકે છે. જ્યાત જાતની બિહિકથી પોતાના દેશના બ્રુણામાંથી બાહાર નિસરી ન શકાય અને સુધરેલા દેશમાં પ્રવાસ

કરવા જઈ ન શકાય એને ગુલામગીરીની સ્થિતિ શિવાય બીજું શું નામ ઘટે? કોઈ જુલમી રાજા તમને તમારાં ઘરમાં પુરી રાખે અને ઘરની બાહાર જવા ન દે ને જાઓ તો તમને શિક્ષા કરે તો તે જુલમ તમે કેમ સહન કરી શકશો? તમે એમજ કેહેશો કે એવી ગુલામી સ્થિતિમાં રેહેવું તે કરતાં મરવું બેહેતર. હવે એજ પ્રકારે એક જુલમી રાજા તમને એમ કેહેશે કે તમને હું મારા દેશની બાહાર જવા નહીં દઉં, તમે મારા દેશના ખુણામાં ચુડો પેહેરીને બરાબર બેસો. તો એ જુલમી રાજાના જુલમમાંથી છુટવાને તમે શું વિચાર નહીં કરશો? એ જુલમી રાજા તે કોણ તે તમે કહી શકશો. ન્યાતની બિહિક એજ જુલમી રાજાછે. એ બિહિક કાહાડી નાખી હિંમતથી બાહાર પડશો તો એ જુલમી રાજા તમારા તાબામાં આવી જશે.

અરે! કોઈ એમ કેહેશે કે પૈસો રળવાને તમે બાહાર ન જાઓ પણ ઘરમાં બેસીને દળણું દળ્યા કરો તો તે શું તમારાથી ખમી શકાશે? અરે! કોઈ કેહેશે કે તમે સારી વસ્તુ જોવાને તથા મોટા ચમત્કાર જોવાને બાહાર ન જાઓ પણ હાથ જોડીને ઘરમાં ભીત સામું જોયાં કરો અથવા હાથમાં એક ધંટા લઈને વગાડ્યાં કરો તો તે શું તમારાથી ખમી શકાશે? જો તમારામાં માણસપણું હશે તો એ જુલમ તમે કદી ખમી શકશો નહીં. તમારામાં માણસપણું હશે તો તમે કેહેશો કે ગમે તે થાઓ પણ મારાથી એ જુલમ સહન થઈ શકશે નહીં. માણસપણું હોવા છતાં એવા ગેરવાજબી જુલમને શરણે થવું એ દુઃખ તથા સંતાપ ભરેલી વાતછે.

હાલ આપણે સુધરેલા રાજમાં અને સુધરેલા જમાનામાં રહીએ છઇએ. સુધ્ધાઈ અને અપટાઇનો વખત વટવા માંડ્યો છે. હાલનો વખત સુધરાઈ અને સ્વતંત્રતાનો છે. સ્વતંત્રતાને માટે જો આજ ચાર વરસ થયાં અમેરિકામાં કેવી લહડાઈ ચાલીછે. યુરોપ મધ્યે સ્વતંત્રતાને માટે કેટલી લહડાઈયો થઇછે! સ્વતંત્રતાને માટે લોકો પોતાનો જાન પટકી નાખેછે. જેઓ સ્વતંત્ર થવાની દરકાર રાખતા નથી

તેઓ ગુલામની સ્થિતિમાં ગણાય છે. ગુલામી સ્થિતિમાં રેહેવાને આવા સુધરેલા અને સ્વતંત્ર રાજમાં કોને ગમશે? શું ગુલામી બેડીમાંથી છુટા થવાનો હજુર વખત નથી આવ્યો? હાલ જે ગડબડ અને ચરચા ચાલેછે તે ઉપરથી હું ધારૂં છઉં કે વખત ટુંકડો આવ્યો છે. જેમ એક દરદથી ભરપૂર થયલા શરીરમાંથી જીવને નિકળતી વખતે થોડેવાર ભારે મુશ્કેલી સહન કરવી પડેછે તેમજ અજ્ઞાનરૂપી દરદથી ભરેલી સ્થિતિમાંથી છુટા થવાને મુશ્કેલી પડવીજ જોઇએ.

હું એકવાર વધારે કેહેવાની રજા લઉં છઉં કે સમુદ્ર માર્ગે ન જવું અથવા અટક નદી આગળ અટકી રેહેવું એ ચાલ અગાઉના વખતમાં ધર્મની ઢાળ થઈ હોય પણ તે હાલ આપણી બેડી થઈ પડી છે. પણ ભાઇઓ એ બેડી તમારા હાથ પગમાં ક્યાં સુધી રેહેવા દેશો? એ બેડી પેહેરીને સુધરેલા અને 'સમજુ લોકોમાં ચાલવાને અને ફરવાને શું શરમ ઉપજતી નથી? અરે સુધરેલા જમાનામાં, સ્વતંત્ર રાજમાં ને વળી જ્ઞાનરૂપી દીવા વડે તમારાં મનને પ્રકારા આપ્યા પછી તમારાથી એ બેડી કેમ પેહેરી શકાય છે? એ સજડ બેઠેલી બેડીને જ્ઞાનરૂપી ફટકાથી તોડી નાખવી એ શું દરએક કેળવણી પામેલા અથવા સમજુ દેશીનો મુખ્ય ધર્મ નથી? રે ભાઇઓ! એ દાસપણું ક્યાંસુધી સેવ્યા કરીશું?

"દાસપણું ક્યહાંસૂધી, કરવું દાસપણું ક્યાંસૂધી;
રહી ભણ્યા વણ બૂંધી, કરવું દાસપણું ક્યાંસુધી—ટેક.

મુક્કીએ મુક્કીએ મારે, બકરાને બહુ લોભી;
ચણા આપિને મોઢું ડાબે, દમને નાબે ઈંધી—કરવું૰ ૧.

તસકા ખાતાં વેઠ ઊંચલવી, ખરે નરે ખર થાવું;
એથી તો લડિ મરવું સારૂં, નથી મતી એ ઊંધી-કરવું૰ ૨.

પડ્યા ઉપર જે પાટૂ મારી, ઝુંસરી મુકવા આવે;
સંપે સિંગડાં ભોંકી તેની, કંમર કરવી ખૂંધી—કરવું૰ ૩.

ઇંદ્રિઓ બહુ જોર મારિ ગઇ, ઘણે ઘણે સહવાસે;
વિદ્યારૂપી માત્રા ચાટે, આવે પાછી શુદ્ધી—કરવું૦ ૪.

ભણીગણીને હક સમજીને, રીતે સામું થાતાં;
કાળાગૃહથી મુક્ત થવાએ; કહે નર્મદ સદ્‌બુદ્ધી—કરવું૦" ૫.

સુધારાનાં પાણી ચહડવા માંડયાંછે અને સ્વતંત્રપણાંનો પવન નિસર્યો છે. ભાઈઓ ઉઠો અને તમારાં વાહાણ ઓકાવો. જે ખારવા ભરતી અને પવનનો સમો જોઈ વાહાણ હંકારે છે તેઓ જલદી અને સહી સલામત બંદરે પોંહોંચેછે અને જેઓ પાછળથી ઓટની વેળાએ હંકારેછે તેઓ પાછળ પડી રહી દરિયાનું તોફાન ખાતા જાયછે. સુધારાનાં પાણી ચહડ્યાં છે તેટલામાં ઘણી મુદતથી નાખેલું લંગર ઉંચકો ને યાહોમ કરીને તમારાં વાહાણ ઓકાવો. યાહોમ કરીને પડો અને હું ખાતરીથી કહું છઉં કે ફતેહ થયા વગર રેહેશે નહીં. આ કામ એવુંછે કે તેમાં વધારે ઢીલ થવાથી વધારે નુકસાન છે. જેમ વધારે ઢીલ થશે તેમ સુધારાના જમાનામાં અને સુધારાની ઘોડમાં આપણે વધારે પાછળ પડતા જઇશું. "હજુ વખત નથી આવ્યો" આ બાહાનું સુધારાની કોઈ બીજી બાબદમાં કદાચ ચાલી રાકશે; પણ આ બાબદમાં તે ચાલી રાકનાર નથી. આ બાબદમાં વેહેમ કરતાં બિહિક વધારે નડેછે. માટે એ બિહિક નસાડો અને યાહોમ કરીને પગલું ભરો.

"સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતે છે આગે. ટેક.

કેટલાંક કરમો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે;
હજિ સમય નથી આવિયો, કહી દિન ગાળે;
જન બ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ જોઈ બળ લાગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૧.

"સાહસે કર્યો પર્શુએ, પુરો અર્જુનને,
તે પર્શુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ મણે;
થઈ ગર્દ જંગમાં મર્દ, હક્ક નિજ માંગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૨.

"સાહસે કોલંબસ ગયો, નવી દુનિઆમાં,
સાહસે નેપોલ્યન ભિડ્યો, યુરપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો, પોપની સામાં,
સાહસે દેવું રકટે રે, વાણું જોતાંમાં;
સાહસે શિકંદર નામ, અમર સહુ જાગે.
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૩.

"સાહસે જાતિના બંધ, કાપિ ઝટ નાખ્યો,
સાહસે જાઓ પરદેશ, બ્હીક નવ રાખ્યો;
સાહસે કરો વેપાર, જમે બહુ લાખ્યો,
સાહસે તજી પાખંડ, બ્રહ્મરસ ચાખ્યો;
સાહસે નર્મદા દેશ, દુઃખ સહુ ભાગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦" ૪.

કોઈ કેહેશે કે તમારી સમજ ઓછી હોવાને લીધે ઉતાવળ કરી; તેનો જવાબ ટુંકામાં હું એટલોજ આપું છઉં કે "હા, ભાઈ અમારી સમજ ઓછી છે. જ્ઞાન-સમુદ્ર ઘણો મોટો અને પાર વિનાનો છે. પણ તેટલાજ માટે અમે એ સમુદ્રનાં દર્શણ કરવા ગયા હતા. અમને એ જ્ઞાન-સાગરનાં દર્શન થયાં અને તે મધ્યેનાં જ્ઞાનરૂપી રત્ન અમારી દ્રષ્ટીએ પડ્યાં." તેનાં સ્વરૂપનું વર્ણન થઈ શકે એમ નથી તોપણ મારી અલ્પ શક્તિવડે જે થોડું વર્ણન તમારી સેવામાં મુકું છઉં તે વાંચશો અથવા સાંભળશો તો તેમાંજ હું મોટો સંતોષ માની લઈશ. આ વાત તો ખરી છે કે થોડું ઘણું દુઃખ સેવ્યા વગર દેશનું સારું થતું નથી. તે છતાં ઈશ્વરનો હું મોટો પાડ માનું છઉં કે આપણે કોઈ

જુલમી રાજના તાબામાં નથી અથવા ગાલીલિયોના જેવા વખતમાં નથી કેમકે એ બિચારાને "પૃથ્વી ફરેછે" એવું મત જણાવવાને માટે બંધીખાનું ભોગવવું પડયું હતું.

એવા જુલમનો વખત વહી ગયોછે માટે ઈશ્વરના આપણે બેહદ ઉપકારી છઈએ. એ બિહામણા વખતની અંધારી રાત ગુજરી ગઇછે ને સુધારાનો સુરજ ઉગવા આવ્યો છે. વાસ્તે ઉઠો ભાઇઓ; ઉઠો અને જાગૃત થાઓ; વાહાણું વાયું અને સુરજ ઉગ્યો. વેહેમ અને અજ્ઞાનની લાંબી રાત ગુજરી છે અને આપણે પણ બહુ લાંબી ઉંઘ લઇને થાકયા છઇએ. સ્વતંત્રપણાંની લેહેર નિસરી છે ને તેથી આપણા હાથ પગના બંધ છુટા થઈ ગયાછે. આપણે ઉંગમાંથી પૂરા જાગ્યા નથી તે માટે એમ લાગેછે કે આપણા હાથ પગ બેડીમાંથી છુટા થયા નથી. પણ ભાઈઓ! આળસ કાહાડીને ઉમંગથી હવે ઉઠો ને તપાસો તો માલમ પડશે કે ખરે વાહાણું વાયુંછે ને સુરજ ઉગ્યોછે ને ખરે આપણા હાથ પગના બંધ ઘણાં વરસના કાટથી અને સુધારાની લેહેરથી છુટા પડી ગયા છે. સુધારાનો ઉગતો સુરજ તમારે વાસ્તે ખોટો થશે નહીં. તેટલા માટે

"ઉઠો ધરી ઉમંગ, અંગથી આળસ કહાડો,
વીર પુરૂષનો સંગ, કરીને બહીક નસાડો;

કરો નહીં દરકાર, વ્હેમ જે આવે આડો,
અપજસના વીચાર, કાયર ઘરમાં ગાડો;

સત્ય વચન ને ટેક, મરતાં પણ નવ છાંડો,
તજી જનાની છેક, બાજિ મરદાની માંડો;

મચાવી દો ભરપૂર, ઉદ્યમ રંગ અખાડો,
નક્કિ રાખજો ઊર, પડુ નહિ ઘરમાં ખાડો;

સમજિ સર્વનું કામ, નીજ અભિમાન જગાડો,
તરે દેશનૂં નામ, સંપ જમાવો ધાડો;

ક્રોધઅગ્નિથી સેજ, જળાવો કંટક વાડો,
વધશે કીરતી તેજ, સિકંદર થાશે દહાડો;

કરિ કિકિયારી એમ, ઝટ ઝટ પગ ઉપાડો,
પછી નિરાંતે ક્ષેમ, સદા સુખસાંથે લાડો;

કહું આગેવાન નર્મદ, ધરી ઝુંડાનો દાંડો,
સહુ શૂર સાથ ઝટ થઈ, વ્હેમને તોડી પાડો." ૮.

પ્રકરણ ૨.

મુંબઇથી લંડન.

મુંબઇથી ઇંગ્લંડ આસરે પાંચ હજાર માઈલ વેગળું છે. ત્યાં જઈ પોંહોંચવાને ટુંકો રસ્તો "ઓવરલાંડ" એટલે સુવેજની ભૂમી ઉપર થઇને છે. સુવેજની ભૂમી ઉપર થઇને ત્રણ વાટે જઈ શકાય છે. એક સૌધામ્પટન્‌ની વાટે પાધરૂં જવાયછે. બીજું માર્સેલ્સની વાટે ફ્રાન્સમાં થઇને જવાયછે. અને ત્રીજું ત્રિયસ્ટની વાટે ઑસ્ટ્રીયા, જરમની બેલજ્યમ ઇત્યાદિ યુરોપખંડના દેશોમાં થઇને જવાય છે. એમાં સહુથી ટુંકો રસ્તો માર્સેલ્સની, વાટે છે. અમે એ વાટે જવાની ચિઠ્ઠી કહડાવી હતી.

આરબી સમુદ્ર.

તા૰ ૧૩ મી માર્ચ સન ૧૮૬૩ ની સવારના અગિયાર કલાકે અમે મુંબઇનું બંદર છોડ્યું. મારી સાથે ત્રણ દક્ષણી હિંદુ મિત્રો તેમના ચાકર સહિત હતા. એ વગેરે મારો એક ગુજરાતી ચાકર જાતે પારેવાર વાણિયો હતો. અમે બધા મળીને આઠ હિંદુઓ–તેમાં બે દક્ષણી બ્રાહ્મણ એકજ આગબોટમાં સાથે બેસીને ઇંગ્લંડ તરફ નિકલ્યા. અમારી સંગાતે બીજા ચાર પારસી ગૃહસ્થો અને તેઓના ત્રણ નોકર હતા. એ વગેરે ઇંગ્રેજો અને તેમનાં બાયડી છોકરાંઓથી અમારી આગબોટ ભરાઈ ગઈ હતી.

મુંબઇનું બંદર છોડ્યું એટલે અમે આરબી સમુદ્રમાં પેઠા. ઉપર આભ અને નિચે પાણી શિવાય બીજું કંઇ અમે દેખીએ નહીં. જરા વારમાં મને મોળ આવવા માંડી. માથું ફરવા લાગ્યું. ચાર પાંચ વાર ઓકારી પણ થઇ. પેહેલો દાહાડો અસુખમાં ગયો.

બીજે દહાડે જરા ફેર પડ્યો પણ ઉઠવા, બેસવા કે ખાવા પીવા ગમે નહીં. એમ બે દહાડા ચાલ્યું. પછી સહવાસ પડવા માંડ્યો. કઠણ મન કરીને હરફર કરવાથી અને "કેબીન" છોડી "ડેક" ઉપર જઈ બેઠાથી જીવને જરા ગમવા માંડ્યું.

તે છતાં વખત જલદીથી જાય નહીં, એક કલાક એક એક દહાડા જેવડો લાગે. જરા વાર વાંચીએ, જરા વાર વાત કરીએ, જરા વાર ફરિએ અને વારંવાર આકારા અને દરીઆને જોયા કરીએ. મિસિસ નેસબિટ નામની સ્ત્રી કોઈ કોઈ વાર મારી પાસે ગુજરાતી શિખવાને બેસતી હતી. તે તથા બીજા કેટલાએક ઇંગ્રેજો જેઓ માયાળુ કે મિલનસાર હતા તેઓ અમારી ખબર પુછતા તથા અમારી સાથે વાતચિત કરતા હતા. ઇંગ્રેજોના નાહાના છોકરાંઓ આગબોટમાં અહીં તહીં દોડતાં ફરે તે જોઇને અમને જરા ગંમત થતી હતી.

આગબોટ.

વિલાયતી મોટી આગબોટમાં કે વાહાણમાં જેઓએ મુસાફરી કરી નથી તેઓને ખબર નહીં હશે કે ઉતારઓનાં સુખને માટે તેમાં કેવી પ્રકારની ગોઠવણ હોયછે. સુવાને તથા કપડાં પેહેરવાં કરવાંને તથા જરૂર જેટલો સામન મુકવાને નાહાની પણ સુંદર અને સુખદાયક ઓરડીઓ છે. એ ઓરડીને "કેબીન" કેહેછે. દરએક કેબીનમાં ઘણું કરીને ત્રણ ઉતારનો સમાસ થાયછે; અને ત્રણ પથારી ઉંચે જડી લીધેલાં પાટિયાં ઉપર પાથરેલી છે. એ દરએક સુવાની જગાને "બર્થ" કેહેછે.

બર્થની ઉપર ખેંચવા ઉઘાડવાના સુંદર પડદા ટાંગેલા છે. આથી કરીને એક કેબીનના ત્રણ ઉતાર એક બીજાની મર્યાદા સાચવી શકેછે. ઘણું કરીને ત્રણ મિત્રો અથવા ઓળખિતા સાથે મળીને એક એક કેબીન રાખેછે. દરએક કેબીનમાં હાથ મોંહોં ધોવાને "વાશિંગટેબલ" છે. તે ઉપર મોંહોં જોવાના આરસા ટાંગ્યાછે. પાણીને

માટે કાચનાં વાસણ ભરીને તૈયાર મુકેછે. ઍંગુચો નિત્ય ધોયલો મુકી જાયછે. ઓકારી થાય તો તે માટે પણ ખાલી વાસણ તૈયાર છે.

આગબોટના જે માણસને હરએક કેબીનનું કામ સોંપ્યું હોયછે તે નિત્ય બે ચાર વાર આવીને હાથ મોંહોં ધોવાનું તથા ઓકારીનું વાસણ સાફ કરી જાયછે. નિત્ય કચરો વાળીને બિછાયું પાથરી જાયછે. સાંજ પડી એટલે દીવો પેટવી જાયછે. દર અઠવાડિએ જુની ચાદર અને જુનો ચોફાળ કાહાડી લઈ ધોયલી ચાદર તથા ધોયલો ચોફાળ પાથરી જાયછે. રાતના સુતી વખતે કેબીનની બાહાર "બૂટ" મુકયાં તો સવારના પરોઢિયામાં બ્રશ મારીને સાફ કરી મુકી રાખેછે.

કેબીન મુખ્ય કરીને સુવાને તથા કપડાં પેહેરવાં કરવાને માટે હોયછે. જમવા બેસવાની જગા સલુનમાં છે. ત્યાં મોટું ટેબલ નાખ્યું છે. તે ઉપર પવનને માટે મોટો પંખો ટાંગ્યોછે. મોટા આરસાબ્બો અને દીવા પણ ટાંગ્યાછે. આ સલુનમાં બ્યારે જમવા બેસેછે ત્યારે દેખાવ જોવા જોગ થઈ પડેછે. ઇંગ્રેજો પોતાને ઘેર તો વૈભવ ભોગવેછેજ; પણ મહા સમુદ્રામાં પણ આવો વૈભવ ભોગવેછે–એમ મનમાં આવ્યા વગર રેહેતું નથી. રાતની વેળાએ આ સલુનમાં રોશની થાયછે. કોઇ કોઇ વાર જીવને આનંદ પમાડવાને ઉતારુઓ વાજીત્ર વગાડેછે અને સ્ત્રી પુરૂષો સર્વે મળીને ગાન તાન કરેછે. ભોજનની વેળાએ પિરસનારાઓ ઉનાં ઉનાં અને ભાત ભાતનાં પકવાનો લાવ મુક ને લઇ જા કરેછે તે દેખાવ પણ જોયા લાયક છે.

ફરવા હરવાને તથા ઉઘાડી હવામાં બેસવા કરવાને આગબોટ ઉપરનો સુકાન તરફનો ભાગ પેહેલા વર્ગના ઉતારને માટે ઉઘાડો રાખેછે. તેને "કુવાર્ટર-ડેક" કરીને કેહેછે. આ ઉપર સહુ કોઇ પોતપોતાની સાથે લીધેલી મુસાફરીની ખુરસી ઉપર જઇને બેસેછે તથા આરામ લેયછે. કોઇ વાંચેછે. કોઇ વાતચિત કરેછે. કોઇ મોતરંજ કે ગંજીફે રમેછે. કોઇ ચસાર ફરેછે. સારાંસ હરએક પ્રકારે સહુ પોતપોતાનો વખત કાહાડેછે.

નાહાવા ધોવાને માટે જુદી ઓરડિઓછે. તેમાં નાહાવાં કરવાનું

સુખ છે. નાહાવાને પાણી ઉનું અથવા જોઇએ તો તાહાડું મળેછે. ઉંચું ડોકું રાખી લાંબા થઇ પાણીમાં પડી ચોળીને નાહી રાકાએ એવું એક મોટું વાસણ એક એક નાહાવાની ઓરડીમાં મુકયું છે. ઇસકોઇ ફેરવ્યો કે તેમાં દરીઆનું તાજું પાણી ભરાઇ જાયછે અને નીચેથી ડાટો ઉઘડી લીધો તો પાણી પાછું દરીઆમાં ખાલી થઇ જાયછે. "શૌઅર-બાથ" એટલે વરસાદની ઝડીમાં નાહાતા હોય તેમ નાહાવું હોય તો તેવી પણ ગોઠવણ કરેલી છે.

ઝાડઝપટે જવાને નાહાવાં ધોવાની ઓરડીઓ પાસે જુદી ઓરડીઓછે. તેમને "વૉટર ક્લૉસેટ" કરી કેહેછે. તે ઓળખવાને વારતે તેમની ઉપર W. C. કરી અક્ષરો લખ્યાછે. રાતની વેળાએ આખી રાત તેમાં દીવો બતી રેહેછે. ગંધકી ન થાય એ માટે આ જગા વારંવાર સાફ કરવામાં આવેછે.

સવારનું પોહોર થયું કે એક એક કેબીનમાં એક એક ઉતારને માટે ચાહાનો પ્યાલો મુકી જાયછે. કેમકે ઇંગ્રેજોને એવી ટેવ હોયછે કે સવારના પથારીમાંથી ઉઠતાંને વાર દાતણ પાણી કે કોગળો કર્યા વિના વાસી મોંહોંડે ચાહા પી જવી. ઇંગ્રેજ લોકોની આ ટેવ પસંદ કરવા જોગ નથી. સાડા આઠ કે નવનો સુમાર થયો કે નાસ્તાનો વખત થાયછે. મધ્યાન-કાળે ટિફિન એટલે ડુંગોપાણી કરવાનો સમો થાયછે. પાછળા પોહોરના ચાર કલાકે મોટું ભોજન તૈયાર થાયછે. આ વેળાએ ઘણી જાતનાં તાજાં અને ઉનાં પકવાન બનાવે છે. ભોજન પુરું થતે સારી પેઠ મેવો તથા ફલ ખાવાને આપેછે. વળી સાંજનાં ૬॥ કલાકને સુમારે તાજી કાફી કે ચાહે તૈયાર થાયછે.

જાતીભેદનાં બંધનમાં આવેલા હિંદુ તથા કેટલાએક પારસીઓ સિવાય બધા પેહેલા વર્ગના ઉતારુઓ આ ભોજનમાં સામેલ થાયછે. તેઓ પોતાનાં ઘરમાં જમેછે તે કરતાં વધારે રૂડું ભોજન તેમને અહીં મળેછે. બીજા વર્ગના ઉતારુઓ પાછળથી આગબોટના પાછળા ભાગમાં જમેછે. તેઓની સાથે પેહેલા વર્ગના ઉતારુઓના નોકરો સામેલ થાયછે. નાસ્તો, ડુંગો, ભોજન કે ચાહા એ ચારે વખતે પ્રથમ

તૈયાર થવાનો અને બીજો ટેબલ ઉપર જવાના ઘંટ વાગેછે. આ પ્રમાણે નિત્ય આઠ વેળા ટાણાંસર ઘંટ વાગેછે.

ભર દરીઆમાં પેઠા પછી આગબોટ એક નાહાના ને લાંબા ટાપુ જેવી માલમ પડેછે. બરેબર જોશું તો ભર દરીઆમાં તે એક ચાલતું ગામછે. આ ગામ વિસ્તારમાં અને વસ્તીમાં કેટલાંએક નાહાનાં ગામોથી ઉતરતું નથી. આમાં પાણી અને ખોરાકીનો મોટો જથ્થો ભરેલોછે. આમાં બકરાં, કુકડાં અને દૂઝણી ગાયછે. આમાં માણસોની મોટી વસ્તીછે. આગબોટનો કપતાન આ ગામનો સરદાર ગણાયછે. કપતાનના હાથ નીચે માલમ તથા ઈજનેર તથા કોઠારી તથા ડાકદારછે. એ દરએકના હાથ નીચે વળી બીજા ઘણા માણસો છે.

કામની જુદી જુદી વહેંચણીથી અને દરએક જણને જુદું જુદું કામ સોંપીને તેનું જોખમ તેના ઉપર નાખ્યાથી કેવું સારી રીતે અને બરાબર કામ થાયછે એનો નમુનો આ આગબોટમાં નજરે પડેછે. દરએક જણ પોતપોતાનું કામ બરાબર સમજીને કરતો જણાયછે. કોઈ કોઈની વચ્ચે આવતું નથી.

માલમ નાવ હંકારવાની વિદ્યામાં કપતાનને મદદ કરેછે. કઈ જગાએ વાહાણ આવ્યુંછે; કઈ જગાએ બરાબા અને બડકછે એ શોધી કાહાડવામાં તે સાવધ રહેછે. તેના હાથ હેઠલ ઘણા ખલાસિઓછે. તેઓ પોત પોતાનું કામ બજાવેછે. સુકાન ફેરવનાર ખલાસીને માલમ હુકમ આપેછે તે પ્રમાણે વારંવાર તે સુકાનની દિશા ફેરવેછે. એક કલાકમાં આગબોટ કેટલા માઈલ ચાલેછે તેની વારંવાર તે નોંધ રાખેછે. પવનની દિશા પ્રમાણે આંગબોટના સડ ચહડાવવાં, ફેરવવાં કે ઉતારવાં એ વિષે ખલાસીઓને હુકમ આપેછે.

ઈજનેરનું કામ વરાળ યંત્રની બબરદારી રાખવાનુંછે. તેના હાથ હેઠલ સુતાર, લુહાર, કોયલાવાળા અને બિજા ઘણા માણસો છે. તેઓ બધા યંત્ર ચલાવવામાં રોકાયલાછે. જરૂર પ્રમાણે યંત્રને ધિમે કે ઉતાવળે ચલાવવાનો હુકમ ઈજનેર કરેછે. યંત્રમાં કોઈ ઠેકાણે જરા બગાડ માલમ પડેછે તો તરત તેને સુધારવાના ઉપાય ઈજનેર

કરેછે. યંત્રનો દરએક ભાગ સાફ અને તૈયાર રાખવાને આ ખાતાના માણસો રોકાયલાછે.

કોઠારીનું કામ કોઠાર સાચવવાનું તથા ભોજન સંબંધી તપાસ રાખવાનુંછે. કોઠારી "પર્સર"નાં નામથી ઓળખાયછે. તેના હાથ નીચે રસોઈયા, પિરસનારાઓ વગેરે ઘણાએક માણસો છે. શું શું પકવાન બનાવવાં અને કેટલાં બનાવવાં એ વિષે કોઠારી હુકમ આપેછે. કોઈ ઉતારની તબિયત બિમાર હોવાથી કોઇ રીતની પ્રહેજી પાળવી હોય તો તે વિષે કોઠારીને સુચના કરવી જોઈએ.

ડાકટરનું કામ આગબોટ ઉપરના માણસોમાંથી કોઈપણ માણસની તબિયત બગડી અથવા ઉતારમાંથી કોઇને અસુખ થયું તો તેને ઓરાડ આપવું. તેના હાથ નીચે એક દવાખાનું છે. તેને કંઈ ઘણા માણસની જરૂર નથી. પેહેલા વર્ગના ઉતારમાંથી કોઇ બિમાર થયો તો તેની ફેખીનમાં ડાકટર હાજર થાયછે ને તેને દવા આપેછે. આ પ્રમાણે સઉ સઉના કાંમની વેહેચણી કરેલીછે.

આખો દહાડો અને આખી રાત આગબોટ ચાલેછે અને વરાળ યંત્ર ચાલુ રેહેછે. "ધબ ધબ ધબ" કરીને તેનો અવાજ થયા કરે છે. નિત્ય સવારના પોહોર ફાડતાં આપણે ઉંગમાંથી હજુર ઉઠ્યા નથી તે પેહેલાં એક બીજને "ધબડ, ધબડ, ધબડ" કરીને અવાજ નિકળેછે. પાણીનો બંધો યંત્ર વડે ચાલેછે તેનો આ અવાજછે. આગબોટની ડેક ઉપર ફરવા હરવાનો બધો ભાગ પાણીથી નિત્ય ઘસીને સાફ કરી નાખેછે. અને પછી લુછીને સ્વચ્છ કરેછે. પિતલકામને નિત્ય ઘસીને ચળકતું રાખેછે. કોઇપણ ડેકાણે ગંધકી કે કચરો જરા વાર તેઓ રેહેવા દેતા નથી.

રવીવારને દહાડે આગબોટની ચાકરી કરનારા બધા માણસોની હાજરી લેયછે. આ કારણ માટે બધા માણસો ધોયલાં કપડાં પેહેરી "કુવારર્ટ-ડેક" ઉપર બેહુ બાજુ હારબંદ ઉભા રેહેછે. તેમની હાજરી થઈ રહ્યા પછી રવીવારની ઇશ્વર ભક્તિ કરવાનો વખત થાયછે અને ઘંટ વાગેછે. સલુનમાં બધા એકઠા થાય છે. ઉતારઓમાં

કોઈ ધર્મોપદેશકનું કામ ચલાવી શકે તેવો હોય તો ઠીક નહીંતો કપ્તાન તેનું કામ ચલાવેછે.

અમારી આગબોટનો કપતાન તથા તેનાં માણસો ઘણાં મોજીલાં હતાં. એ માણસોએ એક રાતના એક નાટક કરી દેખાડયું હતું. નાટક થઈ રહ્યા પછી "ચિલિચટની" નામનો એક ઢોંગ કરી દેખાડ્યો હતો. આગબોટ ભર દરીઆમાં ચાલતી હતી ને ઉપર આભ અને નીચે પાણી શિવાય ચોમેર કંઈ દેખાતું નહીં હતું. આ વેળાએ નાટકની તથા ઢોંગની રમુજ જોયાથી હું મારાં મનમાં અચરત પામી બોલ્યો કે "આ હા!! ઈશ્વરનો કેવો ચમત્કાર છે!! જમીન ઉપર તો માણસ મોજ અને મઝા ભોગવેછેજ પણ પાણી ઉપર તોફાન અને મોટાં મોજાંની ધાસ્તીમાં દર પળે રહીને પણ એવી મોજમઝાનો લાભ લઈ શકેછે."

આદન.

તા૦ ૧૯ મીની સવારના આઠ કલાકે જ્યારે અમારા કપતાને કહ્યું કે આદન બે ત્રણ કલાકમાં દેખાશે, ત્યારે અમારાં મનમાં હર્ષ પેદા થયો. પગમાં જોર આવ્યું. ઉભા થઈ અમે આતુરતાથી જોવા લાગ્યા. એ હર્ષમાં બે કલાક નિકળી ગયા, અને ઉજડ ડુંગર અમારી નજરે પડયા. બંદરમાં આગબોટ દાખલ થઈ. એક તરફ તોપ ફોડવાની અને બીજી તરફ લંગર નાખવાની તૈયારી થઈ. વરાળયંત્ર ધિમે ધિમે ચાલતાં બંધ પડ્યું. તોપ ઉઠી ને લગર નખાયું. મુંબઇથી હવે અમે ૧૬૫૦ માઈલ આવી ચુક્યા.

લંગર પડ્યું કે તરત કેટલાએક મછવા અમારી આગબોટની અડોઅડ આવી ઉભા રહ્યા. કેટલાએક બ્રાહ્મણના છોકરાઓ પાણીમાં તરતા તરતા અમારી આગબોટ પાસે આવીને ડુબકી મારવાની ચાલાકી દેખાડવા લાગ્યા. આગબોટ ઉપરથી કોઈ બેઆની કે કોઈ પાવલી નાખે એટલે તરત ડુબકી મારી અરધાં પાણીમાંથી આ છોકરાઓ લઈ આવે. એવી તો ઝડપ રાખે કે એક ચવલી કે

પાવલી જવા દે નહીં. આ ચાલાકી અને ઝડપ જોઈ અમને ઘણી ખુશી ઉપજી.

અમે હવે મછવામાં બેસી કિનારે ગયા. કિનારા ઉપર મુસાફરને ઉતરવા માટે પારસીઓએ હૉટેલ બાંધ્યાંછે. આ કિનારેથી ૩ માઇલ ગામ વેગળું છે. મુંબઇના જેવી ભાડુતી બગીમાં બેસી અમે તરત ગામમાં ગયા. આ ગામ ઇંગ્રેજ સરકારના તાબામાં આસરે ૨૫ વરસ થયાં છે. અહીં ઇંગ્રેજી લશ્કરની છાવણી છે. લશ્કરની છાવણી ન હોય તો આ ગામ છે તે કરતાં વધારે ઉજડ અને કંગાલ દેખાય. ગામમાં દાખલ થતાં છજાં વિનાના બોડકાં ઘર અને ધાબાંનાં છાપરાં દેખાયાં. આગળ ચાલતાં પોસ્ટ હાફિસ પાસે આવ્યા ત્યારે કંઈક સારો દેખાવ નજરે પડ્યો. કેટલાએક પારસીઓએ વિલાયતી સામાનની દુકાન આ જગાએ કાહાડી છે.

આ ગામમાં આરબ તથા સોમાલી લોકોની વસ્તી વિષેરા છે. હિંદુઓ તથા પારસીઓ પણ ઘણા છે. હિંદુઓની આસરે ૨૦૦ માણસની વસ્તી હશે. તેમાં કાઠીયાવાડના વાણિયા વધારે છે. તેઓએ એક દેહેરૂ બાંધ્યું છે ને તેમાં મૂર્તિ બેસાડી છે. એક ધર્મશાળા પણ છે; તે બહુજ ખરાબ દશામાં છે. પારસીઓની વસ્તી વધતી જાયછે. કેટલાક પોતાનાં કુટુંબ સહિત રહ્યા છે. તેઓની હાલત વાણિયાઓની સાથે સરખાવતાં ઘણી સારી છે. વાણિયાઓ બહુ કંગાલ હાલતે રેહેછે. તેઓ આરબ લોકો સાથે વેપાર કરેછે અને ઘણી લાંબી મુદતે બહુ કસરથી પાંચ પૈસા એકઠા કરેછે.

આ ગામમાં પાણીની બહુ પિડા ખમવી પડેછે. આખાં વરસમાં માત્ર ૬ કે ૭ ઇંચિ વરસાદ પડેછે. કોઈ વરસે વરસાદ વધારે વરસે તો તેનું પાણી ઝીલી લેવાને મોટાં ટાંકાં બાંધી લીધાં છે. આ ટાંકાં ઘણાં જુનાં છે. હમણા તે ઉપર ખરચ કરીને સુધાર્યાં છે. આ ટાંકાં જોવા લાયક છે. આદનમાં ગયલા મુસાફરે એ જોયા વિના પાછું ફરવું નહીં. પાણી ગામથી ઘણું વેગળું છે,

તેટલા માટે આદનમાં રેહેનાર હિંદુઓ-વાણિયા કે બ્રાહ્મણ એમ્બો બધાને મુસલમાનનાં હાથનું ભરેલું અને ગધેડાં ઉપર ચામડાંની પખ્ખાલમાં આણેલું પાણી પીવું પડેછે. આ બાબદમાં તેમ્બો જાતી-ભેદની છીટ રાખી શકતા નથી. મુંબઈમાં મુસલમાનનું અડકેલું પાણી કોઈ બ્રાહ્મણે કે વાણિયાએ પીવું તો થઈજ ચુક્યું.

મેં કેટલાએક વાણિયાઓને પુછી જોયું કે મુસલમાનના હાથનું ભરેલું ને ચામડાંની પખ્ખાલમાં ગધેડાં ઉપર નાખીને લાવેલું પાણી તમે પીવા કરવામાં કેમ વાપરી શકો છો? તેમ્બેઓ કહ્યું કે "એમ જો ન કરીએ તો અમે પાણી વિના રખડી મરીએ. અમે જાણીએ છઈએ કે આમાં ધર્મ રેહેતો નથી, પણ પેટને વાસ્તે શું કરવું ન પડે?" મેં ત્યારે પુછ્યું કે પેટને વાસ્તે એટલે કમાવવાને માટે વિલાયત જવામાં શી હરકત છે? તમે જ્યારે એટલે વેર આવોછો અને મુસલમાનના હાથનું પાણી પીયોછો ત્યારે વિલાયત કેમ જતા નથી!" તેમ્બોમાંથી એક જણે જવાબ આપ્યો કે "ખરચ બહુ લાગે અને બ્બે દેશ ઘણો દૂર પડ્યો. વળી આ જંગલી લોકોમાં અમે બે પૈસા પેદા કરી શકીએ, પણ ઇંગ્રેજ જેવા પોંહોંચેલા અને બધી કળામાં પૂરા લોકોમાં અમારો દાહાડો શું વળે? અમારા જેવા વગર ભણેલ ત્યાં જઇને કરીએ શું?" મેં કહ્યું કે તમે ખરેખરું કારણ જણાવ્યું. પછી તેમ્બોને "જેગોપાળ" કરી હું ચાલતો થયો.

અમે પછી બગીમાં બેસીને ટાંકાં જોવાને ગયા. ડેહ નિચે ઉતરીને જોયું. પાણી મુદલ હતાં નહીં. આ બાંધવા પછવાડે બહુ ખરચ થયો હશે. જોઇને અમે બહુ ખુશી થયા. પાછા અમે ગામમાં ગયા. ત્યાં અમારાં માણસોએ ધર્મશાળામાં અમારે વાસ્તે રસોઈ તૈયાર કરી હતી તે જમીને ઝટ આગબોટ ઉપર જવાને તૈયાર થયા. અમે પાછા ફર્ત્યા ત્યારે સાંજ પડી હતી. આ વેળાએ કેટલાએક લોકો ગધેડાં ઉપર બેસીને ફરવા નિકળ્યા હતા. તેમ્બોએ ગધેડાં ઉપર સાજ ઘણો સારો નાખ્યો હતો. ફરતા ફરતા અમે આગબોટ ઉપર ગયા. લંગર ઉપાડવાને હજુર એક કલાકની વાર હતી.

લાલ સમુદ્ર.

આદનથી સાંજના ૭॥ કલાકે અમારી આગબોટ ઉપડી. હવે અમે આરબી સમુદ્ર છોડી "રેડ-સી" એટલે લાલ સમુદ્રમાં પેઠા. આ નામ ઉપરથી તમે જો એમ જાણતા હશો કે આ સમુદ્રનાં પાણી લાલ રંગના હશે તો તેમાં તમે ભૂલ કરશો. લાલ સમુદ્રમાં દાખલ થતાં બેઉ પડખે જમીન દેખાય છે. તેમાં "પેરિમનો" ટાપુ પણ દેખાય છે. આ દેખાવ જોવાથી બહુ ખુશી ઉપજે છે. આ સમુદ્ર ઘણો સાંકડો છે. પેરિમના ટાપુ આગળ તેની પોહોળાઈ માત્ર ૧૬ માઈલ છે. જરા આગળ વધીએ છઈએ ત્યારે જમીન દેખાતી પાછી બંધ પડે છે; વળી ઉંચે આભ અને નીચે પાણી દેખાય છે. આ સમુદ્રની લંબાઈ ૧૪૦૦ માઈલ છે અને એનાં પાણી ૨૩૦ મથોડાં ઉંડાં છે.

ઊડતી માછલી.

આ સમુદ્રમાં ઉડતી માછલીઓ જોવામાં આવેછે. એ માછલીઓ હવામાં કેટલેએક ઉંચે ઉડેછે, અને પછી પાણીમાં પાછી પડેછે. કોઈ કોઈવાર ઉડીને આગબોટની "ડેક" ઉપર આવેછે. જ્યારે હવામાં તે ઉડેછે ત્યારે લાગ ફાવેથી પક્ષીઓ તેમનો શિકાર કરતાં જોવામાં આવેછે.

આ સમુદ્રમાં વાહાણ ચલાવવાનું કામ બહુ કઠણ છે. કેમકે એમાં રેતીના ને કોરેલના ખડક બેસુમાર છે. દાહાડે દાહાડે એ ખડકોમાં વધારો થતો જાયછે. જ્યાં થોડાં વરસ ઉપર નહીં હતા ત્યાં ઉગીને નિકળ્યા છે. અંગ્રેજી કપતાનને વાહાણ ચલાવવામાં આટલી બધી માહિતગારી છતાં આદનથી એક આરબ-નાખુદાને

આ સમુદ્રમાં ભોમીયા દાખલ સાથે લેવો પડેછે. આ આરબ-નાખુદાના હુકમ પ્રમાણે હવે આગબોટનું સુકાન ફરેછે. કેટલીએક મોસમમાં આ સમુદ્ર મધ્યે બહુજ તાપ પડેછે. તે વેળાએ જીવ ઘણો આકુળ વ્યાકુળ થઈ જાયછે. આ સમુદ્ર પસાર કરતાં ૭ કે ૮ દિવસ લાગેછે.

સુવેજ-રેતીનું રણ.

તા૦ ૨૬ મી માર્ચની સાંજના અમે જાણ્યું કે આજ પાછલી રાતના સુવેજ બંદરમાં જઈ પોંહોંચીશું. આ ખબરથી અમે ખુશી થયા. અમારી આગબોટ રાતના બાર ઉપર બે કલાકે આ બંદરમાં લંગર વાર થઈ. સવારના પોહોરમાં એક બીજી નાહાની આગબોટ અમને લેવાને આવી. કેમકે સુવેજની ખાડીમાં પાણી ઉંડા નથી તેથી આગબોટે બંદરથી ઘણે દૂર લંગર નાખ્યું હતું. આ નાહાની આગબોટ અમે નાસ્તો કર્યો ત્યાં સુધી બોટી રહી. પછી અમને લઈ જઈને સુવેજની ભૂમી ઉપર સવારના ૯ કલાકે ઉતાર્યા. હવે અમે મિસર દેશમાં આવ્યા.

સુવેજની ભૂમી ઉપર અમે ઉતર્યા અને અમારે માટે આગની ગાડી ત્યાં બંદરનાં નાકાં ઉપર તૈયાર હતી. ગાડી હંકારવાને હજુર જરા વાર હતી. તેથી અમે સઉ રેલવેરેટરાન પાસેનાં હોટેલમાં વિસામો લેવાને ગયા. સુવેજમાં ઇમારત ઘણી થોડી છે. બાકી આ ગામ કંગાલ છે. એમાં જોવાનું કંઈ નથી. આ ગામનું પાણી પીવા લાયક નથી. તેથી મિસર દેશના પાચ્છાએ યુરોપીયન મુસાફરોને માટે હોટેલમાં નીલ નદીનું પાણી પોંહોંચાડવાની ગોઠવણ કરી રાખી છે.

અમારી આગગાડીની ટ્રેન સુમારે અગિયાર કલાકે ઉપડી. આ ટ્રેનનો "ગાર્ડ" એટલે રખવાળ મિસર દેશનોજ વતની હતો. તે ફ્રેંચ તથા ઇંગ્રેજી જાણતો હતો. આ તરફ ટ્રેનની ગાડી આપણા દેશની રેલવેની ગાડી જેવીજ હતી. ગાડી ચાલી કે અમે રેતીનાં રણવગડામાં પેઠા. જ્યારે અમે આગબોટમાં હતા ત્યારે ચોતરફ

પાણી અને આકારા દેખાતું હતું; તેમ અહીં ગાડીમાં ચોતરફ રેતીનું ઉજ્જડ મેદાન અને આકારા દેખાય છે.

જગે જગે રેતીના ડુંગર અને ઢગલા પડેલાછે. ગરમ પવન ફુંકે અને રેતી ઉડીને અમારાં મોહો ઉપર પડે. કેહેછે કે જ્યારે આ મેદાનમાં મોટું તોફાન થાયછે ત્યારે રેતીના ડુંગર એક ઠેકાણેથી ખસીને બીજે ઠેકાણે બંધાયછે. રસ્તામાં ઉંટ ઉપર બેસીને કોઈ કોઈ મુસાફર સામેથી આવતોહોય તેદેખાયછે. દાઢીમાં રેતી ભરાઈ ન જાય તેટલા માટે એ મુસાફર દાઢી ઉપર કપડું બાંધી લે છે. રસ્તામાં કેટલાંએક નાહાનાં નાહાનાં ગામ આવેછે તેમાં કેટલેએક ઠેકાણે ટ્રેન ઉભી રેહેછે. પણ ગામછે એમ આપણે થોડી વાર માનીયે નહીં. ચુનાનાં ધાબાં ઉભાં કરેલાં; તે ઉપર નળીઆં કે વાંસ મળે નહીં.

રેતીનાં રણમાં મુસાફર.

આવાં ઉજ્જડ જંગલમાંથી જતાં અમને બહુ કંટાળો ઉપજ્યો. પાછલા પોહોરના ચાર વાગ્યાનો સુમાર હતો તે વખતે અમારી સાથે બેઠેલા ઇંગ્રેજી મુસાફરોએ કહ્યું કે મિસરદેશના "પિરામિડ" દેખાય છે. અમે તરત આતુરતાથી ગાડીમાં જોવા ઉઠ્યા. ચાલતી ગાડીએ ઘણે છેટે તે અમારી નજરે પડ્યા. જેઓએ પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ કર્યોછે તેઓને આ વિખ્યાત "પિરામિડ" જોવાથી બહુ આનંદ ઉપજેછે. આ "પિરામિડ" પડા જેવા આકારનાછે. કેરો નામનાં પ્રખ્યાત શેહેરથી તે ૧૦ માઈલછે. તે ઘણા ઉંચાછે પણ પાસે જઈને જોયા વગર તેમની ઉંચાઈનો ખરો વિચાર આવે નહીં. એ આસરે ૬૦૦ ફુટ ઉંચાછે. તે હજારો વરસના જુનાંછે. વિદ્વાન

લોકોને કબુલ કરવું પડેછે કે તે ઓછામાં ઓછા ત્રણ હજાર વરસના જુના હશે.

મિસર દેશના પિરામિડ.

બધા મલીને ચાર "પિરામિડ"છે. કેહેછે કે તે એક એકથી ચાર ચાર કલાકની મજલે છે. આ મોટા "પિરામિડ" બાંધવાને કેટલાં બધાં માણસો, કેટલાં બધાં વરસ સુધી કામે લાગ્યાં હશે!! જુનાની લખનારાઓ લખી ગયાછે કે આ બાંધવા માટે એક લાખ આદમી વિસ વરસ સુધી લાગ્યાં હતાં. આ "પિરામિડની" પડોસમાં અરધો માણસ અને અરધો સિંહ એવા આકારનું એક મોટું ડોકું પડેલુંછે. એ પણ ઘણા પ્રાચીન કાળનુંછે. અમને એવુ થયું કે આ "પિરામિડ"ને પાસે જઇને જોઇએ. પણ ખોટી થવાને વખત હતો નહીં.

કેરો.

થોડી મિનિટમાં આ "પરામિડ" દેખાતા બંધ પડ્યા. જરા વારમાં જમીનનું રૂપ બદલાઈ ગયું. ઉજડ રેતીનું મેદાન હવે પુરું થયું. ઝાડ અને ઝાડિયોની ઘટાથી અમારી આંખને ટાઢાડક થઈ. આહા! આ કેવી ફળવંત જમીન!! ચોતરફ વનસ્પતિ અને લિલોતરી! આ વેળાએ

ગુજરાતની ફળવંત ભૂમી અમને યાદ આવી. ઝાડપાનની ઘટા અને પાણીની રેલછેલ જોઈને અમારા જીવને બહુ આનંદ થયો.

ઉજડ જંગલમાં થાકીને લોથ થઈ ગયા પછી એક ઝાડની છાયા તળે બેસવાથી જેવી ખુશી ઉપજે તેવીજ ખુશી અમને ઉપજી. પણ આ ખુશીના પ્યાલામાં દલગીરીનું ટિપું પડ્યું. મારી છાતીમાંથી લોહીનું બલખમ નિકલ્યું. આ અભાગિયું દરદ મને બે વરસથી લાગ્યું હતું, તે એવું કે વરસમાં બે ત્રણ વાર છાતીમાં લોહીની નળી ફાટીને બલખમમાં લોહી પડતું હતું. પણ આવી જગાએ તેના દેખાવથી મને બહુ દલગીરી ઉપજી.

કેરોનાં સ્ટેશન ઉપર પોંહોચ્યા એટલે માલમ પડ્યું કે સિકંદરાબાદનાં બંદરમાં અમારે વાસ્તે આગબોટ તૈયાર નથી; તેથી કેરોમાં અમને રાત રેહેવું પડશે. હું જરા ખુશી થયો કે મને જરા આરામ મળશે. મુસાફરોને ઉતરવા માટે બાંધેલાં હૉટેલમાં અમે ગયા. આપણાં પોંહોંચ્યાનાં કરતાં એ વધારે સારાં છે; પણ યુરોપનાં હૉટેલસાથે તો તેમનો મુકાબલો થઈ શકેજ નહીં. તે છતાં અમે પેહેલવેહેલાં એ હૉટેલ જોયાં તેથી અમને એમ લાગ્યું કે કોઈ મોટા શ્રીમંતનાં ઘરમાં અમે ઉતારો કરવા આવ્યા છઈએ. યુરોપનાં હૉટેલની ખૂબી હું આગળ લખીશ.

આ કેરોનાં એક હૉટેલમાં અમે ગયા એટલે અમને દરએક જણને સુવાના જુદા જુદા ઓરડા આપ્યા. સુંદર છપરપલંગ ઉપર બીછાનું તૈયારજ હતું તે ઉપર મેં તો આરામ લઈને દવા પીધી તથા લગાડી. સંધ્યા કાળનો હજુર વખત થયો નહીં હતો તેથી મારા સોબતિઓ મને જરા આરામવંતો જોઈને કેરો શેહેરમાં ફરી આવ્યા. સવારના મને આરામ થઈ ગયો. ફુગોપાણી કરીને અમે રેલવેનાં સ્ટેશન ઉપર ગયા. અહીંના લોકો મુસલમાન જેવા છે. સ્ત્રીઓ મોંતાનાં મોંહોડાં ઉપર આંખની નીચેથી બુરખો બાંધેછે. કપાળ અને આંખ ઉઘાડાં રાખેછે અને નાકથી તે છાતી સુધી બુરખો ઢાંકે છે. આવી રીતે બુરખો પેહેરવાથી તેમનો ચેહેરો, બદસુરત લાગેછે; પણ તેમાં તેઓ ખુબસુરતી ગણેછે.

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC

મિસર દેશની સ્ત્રી.

સિકંદરાબાદ.

સવારના ૯ કલાકને અમલે અમે કેરો શેહેર છોડ્યું. નિલ નદીનાં નિર્મળ પાણી આપ્યાં મિસર દેશને ફળવંત કરેછે તે અમારી નજરે પડ્યાં. કેરોથી સિકંદરાબાદ જતાં પાછલા દાહાડા જેવો કંટાળો ઉપજ્યો નહીં. જતાં જતાં વચમાં કેટલાંએક ગામ અમે પસાર કર્યાં. ત્રણ વાગાને સુમારે અમે સિકંદરાબાદ શેહેરમાં દાખલ થયા. આ નામ સિકંદર બાદશાહનાં નામ ઉપરથી પડ્યું છે. યુરોપિયન તેને "આલેક્ઝાંડ્રિયા" નામથી ઓળખે છે. આ શેહેરમાંથી, પસાર થતાં એમ લાગેછે કે તે ઘણું મોટું અને આબાદ હશે. શેહેરનો દેખાવ સારો છે. અહીંનો રાજા આપ્યા મિસર દેશનો "પાશ્છા" કેહેવાય છે.

પૉમ્પી પિલર. ક્લિયોપેટરા નિડળ.

સિકંદરાબાદમાં થઇ જતાં જતાં બે મોટાં સ્તંભ અમારી નજરે પડ્યા. એકનું નામ "પૉમ્પી-પિલર" આપ્યું છે. આ સ્તંભ રોમના સરદાર "પૉમ્પી"ની યાદગારી માટે ઉભો કર્યો છે. બિજો સ્તંભ "ક્લિયોપેટરા નિડળ"નાં નામથી મસહુર છે. આ મિનારો "ક્લિયોપેટરા" નામની રાણીની યાદગારી માટે ઉભો કરવામાં આવ્યોછે. તેનો આકાર સોઈના જેવોછે તે ઉપરથી તેને "ક્લિયોપેટરા નિડળ" કેહેછે.

આગની ગાડી ડેઠ બંદર સુધી અમને લઈ ગઈ. બંદર આગળ આવ્યા ત્યારે પવનચક્કીની હાર ને હાર દેખાવા માંડી. આ ચક્કીઓ પવનની ફુંકથી ફરેછે અને તેમનાં ફરવાથી લોટ દળાયછે. એવી ચક્કીઓ આ જગાએ આસરે ૨૦૦ દેખાયછે. બંદર ઉપરથી પાચ્છાનો મેહેલ તથા સિકંદરાબાદ શેહેરનો સુંદર દેખાવ નજરે પડેછે.

ભૂમધ્ય સમુદ્ર.

સિકંદરાબાદનાં બંદરમાં આવ્યા પછી અરધા કે પોણા કલાકમાં "મસિલીયા" નામની આગબોટ ઉપર અમે ચહડ્યા. સાંજના પાંચ કલાકને અમલે આ આગબોટ ઉપડી. હવે અમે ભૂમધ્ય સમુદ્રમાં દાખલ થયા. આ સમુદ્રમાં ભરતી ઓટ થતી નથી તે છતાં મોજાંનું જોર બિજા સમુદ્રનાં જેટલુંજ ભારે છે. આ દરીઆમાં મોજાંનાં તથા પવનનાં જોરથી અમારી આગબોટ ડોળવા માંડી. આગબોટ ઉપર ચાલતાં એક લથડવું એવું આવે કે જાણે હમણા પડી જશું. થોભ્યા વગર મારાથી કેટલોએક વાર ચલાયું નહીં.

જરા આગળ વધ્યા એટલે વળી "ઉપર આભ ને નીચે પાણી" દેખાવા માંડ્યું. આ સમુદ્રમાં વાહાણ તથા આગબોટ બહુ ફરેછે. અમારી આગબોટ ઉપરથી વારેઘડીએ કોઈ નહીં તો કોઈ વાહાણ કે આગબોટ દેખાયા વગર રેહેજ નહીં. સિકંદરાબાદનું બંદર છોડ્યાને ત્રણ રાત થઈ અને ચોથી રાતે સાંભળ્યું કે સવારના માલ્ટામાં જઈ પોંહોંચીશું. આ ખબર સાંભળી અમે સઉ ખુશી થયાં. સવાર પડી. પોહોર થતાં અમારી આગબોટે માલ્ટાનાં બંદરમાં લંગર નાખ્યું.

માલ્ટા.

આ બંદરનો દેખાવ અને તેનાં નિર્મળ બિલોર જેવાં પાણી જોઈ અમને બહુ આનંદ થયો. બંદરમાંથી શોહેરનો દેખાવ પણ ઘણો ખુબસુરત લાગ્યો. બંદર પણ બહુ રૂડું છે. સુંદર નાહાના મછવાઓ અમારી આગબોટ આગળ અમને લેવાને આવ્યા. એમાંના એકમાં બેસીને અમે કિનારે ગયા. શોહેરમાં લઈ જઈને અમને ફેરવી લાવવા માટે કિનારે ભાડુતી ફેટનની ગાડી તૈયાર ઉભી હતી. ભોમિયો પણ તૈયાર હતો. એક ગાડી તથા ભોમિયો લઈ અમે ફરવા નિકળ્યા.

મૉલટા શેહેરનો ઘાટ અને દેખાવ અજાએબ જેવો છે. અહીંનાં રસ્તા, દુકાન અને માણસ જોઇ અમને બહુ નવાઈ જેવું લાગ્યું. સિકંદરાબાદ સુધી ઘણું કરીને આપણા દેશ જેવો ઘાટ ને દેખાવ હતો પણ આ ટેકાણે બદલાઈ ગયો. યુરોપ મધ્યેનાં શેહેરનો કંઈ ખ્યાલ આ મૉલટા જોવાથી પ્રથમ આવેછે. રસ્તામાં પથરની લાદી જડી લીધીછે. કેટલીએક સેરી અને ગલી ઉંચીનીચી છે. રસ્તા સાફ અને ચોખ્ખાછે. ગંદવાડ જેવી વસ્તુ નથી. સવારનું પોહોર હતું તેથી દુકાનદારો પોતાની દુકાનનો સામન ગોઠવતા હતા. અમારો પોશાક તેમને વિચિત્ર લાગ્યો હો પોતાનું કામ છોડી અમને જોવાને કેટલાએક દુકાનની બાહાર આવ્યા.

મૉલટાનું શેહેર ઇંગ્રેજી રાજના તાબામાં છે. અહીં ઇંગ્રેજી લશ્કર અને લહડાઈનાં વાહાણ જથુક રેહેછે. ૪સવી સન ૧૮૦૦ થી આ શેહેર ઇંગ્રેજોના તાબામાં આવ્યુંછે. અહીં ગવરનરનો મેહેલ અને સેંટ જૉનનું દેવળ જોવા લાયક છે. અમે પ્રથમ આ મેહેલ જોવાને ગયા. આમાં લહડાઈના બખ્તરો તથા લહડાઈનો સરંજામ એકઠો કરીને ગોઠવી રાખ્યોછે. એ ખરેખર જોવાજોગ છે.

સેંટ જૉનનું દેવળ ટોપી કે પાઘડી ઊતાર્યા વગર જોવા દેતા નથી. અમારી સાથેના પારસી સોબતિઓએ એ વિષે તકરાર કરવાથી અમે અટકી પડ્યા. પણ અમારા બિજા સોબતીઓએ કહ્યું કે એ ન જોવામાં તમે મોટી ભૂલ કરી. આથી હું ખેદ પામ્યો. પણ ઉમેદ રાખી કે ઈશ્વર કરશે તો આવતી વેળા એ જોતો જઇશ. આ ઉમેદ પુરી પડીછે, પાછો ફર્યો ત્યારે આ દેવળ જોવામાં આવ્યું છે.

અમે કિલ્લા ઉપર ગયા. ત્યાંથી બંદરનો દેખાવ બહુ રમણીય તથા ખુબસુરત લાગ્યો. એક ઇંગ્રેજી સોલજર પેહોરો ભરતો હતો. તેણે અમને મુંબઇની ખબર પુછી. તે બોલ્યો કે "મેં હિંદુસ્તાનમાં ઘણાં વરસ ચાકરી કરી છે. મૉલ્ટામાં મને ગમતું નથી. તમારા દેશમાં પાછું આવવાને બહુ ગમે છે." જેણે જે ભૂમી ઉપર ઘણાં વરસ કાઢ્યાં હોય ત્યાં તેને વધારે ગમે તેનો આ એક દાખલો જાણવામાં આવ્યો.

માૅલટાની હવા સમધારણછે. ઘણી ગરમી નહીં તેમ ઘણી ઠંડી નહીં. ત્યાંની ભાષા "માૅલટિ" તે તુર્કી, આરબી અને ઇટાલિયન ભાષાના મિશ્રથી થઇછે. ઇંગ્રેજી રાજ હોવાથી ઇંગ્રેજી સમજનાર તથા બોલનાર ડેકાણે ડેકાણે છે. સ્ત્રીઓનો પેરવેરા ઔધીની સ્ત્રીઓને વધારે મલતો આવેછે; ફેર એટલો કે બુરખો રાખવાને બદલે તેઓ મોહો ઉઘાડું રાખેછે. કેહેછે કે ભરતનું ઝીણું કામ કરવામાં આ સ્ત્રીઓ હોરિયાર ગણાયછે.

આસરે પાછલા પોહોરના ચાર કલાકે અમે માૅલટાનું બંદર છોડ્યું. બિજી સવારના અમારી આગબોટ ઉપરથી કૉર્સિકા અને સાર્ડિનીયા નામનાં મોટાં દ્વિપ અમારી નજરે પડ્યા. ઇટાલી દેશનો કિનારો દેખાયો. વિખ્યાત ગારિબાલ્ડીનું ઘર પણ દેખાયું. આ જોયાથી અમને બહુ આનંદ થયો. તા૦ ૩ જી એપ્રિલની સવારના પોહોરમાં અમારી આગબોટ માર્સેલ્સનાં બંદરનીપાસે આવી. અમે બધા ખુશી થયા અને "ડેક" ઉપર જોવાને ઉઠ્યા. પણ જરાવારમાં ધુંવાડાની પેઠે ચોતરફ ધુંમસ પથરાઇ ગઇ. અમારી પડખે થઇને વાહાણ જાય તે પણ દેખાય નહીં. સામેથી વાહાણ આવીને ન અથડે તેટલા માટે વરાળની સિસોડી વાગવા માંડી. એવાં અંધકારમાં વરાળયંત્ર ચાલતું બંધ પાડવાનો તથા આગબોટ ઉભી રાખવાનો કપતાને હુકમ કર્યો. આ પ્રમાણે આસરે ૧૫ કલાક અમને ખોટી થવું પડ્યું. પછી ધુમસ ઉઘડી ગઇ અને સુરજ દેખાવા માંડ્યો.

માર્સેલ્સ.

અમારી આગબોટ ડુઠ બંદર પેઠી. બીજાં સેંકડો વાહાણો લંગર થયાં હતાં તેની અડોઅડ કિનારે પગ મુકાય એવી રીતે લઇ જઇને લંગર કર્યું. આ દેખાવ જોવાજોગ હતો. તરતી-ગોદી એટલે શું અને મોટાં મોટાં વાહાણો એક બીજાંને અથડ્યા વગર અડોઅડ

અને તે ઉપરથી કિનારે ડેકડો મારી ઉતરી પડાય એ પેહેલે વેહેલું માર્સેલ્સમાં અમે દીઠું.

હવે અમારો સામન ઉઘાડીને માંડવીમાં દેખાડવો જોઇએ. તેટલા માટે અમને મછવામાં બેસાડીને માંડવી તરફ ઉતાર્યા. અહીં અમને ખોટી થવું પડ્યું. બેસવાને માટે અમને મોટો ઓરડો મળ્યો. પણ અહીં ઘણો વખત લાગ્યાથી અમને કંટાળો ઉપજ્યો. આસરે બે કલાક અમે ખોટી થયા. તેટલીવાર સુધીમાં અમારો સામન આગબોટ–વાળાઓએ ઉતારીને માંડવીના બીજા ઓરડામાં મુક્યો.

પછી થોડા થોડા કરીને અમને બીજા ઓરડામાં બોલાવ્યા. ત્યાં અમારા સામનની પેટી તથા કોથલી અમે રોંચી કાહાડી. ફ્રેંચ અમલદારો ઘણીજ બારીકીથી મુસાફરનો સામાન તપાસેછે; એટલામાટે કે કોઇ દાનચોરી ન કરે. તમારી પાસ જગાતની હરએક ચીજ હોય તો તરત કહી દેવું. એવી ચીજ ન લીધી હોય તો વધારે સાંરૂ. સામન તપાસ્યા પછી એક એક દાગીના ઉપર પાસ થવાની નિશાની કરી આપેછે.

એક આબરૂવાળા હૅટેલનો કારભારી ઇંગ્રેજી બોલતો હતો તે અમારી પાસે આવીને અમને મદદ કરવા લાગ્યો. તેણે અમારો સામન ઉચકાવીને બાહાર એક મોટી ગાડી ઉભી હતી તેમાં નાખ્યો. અમને ગાડીમાં બેસાડીને પોતાનાં હૅટેલ તરફ ગાડી હંકરાવી. ફ્રેંચ લોકોને સમજાવવાને તથા તેમની સાથે વાત કરવાને ફ્રેંચ ભાષા ન આવડે તો આવા ભોમિયાની બહુ ગરજ પડેછે.

હૅટેલ તરફ જતાં જતાં અમે રસ્તામાંજ બહુ અચરત પામ્યા. મોટી મોટી હવેલિઓ, મોટા માટા રસ્તાઓ મોટી મોટી સુંદર દુકાનો; મોટા મોટા ઘોડા જોડેલા માલનાં ગાડાઓ, મોટી મોટી ઑમ્નિબસ; મોટા મોટા ગાડીના ગગડાટો; આ બધા વિચિત્ર દેખાવથી અમે બહુજ અચરત પામ્યા.

હૅટેલ આવ્યું ને તેમાં અમે ઊતારો કર્યો. યુરોપનાં હૅટેલની સુંદર બાંધણી અને તે મધ્યેની સુખદાયક ગોઠવણ વિષે હું હવે

પછી લખીશ. આ ટેકાણે માત્ર એટલુંજ જણાવું છઉં કે મુંબઈના કોઈ શ્રીમંતની હવેલી કરતાં આ હૉટેલ કંઇપણ રીતે ઉતરતું નહીં હતું. અહીં નાહી ધોઇ નાસ્તો પાણી કરી અમે જરા આરામ લીધો.

પછી અમારા મિત્રના એક દક્ષણી ચાકરને પાછો મુંબઇ મોકલવાની ભાંજગડમાં અમે પડ્યા. આ ચાકર ઘણો નઠારો નિકલ્યો હતો. તે માથાનો ફરેલ અને બુદ્ધિમાં ઓછો હતો. આગબોટમાં ઇંગ્રેજી બલાસીના છોકરાને છરીથી મારવાને તે તૈયાર થયો હતો. એને રવાને કરવા માટે ત્યાંના ઇંગ્રેજી કૉન્સલની મદદ લેવી પડી. પછી આગબોટવાળાઓ સાથે બંદોબસ્ત કરી તેને પાછો મુંબઇ મોકલી દીધો.

એટલામાં સાંજ થવા આવી. શહેરમાં ફરી આવવાનો આ સારો વખત હતો. હૉટેલમાંથી ભોમિયો લઈને તથા ગાડી કરીને અમે ફરવા નિસર્યા. ફરતાં ફરતાં એક ઉંચી ટેકડી પાસે ગયા. આ ટેકડીને કળાથી બહુજ ખુબસુરત બનાવીછે. ટેકડીને નીચે પાણીનો ધોધવો પડતો હતો. આ જગા "પાલે–નેપોલીયન" નાં નામથી ઓળખાયછે. અમે ઉંચે ચહડ્યા. ચહડીને જોઇએ છઇએ તો આ ટેકડીને એક બગીચા જેવી બનાવીછે. અહીં નેપોલિયન બોનાપાર્ટનું પુતળું ઉભું કરેલું છે. ત્રેઠ ઉંચે ચહડી ઊભા રહ્યા તો આખાં શહેરનો રમણીય દેખાવ અમારી નજરે પડ્યો.

આ વેળાએ સાંજ પડી હતી. સુરજ અસ્ત પામતો હતો. આહા કેવો સુંદર અને ખુબસુરત દેખાવ!! ચોતરફ સોનેરી ચળકાટ થઈ રહ્યો હતો. આજ વેળાએ અને આજ ટેકાણે અમે બોલ્યા કે "શું આ ખરો દેખાવ છે કે સ્વપ્ન જોઇએ છઇએ." આવી સુંદર નગરી અમે કોઈ કાળે દીઠી નહીં હતી. આ ટેકાણે બેસવા ને ફરવાની બહુ મઝા છે. કેટલાએક ફ્રેંચ પોતાની બાયડી તથા છોકરાંઓની સાથે ફરવા આવ્યા હતા. તેઓ અમારી તરફ ઘણી અચરતીથી જોતાં હતાં. આ ટેકાણે બાંધેલું એક સુંદર મકાન છે તે સઘળું ઉપર સુધી અમે જોઇ આવ્યા.

અમે બહુ આનંદ તથા સંતોષ પામી પાછા ફર્યા. કેટલાએક

રસ્તાઓની વચોવચ ઝાડની ઘટા લાગી હતી અને માણસો ફરતાં હતાં. એક રસ્તા ઉપર ફુલ વેચવાની દુકાનો આહા કેવી ખુબ-સુરત અમે જોઇ!! હવે દીવા કરવાનો વખત થયો હતો. ગ્યાસ-લાઇટ એટલે કોયલાના વાયુથી પેટવેલા દીવા અમે પેહેલે વેહેલા માર્સેલ્સમાં દીઠા. આ દીવાની ભારે જોતથી દુકાનો દીપી રહી હતી. અમારાં મકાન ઉપર અમે ગયા. ગરીબ ભીખારીના છોકરાઓ પોતાની ડોકમાં વાજીંત્ર વગાડવાની પેટી ઓરવીને હાથે વાજું વગાડતા રસ્તામાં ફરતા હતા. એક બે છોકરાઓ અમારી પાસે આવીને વાજું વગાડવા લાગ્યા. અમે પૈસા આપ્યા તે તેઓએ મોટા ઉપકારથી લીધા.

કેટલાએક છોકરાઓ રસ્તામાં લોકોનાં બૂટ બ્રશથી ઘસીને સાફ કર-વાને માટે સામન લઈને ફરતા હતા. જેઓ પોતાનાં બૂટને બ્લા-કીંગથી સાફ કરાવવા ઇચ્છતા હોય તેઓ રસ્તામાં એક કેરે બૂટ પગમાં પેહેરીને ઊભા રેહે એટલે બૂટ સાફ કરનાર છોકરો વાંકો વળીને તથા જોરથી બ્રશ ઘસીને નવા ચકચકીત જેવા કરી આપે.

માર્સેલ્સમાં વેપારીઓને મળવા માટે એક્સચેંજ બાંધીછે તે ઘણીજ તોફે અને જોવાજોગ છે. કેહેછે કે આખા યુરોપમાં એવી સુંદર "એક્સચેંજ" બીજી એકે નથી. માર્સેલ્સનાં કેટલાં-એક હૉટેલ તથા કાફીખાનાંનો બાહારનો દેખાવ જોઈ અચરતી ઉપજેછે. રાજાઓના મેહેલ હોય એવો દબદબાભરેલો દેખાવ માલમ પડેછે. ગાયકવાડ સરકારના મેહેલનો દેખાવ મેં જોયોછે તે આ હૉટેલ કે કાફીખાનાં આગળ વટાવમાં જાય. થાંભલા અને બારી-બારણાંના ખુણા સોનાથી રસેલા હોય એમ દેખાય. ઘર પોરબંદરના જેવા સફેત પથરનાં બાંધેલાં. બાંધણીનો ઘાટ એવો કે એક મોહોલામાં એક છેડાથી બીજા છેડા સુધી એકજ ઘર હોય એમ લાગે.

અમે માત્ર બેજ દિવસ માર્સેલ્સમાં રહ્યા. ત્રીજે દિવસે એટલે તા૦ ૫ મી એપ્રિલની સવારના ઝટ નારતો કરીલઈ રેલવેસ્ટેશન ઉપર ગયા. યુરોપમાં રેલવેસ્ટેશન કેવાં મોટાં અને ભભકાદાર

છે તેનો પેહેલો દેખાવ આ સ્ટેશન ઉપર માલમ પડ્યો. "એક્સ-પ્રેસ-ટ્રેન" માં જવાને પારિસ સુધીની ટિકિટ લીધી. નોકરોને વાસ્તે પણ પેહેલા વર્ગની ટિકિટ લેવાની જરૂર પડી. કેમકે "એક્સપ્રેસ-ટ્રેન"માં પેહેલાં શિવાય બિજા કે ત્રીજા વર્ગનાં કોઈને લેતા નથી. અમારા નોકરોમાંથી એકજણ ઓછો થવાથી અમે બધા ૭ જણ મળીને ગાડીનો એક આખો ખંડ લીધો.

માર્સેલ્સથી પારિસ ૭૬૦ માઈલછે. માર્સેલ્સ ફ્રાન્સની દખણ દિશામ્એછે. હવે બરાબર ઉત્તર દિશામ્એ જવું જોઇએ. અમારી ગાડી ચાલવા માંડી ત્યારે દસ વાગ્યાનો સુમાર હતો. એક કલા-કમાં ૩૬ થી ૪૦ માઈલને સુમારે આ ગાડી દોડતી હતી. જતાં ફ્રાન્સનાં ગામ અને ખેતરોનો સુંદર દેખાવ નજરે પડવા લાગ્યો. કોઇપણ ખેતર ઉજડ કે ખાલી મળે નહીં. આપણા દેશ જેવી આ જમીન રસાળ નહીં તે છતાં એક તસુ પણ જગા નકામી નહીં હતી. ચોતરફ ફળવંત ખેતરો અને નાહાનાં ગામોમાં નાહાનાં પણ સુંદર ઘરો જોઈ અમે બહુ પ્રસન્ન થયા. ઉદ્યોગ અને આબાદા-નીની નિશાની ચોમેર માલમ પડી. વૃક્ષ વગર તો કોઈ દેખાય નહીં. આ ભૂમી ઉપર ઇશ્વરની મોટી મેહેરબાની હોય એમ અમને લાગ્યું.

રેલવેનાં નાહાનાં સ્ટેશન ઉપર અમારી ગાડી જરાય ખોટી થઈ નહીં. મોટાં સ્ટેશન ઉપર ખોટી થઈ; કોઇ ઠેકાણે માત્ર બે મિનિટ અને કોઇ ઠેકાણે ૧૫ થી ૨૦ મિનિટ. અમે ફ્રેંચ ભાષાનાં જ્ઞાન વગર જરા હેરાન થયા. જ્યાં ગાડી ઉભી રેહે ત્યાં "ગાર્ડ" આવીને બોલી જાય કે અહીં એટલી મિનિટ ખોટી થશે. અમને સમજ પડે નહીં કે શું બોલેછે. અમે ગાર્ડને ઇંગ્રિજીમાં પુછીએ તે સમજે નહીં. એથી અમને હાજતપાણી કરવાની અડચણ કેટલાએક કલાક ખમવી પડી. પછી તો અમે હરકોઇ સ્ટેશનના નાહાના મોટા દેખાવ ઉપરથી જાણવા લાગ્યા કે "અહીં વધારે ખોટી થશે કે નહીં." રેલવેનું ટાઈમ-ટેબલ મુસાફરે પોતાની સાથે રાખ્યું જો-ઇએ; અમે જો રાખ્યું હત તો અમને જરાય અડચણ પડત નહીં.

લાયન.

લાયન જેને ફ્રેંચ લોક લિયોં કેહેછે, એ મોટા શેહેર આગળ અમે રાતના ૭॥ વાગતાને સુમારે આવી પોંહોંચ્યા. આ મોટાં શેહેરનું મોટું રેટરાન જોઈ અમે "ડું" થઈ ગયા. રેલવે રેટરાનનો આવો દબદબો અને ભપકો જોઇને આ દેશનો મુસાફર પ્રથમ અચરતીમાં લપટાઈ જાયછે. ગ્યાસની રોશનીથી આ રેટરાન ઉપર "દીવાળીના દીવા"થી વધારે પ્રકાશ થઈ રહ્યો હતો. જતી વેળા લાયન શેહેરમાં અમે ઉતર્યા નહીં; પણ ઇંગ્લંડથી પાછો ફર્યો ત્યારે એક દાહાડો આ શેહેરમાં હું રહ્યો હતો.*

લાયનમાં આસરે ૦॥ કલાક અમારી ગાડી ખોટી થઈ. રાત પડવા આવી હતી અને તાહાડ વાગતી હતી. એટલામાં અમને

*આ શેહેર મોટું અને જોવા લાયકછે. માર્સેલ્સથી તે ઘણું ચહડતું છે. રસ્તાની સફાઇમાં તથા બીજી કેટલીએક વાતમાં પારિસની બરાબરી કરે તેવું છે. લાયનમાં કુવારાનો બાહાર કેટલાએક ચોક આગળ ખૂબ દીપી નિકળેછે. એક ઉંચી જગા ઉપર મને મારો ભોમિયો લઈ ગયો હતો; ત્યાંથી શેહેરનો દેખાવ બહુ રળીયામણો લાગેછે. રોહોન અને સોન નામની બે નદીનો સમાગમ આ ઉંચી જગા ઉપરથી દેખાય છે તે જોવા જોગ છે.

આ શેહેરમાં રેશમી કાપડ બનાવવાનાં મોટાં કારખાનાં છે. ચીનાઈ રેશમી તાનચોઇ ઉપર અથવા બનારસી કિનખાબ ઉપર તરેહવાર ભાત વણેલી આવેછે તે પ્રમાણે રેશમમાં વણેલી માણસની આખેહુબ તસ્વીર એક કારખાનાંમાં તૈયાર થાયછે. આવતી વેળાએ હું આ કારખાનું જોવા ગયો હતો અને રેશમી કાપડનાં વણતરમાં ફ્રાન્સના શેહેનશાહ લુઈ નેપોલિયનની તસ્વીર આખેહુબ પડતી હતી તે જોઈ હું બહુજ અચરત પામ્યો. એક બીજા સંચામાં ફ્રાન્સના રાજ કારભારિયોની દસ બાર તસ્વીર સાથે પડતી હતી. આવી રીતે વણવાની કળા માટે તે કળા શોધનારને ધન્ય છે. આ કળા શોધનાર ઘણો તવંગરછે; પણ સાદો ને બખીલ જેવો લાગેછે. યાદગારી માટે મેં થોડાક કટકા વેચાતા લીધા. મોટા આરસામાં જડાય એવી છબી પણ વણીને તૈયાર કરેછે. એની કિંમત ભારેછે પણ કરામતમાં કંઈ મણા નથી.

હુંફ આવવા માટે રેલવેનાં માણસો અમારી ગાડીમાં ગરમ ઉકળતાં પાણીના ગોળ અને લાંબા "રોલ" મુકી ગયા. તે ઉપર ગલેચા જેવું કપડું જડી લીધું હતું. આ રોલ ઉપર પગ મુકવાથી અમને હુંફ વળી; ને તાહાડ ઓછી થઈ. મુસાફરોનાં સુખને માટે કેવી ગોઠવણો હોય છે તે આ ઉપરથી માલમ પડશે.

અમારી ટ્રેન ચાલવા માંડી. ગાડીમાં બેઠાં બેઠાં પણ લાયન શહેરનો દેખાવ ઘણો ખુબસુરત લાગ્યો. રાત પડી હતી પણ શહેરમાં દીવાનો ઝળકાટ થઈ રહ્યો હતો. ગાડી પાછી ઝડપથી દોડવા માંડી. રાત પડી; ગાડીમાં દીવો, પણ ચોતરફનો દેખાવ નજરે પડે નહીં. બેઠા બેઠા ઉંઘના ઝોલા આવવા માંડ્યા. જરામાં આંખ મિચાય અને જરામાં ઉઘડી જાય. આવી અવસ્થામાં અમે આખી રાત કાઢાડી. હવે સવારનો પોહોર થવા આવ્યો; ને ચાલતી ગાડીમાં ખુબસુરત અને ખુરાનુમા દેખાવ ચોતરફ પડવા લાગ્યો. પારિસ શહેરથી અમે હવે દૂર નહીં હતા.

પારિસ.

તા૦ ૬ ઠી એપ્રિલની સવારના અમે પારિસ જઈ પોંહોંચ્યા. આહા!! હું તેના શું વખાણ કરૂં! એવી સુંદર અને ખુબસુરત નગરી કોઈ દુનિયામાં નથી. પારિસ વિષે મેં વાંચ્યું હતું કે એનાં જેવું સોહામણું શહેર બીજું એકે નથી. માર્સેલ્સ જોઈ એ વિષે મેં કંઈ ખ્યાલ બાંધ્યો હતો; પણ જોવામાં અને સાંભળવામાં કેટલો બધો તફાવત છે? ખાવાની હરએક ચીજ ચાખ્યા વિના માત્ર જોવાથી તેનો સ્વાદ માલમ પડી શકતો નથી; તેમજ જોવાની હરએક વસ્તુ જોયા વગર માત્ર સાંભળવાથી તેની ખરી ખૂબી કદી માલમ પડી શકનાર નથી.

હું ખરૂં કહું છઉં કે મારી નજર છક્ક થઈ ગઈ. એક અંધારી ઓરડીમાંથી નિકળીને સુરજના તડકા સામું જોતાં આંખ જેમ અંજાઈ જાય છે તેમ મારી આંખ અંજાઇ ગઈ. આપણા કવીઓએ ઇંદ્રપૂરી અથવા દ્વારિકાંપૂરીનું વર્ણન કરેલું છે, પણ તેઓએ આ

પારિસ જોયું હોત તો તેનું વર્ણન તેઓ વધારે સારી રીતે કરી શકત. થોડીવાર મારી શુદ્ધ કે બુદ્ધ ઠેકાણે રહી નહીં. જરા જરામાં મને સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટો; હું ઊંઘમાં છઉં કે જાગૃત; આ દુનિયામાં છઉં કે બીજી દુનિયામાં; આ નગરી માણસની છે કે દેવતાઓની? આવી રીતે કેટલીકવાર મનમાં થયાં કર્યું. અંતે ચોકસ થયું કે હું મારી શુદ્ધમાં છઉં અને ખરેખર હું એક મહા સુંદર અને સોહામણી નગરીમાં આવી પોંહોંચ્યો છઉં.

રેલવેમાંથી ઉતરી ગાડી કરીને અમે એક પ્રખ્યાત હૉટેલમાં ગયા. હૉટેલના ભભકાની હું શું વાત લખું? મુંબઈના કોઇપણ શ્રિમંતનું એવું ઘર મેં જોયું નથી. પણ "ડીલુવર" નામનાં એક બીજા હૉટેલથી આ ઉતરતું હતું. ડીલુવર હૉટેલની બરાબરી તો કોઈ હૉટેલથી થઈ શકે નહીં. એની ઈમારતે બે એકર જમીન રોકીછે. એમાં ૮૦૦ થી વધારે ઓરડા છે. ચાકરને બોલાવા કરવા વિજળીના તારથી સંધેસા ચાલેછે. અમારૂં હૉટેલ આથી ઉતરતું તેછતાં મારી આંખ ચળી ગઇ હતી. નાસ્તોપાણી કર્યા પછી એક ભોમિયાને સાથે લઇ અમે આ ઉત્તમ નગરીમાં ફરવા નિકળ્યા.

આઃ હા! કેવા ધોરી અને ચોખ્ખા રસ્તા!! કેવાં ઘર અને દુકાનો!! કેવા રસ્તે રસ્તે ફુવારા અને સ્તંભો!! કેવાં જગે જગે ઝાડો અને બાગો!! કેવાં કાફીખાનાં અને રેસ્તોરાં!! એક જોઈએ ને બીજું ભૂલી જઈએ. આ જોઇએ કે તે જોઇએ! એક જોઇને બીજું જોઇએ કે તીજું જોઇએ પણ મન ધરાય નહીં. મોટા ધોરી રસ્તાનો દેખાવ કેવો ખુબસુરત!! ઘરોની રોણક અને દુકાનોનો બાહાર અને રસ્તાની ખુબસુરતી જોઈ જીવ ખુશ ખુશ થઈ જાય. જાણે કોઇ મોટો તેહેવાર હોય અને સઉ લોક મોજ મઝા અને ચમન ચમનમાં ફરતા હોય અને ઠેકાણે ઠેકાણે ભેળા થયાં હોય એમ દેખાયછે. પણ આવો દેખાવ તો આ શહેરમાં નિત્ય નજરે પડેછે.

કેટલાંએક ચૌટાંમાં મોટા મોટા ચોક છે. એવા ચોકને ફ્રેંચ

લોક "પ્લાસ"નાં નામથી અને ઇંગ્રેજને "સ્કુવેર"નાં નામથી ઓળખે છે. આવા ચોકમાં અહીં નાહાના ખુબસુરત બગીચા બનાવ્યા છે. એમાં ફુવારા ઉડે છે અને વચમાં ઉંચા સ્તંભ ચણી લીધા છે. સ્તંભ ઘણા ખુબસુરત છે અને તે ઉપર વિખ્યાત પુરૂષોનાં પુતળાં ઉભાં કરેલાં છે. કેટલાએક સ્તંભ ૧૫૦ થી ૨૦૦ ફુટ ઉંચા છે આવા સ્તંભ અને ફુવારાથી ચોકનો દેખાવ ઘણો દીપી નિકળે છે. એવા ચોક ઠેકાણે ઠેકાણે છે. વેન્દોમ (VENDOME) નામના ચોકમાં સ્તંભ છે તે આસરે ૧૫૦ ફુટ ઉંચો હશે. બાસ્તીલ (BASTILLE) નામના ચોકમાં જુલિયટ નામનો સ્તંભ છે તે વધારે ઉંચો છે. બીજા સ્તંભ પણ જુદાં જુદાં નામથી ઓળખાય છે.

પારિસમાં રસ્તાની રચના અને શોભા શિવાય બીજું જોવાનું બેસુમાર છે. થોડા દાહાડામાં શું જોઇએ અને શું નહીં !! સવારના ૯ વાગાથી રાતના ૧૨ વાગા સુધી ત્રણ દાહાડા અમે ફર ફર કરેલાં કરેલું. વચમાં ઠુંગો પાણી કરવાને જરા વખત લેતા પણ જંપ વાળીને મુદલ બેસતા નહીં. આ પ્રમાણે અમે ત્રણ દાહાડા કરેલું અને તેટલી મુદતમાં અમારાથી જેટલું બન્યું તેટલું જોઈ લીધું. હું મુંબઇ પાછો આવ્યો ત્યારે પણ પારિસ થઇને આવ્યો અને બીજા બે દાહાડા ફરેલો પણ હજુર મન ધરાયું નથી. "પાછો જઉં અને પારિસ જોઉં" એમ મનમાં ઘણી વાર થાય છે.

રાતની વેળાએ ગ્યાસના દીવા થાય છે અને તેથી પારિસની આખી નગરીમાં મોટી રોશની અને મોટી ધુમ મચી રહે છે. દીવાળીના તહેવારમાં રાતની વેળાએ જેવા આનંદથી આપણે ફરવા નિસરીએ છઇએ તેથી વધારે આનંદથી લોકો નિત્ય ફરવા નિસરે છે. આપણી મુંબઇની દીવાળીતો આ નિત્યની દીવાળીના વટાવમાં જાય. દુકાનદારોની દુકાનોનો ભભકો અને કાફીખાનાંઓનો દબદબો જોઈ આંખ દીપાઈ જાય છે. ઠેકાણે ઠેકાણે દીવાનો ઝળકાટ ને ઝળકાટ, ઠેકાણે ઠેકાણે રાગ, રંગ ને ઉમંગ અને ઠેકાણે ઠેકાણે ગાન તાન ને સૂર થઇ રહ્યાં છે. આવી રીતે મોજ મઝા ને અમન ચમનમાં પડેલું

લોક દુનિયામાં થોડીજ જગાએ હશે. આવા આનંદમાં પડેલા લોકમાં રહેવાથી આનંદ કોને ન થાય?

પારિસની વસ્તી આસરે ૬૫ લાખની છે. ત્યાં ઇંગ્લંડના જેવી સરદી નથી; તોપણ આપણા દેશ કરતાં વધારેછે. મિઠાં પાણીના પ્રવારા કે કળાથી બનાવેલા નાળામાં અનેક જાતની સુંદર માછલીઓ કેળવવાનો શોખ આ લોકોનો વધ્યો છે. આ પ્રવારામાં માછલીની પેદાસ વધે છે. આ સુંદર હિકમતનો પ્રવારો જોવાજોગ છે.

ફ્રેંચ લોક વિવેકપણામાં અને મિલનસારીમાં ઇંગ્રેજો કરતાં બહુ ચઢતા છે. બાહારની સફાઇ અને બાહારના ભભકામાં પણ તેઓ ઇંગ્રેજ કરતાં ચઢેછે. તેઓ ઘણું કરીને તકલાદી સામન વાપરેછે પણ તે ઘણો ભભકાદાર. તેઓ ઘણા મોજીલા અને શોખીલાછે. ઘણું કરીને તેઓ પોતાનાં ઘરમાં જમવા બાવાનું રાખતા નથી. ઘણાખરા મધ્યમ સ્થિતિના અને ગરીબ લોક પોત પોતાને લાયકના અને ખરચમાં પોસાય તેવાં હૉટેલ અને રેસ્તોરાંમાં જ્યારે જોઇએ ત્યારે જમી આવે.

ગમેતેવા સાધારણ માણસની જમવાની છટા જોઇએ તોપણ એમ લાગે કે મોટા રાજવંશી પુરુષો મોટા દમામથી જમવા બેઠાછે. ભોજન કરી લે એટલે તેઓને માટે વાંચવાને વર્તમાનપત્રો ટેબલ ઉપર તૈયાર પડ્યા છે. જોઇએ તેવું ઉંચું ભોજન કરવું હોય તો તેઓ હૉટેલ અથવા રેસ્તોરાંમાં કરી રાકેછે. આવી છટા અને આવું સુખ આપણા દેશીઓ ક્યે દાહાડે ભોગવશે? આંખે જોયા વિના ભોગવવાનો વિચાર તો ક્યાંથી આવે?

ફ્રેંચ લોક મુછ અને ટુંકી ડાઢી રાખેછે. અમે ઘણે ઠેકાણે ફરવા હરવા કે જોવા જતાં પણ અમારો પોશાક જોઇને કે અમને પરદેશી જાણીને અમારૂં કોઇ અપમાન કરતું નહીં હતું. એક રાત્રે અમે એક હલાયદી ગાડીમાં જતા હતા અને એક છાકટો ફ્રેંચ ઑમ્નીબસ ઉપર બેસીને જતો હતો તે અમને જોઇને કંઈ મોઢેથી બોલ્યો; પણ તરત તેને બીજા લોકોએ ધિક્કારી કાહાડ્યો.

પેરિસમાં આગબોટ કંપનીનાં કચેરી.

માત્ર મેં જોયું છે તેટલાનું જ બ્યાન કરૂં તો આખું પુસ્તક ભરાઇ જાય અને "ઇંગ્લંડમાં પ્રવાસ"નુ વર્ણન એક કોરે રહી જાય. તેટલા માટે હું માત્ર ઉપર ઉપરનીજ વાત લખી જણાવું છઉં.

ફ્રાન્સના શેહેનશાહને રેહેવાનો મેહેલ ઘણોજ તોફે અને ભભકાદાર છે. આ મેહેલને લગતો બાગ ઘણો મોટો છે. આસરે ૭૦૦ ફુટ લાંબો અને ૩૦૦ ફુટ પોહોળો છે. આ બાગમાં ઝાડ પાનની ઘટા અને રચના જોવાજોગ છે. આમાં લોકોને બેસવાની અને ફરવાની જગા રાખીછે. ઉનાળામાં બધી વરણના લોક જેઓ આખી મોસમનું ભાડું આપીને જગા રાખેછે તેઓ સાંજ સવાર નિત્ય જઇને મોજ મારેછે. તેઓ ત્યાં બેસીને કાફી પીયેછે અને વાતચિત કરેછે. બેસવાનું ભાડું લોકોપાસેથી ફ્રેંચ સરકારને દર વરસ ૩૮૦૦૦ ફ્રાંક એટલે, ૧૫૦૦૦ રૂપિયા ઉપજેછે. ફ્રાન્સમાં ફ્રાંક નામના સિકાનું ચલણ છે; અઢી ફ્રાંક એટલે એક રૂપિયો.

ઉનનાં ભરતથી માણસની આબેહુબ તસ્વીર પાડવાનું કારખાનું જરૂર કરીને જોવાજોગ છે. એને ટેપસ્ટ્રૂ (Tapestry) કરીને કેહેછે. આ જોવાને અમે ગયા હતા. અહીં ઉંચા ગાલીચા પણ બનાવેછે. આ કારખાનું દરબારને ખરચે ચલેછે; કેમકે એનો ખરચ ઘણો મોટો છે. હરએક માણસની ચામડીનાં રંગ રૂપ પ્રમાણે જુદા જુદા રંગની ઉનની દોરીઓથી તસ્વીર પાડવી એ કામ ખરેખર અચરતીભરેલું લાગેછે. આ ભરતની તસ્વીર જોઇ પ્રથમ આપણે ઠગાઈ જઇએ છઇએ અને એમ ધારીએ છઇએ કે આ તસ્વીર રંગથી હાથે ચિતેલી હશે.

આ કેમ બનાવેછે તે દેખાડેછે. હાથે પાડેલી તથા ચિતેલી છબી સામે મુકીને તે પ્રમાણે ઉનના દોરા લઇને ગુંથેછે. આ કામ બહુજ કઠણછે અને એ બનાવવામાં વખત પણ બહુ રોકાયછે. ખરચ સરકાર આપેછે માટે તૈયાર થયલો માલ સરકાર પોતે વાપરેછે અથવા બીજા દેશની સરકારને ભેટ મોકલેછે. આસરે ૧૨૦

માણસ આ કારખાનાંમાં જાયુક કામે લાગેછે; એક એક કસબીને ૬૫૦૦ થી ૩૦૦૦ ફ્રાંક દર વરસે પગારના મળેછે. આમાંથી કોઈ કસબી કામ કરવાને અશકત થાયછે ત્યારે તેને ૬૦૦ થી ૧૦૦૦ ફ્રાંક સુધી પેનશન મળેછે. અને તેની જગાએ બીજાને રાખેછે. શેહેનશાહને માટે ગાલીચા પણ આજ કારખાનાંમાં બનેછે. કોઈ કોઈ ગાલીચો તૈયાર કરવાને ૧૦ વરસ લાગેછે અને તેની કિમત ૧૫ લાખ ફ્રાંક પડેછે.

એક રાત્રે પારિસમાં અમે "સર્કસ" જોવાને ગયા. ત્યાં આસરે દસ હજાર આદમીની હદ તમાશો જોવા માટે મળી હતી. અમારો સાતે જણનો પોશાક અને જુદી જુદી પાઘડી જોઈ ઘણાખરા લોક અમારી તરફ પ્રથમ જોવા લાગ્યા. પછી ખેલ શરૂ થયો. દોડતા ઘોડા ઉપર નાચવા કુદવાની તરેહવાર કસરત ખેલાડીઓએ કરી દેખાડી. એવી કસરતો આપણા દેશમાં પણ જોઈ હતી માટે તેમાં અમને કંઈ અચરત થવા જેવું લાગ્યું નહીં.

પણ ઘોડા ઉપર કસરત થઈ રહ્યા પછી અરધા કલાકમાં એક મોટું અને જબરું પિંજરું વચમાં લાવીને એ તમાશો દેખાડનારનાં માણસોએ મુકયું. તેમાં બે મોટા ને જબરા સિંહ અને તેવાજ બે વાઘ હતા. એ ક્રૂર પ્રાણીઓનો દેખાવ વિકાળ અને ભયંકાર હતો. જરા-વારમાં એક ખેલાડી રૂપેરી ઝકઝકતો અને તંગ પોશાક પેહેરીને હાથમાં ચાબક તથા પિસ્તોલ લઈને આવ્યો. તે જાતનો ઇંગ્રેજ હતો.

પિંજરાનું બારણું ઉઘાડીને તરત તે અંદર પેઠો અને બારનું પાછું બંધ કરી લીધું. સિંહ અને વાઘને ચાબકથી ફટકાવી કાઢયા. એમના ક્રોધનો ભયંકાર પોકાર થઈ રહ્યો. અમારા પગતો થરથર ધ્રુજવા મંડ્યા. અમને એમ લાગ્યું કે આવા ક્રોધમાં આવેલાં એ ઘાતકી જનાવર રખેને પેલા ખેલાડીને ફાડી ખાય. જેવી અમને ધારતી લાગી તેવીજ તમાશો જોવા આવનાર ઘણાઓને લાગી હોય એમ માલમ પડયું, કેમકે તેઓ મોટા પોકાર મારી બોલ્યા તેનો અર્થ અમારા મોમિયાએ અમને જણાવ્યો. તે એ કે "બ્રવર તેને સલામ!

રાખે." આવો પોકાર વારંવાર નિકળતો હતો તે ઉપરથી તમારાગીરો તે બેલાડીની સલામતીની ધાસ્તી રાખતા હતા એમ માલમ પડયું.

હવે આ બાહાદુર બેલાડીએ શું કરયું તે જો. એક સિંહ તથા એક વાઘની પીઠ ઉપર ચાબકા માર્યા પછી બેઠો. જરા રહી તેની પીઠ ઉપર એક પગ મુકી ઉભો રહ્યો. ને વળી તેમને ચાબક બપાટાથી ફટકાર્યા. આ ફટકાથી બે ધાતકી જનાવરો બિહિક પામી પિંજરાનાં ડાંડકાઓ ઉપર પોકાર મારતાં મારતાં ઉભાં રહ્યાં.

તે બેલાડીએ પછી બે જનાવરની સામે એક પિસ્તોલનો બાહાર કરયો. તેથી ભયંકાર પોકાર થઈ રહ્યો. અમારૂં શરીર કંપવા માંડયું. પણ પેલો બાહાદુર બેલાડી તેજ વેળા એક સિંહના મોંહોંડાં આગળ જઈને તેનું ઉઘડેલું મોહો બે હાથે પકડીને ઉભો રહ્યો. અને પછી પોતાનું ડોકું તેનાં મોહોમાં મુકયું!! આ જોઈને અમે તો બહુ અચરત પામ્યા; અને બહુ ખુશી પામી અમારે મકાને ગયા.

હવે લંડન જવાને અમે પારિસથી તા૦ ૯ મી બેપ્રિલની સવારના નાસ્તો કરીને નિકલ્યા. રેલવેમાં બેસીને "કાલેસ" ગયા. સવારના ૯ કલાકે નિકલેલા કાલેસમાં અમે પાછલા પેહોરના બેક કલાકે પોંહોંચ્યા. અહીં આવ્યા બેટલે જાણ્યું કે ફ્રાંન્સના છેડા ઉપર આવ્યા. હવે "ડોવર" ની બાડી આવી. બેક નાહાની આગબોટ તૈયાર હતી, તેમાં અમે બેઠા. આગબોટ ઉપડી. અમે ફ્રાન્સનો કિનારો છોડયો. આ બાડી બેટલી સાંકડીછે કે સામેથી ઈંગ્લંડનો કિનારો દેખાય. આ બાડીમાં આગબોટ ઘણી ઉછાળા મારેછે.

શીતળ પવનની લેહેર આવવા માંડી. મારાં મનમાં આવ્યું કે સ્વતંત્રભૂમીની શીતલ હવાનો પેહેલ વેહેલો હું સ્વાસ લઉં છઉં. સામેથી સપેત-ખડી (ચાક) ના ડુંગર દેખાયા. આસરે ત્રણ વાગે ઇંગ્લંડ દેશની ભૂમી ઉપર અમે પગ મુક્યો. આહા !! આ વેળાએ અમારાં મનમાં કેટલો આનંદ અને હર્ષ પેદા થયો !!

આ ડોવરનો કિલ્લો હતો. અમે અહીં અરધા કલાકથી વધારે ઓઠી થયા નહીં. આગની ગાડી તૈયાર હતી. અમારો સામન તેમાં નખાયો એટલે અમે ચહડી બેઠા. ગાડી ઉપડી. સાંજના સાડા પાંચને સુમારે ઇંગ્લંડની રાજધાની લંડન શેહેરનાં ધુમાડિયાં દેખાયાં. ત્યાર પછી જરાવારમાં લંડન-બ્રિડજ-રેલવે-સ્ટેશન ઉપર આવીને અમારી ગાડી ઉભી રહી.

પ્રકરણ ૩.

લંડન અને તેનો બાહારથી દેખાવ.

તા૦ ૯ મી એપ્રિલની સાંજના આસરે પાંચ કલાકે અમે ઈંગ્લંડની રાજધાની લંડનની ભૂમી ઉપર પેહેલ વેહેલો પગ મુકયો. ઓહો આ વેળાએ અમને કેવો આનંદ અને હર્ષ પેદા થયો! તે આનંદ અને હર્ષનું વર્ણન કરવાને મને ઘટતા શબ્દ જડતા નથી. અમારા એક પારસી મિત્રને પારિસથી તારનો સંદેસો મોકલ્યો હતો; તે ભલો મિત્ર અમને ભેટવાને તથા લેવાને આ રેલવે સ્ટેશન ઉપર આવીને ઉભોજ હતો. અમે તેને મોટા હર્ષ અને પ્યારથી ભેટ્યા. અમારો સામન ઉતરીને માંડવીમાંથી પાસ થયો તેટલી વાર અમને ખોટી થવું પડયું. સવારના અમે પારિસથી નિકળેલા થાકીને લોથ જેવા થઈ ગયા હતા; તે છતાં અહીં ખોટી થતાં અમને જરાય કંટાળો ઉપજ્યો નહીં.

અમે પંદર કે વિસ મિનિટ ખોટી થયા તેટલીવાર આ લંડન બ્રિજ-સ્ટેશન ઉપરનો કારભાર જોયા કર્યો. આ કારભાર જોઇને અમારી નજર ચળી ગઈ. એક પાટીઉં ચોટેલું હતું તે ઉપર ચેતવણી લખી હતી ત્યાં અમારી નજર ગઈ. બહુજ મોટા અક્ષરે લખ્યું હતું કે "BEWARE OF PICK-POCKETS." એટલે ખિસાં-ચોરોથી ચેતતા રેહેજો. જે દેશમાં બધી જાતની કળા પૂરી ત્યાં ચોરીની અને ઠગવાની કળા પૂરી હોવી જોઇએ. કોઈ ચોર કે ઠગના સપાટામાં કોઈ નવો મુસાફર આવી ન જાય તે માટે આ ચેતવણીની અગત્ય છે. પણ કેહેવાને ખુશી છઉં કે આસરે ૬ મહિના હું વિલાયતમાં રહ્યો તેટલી મુદતમાં કોઈ દાહાડે મારાં ખિસાંમાંથી એકે વસ્તુ ચોરાઈ ન હતી.

લંડનમાં ઉતરવા વિષે.

રેલવે સ્ટેશનની બહાર "કેબ" એટલે ભાડુતી ઘોડાની ગાડી તૈયાર હોય છે. તેમાંની કોઈ પણ ગાડીમાં બેસીને આપણું ઉતરવાનું ઠેકાણું હાંકનારને આપ્યું તો તે આબાદ લઇ જઇને ઉતારશે. કોઈ મિત્રને ઘર ઉતરવું હોય તો તેનાં રેહેવાનાં ઘરનું નંબર તથા મોહોલાનું કે સેરીનું નામ જરૂર જોઇએ. અને ત્યાંસુધી કોઈ મિત્રને ઘર ઉતરવા ન જવું. કેમકે આ દેશમાં રેહેવાની રૂઢી ને છટા આપણાં દેશ કરતાં બહુ જુદી છે. આપણે આપણું ઘર કીએ ત્યાં સુધી હૉટેલમાં રેહેવું એ દેશના રેવાજને વધારે અનુકુળ પડેછે, એટલુંજ નહીં પણ તમારા મિત્રને અનેક પ્રકારની અડચણમાં નાખતા તમે અટકશો. તેમ કરતાં મિત્રને ઘેર ઉતરવું હોય તો તે વિષે તેને અગાઉથીજ ખબર મોકલવી જોઇએ.

આ મોટાં શેહેરની મોટી વસ્તી છતાં અહીં ભાડુતાં ઘર મળ- મુશ્કેલી પડતી નથી. મુંબઈ મધ્યે આ બાબદમાં હાલ અડચણ ભમવી પડેછે તેમ અહીં નથી. અલબત જ્યાં શ્રીમંત અને વૈભવી લોકો રેહેછે ત્યાં રેહેવાને ભાડું ઘણું પણ જ્યાં મધ્યમ કે મધ્યમ સ્થિતિના લોકો રેહેછે ત્યાં મુંબઈના હાલનાં ભાડા કરતાં સસ્તું પડેછે. ઘર ભાડે આપવા માટે ઠેકાણે ઠેકાણે આડવિયાઓની દુકાન છે. ત્યાં પુછ- વાથી સણગાર અને સામત સુધા અથવા ખાલી ઘર સેહેલાઇથી ભાડે મળી શકેછે. જતુક કે બહુ લાંબી મુદત સુધી રેહેવું ન હોય તો સણગાર ને સામત સુધા લેવામાં ફીક પડેછે. કેમકે આપણે ઠરેલો સણગાર સામત અદાલ કરીને આપણું ઘર "ફર- નીશ" કરીએ તો પાંચ હજાર રૂપિયાથી પચીસ હજાર રૂપિયાનો ખરચ થાય. પણ તેમ વળી આ પણ વાત ધ્યાનમાં રાખવી કે ભાડે રાખેલો સણગાર સામત વાપરવામાં કંઈ નુકસાન કે બગાડ થાય તો તેનું દામ એટલું આપવું પડે કે તે મોંઘું પડે.

HINDU TRACT-SELLER IN LONDON.

લંડનમાં ચોપડી વેચનાર બંગાલી.

અમે ક્યામડન ટૌનમાં એક ઘર ભાડે રાખ્યું હતું. તે સણગાર ને સામન સુધાં હતું. તેમાં એક દિવાનખાનું; એક જમવા બેસવાનો ઓરડો; એક રસોડું; સુવાના બે મોટા અને ચાર નાહાના ઓરડા; એક નાહાવાની ઓરડી; આટલો બધો સમાસ. તે ઉપરાંત આગળ તથા પાછળ ઝાડપાન માટે ફાલતુ જગ્યા. તેમાં કોચ, ખુરસી, ટેબલ, ટુંમર, આરસા, કબટ, ગલિચા, વાજીંત્ર, છપર-પલંગ, તલાઈ, ચાદર, ઓઢાળ, ગરમ બનુસ, ટૉવેલ એટલે અંગુચા ઇત્યાદિ સામન ને સણગાર. આ બધાનું ભાડું દર મહિને અમને આસરે ૧૨૫ રૂપિયા બેસતું હતું. હાલ મુંબઈમાં બાલી ઘર પણ એટલે ભાડે મળવું કઠણ છે.

જેને જાતીભેદની દરકાર ન હોય અને જેમ બને તેમ થોડે ખરચે રેહેવું હોય તો કોઈ બાનગી કુટુંબ સાથે બંદોબસ્ત કરવામાં ઘણો ફાયદો થશે. દર અઠવાડિયે ઠેરવેલો ભાવ આપીએ તો સુવા બેસવાનો ઓરડો તથા બાવા પીવાનું પુરૂં પાડનાર લંડનમાં ઠેકાણે ઠેકાણે આબરૂવાળાં બાનગી કુટુંબ મળી આવેછે. બાવાપીવામાં મધ્યમપણે રેહેવું હોય તો દર મહિને રેહેવા તથા બાવાપીવાનો ખરચ ૬૦ રૂપિયાથી વધારે થશે નહીં. એટલા ખરચે મધ્યમ સ્થિતિના ગૃહસ્થ પ્રમાણે રહી શકાય. એવાં બાનગી કુટુંબ સાથે રેહેવાથી સુધરેલા લોકોની રહી તથા છટા બરાબર જાણવામાં આવશે. પણ રેહેવા જવાની અગાઉ તે કુટુંબની આબરૂ વિષે સારે ઠેકાણેથી બાતરી કરી લેવી જોઈએ.

છેક ગરીબ અવસ્થામાં રેહેવું હોય તો તેમ પણ થઈ શકે. "એેરિયાટિક-હોમ" નામની ધર્મશાળા આપણા દેશ તરફના ગરીબ મુસાફરોને માટે બાંધીછે. આ ધર્મશાળા આપણા દેશની ધર્મશાળાઓ કરતાં વધારે સારી છે. એમાં ઉતારો કરનારનાં સુખ માટે રૂડી ગોઠવણ છે. જાતીભેદ પાળનાર હિંદુ રાંધવાની જુદી જગા માગે તો તેમ તેને આપવામાં આવેછે. એમાં અડચણ એટલીજ છે કે તે બલાસી-વાડામાં છે અને તે લન્ના તરફ હલકા

અને ગરીબ લોકો રહેછે. આ ધર્મશાળાનો લાભ પૂર્વ તરફના ખલાસી ઘણું કરીને લેયછે. એમાં રહેનારને ખાવા-પીવાનો તથા રહેવાનો ખરચ તેની મરજી પ્રમાણે થાયછે. વધુમાં વધુ દર મહિને ૨૫) રૂપિયા બેસેછે. ધર્મશાળાના ઉપરી તરફથી પરદેશી દાખલ રૂડી અને જરૂરની સલા મળેછે. એક ગરીબ બંગાલી આ ધર્મશાળામાં રહેતો હતો તે લંડન મધ્યે રસ્તામાં નાહાની ચોપડીઓ વેચી પોતાનું ગુજરાણ ચલાવતો હતો.

લંડનનો દેખાવ

લંડનનો દેખાવ પારિસના જેવો સુંદર નથી તે છતાં કેટલીએક વાતમાં એના જેવો દેખાવ પારિસમાં કે કોઈ બીજે ઠેકાણે નથી. ઘર અને રસ્તાનો દેખાવ પારિસથી ઉતરતોછે, પણ લોકોનો ઉદ્યોગ અને આવજાવ, લોકોની ભીડ અને ઠઠ જોઈ અમારી નજર છક્ક થઈ ગઈ. કેહેછે કે એવો ઉદ્યોગ અને એવી ભીડ પૃથ્વીના કોઈ ભાગમાં નથી.

ઘરો ઉપર ધુમાડિયાંના લાલ ભુંગળા છાપરાંની બાહાર નિસરેલાં ચોતરફ દેખાય છે. તેમાંથી ધુમાડો નિકળેછે. એ ધુમાડિયાંમાંથી ધુમાડો આખાં શેહેરમાં ઘણો પસરેછે. ધુમાડાથી ઘરનો રંગ કાળો મારી જાય છે. એટલો બધો ધુમાડો પસરેછે કે આખો દાહાડો બાહાર ફરીને સાંજે ઘર જઈ મોહો ધોઈએ તો કાળો રંગ હાથ ઉપર દેખાય. પ્રથમ મને એમ અચરત લાગ્યું કે મારાં મોહો ઉપર એટલી મેસ કે સાબુ કોણે ચોપડી? જે શેહેરમાં એટલો ધુમાડો ફેલાય ત્યાં બાહારનો દેખાવ કાળાસ ઉપર માર્યા વગર રેહેજ નહીં.

તેછતાં ઘરોની બાંધણી અને રોણક તથા હારબંધ દુકાનોની રચના અને શોભા કંઈ જેવી તેવી નથી. એ જોવાથી રસ્તે ચાલનારનું મન ખુશ ખુશ થઈ જાય. ઑમ્નિબસ ગાડીમાં છત્ર ઉપર બાહાર બેસીને મુખ્ય ચોરી રસ્તા ઉપર ફરવા નિસરીએ તો લંડ-

લંડનનો દેખાવ.

(B)

LONDON FROM BLACKFRIARS BRIDGE.

નનો બાહારનો દેખાવ નજરે પડશે. એક એપ લંડન-બ્રિજથી તે બેસ-વૉટર સુધી; બીજી એપ બેસ-વૉટરથી તે પાર્લામેંટના મેહેલ સુધી; અને ત્રીજી એપ પાર્લામેંટના મેહેલથી તે રીજંટ-સ્ટ્રીટના નાકાં સુધી લીધી હોય તો લંડન શેહેરનો બાહારનો દેખાવ અને ભભકો જોવામાં આવશે. તેમજ વળી ટેમ્સ નદીમાં એપ કરનારી બાગબોટમાં બેસીને લંડનની ગોદીથી તે બાટરસી-બ્રિજ સુધી એક એપ મારી હોય તો લંડનની કેટલીએક નામીચી ઈમારતોનો બાહારનો દેખાવ જોવામાં આવશે અને જીવને ઘણો આનંદ ઉપજશે.

વસ્તી અને વિસ્તાર.

લંડનની વસ્તી મોટી અને વિસ્તાર બોહોળોછે. ઠેકાણે ઠેકાણે માણસોની મોટી ભીડ અને ઠઠ જોવામાં આવેછે. જાણે કે મોટી જાતરામાં મોટો મેળો ભરાયો હોય. લંડન બ્રિજ-આગળ તથા "બ્યાંક ઑવ ઇંગ્લંડ" આગળ ભીડનો કંઈ સુમાર નથી. લંડન-બ્રિજ ઉપરથી આખ્યા દાહાડામાં આસરે ૧ લાખ ૧૦ હજાર માણસનો તથા ૨૦ હજાર ગાડીઓનો નિત્ય આવજાવ થાયછે, એ ઉપરથીજ એ ભીડનો વિચાર આવશે. કેટલેએક ઠેકાણે એવી ભીડ કે આપણો રસ્તો કરવાને વિલંબ લાગે. કોઈ કોઈ ઠેકાણે ભીડ ઓછી પણ જ્યાં જઈએ ત્યાં ભીડ ખરીજ. તમે જોઈએ તો હાઈડ પાર્કમાં ફરવા જાઓ; જોઈએ તો બિલોરી મેહેલમાં જોવા જાઓ; જોઈએ તો બ્રિટિશ મ્યૂઝીયમમાં જાઓ કે જોઈએ તો કોઈ નાટક શાળામાં જાઓ પણ જ્યાં જશો ત્યાં મોટી ભીડ દેખાશે. લંડનમાં બધી મળીને આસરે ૩૦ લાખ આદમીની વસ્તી ગણવામાં આવીછે. આવી મોટી વસ્તી દુનિયામાં બીજે કોઈ ઠેકાણે નથી.

આ મોટાં શેહેરની મોટી વસ્તીનો કંઈક વિચાર આણવાને આટલું જાણવું જરૂર છે કે "લંડનમાં ૨૪૦૦ સરકારી સનદવાળા ડાકટર છે. આસરે ૩૦૦૦ થી વધારે વકીલ છે. આસરે ૪૦૦૦

બારિસ્ટર છે. ૩૦૦૦ મોચી ને ૩૦૦૦ દરજી છે. ૨૫૦૦ પોશાક વેચનાર કાપડિયા છે. ૧૫૦૦ દૂધ વેચનારા છે. ૧૫૦૦ બાનગી નિશાળ છે. ૪૦૦૦ દારૂનાં પીઠાં છે. ૨૫૦૦ કરીયાણું વેચનાર (કેમિસ્ટ) છે."*

આ મોટાં શહેરની મોટી વસ્તી પ્રમાણે વિસ્તાર પણ મોટો છે. લાંબા ને લાંબા ચાલ્યા જઈએ ને એમ લાગે કે લંડનનો છેડો નથી. "આસરે ૧૨૦ સ્કોરસ માઇલમાં લંડન ફેલાઈ ગયું છે. તેમાં ૧૦૦ થી વધારે કસબા અથવા ગલ્લા આવી ગયા છે."† ઠેઠ સાત માઇલે એક છેડાથી બીજા છેડા સુધી, ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ દિશાએ ચાલીએ જઇએ ત્યાં સુધી લંડન ખુટે નહીં. વસ્તી અને વિસ્તાર ઉપરથી આપણાં મનમાં આવ્યા વિના રહેજ નહીં કે આ બહુ જબરૂં શહેર છે. ને ખરેખર કેટલાએક લખનારાઓએ તેવુંજ નામ આપ્યું છે. "MIGHTY LONDON" એટલે "જબરૂં લંડન" તેઓ કહેછે.

રસ્તા અને ચોક.

કેટલાએક રસ્તા અને ચોકનો દેખાવ જોવાજોગ છે. રસ્તા ઘણું કરીને મોટા અને ફરસબંદીછે. ગાડી ઘોડા ચાલવાના રસ્તા ઉપર જાડી ઈંટના જેવા પથર ઉભાને ઉભા ખોસીને જડી લીધાછે. રસ્તાની બેઉ કોરે ચાલવાને માટે મોટા પથરાઓની લાદી ઘસીને જડી લીધીછે. આ ઉપર ચાલવાની મજા પડેછે. ઠંડી ઋતમાં જ્યારે બંધાઈ ગયલું પાણી જેને "સ્નો" કહેછે તે પડેછે ત્યારે આ ઉપરથી ચાલતાં કેટલાએકના પગ લપસી જાયછે. નવા ચાલનારા કેટલીએક વાર પડી જાયછે. ઝીણો ઝીણો વરસાદ વરસની બધી ઋતમાં પડેછે તેથી રસ્તા સાફ કરવાને બ્રશનાં જેવું ઝાડું વાપરેછે.

ધોરી રસ્તા સિવાય સેરી અને ગલી એટલી બધીછે કે જુલા

* મરેઝ લંડન ગાઈડ. † રેનોલ્ડસ લંડન ગાઈડ.

રીજંટ સ્ટ્રીટમાં ઇમારતનો દેખાવ.

(a)

પડ્યા વગર રહીએ નહીં. કેટલાએક દિવસ ખબર પડે નહીં કે ફલાણા રસ્તા ઉપર થઈને ફલાણી સેરીમાં કે પોલમાં આપણે ગયા હતા કે નહીં. લંડનના નકસા જોઇએ તેટલા મળેછે તેમાંથી એક લઈને ધોરી રસ્તા સમજી લેવા જોઇએ. પણ ઘણા દિવસ રહ્યા વગર અને અહીં તહીં રજલ્યા વગર લંડનની સેરી તો શું પણ ધોરી રસ્તા પણ ધ્યાનમાં રેહેજ નહીં. ધોરી રસ્તા, સેરી અને ગલી મલીને આસરે ૧૨૦૦૦ હશે. ત્યાં ઘણી મુદતના રેહેનારે જે રસ્તો કોઈ દાહાડે જોયો ન હોય તે રસ્તા ઉપર તે આવી પડે તો તે પણ ગુચવણમાં પડી જાય.

કેટલાએક રસ્તા લંબાઈ તથા પોહોળાઈમાં ઘણા મોટા છે. પાંચ પાંચ કે છ છ મોટી ગાડી એક બીજાને અથડાયા વગર સમાઈ જાય એવડા પોહોળા છે. તે ઉપરાંત બેઉ કોરે ચાલવા હાલવા માટે પગના રસ્તા રાખ્યાછે. સેરી કે ગલીના રસ્તા ઘણા પોહોળા નથી; ને કેટલાએક સાંકડા પણ છે. સઉથી સરસ મોહોલો "રીજંટ સ્ટ્રીટ" નામનો છે. તે લંબાઇમાં આસરે એક માઇલ છે. આ રસ્તા ઉપરનો દેખાવ બહુજ ખુબસુરત છે. ઑક્સફર્ડ સ્ટ્રીટ તથા ન્યૂ-રોડ નામના બીજા બે મોટા અને ધોરી રસ્તા પણ ઘણા મોટા અને શોભામાં રૂડાછે. એક ૧॥ માઇલ અને બીજો ૩ માઇલ લંબાઈમાં છે.

કેટલાએક ચોક ઘણા ખુબસુરત અને જોવાજોગ છે. ચેરિંગ ક્રૉસ તરફ ટ્રફાલગર સ્કવેર નામનો ચોક છે એનો બાહાર તથા દેખાવ બહુજ ખુબસુરત છે. એ ચોક આગળ સાંજને વખત જરા વાર ઉભા રહ્યાથી જીવ ખુશ ખુશ થઇ જાયછે. આ ચોક આગળ ઘણા સુંદર ફુવારા ઉડેછે; કેટલાએક વિખ્યાત પુરૂષોનાં સુંદર પુતલાં છે અને ૧૪૫ ફુટ ઉંચા સ્તંભ ઉપર નેળસનનું પુતળું ઉભું રાખ્યું છે. આ તરફ ઇમારતનો દેખાવ પણ જોવાજોગ છે. સ્તંભ આગળ ફુવારાની સામે નજર કરી ઉભા રહીએ તો સામેથી ન્યાશનલ ગ્યાલરી તથા સોસાયટી ઑવ આર્ટસની સુંદર ઇમારત

દેખાય; એક પડખે હૉટેલ તથા દેવળની ઇમારત દેખાય અને બીજે પડખે "ક્લબ હૌસ" દેખાય. આ ચોકના જેવી શોભા લંડનમાં કોઈ ઠેકાણે નથી.

વિલાયતમાં કેટલાએક રસ્તા તથા પુલ ઉપર "ટોલ" એટલે ચીલો લેયછે અને ગાડીને જતાં અટકાવીને તરત એક પેની કે બે પેની માગેછે. ઑમ્નિબસ ગાડીની કંપનીવાળાઓ ચીલો લેનાર કંપની સાથે બંદોબસ્ત કરી રાખેછે તેથી એ ગાડીઓને અટકાવ કરતા નથી. કેટલેએક ઠેકાણે પગે ચાલનાર પાસેથી પણ ચીલો લેયછે. સુધરેલા દેશમાં આવી અડચણથી અચરતી તથા કંટાળો ઉપજેછે. કેટલીએક કંપનીઓ રસ્તા કે પુલ બાંધેછે તેઓ કેટલીએક મુદત સુધી ચીલો લેવાને સરકાર સાથે બંદોબસ્ત કરી રાખેછે.

જે ઠેકાણે ગાડી ઘોડાનો માર ઓછો છે તે ઠેકાણે ફરસબંધી રસ્તા નથી. આપણા દેશ જેવા સાદા રસ્તા છે. કેટલીએક સેરી ઘણી સાંકડી છે તેમાંથી બે ઑમ્નિબસ અથડ્યા વગર મુશ્કેલીથી પાસ થઇ શકેછે. એવી સાંકડી સેરીના મોહોલ્લામાં ત્યાંના ગરીબ અને કંગાળ લોકો રહેછે. તેમની દુકાનોનો દેખાવ પણ તેવોજ કંગાળ લાગેછે.

ગાડી અને ઘોડા.

શહેરની વસ્તી પ્રમાણે ગાડી ઘોડા ઘણાછે. આપણા દેશ જેવા બળદના ખટારા મુદલ નથી. માલ ભરવાના ગાડામાં પણ ઘોડા વાપરેછે. માલ ભરવાના ગાડામાં કદાચ ખચ્ચર અથવા ગધેડું વાપરે પણ બળદ મુદલ વાપરતા નથી. માણસની ખાંધ ઉપર પાલખીમાં કે ડોળીમાં બેસવાનો રેવાજ આ દેશમાં છેજ નહીં. મુંબઇના જેવા નઠારા અને રેઢીયાળ રહેંકડા કે ખટારા અહીં મુદલ જણાતા નથી.

લંડનમાં ગાડીઘોડાનો જબરો આવજાવ ચાલેછે. ચૌરી રસ્તા ઉપર દાહાડો આખો ગાડીઘોડા ફરફર કર્યા કરેછે. આખો દાહાડો

ધડધડ ધડધડ ભરેલા તેમના અવાજથી પ્રથમ આપણા કાનને ત્રાસ-ભરેલો કંટાળો ઉપજેછે. સેંટ પૉલના દેહેરાં ઉપરથી ગાડીઘોડાનો અવાજ સાંભળ્યો હોય તો એક મોટો રૅટ ધડડડડડ અવાજથી ફરતો હોય એમ લાગે. બ્હાનગી તથા ભાડુતી ગાડીઓ બહુ ફરેછે. ભાડુતી ગાડી પણ ઘરની હોય એવી રૂડી દેખાયછે. તેમાં ઘોડા ઘણા જોરાવર અને કદાવર જોવુછે. માલ ખેંચવાના ગાડામાં પણ ઘોડા ઘણા મોટા ને કદાવર વાપરેછે. આપણી મુંબઇના ભાડુતી ઘોડા તેમની આગળ સાવ મુડદાળ લાગે. ભાડુતી ગાડી બે જાતની છે; એક ઑમ્નિબસ અને બીજી કૅબ.

ઑમ્નિબસ.

ઑમ્નિબસ ઘણી મોટી હોયછે. તેની માંહે તથા તેની છતર ઉપર લોકો બેસેછે. એક એક ઑમ્નિબસમાં ૨૪ થી ૩૬ માણસ એકદમ બેસી શકેછે. માંહે સામસામે અને ઉપર અડોઅડ પિઠ ફેરવીને હારબંદ બેસેછે. આટલાં બધાં માણસો બેસવા છતાં તેમાં બે કે ચાર ઘોડા જોવુછે. ઘણાખરા લોકો ઑમ્નિબસના આગલા અક્ષર બાદ જઈ "બસ"નાં નામથી ઓળખેછે. "બસ"થી લોકોને ઘણુ સસ્તું અને સવળ પડેછે. એમાં નિત્ય હજારો માણસ આવજાવ કરેછે. ધોરી રસ્તાઓ ઉપર ટેકાણે ટેકાણેથી દસ દસ મિનિટે કે ૧ા પા કલાકે ઑમ્નિબસ પાસ થાયછે. કઇ "બસ" કયે કયે રસ્તે થઇને આવનારી તથા જનારી છે તે "બસ"ની બાજુઓ ઉપર લખ્યું હોયછે. એનું છેલ્લું મુકામ ક્યાં જવાનું તથા આવવાનું છે તે મોટા અક્ષરે લખ્યુંછે. આ ગાડી એટલી સસ્તી પડેછે કે લંડનમાં એક નાકેથી બેસીએ તો ૩ઠ બીજે નાકે ઉતરીએ તેછતાં ૬ પેની એટલે ચાર આનાથી વધારે ભાડું બેસતું નથી.

બધી મળીને ૬૫૦૦ ઑમ્નિબસ લંડન શેહેરમાં ફરેછે. સવારના

આઠ વાગતાથી ફરવા માંડેછે તે રાતના બાર વાગા સુધી. ઘોડા વખતે વખત બદલાયછે. જુદી જુદી કંપનીઓ ઉભી થઇને આ ગાડીઓનું કામ ચલાવે છે. તેઓને ૪ કે ૬ આનાનું વ્યાજ છુટતું હોય એમ મને લાગતું નથી. પણ રૈયતનાં સુખને માટે તેઓ આ કામ ચલાવે તથા નીભાવેછે. આપણે જે ઠેકાણે જવું હોય તે ઠેકાણાની ઑમ્નિબસ ઓળખી ન રાકીએ તો હાંકનારને અથવા "પાછળ ઉભીને ગાડીમાં બેસાડનાર"ને આપણી જગાનું માત્ર નામ સંભળાવવું. તે જગાએ જવાની હશે તો તરત ઉભી રાખીને તમને બેસાડશે. ચાલતી ગાડીને ઉભી રાખવા માટે સાદ પાડવાની જરૂર નથી; માત્ર તમારો હાથ તેની તરફ જોઇને ઉંચો કરો એટલે તરત હાંકનાર ઉભી રાખશે.

ચાલતી ઑમ્નિબસમાં લોકો ઝટોઝટ બેસી જાયછે અને બાહાર છતરી ઉપર ચહડી જાયછે તે દેખાવ જોવાજોગ છે. ઑમ્નિબસનાં "ટૉપ" ઉપર ચહડીને બેસવાને પ્રથમ જરા બિહિક લાગેછે, પણ બેચાર વખત બેઠા એટલે પતીજ આવેછે. વરસાદ ન હોય અથવા બહુ તાઢ ન હોય તો બાહાર બેસવાની મઝાં પડેછે. સ્ત્રીઓથી તથા નબળા પુરુષોથી ટૉપ ઉપર ચહડીને બાહાર બેસી રાકાય નહીં; માટે અંદરની જગા તેઓનાજ લાયકની ગણાયછે. તેછતાં કોઈ જુવાન પુરુષની મરજી માંહે બેસવાની હોય તો કોઇથી ના પાડી રાકાય નહીં. માહે જગા ભરાઈ ગઈ હોય અને કોઈ સ્ત્રી બેસવાને આવે ત્યારે તેમાંથી એકાદ જણ ઝટ પોતાની મેળે ખુશીથી બાહાર નિસરીને ઉપર બેસે. આવી રીતે એ લોકો અબળા જાતનું માન રાખેછે.

ઑમ્નિબસમાં ચોટાડેલી અનેક પ્રકારની જાહેર ખબરોથી તેમાં બેસનારનું મન બેચાયછે. ગાડીની અંદર તરેહવાર જાહેર-ખબરના સુંદર કાગળ ચોડાડેલા હોયછે. "ફલાણો માલ ફલાણે ઠકાણે વેચાયછે";—"થોડે પૈસે તમારું પોતાનું ઘર કરવું હોય તો ફલાણી કંપનીને મળો" ઇત્યાદિ જાહેર-ખબર દરએક ઑમ્નિબસમાં મારેલી દેખાશે. આ જાહેર-ખબર મારનારાઓ પાસેથી ઑમ્નિબસની

કંપનીવાળાઓ ઠેરવેલો ભાવ લેયછે અને આ રીતે પણ તેમની પેદાસ વધેછે. ભાડું ચુકવવાની બાબદમાં ઑમ્નિબસમાં બેસાડનારની ચાળાકી જોવાજોગ છે. ચોવીસથી છત્રીસ માણસોમાં ફલાણું માણસ કયે ઠેકાણેથી ચઢ્યું તે બરાબર ધ્યાનમાં રાખેછે અને તે ઉતરેછે ત્યારે તે પ્રમાણે તેની પાસેથી ભાડું માગેછે.

ભાડુતી આંગત ગાડી કરવી હોય તો કયાબ ઠીક પડેછે. કયાબ બે જાતની આવેછે. એક 'બ્રોહમ'ના ઘાટની, બીજી બગી ઘાટની પાછળથી હાંકવાની. તેને "હાંડસમ" અથવા "ફલાર્ઘ" કેહેછે. હલકી હોવાથી તે બહુ ઉતાવળી દોડેછે. આ બંને જાતની ભાડુતી ગાડી ઠેકાણે ઠેકાણે મળેછે; અને એક માહલિના ચાર આના જેટલું ભાડું લેયછે. મુંબઈની રેઢીયાળ બગીનું ભાડું આ "બ્રોહમ" કે "હાંડસમ" જેટલુંજ આપવું પડેછે તે સાથે મુંબઈના બગીવાળાનો મિજાસ સાચવવો પડેછે. લંડનના ભાવે મુંબઈમાં લંડન જેવી રૂડી ગાડી ન મળે એ અચરજની વાત લાગેછે. લંડનમાં આસરે ૫૦૦૦ કયાબ ફરતી ફરેછે.

મોટા શ્રીમંત લોકોની ગાડી ઘણી ભભકાદાર હોયછે. હાઈડપાર્કમાં શ્રીમંત લોકો ફરવા નિસરેછે અથવા રીજંટ–સ્ટ્રીટ વગેરેના મોહોલ્લાઓમાં તેમની સ્ત્રીઓ દુકાન ઉપર ખરીદ કરવા જાયછે અથવા રાતના જ્યારે તેઓ ઑપેરા કે નાટકશાળામાં જાયછે ત્યારે તેમની ગાડીઓનો બાહાર જોવાજોગ છે. મુંબઈના જોવી બગી અને શિબ્રામ નજરે પડતી નથી. મોટી બ્રોહમ, અને ફેટન ઘાટું કરીને ત્યાંના શ્રીમંતો વાપરેછે.

મોટા શ્રીમંતો વગર કોઈ પોતાની ગાડી ઘાટું કરીને રાખતા નથી. જેઓને આપગે એક કે બે લાખ રૂપિયાની આરામી ગણાએ અથવા હજાર બારસો રૂપિયાની દરમહિને જેઓની પેદાસ જાણીએ તેઓ પણ પોતાની ગાડી ઘાટુંકરીને રાખતા નથી. ગાડી રાખવાનો ખરચ મુંબઈ કરતાં વધારે થાયછે—આસરે દરવરસે ૩૬૨૦૦ થી ૧૬૦૦ એક ગાડી તથા ઘોડાનો બેસેછે. એ ખરચ ન ખમી શકાય

તેટલો નથી તેછતાં તેઓ પોતાની ગાડી રાખવાની જરા દરકાર રાખતા નથી. કેમકે ભાડુતી ગાડીથી તેઓની બધી ગરજ સરેછે.

મુંબઇમાં ૨૦૦ કે ૨૫૦ રૂપિઆ દરમહિને પેદા કરનારને અથવા વિસ કે પચીસ હજાર રૂપિઆના આસામીને ઘરની ગાડી રાખવાની જરૂર પડેછે, કેમકે ભાડુતી ગાડીથી તેમની ગરજ પૂરી પડતી નથી. પોતાનાં કુટંબ કબીલાને ત્રીજે કે ચોથે દાહાડે બાહાર મોકળવાની જરૂર પડી તો ઘરની ગાડી વગર બળદનો ખટારો અથવા ત્રણ કે ચાર રૂપિઆ ખરચીને "તબેલાની ખટારા જેવી શિગ્રામ" વગર બીજી તેઓના "મોભા" પ્રમાણેની ગાડી મળતી નથી. વળી તેઓ જો પોતાના રોજગારની જગાથી બા કે ૨ માઇલ કરતાં જરા વધારે દૂર રેહતા હોય તો રેઢીયાળ બગી પણ જ્યારે જોઇએ ત્યારે મળવી કઠણ પડેછે. વિલાયતમાં આવી અડચણ છેજ નહીં. જોઇએ તો સાત માઇલની વેગળાઇ ઉપર રેહેતા હોઇએ તોપણ ભાડુતી ગાડી ઘણી સેહેલાઇથી મળી શકેછે. અને તે વળી એવી કે ઘરની ગાડી જેવી.

એક જગાથી બીજી જગાએ જવા આવવાનું ઘણું સુખ અને સેહેલું છે. જેઓને જોઇએ તેઓ કયાબમાં બેસે કે ઑમ્નિબસમાં. આ ઉપરાંત શેહેરમાં જગાએ જગાએ રેલવેની ગાડી ફરેછે. કેટલેએક ઠેકાણે રેલવેની ગાડી જમીન ઉપર અને કેટલેએક ઠેકાણે જમીનની અંદર ભોંયરાંમાં. હરએક સ્ટેશન ઉપરથી દસ દસ મિનિટે અથવા ૧૦ ૧૦ કલાકે ટ્રેન દોડેછે. એક ટ્રેન ચુકયા તો દસ કે પંદર મિનિટ પછી બીજી તયાર. ભોંયરાંમાંથી આગની ગાડી ચાલે છે તેને "અંડરગ્રૌંડ રેલવે" કરીને કેહેછે. ઉપર ઘર અને મોહા ખાઓ અને માણસો; નીચે "ટનલ"ની પેઠે ભોંયરૂં ખોદીને રેલવે મુકેલો. તેમાં અંધારૂં તેથી દાહાડે પણ ગાડીમાં ગ્યાસના દીવા બળેછે. પાંચ કે સાત વખત હું આ "અંડરગ્રૌંડ રેલવે"માં બેસીને શેહેરના એક ભાગમાથી બીજા ભાગમાં ગયો છઉં.

આ ઉપરાંત નદીમાં નાહાની નાહાની આગબોટ દાહાડો આખો ફરેછે અને એક પેનીમાં એક ઠેકાણેથી બીજી ઠેકાણે ઉતારેછે. વારને

એક ડેકાણેથી બીજે ડેકાણે લંડનમાં જવા આવવાનું સુગમ અને સેહેલું છે. તમારે જોઇએ તો ક્યાબમાં કે ઑમ્નિબસમાં બેસો. કોઈ રેલવેનું સ્ટેશન પાસે પડતું હોય તો રેલવેની ગાડીમાં અથવા નદીની આગબોટ પાસે પડતી હોય તો તે આગબોટમાં બેસીને જાઓ. એક ઑમ્નિબસ ચુકયા અથવા એક રેલવેની ગાડી કે નદી ઉપરની આગબોટ ચુકયા તો દસ કે બાર મિનિટમાં બીજી તમારે વાસ્તે તૈયારછે. તરત અને તાકીદથી જવું હોય તો ક્યાબ ઉભીજ છે.

દુકાન અને બજાર.

લંડનનો બાહારનો દેખાવ સુંદર દુકાનોથી બહુ દીપી નિકલેછે; આ દુકાનોનો બાહાર અને ભભકો બરાબર જોવો હોય તો ગાડીમા બેસવા કરતાં પગે ચાલતાં જવું. મોટા મોટા મોહોલ્લાઓમાં એક નાકેથી બીજાં નાકાંસુધી સુંદર અને ચકચકિત દુકાનોની હાર લાગી રહીછે. દુકાનોમાં વેચવાની જણસો એવી રીતે ગોઠવીને મુકેછે કે તે જોવા તરફ આપણું મન ખેંચાયા વિના રેહેજ નહીં. ચાલતાં જઇએ અને જોતાં જઇએ પણ આપણું મન ધરાય નહીં. દુકાનોનો સણગાર ને સામન જોઈને ચાલવામાં થાકને બદલે ખુશી ઉપજેછે. દુકાનોનો પૂરો બાહાર અને ભભકો જોવો હોય તો રાતની વેળાએ તમે જોશો. કેમકે ગ્યાસના દીવાથી દુકાનો બહુ દીપી નીકલેછે એટલુંજ નહીં પણ દુકાનદારોને ધરાકી પણ રાતની વેળાએ વધારે હોયછે.

દુકાનોની બાહારથી દુકાનદારોનાં નામનાં સોનેરી હારફમાં લખેલાં પાટિયાં મારેલાં દેખાયછે. તે સાથે વળી તે દુકાન ઉપર કઇ જાતનો માલ વેચાયછે તેની નિશાની પાડેલી હોયછે. જેમ કે કોઈ દુકાન ઉપર ચસમાં ટાંગેલાં. તે ઉપરથી કહી શકાય કે ચસમાં, દુરબીન અને જોવાના કાચ વગેરે આ દુકાન ઉપર વેચાતા હશે. કોઈ દુકાનનાં મોહો આગળ ગેટાનું બચ્ચું ટાંગેલું તે ઉપરથી એ દુકાને ગરમ કપડાં વેચાતાં હશે એમ માલમ પડે. કોઈ દુકાન આગળ છત્રી ટાંગેલી તે ઉપર વરતાય કે અહીં છત્રી વેચાતી હશે. કોઈ દુકાન

ઉપર બૂટ ટાંગેલું તે ઉપરથી જણાય કે અહીં બૂટ વેચાયછે. કોઈ

ફળ વેચનારની દુકાન ઉપર પાટીયું.

દુકાન ઉપર ફૂલનો આકાર પાડેલો તે ઉપરથી કેહેવાય કે અંહી ફૂળ વેચાયછે. આ પ્રમાણે બાહાર મુકેલી નિશાની ઉપરથીજ ફલાણી દુકાને શું માલ વેચાતો હશે તે કહી શકાય. એવી નિશાનીઓથી રસ્તે ચાલનારનું મન તે દુકાન તરફ ખેંચાય એ મુખ્ય મતલબ હોયછે.

ઝવેરીની દુકાન, ઘડીયાળીની દુકાન, ચોકસીની દુકાન, સોના-રૂપાથી રસેલા સામણ વેચનારની દુકાન, કાફી પીવાની દુકાન, દારૂ પીવાની દુકાન–આ બધી રાતની વેળાએ ઘણોજ બાહાર આપેછે. કાપ-

દરજીની દુકાન

ડીયાની દુકાન તથા કરીયાણું વેચનાર કેમીસ્ટની દુકાન કાંઈ ઓછો બાહાર આપતી નથી. દરજીની કે હજામની દુકા-નનો ભભકો કંઈ ઓછો નથી. આ અને બીજી બધી દુકાનો રાતની વેળાએ ખૂબ બીલી

નિકલેછે. આપણા દેશમાં કાપડ વેચનારની તથા કરીયાણું વેચનાર ગાંધીની દુકાનનો મુકાબલો આ દુકાન આગળ મુદલ થઇ શકેજ નહીં. જેટલો ગધેડાં અને ઘોડામાં ફેર એથી વધારે ફેર સમજવો. બીજી તરકારી વેચનારની દુકાન અથવા બાટકીની દુકાનની સફાઇ જોઇને અચરતી ઉપજે. આવી દુકાન પણ જ્યારે સુંદર અને સુશોભીત લાગેછે ત્યારે બીજી દુકાનો કેવી લાગતી હશે તેનો વિચાર તમેજ કરી લો.

ગોશ વેચનારની દુકાન.

સારાંસ દુકાનોની શોભા અને રચના વધારવામાં વિલાયતના લોકો કંઇપણ કસર કે મણા રાખતા નથી. દરએક દુકાનદાર એમજ સમજેછે કે મારી દુકાનનો સણગાર અને ભભકો જેમ વધારે હશે તેમ મારી ઘરાકી વધારે થશે. એવી સમજથી દરએક જણ પોત પોતાની દુકાનની ખુબસુરતી વધારવાને ઘણી મેહેનત કરેછે. દુકાનનો સણગાર અને તેમાં રચનાથી રચેલો સામન બાહારથી ચાલી જનારની નજરે બરાબર પડે એવી મતલબથી બિલોરી કાચના આખાને આખા તખતા જડી લીધેલા દેખાયછે. કોઇ દુકાન નાહાની હોય પણ તેમાં મોહો જોવાનો મોટો આરસો ટાંગી સામન એવો રચે કે જાણે મોટી દુકાન હશે.

દુકાનોની રચના તથા શોભાથી મુખ્ય કરીને લંડન શેહેર દીપી તથા ખીલી નિકલેછે. દુકાનોની રચના અને શોભા કહાડી નાખો તો આ મોટા શેહેરના મોટા અને દબદબાભરેલા દેખાવમાં રૂપીઆના દશ કે બાર આના શોભા કાહાડી લીધી એમ ગણાશે. વેચવાનો સામાન

માંડવામાં ને રચવામાં અને બિજોરી કાચના તકતા ને બારણા ઘસીને સાફ કરવામાં દુકાનદારોનો વખત ઘણો રોકાયછે.

લંડનમાં બજાર ઘણાં મોટાં છે. ફુલ, ફળ અને તરકારી વેચવાનું એક ઘણુંજ મોટું બજાર છે. તે કોવેંટ-ગાર્ડનનાં નામથી મસહુર છે. નિત્ય મોઠી સવારમાં આ બજારમધ્યે ભીડનો કંઈ સુમાર નથી. આ બજારમાં ફુલ, ફળ અને તરકારી વેચવાને આવેછે તેનોપણ કંઈ સુમાર નથી. અહીં એ શિવાય બીજું કંઇજ વેચાતું નથી. ફુલ, ફળ અને તરકારીનાં ગાડાંને ગાડાં ભરીને નિત્ય એટલાં બધાં આવેછે કે તેથી આપણ અચરજ પામીએ. આ બજારનો પૂરો બાહાર જોવો હોય તો મંગળ, બ્રેહસ્પત અથવા સનીવારે સવારના ૩ થી ૭ વાગા સુધીમાં ઉઠીને જવું. ફુલ ફળ વગેરેના ગાડાંને ગાડાં લાંવીને ખાલી કરેછે એજ જોવાથી તમારો ફેરો સફળ થશે. માત્ર ફુલની રચના અને સુગંધીનોજ બાહાર લેવો હોય તો સવારના ૧૦ થી તે સાંજના ૫ વાગાસુધી હરએક વખતે જવું.

બીજાં બજારો જુદે જુદે ઠેકાણે છે. લેડનહૉલ-માર્કેટ તથા ફારીંગટન-માર્કેટ નામનાં બજારોમાં તરકારી તથા ગોરા એ બંને વેચાયછે, પણ લોકોને સવળ પડે એટલા માટે ફુલ, ફળ, તરકારી અને ગોરાની જુદી જુદી દુકાનો ઠેકાણે ઠેકાણે અને રસ્તે રસ્તે છે. મોટે બજાર લેવા બજારમાંજ જવું પડે એમ નથી. ઘણુંકરીને જે માણસ સાથે ઉકડો બાંધ્યો હોય તેજ તમને નિત્ય ઘર આગળ પોંહોચાડી જાય.

જેમ તરકારી વગેરેનું એક બજાર હેલાયદું છે તેમ ગોરાનું એક મોટું બજાર જુદું છે. તેમજ માછલીનું એક બજાર જુદું છે. ગોરાનું મોટું બજાર પાટરનૉસ્ટર નામની સેહેરી આગળ છે અને માછલીનું બજાર લંડનબ્રિજ આગળ છે. ગોરા વેચવાનું બજાર ન્યુગેટ-માર્કેટ અને માછલી વેચવાનું બજાર બિલિંગ્સગેટ-માર્કેટ નામથી મસહુર છે.

જીવતાં બકરાં ને ઢોર વેચવાનું બજાર ઘણુંજ મોટું અને પ્રખ્યાત છે. એ બજાર મિટ્રો પોલીટન-કેટલ-માર્કેટનાં નામથી પ્રસિદ્ધ છે;

આ બજાર એટલું મોટું છે કે તેણે ૩૦ એકર જમીન રોકીછે. આ બજારમાં નિત્ય મોટી ભીડ ભરાયછે અને દર અડવાડિયે ૩૦૦૦૦ મકરાં તથા ૩૦૦૦ ઢોર વેચાયછે. આ બજારની વચે એક ઘડીયાળનો મિનારો તાર આફીસમાંથી ઉભો કરેલો દેખાયછે. બજારનો દેખાવ આથી ભભકાદાર લાગેછે. આ બજાર ક્યામડનટૌન, જે મોહલ્લામાં અમારૂં ઘર હતું, ત્યાંથી ઘણું વેગળું નહી હતું.

ઉપર જણાવેલાં બજારને ત્યાંના લોકો માર્કેટ કેહેછે. પણ જેને એ લોકો બજાર (Bazaar) કેહેછે તે જુદી તરેહનાં હોયછે. એ બજાર મોટાં ઘરોમાં હોયછે ને તેમાં કંઈ તરકારી કે ગોરા વેચતા નથી. રમકડાં તથા ઘરનો સામન વગેરે તરેહ તરેહની વસ્તુઓ આ બજારોમાં વેચાયછે. આવાં એક એક બજારમાં નાહાની નાહાની સેંકડો દુકાનો માંડી હોય એમ લાગેછે. બરલીંગટન-આર્કડ તથા લોથર-આર્કડ તથા સોહો બજાર તથા પાનૅયન વગેરેના આવાં બજાર લંડનમાં પ્રસિદ્ધ છે.

વર્તમાનપત્ર અને જાહેરખબર.

લંડન મધ્યે મોહોલ્લે મોહોલ્લે, શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ વર્તમાનપત્ર અને જાહેરખબરના કાગલ જોવામાં આવશે. રસ્તામાં નાહાના નાહાના છોકરાઓ જુદાં જુદાં વર્તમાનપત્રોના થોક ને થોક લઇને ફેરી ફરતા ફરેછે. તેઓ મોટા મોટા ચકલા કે ચૌટા આગળ ઉભા રેહેછે અને ગાડીમાં બેસનારા તથા પગે ચાલનારાઓને રોકડે પૈસે છુટી નકલ વેચેછે. "મૉર્નિંગ પે-પ-રઝ, ઇવિનિંગ સ્ટા-ર, ઇવિનિંગ સ્ટાં-ડ-રડ; ઇમિ-પૉર-ટંટ ન્યુસ ફ્રૉમ અમેરીકા-આઆ. ઇમિ પૉરટંટ ન્યુસ" આવી રીતે પોકાર મારતા ફરેછે. એ રીતે વર્તમાનપત્રો ઘણા ખપેછે.

વર્તમાનપત્ર વેચવાની રીત અહીં મુંબઈ કરતાં જુદી છે. વર્તમાનપત્ર પ્રગટ કરનારા માલેકો પોતે વેચતા નથી અથવા વેચવાને પોતાનાં માણસો મોકલતા નથી. કેટલાએક ધંધાદારીઓ પોતપોતાને

હિસાબે વર્તમાનપત્રના ઠેરવેલા ભાવમાં અમુક ટકા બાદ કરીને મોટી ને મોટી રકમ ખરીદ કરેછે અને તેઓ પછી પોતપોતાના લતા તરફના જથુક ધરાકોને અથવા છુટક લેનારાઓને વેચેછે. આથી આ ધંધાદારીઓને પણ લાભ થાયછે અને વર્તમાનપત્ર પ્રગટ કરનારાઓને ઘણુ સંહેલું અને સવલ પડેછે. તેઓને માત્ર છાપાવાનુંજ કામ, વેચવાની તથા ઉઘરાણી કરવાની કડાકુટ અને માથા દુખ તેમને કરવી પડતી નથી.

અહીં વર્તમાન પત્રો ઘણા નિકલેછે. જુદાં જુદાંની ટીપ આપવાંની અગત્ય નથી. ટાઇમ્સનું પત્ર બહુજ ફેલાયો પામેલું અને મચેલુંછે. સઉથી મોભાવાળું પત્ર ટાઇમ્સનું ગણાયછે. તેની નિત્ય ૬૦૦૦૦ નકલ ખપેછે. દાહાડામાં બે વખત છપાયછે. સાંજના છપાયછે તે સવારના છપાયલું ફરીથી છાપેછે; ફેર માત્ર એટલોજ કે નવા અને તાજા સમાચાર મલ્યા હોય તે ઓછી અગત્યની બાબદો કાઢાડી નાખીને તેની જગા ઉપર ગોઠવી દેયછે. એ વગેરે ડેલીન્યુસ, ટેલીગ્રાફ, મૉરનિંગ હેરલ્ડ, મૉરનિંગ સ્ટાર, ઇવનિંગ સ્ટાર, ઇવિનિંગ સ્ટાંડર્ડ નિત્ય નિકળે છે. આ બધાં પત્રો નિત્ય ઘણાં ખપેછે. એક એકની કિંમત ઘણું કરીને ૧ થી ૪ પેન્સ સુધીની છે. ઇલિસ્ટ્રેટેડ લંડન ન્યુસ દર સનીવારે નિકલેછે તેની બે લાખ નકળ ખપેછે. ઇલિસ્ટ્રેટેડ ન્યુસ આવધિ વરલ્ડ તથા ઇલિસ્ટ્રેટેડ ટાઇમ્સ દરઅઠવાડિયે નિકળે છે અને દરએકની પચાસ પચાસ હજાર નકલ ખપેછે. આ ત્રણ પત્રો અનેક ચિત્ર સહિત દર વેળા પ્રગટ થાયછે. પંચ અથવા હઠા કરનારૂં પત્ર નિકલેછે તેમાં રાજ્યાધિકારી તથા અમલદારોની બેડોલ સિકલ પાડીને તેમનાં કોઇ તરફદારીના કે તેવાંજ અયોગ્ય કામને માટે તેમના મસ્કેરી હઠા બનાવેછે. તે મધે લોકોની કેટલીએક સંસારી બાબી માટે પણ ચિત્ર સહિત હઠા કરવામાં આવેછે.

વર્તમાનપત્રોમાં અનેક પ્રકારની જાહેરખબર છપાયછે તે વગેરે જાહેરનામાં મોટા અક્ષરે છાપીને તથા પાટીયાં ઉપર ચોટાડીને ઠેકાણે ઠેકાણે અને ચકલે ચકલે કેટલાએક લોકો લઇને આખો દાહડો ફરતાં

ફરેછે. જાહેરનામાં ફેરવનાર માણસો પોતાને ગળે એ પાટીયાં પેહેરીને તથા લાકડી ઉપર પાટિયું બાંધી ઉંચું રાખીને ફરેછે. રેલવે-સ્ટેશન ઉપર તથા ઑમ્નિબસમાં એવાં જાહેરનામાં મારેલાં દેખાયછે એટલુંજ નહી પણ બિલોરી મેહેલ કે એવાંજ બિજાં ગમત કે રમતનાં ઘરમાં જાહેરનામાં મારેલાં તમે જોશો. આવી રીતે ઠેકાણે ઠેકાણે જાહેરબબરનાં પાટીયાં મારવાથી ધંધાદારીઓને ઘણોજ લાભ થાયછે. કેટલીએક જાહેરબબર ઘણાજ ભભકાભરેલા રંગીન અક્ષરો અને ચિત્રોથી છાપેલી હોયછે. હરએક રીતે લોકોની તે ઉપર નજર પડે અને તે વંચાય એવી મતલબથી એ જાહેરનામાંને ભભકાદાર કરેછે. માત્ર કુટકલ ધંધાદારીઓજ નહી પણ મોટા કારખાનાવાળાઓ અને મોટી કંપનીઓના ડરેકટરો પણ આ રીતે જાહેરબબરો ફેલાવેછે.

મેદાન અને બગીચા.

આવાં મોટાં શેહેરની મોટી વસ્તીનાં સુખને માટે સર્વ પ્રકારની ગોઠવણ છે; તેમાં ફરવા હરવાની ને આરામ પામવાની ગોઠવણ હોવીજ જોઇએ. શેહેરના જુદા જુદા ભાગમાં ઝાડપાનની રચનાથી રચેલાં મોટાં મેદાન છે; મેદાન ઉપરથી સુંબઈનાં જેવું મેદાન સમજવું નહી. એ મોટું ન હોય તો તેને બગીચો કહીએ તો ચાલે. એવાં મેદાનને ત્યાંના લોકો "પાર્ક" નામથી ઓળખેછે. એવાં બધાં મળીને ૭ પાર્ક છે અને તેઓ સર્વ મળીને ૧૬૫૦ એકર જમીન આસરે રોકેછે. મોટામાં મોટું પાર્ક ૪૭૨ અને નાહાનામાં નાહાનું ૬૦ એકર છે. આવાં પાર્ક ઉપરાંત સરકારી બગીચા છે ત્યાં લોકોને ફરવા હરવાની છુટ છે.

સહુથી મોટું "રીજંટ્સ-પાર્ક" છે. તે ૪૭૨ એકર મોટું છે. એવી રીતે ઝાડપાનની રચના આ અને બીજાં પાર્કમાં રચેલી છે કે તેમાં ફરવાથી ખુશી ઉપજે. એમાં પગે ફરવાને તથા ગાડીમાં બેસી સેલ મારવાને કેવા મજાના રસ્તા પાડયાછે. આ બાગનો કેટલોક ભાગ બીજાં

કામમાં રોક્યોછે. એક તરફ "ઝુઓલૉજીકલ ગાર્ડન્સ" છે તેમાં બધી જાતનાં જીવતાં જનાવરો અને પક્ષીઓનો સંગ્રહ છે. બીજી તરફ "બોટાનિકલ ગાર્ડન્સ" છે તેમાં બધી જાતનાં ઝાડપાનનો સંગ્રહ રચેલોછે. "બોટાનિકલ ગાર્ડન્સ"ની આસપાસ ગોળ વિટીના આકારમાં ફરવાને રસ્તો બાંધ્યોછે. આ પાર્કમાં કેટલેક ઠેકાણે ઝાડોની હાર લાગીછે અને તેમની પાસે થઇને ફરવાથી જીવને ખુશી ઉપજેછે. આ પાર્કને ફરતો રસ્તો બાંધ્યોછે તે બે માઇલ થાયછે. નિત્ય સાંજ સવાર હજારો લોકો આ પાર્કમાં ફરવાને જાયછે.

"હાઇડ-પાર્ક"માં શ્રીમંતો અને ઘણા મોટા લોકો ઘણુંકરીને ફરવા અને સેલ મારવા જાયછે. તેથી આ પાર્કનો ભભકો વધારે મારેછે. વિસ્તારમાં ૩૮૮ એકર જમીન રોકેછે. લોહોડાની સુંદર જાળી ને ભભકાદાર દરવાજાથી આ પાર્કનો બાહાર ખૂબ મારેછે. વરસમાં ચાર મહિના—"મે"થી "આગસ્ટ" સુધી આ પાર્કમાં ફરવા હરવાની તથા સેલ મારવાની ભર મોસમ કેહેવાયછે. સવારના ૧૧ થી ૨ અને સાંજના પાા થી ૭ વાગતા સુધી ઇંગ્લંડ દેશના અમીર ઉમરાવ અને શ્રીમંતો પોતાનાં કુટુંબ સહિત ફરવાને નિકળેછે.

આ પાર્કમાં ભાડુતી ગાડી જવા દેતા નથી. કોઈ ચાલતા જાયછે; કોઈ પોતાની ગાડીમાં જાયછે; ને કોઇ ઘોડા ઉપર જાયછે. વાજીંત્ર વાગેછે ત્યારે કોઈ કોઈ વેળાએ એટલી તો ભીડ એકઠી થાય છે કે ૭૦૦ આસામી ત્યાં ઘોડા ઉપર બેસી એકઠાં મળેછે. આ પાર્કમાં સરપનટાઇન નામની એક નાહાની નદી કળાથી વેહેતી કરી છે. એક ઠેકાણે વચમાં ઝાડોને ગોળ આકારમાં ગોઠવ્યાંછે. જુન કે જુલાઇમાં લશ્કરની કવાયત થાયછે. તે જોવા લાયક થઈ પડેછે. આરસપાહાણનો બનાવેલો દરવાજો અગાઉ રાણીના મેહેલમાં હતો તે ઉંચકીને આ પાર્કમાં કંબરલાંડ-ગેટ આગળ બેસતાં મુક્યોછે. એ દરવાજાની કિંમત ૮ લાખ રૂપીયાની હતી અને તેને બસેડવાનો ખરચ કેહેછે કે ૧ લાખ રૂપીયાથી વધારે થયોછે.

જેમ્સ-પાર્ક તથા ગ્રીન-પાર્ક એ બંને પાર્ક ઉપલા હાઇડ-પાર્કની

(૯)



PALM HOUSE - KEW GARDENS

પાસે પાસે આવ્યાંછે. જેમ્સ-પાર્ક ૯૧ એકર અને ગ્રીન-પાર્ક ૬૦ એકર છે. આમાં પણ ફરવાને ઘણા લોકો જાયછે. વિકટોરિયા-પાર્ક ૨૬૫ એકર છે. મહારાણી વિકટોરિયાનાં રાજ્યમાં તૈયાર થયાથી તેનું નામ વિકટોરિયા-પાર્ક પડ્યુંછે. આ પાર્ક ઇશાન ખુણામાં આવ્યુંછે. "બાટરસી" નામનું છઠું પાર્ક ૧૮૫ એકર છે. સાતમું પાર્ક ગ્રીનવીચ-પાર્કનાં નામથી ઓળખાયછે.

રીજંટ્સ-પાર્કની પાસે "પ્રિમ રોઝ હિલ" નામની એક નાહાની ટેકરી છે ત્યાંપણ ઘણા લોક ફરવાને જાયછે. કેન્સીંગ્ટનનો બગીચો હાઈડ-પાર્કની પાસે છે. એમાં ફરવાની ઘણી મજા પડેછે. જ્યારે એમાં વાજીંત્ર વાગતું હોય ત્યારે જોવાનો મોટો બાહાર પડેછે.

"ક્યૂ" નામનો બગીચો હાઇડ-પાર્કથી પાંચ માઇલ વેગળો છે તેપણ બહુ જોવાલાયક છે. એમાં એક વાગ્યા પછી બધા લોકોને જવા દેછે. ફુલોના ક્યારાની છટા જરૂર જોવાજોગ છે. તરેહવાર આકારના ક્યારા બાંધીને તેમાં નાહના નાહાના ફુલના રોપા ઉપર ફુલ ખીલેલાં દેખાયછે. આ દેખાવ ઘણો ખુબસુરત લાગેછે. આ બાગમાં કાચનું એક મોટું ઘર બાંધ્યુંછે તેમાં તાડનાં ઝાડ ઉગ્યાં છે. ઠંડી હવામાં આ ઝાડ તથા બીજાં કેટલાંએક ઝાડ ઉગી રાકતાં નથી તેટલામાટે કાચનાં ઘરમાં ગરમ પાણીની નળી દાખલ કરીને ગરમ હવાથી આ ઝાડને મોટાં કરેછે.

પુતળાં અને ફુવારા.

પુતળાં અને ફુવારાનો ઘણોજ ખુબસુરત અને જોવાજોગ દેખાવ લંડનમાં "ત્રફાલગર" નામના એક મોટા ચોક આગળ છે. આ જગ્યા આગળ પેહેલ વેહેલાં તમે જાઓ તો તેની ખુબસુરતી ઉડીને તમારી આંખ ઉપર આવે. લંડનમધ્યે બાહારના દેખાવમાં સઉથી ખુબસુરત જગા જોવી હોય તો આ ત્રફાલગર ચોક આગળ છે. પારિસમાં આવા ચોક ઘણેક ઠેકાણે છે ને તેથી એ શેહેર બહુ દીપી નિકળેછે. પણ લંડનમાં આવો સુંદર ને શોભાયમાન ચોક બીજે એકે નથી.

અહીં ફુવારાનો અને પુતળાંનો મોટો બાહાર મારેછે. નિત્ય સાંજની વેળાએ ફુવારાનાં પાણી એવા આકારમાં અને એવી રીતે ઉડેછે કે તે જોયાથી જીવ આનંદ પામે. આ સુંદર ફુવારાની પાસે કેટલાંએક પુતળાં છે. તે મધ્યેનું એક પુતળું ૧૫૦ ફુટ ઉંચા સ્તંભ ઉપર ઉભું કરેલુંછે. એનો ભપકો અતિ ઘણો મારેછે.

એ પુતળું કોનું હશે? નેલસન–જેની દરીઆઇ લશ્કરમાં મોટી બાહાદુરી માટે ઇંગ્લંડના લોકોએ આવું માન આપ્યુંછે. આ સ્તંભની પાસે ઇંગ્લંડના ચોથા જૉર્જ રાજાનું પુતળું ઘોડા ઉપર છે. સર ચાર્લ્સ નેપીયરનું તથા સર હેનરી હાવેલાક જેણે હિંદુસ્તાન મધ્યે બળવાના વખતમાં મોટી બાહાદુરી દેખાડી હતી તેનું પુતળું છે. આ પુતળાં આગળ ઉભાં રહી ફુવારા તરફ મોહો રાખીએ તો સામેથી "ન્યારાનલગ્યાલરી" તથા અડખે પડખે સુંદર હોટેલ તથા "ડલખ હાઉસ" અને પાસે ફુવારાનો બાહાર એ બધો દેખાવ મુસાફરની આંખને ઘણો આનંદભરેલો લાગેછે.

ત્રફાલગર ચોકથી એક તરફ જરા આગળ ચાલ્યા તો બીજે ઉંચો સ્તંભ આવેછે. આ સ્તંભ ઉપર ડ્યુક-ઑવ-યૉર્કનું પુતળું ઉભું કરેલુંછે. આ સ્તંભ ૧૨૫ ફુટ ઉંચો છે. એજ ચોકથી જરા બીજી તરફ આગળ ચાલ્યા તો ચેરીંગક્રૉસ આગળ પેહેલા ચાર્લ્સ રાજાનું તથા ત્રીજા જૉર્જ રાજાનું ઘોડા ઉપર પુતળું છે. જરા વધારે આગળ ચાલતાં વેસ્ટમિનિસ્ટર–આખી આગળ ક્રીમીયાની લડાઇમાં મરણ પામેલા સરદારોની યાદગારીનું પુતળું છે. પાલ્યમેંટના મેહેલ પાસે "રીચર્ડ દી લાયન"નું ઘોડા ઉપર પુતળું છે. લૉર્ડ ક્યાનિંગનું પુતળું મેહેલના ચોકમાં છે.

ડ્યુક–ઑવ–વેલીંગ્ટન જેણે આખા યુરોપખંડમાં ત્રાસ ઉપજાવનાર નેપોલિયન બોનાપાર્ટને હરાવીને કેદ કર્યો હતો અને જેની બાહદુરીને માટે ઇંગ્લંડના લોકો ફિદા છે તેનાં પુતળાં ઘણીજ પ્રસિદ્ધ જગ્યા ઉપર મુકયાંછે. રાયલ એક્સચેંજ જ્યાં નિત્ય હજારો લોકોનો આવજાવ થાયછે ત્યાં ઘોડા ઉપર એક ઉભું કરેલુંછે; અને તે

ત્રફાલગરનો ખુબસુરત ચોક–નેલ્સનનું પુતળું.

(D)

TRAFALGAR SQUARE.

હાઈડ પાર્કનો રસ્તો–વેલિંગટનનું પુતળું.

(૬)

HYDE PARK CORNER.

પુતળાંની પાસેજ લોકને પાણી પીવાનો ઘણોજ સુંદર કુવારો મુક્યો છે. એ કુવારામાં એક સ્ત્રી ઉભી રાખીછે. પાણીનો ચમ્બુ હાથમાં પકડીને તેમાંથી તરસ્યાઓને આપ્યો દાહાડો પાણી રેડેછે. વેલિંગ્ટનનું બીજું પુતળું હાઈડ-પાર્કના એક ખુણા ઉપર સરિયામ રસ્તાઉપર ત્રાયમફલ આર્ચના મોટા દરવાજાને માથે ઘોડા ઉપર છે તેનું સોનેરી ચિત્ર આ પુસ્તકનાં પુઠાં ઉપર આપ્યુંછે. આ પુતળાંનો ઘણો ભપકો મારેછે. એજ બાહાદુર ડ્યુકની યાદગારી માટે હાઈડ પાર્કમાં ત્રિજું પુતળું ઉભું કરેલુંછે.

બીજા કેટલાએક નામાંકિત પુરુષોનાં પુતળાં કેટલીએક સરિયામ જગ્યા ઉપર ઉભાં કરેલાંછે. ઈંગ્લંડના ચોથા વિલિયમ રાજાનું પુતળું લંડન બ્રિડ્જ આગળ છે. ડાકટર જેનર જે ગઉરિતલાનો રોધ કરવાથી જગત પ્રસિદ્ધ થયોછે તેનું પુતળું કેન્સિંગ્ટન બાગમાં છે. રાણી વિકટોરિયાનું આરસપાહાણનું પુતળું રૉયલ-એલ્બર્ટ બાગમાં છે. પીટ તથા ફૉક્સ વગેરેનાં પુતળાં બીજાં અનેક છે. પાર્લામેંટના મેહેલમાં તથા સેંટ-પૉલના દેવળમાં બીજા ઘણાક નામાંકિત પુરુષોનાં પુતળાં છે. માત્ર પાર્લામેંટના મેહેલમાંજ ૪૫૦ થી વધારે છે.

લંડનમધ્યે ઈ૦ સ૦ ૧૬૬૬ માં મોટી આગ લાગી હતી અને તેથી લંડનનો મોટો ભાગ બળીને નારા પામ્યો હતો તેની યાદગારી માટે એક મિનારો બાંધ્યોછે. તે ૨૦૫ ફુટ ઉંચો છે. જે જગ્યા આગળથી એ મોટી આગ સળગી હતી તેજ જગ્યા ઉપર તે બાંધ્યોછે. તે "મૉન્યુમેંટ"નાં નામથી મશહુર છે. તેને બાંધવા માટે ૧૩૦૦૦૦ રૂપીયાનો ખરચ થયલો કેહેવાયછે.

જે મોટી આગને માટે આ મિનારો ઉભો કરેલોછે તે આગ ઘણીજ ભયંકાર હતી. ચાર કે પાંચ દાહાડા સુધી તે ચાલુ રહી હતી. એ વખતનાં આપ્યાં લંડનનો વિસ્તાર ૫૦૦ એકર હતો તેમાં ૪૨૫ એકર સુધી એ આગ ફેલાઈ ગઈ હતી. ૧૩ હજાર ઘર ને ૪૦૦ મોહલ્લાઓ સળગી ગયાં હતાં. સેંટપૉલનું મોટું દેવળ પણ બળી ગલું હતું. બધું મળીને ૧૧ કરોડ રૂપીયાનું નુકસાન થયું હતું.

જે પ્રમાણે પારિસમાં સરિયામ રસ્તા ઉપર ઠેકાણે ઠેકાણે ફુવારાનો બાહાર મારેછે તેમ લંડનમાં ત્રફાલગર ચોક શિવાય ફુવારાનો બાહાર નથી. તે છતાં લોકને પાણી પીવા માટે ઠેકાણે ઠેકાણે ફુવારા છે.

નદી અને પુલ.

લંડનમાં ટેમ્સ નદી વેહેછે. આ નદી મોટી છે અને તેમાં મોટાં વાહાણો ચાલેછે. લંડનનું નરક અને ત્યાંનો બધો ગંદવાડ આ નદીમાં પડેછે તેથી લંડન પાસે આ નદીનું પાણી ઘણુ મેલું અને ગંદું હોય એમ લાગેછે. એ પાણી પીવાલાયક નથી તેટલામાટે પીવાનાં કામમાં મુદલ આવતું નથી. આ નદીનો પટ આસરે ૦।। માઈલ છે. નદીની ઉપરનો દેખાવ જોવાજોગ છે. દાહાડો આખો આ નદી ઉપર નાહાની નાહાની આગબોટ દોડાદોડ કરેછે તે જોયાથી ઘણી ખુશી ઉત્પન્ન થાયછે. તેમાંની એક આગબોટમાં બેલસીથી બ્લાકવૉલ એટલે લંડનના એક છેડથી બીજા છેડાસુધી સેલ કરવા નિકળ્યા તો ૧।। કલાકથી વધારે લાગશે નહી. એટલી સેલ મારવામાં બહુ મજા પડેછે.

તમે નદી ઉપર ફરવા નિકળશો તો નદીને કાંઠે જે મોટી મોટી ઈમારત આવીછે તેમનો સુંદર દેખાવ નજરે પડશે. પાર્લામેંટના મેહેલ, સેંટપૉળનું દેવળ વગેરેની મોટી ઈમારતનો ભભકો મારશે. નદી ઉપરના બધા પુલ માલમ પડશે અને દરએક પુલની હેઠલથી આગબોટ પસાર થશે. નાહાની નાહાની આગબોટોની દોડાદોડ જોઈ અચરતી ઉપજશે. એક આગબોટ સામેથી આવતી દેખાયછે અને આપણી પાસેથી ગઈ નથી તેવામાં વળી બીજી આગબોટ અને ત્રીજી અને ચોથી એમ ઉપરાઉપરી આવતી અને જતી દેખાયછે. આ આગબોટમાં કાંઈ બધા લોક સેલ કરવા નિકળતા નથી. ઘણા ખરા તો પોતપોતાનાં કામ માટે લંડનના એક ભાગમાંથી બીજા ભાગ ઉપર ગાડીમાં બેસીજવાને બદલે આગબોટમાં જાયછે. નદીના કાંઠા ઉપરની જુદી જુદી જગાઓ ઉપર જેઓને જવું કે આવવું હોયછે તેમને આવી રીતથી ઘણુંજ સેહેલું અને સસતું પડેછે.

DRINKING FOUNTAIN. પાણી પીવાનો ફુવારો.

આવી રીતે લંડન મધ્યે નદી ઉપર આગબોટમાં બેસી આવજાવ કરનારા દર રોજ હજારો આદમી હોય . નવ કે દસ સ્ટેશન ઉપર આગબોટ ખોડી થાયછે. દરએક સ્ટેશન ઉપર ઉતારૂઓ ઝટો ઝટ ઉતરેછે અને નવા બેસેછે. એક એક આગબોટ એક એક ખેપમાં ૭૫ થી ૧૦૦ માણસ લાવેછે અને લઇજાયછે. ઘણુંકરીને એક એક માણસ પાસેથી એક એક ફેરાની ૮ પઈ એટલે બે ફદીયાંજ ભાડું લેછે. એવી ઝડપથી કામ ચાલેછે અને એટલો મોટો કારભાર ચાલેછે કે તમે અચરત પામ્યા વગર રહોજ નહી. રોલ કરતી વેળા મને એમ લાગ્યું કે માત્ર શેહેરમાંજ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવા માટે આટલી આટલી આગબોટ કામ આવેછે અને એટલાં બધાં માણસો તેનો લાભ લેછે ને આપણા દેશમાં નદી કે દરિઆ કાંઠેનાં શેહેરમાં કે ગામમાં જવા આવવાને આગબોટો શામાટે થવી ન જોઇએ?

લંડન શેહેરના રસ્તા ઉપરથી નદીનો પટ પસાર કરવા માટે જગે જગ પુલ બાંધ્યાછે. બધા મલીને એવા નવ કે દસ પુલ છે. સહુથી મોટો પુલ "લંડનબ્રિડ્જ" નામનો છે. આ પુલ ઉપર માણસ તથા ગાડી ઘોડાની આવજાવ બેસુમાર છે. નિત્ય આ પુલ આગલ જેવી ભીડ જોવામાં આવેછે તેવી ભીડ કોઇજ ઠેકાણે નહી હશે. કેહેછે કે નિત્ય ૨૪ કલાકમાં આસરે ૨૦ હજાર ગાડીઘોડા અને ૧ લાખ માણસો પગેચાલનાર આવજાવ કરેછે. આ પુલ લંબાઇમાં આસરે એક હજાર ફુટ અને પોહોલાઇમાં ૫૪ ફુટ છે ને તે બાંધવા માટે બે કરોડ રૂપીયાનો ખરચ થયો હતો. આ પુલ ઉપર ગાડી ઘોડા માટે એવો બંદોબસ્ત કરેલોછે કે ઉતાવળે ચાલનાર ગાડી વચેથી અને ધીમે ચાલનાર ગાડી પડખેથી લેવી જોઇએ.

બીજા પુલોમાં વેસ્ટ-મિનિસ્ટર-બ્રિડ્જ નામનો પુલ જે પાર્લામેંટના મોહેલ પાસે છે તે ઘણો ભભકાદાર છે. તેની લંબાઈ આસરે ૧૧૦૦ ફુટ અને પોહોલાઇ ૮૫ ફુટ છે. તે બાંધવા માટે આસરે ૨૧ લાખ રૂપીયા ખરચ થયોછે. એ શિવાય વાટરલુ-બ્રિડ્જ,

ટેમ્સ નદી ઉપરનો નવો પુલ–વેસ્ટ મિનિસ્ટર બ્રિજ.

(b)

તથા ચેરિંગ-ક્રૉસ-બ્રિડ્જ, તથા લાંબેથ-બ્રિડ્જ વગેરેના પુલો છે. લાંબેથ-બ્રિડ્જ લાહોડાના તાર ઉપર ઝૂલતો રાખીને નીચેથી ટેકાવ વગર ઉભો કરેલછે. એ બાંધવાને ચાર લાખ રૂપીયા બેઠા હતા. કેટલાક પુલો આગળ ચીલો અથવા "ટોલ" આપવો પડેછે.

રાતનો દેખાવ અને ગ્યાસ-લાઈટ.

લંડનમાં રાતનો દેખાવ જેવો ખુબસુરત અને આનંદકારક લાગેછે તેવો દાહાડે લાગતો નથી. નિત્ય ગ્યાસના દિવાનો એવો તો ભભુક અને પ્રકારા મારેછે કે આપણા દેશની દિવાળીના દિવાનો પ્રકારા વટાવમાં જાય. દિવાળીમાં ઘરની બારી ઉપર આપણે દિવા ટાંગીએ છઇએ તેવી રીતની આ રોશની નથી પણ દરએક મોટા મોહોલ્લામાં દુકાનની હારનેહાર હોયછે અને દરએક દુકાનમાં ગ્યાસના એટલા બધા દિવા પેટવે છે કે તેથી મોટો ભભુક થઇ રેહેછે અને નિત્ય લંકા સળગી હોય એમ લાગેછે. રાતની વેળાએ ઑમ્નિબસના ટૉપ ઉપર બેસીને ફરવાની જેવી મઝા પડેછે તેવી મઝા લંડનનો બાહારનો દેખાવ જોવામાં બીજી રીતે પડવી કઠણ છે. કેટલાએક મોહોલ્લાઓ અને કેટલીએક શેરીઓ રાતની વેળા બહુજ દીપી નિકળેછે. તેમાં દર રાનીવારે ગ્યાસ-દીપક વધારે દીપેછે.

ગ્યાસના દિવાની ખુબીનું વર્ણન થઈ શકે એમ નથી. મુંબઈ-મધ્યે ગ્યાસના દિવા થયાછે પણ એનો ઉપયોગ વિલાયતમાં જેવી કરામત અને સણગાર-બુદ્ધીથી થાયછે તેવો ઉપયોગ મુંબઈમાં થવાને હું ધારૂં છઉં કે બીજાં ઘણા વરસ જોઇએ. તરેહવાર આકારમાં એ દિવાઓ કેટલાએક ગમતનાં કારખાનામાં પેટવેછે. ગ્યાસના દિવામાં નામ પાડવું હોય તો તે પડેછે; તેથી દિવાનેદિવા દેખાય અને નામનુનામ વંચાય. દરએક રીતનો આકાર આ દિવાથી પડેછે. ગ્યાસના દિવામાં તેલની કે વાટની જરૂર નથી. પાણીની નળીની કુંચી ફેરવીએ અને જેમ પાણી નિકળે તેમ નળીમાંથી વાયુ એટલે પવન નિકળેછે. તેને દિવાની જેત લગાડી તો

તરત સળગેછે. આખી કુંચી ફેરવીયે તો આખી જોત સળગે અને થોડી ફેરવીયે તો થોડી સળગે.

ટાંગવાનાં ઝુંમરમાં અથવા મુનલ્યાંપમાં અથવા ભીંત ઉપર વૉલશેડમાં અથવા ટેબલ ઉપર મુકવાના દિવામાં ગ્યાસ લેવી હોય તો આપણે હાલ જે ઝુંમર તથા મુનલ્યાંપ તથા વૉલરોડ તથા રીડીંગ લ્યાંપ વાપરીએ છઇએ તે ચાલે નહી. તેઓને માટે જુદીજ રીતના દિવા જોઇએ એવા કે તેની માંહેથી ગ્યાસની ઝીણી નળી પસાર થાય. એવા દિવ ટાંગવાના તથા ભીંત ઉપર ચળગાવવાના ઘણા શોભાયમાન્ અને તરેહવાર ઘાટના બનેછે. તે મુખે કેટલીએક તરેહના નમુના આ ચિત્ર ઉપરથી જોવામાં આવશે. ટાંગવાનાં ઝુંમરમાં કે મુનલ્યાંપમાં સિલીંગ (છત્ર) માંથી ન દેખાય એવી રીતે એ નળી દાખલ કરેછે.

ગ્યાસના દિવા.

ગ્યાસના દિવા બાળવામાં સંભાળ રાખવી પડેછે. દિવો હોલવી નાખ્યા પછી ભૂલથી કુંચી ઉઘાડી રહી ગઈ હોય અને નળીમાંથી વાયુ નિકળીને હરકોઇ ઓરડામાં કે ઘરમાં એકઠો થયો હોય તેને જરા જે દિવાની જોત લાગી તો આખો ઓરડો અથવા આખું ઘર તરત સળગી ઉઠે. પણ એટલું ઠીકછે કે નળી ઉઘાડી હોય અને ગ્યાસ ખાલી નિકળ્યા કરતો હોય તો એક જાતની એવી નઠારી વાસ મારેછે કે ઘરમાં રેહેનાર કહી રાકે કે ગ્યાસ ખાલી નિકળી જા-

યછે. દરએક આસામી જેટલો ગ્યાસ બાળે તેટલાનો હિસાબ દર-એક ઘરમાં મુકેલાં એક યંત્ર ઉપરથી માલમ પડેછે.

એક ઘરમાં અથવા એક કારખાનાંમાં ગ્યાસનો નળ લઈને તેમાં બીજી જોઇએ તેટલી નળી મુકી હોય અને પછી દરએક નળીનો દિવો પેટવો હોય તે સળગશે. તેમાં વધારે ખુબી એછે કે દરએક નાહાની નળીની કુંચીથી દરએક નળીનો દિવો વધતો ઓછો થાયછે કે હોલવાઈ જાયછે એટલુંજ નહી પણ મોટા નળની કુંચી વધતી ઓછી ફેરવ્યાથી બધા પેટવેલા દિવા એકદમ વધતા ઓછા થા-યછે કે હોળવાઇ જાયછે. જ્યે બધા દિવાને ઝાંખા કરી નાખવા હોય તો મોટા નળની કુંચી ફેરવ્યાથી એકદમ ઝાંખા પડી અંધારા જેવું થાયછે અને કુંચી ઉઘાડયાથી એકદમ બધા દિવા ભભુકથી મળ-ગેછે. આ કરામત નાટકશાળામાં બહુ ઉપયોગી થઇ પડેછે.

હવા અને રૂત.

લંડનની ને આખા ઇંગ્લંડ દેશની હવા ખુશી થવાજોગ નથી. હવાનું ઠેકાણું નથી; જરા જરામાં બદલાઈ જાયછે. સૂર્ય મોટા તેજથી પ્રકારાતો હોય તેવામાં વાદળ થઈ આવે ને ઠંડી હવા ફુંકવા માંડે. તમામ સુકો દાહાડો દેખાતો હોય અને જરા વારમાં વરસાદના છાંટા પડે. કોઇ મોટો દિવસ હોય અથવા કોઈ ઠેકાણે મોટો મેળો ભ-રાવાનો હોય ને દાહાડો ઉઘાડો છે એવા ઉમંગથી તમે સેલ કરવાને અને મોજ મારવાને નિકળો પણ ત્યાં ગયા પછી અથવા રસ્તામાંજ વરસાદ લાગે અને પવન ફુંકે, મેળો ચુંથાઈ જાય અને રંગમાં ભંગ પડતાં વાર ન લાગે. સારાંશ એકે જેમ વરસમાં ચાર રૂતુ બદ-લાયછે તેમ દાહાડામાં ચાર રૂતુ બદલાતી હોય એમ લાગેછે.

કોઇ મોટો દાહાડો ઉઘાડો અને કોરો ગુજર્યો તો મોટા ભાય-ગની વાત ગણાય. કોઈ કોઈ વેળાએ જાડાં કપડાં પેહેરવાની અથવા છત્રી લઇને બાહાર જવાની જરૂર માલમ ન પડે પણ ગરમ જાડાં કપડાં વગર અથવા છત્રી વગર બાહાર નિકળો અને એકાએ

ઠંડી હવા ટુંકે કે વરસાદ પડે તો સપડાઇ જઓ માટે બહાર નિકળો ત્યારે ગરમી ઋતમાં કે સુકા ડાહાડામાં ગરમ જાડાં કપડાંજ પેહેરીને અને છત્રી લઇ બાહાર નિકળવું જોઇએ.

ઘરમાં કે આફિસમાં બારીબારણાં આપણા દેશની પેઠે ઉઘાડાં મુકીને બેસાય નહી. કાચની બારી બંધજ કરીને બેસાય. ઉઘાડી બારી મુકી હોય અને પવનની ટુંક બાધી હોય તો પછી બાટલો સેવ્યા વગર છુટકો નહી. તાજી હવા દાખલ કરવાને અને વાસી હવા કાહાડી નાખવાને (તમે બાહાર જઓ અથવા બીજા ઓરડામાં જઓ એટલે) કેટલોએક વાર બારીબારણાં ઉઘાડાં મુકે ને તાજી હવા આવવા દે. પણ જ્યારે તમે ઓરડામાં હો ત્યારે બારી બંધજ રાખવી જોઇએ.

બાહાર ઉઘાડી હવામાં ફરવાને હરકત નથી પણ ઉલટો ફાયદો છે. સંભાળ માત્ર એટલીજ રાખવી કે ગરમ કપડાં પેહેરેલાં હોય અને હાથ ને મોહ સિવાય શરીરનો બધો ભાગ સારી રીતે ઢંકાયલો હોય. એ હવા એવી છે કે બાહાર પગે ચાલીને જરૂર ફરવું હરવું જોઇએ. ઉઘાડી હવામાં ફરવા હરવાની કસરત ન રાખી તો પેટમાં બાદી થાય અને તબિયત બગડે. ઘરની બાહાર નિકળવાને પ્રથમ મન ન થાય તેછતાં બાહાર નિકળ્યા પછી ખુશી ઉપજેછે અને તબિયત સારી રેહેછે. ઘણું ફરવાથી શરીરમાં હુંફ આવેછે.

જ્યારે તાહાડ હોયછે ત્યારે બીછાનામાં સુવાને પ્રથમ ગમે નહી; કેમકે તે ઘણુંજ તાહાડું લાગે. પણ બનુસ હોઢ્યા પછી થોડેવાર રહીને શરીરને હુંફ આવેછે અને તેથી તાહાડ જતી રેહેછે. તાહાડ હોય ત્યારે ઓરડામાં સગડી સળગાવ્યાથી તાહાડ ઓછી થાયછે. કેટલેએક ઠેકાણે લોહોડાની નળીઓ મુકીને તેમાં ગરમ વરાળ દાખળ કરેછે તો આપણા દેશના જેવી ગરમી લાગેછે. કેટલાંએક ઝાડપાનને એવી ગરમી જોઇએછે માટે જે ઓરડામાં અથવા જે જગ્યામાં એવાં ઝાડપાન રાખ્યાં હોય ત્યાં એવી નળીની ગોઠવણ કામે લગાડેછે. એવી રીતે ગરમી દાખલ કરેલી જગ્યાને "હૉટ–હાઉસ" કેહેછે.

વસંતરૂતુના દાહડા બેઠા ને તરત અમે વિલાયત પોહોંચ્યા હતા. એ વખતે તાહાડ હતી બરી. હું શું કપડાં પેહેરતો હતો તે જણાવું એટલે એ તાહાડનો વિચાર આવશે. પેહેલ વેહેણું બાંહિ વગરનું ફલાનલનું બદન; તેની ઉપર ગરમ શર્ટ; તેની ઉપર બેવડી બનાત જેવાં ગરમ કપડાનું બદિયાન અને તે ઉપર ડગલો. પગ ઉપર ગરમ સુરવાળ અને તે ઉપર પાટલુન અને બેવડાં ગરમ મોજાં. એ ઉપરાંત કોઇવાર "ઓવરકોટ" વધારે તાહાડ હોય ત્યારે બાહાર નિકળતી વખત પેહેરતો હતો. એટલાં કપડાં મુંબઈમાં પેહેરીએ તો ગરમીથી તો જીવ અકળાય બરો પણ ઉચકવાને બહુ ભારે પડે. વિલાયતમાં એનો ભાર જણાતો નથી. શિયાળામાં એથી વધારે તાહાડ બરી પણ મને જો છાતીનું દરદ ન હત તો હું બમી શકત.

વિલાયતની હવા વિષે બીજું જાણવાજોગ એ છે કે કોઈ વખત ધુમસથી એટલું અંધારૂં થઈ જાયછે કે દાહાડો છતાં તમે લખવા બેઠા હો પણ દિવો પેટવવો પડે. કોઈ કોઈ વાર એટલીતો ધુમસ પડેછે કે તમે સામેથી આવતા હો અથવા પાસેજ ઉભા હો પણ હું તમને ઓળખી શકું નહી. વળી એ દેશમાં પાણીની તરસ બાઝી લાગતી નથી. જ્યારે પાણી પીસો ત્યારે હીમ (બરફ) જેવું ઠંડું લાગશે.

ઉન્હાળામાં દાહાડા ઘણાંજ મોટા અને રાત ઘણીજ નાહાની માલમ પડેછે. બર ઉન્હાળામાં સવારે ૩ કે ૩॥ વાગતામાં સુર્યનો ઉજાસ નિકળેછે, ને રાત્રે ૯॥ કે ૧૦ વાગતા સુધી ટકેછે. પ્રથમ હું એમજ સમજ્યો કે ઉજાસ નિકળ્યો એટલે ઉઠવાનો વખત થયો પણ જોઉં છઉં તો બધા સુતેલાં. શિયાળામાં એથી ઉલટોજ બનાવ બનેછે.

વસંતરૂતુ—માર્ચ, એપ્રિલ અને મે–આ ત્રણ માસ વસંત રૂતુના ગણાયછે. માર્ચ મહિને આ રૂતુમાં ગરમી ૪૧ થી ૫૧ ડિગરી સુધી ઘણુંકરીને હોયછે. ઝાડ ઉપર પાન અને ફુલ આવવા માંડેછે. ખેતરોમાં રોપણી આ મહિને શરૂ થાયછે. બેડુતો ખુબ કામે લાગેલા હોયછે. મે મહિનામાં પવન વધારે ફુંકેછે.

ઉન્હાળો—જુન, જુલાઈ અને ઑગસ્ટ–આ ત્રણ મહિના ઉન્હા-

ળાના કેહેવાયછે. આ ઋતુમાં ૫૭ થી તે ૬૧ ડિગરી પારો હોયછે. જુલાઈ તથા આગસ્ટ મહિનામાં ઝાડ, અને ફુળનો પૂરો બાહાર મારેછે. ઝાડપાનને કેળવવાથી એ બાહાર આપણા દેશના બાહારને બુબસુરતીમાં પાછળ મુકેછે. આ ઋતુમાં ત્યાંના લોકો મુસાફરીમાટે બાહાર નિકળેછે. આગસ્ટ મહિને કાપણી થાયછે.

ચોમાસુ—સપ્ટેંબર, અકટોબર અને નવેંબર–આ ત્રણ મહિના ચોમાસાના ગણાયછે. આ ઋતુમાં પારો ૫૫ થી ૪૩ ડિગરી સુધી ઉતરેછે. ઝાડપાનની દશા પડવા માંડેછે અને નવેંબરમાં ઝાડ તમામ બોડકાં થઈ જાયછે. વરસાદતો ઘણુંકરીને બારેમાસ થોડો થોડો પડેછે પણ આખાં વરસમાં ૩૦ ઇંચથી વધારે પડતો નથી.

શિયાળો—ડીસેંબર, જનેવારી અને ફેબ્રવારી–આ ત્રણ માસ શિયાળાના કેહેવાયછે. ગરમીની સિસી ૪૦ થી ૩૭ ડિગરી સુધી ઉતરેછે. જનેવારીમાં સઉથી ઘણી તાહાડ પડેછે. પાણીનો બરફ થઈ જાયછે. ઘરનાં છાપરાં ઉપર અને રસ્તા ઉપર બંધાયલો વરસાદ (સ્નો) બાંડના ભુકા જેવો પડેછે.

પ્રકરણ ૪.

ઘર તથા પ્રસિદ્ધ મુકામો.

એક વખત પારિસ જોયા પછી લંડનનાં ઘર તથા પ્રસિદ્ધ મુકામો વિષે સારો વિચાર આવશે નહી. તેછતાં એટલી વાત જાણવી જરૂર છે કે મુંબઇનાં ઘરોની રચના લંડનનાં ઘરોની રચના આગળ વટાવમાં જતી રેહેછે. લંડનમાં કેટલાંએક ઘરો અને તેમનાં છાપરાં અને તેમનાં બેડોળ ધુમાડીયાં લંડન જેવાં પ્રખ્યાત અને મોટાં શેહેરને એબ લગાડેછે. વળી લંડનમાં ધુમાડો ઘણો ફેલાયાથી ઘરની બાહારનો દેખાવ કાળાસ ઉપર મારેછે અને તેના ભભકામાં ઘટાડો કરેછે. એ બધી ખામી છતાં લંડનનાં ઘર તથા પ્રસિદ્ધ મુકામો મુંબઇથી ઘણા ચઢતાં છે એમાં કંઈ પણ સંશય નથી.

ઘરની બાંધણી.

ઘરની બાંધણી ઉપર એ દેશના લોકો ઘણું ધ્યાન આપેછે. ઘરનો ઘાટ અને દેખાવ સારો તથા શોભાયમાન્ કરવાને એ લોકો "ટેસ્ટ" એટલે સણગાર-બુદ્ધિ વાપરેછે. એક મોહોલ્લામાં ઉંચા નીચાં અને જુદી જુદી બાંધણીનાં ઘર બાંધવાને બદલે એક સરખાં અને એક બાંધણીનાં ઘર તેઓ બાંધેછે. વળી આપણી પેઠે તેઓ એક એક ઘર વચે ખાંચો રાખતા નથી.

મુંબઇમાં કેટલાંએક ઘરોની સારી બાંધણી છે, પણ તેમની આસ પાસનાં ઘરો ઉંચાનીચા હોવાથી તથા એકએક ઘરની વચે ખાંચો રહ્યાથી તેમનો દેખાવ બેડોળ લાગેછે. વિલાયતનાં સારાં ઘરોની બાંધણીનો ઘાટ જોવો હોય તો તેનો નમુનો મુંબઇમાં એલફિંસ્ટન્ સર્કલ આગળ મળશે. એ ટેકાણે નવી ઇમારતો ગોળાકારમાં તયાર થઇછે તે ત્યાંના સારાં ઘરોનો ખરો અને બરાબર નમુનો છે.



જુદા જુદા ઘાટના સ્તંભ

ઉંચા અને સારાં ઘાટના સ્તંભોથી ઘરની શોભા વધેછે. ઉપર પાંચ જુદી જુદી જાતના નમુના આપ્યાછે એવા ઘાટના સ્તંભ ઘણુંકરીને વિલાયતમાં વપરાયછે. તેમાં કેટલાએક સાદા પ છ અને કેટલાએક નકશીવાળા છે. કેટલાએક ઉપર માણસ અથવા જનાવરનાં મોહોડાં કોતરેલાં હોયછે. સ્તંભોની ઉપર એ લગાડ્યાથી ઇમારતનો ઘણો બાહાર મારેછે. એવાં નકશીદાર છુટાં મોહોડાં અથવા સ્તંભ સાથે કોતરેલા મોહોડાં તઈયાર મળેછે. ઘણુંકરીને ખરા પથરના નહી પણ "ટેરા કોટા"ના. મુંબઈ મધે એલફિન્સ્ટન સર્કલ આગળની નવી ઇમારતોમાં મોહોડાં લગાડ્યાંછે એ વિલાયતથી તઈયાર મંગાવેલાછે. ઇમારતોની બારીબારણાંનો ઘાટ ઉપરથી ગોળ કમાનનાજેવો લેછે તેથી પણ ત્યાની ઇમારતોના દેખાવની શોભા વધેછે.



પાર્લ્યામેંટનો મહેલ-(રસ્તાઉપરથી.)

(k)

ત્યાના લોકો ઘર બાંધવામાં મુખ્ય નિયમ એ રાખેછે કે ઘરનો પેહેલો અને બીજો મજલો જેમ બને તેમ ઉંચો રાખવો, બારિયો જેમ બને તેમ વધારે મુકવી અને છાપરાંનો ભાગ જેમ બને તેમ નહારો ન દેખાય તેમ કરવો. સારાં ઘરો સપેત પથરથી બાંધેછે અથવા ઘણુંકરીને સપેત પથર જેવો રંગ તેને આપેછે. ધોરી રસ્તા ઉપર ઘણાંખરા ઘરોની નીચે દુકાન હોયછે; પણ એ દુકાનો એવી હોયછે કે ઘરને એબ લગાડવાને બદલે શોભા આપેછે. આપણાં ઘરોને જેવા ઓટલા હોયછે તેવા એ ઘરોને હોતા નથી. આપણાં ઘરને જેવા બારી-બારણાં છે તેવાં બારીનાં બારણાં એ ઘરોને નથી. એ બારણાં બાહાર રસ્તાની તરફ ઉઘડતા નથી પણ બારીની માંહે કાચના ચોકઠાં ચહડાવવા ઉતારવાના હોયછે.

ઘરનીચે દુકાનનો દેખાવ.

ધોરી રસ્તાઓ ઉપર પાંસરી લીટીમાં ઘરોની હારની હાર બાંધેલીછે. પણ કેટલાએક ચૌટા આગળ એટલે જ્યાં ચાર રસ્તા સામ સામેથી મળતા હોય ત્યાં ગોળાકાર આપીને ઘર બાંધેલાંછે. કેટલીએક મોટી શેરીઓમાં ચંદ્રની કોર જેવો આકાર આપીને ઘરો બાંધેલાંછે; તેવાં ઘરોનો બહુ ભભકો મારેછે. ચંદ્રની કોર ઉપરથી એવી શેરીઓનાં નામપછવાડે ક્રેસંટ શબ્દ વાપરેછે.

કેટલેએક કેકાણે વચમાં ચોક રાખીને ઘરો બાંધેછે તેઉપરથી તે મોહોલ્લાઓનાં નામ પછવાડે "સ્કુવેર" એટલે ચોક શબ્દ વાપરેછે. કેટલાંએક ઘરોની ઉપર ઝરખા મુકેછે. ઘણુકરીને બે કે ત્રણ માળના ઘરો હોયછે અને માળ ઉંચા હોવાથી ઘર ઉચાં દેખાયછે. નીચેનો માળ ઉપરના માળ કરતાં વધારે ઉંચો રાખેછે.

વિલા અથવા કૉટેજ.

કેટલાએક મધ્યમ સ્થિતિના લોકો શેહેરથી ઘણા દુર રેહેછે તેઓ નાહાનાં અને સાદાં ઘર બાંધેછે. એવાં ઘરોને વિલા અથવા કૉટેજ કરીને કેહેછે. એ ઘર સાદાંછે પણ તેમની બાંધણી સુંદર દેખાયછે. આવી બાંધણી અથવા આવો ઘાટ વિલાયતમાં અસલવારીનો કેહેવાયછે. હમણાના વખતમાં આવાં ઘરો એ દેરાના ગામડાંને અથવા ખેતીવાડી તરફની છુટી જગ્યાઓને વધારે મળતાં આવેછે.

વિલાયતમાં ઘર ઘણાં જલદીથી બંધાઈ શકેછે. મોટાં ઘરો મુંબઈમાં બે ત્રણ વરસે પુરાં થઇ શકતાં નથી તે વિલાયતમાં બે ત્રણ મહિનામાં ઉભાં થઈ તયાર થાયછે. નાહાનાં ઘરો તો થોડાં અઠવાડિયામાંજ તયાર થઇ શકેછે. હું રહ્યો તેટલી મુદતમાં મેં ઘણાં ઘર થોડા વખતમાં તયાર થયલાં જોયાં. હું જો તમને એમ કહું કે "અહીં ઘરો ઉગી નિકળેછે" તો એમાં કંઈ પણ મરકરી જેવું નથી. તમે બે મહિના લંડનની બાહાર ફરી આવો અને કેટલેએક ઠેકાણે તમે ખાલી જગ્યા અથવા જુનાં ઘર દીઠાં હશે તેની જગ્યાએ નવાં ઘર તમે જોશો. લંડનમાં બધાં મળીને આસરે ૩ લાખ ૩૦ હજાર ઘર છે તેમાં દર વરસે આસરે ૪ હજાર નવાં બંધાતાં હશે.

આવી રીતે જલદીથી ઘર બંધાઇ તયાર થાયછે તેનું મુખ્ય કારણ એ છે કે ઘરને માટે લાકડકામ ઇત્યાદિ તયાર મળેછે. તમને કેટલું મોટું અને કેટલી રકમમાં ઘર જોઇએછે એ સુમાર ઉપર તેનાં બારીબારણાં, થાંભલા, ભારવટીઆ એ બધું તયાર મળશે; ખરચીચુનો અથવા પ્લાસ્ટર પણ તયાર મળશે. માત્ર ગોઠવવાનીજ અને ઉભું કરવાનીજ વાર.

લંડનનો કસ્ટમ-માંડવી.

(m)



ઘરની માંહેલી ગોઠવણ.

ઘરની માંહેલી ગોઠવણ જેમ બને તેમ સુખદાયક કરવાને એ લોકો ઘણી કાળજી રાખેછે. જુદા જુદા ઓરડાઓની અને જુદી જુદી ઓરડીઓની ગોઠવણ ઘણી રૂડી રીતે કરેલી હોયછે. ગમે તેવાં નાહાનાં અને હલકી કિંમતનાં ઘરમાં એક "ડ્રૉઇંગ-રૂમ" અથવા બેસવાનો ઓરડો, એક જમવાનો ઓરડો, બે ત્રણ સુવાના ઓરડા, એક રસોડું, એક કોઠાર, બળતણ અથવા કોયલા ભરવાનું એક ભોંયરું ને એક સંડાસ એટલું તો ઓછામાં ઓછું હોવું જોઈએ. આતો એક ઘણુંજ નાહાનું ઘર કેહેવાય.

પણ જેમ ઘર મોટું તેમ તેમાં વધારે સમાસ અને વધારે ઓરડા અને ઓરડીઓ. ઉપર જણાવ્યા કરતાં જરા ચહડતાં ઘરમાં વાંચવા લખવાનો એક જુદો ઓરડો, કપડાં પેહેરવાં ઉતારવાનો એક જુદો ઓરડો, નાહાનાં બાળકોને સુવા બેસવાનો જુદો ઓરડો, એક નાહાવાનો ઓરડો, ચાકરોને સુવાની બે ત્રણ જુદી ઓરડી, રાંધવાના વાસણ ધોવા કરવાની જુદી ઓરડી, વધેલું ભોજન ઢાંકી રાખવાની જુદી ઓરડી; કાચનાં ને કોડીનાં વાસણ મુકવાની જુદી ઓરડી છરી કાંટા ને ચમચા મુકવાની જુદી ઓરડી; મદીરા (દારૂ) રાખવાની જુદી ઓરડી-એટલું પેહેલાં કરતાં વધારે.

આથી વધારે ચહડતાં ઘરમાં "પિકચર ગ્યાલરી" એટલે ચિત્ર મુકવાનો ને ટાંગવાનો એક જુદો ઓરડો, ટેબલ ઉપર દડે રમવાનો જુદો ઓરડો, સવારના બેસવાનો જુદો ઓરડો, ટિફિન અથવા ડુંગો કરવાનો જુદો ઓરડો, ઝાડપાનનાં કુંડાં મુકવાનો જુદો ઓરડો, પેહેરવાનાં કપડાં મુકવાનો જુદો ઓરડો; દહીં દુધ ને માખણ મુકવા કરવાની જુદી ઓરડી, બ્રશ મારીને કપડાં સાફ કરવાની જુદી ઓરડી, બૂટ એટલે જોડા મુકવાની તથા તેને બ્લાકિંગ લગાડવાની જુદી ઓરડી, ઇત્યાદિ. એટલું પેહેલાં તથા બીજાં ઘર કરતાં વધારે.

બેસવાના અને જમવાના ઓરડા ધારૂકરીને લંબાઈ પોહાલા-

ઈમાં સરખા રાખેછે. બાર હજાર રૂપીયાની કિંમતની બાંધણીનાં ઘરમાં બેસવાનો આગલો ઓરડો ઘણુકરીને ૧૮ ફૂટ લાંબો અને ૧૫ ફૂટ પોહોળો હોયછે. ઓરડાની બારીઓ ઘણુંકરીને કાચની હોયછે. જેમ રિગ્રામ જેવી ગાડીમાં ચહડાવવા ઉતારવાના કાચનાં બારણાં હોયછે, તેમ આ ઘરની બારીઓને બારણાં હોયછે. માહેલી કોરથી છુટાં વિનિશિયન (વિનિજર) બારીને માથે ટાંગેછે અથવા જમદાની જેવાં કપડાંના પડદા ટાંગેછે. જ્યારે જોઈએ ત્યારે એ વિનિશિયન અથવા પડદા બંધ કરે અથવા ઉઘાડે. એથી લાકડાંની બારીની ગરજ રેહેતી નથી. બારીનાં ચોકઠાંના કાચ બારી જેવા મોટા હોયછે. એ ઉપર પડદા ઘણા "ટેસ્ટ" અથવા સણગારબુદ્ધિથી ટાંગેછે.

દરએક ઓરડામાં ઘંટનો તાર ખેંચવાને સુંદર હાથો દેવાળ સાથે જડી લીધેલો હોયછે. એ ખેંચાયાથી તાર ખેંચાયછે અને તેથી ચાકરવાળા ઓરડામાં ઘંટ વાગેછે. દરએક ઓરડાનો જુદો જુદો ઘંટ હોયછે માટે અમુક ઘંટના અમુક અવાજથી ચાકર જાણે કે ફલાણા ઓરડામાં મને બોલાવેછે.

દરએક ઓરડામાં તાપણી કરવાની સગડી દેવાળ સાથે જોડી લીધેલીછે. જ્યારે ટાહાડ પડેછે ત્યારે એ સગડી પેટવેછે. બેસવાના, જમવાના અને સુવાના ઓરડામાં વારંવાર એ સગડી પેટવવાથી તમે એમ ધારશો કે ઘર અને ઘરનો સણગાર ધુમાડાથી કાળો થઈ જતો હશે અથવા ધુમાડાથી બેસવા ઉઠવાને કંટાળો ઉપજતો હશે. ના; તેવું કંઈજ નથી. ઘરમાં ધુમાડા જેવી ચીજ કોઈ દાહાડો દેખાતી નથી. દરએક ઘરમાં ધુમાડીવું હોવાથી ધુમાડો એમનો એમ બાહાર નિકળી જાયછે અને રસોડાંમાં પણ તેની અસર માલમ પડતી નથી. ધુમાડીયાં વગરનું કોઈ ઘર ખાલી નહી હશે. આપણા દેશમાં ધુમાડીયાં મુકવાનો ચાલ નથી તેથી રસોડાંમાં અને આખાં ઘરમાં ધુમાડો પસરીને કંટાળો ઉપજાવેછે. તે છતાં હજી આપણા લોકો ધુમાડીયાં દાખલ કરતાં નથી એ કેવી અજાયબ જેવી વાત છે!

દરએક ઘરમાં પાણીનું તથા દિવાનું તથા સંડાસનું મોટું સુખ છે. પાણી લાવવું પડતું નથી. કેમકે દરએક ઘરમાં પાણીના નળ લીધેલાછે. એ પાણી ટેમ્સ નદી લંડનમાં દાખલ થાયછે તેની કેટલેક દૂરથી તેમાંથી તથા એક નવી નદી મોટી હિકમતથી બાંધીછે તેમાંથી નળ મુકીને આણેલુંછે. માટે અપણા દેશની પેઠે પાણીને માટે ઘરની બાહાર જવું પડતું નથી. તેમજ ઘણાંખરાં ઘરોમાં ગ્યાસના નળ લીધેલાછે માટે દિવાનું સુખ ઘણું છે. સંડાસનું સુખ ઓછું નથી. કોઈ ઘરમાં ઢેડાને જવું પડતું નથી. મોટા નળમાં પોતાની મેળે સાફ થઈ જાયછે. એક આદમી હાજતે જઈ આવ્યા પછી તેની જરા પણ નિશાન કે ગંદકી રેહેતી નથી.

ઘરની માંહે જુદા જુદા ઓરડાઓની વેહેંચણી ઘણુકરીને ઘણીજ પાતળી દેવાલથી કરેલીછે. એ દેશમાં સુવાના ઓરડામાં ખાલ અથવા મોરી બિલકુલ કરતા નથી. એની ગરજ એક કોડી કાચનાં મોટાં વાસણથી સરેછે. હાથ મોહો ધોવાનાં ટેબલ હેઠલ અથવા એ માટે બનાવેલી પેટીમાં એ વાસણ રાખેછે અને તે ઘરની દાસી નિત્ય બે ત્રણ વાર સાફ કરી ધોઈ ને મુકેછે. મારી સાથેના એક ચાકરે એ વાસણ પેહેલ વેહેલાં વરતવું નહી અને તેમાં કંઈ ચીજ મુકવા જતો હતો તેવામાં તેને ચુક માલમ પડી. મુંબઈમાં કેટલાએક દેશીઓ એવાં કોડી કાચનાં વપરાયલાં અથવા કોરાં વાસણ ખાવા કરવાની ચીજ મુકવામાં વાપરેછે પણ ઈંગ્રેજ લોકો તે શું કામમાં વાપરેછે તે તેઓ મુદલ જાણતાં નથી.

કેટલાંએક ઘરોને આગળ પાછળ થોડી જગ્યા હોયછે તેમાં ઝાડ પાન વાવીને સુંદર બાગ જેવો બાગ બનાવેછે. લંડનમાં આગળ પાછળ થોડાંજ ઘરોને જગ્યા છે અને જેઓને છે તેઓને ઘણીજ થોડી. ઘરમાં પેસવાનું બારણું ઉઘાડયું તો તરત બેસવાના ઓરડામાં જઈ રાકાશે નહી પણ ત્યાંનાં ઘરોને "પોર્ચ" (એટલે નાહાની ચાળ) હોયછે તેમાં થઈને બેસવાના ઓરડામાં જવાયછે.

ત્યાંનાં ઘરોનાં બારણાં હમેશા બંધ રેહેછે. જેને ઘરમાં આવવું

હોયછે તે બાહારથી ઘંટના તારનું કડું ખેંચેછે એટલે ઘંટ વાગ્યાથી ચાકર દરવાજો ઉઘાડેછે. ચાકરને જવા આવવાને ઘણુકરીને જુદું બારણું હોયછે ને તેનો ઘંટ પણ જુદો હોયછે. દરએક ઘરની ઉપર સોનેરી અથવા રંગીન આંકડાએ ઘરનો નંબર લખેલો હોયછે. એ નંબર જેમ બને તેમ બાહારથી વંચાય એવી રીતે પાડેછે. કેમકે નંબર વગર હરકોઇનું ઘર શોધવાનું કામ બહુ મુશ્કેલ છે.

ઘરનું રસોડું રસ્તાની જમીન કરતાં ઘણુકરીને નીચું હોયછે. એ દેશની ઠંડી હવાને લીધે ભોંયરાંમાં કેટલોએક સમાસ થઇ રાકે છે. બળતણ અથવા કોયલાને વાસ્તે પણ જમીનમાં ભોંયરું હોયછે. તે ભોંયરાંનું મોહોડું રસ્તામાં પગે ચાલવાની વાટ ઉપર હોયછે. તે બંધ રેહેછે ત્યારે રસ્તાની જમીન બરાબર થઈ જાયછે. માત્ર કોયલા ભરવા માટે તે કોઈ કોઈ વાર ઉઘાડવામાં આવેછે. રસ્તામાં ચાલતી વખત એવાં ભોયરાંનાં મોહાડાં સાંમુ જોતાં જવું. કોઈ ઠેકાણે ઉઘાડું હોય ને પગ પેસી જાય. એક પારસી મિત્રનો નાહાનો છોકરો એ પ્રમાણે ચુકવાથી પડી ગયો તેની ઇંદ્રિને એટલી ઈજા થઈ કે ઘણી મુદતસુધી એ બિચારો દુખી રહ્યો.

ઘર બાંધવાનો ખરચ.

હાલ મુંબઈમાં બાંધકામ કરવાનો ખરચ વધી પડયોછે તે ઉપરથી તમે જાણવાની ઈચ્છા રાખતા હશો કે વિલાયતમાં બાંધકામ કરવાને કેટલો ખરચ થતો હશે. તમે સાંભળીને કદાચ અચરત થશો કે લંડનમાં ઘર બાંધવાનો ખરચ મુંબઈ કરતાં વધારે થતો નથી. "ઇંગ્લીશ જેંટલમન હાઉસ" નામની ચોપડી જે મારાં જોવામાં એક વાર આવી હતી તેમાંથી વિલાયતમાં ઘર બાંધવાના ખરચની વિગત મેં ઉતારી રાખીછે. લંડનમાં દર ચો૦ ફુટે ૪ થી ૫૦ રૂ૦ મોટાં બાંધકામના ને ૩ થી ૫ રૂ૦ હલકાં બાંધકામના ઘણુકરીને થાયછે. બાર હજાર રૂપીયાની કિંમતનાં બાંધકામમાં નીચે પ્રમાણે સમાસ થઈ રાકે. મુંબઈમાં એટલી કિંમતે ઘર બાંધવાનું કોઈ

મિસતરીને કેહેરો તો તેમાં એટલો સમાસ કરી આપવાનું તે કદી વિચારશે નહી.

મોટું બાંધકામ.		ફૂટ લાંબું પોહોળું.	ચોરસફૂટ.
૧ ડ્રૉઈંગ–રૂમ એટલે બેસવાનો ઓરડો	..	૧૮×૧૫=	૨૭૦
૧ ડાઇનિંગ–રૂમ ,, જમવા બેસવાનો ઓરડો.		૧૮×૧૫=	૨૭૦
૧ પોર્ચ——— ,, નાહાની ચાળ	.....	૮× ૫=	૪૦
૨ દાદરની જગ્યા	.....	૧૨× ૭=	૧૬૮
૨ સુવાના ઓરડા	.....	૧૬×૧૩=	૪૧૬
૨ સુવાના નાહાના ઓરડા	.....	૧૨×૧૨=	૨૮૮
૧ કપડાં પેહેરવાનો ઓરડો	.....	૮× ૮=	૬૪
૧ છોકરાંઓને સુવાબેસવાનો ઓરડો	..	૧૪×૧૪=	૧૯૬
૧ નાહાવાનો ઓરડો તથા સંડાસ	....	૧૦×૧૦=	૧૦૦
૧ સુવાના ઓરડામાં જવાનો રસ્તો	....	૧૨× ૪=	૪૮
દેવાળ અને પરચુરણ જગ્યા	..	=	૩૭૦
૧૩ ઓરડા.		જુમલે ચોરસ ફૂટ	૨૨૩૦

૬૨ ચોરસ ફૂટે ૩૦ ૪ પ્રમાણે ૨૨૩ ચોરસફૂટના ૩૦ ૮૯૨૦) થયા.

હલકું બાંધકામ.

૧ રસોડું	.....	૧૬×૧૪=	૨૨૪
૧ રાંધવાના વાસણ ધોવાની જગ્યા	..	૧૪×૧૪=	૧૯૬
૧ કોઠાર	.....	૮× ૬=	૪૮
૧ સંડાસ	.....	૮× ૬=	૪૮
૧ બળતણ અથવા કોયલાનું ભોયરું	..	૧૦× ૭=	૭૦
૧ ચાકરને સુવાનો ઓરડો	.....	૧૨×૧૦=	૧૨૦
૧ રસ્તો	.....	=	૫૭
દેવાળ અને પરચુરણ જગ્યા	..	=	૨૩૭
૯ ઓરડી.		જુમલે ચોરસ ફૂટ	૧૦૦૦

૬૨ ચોરસ ફૂટે ૩૦ ૩) પ્રમાણે ૧૦૦૦ ચોરસ ફૂટના ૩૦૦૦ રૂપીયા થયા તેમાં ઉપલી ૨૬મ ઉમેરીયે તો ૩૦ ૧૨૦૦૦) માં કેટલું ઓછું પડશે તેમાં ૧૩ ઓરડા અને ૯ ઓરડીનું ઘર બંધાઇને તૈયાર થશે.

ઘરનું ભાડું.

લંડનમાં ત્રીસ લાખ માણસની વસ્તી હોવા છતાં મુંબઈ કરતાં ભાડાનાં ઘર વધારે સેહેલાઇથી અને વધારે સસ્તી કિંમતે મળેછે એ વાત મેં આગળ જણાવીછે. (જો પૃ૦ ૮૬–૮૯.) આ બિના અચરજ જેવી પ્રથમ લાગેછે પણ એનો ખુલાસો સેજ થઈ રાકેછે. મુંબઈની વસ્તી લંડનની વસ્તીનો ત્રીજો ભાગ ભાયગે હશે તે છતાં ઘર એવાં કઢંગા અને જગ્યાનો સુમાર રાખ્યા વિના બાંધેલાંછે કે છતી જગ્યાએ દસ લાખ માણસોનો પણ પૂરો સમાસ થઈ રાકતો નથી.

પ્રથમ મેદાન મુકીને મુંબઈનું કાપડ–બજાર તપાસીએ. આ કાપડ બજારની નઠારી અને રેઢીયાળ હાલતથી મુંબઈનું મોટું નાક કપાઇ જાયછે. બેડોળ અને ઝુંપડાં જેવી દુકાનો ને બદલે સુંદર ઉંચી ઈમારતો બાંધીને નીચે મોટી દુકાનો હોય તો કેટલો બધો સમાસ એટલામાંજ વધી રાકે? તેમજ ધોબીતલાવ અને કાળકાદેવીનાં મેદાન તરફનાં નાકાં ઉપર કેટલાં બધાં ઝુપડાં જેવાં નાહાનાં ઘરો છે. તે બધાં નવેસરથી ઉંચાં બંધાય તો કેટલો સમાસ વધે?

પણ જરા આગળ ચાલશો તો માલમ પડશે કે ગીરગામ, ખેતવાડી, ગોપાટી, વાળકેશ્વર, ગ્રાંટરોડ, ઇત્યાદિ લત્તાઓ ઉપર એક એક ઘર અથવા બંગલાની આસપાસ કેટલી બધી જગ્યા નકામી રોકાયછે? લંડન શેહેરમાં એવી રીતે કોઈ પણ જગ્યા નકામી પડી નથી. તમે કદાચ પુછશો કે "ત્યારે શું વિલાયતમાં વાડી બંગલા નથી." લંડન શેહેરમાં આપણાં વાડીબંગલા જેવું તમે ક્વચિતજ જોશો. શ્રીમંતો મોસમ ઉપર લંડનમાં આવી રેહેછે ને મોસમ ખલાસ થઇ કે ઇંગ્લંડના જુદાં જુદાં નાહાનાં ગામોમાં પોત પોતાનાં મોટા મેહેલ કે કિલ્લા જેવાં ઘરમાં જઇને મોજ ભાગવેછે.

મુંબઈમાં વળી મહાલક્ષ્મી અને બાઇખલા વચે કેટલી ઉજડ જગ્યા પડી રહીછે? એ જગ્યામાં પુરણી કરી ઘરો બાંધે તો કેટલો બધો સમાસ થાય. મુંબઇનો વિસ્તાર મહિમ સુધી ગણીએ તો જગ્યાની કંઈ ખોટ નથી. મુંબઈની ૯ લાખ માણસની વસ્તીને માત્ર ૨૦ હજાર ઘર છે. લંડનની ૩૦ લાખની વસ્તીને ૧ લાખ ૩૦ હજાર ઘર છે. એજ પ્રમાણ લઈએ તો મુંબઈમાં ૨૦ હજાર ઘરને બદલે ૩૯ હજાર ઘર હાલની વસ્તીને માટે થવાં જોઈએ.

દેવળ.

ઈમારતોની રચનામાં દેવળોથી બહુ શોભા મળેછે. લંડન જેવાં મોટાં શહેરમાં દેવળોની કંઈ ખોટ નથી. ઓછામાં ઓછાં આસરે ૧૦૦ દેવળ લંડનમાં હશે. એ બધામાં સઉથી મોટું સેંટપૉલનું દેવળછે. દેવળોની બાંધણી જેમ બને તેમ સુંદર કરવી એ વિચાર બહુકરીને બધા દેશના લોકોનો હોયછે. હાલ જે દેવળો બંધાયછે તેની બાંધણી ઘણુંકરીને આ પ્રકરણને છેડે આપેલા ઘાટની છે. સેંટપૉલનું દેવળ

વેસ્ટમિનિસ્ટર આબી–દેવળ.

આસરે ૧૭૫ વરસ થયાં બંધાયુંછે તેની બાંધણી ઉંચા અને ગોળ ઘાટની છે અને તે હિંદુના દેહેરાંને મળતી આવેછે. ઇંગ્રેજ લોકોનાં દેવળ શિવાય બીજી જાતના લોકોએ પણ લંડનમાં દેવળ બાંધ્યાંછે. જર્મન તથા ફ્રેંચ તથા સ્વીડીશ, તથા ડાનિશ તથા યાહુદી એમોએ પોતપોતાની જાતને માટે જુદાં દેવળ બાંધ્યાંછે.

દેવળની અંદરનો હૉલ.

દેવળની માંહે પ્રાર્થના કરવાનો તથા ધર્મબોધ સાંભળવાનો "હૉલ" ઘણો મોટો, ઉંચો અને ખુબસુરત હોયછે. છત્ર, બારી તથા સ્તંભ ગોળ કમાનના આકારના ઘણુંકરીને હોયછે. બારીની માંહે મોટા મોટા રંગીન અને ચિત્ર પાડેલા કાચના તખ્તા જડેછે ને તેથી તેની ખુબસુરતીમાં ઘણો વધારો થાયછે. ભોંય ઉપર લાદી પણ ઘણી ઉંચી જડેછે. લોકોને બેસવાની તથા ધર્મની પોથીઓ રાખવાની તથા વાયજ કરવાની ઘણી સુંદર ગોઠવણ હોયછે. જે વેળાએ બધા ગંભીર અને એક અવાજે ઇશ્વરની પ્રાર્થના કે સ્તુતિ ગાયછે ને તેની સાથે વાજીંત્રનો મધુર સાદ નિકળેછે તે વેળા એ દેખાવ જોવાજોગછે. આવા દેખાવથી જોનારનાં મન ઉપર ઘણી અસર થાયછે.

ઇંગ્રેજોનાં કેટલાએક દેવળ જે કાથલિક રાખ્યાના છે તે દેવળોમાં ઇસુ ક્રાઇસ્ટની તથા તેની કુવારી માતા "મેરી"ની તથા ફરેસ્તાઓની મૂર્ત્તિઓ બેસાડેલીછે. આ મૂર્ત્તિની પુજામાં અને હિંદુ મૂર્ત્તિ પુંજે છે તેની પુજામાં કેટલીએક રીતનો ફેર છે પણ તે એક બિજા સાથે ઘણીક વાતે મળતી આવેછે. હિંદુના દેહેરામાં જેમ ચરણામૃતનું પાણી આપેછે તેમ આ દેવળોમાં પણ દરવાજા આગળ એક પાદરી બેસીને પાણી આપેછે તે તેઓ આંખે લગાડેછે. આ દેવળમાં કેટલાંએક વેહેમી સ્ત્રી પુરુષો પોતાનાં પાપ ધર્મગુરૂ પાસે કબુલ કરવાને જાયછે, અને તેઓના કાનમાં પોતાનાં પાપ પ્રગટ કરીને એમ સમજેછે કે અમે એ પાપમાંથી છુટાં થયાં. પ્રૉટેસ્ટંટ રાખ્યાનાં દેવળમાં મૂર્ત્તિ કે એવું કંઈ નથી; પણ એ રાખ્યમાં પણ અનેક પંથો ઉભા થયાછે અને તેમની ધર્મક્રિયા તથા વાયજ કરવાની રીતી એક એકથી જુદી છે.

મેહેલ.

હરએક દેશની મોટી ઈમારતોમાં પાદશાહી મેહેલ સરદારી ભોગવેછે. એટલામાટે એ મેહેલનો દેખાવ કેવો હશે એ જોવાની આતુરતા થવી જોઈએ. મહારાણી વિકટોરિયા લંડનમાં હોયછે ત્યારે ઘણુંકરીને "બકિંગહામ" નામના મેહેલમાં રેહેછે. એ મેહેલના ખુબસુરત દેખાવનું ચિત્ર આગળ જોવામાં આવશે. એની બાંધણીમાં કંઇ પણ મણા નથી.

સેંટ-જેમ્સ નામનો બીજો મેહેલ ઉપલા મેહેલની પડોસમાં છે તેમાં મહારાણી રેહેતાં નથી પણ તે દરબાર ભરવામાં અથવા એવાંજ બીજાં કામમાં આવેછે. "કેન્સીંગટન" નામનો ત્રીજો મેહેલ છે તેમાં મહારાણી વિકટોરીયા ઈ૰ સ૰ ૧૮૧૯ માં જન્મી હતી. હાલ એમાં પાદશાહી કુટુંબ રેહેતું નથી. વાહાઈટ-હૉલ નામનો ચોથો મેહેલ છે તેમાં આંઠમા હેનરીના વખતથી તે ત્રીજા વિલિયમ રાજાના વખત સુધી રાજાઓ રેહેતા હતા. એ મેહેલ રાજકુટુંબને રેહેવા લાયક નથી ને તેમાં હવે કંઈ રહ્યું નથી. "માર્લબોરો હૌસ" નામનાં મુકામમાં નામદાર મહારાણી વિકટોરિયાનો મોટો પુત્ર પ્રિન્સ ઑવ વેલ્સ રેહેછે.

લંડનથી ૨૧ માઈલ "વિંડસરકાસ્ટળ" નામનો કિલ્લા ધાટનો મેહેલછે તેમાં મહારાણી જ્યારે ત્યારે રેહેવાને જાયછે. આ મેહેલની રચણામાં પણ કંઈ મણા નથી. "આઇલ-ઑવ-વાહાઈટ"માં "આસબૉર્ન-હાઉસ" નામનો મેહેલછે તેમાં પણ મહારાણી જ્યારે ત્યારે રેહેવાને જાયછે. "હાંમટન-કોર્ટ" નામનો એક જુનો મેહેલ લંડનથી ૧૩ માઈલિછે તેમાં રાજકુટુંબ મુદલ રેહેતું નથી. પણ એમાં જુના વખતના પાદશાહી મેહેલનો સામન જોવાજોગ છે.

એ શિવાય પાર્લ્યામેંટનો મેહેલ તથા બિલોરી મેહેલ એ બે મોટા મેહેલ કેહેવાયછે. એ મેહેલ બધા મેહેલોના કરતાં વાધારે શોભાયમાન અને વધારે ભભકાદાર છે પણ તે પાદશાહી કુટુંબને રેહેવા

માટે બાંધ્યાજ નથી. પાર્લ્યામેંટમાં રાજ્યસંબંધી સર્વ ગોઠવણ કરવાને રાજ્યસભા મળેછે અને બિલોરી મેહેલમાં રહેવતને જ્ઞાન તથા ગમત ઉપજેછે. પાર્લ્યામેંટના જેવી સુંદર અને રોણુકદાર ઇમારત આખા ઇંગ્લંડ દેશમાં એકે નથી તેમજ બિલોરી મેહેલની બરાબરી કરનાર એકે ઇમારત નથી. બિલોરી મેહેલનું માલિકપણું એક કંપનીના હાથમાં છે એટલામાટે એ પાદશાહી મેહેલ ગણાતો નથી. તે છતાં તેને મેહેલનું નામ બધી રીતે ઘટેછે.

સરકારી ઇમારત.

ઉપર જણાવેલા મેહેલ શિવાય લંડનમાં બીજી કેટલીએક સરકારી ઇમારત છે, તેમનો ભભકો પણ કંઈ ઓછો નથી. લૉર્ડ-મેઅર જેની પદ્વી એક રીતે રાજાથી બીજી ગણાયછે તેને માટે "મ્યાંનરાન-હાઉસ" નામનું મોટું મુકામ ત્યાંની મોટી બ્યાંક આગળ છે. તેમાં લૉર્ડ-મેઅર રેહેછે તથા એક ભાગમાં પોલીસ અથવા ફોજદારી ખાતાનો ઇનસાફ કરેછે. લૉર્ડ-મેઅર આ પ્રમાણે ત્યાંના મુખ્ય માજીસ્ટ્રેટનું કામ ચલાવેછે પણ તેની ગાડીનો અને તેના પોશાકનો ભભકો કંઈ જેવો તેવો નથી. તેની સાથેના આલ્ડરમેન પણ ઘણો ભભકાભરેલો પોશાક પેહેરેછે. તેને ૮૦ હજાર રૂપીયાનું વરસાણ મળેછે અને દર વરસે નવેંબર મહિનામાં જ્યારે નવો લૉર્ડ-મેઅર ઠરેછે ત્યારે મોટું સાહાજન રસ્તામાં નિકળેછે. લૉર્ડ-મેઅરને રેહેવાનો "મેજીશીયન" હૉલ આ મોટા મકાનમાં વખણાય છે.

ગિલ્ડ હૉલ નામનું બીજું મુકામછે તે પણ ઘણું ભભકાદાર છે. તેનું બાંધકામ જોવાજોગ છે. ઉપલા મુકામથી તે ઘાણું દૂર નથી. આ મુકામ લંડનની ટૌન-હૉલનું કામ સારેછે. આ મુકામના મોટા ભાગમાં લૉર્ડ-મેઅર વરસો વરસ મોટું ખાનું આપેછે. આ મુકામમાં "કોર્ટ-ઑવ-એલ્ડરમેન" તથા "કૉમન-કૌંસિલ-ચેંબર" ભરાયછે. તે ઓરડાઓ જોવાજોગ છે. આ મુકામનો આગલો હૉલ ઘણો ભભકાદાર બનાવ્યોછે.

ત્રેઝરી–વાહાઇટ–હૉલ નામનું એક ત્રીજું સરકારી મોટું મુકામછે. આપણા દેશની હાઇકોર્ટના ચુકાદાની વિરૂધ જે "પ્રીવિ–કૌંસિલ" માં "આપીલ" થાયછે તે "પ્રીવિ કૌંસિલ"ની "જુડીશિયલ કમીટી" આ મકાનમાં બેસેછે ને આપીલ સાંભળેછે. એ વગેરે લૉર્ડ–હાઈ–ત્રેઝરરની–આફિસ, તથા હોમ–આફિસ તથા પેમાસ્ટર–જેનરલ આફિસ, તથા ફૉરેન–આફિસ એ બધી આજ મકાનમાં આફિસોછે.

આ "ત્રેઝરી–વાહાઇટ–હૉલ"ની સુંદર ઈમારતની સામે "હૉર્સ–ગાર્ડ" નામનું સરકારી મોટું મકાન છે. એમાં કમાંડર–ઇન–ચીફ તથા આડજુટંટ–જેનરલ તથા કુવાટર–માસ્ટર–જેનરલ એઓની આફિસોછે. આ ભભકાભરેલાં મુકામના દરવાજાને બે પડખે નિત્ય સવારના ૧૦ થી તે સાંજના ૪ વાગા સુધી બે ઘોડે સવારનો પોહોરો ઉભો રેહેછે. એવી રીતે અહીં ઘોડેસ્વાર ઉભા રેહેછે કે જાણે પુતળાં ઉભાં હોય. ઘોડોપણ હલે નહી. કમાંડર–ઇન–ચીફને આસરે ત્રણ હજારનો દરમાઓ મળેછે. આ બેહુ મોટી ઈમારતો જે સામસામેછે તે પાર્લ્યામેંટના મેહેલથી ઘણી દુર નથી.

ઈંડીયા આફિસ પ્રથમ બેંક–ઑવ–ઈંગ્લંડની પાસે "લંડન–હૉલ સ્ટ્રીટ" નામના મોહોલ્લામાં હતી તે ત્યાંથી કાહાડીને પાર્લ્યામેંટના મેહેલની પડોસમાં વેસ્ટમિનિસ્ટર હૉટેલનાં મુકામમાં હાલ લાવ્યાછે. ન્યુ–પબ્લિક–આફિસ તયૅાર થયેથી તેમાં એ જશે. ઈંડીયા કૌંસિલના મેંમબરોની આફિસો વેસ્ટમિનિસ્ટર–હૉટેલનાં મુકામમાં છે ત્યાં સર અર્સકિન પેરી તથા કયાપ્ટન ઈસ્ટવિક જે ઈંડીયા કૌંસિલના મેંમ્બરોછે તેમના મેલાપને માટે હું ગયો ત્યારે એ આફિસો મેં જોઈ હતી.

સરકારી આફિસમાં બે ખાતાંની આફિસ ઘણી મોટી કેહેવાયછે. એક કસ્ટમ–હાઉસ એટલે માંડવી અને બીજી પોસ્ટ–આફિસ. કસ્ટમ હાઉસની ઈમારત ઘણી મોટી અને ભભકાદાર છે. એમાં ૨૨૩૦ માણસો રોજીએ લાગેલાછે. એ આફિસમાં એક મોટો "હૉલ" છે તે આસરે ૨૦૦ ફૂટ લાંબો અને ૭૦ ફૂટ પોહોળો છે.

જેનરલ–પોસ્ટ–આફિસ સેંટપૉલના દેહેરાની પાસે છે. એ પણ

મોટી ઇમારત છે. આ ખાતું એટલું મોટું છે અને તેનો કારભાર એટલો બોહોળો ચલિછે કે તેની કલ્પના તમારાથી થઈ શકશે નહી. આસરે ૨૫૦૦ માણસ આ ખાતામાં લાગેલાંછે. દર વરસે બે કરોડ રૂપીયાનો ખરચ અને કમાઇ ૩૫ કરોડની છે. દર મહિને પાંચ કરોડ કાગલ અને ૬૦ લાખ ન્યુરપેપર એ પોસ્ટ-આફિસની મારફતે પહોંચાયછે. લંડનમાં ને લંડનમાંજ સવારના કોઈ મિત્ર ઉપર કાગલ લખ્યો હોય ને ટપાલમાં નાખ્યો હોય તો તેજ સાંજના તેનો જવાબ ફરી વળે. એવી ઝડપથી એ ખાતાનું કામ ચાલિછે.

સરકારી આફિસોનું એક બીજું મુકામ સમરસેટ હાઉસ-કહીને છે. એ એટલું મોટું મુકામ છે કે તેની ૩૬૦૦ બારી છે. એ બધી બારી ગણવાને કેહેછે કે એક માણસને ત્રણ દિવસ લાગ્યા હતા. ઑડિટ-આફિસ તથા જન્મ, મરણ અને લગ્ન નોંધવાની રેજીસટર આફિસ વગેરેની આફિસો આ મુકામમાં છે. આ ઇમારત "સ્ત્રાંડ" નામના મોહોલ્લામાં છે. આ ઇમારત ચોખંડ આકારમાં બાંધેલીછે અને તેનો દેખાવ ઘણો શોભાયમાન્ લાગેછે.

વેપારનાં મુકામ.

વેપારનાં મુકામમાં "બ્યાંક-ઑવ-ઇંગ્લંડ" મુખ્ય અને મધ્ય સ્થલ કેહેવાયછે. એનાં જેવું વેપારમાં મોટું અને બોહોલું મુકામ બીજું એકે નથી. તેમજ એ મુકામ વેપાર રોજગારના મધ્ય ભાગમાં આવ્યુંછે. એ મુકામ એટલું મોટું છે કે તેણે ચાર એકર જમીન રોકીછે. આ બ્યાંકમાં કેવી રીતે કારભાર ચલિછે તે જોવા માટે તેના ડરેકટરનો પરવાનો મેળવવો જોઇએ. તે મેળવીને હું મારા મિત્રો સાથે જોવાને ગયો હતો.

આ બ્યાંકમાં જે કારભાર ચલિછે તે જોઇને મારી નજર ચળી ગઈ. સોનાની મોટી લગડીને લગડીઓ પડેલી. દરએક લગડી ૧૬ રતલની ને આસરે ૮૦૦૦ રૂપીયાની. આસરે પંદર કરોડ રૂપીયાની બધી નગદી હશે. એક મોટા ઓરડાની માંહે સિક્કા તોલાતા

હતા. આ: હા! તોલવાની શી ચાલાકી!! એક કાંટામાંથી દરએક મિનિટે ૩૩ સિક્કા એક પછી એક તોલાઈને નિકળેછે!! એમાં એવી કરામત છે કે જે સિક્કા તોલમાં એક વાલ જેટલા પણ ઓછા હોય તે પોતાની મેળે એક જુદીજ પેટીમાં પડે; અને પુરેપૂરા તોલના સિક્કા બીજી મોટી પેટીમાં પડે. એવા એવા દસ ત્રાજવામાં અને બીજા ત્રાજવામાં તોલવાનું કામ જબરૂં ચાલેછે. દાહાડા આખામાં આસરે ૭૦ હજાર સિક્કા કેહેછે કે તોલાઇને નિકળેછે.

ચળણી નોટ પાડવાનું કામ પણ આજ મુકામમાં ચાલેછે. નોટના નંબર વગર ચુક થવે પડેછે એ જોવાજોગ છે. આસરે ૧૮ કરોડ રૂપીયાની નોટ ફરતી રેહેછે. આસરે એક હજાર માણસો એ બ્યાંકની રોજી ઉપર લાગ્યાછે. એ બ્યાંકનો એક ગવરનર, એક ડેપ્યુટી ગવરનર અને ૨૪ ડરેકટર છે. આ બ્યાંક ઈ૰ સ૰ ૧૬૯૪ માં સ્થાપી હતી. આખાં દેરામાં આ સઉથી મોટી બ્યાંક ગણાયછે.

"રૉયલ-એક્સચેંજ" નામનું વેપારીઓ તથા સરાફોને મળવાનું અને સોદો કરવાનું એક મોટું અને ખુબસુરત મુકામ છે. એ મુકામ "બ્યાંક-ઑવ-ઇંગ્લંડ"ની પડોસમાંજ છે. આ ઈમારતનો ઘણોજ બાહાર મારેછે. એ બાંધવાનો ખરચ ૧૮ લાખ રૂપીયાનો થયો હતો અને તે ઈ૰ સ૰ ૧૮૪૪માં બંધાઈ હતી. તેની માંહેલીગમ વચોવચ મોટો ચોક છે તેમાં મહારાણી વિકટોરિયાનું પુતળુ આરસપાહાણમાં કોતરેલું ઉભુંછે. આ ઈમારતની બાહારની બાજુ દુકાનદારોને ભાડે આપીછે.

વેપારી અને સરાફો નિત્ય પાછલા પોહોરના ૩ થી ૪॥ વાગા સુધી માંહેલા ચોકમાં એકઠા થાયછે. તેમ્હોને માટે બેસવાની જગ્યા કરીછે. મંગળ અને સુક્ર એ દિવસો ઉપર બહુ કામ ચાલેછે. રૉથ્સ-ચાઈલ્ડવાળા પ્રખ્યાત વેપારીઓ આ ઈમારતની દક્ષિણ દિશા તરફનો ભાગ રોકેછે. ટાઈમ્સ નામનાં ત્યાંનાં પ્રસિદ્ધ પત્રના અધિપતીએ વેપારને લગતી એક મોટી કૉન્સ-પિરેસી પ્રગટ કરીને તેનો મુકદમો ઘણી હિંમતથી ચલાવ્યો હતો તેનાં માનની યાદગીરી આ મુકામમાં એક દેવાળ ઉપર કોતરી રાખીછે.

શેરના વેપારીઓ અથવા સટ્ટાબાજોને મળવાની જુદી જગ્યા છે. એ "સ્ટૉક-એક્સચેંજ" નામથી ઓલખાયછે. આ ઈમારત પણ "બ્યાંક-ઑવ-ઈંગ્લંડ" ની પાસેજ છે. મેંમ્બર શિવાય એમાં બીજા કોઇને દાખલ થવા દેતા નથી. તેના આસરે ૮૫૦ મેંમ્બર છે. કોઇએ દિવાળું કાઢ્યું હોય અને તે રૂપીયાના ત્રણ આના સુધી પણ ચુકવે તો તે મેંમ્બર દાખલ રહી શકે, નહી તો નહી. દલાલ દલાલીના સેંકડે બે આના લેછે. આમાં નવા મેંમ્બરને દાખલ થવું હોય તો જુના મેંમ્બરો તેને પસંદ કરે તોજ દાખલ થઈ શકે.

દાણો તથા અનાજના વેપારીઓને મળવા તથા સોદા કરવા માટે "કૉર્ન-એક્સચેંજ" નામની એક જુદી ઈમારત છે. તેમજ કોયલાના વેપારીઓને મળવા તથા સોદો કરવા માટે એક જુદી જગ્યા છે તે "કોલ-એક્સચેંજ" નાં નામથી પ્રસિદ્ધ છે. તે ઈમારતોમાં પણ મોટી લેવડ-દેવડ ચલેછે.

વેપારી તથા સરાફોની તથા બીજી બ્યાંકોની આફિસો "બ્યાંક-ઑવ-ઈંગ્લંડ" ની આસપાસ છે. એક એક ઘરમાં ઘણી ઘણી આફિસો છે. "ગ્રેશામ-હાઉસ" નામનું એક મોટું ઘર છે તેમાં આસરે ૧૫૦ આફિસો હશે. આપણા કામાજી વગેરેની આફિસ આ ઘરમાં છે. મી૦ દાદાભાઇ નવરોજજીની આફિસ "ગ્રેટ-સેંટ-હિલન્સ" માં છે. આ બધી આફિસો કંઈ ધોરી રસ્તા ઉપર નથી. નાહાની નાહાની ગલી ખુંચીમાં પણ મોટા મોટા વેપારીઓની આફિસો છે. જે ઘરમાં આફિસ હોય તે ઘરમાં રેહેવાનું બને નહી; કેમકે આ લત્તા ઉપર ભાડું વધારે બેસે ને વળી રેહેવા લાયક સમાસ થઈ ન શકે. તે છતાં આપણી તરફના એક ગોજની પેહેડીએ આફિસ તથા રેહેવાનું સાથેજ રાખ્યું હતું.

વાહાણ બનાવવાને તથા સમારવાને માટે લંડનમાં ગોદી છે તેનો દેખાવ જોવાજોગ છે. બધી મળીને ૭ ગોદી છે તેણે ૭૦૦ એકર જમીન રોકી છે એ ઉપરથી એ બધી ગોદી કેટલી મોટી હશે તેનો વિચાર આવશે. આ બધી ગોદી બાંધવામાં કરોડો રૂપીઆ ખરચ થયો હશે.

ક્લબ હાઉસ.

પરસ્પર પ્રીતિ વધારવાને અને ગમત તથા જ્ઞાન મેળવવાને કેટલાએક માણસો મળીને એક "ક્લબ" ઉભું કરેછે અને તેઓના મળવાના મુકામને "ક્લબ-હાઉસ" કેહેછે. મોટા પાયા ઉપર ઉભાં થયલાં લંડન શેહેરમાં આસરે ૩૦ "ક્લબ હાઉસ" અથવા ક્લબના જુદા જુદા ૩૦ મુકામ છે. એ મુકામ કંઇ સાધારણ અને જેવા તેવા નથી.

ઑકસફર્ડ ઍંડ કેમ્બ્રીજ-ક્લબ હૌસ.

એક મોટું અને શોભાયમાન્ ક્લબ-હાઉસ બાંધવાને ઘણો ખરચ લાગેછે. એક એક ક્લબમાં ૬૦૦ થી ૧૫૦૦ માણસો સામેલ થાયછે. દરએક આસામીને દાખલ થવાના ૧૦૦ થી ૩૦૦ રૂપીયા અને દર વરસે લવાજમના ૬૦ થી ૧૦૦ રૂપીયા સુધી આપવા પડેછે. માત્ર મુકામ બાંધવા પછવાડે એકથી દસ લાખ રૂપીયા ખરચ કરવાને તેઓ આંચકો ખાતા નથી. એક ક્લબ-હાઉસમાં માત્ર રંગવાનો ખરચ ૨૬૦૦૦ રૂપીયા થયો હતો.

ઘણાંખરાં ક્લબ હાઉસ શ્રીમંત અને મધ્યમ સ્થિતિના લોકોને માટે છે. ગરીબોને માટે પણ એક બે મોટાં ક્લબ-હાઉસ ઉભાં થયાંછે. હિર્ટીંગ્ટન ક્લબ ગરીબ લોકોએ સામેલ થઇને બાંધ્યુંછે. અક એક ક્લબમાં એક ધંધાના અથવા મંડળીના અથવા એક વિચારના લોકો સામેલ હોયછે. ઇંગ્લંડમાં "ટોરી" તથા "વીગ" એવી બે રાજ્ય સંબંધી મંડળી છે તેમાં કેટલાએક ક્લબ ટોરીનાં અને કેટલાક

વિગનાં છે. કેટલાંએક લશ્કરી ક્લબ છે. કેટલાએક ક્લબવા ળાઓ બાહારના માણસોને જમવા દાખલ કરેછે. અને કેટલાએક કરતા નથી. એક એક ક્લબમાં ચાકરોની સંખ્યા મોટી છે. મારા એક મિત્રની સાથે એક અંગ્રેજ ગૃહસ્થને તેનાં ક્લબ-હાઉસમાં મળવા ગયો ત્યારે માહલો ભપકો જોઈ હું અચરજ પામ્યો હતો.

હોટેલ.

મુસાફરોનાં સુખને માટે ઠેકાણે ઠેકાણે હોટેલ બાંધ્યાંછે. આપણ દેશમાં મુસાફરોને માટે ધર્મશાળા બાંધવાનો રિવાજ છે. એ ધર્મશા-ળામાં વૈરાગી ઉતરે અને ગૃહસ્થ પણ ઉતરે. આ રેઢીયાળ ધર્મશાળાનો મુકાબલો કોઈ પણ રીતે હોટેલ સાથે થઈ શકેજ નહી. તેમજ આ આપણા દેશના પોંહોચ્યાનાંનો પણ મુકાબલો વિલાયતના હોટેલ સાથે થઇ શકેજ નહી. મને યાદ છે કે એક વેળા એક સુરતના પારસીએ "ફર્સ્ટ-ક્લાસ-હોટેલ" બાંધવાની જગ્યા માટે સરકારને અરજી મોકળી તેનો જબાબ એ મલ્યો કે જો તમે વિલાયત ગયા નહી હશો તો "ફર્સ્ટ-ક્લાસ-હોટેલ" કેવી રીતનું થાયછે તેનો તમને ખ્યાલ નહી હશે.

હોટેલનો બાહારનો દેખાવ સુંદર હોયછે તેમ માંહલી ગોઠવણમાં કંઈ મણા નથી. તમે પ્રથમ એવાં એક હોટેલમાં જાઓ તો એમજ સમજો કે આ કોઈ સઉથી મોટા શ્રીમંતનું ઘર હશે. મોટા અને પોહોલા દાદર ઉપર ગાલીચા જડેલા અને સુંદર પુતળાંઓના હાથમાં દિવા આપોને દાદરના ચોક ઉપર મુકેલાં. તમે ગાડીમાંથી ઉતર્યા કે તમારો સામન ઉચકાવવાને માણસો તયાર ઉભાંછે. માત્ર તમારું નામ લ-ખાવો અને ખાલી નંબરવાળા ઓરડાની કુંચી લઈને એક જન તમને ઉપર લઇ જશે. કહ્યા ઓરડા ખાલી છે અને કહ્યા રોકાયલાછે તેનો બરાબર હિસાબ રહેછે. તમારા નંબરના ઓરડામાં પેસતાને વાર ઠેં થઈ જશો. સુંદર સોનેરી છપર-પલંગ ઉપર નરમ અને ગ-રમ બીછાનું તમારે વાસ્તે તયાર છે. એક ઉંચો ગાલીચો પાથ-રેલોછે. ટેબલ તથા બ્રસી મુકીછે. સાબુ તથા રૂવાલ તથા

પાણી તઈયારછે. મોહો ધોવાનું વાસણ ચોખ્ખું અને સાફ કરેલું ને મોહ જોવાનો ટાંગેલો આરસો એ બધું ગોઠવી રાખ્યુંછે. ટુકાંમા મુસાફરને જરૂર પડે એવી થોડી ચીજો મુકીને આવા અનેક ઓરડા સણુગારેલાછે.

આવો સુખદાયક ઓરડો તમે વાપરો તેનું એક દાહાડાનું લવાજમ ધાણુંકરીને બે અથવા ધણામાં ધણી ચાર શિલીંગ આપવી પડે. બે શીલીંગનો એક રૂપીયો. પણ એક રૂપીયામાં થાકેલા મુસાફરને કેટલું બધું સુખ. હાજત પાણી કરી તથા હાથ મોહો ધોઈ કપડાં સાફ કરી અથવા બદલી નીચે ઉતરો ને જમવા બેસવાના કે ચાહે પીવાના સણુગારેલા ઓરડામાં જાઓ એટલે ચાહે દુધ કે જે માગો ને જે ખપે તે તઈયારછે. કંઈ નવા જુના સમાચાર જાણવાને વર્તમાનપત્ર તઇયાર છે. એક ચાકર તમારી હાજરીમાં ને બીજમતમાં ઉભેલો. જરા તેજ ઓરડામાં તે બીસેલો હોય ને કામ પડે ને "બેટર" કહીને બોલાવો તો "સર" કહીને તમારી પાસે આવે. તમે સુવાના ઓરડામાં હો ને ઘંટનું કડું ફેરવો એટલે દાસી કે કોઈ ચાકર તમારા ઓરડા આગળ આવીને હાજર થશે. જુદા જુદા નંબરના ઓરડા પ્રમાણે જુદા જુદા ઘંટ આગળ નંબર હોયછે એટલે જે નંબરનો ઘંટ વાગ્યો તેજ નંબર વાળા ઓરડામાં ચાકર કે દાસી જઈને હાજર થાયછે.

જમવાની કે ચાહે કાફી પીવાની જુદી જુદી "ફી" હોયછે. જેઓને દારૂ પીધા વગર ચલેછે તેમને ખરચમાં ધણો બચાવ થાય છે. ખાવાને ફલ માંગો તો ફલ. તે પણ તરત લાવીને મુકેછે. ખાવાની સઉથી સારી ચીજો હોટેલમાં વપરાયછે. દર વેળાએ જમતી વખત ધોયલા રૂવાલ લાવીને ટેબલ ઉપર મુકેછે. જેઓને બધાની સાથે જમવું ન હોય તેઓ એક જુદીજ ટેબલ ઉપર જમેછે. એ માટે ખરચનો આંકડો જરા વધેછે. તમે જે ખાઓ કરો તે બધું ચાકર પોતાની મેળે જઈને નોંધાવેછે અને તમે જવાને તઈયાર થાઓ એટલે તમારા હાથમાં આંકડો મુકેછે. મોટાં અને આબરૂ-

વાળા હોટેલમાં ડરવેળો અમુક ભાવ લેછે. હૉટેલમાં ભાવ પહવાનો કે પુછવાનો ચાલ નથી.

કોઈ કોઈ હોટેલમાં ત્રણસો ત્રણસો મુસાફરોનો સમાસ થઈ રાકે છે. લંડનમાં વેસ્ટમિનિસ્ટર હોટેલ સઉથી મોટું કેહેવાયછે તેમાં ૩૦૦ ઓરડા છે. પારિસ મધ્યે ડીલુવર હોટેલમાં આગણ જણાવ્યા પ્રમાણે ૮૦૦ ઓરડા છે. લંડનમાં ઉપલાં હૉટેલ રિવાય મોટાં હૉટેલ બીજાં ઘણાં છે તેમ્યો મધ્યે "ગ્રેટ વેસ્ટર્ણ રેલવે હોટેલ" તથા "વિકટોરિયા હોટેલ," તથા "ક્લેરન્ડન હોટેલ" તથા "પૉર્ક એંડ લંડન હોટેલ" એ મુખ્ય કેહેવાયછે.

બાથ અથવા નાહાવાની જગ્યા.

આપણા દેરાની પેઠે તલાવ ઉપર કે કુવા કાંઠે ઉઘાડી જગ્યામાં સઉ દેખે તેમ નાહાવાનો ચાલ વિલાયતમાં બિલકુલ નથી. નાહાવા ધોવાનેમાટે સુંદર જગ્યાઓ બાંધીછે તેમાં જેને જોઇએ તે બે આના કે ચાર આના કે આઠ આના આપીને નાણી આવે. કેટલાંક રેહેવાનાં ઘરોમાં નાહાવાની જગ્યા હોતી નથી ને કેટલાંએક ઘરોમાં સારી રીતે નાહાવાનું મળતું નથી. તેમજ હોટેલમાં ઉતરનારાંઓને હૉટેલમાં નાહાવાનું ઘણુંકરીને હોતું નથી માટે આવી બાંધેલી નાહાવાની જગ્યાઓનો લાભ ઘણા લોકો લેછે.

હું સાત આઠ વખત એવાં બાથમાં નાહાવાને ગયો હતો. એવાં ઘરમાં પેઠા એટલે માંહે એક ચોકમાં તમે દાખલ થશો. ચોકની આસપાસ નાહાના નાહાના જુદા જુદા ઓરડાઓ છે. દરએક ઓરડામાં નાહાવાનું લાંબું વાસણ જેમા લાંબા પડીને પાણીમાં નાહી રાકો તેવાં વાસણમાં બે નળી દાખલ કરેલી હોયછે. એક ગરમ ઉકલતાં પાણીની અને બીજી તાહાડા પાણીની. તમારે વાસ્તે સાબુ તથા રુવાલ નાહાવાની ઓરડીમાં મુકેલોંછે. મુખ્ય કપડાં બાહાર ચોકમાં ઉતારી ઓરડીમાં જાઓ અને અરધો કે પોણો કલાક સુધી જોઇએ તેવાં પાણીમાં નાહ્યા કરો. કેટલાંએક બાથમાં તરવાની પણ ગોઠવણ

કરેલી હોયછે. સઉ પોતપોતાની ઓરડી બંધ કરીને નાહેછે તે છતાં સ્ત્રીઓને માટે જુદીજ જગ્યા હોયછે. અથવા કેટલાંએક બાથ ગૃહસ્થોનેજ માટે અને કેટલાંએક સ્ત્રીઓનેજ માટે હોયછે.

રેલવે–સ્ટેશન.

લંડનમાં છ મોટાં રેલવેસ્ટેશન છે. લંડન મધ્યે તેઓની શાખાનાં વળી જુદાં. તેમજ અંડર–ગ્રૌંડ–રેલવે એટલે જમીનની નીચે રેલવે મુકયો છે તેનાં સ્ટેશન જુદાં. સઉથી મોટું રેલવેસ્ટેશન "લંડન–એંડ–નૉર્થ વેસ્ટર્ણ" રેલવેનું છે. તેનાં એક સ્ટેશને ૬૨ એકર અને બીજાં સ્ટેશને ૩૦ એકર જમીન રોકીછે અને બંને ઉપર હેંસી લાખ રૂપીયાનો ખરચ બેઠોછે. બીજાં સ્ટેશનો લંડન–બ્રિડ્જ; કિંગ્સ–ક્રૉસ, ગ્રેટ વેસ્ટર્ણ, વિકટોરિયા, અને ચેરિંગ–ક્રૉસ એ નામનાંછે. ગ્રેટ–વેસ્ટર્ણનાં બાંધ કામનો ભભકો ઘણો ભારે છે.

એક એક રેલવેસ્ટેશન ઉપર જાહેરખબરોનાં મોટાં મોટાં પાટીયાં મારેલાંછે. આપણા દેશમાં રેલવેસ્ટેશન ઉપર બંને તરફના પ્લાટ ફૉર્મ આગળ દેવાળમાં મોટાં તખ્તાના જેવા બાંચા પાડ્યાછે એ બાંચા જાહેરખબરોને માટે છે. વિલાયતમાં એવાં બાંચાઓ ભભકાદાર રંગીન જાહેરખબરોથી ભરપુર છે.

એક એક રેલવેસ્ટેશન ઉપર પુસ્તક વેચનારની તથા વર્તમાન પત્ર વેચનારની એક એક દુકાન હોયછે. જે ઘણીએ બધાં રેલવે સાથે આવી રીતની દુકાન માંડવાનું કૉન્ટ્રાક્ટ લીધું છે તેને દર વરસ મોટી પેદાસ થાયછે. લાખો વર્તમાનપત્ર અને લાખો નાવલની ચોપડીઓ આવી રીતે ખપેછે. રેલવેમાં લાંબી મજલ કરનારને ગાડીમાં વખત કાહાડવા માટે વર્તમાનપત્રના બે ફદિયાં કે બે આના અને ચોપડીનો અરધો રૂપીયો ખરચવાને ભારે પડતું નથી.

એક એક રેલવેસ્ટેશન ઉપર મિઠાઈ મેવો વેચવાની પણ દુકાન હોયછે. મુસાફરને ભુખ લાગી તો કોઈપણ સ્ટેશન ઉપર તેને "રિફ્રેશમેંટ" મળ્યા વિના રેહેતું નથી. જે જે મોટાં સ્ટેશન ઉપર

"રિફ્રેશમેંટ" ને માટે ગાડી વધારે મોડી રેહેછે તેવાં સ્ટેશન ઉપર મિઠાઈ મેવાની ઘણી મોટી દુકાનો હોયછે.

રેલવેસ્ટેશનના બેસવાના ઓરડા ઘણા સુખદાયક કરેલા હોયછે. ઠંડીના દાહાડામાં તાપણી કરવાની સગડી પણ હોયછે. કેટલાંએક સ્ટેશન ઉપર પુતળાંઓ મુકયાંછે. લંડન-એંડ-નૉર્થ-વેસ્ટર્ણ સ્ટેશનમાં રૉબર્ટ સ્ટીફન્સનનું પુતળુંછે. આ સ્ટેશનો ઉપરનો કારભાર જોઈ તમે અચરજ થયા વિના રહોજ નહી.

પ્રકરણ ૫.

જોવાનાં પ્રખ્યાત ઠેકાણાં.

જોવાનાં ઠેકાણાં લંડનમાં બેસુમાર છે. લંડન એટલું મોટું છે અને તેમાં જોવાનું એટલું બધું છે કે લંડનમાં ફરવું એ જાણે આખી દુનિયામાં ફરવા બરાબર છે. લંડનમાંજ જન્મીને મોટા થયલાં લંડનથી પૂરા વાકેફ નહી હશે. એમ મેં ત્યાંના કેટલાએક ઇંગ્રેજોને મોહોડે સાંભળ્યુંછે. એકે કહ્યું કે મેં હજી "ટેમ્સ-ટનલ" જોયો નથી ને બીજાએ કહ્યું કે હું હજી જમીનની નીચેના રેલવેમાં બેઠો નથી. એમાં અચરત થવા જેવું ધરૂં નથી. અમુક વખ્ત-તમાં જેટલું બને તેટલું જોવું એવિષે એક મુસાફર જેવી આતુરતા-ભરેલી કાળજી રાખેછે તેવી કાળજી હમેંશનો રેહેનાર રાખતો નથી. "કાલે જોઇશું; બીજે સનિવારે અથવા ત્રીજે સનિવારે તો જરૂર" એમ તે આરા ઉપર જોયા વિનાનો રહી જાયછે.

બ્રિટિશ મ્યૂઝીયમ.

મેં આસરે ચાર વરસ ઇંગ્રેજી સ્કુલમાં અને અઢી વરસ કૉલેજમાં અભ્યાસ કર્યો એટલી મુદતમાં જે મને જ્ઞાન થયું ન હતું તે આ બ્રિટિશ મ્યૂઝીયમ જોવાથી થયુંછે. જે અનેક પદાર્થોનાં મેં માત્ર નામજ સાંભળ્યાં હતાં તે અને બીજા હજારો નવા પદાર્થો મારી નજરે પડ્યા. કોઈ હજારો તો શું પણ લાખો ચીજોનો અહીં સંગ્રહ કરવામાં આવ્યોછે. તમે જે વસ્તુ જોવા ચાહાતા હશો તે ઘણુંકરીને આ સંગ્રહસ્થાનમાં મળશેજ. જુનામાં જુની ચીજ જોવી

હશે અથવા નવામાં નવી જોવી હશે તો તે અહીં મળશે. તમે અજાયબ થશો કે એટલો બધો સંગ્રહ કેમ થયો હશે.

આ મ્યૂઝીયમમાં ગયા પછી એમ થાય કે શું જોઇએ અને શું નહી; આ વધારે જોઇએ કે પેલું? એકથી વધારે દાહાડો રોકવાને તમારાથી નહી બનતું હશે ત્યારે તો આવો ગભરાટ થયા વિના રેહેશેજ નહી. ઘણાજ અસલના વખતમાં ઇરાન, મિસર તથા યુનાન વગેરે દેશોના લોકો કેવા હતા તેઓ કેવો સામન અને કેવાં હથિયાર વાપરતા હતા એ બધું આ ઠેકાણે નજરે પડછે. જેમકે અસલ મિસર દેશના લોક કેવી ગાડી વાપરતા હતા તે અહીં જોવામાં આવેછે. આ લોકો મુડદાંને સુગંધથી ભરીને એક જાતની લાકડાની પેટી જેને તેઓ "મમી" કેહેતા તે પેટીમાં જતનથી પોતાનાં ઘરમાં રાખતા હતા. અસલના વખતની એવી કેટલીએક "મમી" હાથ લાગીછે તેનો સંગ્રહ આ ઠેકાણે છે. આ પેટીની ઉપર બાહારથી મુડદાંનો આકાર કોતરેલો દેખાયછે.

મિસર દેશ—અસલવારીની ગાડી.

મિસર દેશ—અસલવારીનું દેહેરું.

અસલના મિસરી લોકોનાં દેહેરાં ઘણાં મોટાં અને પ્રખ્યાત હતાં. એ દેહેરાંનો બાહારનો ઘાટ દેખાડી આપેછે કે તેઓની સંસારી સ્થિતિ ઘણી ચઢતી હતી. જેઓએ ઇતિહાસનો અભ્યાસ કરેલો હોયછે તેઓને આવી પુરાતન વખતની ચીજોના ખરા નમુના આ ઠેકાણે જોવાથી બહુજ ખુશી ઉત્પન્ન થાયછે.

બ્રિટિશ મ્યૂઝિયમ.

(૯)

આસિરીયાન લોકો પણ અસલના વખતમાં ઘણા પ્રસિદ્ધ થયલા છે. તેઓના દેશની પુરાતન ચીજોનો મોટો સંગ્રહ કરેલોછે. આ દેશના અસલી લોક પુતળાં બનાવવામાં ઘણા હોશિયાર ગણાતા હતા. તેઓ એક વિચિત્ર આકારનું પુતળું બનાવતા હતા અને તે બનાવવામાં મોટી કારીગીરી ખરચતા હતા. તેઓ મોટા બોધાને કે સિંહને પાંખ આપીને તેને માણસનું મોહોંડું આપતા હતા. એવું પુતળું આ મ્યુઝીયમના એક ઓરડામાં પેસતાંજ નજરે પડેછે.

આસિરીઆ—અસળવારીનું પુતળું.

એ દેશમાં એ વખતનો રાજા કેવો પોશાક પેહેરતો હશે તે પણ અહીં જોવામાં આવેછે. ટુકામાં હું જણાવું છઉં કે અસલના પ્રખ્યાત દેશના લોકો તેઓના દેવ, તેઓના રાજા, તેઓનાં વાહાણ, તેઓના મછવા, તેઓના એડવાનાં તથા લડવાનાં હથિયાર વગેરે કેવાં હતાં એ બધાનો દેખાવ આ મ્યૂઝીયમના કેટલાએક ઓરડામાં નજરે પડેછે.

આસિરિઆ-અસલવારીનોરાજા.

હિંદુના દેવોની અનેક મૂર્ત્તિઓનો સંગ્રહ છે તેમાં બુદ્ધની પણ મૂર્ત્તિછે. આ ઓરડામાં પેસતાને વાર એમ લાગે કે હિંદુના કોઈ મોટાં દેહેરાંમાં જુદા જુદા દેવોની મૂર્ત્તિનાં દર્શન કરવાને લોક એકઠાં થયાં છે. વિષ્ણુના અનેક અવતારની અનેક મૂર્ત્તિ અહીં છે.

કેટલાએક ઓરડાઓમાં જુદી જુદી જાતની અનેક ધાતુઓનો મોટો સંગ્રહ મુકેલોછે. જમીનમાંથી ખોદી કાહડેલી વગર સાફ કરેલી

ધાતુઓનો કેવો દેખાવ અને કેવો રંગ હોયછે એ બધાંના નમુના તથા સાફ અને ચોખ્ખી કરેલી ધાતુઓના નમુના મુક્યાછે. કોહીનુર અને એ વગેરે મોટા મોટા કેટલાક પ્રખ્યાત હીરાના જેવાજ મોટા હીરા એ ખરા હીરાનું સ્વરૂપ દેખાડવા માટે મુક્યાછે. કેટલાએક ઓરડામાં જુદી જુદી જાતના પથ્થરોના નમુના મુક્યાછે. આકારામાંથી પડેલા પથ્થરો જોને આપણે "ખરતા તારા" કહીએ છઈએ તેનો પણ સંગ્રહ મુક્યોછે. તેમાંના એક મોટા પથ્થરનું વજન ચઉદસો રતલછે. કેટલાએક ઓરડાઓમાં જુદી જુદી વનસ્પતી અને જુદી જુદી જડીબુટ્ટીનો સંગ્રહ મુક્યોછે. કેટલાએક ઓરડામાં "ફૉસિલ" એટલે ઝાડ કે જનાવરના પદાર્થ ઘણા વરસથી જમીનમાં ડટાઈને પથ્થર જેવા થઈ જાયછે તેવા અનેક "ફૉસિલ પદાર્થ"નો સંગ્રહ મુક્યોછે.

પણ સઉથી અગત્યનો અને સાધારણ બુદ્ધિના જોનારને પણ ખુશી તથા અચરતી ઉપજાવે એવો સંગ્રહ "નેચરલ હીસ્ટરી"નો છે.

સાબરની જાત–"રેન્ડીયર."

આ સંગ્રહમાં બધી જાતનાં જનાવરો જોવામાં આવેછે. તેઓને જોતાને વાર તમે એમજ કેહેશો કે આટલાં બધાં જીવતાં પ્રાણીઓને અહીં કેમ લાવી રાખ્યા હશે. પણ જરા વારમાં ખાતરી થશે કે આ કંઈ જીવતાં પ્રાણી નથી. તે એવાં લાગેછે કે જાણે જીવતાં હોય અથવા જીવ મુકવાનુંજ બાકી હોય.

એ બધાં જનાવરોની ચામડી તથા તેઓનું આખું શરીર ખરેખરૂં અસલછે. પણ તે બધાંઓનાં ખોખાંઓમાં ઘાંસ જેવો પદાર્થ ભરીને એવી રીતે ગોઠવેલાંછે કે જીવતાં હોય તેવાં લાગે. એવાં જનાવરોને "સ્ટફ" કરેલાં ઇંગ્રેજીમાં કેહેછે. દુનિયામાં એવું કોઈ પણ જનાવર કે પક્ષી નહી હશે કે અહાં જોવામાં નહી આવે. તે

વળી એમ નહી કે એક જાતનું એકજ. વાંદરો તો એક વાંદરો નહીં પણ જુદી જુદી જાતના કંઈ અનેક વાંદરા. કુતરો તો કંઈ એક નહીં પણ જુદી જુદી જાતનાં ઘણાં કુતરાં પોપટ તો કે એક નહીં પણ અનેક જાતના અનેક પોપટ. કાકાટુઆ તોકે એક નહીં પણ ઘણી જાતના ઘણા કાકાટુઆ. ખલીલ કે ગરૂડ પક્ષી કંઈ એકનહીં પણ અનેક જાતના.

વાંદરની જાત–"સ્પાઇડર મંકી."

ગરૂડ પક્ષીની જાત–"ગોલ્ડન ઇગળ."

આ સંગ્રહ એટલો રસુજી અને આનંદ ઉપજાવનારો છે કે તમને તે છોડવાને ગમશે નહીં. શું શું જોશો ને કેટલું જોશો? જે જનાવરને કે પક્ષીને સ્વપનામાં જોવાની આશા નહી તેવાં અનેક પ્રકારનાં જનાવર અને સુંદર પક્ષીઓને તમે જોશો.

આ મ્યૂઝીયમનો એક ભાગ અનેક પુતળાંઓથી રોકાયોછે. એમાં આરસપાહાણનાં અનેક તરેહનાં પુતળાં છે. આ પુતળાંઓનો સંગ્રહ પણ જોવાલાયક છે. કોઈ કોઈ પુતળાં ઘણાં જુનાં છે અને કોઇ-કોઇના હાથ પગ ઉડી ગયાછે. અસલના કેટલાએક નામાંકિત તથા મહાપુરૂષોનાં "બસ્ટ" એટલે માત્ર મોંહોસુધીનાં પુતળાં છે.

જુદા જુદા દેશમાં જુદાજુદા સિક્કા ચાલેછે તે બધાનો મોટો સંગ્રહ એક ઓરડામાં છે. જુદા જુદા દેશના અને જુદા જુદા વખ-તના લશ્કરી પોશાક તથા હથિયારનો સંગ્રહ એક ઓરડામાં મુકે-લોછે. જુદા જુદા દેશના જુદા જુદા ઘાટનાં તાલાકુંચી, તોલ, માપ, છરી ને ચમચાનો મોટો સંગ્રહ એક ઓરડામાં મુકેલોછે.

મ્યૂઝીયમ સાથે ઘણો અગત્યનો ભાગ "લાઇબ્રેરી" એટલે પુસ્તક-ખાનું છે. આ પુસ્તકખાનું પારિસથી ઉતરતું છે પણ એ વગર આની બરોબરી કરે એવું પુસ્તકખાનું આખા યુરપખંડમાં નથી. આસરે સાત લાખ પુસ્તકોનો સંગ્રહ આ ઠેકાણે છે. તેમાં દર વરસે ૭૫૦૦૦ પુસ્તકોનો ઉમેરોછે કે વધારો થતો જાયછે. કોઈ પણ અગત્યનું એવું પુસ્તક નહી હશે કે તમને આ ઠેકાણે નહી મળે. ઇંગ્લંડના ત્રીજા

જૉર્જ રાજાનું પુસ્તકખાનું આસરે ૧૩ લાખ રૂપીયાનું હતું અને તેમાં ૮૦ હજાર પુસ્તકો હતાં એ બધું જૉર્જ રાજાએ આંહી ભેટ આપ્યું છે. આવી લાખો રૂપિયાની ભેટ કેટલાએક મહાપુરુષોએ કરવાથી આ મ્યૂઝીયમમાં ઘણોજ વધારો થયો છે.

ઉપલાં પુસ્તકખાનાંની સાથે હાથનાં લખેલાં પુસ્તકોનો મોટો સંગ્રહ છે, તેમાં આસરે ૩૦૦૦ પુસ્તકો છે. તે મધેથી કેટલાંએક અજાયબ જેવી રીતે લખેલાં પુસ્તકો તથા કેટલાંએક નામાંકિત પુરુષોના હાથ અક્ષરોનો કિંમતી સંગ્રહ જુદો રાખ્યો છે. તેમાં મહા પ્રખ્યાત સુધારાવાળો લુથર કેવા અક્ષર લખતો હતો તેના દસ્તાવેજ ઘણી ઉલટથી લોકો જોયે છે. હાથનાં લખેલાં અચરતી ઉપજાવનાર પુસ્તકોમાં કેટલાંએક સંસ્કૃત ભાષાનાં પુસ્તકો છે.

આખી ભગવદ્‌ગીતા એકજ લાંબા અને ઝીણાં કાગલ ઉપર ઘણાજ ઝીણા અક્ષરે લખી છે તે નકરાની માફક પેટીમાં જડી લીધી છે. શ્રીમદ્‌ભાગવત ૬૫ ફુટ લાંબા કાગલ ઉપર ઘણાજ શોભાયમાન્ સુંદર ઝીણા અક્ષરથી લખેલું છે. ઝાડની છાલ ઉપર ઘણાજ ઝીણા અક્ષરથી ભગવદ્‌ગીતા લખી છે. એવી ત્રણ નકલ છે. એક ઘણાંજ પાતળાં કાગલ ઉપર સંસ્કૃતમાં દુરગાપાઠ લખ્યો છે તે એક ભુંગળામાં વાળી રાકાય છે. દુરગાપાઠની બીજી નકલ જંબુરી પત્ર ઉપર સોનેરી ઝીણા અક્ષરથી લખી છે. શિવ-કવચની એક પૃત કાળા પત્ર ઉપર રૂપેરી ઝીણા અક્ષરથી લખેલી છે. કનેરી ભાષામાં મહીસુરના રાજાની આવકનો હિસાબ તાડપત્ર ઉપર લખીને તેની ગોળ વીટી કરેલી છે. કાચબાના આકારમાં તાડપત્ર ઉપર તામુલ લિપીમાં એક પૃત લખેલી છે. આપણા દેશમાંથી ગયલો આવો અજાબ જેવો સંગ્રહ જોયાથી ખરેખરી ખુશી ઉપજે છે.

આ મ્યૂઝીયમમાં સઉથી જોવા લાયક ભાગ હજી બાકી રહ્યો છે. તે વાંચવાનો ઓરડો છે. આહા! આ ઓરડામાં પેસતાંજ આપણી નજર છક થઈ જાય છે. એ ગોળાકારનો છે અને તે એટલો બધો મોટો છે કે તેનો ઘેરાવ ૪૨૦ ફુટ થાય. આ ગોળ ઓરડાની તમે

ઉંચાઈ કેટલી ધારતા હશો? આપણા ઉંચામાં ઉંચા ઓરડા ૨૪ ફૂટ ધારુંકરીને ભાયગે હોયછે પણ આ ઓરડો ૧૦૬ ફૂટ એટલે આપણાં સેંટ થૉમસનાં દેવળ કરતાં પણ ઉંચો છે. એનું છાપરૂં ગુંબજના આકારનું કાચનું નાખ્યુંછે. એમાં ત્રણસો વાંચનારાઓ બેસી શકેછે. તમે જ્યારે જશો ત્યારે વાંચનારાઓની મોટી સંખ્યા જોશો. તેઓને બેસવા માટે ગોળાકારમાં ૩૫ ટેબલ મુકેલીછે. તેમાંની બે ટેબલ સ્ત્રીઓને માટે છે.

હર કોઈ ગૃહસ્થ અરજ કરવાથી તથા ઓળખાણ આપ્યાથી વગર લવાજમે આ ઓરડામાં વાંચવાને જઈ શકેછે. તેઓ જે પુસ્તક માગે તે મળી શકેછે. પુસ્તકની રચના એ ઓરડામાં ઘણીજ સુંદર રીતે કરવામાં આવીછે. તે રચના શોભાયમાન્ લાગેછે એટલુંજ નહી પણ જે પુસ્તક તમે માંગો તે સેહેલાઇથી મળી શકે. પુસ્તકને ઘેર લઈજવાનો કાયદો નથી. જ્યારે જોવા જશો ત્યારે સો દોડસો ગૃહસ્થોને વાંચતા જોશો. એટલી સંખ્યા હોવા છતાં એક ચકલીનો પણ અવાજ નિકળતો નથી. એવાં ધ્યાનથી સહુ પોતપોતાના અભ્યાસમાં લાગેલા માલમ પડેછે. તમે જોવાને જાઓ ત્યારે તમારા ચાલવાના અવાજથી તેઓને હરકત ન પડે એટલા માટે જમીન ઉપર ગટાપરચાનો ગાલીચો જડી લીધેલોછે.

આ મોટાં મ્યૂઝીયમનું મકાન પણ ઘણું મોટું હોવું જોઇએ. એ મકાન કેટલું મોટું અથવા કેટલી કિંમતનું તમે ધારતા હશો? આ મકાનનાં માત્ર બાંધકામ ઉપરજ આસરે એક કરોડ રૂપીયા બેસી ચુક્યાછે. દરવરસે સંગ્રહમાં વધારો થતો જાયછે ને જેમ જરૂર પડેછે તેમ આ મકાન પણ મોટું કરતા જાયછે. જ્ઞાન અને રમુજનું આ એક મોટું સ્થલ છે. એક આખો દિવસ રોકશો પણ આખું મ્યૂઝીયમ તમે જોઈ શકશો નહી. આખું મ્યૂઝીયમ બરાબર જોવાને આઠ દાહાડા પણ પૂરા નહી થશે. આ મ્યૂઝીયમમાં એટલા બધા ઓરડા છે કે તમને કોઈ શોધવા માગે તો તે કામ કઠણ થઈ પડે. આ મ્યૂઝીયમ જોઈ તમે એમજ કેહેશો કે ઇંગ્રેજ લોકોને ધન્ય છે.

સૌથ કેન્સીંગ્ટન મ્યૂઝીયમ.

આ મ્યૂઝીયમ ગરીબ મેહનતુ લોકોના અભ્યાસ માટે તથા બધી જાતના લોકોને ગમત મળવા માટે બાંધવામાં આવ્યું છે. આ મ્યૂઝીયમની રચનામાં નિત્ય વધારો અને ખુબસુરતીમાં નિત્ય સુધારો થતો જાય છે. હાઈડપાર્ક કૉર્નરથી તે માત્ર એક માઈલ વેગળું છે. બ્રિટિશ મ્યૂઝીયમ જોયા પછી પણ આ મ્યૂઝીયમ જોવા જશો તો તમે નાઉમેદ થવાને બદલે ખુશી થશો.

આ મ્યૂઝીયમમાં બધી જાતની ઉંચી કારીગરીના નમુનાનો સંગ્રહ મુક્યો છે. ઘર બાંધવાના ઉંચા ઘાટના નમુના આ મ્યૂઝીયમમાં જોવામાં આવે છે. ઘર બાંધવામાં કઈ કઈ જાતની વસ્તુ વપરાય છે તે બધાના નમુના અહીં છે. જુદા જુદા કારીગરોએ "પેટંટ" મેળવ્યાં હોય છે તે બધાનો સંગ્રહ કરી મુક્યો છે. ઈટાલીયન તથા હમણાના વખતનાં કોતર કામનાં નમુના મુક્યા છે.

જનાવરના શરીરમાંની જેટલી વસ્તુઓ માણસના ઉપયોગમાં આવે છે તે બધી વસ્તુનો મોટો સંગ્રહ આ મ્યૂઝીયમમાં મુક્યો છે. માણસના ખોરાકમાં જેટલી જાતની અને જેટલી તરેહની ચીજોનો ઉપયોગ થાય છે તેના નમુનાનો મોટો સંગ્રહ આ ઠેકાણે મુક્યો છે. નિરાળાનાં કામમાં જેટલી ચોપડીઓ વપરાય છે તે બધાનો સંગ્રહ આ ઠેકાણે કર્યો છે. પદાર્થ-વિજ્ઞાન, તથા વાયુ-શાસ્ત્ર, તથા પ્રવાહી-શાસ્ત્ર, તથા રસાયણ-શાસ્ત્ર, સંબંધી અનેક પ્રકારનાં યંત્રોના નમુના આ ઠેકાણે રાખ્યા છે. વિજળીના તથા વરાળ-યંત્રના નમુના પણ અહીં છે.

વિદ્યા કે શાસ્ત્ર સંબંધી કંઈ પણ બાબદ સમજવાને ગરીબોને આ ગોઠવણથી બહુ સવળ પડે છે. રંગેલાં ઉંચા નળીયાં, રંગીન કાચ, ફોટોગ્રાફથી પાડેલાં ચિત્ર એ બધાનો આ ઠેકાણે મોટો સંગ્રહ છે. સાંજની વેળાએ આ મ્યૂઝીયમમાં સોમ તથા મંગળવારને દીને રોશની કરવામાં આવે છે ત્યારે તે ઘણું દીપી નિકલે છે. આ મ્યૂઝીયમથી હજારો ગરીબ લોકો લાભ મેળવે છે.

ઇસ્ટ–ઇંડીયન મ્યૂઝીયમ.

આ મ્યૂઝીયમમાં આપણા દેશની કેટલીએક વસ્તુનો મોટો સંગ્રહ કરેલોછે. અસલના વખતની આપણા દેશની કેટલીએક નિશાની એકઠી કરીછે એટલુંજ નહી પણ હિંદુસ્તાનમાં જે વસ્તુ પાકેછે તે બધીનો સંગ્રહ આ ઠેકાણે છે. હિંદુસ્તાનમાંના હુન્નરના કેટલાએક નમુના મુકયાછે. જુદા જુદા લોકોની જાત તથા રીતભાત ચિત્ર તથા પુતળાંથી આ મ્યૂઝીયમમાં જનારને માલમ પડેછે. દરજીની દુકાનથી તે રાજની કચેરીસુધીના નમુના મુકેલાછે.

હિંદુસ્તાનમાં બનેલા કાગલો તથા ધાતુકામ તથા જડાવકામ તથા સોના રૂપાનાં ઘરેણા વગેરે મુકેલુંછે. માટી તથા પથ્થરનો ઘાટ આપણા દેશીઓ કેવો બનાવેછે તેના નમુના છે. લડાઈનાં હથીયારોમાં ગુરખા લોકોની છરી, તથા રજપુતની તરવાર, તથા રાન્થાલના ભાલા તથા ઢાલ તથા બંધુક તથા તીરકામઠાં એ બધાંનો સંગ્રહ કરેલોછે.

કારામીરની શાળ, તથા ધાકાની મજલીન, તથા તાંજોરનો કીનખાબ, તથા સુરતના લપેટા તથા ચીચિનાપોલીની સાંકળી, તથા કરાંચીનું ભરતકામ એ બધું એકઠું કરેલુંછે. હાથીદાંત ઉપરનું કોતરકામ છે તેમાં હાથીદાંતના તારમાંથી સાદડી વણેલીછે તે અચરતી ઉપજાવેછે. લાકડાંનું પણ કોતરકામ ઉંચુ છે, તેમાં "વર્કબાસ્કેસ" પણ છે. રણજીતસીંગની સોનાની ખુરસી છે. જગનનાથજીના રથનો નમુનો છે. સોનાં, રૂપાં તથા પથરના દેવોની મૂર્ત્તિઓછે. એક વાઘનું પુતળું માણસને ખાઇ જતું. ટીપુસુલતાને કરાવ્યું હતું તે આ ઠેકાણે છે. સાત ઘોડાના રથમાં સૂર્ય પાડેલોછે. હિંદુસ્તાનનાં પક્ષીઓનો તથા જનાવરોનો "સ્ટફ" કરેલો સંગ્રહ આ મ્યૂઝીયમમાં કરેલોછે.

ઈસ્ટઇંડીયા હૌસનું પુસ્તકખાનું આ મ્યૂઝીયમથી હાલ જુદું પડયુંછે. તે "જુની બોર્ડ આવ કંટ્રોલ"ની સાથેજ હજી રહેલુંછે. તે ઘણુજ કિંમતીછે. તેમાં ૮૦૦૦ હાથનાં લખેલાં પુસ્તક છે તે મધ્યે ૩૦૦૦ સંસ્કૃત ભાષામાં છે. સંસ્કૃત પુસ્તકોનો આવડો મોટો સંગ્રહ બીજે કોઈ ઠેકાણે નહી હશે.

ઉપર જણાવેલાં ત્રણ મ્યૂઝીયમ શિવાય બીજાં મ્યૂઝીયમ લંડનમાંછે. એક "સોન મ્યૂઝીયમ; બીજું યુનાઇટેડ સરવિસ મ્યૂઝીયમ; ત્રીજું "મ્યૂઝીયમ ઑવ પ્રાકટિકલ જીઑલોજી"; અને ચોથું "મિશનરીઝ મ્યૂઝીયમ". આ છેલ્લાં ચાર મ્યૂઝીયમ જોવાનું મારાથી બન્યું નથી. પેહેલાં ત્રણ મ્યૂઝીયમ જોયા પછી પણ આ મ્યૂઝીયમ જોવા હું ગયો હત તો એ મેહેનત પણ સફળ થાત.

પૉલીટેકનિક ઈન્સ્ટીટ્યુટ.

લંડનમાં જ્ઞાન તથા ગમત ઉત્પન્ન થવાનું આ એક મોટું સ્થલ કેહેવાયછે. સવારના ૧૦ કે ૧૧ થી સાંજનાં ૪ વાગા સુધી અને રાતના ૭ વાગાથી તે ૧૧ સુધી નિત્ય આ સ્થલ ઉઘાડું રેહેછે. એક અરધા રૂપીયામાં કૉલોજીયમની પેઠે હજારો રૂપીયાની કિંમત જેટલું જ્ઞાન રમુજ સાથે તમે મેળવી શકશો. આ ઠેકાણે શું શું દેખાડેછે તે વિષે હું એક જગ્યાએ જણાવી ચુક્યો છઉં. (પૃ૦ ૪–૫).

કેટલાએક પ્રખ્યાત પ્રોફેસરો સાધારણ લોકોને સમજ પડે એવી રીતનાં ભાષણ કેટલાએક ચમત્કારની સાથે કરેછે. હજારો લોકોના વેહેમ એથી દૂર થઇ જાયછે. ભૂત પલીત અને જાદુકોતકનો ખોટો વેહેમ માત્ર એકજ વખત આ ઠેકાણે જઇને જોયાથી ને સાંભળવાથી નિકળી જાયછે. પ્રોફેસર પેપરે ભૂત દેખાડવાની જે નવી હિકમત શોધી કાહાડીછે તે જોવાથી વેહેમીનો વેહેમ ટળી જાયછે.

પ્રખ્યાત પ્રોફેસર ફેરેડે–એણે પણ આ ઠેકાણે ભાષણો કર્યાંછે. જેઓ કૉલેજ અથવા પાઠશાળામાં ઉંચી વિદ્યા મેળવવા જઈ શકતા નથી તેઓ આ ઠેકાણે ગમતની સાથે વિદ્યાના મોટા ચમત્કાર જોઈ શકેછે. આ ઠેકાણે પણ જ્યારે તમે જશો ત્યારે ભીડ તેટલીને તેટલી. વિદ્યા હુનર સંબંધી કંઈપણ નવી અને મોટી શોધ થાયછે તેના નમુના સમજ પાડવાને કેટલીએક મુદત સુધી અહીં કરી દેખાડેછે. જે વેળાએ ભૂત દેખાડેછે તે વેળાએ અંધારૂં કરી નાખેછે.

ઝુઓલૉજીકલ ગાર્ડન્સ.

ભાત ભાતનાં અને જાત જાતનાં જીવતાં પ્રાણીઓનો એક મોટો અને કિંમતી સંગ્રહ આ ઠેકાણે જોવામાં આવેછે. રીજંટ–પાર્કમાં આ બાગ આવ્યોછે. આ ઠેકાણે એક દાહાડો ગુજારશો તો મનમાં આનંદ ને જ્ઞાનમાં વધારો થયા વિના રેહેશે નહી. બ્રિટિશ મ્યૂઝીયમના એક ભાગમાં "રટફ" કરેલાં પ્રાણીઓ તમે દીઠાં પણ આ જગ્યાએ તો જીવતાં પ્રાણીઓ તમે જોશો. આ બધાં જીવતાં જનાવરોને રાખવાં, તેમને ખવડાવવાં અને તેમની જગ્યા સાફ રાખવી એ ઘણું કઠણ કામ છે અને તે પછવાડે ખરચ પણ મોટો થાયછે. કેહેછે કે દર વરસે ૧૫ લાખ રૂપીયાનો ખરચ બેસેછે.

ઘણા મોટા બાગમાં જુદાં જુદાં જનાવરોને માટે જુદાં જુદાં ઘર બાંધ્યાંછે. જે જનાવરો ખુલ્લી જગ્યામાં રહી શકે તેઓને ખુલ્લી જગ્યામાં જુદા જુદા ભાગ કરીને મુક્યાંછે. આ ઠેકાણે પણ એક એક જાતનાં અનેક જનાવરો મુક્યાંછે. દુનિયામાં ચારે દિશાએ બધાં અરણ્યમાં અથવા મોટા વગડાઓમાં વરસના વરસ ફરો તો એટલી મેહેનતથી તમે એટલી જાતનાં અને એટલી ભાતનાં જુદાં જુદાં પ્રાણીઓ જોઇ શકશો નહી. તે તમે અહીં જોશો.

ભયંકાર ફાડીખાનાર પ્રાણીઓનો અહીં સંગ્રહ છે. જે જનાવરને જંગલમાં છુટું જોવાની અથવા તે ઉપર આંખ ઠરવવાની પણ તમારી હિંમત ચાલે નહી તેવાં કરર પ્રાણી તમે ધીરજથી અને વગર ધાસ્તીએ અત્રે જોઈ શકશો. કેટલાં બધાં રીંછ તથા કેટલા બધા કાબરચિત્રા વાઘ અને કેટલા બધા સિંહ તમારા જોવામાં આવશે! તેઓનું ભયંકાર અને વિકાળ સ્વરૂપ જોઇ અહીં તમે મુદલ બ્હિતા નથી, કેમકે પૂરા બંદોબસ્તથી અહીં તેમને રાખ્યાછે. જે વખતે આ જનાવરોને માંસ ખવડાવેછે તે વખતે તેમને જરૂર જોવાં જોઇએ. એ લેવાને તેઓ એવાં તો તળપેછે અને ભયંકાર પોકાર મારેછે કે તે દેખાવ જોવાજોગ થઈ પડેછે. એક સિંહની

જોડી–નરમાદાની–ગુજરાતમાંથી પકડેલીછે. તે મુંબઇના આગલા ચીફ જસ્ટીસ સર અર્સકિન પેરીએ અહીં ભેટ મોકલીછે. વાઘની એક જોડ ગાયકવાડ સરકારે ભેટ કરીછે તેપણ અહીં છે.

હિપોપોટેમસ.

કેટલાંક નવી જાતનાં પ્રાણીઓ તમે અહીં જોશો. હિપોપોટેમસ નામનું અજબ પ્રાણી આ ઠેકાણે જોવામાં આવેછે. પગ, દાંત અને શરીરનાં કદમાં કેટલીએક રીતે તે હાથીને મળતું આવેછે પણ તેનાં મોંહોડાંની સિકલ ડુક્કરને મળતી આવેછે. આ જનાવરને એક નાહાનાં તળાવમાં રાખ્યુંછે. એ આફ્રિકાની પેદાસ છે. મિસરના પાદશાહે આ ઠેકાણે આ ભેટ મોકલીછે. પાલા અને વનસ્પતિ ખાઇ તે જીવેછે. પાણીમાં જે વનસ્પતિ કોહી ગઈ હોય તે તેને વધારે ગમેછે. એ વગેરે બે મોટા સોસવાટ નાહાના તળાવમાં છે.

હરણ તથા સાબરની જાતનાં ઘણાં જનાવર આ ઠેકાણે તમે જોશો. હરણની ઘણી જાત જોવામાં આવશે. લાપ્લાંડ દેશમાં 'રેન્ડીયર' નામનું સાબર જાતનું વિચિત્ર પ્રાણી ઘણી ઉલટથી તમે જોશો. એક સિંગડાવાળો ગેંડો છે. એક ઘણોજ મોટો કાચબો અહીં છે. વળી સ્પેન દેશના મોટા, જબરા અને મસ્તાન ગોધાને અહીં તમે જોશો.

જીવતા વાંદરાઓનો પણ એક મોટો સંગ્રહ તમે જોશો. ઘણી જાતના વાંદરા અહીં મુકેલાં છે. અહીં તમારો જોનારાઓની મોટી ઠઠ મળેછે. વાંદરા સાથે રમત કરવાનું ઘણાઓને મન થાયછે અને તેમ કરી ઘણા લોકો અહીં ગમત મેળવેછે. "ઓરંગઔટાંગ" ની જાતનો પણ વાંદરો તમે અહીં જોશો.

જીરાફ.

જીરાફ નામના અજબ દેખાવનાં પ્રાણી જોવામાં આવેછે. કેહેછે કે ૨૩૦૦૦ રૂપીયા આપીને કેટલાંએક વરસ ઉપર આ જનાવરની બે જોડી સરકારે લીધી હતી. તેની માદાએ કેટલાંએક બચ્ચાં જણ્યાં તે પણ મોટાં થયાંછે. એની લાંબી ડોક તથા વિચિત્ર આકારથી જોનારને ખુશી ઉપજેછે. ઉંટ તથા હાથી પણ આ બાગમાં તમે જોશો. હાથીની ઉપર નિત્ય સાંજના આંબાડી નાખીને બાગમાં ફેરવેછે. બાગ મધ્યે જોવા તથા ફરવા આવનારના બાળકોને થોડાક પૈસા લઈ આ હાથી ઉપર બેસાડી ખુશી કરેછે.

ફ્લેમિંગો.

પક્ષીઓનો પણ કંઈ સુમાર નથી. ઘણી જાતનાં તરેહવાર પક્ષીઓને તમે આ બાગમાં જોશો. ફ્લેમિંગો નામનું લાંબી ડોકનું તથા લાંબા પગનું પક્ષી જોવાથી તમે ખુશી તથા અજબ થશો. બિજાં પણ વિચિત્ર દેખાવનાં કેટલાંએક પક્ષીઓ તમે જોશો. કેટલાંએકનો રંગ એવો ખુબસુરત લાગશે કે ઈશ્વરની કરામત આગળ માણસની કરામત કંઈજ નથી એમ તમે તરત બોલશો.

આહા કેવાં ખુબસુરત અને સુંદર પક્ષીઓ!! હું તેઓનું શું વર્ણન કરૂં? કેટલાંએક પક્ષીઓનો રંગ આંખે ઉડીને આવે. કોઈ કાળાં, કોઈ ધોળાં, કોઈ પીળાં, કોઈ લીલાં, કોઈ રાતાં, કોઈ આસમાની, કોઈ રાખોડી, અને કોઈ પચરંગી. આ બધાં પક્ષીઓનું પોષણ અને જતન કરવાની મેહેનત કેટલી હશે?

આસ્ત્રિચ.

આસ્ત્રિચ નામનું વિચિત્ર જાતનું પ્રાણી તમે જોશો. પોપટ તથા કાકાટુઆ તથા નુરી વગેરેના આપણા જાણીતા પક્ષીઓનો પણ મોટો સંગ્રહ છે. મોટાં મોટાં ખલીલ તથા ગરૂડ પક્ષીઓને પણ આ ઠેકાણે તમે જોશો.

જીવતા સાપનો સંગ્રહ પણ અહીં મોટો છે. એવો સંગ્રહ યુરોપમાં કેહેછે કે કોઈ ઠેકાણે નથી. ઝીણી જાળીનાં બાનાઓમાં આ સાપ મુકયાછે તે બધા દેખાયછે. એક નાગ છે તેણે બાગના એક માણસને કેહેછે કે દંખ માર્યો હતો તેથી તે માણસનું મરણ થયું હતું.

જીવતી માછલીઓનો સંગ્રહ ઘણો જોવાલાયક છે. કાચનાં વાસણોમાં પાણી નાખીને તરેહવાર જાતની જીવતી માછલીઓ મુકીછે. તે બધી કાચનાં વાસણમાંથી બરાબર જોવામાં આવેછે. પાણીમાં ઉપર નીચે કેમ દોડેછે અને પાણીમાં કેવી હાલચાલ કરેછે તે તમે ખુલ્લી રીતે જોઈ શકશો અને તેથી ઘણી ખુશી ઉપજશે. પારિસમાં માછલીનો સંગ્રહ આથી વધારે સારો મેં જોયો હતો.

ટાઇમ્સ છાપાખાનું.

આ છાપાખાનું અને તેમાંનો કારભાર ખરેખર જોવા લાયક છે. એ જોવામાટે કોઈ વગવાળા મિત્રની મારફતે ચીઠ્ઠી મેળવવી જોઇએ. આગળ જણાવ્યા પ્રમાણે ટાઇમ્સની આસરે ૬૦ હજાર નકલ નિત્ય ખપેછે. કોઇ કોઇ પ્રસંગે કોઈ મોટા અને અગત્યના બનાવ વિષે લખવામાં આવ્યું હોય તો તેની ૭૦ હજાર નકલ સુધી ખપેછે. આ કારણ માટે નિત્ય ૭૨૦ મણ કાગલ જોઇએછે. એટલો મોટો બપ

પુરો પાડવાને કાગલ બનાવવાનું કારખાનું પણ એના માલિકને રાખવું પડ્યુંછે. હું આ છાપાખાનું જોવાને ગયો હતો.

પ્રથમ કાગલની વખાર દેખાડેછે ને નિત્ય કેટલા કાગલ આ છાપામાં વપરાયછે તેનો સુમાર કાગલના થોકને થોક પડ્યાછે તે ઉપરથી માલમ પડેછે. કાગલ છાપ્યા પેહેલાં પાણીથી યંત્રમાં કેમ ભીંજવેછે એ પણ દેખાડેછે. જે ઓરડાઓમાં ખીલાં ભરેછે તે ઓરડામાં ચલેલી ઝડપથી આપણી નજર છક થઈ જાયછે. સો કરતાં વધારે માણસો ખીલાં જોડવાને લાગેલાછે. ઘણા ચાલાક અને હોશીયાર ખીલાં જોડનારનેજ રાખેછે. કાચા અને ઠંડા હાથ વાળાઓને રાખે તો ત્રણસેં માણસોથી પુરું ન પડે.

મોટાં વરાળ યંત્રથી ટાઈમ્સનું પત્ર છપાયછે. રાતના બબે વાગા સુધી પાર્લ્યમેંટમાં જે ભાષણો થાયછે તે બધાં બોલેબોલ સવારના છપાઇને બાહાર પડેછે, એટલુંજ નહી પણ કોઈ કોઈ બહુ અગત્યની બાબદ ઉપર ભાષણ થયાં હોય તે વિષે એડીટર પોતાની તરફથી લખીને તેજ સવારના છાપામાં દાખલ કરેછે. આ ઉપરથી છાપવાની ઝડપ તથા ચાલાકીનો કંઈક વિચાર આવશે.

પાર્લ્યમેંટની સાથે "માગ્નેટિક ટેલિગ્રાફ" એટલે લોહેચુંબકના તારથી સંધેસો ચાલેછે. એ તારનો એક છેડો પાર્લ્યમેંટમાં અને બીજો છેડો ટાઈમ્સ આફિસમાં છે. બધાં ભાષણ થાયછે તેનો સંધેસો આ તારની મારફતે થતો નથી પણ કઈ કઈ બાબદો ઉપર ભાષણો ચાલેછે અને કોણ કોણ બોલેછે એ વગેરે તારમાંથી વારંવાર સંધેસો મળેછે.

દુનિયામાં ઠેકાણે ઠેકાણે આડતીઆઓ આ પત્રનો માલિક રાખેછે તથા મોકલેછે એથી ઘણીજ નવી અને અગત્યની ખબરો આ પત્રમાં દાખલ થાયછે. અમેરીકામાં લડાઈ ચાલતી હતી ત્યારે ટાઇમ્સે પોતાના ખરચે પાકી ખબરો મેળવવાને માટે આડતીઓ મોકલ્યો હતો. હિંદુસ્તાનમાં બળવો થયો ત્યારે પણ ટાઈમ્સે આ દેશમાં પોતાનો આડતીઓ મોકલ્યો હતો. જે પત્ર ખબરો મેળવવા માટે આટલો

ખર્ચો ખરચ કરે અને જેમાં સારું લખાણ આવે તે પત્રનો મોભો અને તેનું માન આખી પૃથ્વિમાં વધે એમાં નવાઈ શી?

છાપવાનું મોટું યંત્ર ગોળ ઉભા આકારનું છે. છાપવાના સાંધણ યંત્ર ઉપર સીધું છપાયછે પણ આ યંત્ર એવું છે કે આમ ઉભું છપાયછે. એક મિનિટમાં બસો નકલ છપાઈ જાયછે એટલે એક કલાકમાં બાર હજાર છપાઇને બાહાર પડેછે. એટલું બધું ઝપથી છપાયછે તે માત્ર વરાળયંત્રથીજ નહી પણ એક બીજી ગોઠવણ કરીછે તેથી. તે એકે યંત્રનો એક આંટો ફરે તેમાં એકને બદલે ચાર નકલ છપાઈ જાયછે. બીબાંની અંદર ગોઠવું હોયછે તેની પાછી ચાર ચાર નકલ "સ્ટીરીયો ટાઈપ"થી કરેછે.

આવી રીતે નકલ કરવા માટે હાલ એક નવી હીકમત શોધી કાઢાડીછે. બીબાંમાં જોડાયલાં પાનાં ઉપર એકજાતની મેળવણીથી બનેલા (કબુતરાંનાં ચામડાં જેવા રંગના) કાગલ ઉપર એ પાના દાબ્યાથી તેમાં છાપ બરાબર ઉઠેછે. પછી તેને મોલ્ડમાં ઘાલીને તાંબેલું સિસુ તેની ઉપર રેડેછે એટલે એ પાનાં ઉપર આવેલા અક્ષરોની આખીને આખી તખ્તી તયયાર થાયછે. એવી ચાર ચાર તખ્તીઓ તયયાર કરીને યંત્રમાં છાપવા મુકેછે એટલે એક આંટામાં ચાર નકલ છપાઇ જાયછે. ઉપર કહેલા કાગલમાં એવી મેળવણી આવેછે કે તાંબેલું સિસુ તે ઉપર પડવાથી આ કાગલ બળી જતો નથી. તે ઉપરથી સિસાની તખ્તીમાં બરાબર છાપ ઉઠેછે.

જે મોટાં યંત્ર ઉપર છપાયછે તે યંત્ર જ્યારે ચાલુ થાય ત્યારે અચીત જોવાજોગ દેખાવ છે. ચારે બાજુથી એક એક કાગલ પોતાની મેળે ઉંચકાઇને યંત્રમાં દાખલ થાયછે ને પાછું છપાઇને પોતાની મેળે બાહાર નિકળેછે. આ અને યંત્ર ચાલવાની ઝડપથી અચરતી ઉપજેછે. આ છાપવાનાં યંત્રની કિંમત એક લાખ રૂપીઆની છે. બીજાં એથી નાહાનાં યંત્ર આઠ કે નવ છે.

સવારના અને પાછલા પોહોરના જ્યારે નકલો છપાઇને બાહાર પડેછે ત્યારે જથાબંધ લેનાર તથા ફુટકલ ધંધાદારીઓની મોટી ભીડ

ઓરડામાં અને તેની પાસેની શેરીમાં થાયછે. એ વખતે મ્સ છાપો લેવાની ભારે તડાપીટ પડેછે. એ વખતનો દેખાવ જેવો નથી પણ કેહેછે કે ભારે અને મોટી ભીડ એ પ્રસંગે થાય એ વેળાએ આ ઠેકાણે વાત કરવાની. કે ઉભાં રેહેવાની પણ ા મળવી કઠણ છે.

ટેમ્સ નદી નીચેનો રસ્તો.

ંડનમાં કળા અને હુન્નરની મોટી અચરતી જેવી હોય તો "ટેમ્સ ન" છે. નદીના એક કાંઠા ઉપરથી બીજે કાંઠે જવાને ઉપરથી પુલ બાંધ્યા છે તેમ હેઠલથી એક ઠેકાણે "ટનલ" બાંધીને કાપી કાહાડ્યોછે. નદીની નીચે થઇને ભોંયરાંમાંથી તમે ા જાઓ, તમારે માથે નદીનાં પાણી વેહે ને તમે બીજે કાંઠે ાર નિકળો. આવી મોટી અચરતી દુનિયામાં કોઈ ઠેકાણે નથી. પ્રથમ એમ ધારતો હતો કે આમાંથી ગાડી ઘોડા પણ જત પણ તેમ નથી. માત્ર માણસો પગે થઇને આવજાવ કરેછે. ાં ગાડી ઘોડા જઈ રાકતાં નથી તેનું કારણ એ છે કે બેહુ કાંઠે ા ઉતરવાના દાદર મુક્યાછે. તમે એ ટનલમાં દાખલ થાઓ, હેલાં દાદર ઉપર થઇને બહુ નીચે ઉતરવું પડેછે ને બીજે કાંઠે ો તે પેહેલાં દાદર ઉપર ચહડવું પડેછે.

દર ઉતરતાં દાદરની દેવાળ ઉપર સુંદર ચિત્ર તમારા જોવામાં આ- નીચે ઉતરીને ટનલમાં જતાં પેહેલાં "પાનોરામા" એટલે પડદા પાડેલા દેખાવો કાચમાંથી દેખાડવાનું પુછવામાં આવેછે. તમારી ે હોય તો થોડા પઈસા ખરચીને તે પણ જોતા જાઓ. ટન- દાખલ થયા એટલે જાણે રાત પડી હોય એમ દેખાયછે માટે ના દિવા હોયછે. દિવા ન હોય તો ટનલમાં અંધારું પડે.

તમે વધારે અચરજ એટલા ઉપરથી થશો કે ટનલમાં એક ત- રફ દુકાનો માંડીછે ને તેમાં કેટલીએક તરેહનો માલ વેચાયછે. ટન- લના એક છેડાથી બીજા છેડા સુધી એક તરફ [illegible]

ટેમ્સ નદી નીચેનો રસ્તો.

(૮)



લાગીછે. કેટલીએક દુકાનમાં રમકડાં વેચાયછે. કેટલીએક દુકાનમાં વાજીંત્ર વાગેછે અને કેટલીએક દુકાનોમાં ચિત્રનો તમાશો દેખાડેછે. એ ટનલમાં થઈને જતાં જતાં આ પ્રમાણે તમને રમુજ મળેછે. આ ટનલ ૧૨૦૦ ફુટ લાંબો, અને ૩૮ ફુટ પેહોળો છે.

ટનલમાં ઉતરો તેની પેહેલાં એક એક આસામીને "ટોલ" અથવા ચીલાની એક એક પેની આપવી પડેછે અને આ પ્રમાણે ૬૨ વરસે આસરે ૬૦ લાખ રૂપીયાની પેદાસ થાયછે. એ પેદાસમાંથી તેને મરામત કરવા વગેરેનો ખરચ ભાયગે નિકળી રાકેછે. આ ટનલ ઈસવી સન ૧૮૪૩ માં બંધાઈ તઈયાર થઈ હતો અને તે ઉપર આસરે ૪૭ લાખ રૂપીયા ખરચ બેઠો હતો. આ ટનલ બાંધવાનું કામ ૧૮૨૫ માં રાઉ થયું હતું પણ તે ઉપર ઘણાં વીઘ્ન પડયાં અને સાત વરસ કામ બંધ પડયું હતું. આ ટનલનું માલીકપણું એક કંપનીના હાથમાં છે.

લંડનનો કિલ્લો.

આ સઉથી જુનો અને મજબુત કિલ્લો છે ને તેમાં કેટલુંક અગત્યનું જોવાજોગ છે. એ "ટૉવર ઑવ લંડન" નામથી ઓળખાય છે. એમાં પાદશાહી ઝવેર તથા "આર્મરી" એ બે મુખ્ય ભાગ જરૂર જોવા જોઈએ. આ કિલ્લામાં ઈંગ્લંડના કેટલાએક રાજવંશી અને નામાંકિત પુરૂષોને ગરદન મારયા હતા ને કેટલાએકોને કેદ કરયા હતા એટલા માટે ઈતિહાસના અભ્યાસીને આ કિલ્લો જોયાથી એક અમુક જાતનો સંતોષ ઉપજેછે.

લંડનનો કિલ્લો એક કેહેવાયછે પણ તેમાં આસરે દશ નાહાના નાહાના કિલ્લા છે. એ બધાઓની આસપાસ ચર છે. "વ્હાઈટ ટૉવર" નામનો કિલ્લો વચોવચ છે અને બાકીના કિલ્લા ચરની આસપાસ ફરતી દેવાળ સાથે જોડાયલાછે. જેમાં પાદશાહી ઝવેર રેહેછે તે બધા કિલ્લાઓથી જુદોજ ભાગ છે. લશ્કરના સિપાઈઓને રેહેવાને વાસ્તે એક બરાક આ કિલ્લામાં જુદી છે. કિલ્લાની બાહાર સિપાઈ

પેહેરો ભરેછે તેઓ "વૉર્ડર" કેહેવાયછે અને તેમનો પોશાક વિચિત્ર લાગેછે. ઇંગ્લંડના આઠમાં હેનરી રાજાના વખતમાં યોમન નામની એક "ગાર્ડ" હતી તેના જેવો પોશાક આ સિપાઈ પેહેરેછે. એ કિલ્લો જોવા જનાર બાર આસામી એકઠાં થાયછે એટલે એક સિપાઈ તેમની સાથે જઇને બધું દેખાડે તથા સમજાવેછે. બારબાર આસામીનું ટોળું થવાને વાર લાગતી નથી. ઘડીકેરીને દર અરધા કલાકે ૧૨ આસામીઓ આ કિલ્લો જોવા માટે નિત્ય એકઠાં થઈ જાયછે.

કિલ્લાની માંહે જે મકાનમાં પાદશાહી ઝવેર મુકેલુંછે ત્યાં એક લોહેડાના ઓરડાની આસપાસ જાડા કાચ જડી લીધાછે અને તેમાં વચોવચ એ મુકી રાખ્યુંછે. જોનાર બાહારથી ચોમેર ફરીને એ ઓરડાની માંહે દાખલ થયા વગર તથા હાથ અડકાડ્યા વગર બરાબર જોઇ શકેછે. હીરામાણેક જડેલ બાદશાહી તાજ અહીં મુકેલુંછે. એ દેશના બીજા ચાર્લ્સ રાજાને ગાદીએ બેસાડ્યો ત્યારે જે તાજ બનાવ્યું હતું અને જે તાજ એ પછીના બધા રાજાઓ ગાદી ઉપર બેસતા ત્યારે પેહેરતા હતા તે જોવામાં આવેછે.

મહારાણી વિકટોરિયા જ્યારે ગાદી ઉપર બેઠી ત્યારે નવું તાજ બનાવ્યું હતું. તે પણ ઉપલી જગ્યાએ જોવામાં આવેછે. તેમાં ઘણાં કિંમતી હીરામાણેક જડી લીધાંછે ને તેનું વજન ૪૫૫ રતલનું થાય છે ને તેની કિંમત ૧૧ લાખ રૂપીયા અંકાયછે. રાણીના સ્વર્ગવાસી ભરથારનું તાજ પણ અહીં છે. તેમાં પણ હીરામાણેક જડેલાંછે. રાણીના વડા પુત્ર "પ્રિન્સ ઑવ વેલ્સ" નું તાજ સોનાનું છે ને તેમાં ઝવેર જડેલું નથી.

કોહિનુર નામનો પ્રખ્યાત હીરો જે આપણા દેશનું નુર ગણાતો અને જે છેલ્લો રણજીતસિંગના હાથમાં હતો તે મોટો અને પ્રસિદ્ધ હીરો અહીં જોવામાં આવેછે. આ કોહિનુરનું નુર હિંદુસ્તાનમાં હતું તે હવે વિલાયતમાં જઇને આ કિલ્લામાં પડ્યુંછે. એ વગેરે હીરામાણેકથી જડેલી બાદશાહી છડી તથા હીરમાણેકની મુઠવાળી તરવાર અહીં રાખીછે.

"વાહાઈટ ટૉવર" નામનો કિલ્લો આ મોટા કિલ્લાના મધ્ય ભાગમાં છે તેમાં દાખલ થતાં એક મોટા ઓરડામાં લશ્કરી અસ્વારોની હારની હાર ઉભેલી તમે જોશો. લ્હોખંડના બખ્તર પેહેરીને અને બંધુક ભાલા લઈને જાણે તેઓ તમારી સામેજ ઘોડા કુદાવતા આવતા હોય એમ લાગશે. જુના વખતમાં ઈંગ્લંડના એક એક પછીના રાજાઓ લડાઈની વેળાએ કેવો પોશાક પેહેરીને કેવા ડોળ અને ડમામથી નિકળતા હતા તે એ રાજાઓની શુદ્ધ મૂર્ત્તિ તેમના ઘોડા ઉપર માલમ પડેછે. એવા આસરે ૨૨ ઘોડાઓની હાર ઉભી છે. ઈંગ્લંડનો રાજા આઠમો હેનરી–એનાં કદાવર શરીર તથા દેખાવ ઉપર જોનારનું ધ્યાન વધારે દોરેછે.

આગળ ચાલતાં એક ઓરડાની ભીંત ઉપર ઢાલની હારની હાર બાંધીછે. આપણા દેશવાળા પ્રખ્યાત ટિપુ સાહેબની તરવાર બરછી તથા ટોપી અહીં જોવામાં આવેછે. મૉલટાની તોપ જોવાજોગ છે. એલીઝાબેથના વખતના લશ્કરી સામનનો એક સંગ્રહ જુદો કરેલોછે. તેને "એલીઝાબેથ આર્મરી" કેહેછે.

એક ભોંયરું દેખાડેછે તેની ભીંતનો ઓસાર ૧૪ ફુટ છે. એવા મોટા ઓસારની જાડી દેવાળ છે. તે ભોયરું ઘણુંજ સાંકડું છે ને તેમાં અંધારું પડેછે. આ ઠેકાણે કેહેછે કે સર વૉલટર રાલેફને કેદ રાખ્યો હતો. જે લાકડાંઓ ઉપર કેટલાક નામાંકિત પુરૂષોની ગરદન મુકીને કુહાડાથી કાપી નાખતા હતા તે લાકડાંઓ તથા તે કુહાવાડાઓ દેખાડેછે. આઠમાં હેનરી રાજાએ પોતાની બે સ્ત્રીઓને આ કિલ્લામાં ગરદન મરાવી હતી. આ કિલ્લામાં છેલ્લો "લૉર્ડ લાવટ" ને ઇ૰ સ૰ ૧૭૪૬ માં ગરદન માર્યો હતો. ત્યાર પછી કોઈને ગરદન મારવામાં આવ્યો નથી.

સેંટપૉલનું દેવળ.

આખા ઈંગ્લંડ દેશમાં સઉથી મોટાંમાં મોટું, સઉથી ઉંચાંમાં ઉંચું અને સઉથી પ્રખ્યાતમાં પ્રખ્યાત દેવળ આ છે. બાહારનો દેખાવ

ધુમાડાથી કાળાસપર મારેછે તે છતાં તેની બાંધણીમાં કંઈ કસર કે મણા નથી. રોમ મધેના પ્રખ્યાત દેહેરાંની બાંધણી પ્રમાણે આનો ઘાટ બાંધ્યોછે. નદી ઉપરથી એનો ભપકો ઘણો મારેછે. એનું બાંધકામ પુરૂં કરતાં ૩૫ વરસ લાગ્યાં હતાં અને તે ઉપર ૦।।। કરોડ રૂપીયાનો ખરચ બેઠો હતો.

આ દેવળની અંદરનો દેખાવ પણ કંઈ થોડો ભપકાભરેલો નથી. જે મોટા "હૉલ"માં ધર્મબોધ સાંભળવાને તથા પ્રાર્થના કરવાને લોકો ભેળાં થાયછે તે ઘણોજ મોટો છે. દાહાડામાં ત્રણ વખત લોકો ભેળાં થાયછે. તેમાં એકદમ ૩૦૦૦ માણસો સેહેલથી બેસી રાકેછે. આ "હૉલ" ની મોટાઈ તથા ઉંચાઈ જોઈને નજર છક થઈ જાય છે. કેટલાએક પ્રખ્યાત પુરૂષોનાં પુતળાં તથા કેટલાએક પ્રખ્યાત પુરૂષોની ધોર આ દેવળમાં છે. જગપ્રસિદ્ધ પરોપકારી જૉન હાવર્ડનું પુતળું, તથા દરીઆઈ ફોજના બાહાદુર સરદાર નેલ્સનનું પુતળું અહીં છે. આપણા દેશના આગલા ગવર્નર જેનરલ કૉર્નવૉલિસનું પુતળું તથા મુંબઈના આગલા ગવર્નર મૉન્સ્ટુઅર્ટ એલ્ફીન્સટનનું પુતળું અહીં છે. સર ચાર્લ્સ નેપીયર તથા સર વિલિયમ જોન્સ એમનાં પુતળાં પણ અહીં છે. એ વગેરે બીજાં ઘણાંક પુતળાંઓ છે. ડ્યુક ઑવ વેલિંગટનની ધોર આ દેવળમાં છે.

આ દેવળમાં એક ઠેકાણે અચરત થવાજેવા યુક્તિ કરીછે. આસરે ૨૬૦ પગથી ઉપર ચહડ્યા પછી "વ્હિસપરિંગ ગ્યાલરી" આવેછે. તે ગોળાકારની તથા ઘણી મોટી છે. એમાં એક બીજાની સામે ઘણાજ દૂર બેઠા છતાં કાનમાં વાત થઈ રાકેછે. તમે એકબીજાથી એટલા દૂર બેઠા હો કે મોટે અવાજે બોલો તોપણ સંભળાય નહી તે છતાં દેવાળની આગળ કાન મુકવાથી કાનમાં વાત કરતા હોય એવા ઝીણા સાદે એક બીજા સાથે દૂરથી વાત કરી રાકેછો. આ ઘણુંજ અજબ જેવું લાગેછે. અમે ચાર મિત્ર એ દેવળ જોવાને એક દાહાડે ગયા હતા. પ્રથમ દૂરથી અમારા ભોમીયાએ અમારી સાથે કાનમાં વાત કહી તે અમે સાંભળી અને અમને એમ લાગ્યું

કે આ અમારી સામેનો ભોમિયો માત્ર ઢોંગ કરેછે ને અમારી પા-છળ કોઈ બીજો ઉભો રહીને અમારી સાથે વાત કરેછે. આ બાબદ અમારી ખાતરી કરવા માટે અમારામાંથી એક જણ ઉઠીને સામે દૂર ગયો તેની સાથે અમે વાત કરી શકયા. અમે દૂરથી આવી રીતે વાત કરીએ પણ ગ્યાલરીમાં વચે ઉભા રેહેલા બીજા કોઈપણ માણસ સાંભળે નહી.

ઘડિયાળના ઓરડામાં લઈ જાયછે ત્યારે એ મોટું ઘડિયાળ, તેના કાંટા અને તેના ઘંટ જોઈ આપણે અચરત પામીએ છઈએ. ઘડિ-યાળના માત્ર કાંટાનુંજ વજન ૧૨૦ રતલ છે અને મોટા કાંટાની લંબાઈ ૮ ફુટ છે. મોટા ઘંટનો ઘેરાવો ૩૦ ફુટછે અને તેનું વજન કેહેછે કે ૧૧ હજાર રતલનું છે. આ ઘંટ કલાકના સુમાર પ્રમાણે વાગેછે પણ અમુક ટાંણે અથવા અમુક પ્રસંગે તેને વગાડયામાં આવેછે. જ્યારે રાજ્યકુટુંબમાં અથવા લંડનના બિરાપનું મરણ થાયછે ત્યારે આ ઘંટ વાગેછે. ઉપર એક જગ્યાએ એક પુસ્તકબાંનું પણ રાખ્યુંછે.

બાહાર રસ્તા ઉપરની ગ્યાલરીમાં આવી ઉભા રહીએ છઈએ ત્યારે આખાં લંડન શેહેરનો દેખાવ નજરે પડેછે. જ્યારે દાહડો ઉઘાડો હોયછે, વરસાદ કે ધુમસ હોતું નથી ત્યારે આ દેખાવ જોવાનો બાહાર પડેછે. આ ગ્યાલરી ઉપર ઉભા રહીને, નીચે આવતાં જતાં માણસો તથા ગાડીઘોડાં ઉપર નજર કરીશું તો ઉદ્યોગનું મોટું યંત્ર ચાલતું હોય અને તેમાંથી રેંટ જેવો અવાજ નિકળતો હોય એમ લાગેછે.

પણ સઉથી ઉંચા ભાગ ઉપર ચહડવાનું હજુર બાકી છે. હજી ૪૦૦ પગથીઓ બાકી છે. હવે ચઢવાનું કામ કંટાળાભરેલું અને કઠણ લાગેછે પણ એટલે ઉંચે જઈને જોવાથી લંડનનો કેવો દેખાવ લાગતો હશે તે જાણવાની આતુરતા થાયછે. સઉથી છેલ્લા ભાગ ઉપર ગયા પછી એક નાહાની બારીમાંથી ડોકાઈને જોવું પડેછે ત્યારે જો દાહાડો સાફ અને ઉઘાડો હોય તો આ મેહનત સફળ થાયછે.

આ દેવલ ૩૭૦ ફુટ ઉંચું છે. લંબાઈમાં ૫૦૦ અને પોહોળાઈમાં ૧૦૦ ફુટ છે. એણે બધી મળીને બે એકર જમીન રોકીછે. એની

ચોમેર લોહડાની જાળી મુકેલીછે ને માત્ર તેનાજ ખરચના ૧૫ લાખ રૂપીયા બેઠાછે. આ દેવળના જુદા જુદા ભાગ જોવાનો ખરચ ૩૫ શિલીંગ બેસેછે.

વેસ્ટ–મિનિસ્ટર આબી.

આ એક મોટું દેવળ છે અને તેમાં બીજાં નાહાનાં મોટાં સાત કે આઠ "ચાપલ" અથવા મંદીર છે. આ દેવળનું બાંધકામ જરૂર જોવાજોગ છે. તેમાં ઇંગ્લંડનાં રાજા તથા રાણી તથા મોટા ધર્મ-ગુરૂ–ઓનાં પુતળાં અને કબર છે. કેટલાએક નામાંકિત વિદ્વાનો તથા કવિઓ વગેરેનાં ઘણાં પુતળાં છે તથા ઘણી કબર છે. એ પણ જરૂર જોવાજોગ છે. ઇતિહાસના અભ્યાસીને જે પ્રમાણે લંડનનો કિલ્લો જોવાથી એક તરેહની ખુશી ઉપજેછે તે પ્રમાણે આ "વેસ્ટ મિનિસ્ટર આબી" નું દેવળ જોવાથી ઉપજેછે.

આ દેવળ પાર્લામેંટના મેહેલની પડોસમાંજ છે. એનું મુખ્ય બાંધકામ જુના વખતનું છે પણ એમાં પાછળથી કેટલોક સુધારો કરેલોછે. ઇંગ્લંડમાં જ્યારે રાજા કે રાણીનું મરણ થાયછે ત્યારે તેની ગાદી ઉપર બેસનાર વારસને મુગટ (તાજ) પેહેરાવવાની ક્રિયા આ દેવળના એક મોટા હૉલમાં થાયછે. એ ક્રિયા "આર્ચબિશપ ઑવ કાન્ટરબરી" નામનો ધર્મગુરૂ કરેછે.

આ દેવળમાં જુદાં જુદાં મંદીર છે તેમનાં જુદાં જુદાં નામ છે. તેમાં સાતમાં હેનરી રાજાનાં નામનું મંદીર જરૂર જોવાજોગ છે. એ મંદીરનું છત્ર અથવા સીલીંગ બહુજ તોફે અને ભભકાદાર છે. માત્ર આ મંદીર ઉપરજ ૨૦ લાખ રૂપીયાનો કેહેછે કે ખરચ થયલો છે. આખાં દેવળ ઉપર ૫૦ લાખથી ઓછો થયો નથી.

રાજા તથા રાણીની ઘણીખરી કબરો ઉપર મરનારની મૂર્ત્તિ પાડેલી હોયછે અને જેવા પોશાકમાં મુડદાંને પેટીમાં મુકેલું હોયછે તેવો પોશાક એ મૂર્ત્તિ ઉપર પણ હોયછે. એડવર્ડ નામનો રાજા જે આસરે ૫૦૦ વરસ ઉપર મરી ગયો હતો તેની કબર થોડાં વરસ ઉપર

વેસ્ટ મિનિસ્ટર આબ્બી.

(૨)



WESTMINSTER ABBEY

ઉઘાડી અને તેનું મુડદું તપાસ્યું તો તેનાં શરીરનો બાહારનો ભાગ તમામ આખોને આખો નિકળ્યો હતો.

પાર્લ્યામેંટનો મેહેલ.

આ મોટા અને સુંદર મેહેલની મોટાઈમાં અને તેના સુંદર દેખાવમાં કંઈ મણા કે ખામી નથી. એ કેટલો મોટો છે તેનો કંઈ વિચાર તમને આવે માટે એટલુંજ કહું છઉં કે ૮ એકર જમીન આ મેહેલે રોકીછે; તેમાં ૧૧૦૦ મોટા મોટા ઓરડાઓ અને ૧૦૦ જુદા જુદા દાદર છે. એ કેવો સુંદર હશે તેનો કંઇ વિચાર આવે તે માટે એટલુંજ કહું છઉં કે યુરોપમાં ફરી આવેલા મુસાફરો જણાવેછે કે એ ઘાટની એવી સુંદર ઈમારત આખાં યુરોપમાં નથી. આસરે બે કરોડ રૂપીયા એનાં બાંધકામ ઉપર લાગ્યાછે.

આ મેહેલની ખુબસુરતી વધારવાને તેની સાથે "વિકટોરિયા ટૉવર" નામનો એક મોટો મિનારો બાંધી લીધોછે. એ મિનારો ૩૪૦ ફુટ ઉંચોછે એટલે મુંબઈનાં મોટાં દેવળ કરતાં ત્રણ ગણો વધારે ઉંચો છે. રાજ્ય-કુટુંબને જવાનો રસ્તો આ "ટૉવર" માં થઈને છે. એ ટૉવરમાં દાખલ થતાં જે મોટો ઓરડો આવેછે તે ઓરડામાં ઘણાએક પુતળાં છે તેમાં મહારાણી વિકટોરિયાનું પુતળું ઘણીજ શોભા આપેછે. એ પુતળાંની પાસે "ન્યાય" અને "દયા" ને ઉભાં રાખ્યાંછે.

લોકોને દાખલ થવાનો રસ્તો જુદો છે. જેને "વેસ્ટમિનિસ્ટર હૉલ" કેહેછે અને જ્યાં સઉથી મોટી કોરટ બેસેછે, એમાં થઈને અંદર જવાયછે. માંહે પેસતાં જે મોટો ઓરડો આવેછે તે ઓરડામાં પણ ઘણાં પુતળાં ઉભાં કરેલાંછે. પુતળાંઓની બેહુ તરફ હાર લાગ્યાથી બહુ ભપકો મારેછે. આઠસો વરસમાં ઈંગ્લંડ મધ્યે જુદા જુદા રાજાઓ થઈ ગયા તેઓ બધાનાં આરસપાહાણનાં બનાવેલાં પુતળાં ઉભાં કરેલછે. એજ પ્રમાણે પીટ તથા ફૉક્સ વગેરે રાજ કારભારમાં પ્રસિદ્ધ થઈ ગયલા અનેક પુરુષોની અનેક મૂર્ત્તિઓ છે. આવી

મૂર્ત્તિ બધી મળીને પાર્લામેંટની ઇમારતમાં તથા તેની અડખે પડખે ૪૫૦ થી ઓછી નહીં હશે.

પાર્લામેંટના મેહેલમાં બે મોટી અને જગપ્રસિદ્ધ દરબાર બેસેછે તે બંધેની એકાદ પણ જરૂર જોવી જોઈએ. આ બે દરબાર કંઈ બારે માસ ભરાતી નથી પણ ઘણુંકરીને દર વરસમાં ફેબરવારીથી જુલાઈ મહિના સુધી રવીવાર કે મોટા તેહવાર શિવાય નિત્ય બેસે છે. એ દરબારમાં દાખલ થવાને દરબારમાં બેસનાર અધિકારીની ચીઠી જોઇએ. એક એક અધિકારી એકથી વધારે ચીઠી આપી શકતો નથી. આ બંને દરબારોનું કામ બુધવાર વગર નિત્ય સાંજનાં પાંચ વાગેથી રાતના ૧૧ કે ૧૨ ને કોઈ વેળા ૨ વાગ્યા સુધી ચાલેછે. બુધવારને દહાડે બપોરના ૧૨ થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલેછે.

આ બે દરબારમાંથી એક દરબાર "હાઉસ ઑવ કૉમન્સ" નાં નામથી અને બીજી દરબાર "હાઉસ ઑવ લૉર્ડસ"નાં નામથી પ્રસિદ્ધ છે. વેસ્ટમિનિસ્ટર હૉલમાં પેઠા પછી ડાબા હાથ ઉપર પેહેલી દરબાર અને જમણા હાથ ઉપર બીજી દરબાર. મહારાણી વિકટોરિયા નિત્ય હાજર થતી નથી. કંઈ અડચણ ન હોય તો વરસમાં માત્ર બેજ વાર-એક દરબાર ઉઘડતી વેળા અને બીજી બંધ કરતી વેળા હાજર થાયછે. હાજર થાયછે ત્યારે "હાઉસ ઑવ લૉર્ડસ" ની દરબારમાં થાયછે. એ વેળા "હાઉસ ઑવ કૉમન્સ"ની દરબારના અધિકારીઓ પણ તેજ ઓરડામાં મહારાણીની હજુરમાં ઉભા રેહેછે.

દરબારનું કામ જોવા જનાર બાહારના માણસોને સાંજના ચારથી પાંચ વાગ્યા સુધી એક ઓરડામાં નીચે એકઠા કરેછે અને પછી વખત થાયછે ત્યારે જેમ પેહેલા આવ્યા હોય તેમ એક પછી એકને "સ્ટ્રેન્જરસ ગ્યાલરી"માં મોકલેછે. ઓછામાં ઓછા ૪૦ અધિકારીઓ હાજર હોય તોજ દરબારનું કામ ચાલે. "હાઉસ ઑવ કૉમન્સ"ની દરબારમાં બધા મળી આસરે ૬૫૦ અને "હાઉસ ઑવ લૉર્ડસ"ની દરબારમાં આસરે ૪૫૦ અધિકારીઓ છે. ઘણુંકરીને

પાર્લામેંટનો મહેલ.

(૧)



HOUSES OF PARLIAMENT.

દર સોમવાર તથા શુક્રવારે અથવા કોઈ અગત્યની બાબદની તકરાર ચાલુ હોય ત્યારે દરબાર બધી ભરાઈ જાયછે. એવે વખતે એ દરબાર જોવાની મઝા પડેછે અને તે મઝા ભોગવવાને કેટલાએક બહુ આતુરતા રાખેછે.

જે ઓરડામાં "હાઉસ ઑવ કૉમન્સ"ની દરબાર ભરાયછે તે દરબારનો ઓરડો પાર્લામેંટના મેહેલ પ્રમાણે જોઈએ તો ઘણો નાહાનો છે. તે માત્ર ૬૨ ફુટ લાંબો અને ૪૫ ફુટ પોહોળો છે. તે છતાં ઉંચાઈ અને સણગારથી દીપી નિકળેછે. કાચની રંગીન બારીઓ ઉપર ચિત્ર પાડ્યાંછે તે તથા કાચનું છત્ર જોવાજોગ છે. રોશની કરેછે તે છત્રની બાહાર કરેછે ને તેનો મોટો ઉજાસ અંદર પડેછે તે એટલો કે કાગલ વંચાઈ શકે.

આ દરબારના પ્રમુખની બેઠક ખેંજર ગ્યાલરી જ્યાં આપણે બેઠા હોઈએ તેની સામેજ છે. એ પ્રમુખ સપેત વાળની ટોપી પેહેરીને બેસેછે. તે "સ્પીકર" નામથી ઓલખાયછે. આજે કઈ કઈ બાબદ ઉપર તકરાર કે દરખાસ્ત થનાર છે અને તે કોણ કોણ કરનાર છે એ છાપા કે હ્યાંડબિલ ઉપરથી જાણવામાં આવેછે. અધિકારીઓની બેઠકને માટે લાંબા કોચ જેવા બાંક ગોઠવ્યાછે. ઇંગ્રેજ લોકોનાં રિવાજ પ્રમાણે હરએક ઘરમાં અથવા મંડળીમાં દાખલ થતાં ટોપી કાહાડી નાખવી જોઈએ; પણ આ દરબારમાં એથી ઉલટો રિવાજ છે. અધિકારીઓ ઘણુંકરીને ટોપી પેહેરીજ રાખેછે.

પ્રમુખ અથવા "સ્પીકર"ની જમણી તરફ રાજના પ્રધાન તથા તેમના મિત્રો બેસેછે અને ડાખી તરફ તેમની સામે તકરાર કરનારા અધિકારીઓ બેસેછે. જે બાબદ ઉપર તકરાર ચાલતી હોય તે બાબદ વિષે માત્ર એકજ વાર દરએક અધિકારીને ભાષણ કરવાની છુટ છે.

રાણીના પ્રધાનો અથવા જુદાં જુદાં ખાતાંના સેક્રટરીઓ સરકારની તરફના ગણાયછે. તેઓ નિત્ય હાજર થાયછે. સરકારની કંઈ ખોડખાપણ વિષે જુદા જુદા અધિકારીઓ જે કાંઈ સવાલ

પુછેછે તેનો ખુલાસો સરકારના આ મોટા અમલદારો કરેછે. જે કાંઈ સવાલ પુછવા હોયછે તેની અગાઉથી ખબર છાપેછે તે ઉપરથી. શું જવાબ આપવો તે વિષે દરએક સેક્રેટરી પોત પોતાનાં ખાતાંને લગતી બાબદ ઉપર તઈયાર થઈને આવેછે. જેમકે વિલાયતનાં મેહેસુલ વિષે કોઈ અધિકારી કંઈ સવાલ પુછે તો તેનો જવાબ તે ખાતાનો સેક્રેટરી આપેછે. હિંદુસ્તાનને લગતી કોઈ બાબદ ઉપર કોઈ અધિકારી સવાલ પુછે તો તેનો જવાબ એ ખાતાનો સેક્રેટરી આપેછે.

નિત્ય સાંજના ૭ વાગ્યાને સુમારે દરબાર ખાલી થવા માંડેછે ને પાછી ૯ વાગતે ભરાયછે. તે છતાં દરબારમાં કામ ચાલતું હોય તે ઘણુંકરીને બંધ પડતું નથી. રાતના બાર વાગતા સુધી કામ ચાલે તેટલો બધો વાર કંઈ બધા અધિકારીઓ ઘણું કરીને હાજર રેહેતા નથી. કોઈ તેવી ઘણીજ મોટી અને અગત્યની બાબદ ચાલતી હોય ત્યારે દરબાર છેવટની ઘડી સુધી ભરેલી ને ભરેલી રેહેછે. સાધારણ બાબદોમાં જે અધિકારીઓને ચાલતી બાબદ વધારે લાગતીવળગતી હોયછે તેઓજ માત્ર બેસેછે. બીજાઓ જ્યારે જોઈએ ત્યારે જાયછે ને આવેછે.

એ બધા અધિકારીઓનાં "ક્લબ" પાર્લ્યામેંટના મેહેલની પડોસમાંજછે, માટે તેઓ ખાવાપીવા કે આરામ લેવા પોતપોતાનાં "ક્લબ" માં જાયછે. જ્યારે દરએક બાબદ ઉપર મત લેવામાં આવેછે ત્યારે ઘંટ વગાડવામાં આવેછે તે સાંભળીને મત આપવા માટે સઉ હાજર થાયછે. ઘણીએક વેળા એવાં મત પડેછે કે સરકારની હાર થાયછે એટલે રાણીના પ્રધાન અથવા તેના સેક્રેટરી સરકારની વતી જે કાંઇ કરવા ઈચ્છતા હોય તે ન કરવું એમ પાર્લ્યામેંટની દરબારના ઘણાખરા અધિકારીઓ પોતાનું મત જ્યારે આપે ત્યારે સરકાર હારી એમ કેહેવાયછે.

જ્યારે કોઈ અગત્યની બાબદ ઉપર પાર્લ્યામેંટની દરબારમાં ભાષણ થાયછે અને તકરાર ચાલેછે ત્યારે દેખાવ જરૂર જોવાજોગ છે. આ બધાં ભાષણ જુદા જુદા છાપાવાળાઓના "રિપોર્ટર" મોંએ

બોલ ઉતારી લેછે અને સવારનો પોહોર થતાં પેહેલાં તે બધાં બોલ બોલ છપાઇને બાહાર પડેછે. "રિપોર્ટર ગ્યાલરી" આ રિપોર્ટરોને માટે જુદીજ રાખીછે તે "સ્પેંજર ગ્યાલરી" જ્યાં આપણે બેઠા હોઇએ તેની સામેજ છે. આ રિપોર્ટરોની ચાલાકી ને ઝડપ જોવા જોગ છે. એક એક કલાકે જુદા જુદા છાપાનાં રિપોર્ટરોની બદલી થતી જાયછે. એક કલાકમાં એક છાપાના એક રિપોર્ટરે જેટલું લખ્યું હોયછે તેટલું લઇને તે ઉઠેછે અને તેની જગ્યાએ તે છાપાનો બીજો રિપોર્ટર આવીને બેસેછે. પેહેલો રિપોર્ટર તરત પોતાનાં કારખાનાંમાં જઇને ટુંકા શબ્દમાં જે કાંઈ લખ્યું હોયછે તે પોતે ઉકેલીને વંચાય તેવી રીતે ઉતારી આપેછે. આ પ્રમાણે આ રિપોર્ટરોનું કામ ચાલેછે.

સ્ત્રીઓને તમાશાગીર દાખલ બેસવાને રિપોર્ટરની પાછળ ઉંચી બેઠકની ગ્યાલરી છે. તેમાં ત્રીણી જાળી મુકીછે તેમાંથી તેઓ જોઈ શકેછે. આવી રીતે પડદામાં ભરાઈ જોવાની રૂઢી વિલાયતમાં પાર્લ્યામેંટ શિવાય કોઈ ઠેકાણે તમે જોશો નહી.

હું બે વખત પાર્લ્યામેંટની દરબાર જોવા ગયો હતો. પેહેલાં ગયો ત્યારે મ્યૂઝીયમની નવી ઇમારત બાંધવા સંબંધી તકરાર ચાલતી હતી. તે વખત હું "સ્પેંજર ગ્યાલરીમાં" બેઠો હતો. બીજી વેળા ગયો ત્યારે "હિંદુસ્તાનની ઉપજ અરચનો હિસાબ" સર ચાર્લ્સ ઉડ વાંચ્યો હતો. તે વેળા પાર્લ્યામેંટનાં અધિકારીઓ જ્યાં બેસેછે તેઓની પાછળ બેસવાની જગ્યા અમને મુંબઇની માંડવીના આગલા કમિશનર મી૦ સ્પુનરના બુઢા પિતાની મેહેરબાનીથી મળી હતી. આ બુઢો અને ભલો મી૦ સ્પુનર આંખે બરાબર દેખી શકતો નહી તે છતાં પોતાની સાથે અમને પ્રથમ "હાઉસ ઑવ લૉર્ડસ"માં લઈ ગયો અને પછી ત્યાંથી "હાઉસ ઑવ કૉમન્સ"માં લાવીને આવી માનભરેલી જગ્યામાં અમને બેસાડી ગયો. આ ભલો ગૃહસ્થ તથા તેનો પુત્ર મારા મિત્ર ભાઈ રામચંદ્ર બાળકૃષ્ણજીની ઉપર ઘણી મમતા રાખતા હતા. હું પેહેલાં ગયો ત્યારે મેહેરબાન હાનરબલ કિનારડે તથા બીજી વાર મેહેરબાન કર્નલ સાયકે મને ચિઠ્ઠી

આપી હતી, તેટલામાટે તથા તેઓ મારી ઉપર મમતા રાખતા હતા તેમાટે હું તેમનો ઉપકાર માનવાને આ યોગ્ય જગ્યા અને યોગ્ય પ્રસંગ ગણું છઉં.

"હાઉસ ઑવ લૉર્ડસ"ની દરબારનો ભભકો પેહેલી દરબાર કરતાં વધારે છે. પેહેલી દરબાર કરતાં લંબાઈમાં આ ૩૫ ફુટ વધારે છે તેમાં રાણીનું તખ્ત ઘણો ભભકો આપેછે. એ તખ્ત ખાલી હતું. આ દરબારમાં મોટા શ્રીમંતો ભાષણ કરેછે તેઓનાં જ્ઞાનનો મુકાબલો આપણા શ્રીમંતો સાથે જરા પણ થઈ શકેજ નહી. તવંગર છતાં તેઓ કેટલા કેટલા કલાક સુધી ઉજાગરો કરેછે અને હરએક બાબદ વિષે અભ્યાસ તથા જ્ઞાન મેળવવાને કેટલો બધો ઉદ્યોગ કરેછે !! અરે આવો ઉદ્યોગ આપણા શ્રીમંતો આપણા દેશનાં કલ્યાણ માટે ક્યારે કરશે ?

વિન્સર કાસટલ.

ઇંડિયા કૌંસિલનો અધિકારી ક્યાપટન ઈસ્ટવિક મારી ઉપર ઘણી મેહેરબાની તથા મમતા રાખતો હતો તેણે લૉર્ડ ચેમ્બરલેન પાસેથી અમારે વાસ્તે આ મેહેલ જોવાની ચિઠ્ઠી મેળવી હતી. આ અને બીજી બાબદોમાં આ ભલા અને આપણા દેશીઓને ચાહનાર ગૃહસ્થનો હું ઉપકાર માનું છઉં. લૉર્ડ ચેમ્બરલેનની ચીઠ્ઠી મળ્યાથી અમે આ વિન્સરનો પ્રખ્યાત મેહેલ જોવાને ગયા હતા.

આ મોટો મેહેલ મોટાં રાજ્યને લાયકનો છે. બાહારથી તે કિલ્લાના ઘાટનો છે. લંડનથી ૨૧ માઈલ છેટે છે ને રેલવેમાં બેસીને એક કલાકમાં ત્યાં જઈ શકાયછે. આ મેહેલ ઘણાંજ વરસનો જુનો છે. તેને આસરે ૮૦૦ વરસ થયાં હશે. વારંવાર તેને સમારવો તથા સુધારવો પડ્યોછે. તેમ કરવામાં આજ દીનસુધી એક કરોડ રૂપીયા આસરે બેસી ચુક્યાછે. આ મેહેલ જેમ મહારાણીને પસંદ છે તેમ આગળના રાજાઓને પણ પસંદ હતો.

આ મેહેલની મોટી ખુબી એ છે કે તે ઘણીજ એકાંત જ-

ગ્યામાં છે. માત્ર એકાંત જગ્યામાં છે એટલુંજ નહી પણ તેની આસપાસ કુદરતી દેખાવ ઘણોજ સુંદર અને આંખને શિતળ કરનાર છે. એક મોટાં વનમાં ઝાડપાનની ઘટા લાગી ગઇછે તે આ મેહેલમાંથી દેખાયછે. એ વન ૬૮૦૦ એકર મોટું છે. એ વનમાં ઓકનાં ઝાડ ઘણાં છે. આહા!! જ્યારે આ મેહેલ ઉપર ચહડીને ચોમેર જોયું ત્યારે કેવો રમણિય અને સુંદર દેખાવ નજરે પડ્યો. હુનાળાની મોસમ હોવાથી ઘાસનો લીલો ગાલીચો મેદાનમાં પથરાઈ ગયો હતો અને તે ઉપર ઝાડોની ઘટા લાગી રહી હતી.

આ મેહેલ એટલો મોટોછે કે તેણે ૫૦૦ એકર જમીન (બાગ સાથે) રોકીછે. એવા મોટા મેહેલમાં ઓરડાઓનો કંઈ પાર નથી. એમાં કિંમતી સામાનનો કંઇ સુમાર નથી. ચિત્રના કેટલાએક તકતા ઘણાજ કિંમતી અને મોટા છે. એવા એક એક તકતાની કિંમત અરધા લાખથી એક એક લાખ રૂપીયાની અમને જણાવવામાં આવી!! જ્યારે એક એક ચિત્રની એવી મોટી કિંમત ત્યારે એમાંના બીજા સામાનની કિંમતનો કેમ સુમાર નિકળે?

આ મેહેલના જુદા જુદા અને મોટા મોટા અનેક સુંદર ઓરડાઓનું હું શું વર્ણન કરૂં? તેમાંના સામનનું, સણગારનું અને ભારે ચિત્રનું હું શું બ્યાન કરૂં? આહા કેવા સોનેરી છત્ર, કેવા રંગીન પડદા અને કેવા ઉંચા ગાલીચા!! આ બધાની કિંમત થાયજ નહી.

આ મેહેલના એક બે ઓરડામાં આપણા દેશના રાજાઓ પાસેથી મળેલું ઝવેર એકઠું કરેલુંછે. એ મધ્યેનું ઘણુંએક ઝવેર રાજાઓને લહડાઈમાં હરાવીને મેળવેલું દેખાયછે. મોર પક્ષીના આકારનું એક તખ્ત તથા બીજું અનેક તરેહનું ઝવેર અહીં જોવામાં આવેછે. આહા!! કયા દેશનું ઝવેર અને કયા રાજાઓનું ઝવેર ક્યાં આવીને ક્યાં પડ્યું છે!! ઇંગ્રેજી રાજનો વાવટો હિંદુસ્તાન ઉપર કાયમ રહે એવી મારી ઈશ્વરને પ્રાર્થના છે તે છતાં મને એમ લાગ્યા વિના રહ્યું નહી કે આ મારા દેશનું ઝવેર ઇંગ્રેજ સરકારે મારાજ દેશમાં રાખ્યું હોત તો ઠીક વાત.

મહારાણી વિકટોરિયાના ભરથાર પ્રિન્સ ઑલબર્ટનું મરણ આ

મેહેલમાં થયું હતું. મેહેલના જે ઓરડામાં આ ભારે દુઃખભરેલો બનાવ બન્યો હતો તે ઓરડો અમને દેખાડવામાં આવ્યો. મેહેલના જુદા જુદા ઓરડાઓ ફરતાં અને જોતાં પાંચ કલાક થઈ ગયા પણ અમે જોતાં ધરાયા નહી. "નાઈટ" વગેરેના માનભરેલા ખેતાબ રાજ્યની તરફથી જેઓને આપવામાં આવેછે તેઓની નોંધ એક મોટા ઓરડામાં રાખીછે. કયા કયા પુરુષોને ને ક્યાં ક્યાં વરસમાં એ ખેતાબો આપ્યાછે તેની વિગત નોંધેલછે. એ ટીપમાંથી આપણા માનવંતા બારોનેટ સર જમશેદજીનું નામ શોધવાની અમે તજવીજ કરી પણ એટલાં બધાં નામ હતાં અને વખત એટલો થોડો રહ્યો હતો કે અમે તેમાં ફતેહ પામ્યા નહી.

હિંદુસ્તાનની પંદર કરોડ માણસની વસ્તી ઉપર જે મહારાણી રાજ ભોગવેછે તેનો આ મેહેલ તેનાં મોટાં નામને અને મોટાં માનને લાયક છે. આ મેહેલ જોઇને હું બહુજ પ્રસન્ન થયો. મેહેલ છોડતી વેળા હું મનમાં બોલ્યો કે હે ભગવાન્! આ મેહેલનું સુખ ભોગવવાને મહારાણી વિક્ટોરિયા ઘણાં વરસ જીવો. તથાસ્તુ.

વેસ્ટ્રીવાહાર્ટહૉલ-સરકારી હાઈસ.

(I)



પ્રકરણ ૬.

તમાશો જોવાનાં મુખ્ય ઠેકાણાં.

વિલાયતમાં તમે આખો દહાડો મેહેનત કરીને થાકી કે કંટાળી ગયા હો તો તમને વિચારવું પડશે નહીં કે "હવે હું મારો જીવ કેવી રીતે ખુશી કરું?" વિલાયતમાં ઠેકાણે ઠેકાણે તમાશો થાયછે. ઠેકાણે ઠેકાણે નાચરંગ મચી રહ્યોછે. ઠેકાણે ઠેકાણે ગાનતાન થઈ રહ્યુંછે. ઠેકાણે ઠેકાણે તમાશો જોવા માટે લોકોનાં ટોળેટોળાં એકઠાં મળ્યાંછે. આવો દેખાવ નિત્ય તમે બહાર જોઈ શકશો.

કેટલાએક તમાશા ઘણા પ્રખ્યાત અને મોટા થાયછે. કોઈ કોઈ તમાશો જોવાને આખી રઈઅત ઉલટમાં આવી જાયછે. કેટલાએક તમાશા બારે માસ ચાલેછે. કેટલાએક તમાશા હુન્હાળાની મોસમમાંજ થાયછે. કેટલાએક તમાશા કોઈ અમુક દહાડાજ ઉપર થાયછે. તમાશાનાં ઠેકાણાં બંધ કરો તો વિલાયતના લોકોનું મોટું સુખ તમે લઈ લીધું એમ કેહેવાશે. જે મોટા અને મુખ્ય તમાશા મારા જોવામાં આવ્યાછે તેમનુંજ માત્ર હું ટુંકામાં વર્ણન કરું છઉં.

બિલોરી મેહેલ.

લંડનમાં કે આખાં ઈંગ્લંડમાં જ્ઞાન તથા ગમતનું સઉથી સરસ ઠેકાણું આ બિલોરનો મેહેલ છે. તમે વિલાયત જાઓ તો આ બિલોરનો મેહેલ જોયા વિના કદી પાછા ફરશો નાં. એક વખત જોયા પછી પાંચ કે સાત વખત જોશો તો પણ તમે ધરાશો નહી. માત્ર આ મેહેલજ જોવાને કોઇપણ દેશી વિલાયત જશે તો તેનાં જવા આવવાનાં ખરચનો બદલો વળી જશે. એ જોયાથી તેને બેહદ આનંદ અને સંતોષ પેદા થશે એટલુંજ નહી પણ તેનાં જ્ઞાનમાં અને તેની સણગાર-બુદ્ધિમાં અતિગણો વધારો થશે. મેં આ મેહેલ જો-

પોછે તે છતાં મારાં મનમાં વારંવાર થઇ આવેછે કે ફરીથી જોવાની મને ક્યારેને જોગવાઈ મળે.

આ બિલોરી મેહેલ દરબારના ઉપયોગને માટે નહી પણ રૈયતના ઉપયોગમાટે બાંધેોછે. દરબારનો મેહેલ જેમાં મહારાણી વિક્ટોરિયા રેહેછે તેનો પણ ભભકો આ બિલોરી મેહેલ જેવો નથી. એના જેવો ભભકાદાર અને રૈયતનાં સુખમાટે બાંધેલો મેહેલ આખાં યુરોપમાં કેહેછે કે કોઇ ઠેકાણે નથી. યુરોપીયન મુસાફરો પણ જ્યારે આ મેહેલ જોઈ પાછા પોતાને વતન જાયછે ત્યારે તેના બહુ વખાણ કરેછે. આપણા દેશ તરફનો કોઇપણ મુસાફર આ મેહેલ જોઇને ઠંડો થઇ ગયા વિના રેહેજ નહી.

અરે આપણા કવિઓએ માત્ર પોતાની કલ્પનાથીજ સોનાના મેહેલનું કે રત્નમણી ને હીરા મોતીથી જડેલા મેહેલનું વર્ણન કરેલું છે પણ તેઓ જો આ બિલોરી મેહેલ જોઇને તેનુંજ માત્ર ખરેખરું વર્ણન કરે તો કલ્પનાથી કરેલા ખોટા અલંકારનું વર્ણન તેની આગળ વટાવમાં જતું રેહે. આપણા નર્મદ કવિને કે દલપત કવિને આ મેહેલ જોઇને તેનું યથાર્થ અને ખરું વર્ણન લખવાને વિલાયત મોકલ્યા હોય તો તેઓ માત્ર આ મેહેલનાંજ વર્ણનથી આખું આખું એક પુસ્તક ભરે તો પણ એ વર્ણન અધુરું ગણાશે. સારાંશ આ "ક્રિસ્ટલ પાલેસ" અથવા બિલોરી મેહેલના વખાણમાં જેટલું બોલાય અથવા લખાય તેટલું અધુરું કેહેવાશે.

આ બિલોરી મેહેલ જે ઠેકાણે પ્રથમ ઉભો કરેલો હતો તે ઠેકાણે હાલ નથી. ત્યાંથી કાહાડીને બીજે ઠેકાણે લઇ ગયાછે. ઇંગ્લંડમાં —આખી દુનિયાની પેદાસ અને કળાથી બનાવેલી વસ્તુનું—પેહેલ વેહેલું "એક્ઝિબિશન" ઇ૰ સ૰ ૧૮૫૧ માં થયું હતું ત્યારે આ મેહેલ ઉભો થયો હતો. એ વેળા જ્યાં સુધી એ "એક્ઝિબિશન" ચાલે ત્યાંસુધી આ મેહેલ રેહેવા દેવો એવો વિચાર હતો. પણ એ "એક્ઝિબિશન"થી ઇંગ્લંડ દેશના લોકો એટલા તો મોહિત થયા હતા કે આ બિલોરી મેહેલ હમેંશા કાયમ રેહે એમ ઘણાઓની ઇચ્છા થઇ.

"ક્રિસ્ટલ-પાલેસ-કંપની" શેર કાઢીને ૫૦ લાખ રૂપીયાની થાપણ સાથે તરત ઉભી થઈ. બિલોરી મેહેલ હાઈડ-પાર્કમાં હતો તે ("એક્ઝિબિશન" થઈ રહ્યા પછી) ત્યાંથી ઉતારીને "સિડનમ" નામનું ગામ જે લંડનથી ૧૫ માઈલ થાયછે ત્યાં લઈ ગયા. આ નવી જગ્યા બધી વાતે બિલોરી મેહેલને લાયક છે ને રેલવેગાડીમાં બેસીને ધાર્યું સેહેલાઈથી ત્યાં જવાયછે.

આ કારણ માટે રેલવેની ગાડી જ્યારે જોઈએ ત્યારે તૈયાર છે. એક ત્રેન ઉપડ્યા પછી માત્ર ૦ા કલાક બેઠી થવું પડે. કોઈ મોટે દાહાડે તો પાંચ પાંચ મિનિટે બિલોરી મેહેલ તરફ આગની ગાડી નિકળેછે. નિત્ય હજારો માણસો આ બિલોરી મેહેલમાં સેલ મારવાને જાયછે. જેમ આપણે વાડીમાં મોજ મારવા જઈએ તેમ આ બિલોરી મેહેલમાં મોજ મારવાને રોજ હજારો માણસો જાયછે. સનીવાર કે કોઈ મોટે દાહાડે બિલોરી મેહેલમાં દાખલ થવાને-પાંચ કે સાત રૂપીયા બેસેછે પણ આડદાડે માત્ર ૦ા રૂપીયો ખરચશો ત્યે આ મેહેલની મોજ ભોગવી શકશો.

બિલોરી મેહેલ જોતાંનેવાર તમે એમજ કેહેશો કે એનાં નામ પ્રમાણે એ ખરેખર બિલોરનોજ બનાવેલોછે. એની દેવાળ પણ કાચનીછે અને એનું છાપરૂં પણ કાચનુંજ છે. કાચને લીધે આ મેહેલ સુરજ પ્રકારાતો હોય તો દૂરથી ઝક ઝક મારેછે. કોઈજણે એ મેહેલ હીરા માણેકનો હશે. અરે દૂરથી કે પાસેથી આ કેવો મોટો ને ભભકાદાર લાગેછે! અરે એનો બાગ કેવો મોટો અને સુંદર છે! અરે એનું છત એનો દરવાજો અને એનાં બારીબારણાં કેવા રૂડા ઘાટનાં અને સુશોભિત છે!

આ મેહેલ કેટલો મોટો હશે અને તેણે કેટલી જગ્યા રોકી હશે ભાઈ? હું કહીશ તો તમે અચરત થશો ને કદાચ માનશો પણ નહી. આ મેહેલ આસરે ૨૮૦૦ ફુટ લાંબો છે ૬૦૦ ફુટ પોહોળો છે અને ૧૭૫ ફુટ ઉંચો છે, ને તેણે ૨૦૦ એકર જમીન રોકીછે!! પણ તમે મને પુછશો કે એ મેહેલમાં કેમ જોવાનું છે કે ખાલી મેહેલજ!

અરે ભાઈઓ એમાં જોવાનું એટલું બધું છે કે તમે દસ કે બાર દા-હાડા સુધી જોયાં કરશો તોપણ પુરું થશે નહી, તમારું મન પણ ધરાશે નહી અને તમને તે મુકવા પણ ગમશે નહી.

દુનિયાના ચારેખંડનાં ને જુદી જુદી જાતનાં અને જુદી જુદી રિકલનાં જંગલી માણસો જાણે એ મેહેલમાં આવીને ઉભાં છે એમ તમને પેસતાંને વાર લાગશે. તેઓની મુર્ત્તિઓ ઉભી કરેલીછે તે એવી કે જાણે ખરા જંગલી માણસો અમેરિકામાંથી ને આફ્રિકા-માંથી ને આસ્ત્રેલિયામાંથી આવીને ઉભાં રહ્યાં હોય. માત્ર તેઓ બોલતાં કે ચાલતાં નથી એટલીજ કસર છે. અરે ઈચરે આવાં પણ માણસો ઉત્પન કર્યાંછે એમ તરત તમારાં મનમાં આવશે. વળી તમારા દેશના હિમાળય પાહાડમાં રેહેનાર માણસોને પણ જોશો.

જરા આગળ ચાલશો એટલે એક બિલોરનો મોટો પુવારો તમે જોશો. એ પુવારોજ જોઈ તમે અચરત પામશો. હવે અહીં આસપાસ નજર કરો ને તમને સુજ પડશે નહી કે શું જોઈએ અને શું નહી. આખું બ્રિટિશ મ્યુઝીયમ જાણે અહીંજ લાવીને મુક્યુંછે. તેમાં ફેર એટલો છે કે અહીં મેહેલનાં નામપ્રમાણે અનેક પદાર્થો રચવામાં મેહેલને લાયકનીજ ગોઠવણ કરીછે. જુદા જુદા મોટા દિવાનખા-નાંમાં અને અનેક ઓરડામાં જુદા જુદા દેશની બનાવટનો સંગ્રહ કરેલોછે. તે જુદા જુદા ઓરડા "કોર્ટ"નાં નામથી ઓળખાયછે. જેમકે "ઈજીપશિયન-કોર્ટ" "આસિરિયન-કોર્ટ" ઈત્યાદિ.

પણ એ ઉપરાંત જોવાનું બીજું ઘણું છે. મેહેલની માંહે એક મોટા ઓરડામાં મોટાં મોટાં ઝાડ ઉગાડ્યાંછે. કોઈ કેહેશે કે વળી મેહેલમાં કાંઈ મોટાં ઝાડ ઉગતાં હશે? હું કહું છઉં કે હા ભાઈ આ બિલોરી મેહેલમધ્યે એક ઓરડામાં મોટાં મોટાં ને બરેબરાં ઝાડ ઉગ્યાંછે. આ મેહેલમાં જુદાં જુદાં યંત્રના નમુના મુકયાંછે. છાપો કેમ છપાતો હશે, કપડાં કેમ વણાતાં હશે, કાચ કેમ બનાવ-તા હશે ઇત્યાદિ યંત્રના નમુના અહીં જોવામાં આવેછે.

બીજી તરેહ તરેહની વસ્તુઓ તથા તરેહ તરેહનો સામન કે સણ-

ગાર વેચવાની મોટી દુકાનોનાં બજાર પણ આ બિલોરી મેહેલમાં છે. કોઈ કેહેશે કે મેહેલમાં વળી બજાર ભરાય? હા ભાઈ આ મેહેલ કંઈ વિચિત્ર છે; એમાં તમે ખરીદ પણ કરી શકો. આ મેહેલમાં વળી પુસ્તકખાનું છે, એક તસ્વીરખાનું છે અને એક છાપાખાનું પણ છે. સવારથી સાંજ સુધી મોજ મારવા આવનારાઓને માટે મિઠાઈ મેવાની દુકાનો પણ આ મેહેલમાં છે. નિત્ય જાણે મોટી જાત્રા કે મોટો મેળો હોય એમ અહીં લાગેછે.

છોકરાંઓની આખી નિરાળની નિરાળ કોઈ કોઈ દાહાડે આ બિલોરી મેહેલ જોવાને જાયછે. છોકરાંઓને આથી જ્ઞાન તથા ગમત મળેછે. જે દેરાની નિરાળોનાં છોકરાઓને અભ્યાસની સાથે આવી મોજ મારવાનું મળે તેઓને અભ્યાસ ઉપર પ્રીતિ લાગે એમાં નવાઈ શી?

દર સનીવારે તથા કોઈ મોટે દાહાડે બિલોરી મેહેલમાં કંઈ વધારે જોવાનું હોયછે. એ મેહેલનાં એક મોટાં દીવાનખાનાંમાં વાજંત્રની ઘણીજ મોટી પેટી છે તે ઠેકાણે ગવઈયાઓને બેસવા માટે ચહડતી ઉતરતી ગોળ દાદર ધાટની બેઠક કરેલીછે. ત્રણ કે ચાર હજાર ગવઈયા સાથે મળીને એક રાગે અને એક ધાંટે ગાયછે તે ખરેખર સાંભળવાજોગ છે. જેમ વધારે માણસો હોય તેમ એક રાગે ગાવાનું વધારે કઠણ પડે. તે છતાં ૩૦૦૦ માણસો સાથે મળીને એક રાગે અને એક અવાજે ગાય એ કંઈ સાધારણ વાત ન જાણવી. બધી વિદ્યા તથા કળાને જેમ બને તેમ સંપુર્ણતા ઉપર લાવવાની મેહેનત વિલાયતના લોકો કરેછે તેમજ ગાવાની વિદ્યાને આવી ઉંચી હાલતમાં લાવી મુકીછે.

એ શિવાય આ મેહેલના બાગમાંથી કોઈ કોઈ સમે "બલુન" અથવા વિમાન ઉડાવેછે. કોઈ કોઈ સમે તરેહવાર જાતનાં ફુલ તરેહવાર રચનાથી રચીને દેખાડેછે. એવે સમે ૪૦ થી ૫૦ હજાર માણસોનો મેળો આ મેહેલમાં ભરાયછે. દર વરસની ઉપજ ૧૨ થી ૧૩ લાખ રૂપીયાની અને ખરચ ૯ થી ૧૦ લાખનો આ મેહેલની કંપનીને થાયછે.



બિલોરી મહેલના બાગમાં ફુવારાનો બાહાર.

બિલોરી મહેલનો બાગ પણ બિલોરી મહેલને લાયકનોજ છે. આ બાગમાં જઇને જરાવાર બેસો તો જીવને આનંદ ઉપજશે. ઝાડપાનની રચના કે ફરવા હરવાની રચનામાં કંઈ મણા નથી. આ બાગમાં હું બેઠો છઉં ને બેઠો બેઠો બિલોરી મહેલને નિરખ્યા કરું છઉં. સામે ફુવારાનો બાહાર પણ લાગી રહ્યોછે. આ વેળા મારાં મનમાં આનંદભરેલા અનેક વિચાર ઉત્પન્ન થયા. હું બોલ્યો કે "અરે હું વાણીઆ પણ કેવો ભાગ્યવાન્ કે આવી જગ્યા ઉપર આવી બેઠો છઉં?" મારાં વિલાયત જવા બાબદ જેઓ વેર રાખીને મને દુઃખ દેવા ઇચ્છા રાખતા હશે તેઓને હું એટલુંજ કહું છઉં કે આ પ્રસંગે ઉપજેલો સંતોષ જ્યારે મને યાદ આવેછે ત્યારે જે સુખ મને મળેછે તે મારી પાસેથી તમે કદાપિ લઈ શકશો નહીં.

ક્રિસ્ટોરી મેહેલ તથા બાગ.

(ક)



CRYSTAL PALACE FROM THE GROUNDS.

કૉલોઝીયમ.

આ ઠેકાણે રાત્રે પારિસ અને દાહાડે લંડન દેખાડેછે પણ તેની સાથે બીજું એટલું બધું દેખાડેછે કે તેથી એક વખત એક દાહાડો અને બીજી વખત એક રાત ગુજારી તો તેનો પુરે પૂરો બદલો મળશે. આ ઠેકાણું પણ એવું છે કે જ્યાં રમુજની સાથે જ્ઞાન મળ્યા વિના રેહેવું નથી. એમાં કેટલું બધું જોવામાં અને જાણવામાં આવેછે તે વિષે ટુંકામાં હું એક જગ્યાએ તમને જણાવી ચુકયો છઉં.

તે છતાં આ "કૉલોઝીયમ" વિષે એટલું વધારે જણાવવાને હું ઇચ્છું છઉં. તે એકે પારિસનો દેખાવ રાતની વેળાએ દેખાડેછે તે ઘણોજ અજબ તરેહનોછે. જાણે એક ઉંચી જગ્યા ઉપર ઉભા રહીને ખરેખરૂં પારિસ શેહેર જોતા હઈએ એમ લાગેછે. કૉલોઝીયમના છેક ઉંચા ભાગ ઉપર ચહડ્યા પછી ચોમેર ફરતી ગ્યાલરીમાંથી આ દેખાવ નજરે પડેછે. આ દેખાવ પડદા ઉપર ચિતારેલોછે એમ એકા-એક કોઈથી કહી શકાશેજ નહી. રસ્તામાં ગાડી ને માણસો ચાલતાં હોય એમ દેખાયછે. દુકાનોમાં દિવા અને ઝલકાટ જાણે થઈ રહ્યોછે. કોઈ એક દુકાનમાંથી નિકળેછે. કોઈ બીજી દુકાનમાં પેસેછે. કોઈ ગાડી ઉપર ચહડી બેસેછે. કોઇ દોડેછે. કોઈ ધરનું બારણું ઉઘાડેછે. કોઇ બંધ કરેછે. એવી રીતનો દેખાવ પારિસનાં ધર તથા દુકાનો તથા મોહોલ્લાઓનો તથા વસ્તીનો અહીં નજરે પડેછે.

દિવસે લંડનનો દેખાવ દેખાડેછે પણ બારીક નજરથી જોતાં પડદા ઉપર ચિતારેલો હોય એમ લાગેછે. પણ રાતની વેળાએ પારિસના દેખાવમાં તમે કદી પારખી શકશો નહી. જેમ આ પારિસ તથા લંડનનો દેખાવ અચરતીભરેલો છે તેમજ લિસ્બોન શેહેરમાં ધરતીકંપ થયલો દેખાડેછે તે પણ દેખાવ કંઈ થોડો અચરતીભરેલો નથી. વિજળીના ઝબકારા જાણે ખરેખર થતા હોય, તોફાન જાણે ખરેખર થયું હોય અને ધર જાણે ટુટી પડતાં હોય એવો વિચિત્ર દેખાવ નજરે પડેછે. આ ઠેકાણે નિત્ય મોટો મેળો ભરાયછે.

નાટકશાળા.

બધા તમાશાઓમાં નાટકના તમાશાને સહુ વખાણેછે. નાટકથી બે મતલબ હાંસલ થાયછે; રમુજની રમુજ મળેછે અને સારનો સાર નિકળેછે. આપણા દેશ તરફનો દેશી મુસાફર આથી પણ વધારે લાભ મેળવી શકેછે. ઇંગ્રેજ લોકોની સંસારી હાલત કેવી છે તેનું કેટલુંક ચિત્ર નાટકશાળામાં નજરે પડેછે. કઈ કઈ વાતમાં તેઓની રૂઢી રૂડીછે અને કઈ કઈ વાતમાં ખામીભરેલી છે એનો કેટલોએક વિચાર નાટકશાળામાં મળેછે.

લંડનમાં નાટકશાળા એક નથી પણ ઘણી છે. તેમાં "હર માજેસ્ટી થિએટર" તથા "રૉયલ ઇટાલિયન ઑપેરા" તથા "પ્રિન્સેસ થિએટર" વગેરે નાટકનાં પ્રખ્યાત ઠેકાણાં છે. આ નાટકશાળાઓનો ભભકો કંઈ જેવો તેવો નથી. બાહારનો દેખાવ જેમ ખુબસુરત છે તેમ અંદરની ગોઠવણ સુંદર, શોભાયમાન્ અને સુખદાયક છે. હું ત્રણ નાટકશાળામાં ગયો હતો. એકમાં ત્રણ વખત, બીજીમાં બે વખત અને ત્રીજીમાં એક વખત.

"રૉયલ ઇટાલિયન ઑપેરા" માં હું ત્રણ વખત ગયો હતો. આહા—આ કેવી સુંદર ઈમારત છે! એમાં દાખલ થતાં બે મોટાં પુતળાં છે તે નજરે પડેછે. એક પુતળું "ત્રાજેડી" નું છે તે કરૂણા-રસ અથવા વિલાપ કરી દેખાડેછે. બીજું પુતળું "કૉમેડી" નું છે તે હાસ્ય-રસ દેખાડેછે. નાટક બે જાતનાં થાયછે એક એવું કે જેથી રડવું આવે અને આંખમાંથી પાણી પડે. બીજું એવું કે જેથી હસવું આવે. આ મતલબ દેખાડવાને એક કરૂણા-રસની અને બીજી હાસ્ય-રસની એવી બે મુર્ત્તિ આ નાટકનાં મકાનમાં પેસતાં માલમ પડેછે.

આ નાટકશાળામાં જે નાટક થાયછે તેમાં અને બીજાં સાધારણ નાટકમાં ઘણો ફેર છે. આ નાટક "ઑપેરા" નામથી ઓળખાયછે. ઑપેરામાં આખું નાટક ગાયનમાંજ કરી દેખાડેછે. આ ગાયન

ઘણું ઉંચું હોયછે અને તે સાંભળવાને ત્યાના લોકો બહુજ શોખ રાખે છે. ઉંચા ગાયનનું ખરેખરૂં સૂર જોવું હોય તો ઑપેરામાં તમે જોશો. ગાયનવિદ્યા કેટલી ઉંચી સ્થિતિમાં આવી શકેછે તે જોવું હોય તો ઑપેરામાં તમે જોશો. તમે અચરત થશો કે આવો કોયળ પક્ષી જેવો ઝીણો અને મધુર રાગ એટલા ઉંચા સૂર ઉપર કેમ લઈ શકે છે. કોઈ એમજ કેહેશે કે ગાનાર પોતાનાં ગળાંમાં કંઈ કળાથી ઝીણી સિસોડી રાખીને આવો ઝીણો અને મધુર રાગ કાહાડી શકે છે. ના; તેવું કંઈજ નથી. ગાનારનો રાગજ એવો મિઠો અને ટૂટ્યા વગર લાંબો ચાલી શકે તેવો હોયછે.

ઑપેરાનાં ગાયનમાં વળી બીજી ખુબી છે. તે એકે નાટક સંબંધી બધી વાતચિત ગાયનમાંજ થાયછે. એક ગાયનમાં બોલી નથી રહ્યો ત્યાં બીજો ગાયનમાંજ તેની સાથે ક્રોધમાં કે ખુશીમાં આવીને વાત કરેછે અને પેલાની વાત સાંભળતો નથી. આ વેળાએ બંને જણ જુદું જુદું બોલતા હોય પણ તેઓ બંનેનું ગાયનં એકજ રાગમાં ઉતરેછે. આ વાતચિતનાં ગાયન સાથે વાજંત્ર પણ વાગેછે. વાજંત્ર વગાડનાર કંઈ પંદર વીસ માણસ નથી પણ સો કે સવાસો માણસો હોયછે.

ઑપેરામાં નાટક કરનારાઓની સંખ્યા પણ મોટી હોયછે. કોઈ વેળા તો મોટું લશ્કર ને લશ્કર આવીને જાણે નાટકના તખતા ઉપર ઉભું રેહેછે. એટલાં બધાં માણસો છતાં દરએક ખેલાડી પોત પોતાનું કામ ઘણુંજ બરાબર બજાવેછે. સ્ત્રી વગર નાટકની શોભા નથી માટે સ્ત્રી પુરૂષ બંને નાટક કરવામાં સામેલ થાયછે. નાટક સંબંધી કેટલીએક જગ્યાની અને કેટલાએક બનાવની "સીનરી" જોઈને તમે ઘણાજ અચરત પામશો. એવી એક એક "સીનરી" કરવામાં મોટો ખરચ થાયછે. "સીનરી"માં પડદાની અને બીજી અનેક તરેહની એવી રચના હોયછે કે જેવી જોઈએ તેવી જગ્યા અને જેવા જોઈએ તેવા બનાવો નાટકના તખતા ઉપર તમે જોઈ શકશો. એક મોટાં અને ભયંકાર જંગલનો દેખાવ કે રાજાના મોટા મેહેલનો દેખાવ; પાહાડનો દેખાવ કે નદીનો દેખાવ, ઘોર અંધારી રાતનો

દેખાવ કે ચંદ્રના પ્રકારનો દેખાવ, વિજળીનો દેખાવ કે તોફાનનો દેખાવ તમે નાટકના તખ્તા ઉપર જોઈ શકશો.

આ "ઇટાલિયન ઑપેરા" કેહેવાયછે કેમકે ઇટાલિયન ભાષામાં બધાં ગાયન થાયછે. મોટે ભોડાજ ઇંગ્રજો એ સમજેછે ત્યારે આપણે તો ક્યાંથી સમજીએ? તે છતાં તેની ખુબી એવી છે કે માત્ર જોવાથી તેની મતલબ સમજી શકો અને ગાયનમાં એવી મિઠાસ કે તે સાંભળવાને ઘણા લોકોનો જીવ તલપી રેહે. તે ઉપરાંત દરએક ઇટાલિયન ભાષામાં ગાયનની સામે તેનો ઇંગ્રેજી તરજુમો વાંચી વાકેફ થઇ શકાયછે. કોઈ કોઈ વખત ગાનારના મધુર રાગની મિઠાસ ઉપર સાંભળનાર તમારાગીરો એટલા તો મોહીત થઈ પડેછે કે તેના ઉપર ફુલની વૃષ્ટિ વરસાવે; એટલે ફુલના મોટા તુરા તખ્તા ઉપર ફેંકે; અને ખુશાલીની તાલીઓ ઉપરા ઉપર વગાડે. આ વેળા તમારાગીરોની ખુશી અને ઉલટ ખરેખર જોવાજોગ છે.

ઑપેરામાં નાટક થઇ રહ્યા પછી સો કે પોણોસો જુવાન સ્ત્રીઓ ને છોકરીઓ ઘણોજ ઝીણો અને સુંદર પોશાક પેહેરીને નાચ કરેછે. આ નાચ ખરેખર જોવાલાયક છે. પંદર પંદર કે વિસ વિસ છોકરીઓની એક એક ટોળી થાયછે. એક ટોળીનો પોશાક ગુલાબી રંગનો, બીજીનો વાદળી રંગનો, ત્રીજીનો જાંબુડી રંગનો, ચોથીનો તમામ સપેત ઇત્યાદિ રંગના પોશાક પેહેરીને નાચવા આવેછે. આહા નાચવાની કેવી કળા છે!! જરામાં બધી છોકરીઓ ભેલસેલ થઇ જઇને નાચેછે ને જરામાં એક એક ટોળી જુદી પડી નાચવા મંડી જાયછે.

એવી કળાથી નાચે કે જાણે પગતો જમીન ઉપર ઠરેજ નહી. હાથનો એક લટકો એવો થાય કે બધાના હાથ સાથેજ ઉચકાય અને બધી છોકરીઓનો લટકો અને મટકો સાથેજ થાય. બીજા હાથનો કે બંને હાથનો જુદી રીતનો લટકો વળી બધી છોકરીઓ સાથેજ કરે. નાચતી વેળા બધી છોકરીઓના પગ એક સરખી રીતે ઉપડે. બધી છોકરીઓના પગનો તથા હાથનો તાલ વાજંત્ર સાથે મળતો રેહે. આ દેખાવ બહુજ રમજી અને આનંદદાયક લાગેછે. છોકરીઓનાં

ખુબસુરત મોહોડાં પલક પલક થાય અને જાણે આકારાની પરીઓ તમારી સામે નાચ કરવા આવી હોય એમ લાગે.

આ નાટકરાાળામાં મોટા મોટા શ્રીમંતો અને તેમની ખુબસુરત સ્ત્રીઓ સુંદર પોશાક પેહેરીને આવેછે. કોઈ કોઈ વેળા રાજકુંવર અને તેની રાણી આ નાટક જોવાને જાયછે. કોઈ કોઈ પ્રખ્યાત ખેલ કરનાર તથા ગાનાર સ્ત્રીને એક એક રાતના પંદરસો રૂપીયા સુધી નાટકના માલેકો આપેછે. જુદાં જુદાં નાટકમાં "સીનરી" તયાર કરવા માટે ઘણો મોટો ખરચ કરવામાં આવેછે. વળી તેમજ નાટક કરનારનાં કપડાં ઉપર મોટો ખરચ બેસેછે.

પ્રિન્સેસ થિએટર નામની બીજી પ્રખ્યાત નાટકરાાળામાં હું બે વખત ગયો હતો. એક વખત "રોમીઓ અને જુલિયટ" નામનું નાટક તથા બીજીવેળા "વેનિસનો વેપારી" નામનું બીજું નાટક જોયું હતું. આહા! આ નાટકરાાળામાં "સીનરી" કેવી ખુબસુરત છે!! રોમીઓ અને જુલિયટનું નાટક જોતાં જોતાં આંખમાંથી આંસુની ધારા છુટી. આ નાટક થયાંની અગાઉ સણગાર-રસનો બેળ થયો હતો. એક ત્રીજી નાટકરાાળામાં હું એક વખત ગયો હતો; અને ત્યાં "મ્યાકબેથ" નામનું નાટક જોયું હતું.

ત્યાં નાટકરાાળાઓની ગોઠવણામાં બે વસ્તુ અગત્યની જોવામાં આવી. તે એકે ચાર ચાર કે છ છ માણસો બેસી રાકે એવા જુદા જુદા બૉક્સ અથવા ભાગ કરેલા હોયછે તે એવી રીતે કે એકમાં બીજો જણ રાકે નહી. એવા જુદા જુદા ભાગને બૉક્સ નામ છાજેછે. હાલ મુંબઈમાં જે નાટકરાાળા છે તેમાં એવી ગોઠવણ ન છતાં તેના પેહેલા વર્ગની બેસવાની જગ્યાને બૉક્સનું નામ કેટલાએક બેલાડી આપેછે તે મુદલ છાજતું નથી. બીજું એ નાટકરાાળાઓમાં ગ્યાસના દિવા હોવાથી જ્યારે જોઈએ ત્યારે જરાવારમાં અંધારૂ કરતાં અથવા દિવાનો પ્રકારા વધતો ઓછો કરતાં વાર લાગતી નથી. એ ગોઠવણથી અંધારી રાત જેવો દેખાવ અથવા વાદળ કે વીજળીનો કે ચંદ્રનો દેખાવ દેખાડવાને સેહેલું પડેછે.

આપણા દેશના મુસાફરને વિચિત્ર લાગે એવો દેખાવ નાટક જોનાર તમારાગીરોમાં દેખાયછે. નાટકનો કોઈ ભાગ જ્યારે પુરો થાયછે કે વિરામો મળેછે ત્યારે સ્ત્રી પુરૂષ "ઑપેરા ગ્લાસ" હાથમાં પકડીને એક બીજા સામી નજર કરીને જોવા માંડેછે. રસ્તામાં કે બીજે ઠેકાણે આવી રીતે એક બીજા સામું તાકીને જોયું હોય તો તે મોટું અપમાન ગણાય; પણ આ ઠેકાણે અપમાન ગણાતું નથી અને આવી રીતે તાકીને જોવાની ઘણાખરા તમારાગીરો જોઇએ. તેટલી છુટ લેછે!!

ક્રિમોર્ન નામનો મોટો બાગ.

આ મોટા બાગમાં નિત્ય રાતના મોટો તમાશો થાયછે. આ બાગમાં એક જાતનો તમાશો નથી પણ ઘણી જાતના તમારા નિત્ય થાયછે. આ બાગ વિષે હું થોડુંક આ પુસ્તકનાં આરંભમાંજ બોલ્યો છઉં. (પૃ૦ ૫) આ બાગમાં નિત્ય મોટી રોશની થાયછે. સુંદર વાજીંત્ર વાગેછે. અહીં નાચવાની છુટી જગ્યા કરીછે તેમાં ગરીબ લોકો પોતાનો શોખ પુરો પાડેછે. સ્ત્રી પુરૂષ એક બીજાને ઓળખતા નહી હોય તે છતાં એક બીજાની બગલમાં હાથ નાખી નાચવા મંડી જાયછે. આ બાગમાં જેને જોઇએ તેમ બેસે, ઉઠે, નાચે, કુદે, ફરે, હરે, દોડે, ખાય, પીયે અથવા મોજ મજા ભોગવે.

આહા! આ બાગમાં કેવી મોટી રોશની થઇ રહીછે!! વાજીંત્રનો કેવો મધુર સાદ નિકળી રહ્યોછે!! લોકો કેટલાં બધાં ખુશીમાં અને મજામાં આવી ગયાંછે!! આ બગમાં નિત્ય હજારો લોકોની ઠઠ મળેછે. પણ બાગ એટલો મોટો છે કે એ ભીડ તમને જણાતી નથી. નિત્ય એક રાતમાં આ બાગ મધ્યે અનેક તમારા જુદે જુદે ઠેકાણે કરી દેખાડેછે. પેહેલો તમાશો શરૂ થયાની પેહેલાં જે જગ્યાએ વાજીંત્ર વગાડનારા ઉભા રહીને વાજીંત્ર વગાડેછે ત્યાંથી નિકળીને આખા બાગમાં વગાડતા તમાશાની જગ્યાએ જાયછે. એ ઉપરથી સર્વ તમાશાગીરોનાં જણાવામાં આવે કે પેહેલો તમાશો હવે શરૂ થશે.

પેહેલા તમાશામાં દોડતા ઘોડા ઉપર અનેક પ્રકારની કસરત કરી દેખાડેછે. આવા તમાશા દેખાડવાને આપણા દેશમાં યુરોપિયન ખેલાડી કોઈ કોઈ પ્રસંગે આવેછે. દોડતા ઘોડા ઉપર નાચવાની કસરત વખાણવા લાયક છે, પણ એ વિષે કંઈ નવી વાત જણાવવાજોગ નથી.

આ થઈ રહ્યા પછી ઑપેરાનો તમાશો કરી દેખાડેછે. "સીનરી"માં અને પોશાકમાં આ તમાશો બહુ વખાણવા જોગ છે. જ્યારે પડદો ઉંચકાયછે ત્યારે જીવતાં માણસો પુતળાંની જેમ ઝાડ ઝાડી આગળ સુતેલાં કે બેઠેલાં માલમ પડેછે અને એ પુતળાંઓમાં જાણે એકાએક જીવ આવેછે ને નાટક કરવા મંડીજાયછે. નાચ કરનાર છોકરીઓની સંખ્યા અહીં વધારે માલમ

પડેછે. કેટલીએક પરીઓની પેઠે ઉપરથી અધરને અધર ઉતરતી દેખાયછે. પોશાક અને પડદાની ખુબસુરતીમાં કંઇ પણ મણા કે કસર નથી.

આ થઈ રહ્યા પછી અસલવારીમાં રાજની સ્વારી મોટા દમામથી નિકળતી હતી તેનો તમાશો પણ કરી દેખાડેછે. આ સ્વારીમાં એટલાં બધાં માણશો નિકળેછે કે તમે અચરત પામો. બસો કે ત્રણસો આદમીનું લશ્કર ને લશ્કર નિકળેછે. આ દેખાવ જરૂર જોવાજોગ છે. ત્યાર પછી મોટું દારૂખાનું (આતસબાજી) ફુટેછે એ પણ જોવાજોગ છે. આ બધી જાતના તમાશા એક બાગમાંજ અને એક રાતમાંજ કરી દેખાડેછે.

વેહેમી અને અજ્ઞાન લોકો આ બાગમાં જવાને લલચાય અથવા તેમના વેહેમ પૂરા પડે એ માટે એક ખુણામાં એક ગુફા કરીછે તેમાં એક તપસ્વી ભરાઇને વેહેમીઓનું ભવિષ્ય કેહેછે. અમે એ ધુતારાનો ઢોંગ જોવાને ગયા. ગુફામાં ગયા પછી ભવિષ્ય કેહેનાર તપસ્વીનાં દર્શન થયાં નહી કેમકે તેનો માંહેલી કોરે દેખાય નહી તેમ ભરાઈ બેઠો હતો પણ તેનો એક માણસ બાહાર હતો. તેણે અમારું નામ પુછ્યું પણ તેને અમારાં નામ ઘણાંજ કઠણ લાગ્યાં ને લખી રાખ્યો નહી તેટલામાટે R. K. W. M. એવા ચાર અક્ષર અમે ચાર આસામીએ આપ્યા. એ નામ નાહાની બારી વાટે અંદર નાખ્યાં અને કેટલીએક વાર પછી ચાર ચિઠ્ઠી પેલા ધુતારાએ બારી વાટે આપી. મારી ચિઠ્ઠી K. અક્ષરની મેં હમણા સુધી મારી પાસે રેહેવા દીધીછે તેમાં નીચે પ્રમાણે એ ધુતારાએ મારું ભવિષ્ય કહ્યું:—

K.—"In your nativity the signs presage improvement, for you are destined to rise in credit and influence, a speedy change in your present affairs, a lasting friendship from which you will reap a golden harvest, your greatest trouble will soon be removed."

આપણો લાલભટ ધુતારો અથવા લીલો જોશી ભવિષ્ય કેહેછે તેમાં અને આમાં કંઈ ફેર નથી. તે છતાં કેટલાં બધાં લોકો આ "હર્મિટ" અથવા તપસ્વીની ગુફામાં પોત પોતાનું નશીબ જોવાડાવાને

જાયછે!! ખરૂં કે બધા લોકો કંઈ વેહેમને ખાતર જતા નથી. કેટલાએક રમુજને માટે અને ઠગારાની ઠગાઈ તપાસવા માટે જાયછે. પણ તેની સાથે ભોળા લોકો આ તપસ્વીનું ભવિષ્ય ખરેજ માનતા હશે. કેમકે વિલાયતમાં ભોળા અને વેહેમી માણસો નથી એમ તમે સમજશો ના.

મીણનાં પુતળાંઓનો મોટો સંગ્રહ.

આ ઘણેજ જોવા લાયક સંગ્રહ છે. મડમ ટૂસા અને તેના છોકરાઓ આ સંગ્રહના માલેકછે માટે તે MADAME TUSSAUD'S WAX WORKS નામથી ઓળખાયછે. મીણનાં પુતળાં અહીં એવાં બનાવીને ઉભાં રાખ્યાંછે કે જાણે ખરેખર માણસો ઉભાં હોય. માત્ર જીવજ મુકવાનું બાકીછે. જાણે હમણાજ તમારી સામે આવીને વાત કરશે એવા આકારમાં આ પુતળાં મુકેલાંછે.

વળી એ પુતળાં એવાં માણસોનાં છે કે જેઓને તમે જોવાને ઇચ્છો. ઇંગ્લંડ દેશના કેટલાએક રાજા તથા કેટલીએક રાણીનાં પુતળાં છે. ઇંગ્લંડ દેશના કેટલાએક પ્રધાનો તથા રાજ્યાધિકારીઓનાં પુતળાં છે. યુરોપ ખંડના જુદા જુદા રાજાઓ તથા રાણીઓનાં પુતળાંછે. મહારાણીના વડા કુંવર તથા તેની રાણીનાં જાણે તમારી સામેજ લગ્ન થતાં હોય એવાં બે પુતળાં મુક્યાંછે.

હિંદુસ્તાનમાં બળવો બેસાડી નાખનાર સેનાપતી સર કૉલિન કાંબેલ તથા જેનરલ હાવેલૉક એમનાં પુતળાં અહીં છે. હિંદુસ્તાનના હાલના ગવર્નર જેનરલ સર જૉન લૉરેન્સનું પુતળું પણ અહીં છે. ઉત્તર અમેરિકાના છેલ્લા પ્રેસિડંટ લિંકનનું તથા ઈટાલિના બાહાદુર સરદાર ગ્યારીબૉલ્ડીનું પુતળું અહીં છે. સુધારાવાળા મહા પુરુષ નૉક્સ, કૉલ્વિન તથા લુથરનાં પુતળાં પણ અહીં છે.

બધાં મળિને આસરે ૨૦૦ મીણનાં પુતળાં છે તેમાં દર વરસ વધારો થતો જાયછે. એ બધાં એટલાં તો ખરાં અને મળતાં છે કે તમે આ ઠેકાણે જેનું પુતળું ધ્યાનથી જોયું હશે તે ધણી જો તમને

કોઇ વખત મળે તો તેને તરત ઓળખી કાઢાડશો. એમ દરએક પુતળું આબેહુબ પાડયું છે. એક એવું પુતળું મોટા ઓરડામાં બેસાડયું છે કે તમે જરૂર ઠગાયા વિના રહોજ નહી. એ પુતળાંને એવી રીતે બેસાડયું છે કે આસપાસનાં પુતળાં તરફ બેસીને ઘણા ધ્યાનથી તે જોતું હોય તેમ પોતાનું માથું ધીમે ધીમે ફેરવેછે. હું તો પ્રથમ એમજ સમજ્યો કે અહીં તો કોઇ જીવતું માણસ બેસીને બધાં પુતળાંઓને નિરખીને જોયછે.

ન્યાશનલ ગ્યાલરીમાં ચિત્ર-સંગ્રહ.

માત્ર નામ ઉપરથી ચિત્રના સંગ્રહની ખુબીનો તથા કિંમતનો તમને વિચાર આવવો કઠણ છે. પણ જ્યારે હું તમને જણાવું કે એક એક ચિત્રની પચાસ પચાસ હજાર રૂપીયા કે લાખ લાખ રૂપીઆ સુધી કિંમત થાયછે ત્યારે જે ડેકાણે એવાં ઉંચા ચિત્રનો સંગ્રહ કર્યોછે તે જોવાને એકદમ તમારું મન થશે. તમે કેહેશો કે જોઇએ તો ખરાં કે જે ચિત્રોની આવડી મોટી કિંમત હશે તે વળી કેવાં ચિત્ર હશે? ચિત્રની આવી મોટી કિંમત કોઇ માનશે નહી. પણ ખરેખર આવી મોટી કિંમતનાં ચિત્ર આ ડેકાણે છે.

ન્યાશનલ-ગ્યાલરી-ઑવ-આર્ટસ નામનું મકાન જે ત્રફાલગરની ચોકની સામે છે તેમાં ચિત્રનો ઘણોજ મોટો અને કિંમતી સંગ્રહ કરેલોછે. જે ઘરમાં આ સંગ્રહ રચ્યો છે તે ઘરનો ભભકો આપણી ટાઉનહૉલના કરતાં ચહડતો માલમ પડેછે ત્યારે તેમાં કેટલો મોટો સંગ્રહ હશે? એકએક ચિત્રને તમે નિરખી નિરખીને જોયા કરો પણ તમને મુકવા ગમે નહી. આ ગ્યાલરી માટે એક ગૃહસ્થનાં ૩૮ ચિત્ર ખરીદ કર્યાં હતાં તેની કિંમત ૫૫૫ લાખ રૂપીયાની હતી!! એક બીજા ગૃહસ્થે પોતાનાં ૧૬ ચિત્ર ભેટ કર્યાં હતાં અને તેમની કિંમત ૦૫૫ લાખ રૂપીયાની હતી. ચિત્ર ઉપર એ દેશના લોકોની કેટલી પ્રીતિ!!

આહા! કેવાં સુંદર ચિત્ર!! હું તેઓના શું વખાણ કરૂં? જેમ વધારે નજર માંડીને જોઇએ તેમ કેટલાએકની ખરી ખુબી વધારે

માલમ પડે. ઇંગ્રેજ લોકોને માણસનાં ચિત્ર પસંદ પડવા કરતાં કુદરતનો દેખાવ વધારે પસંદ પડેછે. તેવા દેખાવનાં ચિત્રને તેઓ "લાંડસ્કેપ" કરીને કેહેછે. લાંડસ્કેની ખુબી કંઈ ઓરજ તરેહની છે. એવાં ચિત્ર પાડવાની કળા આપણા દેશના લોકોને આવડતી નથી. એવાં ચિત્ર કેમ જોવાં એ પણ આપણા થોડાજ લોકો જાણતા હશે. યુરોપીયનો તેમાં બહુકરીને ઇંગ્રેજ લોકો એવાં ચિત્રની ખુબી જાણી શકેછે અને તે ઉપર હજારો રૂપીયા ખરચવાને આંચકો ખાતા નથી.

એવાં એક બે ચિત્રના હું તમને દાખલા આપું છઉં. પંચાવનમાં નંબરનું ચિત્ર આ ન્યાશનલ ગ્યાલરીમાં મેં જોયું તેમાં એક જંગલ પાડયુંછે. સુરજ પ્રકાશેછે. વચમાં ઝાડોની ઘટા લાગીછે. તેની પાસે એક નાહાનું સરોવર છે. સરોવરને કાંઠે એક ગામડું છે. એક હરણ ડુંગર ઉપરથી સરોવર તરફ આવેછે. ત્યાં એક સ્ત્રી મરણ પામીને પડીછે. તેના ભરથારના હાથમાંથી બાણ છુટીને તેને વાગ્યું તે મરી ગઈ તેને જોવાને તેની ગમ તેનો ભરથાર દોડેછે અને તેની પાછળ શેકારી કુતરાંઓ છે. નજર ફેરવીને જેમ જોઉ છઉં તેમ આ બધો દેખાવ મારી નજર આગળ થતો હોય એમ લાગેછે.

એક ચિત્ર જેનું નંબર મારી યાદીમાં નથી તેમાં એક મોટી નદી પાડીછે. તે નદી ઉપર એક ઠેકાણે ચક્કી ઉભી કરીછે અને બીજે ઠેકાણે પુલ બાંધેલો માલમ પડેછે. તે પુલ ઉપર થઈને ગામમાં જવાયછે. ડુંગર પણ દેખાયછે. ઉંચા ઝાડો છે અને તેમની પાછળ પાણીનો ધોધ પડેછે. એક ઠેકાણે પાણીના વેહેતા નિર્મળ ઝરામાંથી ઢોર પાણી પીએછે. તેની જમણી તરફ લગ્નની ધામધુમમાં લોકો મંડયા હોય એમ દેખાયછે.

આવાં ચિત્ર અનેક છે અને તે એવી રીતે પાડયાંછે કે તે છોડવાનું મન થાય નહી. તમે જેમ વધારે જોશો તેમ તમારી મમતા એ ચિત્ર ઉપર વધારે લાગશે. ચિત્રના રોખીલા આવાં ચિત્ર જોઈને બહુજ આનંદ પામેછે. કેટલી બખીવાર નિરખી નિરખીને

જોયછે. આ ઘણાંખરાં ચિત્ર કનવાસ ઉપર તેલના રંગથી ચિતરેલાંછે. પાણીના રંગથી ચિતરેલાં ચિત્રનો સંગ્રહ જુદો છે.

અહીં એક ચિત્ર વેનિસ મધ્યેના એક મેહેલનું છે તેની કિંમત ૧ લાખ ૪૦ હજારની અંકાઇછે!! કોઇ ચિત્ર ૩૦ હજારનું, કોઇ ૩૫ હજારનું, કોઈ ૪૦ હજારનું ને કોઈ ૫૦ હજારનું એવાં એવાં ભારે ચિત્રનો અહીં સંગ્રહ છે. હલકામાં હલકું ચિત્ર હજાર રૂપીયાથી ઓછી કિંમતનું અહીં મળશે નહી. હવે જે દેશના લોકો ચિત્રની આવી ખુબી સમજે અને તે ઉપર આવો મોટો ખરચ કરે તે દેશમાં એ વિદ્યા શિખવા ઉપર ઘણું ધ્યાન અપાય એમાં નવાઇ શી? ઉંચાં ચિત્ર જોવાને લોકો એટલી બધી મમતા રાખેછે કે એક વરસમાં આસરે દસ લાખ માણસો આ મોટો ચિત્રસંગ્રહ જોવાને જાયછે.

રૉયલ સોસાયટિ ઑવ આર્ટસ.

ઉપર જણાવેલી ન્યારાનલ ગ્યાલરી ઑવ આર્ટસની ડાબી તરફના ભાગમાં દર વરસે હુનાળાની મોસમ ઉપર નવાં નવાં અને પસંદ કરેલાં ચિત્રોનો મોટો સંગ્રહ થાયછે. આ સંગ્રહ દેખાડવાને તથા વેચવાને રૉયલ સોસાયટિ ઑવ આર્ટસ નામની મંડળી મુકેછે. લંડનમાં આ એક મોટી અને પ્રખ્યાત મંડળી કેહેવાયછે. તે ચિત્રવિદ્યાને ઘણું ઉત્તેજન આપેછે. જે ચિતારાઓએ ઘણીજ મેહેનતથી ઉંચાં ચિત્ર પાડ્યાં હોયછે તેઓનાંજ ચિત્ર પસંદ કરીને અહીં મુકે છે. આ ચિત્ર અહીં બહુકરીને વેચાઇ જાયછે અને તેથી તેના બનાવનારને લાભ થાયછે એટલુંજ નહીં પણ સદરહુ મંડળી સરસ ચિત્ર પાડનારાઓને તેમની યોગ્યતા પ્રમાણે ઇનામ આપેછે.

હું જ્યારે જોવા ગ્યો ત્યારે આસરે ૧૨૦૦ આવાં નવાં અને પસંદ કરેલાં ચિત્રો દેખાડવાને મુક્યાં હતાં. આમાંના કેટલાંએક ચિત્રો એવાં તો રૂડાં હતાં કે તેના વખાણ મારાથી થઈ શકતા નથી. જેમ આંખ ફેરવીને વધારે જોઇએ તેમ વધારે તેની ખુબી માલમ પડે. કેટલાંક ચિત્ર એવાં તો સરસ કે તે જોતાં તમારું મન

ધરાય નહી. કોઈ ચિત્રની કિંમત બે હજાર રૂપીયાની કોઈની પાંચ હજાર રૂપીયાની કોઈની દસ હજાર રૂપીયાની અને કોઈની એથી પણ વધારે. આપણા દેશમાં ચિત્રની કિંમત જાણનાર હજારમાં એક પણ મળવો કઠણ છે.

અનેક જાતનાં અનેક ફુલનો સંગ્રહ.

હુનાળાની મોસમમાં અનેક જાતનાં અનેક ફુલનો સંગ્રહ કરી દેખાડવામાં આવેછે. આ વાત જાણી તમે કદાચ અચરત પામશો. તમે અચરત પામી બોલશો કે "વળી અનેક જાતનાં અનેક ફુલ એકઠાં કરીને તેમાં દેખાડવાનું શું હશે!" પણ ના તેમ નથી. તમે જો આ "ફ્લૉવર–શો" જોવા જશો તો જોઈને એમજ કેહેશો કે એ લોકોના ઉદ્યોગમાટે, તેમની ઉલટમાટે ને તેમની સણગાર–બુદ્ધિ–માટે તેઓને ધન્ય છે. આપણા દેશમાં અનેક જાતનાં અનેક ફુલ ઉગાડવાને આવી મેહેનત કોણ લેશે? તમે વધારે અચરત તો એટ-લામાટે પામશો કે તમારો દેશ વધારે ફળવંત હોવા છતાં તથા તમારા દેશની હવા ફુલફળને વધારે માફકની છતાં અનેક જાતનાં અનેક ફુલોની આવી સુંદર રચના ક્વચિતજ તમારા દેશમાં જોશો.

આ ફુલ જેવાં દેખાવમાં ખુબસુરત છે તેવાં સુગંધમાં નથી. આપણા દેશના મોગરા તથા ગુલાબની સુગંધ આગળ આ ફુલની સુગંધ વટાવમાં જાય; તે છતાં અનેક જાતના રંગની અને અનેક જાતના આકારની રચના એવી છે કે જાણે આંખે ઉડીને આવે. રીજંટ્સ પાર્કમાં દર વરસ ફુલનો મોટો સંગ્રહ કરી દેખાડેછે. અહીં ફુલનાં કુંડાંઓનો કંઈ સુમાર નથી. જુદા જુદા માળી ઈનામને માટે જેમ બને તેમ નવી તરેહનાં અને સુંદર ફુલ ઉગાડવાને બહુ મેહેનત લેછે. જેઓનાં ફુલ પસંદ પડેછે તેઓનાં કુંડાં અહીં દેખા ડવાને મુકેછે. એક ઈંગ્રેજે મને પુછ્યું કે તમે ફુલનો આથી વધારે સારો દેખાવ તમારા દેશમાં જોતા હશો. મેં કહ્યું કે અમારા લોકોમાં તમારા લોકોના જેવી મેહેનત અને ઉલટ નથી; નહીતો તમારો દેશ આ બાબદમાં અમારા દેશ કરતાં ચહડે નહીજ.

કુતરાંઓનો મોટો તમાશો.

કેટલાંક વરસ થયાં લંડનમાં દર વરસે "ડૉગ-શો" એટલે કુતરાંઓનો મોટો તમાશો થાયછે તે જોવાને હું ગયો હતો. જેઓ વિલાયત ગયા નથી તેઓને આ મોટા તમાશાનો વિચાર આવવો કઠણ છે. આ તમાશામાં સેંકડો જાતનાં હજારો કુતરાંઓનો મોટો સંગ્રહ કરી દેખાડેછે. આ તમાશો જોવાને લોકોનાં ટોળેટોળાં કેટલાએક દાહાડા સુધી જાયછે. તમે આ તમાશો જોતાંને વાર એકાદ કોહો કે એટલાં બધાં કુતરાં કેમ એકઠાં થઈ રાખ્યાં હશે અને એટલાં બધાં કુતરાંઓને ખવડાવવા કરવાની કેમ કડાકુટ થઈ શકતી હશે? ઘેટાં કરતાં ઉંચા કુતરાંઓથી બિલાડીનાં બચ્ચાં જેટલાં નાહાનાં કુતરાંઓ જુદી જુદી જાતનાં એકઠાં કરેલાં તમે અહીં જોશો. એટલાં બધાં કુતરાંઓનું ભસવું થતું હશે ત્યારે આ કુતરાશાળામાં કેટલો બધો શોહોર નિકળી રેહેતો હશે તેનો વિચાર કદાચ તમે કરી શકશો. બધાં કુતરાંઓની ઉપર અહીં કિંમત માંડી હતી. કેટલાંએક કુતરાં ઘણાંજ સુંદર હતાં અને કોઈ કોઇની કિંમત પાનસોની અને કોઈ કોઇની હજાર રૂપીયાની હતી!! કેટલાંએક કુતરાં એવાં વિચિત્ર અને સુંદર કે એટલી મોટી કિંમતે પણ શોખને વાસ્તે લેનારા નિકળી આવે. આહા આ કેવો તમાશો! માણસનો મોટો મેળો કુતરાઓનો મોટો મેળો જોવાને ભેળો થાયછે!!

દસ હજાર છોકરાંઓનું એક રાગમાં ગાવું.

આ દેખાવ ઘણોજ જોવાજોગ અને ખુશીભરેલો છે. નાવારસ છોકરાંઓને માટે ધર્મખાતાંની જુદી જુદી નિશાળો છે એ બધી નિશાળોનાં છોકરાંઓનું "એક્ઝિબિશન" દર વરસે જુન મહિનામાં થાયછે. તે "ચારિટિ-સ્કુલ-એક્ઝિબિશન"નાં નામથી ઓળખાય છે. સેંટ-પૉલનાં મોટાં દેહેરાંમાં આસરે દસ હજાર છોકરાંઓ એકઠાં થાયછે. ચહડતી ઉતરતી પેઠક કરીને તેમને એવી રીતે બેસા-

ડવામાં આવેછે કે બધા તમારાગીરો બરાબર જોઈ શકે. એક એક નિરાળનાં છોકરાંઓને જુદા જુદા રંગના પોશાકમાં તમે જોશો.

આ પ્રમાણે જુદી જુદી નિરાળોનાં એક એક અને જુદી જુદી તરેહના પોશાકથી દસ હજાર છોકરાંઓનો દેખાવજ બહુ ખુશીભરેલો લાગેછે. આ દેખાવ જોનારાઓની સંખ્યા પણ મોટી થાયછે. આસરે ૧૦ હજાર માણસો ટિકિટના પશ્સા ખરચીને આ દેખાવ જોવાને એકઠાં થાયછે. પ્રથમ એક ધર્મગુરૂ ધર્મ-પોથીમાંથી પાઠ વાંચી સંભળાવેછે. ઇંગ્લિશ ચર્ચમાં પાઠ કરવાની રીતી રાગ કાઢીને પારસીના દસ્તુર ભણુતા હોય એવી લાગેછે. પાઠ પંચાઈ રહ્યા પછી મોટો "બિશપ" વાયજ કરેછે. તે થઈ રહ્યા પછી આ ગાવાની તયારી થાયછે. છોકરાંઓ જે ગીત ગાવાનાં હોય તેના છાપેલા કાગળ તમારાગીરોના હાથમાં હોયછે.

હા; હવે તમે એક ધ્યાનથી સાંભળો અને એક નજરથી ચોમેર જુઓ. મધુર વાજીંત્રનો મધુર અને ગંભીર રાગ પ્રથમ નિકળેછે. જરા વારમાં બધાં છોકરાંઓ સાથે મળી એક રાગમાં ગાવા માંડે છે. આહા આ વેળાએ જોનારનાં મનમાં કેવી ખુશી અને કેવી ગંભીરાઈ આવેછે!! કોઈ કવિરાજનું કાવ્ય પણ આ ખુશી અને આ ગંભીરાઇનું વર્ણન કરી શકે નહી ત્યારે હું શું વર્ણન કરૂં? એ વર્ણન કરવાને મારી કલમમાં શક્તિ નથી.

આપણા દેશમાં દસ કે વીસ છોકરીઓ સાથે મળીને ગાય તો એક રાગ નિકળી શકતો નથી. કોઇનો રાગ આગળ ને કોઇનો રાગ પાછળ પડી જાયછે. પણ જ્યારે આ દસ હજાર છોકરાંઓ એક સરખા મધુર રાગે એક તાલથી અને એક સૂરથી ગાય અને તેનીજ સાથે વાજીંત્રનો રાગ મળતો રેહે ત્યારે તે દેખાવ ખરેખર અત્યરતીભરેલો તથા આનંદકારક થઈ પડેછે. ફરિયામાં થઈ ગયલો શેહેનશા નિકલસ વિષે એમ કેહેવાયછે કે જ્યારે તે ઇંગ્લંડમાં હતો અને જ્યારે આ દેખાવ તેની નજરે પડ્યો ત્યારે તે બોલ્યો કે "અરે આવો દેખાવ હું મારા દેશમાં ક્યારે જોઈશ?"

પ્રિન્સ આલ્બર્ટનું પુતળું ઉઘાડવાની ક્રિયા.

મહારાણી વિકટોરિયાના સ્વર્ગવાસી ભરથાર પ્રિન્સ આલ્બર્ટની યાદગારીનું એક પુતળું "ઇન્ટર ન્યારાનલ એક્ઝિબિશન" ની મોટી અને સુંદર ઇમારત આગળ તયાર થયું તે ઉઘાડવાની ક્રિયા જોવા માટે મોટો મેળો ભરાયો હતો. એ મેળો જોવાને હું મારા કેટલાએક મિત્ર સાથે ગયો હતો. "રૉયલ હૉર્ટીકલચરલ ગાર્ડન્સ" નામનો એક મોટો અને ખુબસુરત બાગ છે તેની પાસે ૧૮૬૨નું "એક્ઝિબિશન" થયું હતું ત્યાં એ મેળો ભરાયો હતો. ટિકિટના પઇસા ખરચીને આસરે ૨૦ હજાર માણસ આ મેળો જોવાને એકઠું થયું હતું.

પ્રથમ તો આ સુંદર અને શોભાયમાન્ બાગ જોઇનેજ અમે બહુ ખુશી થયા. તેમાં ફુલોની રચના કરી હતી તેની ખુબસુરતી આંખે ઉડીને આવતી. પછી જે ઠેકાણે દરબાર મળવાની હતી તેની સામેની ઊંચી ગ્યાલરી ઉપર અમે અમારી જગ્યા લીધી. જ્યારે વખત થવા આવ્યો ત્યારે જુદા જુદા પ્રધાનો જુદા જુદા લશ્કરી અમલદારો અને જુદા જુદા રાજના એલચીઓ આવવા માંડ્યા. સઉ સઉની પદ્ધી પ્રમાણે ખુરશી ઉપર નામ લખ્યાં હતાં ત્યાં આવીને બેસતા ગયા. મુખ્ય પ્રધાન લૉર્ડ પામર્સ્ટન જ્યારે આવ્યો ત્યારે આનંદની તાળી વાગી રહી. દરબારની વચે રાજકુટુંબને લાયકની બેઠક કરી હતી. મહારાણીએ પોતાના ભરથારનો શોક મુકયો નહી હતો તેથી પોતે હાજર થવાનાં નહી હતાં.

હવે સઉ કોઈ મહારાજકુંવરની તથા તેની રાણીની તથા રાણીના બીજા કુંવરની રાહ જોવા લાગ્યા. તેવામાં મોટું બ્યુગલ વાગ્યું અને જણાયું કે પ્રિન્સ અને પ્રિન્સેસ-ઑવ-વેલ્સ (મહારાણીનો મોટો કુંવર અને તેની રાણી) તથા મહારાણીના બીજા કુંવર આવ્યા. આહા! એમનાં દર્શનથી મને જે આનંદ અને હર્ષ ઉત્પન્ન થયો તેનું બયાન કરવાને ઘટતા બોલ મળતા નથી. આખા ઇંગ્લંડદેશ ઉપર અથવા બરાબર બોલીએ તો આખા ખ્રિસ્તન દેશ અને તેનાં સંસ્થાનો ઉપર ને આપણા આખાં હિંદુસ્તાન ઉપર હવે પછી રાજ

ચલાવનાર એવો જે રાજધીરાજકુંવર તેને ઘણા હેતથી નિરખી નિરખીને અમે જોવા લાગ્યા. માત્ર અમેજ નિરખીને જોવા લાગ્યા એટલુંજ નહીં પણ બધા તમારાગીરોએ ઘણા હેતથી નિરખીને જોવા માંડ્યું.

મોટા રાજકુંવરના રૂપમાં કંઇ મણા નથી. નાકનો, આંખનો અને આખાં મોહોડાંનો ઘાટ ઘણોજ ખુબસુરત છે. જુવાનીના બાહારથી અને રાજના તેજથી આ ખુબસુરતી ખુબ ખીલતી હતી. મોહોડે ખુશી પ્રકાશી રહી હતી; તેછતાં ગંભીરાઈ તેમજ નમંનતાઇ દેખાતી હતી. મોટી રાજ પદ્વીનો મદ અને અહંકાર મુદલ દેખાતો નહી હતો. ઉંચા અને પાતળા ઘાટનું શરીર ને લાંબુ અણીસુધ નાક હતું. કપાળ તેજ મારતું હતું. આપણો પ્રેમાનંદ કવિ તેને ચંદ્રના રૂપની ઉપમા આપે તો અયોગ્ય નહી કેહેવાય. તેની જુવાન રાણીનો ચેહેરો પણ ઘણો શોભાયમાન્ છે.

આહા આ કેવો આનંદકારક દેખાવ હતો!! આ મહારાજકુંવરને માન આપવાને હજારો લોકો પોતાની ટોપી ઉતારીને હાથ હલાવતા હતા. હવે પછી ઇંગ્લિંડની ગાદી ઉપર બેસનાર ને કંઇ લાખો નહી પણ કરોડો માણસની ઉપર રાજ ચલાવનાર રાજકુંવરને આવી રીતે માન મળતું જોવાથી મને કંઇ થોડી ખુશી ઉપજી નહી હતી. આ વેળા મારાં મનમાં આનંદ અને હર્ષ માતો નહી હતો. હું એટલુંજ મનમાં બોલ્યો કે જેવું માન આ રાજકુંવરને હાલ મળેછે તેવું હમેશા તેને મળો; જેવો પ્યાર રૈયતનો હાલ તેના ઉપર છે તેવો હંમેશા સુધી કાયમ રહો; અને એની કારકીર્દીમાં આખાં બ્રિટનની અને હિંદુસ્તાનની આબાદી વધો. અસ્તુ!

હવે બધા પ્રધાનો, લશ્કરી અમલદારો અને એલચીઓ ઉભા થયા. રાજકુંવરની પાસે થઇ ઘણાજ વાંકાવળી નમીને પદ્વી પ્રમાણે એક પછિ એક ચાલવા લાગ્યા. રાજકુંવરે દરએક જણનો સત્કાર ડોકું હલાવીને કર્યો. આ પ્રમાણે દરબારમાં બિરાજેલા બધા નમી ગયા પછી, બ્યુગલ વગાડનારા બ્યુગલ વગાડતા આગળ ચાલ્યા. તેની પાછળ રાજકુટુંબ અને તેની પાછળ દરબારનું

સાજન પછી પ્રમાણે એક પછી એક નિકળ્યું. આ દેખાવ જોવાજોગ હતો. હમારતમાં અને આપ્પા બાગમાં તમારાગીરોની ઠઠ મળી હતી.

જે તમારાગીરોની પાસે થઇને એ સાજન નિકળ્યું તેઓ બધા ટોપી કાઢાડીને સલામ કરતા હતા. જેઓની ઉપર રાજકુંવરની નજર પડતી તેઓની તરફ ડોકું હલાવતો ધીમે ધીમે તે હવે ચાલતો હતો. આ તમારામાં હું તથા મારો દેશી મિત્ર મી૰ ડોસાભાઈ ફરામજી કડાકા સાથે હતા અને આપણા દેશની રૂઢી પ્રમાણે આ મહારાજકુંવરને અમે સલામ કરી તે તેણે સ્વીકારી. રાણીના બે નાહાના કુંવરોએ હાઈલેંડરનો પોશાક પેહેરીઓ હતો.

બાગમાં જે પુતળું ઉભું થયું હતું તે ઉપરનો પડદો આ મોટા રાજકુંવરે ઉઘાડ્યો. એ ઉઘાડતાં જે ક્રીયા થઈ તે અમે જોઈ શકયા નહી. તે તરફની ભીડ ઓછી થઈ ત્યારે આ પુતળું અમે જોયું. એનાં દર્શન અમે બહુ પ્રેમથી કર્યાં. આ પુતળાંની કારીગીરીમાં કંઈ મણા નથી. તેની પાસે પાણીનો એક સુંદર ધોધ વેહેછે. હવે ધીમે ધીમે ભીડ ઓછી થવા માંડી. અમે પણ હવે બાહાર નિકળ્યા અને ઘણા આનંદ પામી અમારે ઘેર ગયા.

ઘોડાઓની સઉથી મોટી શરત.

વરસમાં એક દાહાડો ઘોડાઓની એવી મોટી શરત થાયછે કે આખું લંડન જાણે ઉલટમાં આવી ગયું હોય એમ માલમ પડેછે લંડનમાં સઉથી મોટો મેળો અને ઢોંગનો મોટો તમાશો જોવો હોય તો "ડરબી" નામની શરત થાયછે તે જોવાને જવું. કેટલાએક દાહાડા અગાઉ આ શરત વિષે લોકો વાત કરેછે; અને તે જોવા જવા માટે પોત પોતાના મિત્ર અથવા સોબતીઓ સાથે ગોઠવણ કરી રાખેછે. ઇંગ્રેજ લોકોની મોટામાં મોટી આ ગમત અને રમત પસંદ કરવાજોગ નથી; કેમકે એમાં મોટો જુગાર રમાયછે અને ઘોડા જેવા ભલા અને ઉપયોગી પ્રાણી ઉપર મોટું ઘાતકીપણું ગુજરેછે. તે છતાં આ મેળાની તારીફ સાંભળીને જોવાને હું ગયો હતો.

આ રારત એપસમ નામનું ગામ લંડનથી ૧૬ માઈલ છે ત્યાં થાયછે. ત્યાં ઠેઠ સુધી રેલવે જતો નથી તેથી દરએક આસામી દસ કે બાર રૂપીઆનો ગાડીનો મોટો ખરચ કરી જોવાને જાયછે. આ મેળામાં રાજાથી તે ગરીબ ભીખારી સુધી સામેલ થાયછે. અમે ગયા ત્યારે પ્રિન્સ તથા પ્રિન્સેસ ઑવ વેલ્સ આ મેળો જોવાને આવ્યાં હતાં. ધકાધકીમાં જોઓ સામેલ થવા ઇચ્છતા નથી તેઓને માટે એક ઉંચુ મકાન ઉભું કરેછે તેમાં ભાડું લઈને દાખલ થવા દેછે. અમે માંહે દાખલ થયા પછી એક ઉંચી ઉઘાડી જગ્યા ઉપર જઈને ઉભા રહ્યા. નીચે ભીડ મળી હતી તેનો કંઈ સુમાર નહી. આસરે બે કે અઢી લાખ માણસ એકઠું થયું હશે!!

જરા વારમાં વાદળ ઘેરાયું અને વરસાદ પડવા માંડ્યો. તે છતાં મેળો ચુંથાયો નહી. લોકોને એવો સવાદ અને ચરસ કે છત્રી પકડીને અને કેટલાએક ભીંજતા ઉભા રહ્યા. અમે પણ છત્રી ઉઘાડીને અરધા ભીજતા હતા. તમાશો જોવો તો પૂરોજ જોવો એવા વીચારથી અમે ખિસ્યા નહી. બાર વાગ્યાના ઉભેલા પગ દુખવા લાગ્યા અને મારા પગમાં સરદી પણ જણાવા માંડી. તે મેં ગણકાર્યું નહી. વળી આ ભીડમાંથી પાછા ફરવું એ બહુજ કઠણ કામ હતું.

હલકા વર્ગના લોકો નીચે ઢોંગ ધુતારા કરે તે જોવામાં આવતું હતું. તાબુતના તમાશામાં મુસલમાનના જેવા કેટલાએક "સહીંભૂત" બન્યા હતા. કોઈ કુસ્તી રમતા હતા. કોઈ મુકીથી મારામારી કરતા હતા. કોઈ નાચતાં હતા. કોઈ કુદતા હતા. કોઇ સોંગ લઈને ફરતા હતા. કોઈ પછડાતા હતા. અને કોઇ ઝીકાતા હતા. કોઈ ખાતા હતા, કોઇ પીતા હતા. અને કોઈ ચરટ ફુંકતા હતા. આવા ઢોંગ અને સોંગમાં જ્યારે ઘોડા દોડવાની તૈયારી થતી ત્યારે સઉ જોવાને મંડી જતું. ઘોડા બાહાર નિકળ્યા એટલે ઘણાખરા પોત પોતાના ગજાં પ્રમાણે રારત બકતા હતા. કોઇ પાંચ રૂપીયાની કોઈ પાનસો રૂપીયાની અને કોઈ પાંચ હજાર રૂપીયાની એ પ્રમાણે એક એક ફેરે રારત થતી હતી. મારી પાસે ઉભેલા આવી રીતની રારત પોતપોતામાં મારતા હતા.

આવો મોટો જુગાર કોઈ ઠેકાણે રમાતો નહી હશે. આવા મોટા જુગારને રાજા અને પ્રધાન જેવા મોટા પુરુષો ઉત્તેજન આપેછે એ વાત ઇંગ્લંડ દેશની કીર્તિને ઝાંખ લગાડેછે એમ મને લાગ્યું. છેલ્લી રારત ૩૦ ઘોડાઓની હતી. એટલા બધા ઘોડાઓ સાથેજ છુટવાને ચુકી જતા હતા તેથી નવ કે દસ વખત "ફૉલ્સ સ્ટાર્ટ" થયા હતા. છેલ્લીવારે બધા ઘોડા સાથે છુટ્યા ત્યારે એ દેખાવ એકરીતે જોવા-જોગ હતો. એમાં જે આસામી જીતેછે તેને ૬૦ હજાર રૂપીયાનો અને કોઈવાર એક લાખ રૂપીયાનો તડાકો પડેછે. તેનું બધું દળદર નિકળી જાયછે. આ રારતના ઘોડા મોટી કિંમતના હોયછે.

જે ઘોડો તથા જે સ્વાર આ છેલ્લી મોટી રારતમાં જીતેછે તેનેવિષે એ રારત થઇ રહ્યા પછી કેટલાએક દાહાડા સુધી દરએક ઠેકાણે વાત ચાલ્યા કરેછે. તે ઘોડાના તથા ઘોડેસવારના ફોટોગ્રાફ છપાયછે. રૂમાલો ઉપર તેમની તસ્વીર પાડી ઠેકાણે ઠેકાણે રૂમાલો વેચવાને મુકેછે. આવીરીતે ઘોડાઓની મોટી અને છેલ્લી રારત જે "ડરબી" નામથી ઓળખાયછે તેનો છેડો આવેછે.

પ્રકરણ ૭.

લોકોની સંસારી હાલત.

દરએક દેશ જેમ સુધરેલું હોયછે તેમ તે દેશના લોકોની સંસારી હાલત ચઢતી સમજવી. સંસારી હાલતમાં ઈંગ્લંડ દેશના લોકો આપણા દેશીઓ કરતાં ઘણાજ ચઢતા છે એ કોઇથી ના કેહેવાશે નહી. તેઓની સંસારી હાલત બધી વાતે સારી અને નકલ કરવાજોગ છે એમ હું કેહેતો નથી; પણ અનુભવથી, અભ્યાસથી અને ઈંગ્લંડમાં પ્રવાસ કર્યાથી આટલી વાત તો મારાં મનમાં મજબુત ઠસીછે કે ઘણીખરી અગત્યની અને મુખ્ય બાબદોમાં તેઓની સંસાર-સ્થિતિ આપણા કરતાં બહુજ ચઢતી છે.

શ્રીમંત અથવા તવંગર.

જેઓની પેદાસ દર વરસે ૨૦ હજાર રૂપીયા કરતાં વધારે છે તેઓજ માત્ર શ્રીમંતના વર્ગમાં ગણાયછે. એવા શ્રીમંતો ગ્રેટબ્રિટન્ (અથવા ઈંગ્લંડ તથા સ્કૉટલંડ)માં પાંચ હજારથી વધારે છે, એમ ત્યાંનાં "ઈન્કમ ટાક્સ"ની ઉપજના છપાયલા કાગળ ઉપરથી જાણવામાં આવેછે. એક યુરોપિયન મિત્રની મેહેરબાનીથી ઈ૰સ૰ ૧૮૬૩ નાં વરસનું પાર્લ્યામેંટે છપાવેલું કાગળ નંબર ૫૨૬ નું મારા હાથમાં આવ્યુંછે તે ઉપરથી માલમ પડેછે કે એ વરસમાં આખાં ગ્રેટ-બ્રિટનમ્યે દર વરસે ૨૦ હજાર રૂપીયાથી વધારે પેદાસવાળા આસામી કુલ મળીને ૫૧૮૯ હતાં. તેઓના ચાર વર્ગ નીચે પ્રમાણેઃ-

દર વરસની પેદાસ.	આસામી.
રૂપીયા ૨૦ હજારથી ૫૦ હજાર સુધી	૩૪૭૨.
રૂપીયા ૫૦ હજારથી ૧ લાખ સુધી	૧૦૧૯.
રૂપીયા ૧ લાખથી ૫ લાખ સુધી	૬૧૮.
રૂપીયા ૫ લાખ અને તેથી વધારે	૮૦.

આ પ્રમાણે ચાર વર્ગના શ્રીમંતો વિલાયતમાં છે. જે વર્ગની પેદાસ દર વરસ પાંચ લાખ રૂપીયા કરતાં વધારે છે તે, સઉથી ચહડતા, વર્ગના શ્રીમંતોમાં બે ત્રણ શ્રીમંતો એવા છે કે તેઓની પેદાસ દર વરસે ૪૫ લાખ રૂપીયા કરતાં વધારે ગણાયછે!! લંડનની બોર્ડ ઑવ ત્રેડની સાથે સંબંધ રાખનાર એક ગૃહસ્થની ચિઠ્ઠી મારી પાસે છે તેની સત્તા ઉપરથી હું આ વાત કહી શકું છઉં. એવા શ્રીમંતના વૈભોગમાં ઇંગ્લંડ જેવા દેશમાં શું મણા હશે તેનો વિચાર વાંચનારેજ કરી લેવો.

ડ્યુક ઑવ બ્રિજ વૉટર મરણ પામ્યો ત્યારે તેનાં ઘરમાંથી કેહેછે કે ૬૫ લાખ રૂપીયાની કિંમતનાં માત્ર ચિત્ર નિકળ્યાં હતાં[1] !! સર હાન્સ સ્લોન નામનો એક ગૃહસ્થ મરણ પામ્યો ત્યારે તેનાં ઘરમાંથી ૫ લાખ રૂપીયાની કિંમતનું મ્યૂઝીયમ (સંગ્રહસ્થાન) નિકળ્યું હતું[2] !! એક વતનદાર શ્રીમંત (Duke of Argyle) ની જમીનમાં ૨૦ લાખ ઝાડ ઉગ્યાં હતાં તે બધાની કિંમત ૪૦ લાખ રૂપીયાની અંકાઈ હતી[3] !! એક શ્રીમંતના બાગ–(Loddige's gardens) માં જુદા જુદા રોપાઓનીજ કિંમત ૨૦ લાખ રૂપીયાની ગણાયછે[4] !! એક વતનદારની જમીનમાંથી નદી વેહેછે તેમાંથી માછલીની પેદાસ દર વરસે ૮૦ હજાર રૂપીયા ઉપજેછે[5] !! આ થોડા દાખલા ઉપરથી ત્યાંના શ્રીમંતોની દોલતનો તમને કંઈક વિચાર આવશે.

આ બધા શ્રીમંતો કંઈ લંડનમાં જાયુક રેહેતા નથી. તેઓનો જાયુક રેહેવાસ વિલાયતનાં જુદાં જુદાં ગામોમાં ઘણુંકરીને હોયછે. મોસમ ઉપરજ માત્ર તેઓ લંડનમાં જાયછે. આમાંના ઘણાએક શ્રીમંતો પાર્લ્યામેંટના અધિકારી હોયછે માટે ફેબ્રવારીથી જુલાઈ સુધી પાર્લ્યામેંટ ચાલેછે તેટલા મહિના તેઓ લંડનમાં રેહેછે. જે શ્રીમંતો પાર્લ્યામેંટના અધિકારી નથી તેઓ એપ્રિલથી જુલાઇ સુધીની મોસમ લંડનમાં કાહાડેછે. આ પ્રમાણે ઉનાળામાં લંડનમધ્યે શ્રીમં-

1 Murray's Modern London p. 17.
2 Murray's Modern London p. 150.
3 Howitt's Rural Life of England p. 66.
4 Howitt's Rural Life of England p. 69.
5 Howitt's Rural Life of England p. 26.

તોની મોટી મંડળી એકઠી થાયછે. આવી રીતે દર વરસ લંડનમાં એકઠાં થવાથી તેઓને મોટો ખરચ બેસેછે. તેઓને તેમના મોભા પ્રમાણે ગાડીઘોડાં વગેરેનો મોટો ખટલો રાખવો પડેછે. ઑપેરા નાટક ઘણુંકરીને નિત્ય જોવાનો તથા બીજી મોજ મારવાનો તથા સ્ત્રીઓને નવાં નવાં અને ઉંચા ઉંચા કપડાં પેહેરાવવા વગેરેનો મોટો ખરચ થાયછે. એક બીજાની દેખાદેખીથી પણ ખરચ ઘણો વધી પડેછે. આ એક રીતે ગેરફાયદો છે. વળી કોઈ કોઈ શ્રીમંત બદ્દેલમાં પડેછે એ બીજો ગેરફાયદો છે.

આવી રીતે ગેરફાયદો થાયછે ખરો પણ તેની સાથે તેઓને તથા દેશને મોટો ફાયદોપણ થાયછે. તેઓ જો પોત પોતાનાં ગામમાંજ ભરાઈ રેહેતો તેઓની દોલતને માટે તેમને પોતાનાં ગામના લોકોથી જે માન મળે તેમાં તેઓ ઘણા છકી જાય અને જે પ્રમાણે આપણા દેશના, થોડી પેદાસવાળા, જમીનદારોના મિજાસનો કંઈ પાર નથી તેવા મિજાસી થઈ પડે. પણ લંડનમાં પોતાના જેવા અનેક અને કેટલાએકને પોતાથી ચઢતા જોઈને તથા તેમનો ખરચ અને દમામ જોઈને તેઓનો મિજાસ નિકળી જાયછે. વળી લંડનમાં નવી નવી તરેહ અથવા "ફેશન" જોઈને પોત પોતાનાં વતનમાં દાખલ કરેછે.

દેશને વળી આ કરતાં વધારે લાભ થાયછે. હરએક મંડળીમાં તેઓ એકઠા મળેછે ત્યારે રાજપ્રકરણની બાબદમાં એક બીજાના વિચારથી વાકેફ થાયછે. એ સંબંધી એક બીજા સાથે તકરાર ચલાવેછે અને તેનું પરિણામ ઘણું સારું નિપજેછે. વળી આ પ્રમાણે હરએક ટેકાણે અથવા હરએક મંડળીમાં રાજપ્રકરણની વાત નિકળેછે એટલામાટે તેઓને એ સંબંધી માહેતગારી કે ખબર રાખવાની જરૂર પડેછે. તેઓમાંથી કોઈ જો રાજપ્રકરણની વાતમાં અથવા તકરારમાં સામેલ થઈ શકે નહી તો તે બુબકમાં અથવા મુર્ખમાં ખપે. પોતાના વર્ગની મંડળીમાં સામેલ થવાને જેમ સારાં કપડાંની જરૂરછે તેમ રાજપ્રકરણની બાબદમાં તથા વર્તમાનપત્રમાં થતી અગત્યની ચરચામાં માહિતગારી રાખવાની જરૂર છે.

અરે! આપણા દેશનો એવો દાહાડો ક્યારે થશે કે હરએક કેકાણે અને હરએક મંડળીમાં રાજપ્રકરણની વાત ચાલે અને જે શ્રીમંતોનું એ વાતમાં અજ્ઞાન માલમ પડે તે શ્રીમંતો મુર્ખમાં અથવા મુર્ખમાં ગણાય. એમ જ્યારે થશે ત્યારેજ દેશી ઠાકોરો, સરદારો વગેરે શ્રીમંતોને રાજપ્રકરણની બાબદમાં અભ્યાસની અગત્ય જણાશે. આપણી "લેજીસ્લેટિવ કૌંસિલ" માં દેશી શ્રીમંતોને દાખલ કર્યા એ ઠીકજ થયુંછે પણ તેઓમાં એવો કયો નર છે કે જેને રાજપ્રકરણની બાબદમાં પૂરો અભ્યાસ હોય? આ સવાલ પુછીને હું મારા દેશના શ્રીમંતોને અપમાન આપું છઉં એમ કોઇએ સમજવું નહી. મારી કેહેવાની મતલબ એટલીજ છે કે શ્રીમંતોને ઇશ્વરે આવા અભ્યાસને માટે પૂરી જોગવાઈ આપીછે તેનો જ્યાંસુધી તેઓ લાભ લેશે નહી અને રાજપ્રકરણની અને બીજી સાધારણ બાબદોનાં જ્ઞાનથી વાકેફ થશે નહી ત્યાંસુધી આ દેશનો દાહાડો ઉઘડશે નહી.

વિલાયતના શ્રીમંતોનો પૂરો ભભકો જોવો હોય તો ઘણુંકરીને લંડનમાં તમે જોઈ શકશો નહી. લંડનમાં તેમનાં ઘર જોઈને તમે કદાચ ખોટો વિચાર બાંધશો. તેઓનો પૂરો ભભકો અને પૂરો દમામ જોવો હોય તો તેઓનાં ગામમાં તમે જઈને જોઈ શકશો. ઇંગ્લિંડમાં જઈને તમે કોઈ શ્રીમંતને તેનાં ગામનાં વતનમાં જ્યાંસુધી તેનો "કંટ્રી-લાઈફ" (Country life) જોશો નહી ત્યાંસુધી તમોને તેની શ્રીમંતાઈનો અને વૈભોગનો ખરો વિચાર આવશે નહી.

આહા! તેઓનાં વતનમાં તેઓનાં મકાન કેવાં મોટાં અને કેવાં સુંદર છે!! તેઓના બાગ-બગિચામાં ઝાડપાન કેવાં ખિલી રહ્યાંછે!! કેટલાંક ઝાડપાનને કેવાં તરેહવાર આકારનાં કાપ્યાં છે!! કોઇ ઝાડ ઉપર જાણે લીલો મોર બેઠો હોય અને કોઈ ઝાડ ઉપર લીલું પક્ષી ઉડતું હોય, કોઇ ઝાડ ઉપર ઝાડ ઉગ્યું હોય એમ તરેહવાર આકારમાં ઝાડપાનને કાપીને તથા તરેહવાર જાતનાં ઝાડપાન વાવીને બાગની શોભા કેવી વધારી મુકીછે!! તેઓનાં ઘર મધેનો સણગાર કેવો ઉંચો અને સરસ છે!! દહીં દુધની જગ્યા અને

ફુલનો બગીચો આંખને કેવો બાહાર આપેછે !! અરે તેઓની સ્ત્રીઓ કેવી ખુબસુરત છે !! તેઓમાં કેવો રૂડો વિવેકછે અને કુટુંબના બધા માણસોનો સ્વભાવ કેવો ભલો અને મિજાસ વગરનો છે !!

જેમ આપણા દેશમાં જમીનદાર શ્રીમંતોનાં વતનમાં દર નવી ઓલાદે ભાગ પાડતા જાયછે અને દર ઓલાદે દોલતનું કઉવત (છોકરાઓમાં સરખો ભાગ પડવાથી) ટૂટી જાયછે તેમ વિલાયતમાં થતું નથી. વિલાયતમાં એક શ્રીમંતને ઘણાં છોકરાં હોયછે તે બધાં ભાઇબેહેન વચે રોકડ પુંજીની સરખે ભાગે વેંહેંચણી થાયછે; પણ વતન અથવા જમીનની અથવા ઘરબારની વેંહેંચણી તેમ થતી નથી. સ્થાવર મિલકત બધી વડા છોકરાને મળેછે અને તેમાં તેના ભાઇ કે બેહેનનો ભાગ પડી શકતો નથી. દોલત ગમે તેટલી મોટી હોય પણ તે ઘણાં માણસોમાં વેંહેચાઈ ગયાથી તેનું કઉવત ટૂટી જાયછે. તેટલા માટે વારસા હિસ્સાનો આ કાયદો વિલાયતમાં ઘણો ગુણભરેલો માલમ પડયોછે.

મધ્યમ સ્થિતિના લોક.

જેઓની પેદાસ દર વરસે રૂપીયા ૩ હજારથી ૨૦ હજાર સુધીની છે તેઓ મધ્યમ સ્થિતિના લોક કેહેવાયછે. ગ્રેટ-બ્રિટન્ (એટલે ઇંગ્લંડ તથા સ્કૉટલંડ)માં બધા મળીને એવી પેદાસના આસરે ૫૦ હજાર આસામી છે. ઇ૰ સ૰ ૧૮૬૩ ની પેદાસના પાર્લામેંટે છાપેલા કાગળ ઉપરથી માલમ પડેછે કે એ વરસમાં બધા મળીને ઉપર લખેલી પેદાસવાળા ૪૮૫૯૭ માણસો હતાં. તેઓના ચાર વર્ગ નીચે પ્રમાણેઃ—

દર વરસની પેદાસ.	આસામી.
રૂપીયા ૩ હજારથી ૪ હજાર સુધી.....	૧૭૬૭૨.
રૂપીયા ૪ હજારથી ૬ હજાર સુધી.....	૧૫૩૬૭.
રૂપીયા ૬ હજારથી ૧૦ હજાર સુધી.....	૬૧૫૪
રૂપીયા ૧૦ હજારથી ૨૦ હજાર સુધી.....	૬૪૦૪.

આ લોકોની રેહેવાની છટામાં અને આપણા દેશના મધ્યમ સ્થિતિના લોકોની રેહેવાની છટામાં ઘણો ફેર છે. ઉપર જણાવેલા ચાર વર્ગમાં ઉતરતા વર્ગના લોકોને ત્યાનાં રિવાજ પ્રમાણે ગ્રહસ્થાશ્રમ ચલાવવાનું ઘણું કઠણ પડેછે. કેમકે એ લોકોની રેહેવાની રીત કંઈ સાધારણ નથી. આપણા દેશના મધ્યમ સ્થિતિના લોકોને બેસવાનો અને સુવાનો એક ઓરડો ચાલી શકે; જમવાનો અને રાંધવાનો એક ઓરડો ચાલી શકે. પણ વિલાયતમાં તેમ ચાલશે નહી. આ ચારે ઓરડા જુદા જુદા જોઈએ. તેમાં બેસવા ઉઠવાનો ઓરડો (ડ્રાઈંગ રૂમ) સારો જોઇએ તેમજ જમવા કરવાનો ઓરડો (દાઇનિંગ રૂમ) પણ શોભાયમાન્ જોઇએ.

આ સ્થિતિના આપણા દેશના લોકો ગાડીઘોડો રાખશે પણ નઠારા ને ગંદાં ઘરમાં રેહેશે અને ઘર "ફરનિશ" કરવું અથવા સણગારવું એટલે શું તે જાણવાની પણ થોડીજ દરકાર રાખશે. વિલાયતમાં પોતાનાં ગાડીઘોડા વગર ચાલે, પણ સારાં શોભાયમાન્ ઘરમાં રેહેવું અને તેમાં જરૂરનો સણગાર મુકવો એ વગર ચાલેજ નહી. જેનાં બેસવા ઉઠવાના ઓરડાનો દેખાવ ખરાબ તે ગ્રહસ્થમાં ખપેજ નહી. મંડળીમાં ગૃહસ્થ લેખે ખપવાને પેહેલ વેહેલું એ જોઇએ કે તેનું ઘર સારૂં અને સફાઇથી રાખેલું જોઇએ. ઘર નાહાનું હોય તો ચિંતા નહી પણ ભીંત ઉપર કાગળ ચોડેલાં જોઇએ, બારીની ઉપર "કર્ટન" અથવા પડદો જોઇએ, અને જમીન ઉપર ગાલિચો હંમેશા પાથરેલો જોઈએ.

સણગારમાં ટેબલ, ખુરસી અને કોચ જોઇએ; સાઈડ-બોર્ડ અને પિયાનો ફોર્ટે કે હારમોનિયમ (વાજીંત્ર) જોઇએ; બે ચાર પિક્ચર અથવા ચિત્ર અને એક બે મુનલ્યાંપ જોઇએ. આટલું ઓછામાં ઓછું ડ્રૉઈંગ રૂમમાં એટલે બેસવા ઉઠવાના ઓરડામાં. 'જમવાના ઓરડામાં પણ બારી ઉપર પડદા, દેવાળ ઉપર કાગળ અને જમીન ઉપર ગાલીચો જોઇએ. જમવાની મોટી ટેબલ જોઇએ અને થોડાં એક ટાંગેલાં ચિત્ર જોઈએ. સુવાના ઓરડામાં પણ બારી ઉપર પડદા, દેવાળ

ઉપર કાગળ અને જમીન ઉપર ગાલીચો જોઇએ. છપર–પલંગ જોઇએ, વૉરડ્રોબ અથવા કપડાં મુકવાની કબાટ જોઇએ. મોંહોં ધોવા કરવાની ટેબલ જોઇએ. એક બીજી ટેબલ આરસો મુકવાની જોઇએ; અને તે ઉપર આરસો મુકવો જોઇએ. આ બધો સામાન "ટેસ્ટ" એટલે સણગાર–બુદ્ધિથી મુકવો જોઇએ અને તે ઉપર અથવા ભીંત ઉપર અથવા સીલીંગ (છાજ) ઉપર અથવા બારીબારણાં ઉપર મેલ કે કચરો મુદલ ન જોઇએ.

મધ્યમ સ્થિતિના ચહડતા વર્ગમાં એક કુટુંબને દર વરસે દસ કે બાર હજાર રૂપીયાનો ખરચ લંડનમાં થાયછે.[6] એ ખરચનો મોટે ભાગ છોકરાંઓને કેળવણી આપવામાં જતો રેહેછે. એક એક છોકરાં પછવાડે દર વરસે એક એક હજાર રૂપીયા કેળવણીના લાગેછે.[6] એક કુટુંબમાં ચાર કે પાંચ છોકરાંઓની આવરેજ લઇએ તો ચાર હજાર રૂપીયા દર વરસે છોકરાંઓ પછવાડે કેળવણીના લાગેછે. આપણા દેશમાં મધ્યમ સ્થિતિના ચહડતા વર્ગમાં છોકરાંઓને કેળવણી આપવાનો ખરચ એટલો થોડો બેસેછે કે તે ગણતરીમાં ન લઇએ તો ચાલી શકે. એક દેશી ગૃહસ્થ દર વરસે પોતાના છોકરાની કેળવણી પછવાડે ૫૦ રૂપીઆ ખરચશે તો તે ઘણા કેહેવાશે. છોકરીને કેળવણી આપવામાં એક દોકડો પણ ખરચ કરશે નહી.

મધ્યમ સ્થિતિના ચહડતા વર્ગમાં બીજો મોટો ખરચ કપડાંનો થાયછે. પરણેલી સ્ત્રી ઘણુંકરીને કપડાં પછવાડે દર વરસે એક હજાર રૂપીઆ ખરચેછે. શ્રીમંતની સ્ત્રીને દર વરસે પાંચ હજાર રૂપીયા કપડાં ખરચના બેસેછે[7]. આ ઉપરથી માલમ પડશે કે આપણા કરતાં છ કે સાત ગણો વધારે ખરચ સ્ત્રીનાં કપડાં ઉપર લાગે છે. એક શ્રીમંત સ્ત્રીનાં ઉડાઉપણાં વિષે એમ કેહેવાયછે કે તે પોતાનાં કપડાંને માટે દર વરસ ૨૦ હજાર રૂપીયા ખરચ કરતી હતી[7] !! કપડાંમાં આવું ઉડાઉપણું મુદલ પસંદ કરવાજોગ નથી. પણ ત્યાંના લોકો ફેશારાન્ (FASHION) ની જાળમાં ફસી પડ્યાછે. આપણા

6 Pall Mall Gazette, September 15 ; 1865. 7 Habits of Good Society p. 164.

દેશીઓ સ્ત્રીઓનાં લુગડાં ઉપર મોટી રકમ ખરચવાને બદલે ઘરેણું કરાવેછે તે ઠીકજ છે; પણ ઘરેણું એવું ન જોઇએ કે શરીર ઉપર બોજો થઈ પડે અને ખુબસુરતીમાં ઘટાડો કરે. પગમાં રૂપાની બેડી ઘાલવી અને નાકમાં નથડો લગાડવો અને જાડાં જાડાં ઘરેણાં પેહેરવાં એનાં જેવું જંગલીપણું બીજું કંઈ હશે?

છોકરાંઓને કેળવણી આપવા પછવાડે ઇંગ્રેજ ગૃહસ્થ મોટો ખરચ કરેછે તે રિવાજ ખરેખર વખાણવા લાયક ને નકલ કરવાજોગ છે. જેમ જમીનને કેળવવા માટે ખરચ કર્યો તો તેનો બદલો મળેછે તેમ છોકરાંઓનું મન અને તન કેળવવા માટે ખરચ કર્યાથી તેનો બદલો વળી જાયછે. તમે કેહેશો કે આપણા મધ્યમસ્થિતિના દેશીઓમાં કેળવણી ઉપર એટલો ખરચ કરવાની શક્તિ નથી. જો આ વાત સાચી હોય તો છોકરાંઓને મોટી ધામધુમથી પરણાવવાની શક્તિ ક્યાંથી આવેછે? જેટલો ખરચ આપણા લોકો લગ્ન ઉપર કરેછે તેટલો ખરચ છોકરાંઓની કેળવણી ઉપર કરે તો કેટલો લાભ થાય વારૂં?

મધ્યમ સ્થિતિના ગૃહસ્થને પોતાને માટે કપડાંનો ખરચ દર વરસે પાનસો કે છસો રૂપીયાનો આસરે થાય છે[૪]. ત્યાંની હવા અને બીજી બાબદો ધ્યાનમાં લેતાં ૪૦૦થી ૫૦૦ રૂપીયાનો ખરચ દરએક ગૃહસ્થને દર વરસે થવો જોઇએ. એટલી રકમમાં કયાં કયાં કપડાં જોઇએ તેની નોંધ હાંસ્યા ઉપર મેં આપીછે. જેઓની પેદાસ દર વરસ ૩૦૦૦ કે ૪૦૦૦ રૂપીયાની છે તેઓનો નિભાવ લંડનમાં મોટી મુશ્કેલીથી થાયછે. એ મુશ્કેલી કેવી હશે તેનો વિચાર તમને આવે એટલા માટે પાલમાલ ગેઝટ નામનું એક મોભાવાળું પત્ર* લંડનમાં નિકળે છે તેમાં એ વિષેની બીના મારાં વાંચવામાં આવીછે. તેનો એક ટુંકો ભાગ મેં ઉતારી લીધોછે તે હું આ જગ્યાએ દાખલ કરૂંછું.

	રૂપીયા.
ડગલા અથવા કોટ નંગ ૭.	૧૮૦
પાટલુન તથા પાઇજામા જોડ ૭	૯૦
વેસ્ટ કોટ નંગ ૫	૪૦
ટોપી બોજાં, ને સ્કાર્ફ ૬૦.	૧૦૦
બૂટ	૫૦

૪ Habits of Good Society p. 147.

"If he (e. i. a gentleman in London) has only £400 (a year) he must either not marry, or he must pinch frightfully; he must count every shilling, he must grumble or lament over each fresh child that makes its appearance; he must deny himself a host of recreations and luxuries that have become almost necessity to us now; and it is only if he has a very clever wife and escapes the calamity of sickness that he can hope to have a tidy, elegant and gentlemanly home."

Pall Mall Gazette, September 15; 1865.

"લંડનમાં કોઈ ગૃહસ્થને દર વરસે જો ૪૦૦૦ રૂપીયા મળતા હોય તો તેણે પરણવું નહી, અગર પરણ્યો તો તેનો નિભાવ ઘણોજ મુશ્કેલીથી થશે. તેને એક એક શિલિંગ ગણવી પડશે. જે દર-એક નવું છોકરું તેને ઘેર અવતાર પામશે તે જોઇને તેને બડબડવું પડશે અથવા તેમાટે હાય મારવી જોઇશે. કેટલીએક ગમત તથા મોજ જે હાલ જરૂરની થઈ પડીછે તેનો તેણે ત્યાગ કરવો પડશે; અને જો તેની સ્ત્રી ઘણીજ હોસ્યાર હશે અને તે જો મંદવાડની પીડામાંથી મોકળો હશે તોજ તેણે એક સુંદર, સફાઇદાર અને ગૃહસ્થને રેહેવા લાયકનાં ઘરની આશા રાખવી."

આવી સ્થિતિના ગૃહસ્થને લંડનમાં (ત્યાની રીત પ્રમાણે) રેહેવું એ કેવું કઠણ છે એ વિષેનો એક દાખલો મને મળ્યો હતો. એક વેળા હું આમ્નિબસમાં બેસીને જતો હતો ને મારી પાસે બેઠેલા એક ઇંગ્રેજે મને પુછ્યું કે તમે મુંબઇના પારસી છો? મેં કહ્યું કે હું હિંદુ જાતે વાણીયો છઉં. તે બોલ્યો કે તારે તમે પારસી જેવી પાઘડી કેમ બાંધેછો? મેં કહ્યું કે પારસીની અસલ પાઘડી જુદી છે ને તેઓએ હાલની પાઘડી અમારા ઉપરથી ચેહેરવા માંડીછે. ત્યાર પછી તેણે મને કહ્યું કે "તમે કદાચ મને ઓળખતા નહી હશો; હું મદરાસમાં કમાન્ડર-ઇન-ચીફ હતો અને અહીં મને આમ્નિબસમાં બેઠેલો જોઈ તમે કદાચ અચરત થશો. પણ જેઓ પાસે દોલત ન હોય તેઓનું અહીં કામ નથી."

સ્ત્રીજાતની હાલત.

હરએક દેશની સંસારી હાલતનું માપ તે દેશની સ્ત્રીની હાલત ઉપરથી થાયછે. જે દેશમાં સ્ત્રીની હાલત નઠારી તે દેશની સંસારી હાલત પણ નઠારી ગણાયછે. સંસારી હાલતનો મુળ આધાર સ્ત્રીની હાલત ઉપર રહ્યોછે. હરએક માણસની સ્ત્રી નઠારી નિવડી તો તેનો સંસાર બગડ્યો એમ આપણે કહીએ છઇએ. આ વાત જેમ એક એક માણસને લાગુ પડેછે તેમ એક એક દેશને લાગુ પડેછે. રૂડી, ભલી અને કેળવાયળી સ્ત્રી જેમ ઘરનો એક સણગાર છે તેમ રૂડી, ભલી અને કેલવાયળી સ્ત્રીઓ–દેશનો સણગાર ગણાયછે.

વિલાયતમાં ચહડતા વર્ગની સ્ત્રીઓ ઘણુંકરીને રૂડી, ભલી અને કેળવાયળી છે એમ જે હું તમને કહું તો એ વાત કોઈ ખોટી પાડી શકશે નહી. આ ઉપરથી કંઈ એમ સમજવું નહી કે વિલાયતમાં ઉંચા વર્ગની બધી સ્ત્રીઓ રૂડી, ભલી અને કેળવાયળી છે.

એક આખી મંડળી ઉપર સાધારણ ગુણ કે દોષ મુકવો એ કામ ઘણું કઠણ અને બારીક છે. તે છતાં એક મંડળીમાં જો ઘણા માણસો સારાં હોય અને દસમાં એકાદ બે નઠારાં હોય તો આપણે એ મંડળીવિષે સાધારણ વિચાર આપતાં એમજ કેહેવું કે તે મંડળી સારી છે. એજ રીતે હું વિલાયતના ગૃહસ્થોની સ્ત્રીઓ વિષે બોલું છઉં.

વિલાયતની સ્ત્રીઓ આપણા દેશની સ્ત્રીઓની પેઠે કેળવણીના સણગારથી બેનશીબ નથી. વગર કેળવાયળી સ્ત્રી વિલાયતમાં ભરથાર વગર રખડી મરે. વગર કેળવાયળી સ્ત્રી કોઇ પણ સારી મંડળીમાં સામેલ થઇ ન શકે. એજ ઉપરથી તમે સમજી શકશો કે વિલાયતમાં ગૃહસ્થોની સ્ત્રીઓને કેળવણીથી પોતાનાં મનને સણગારવાની જરૂર પડેછે. માબાપને મુખ્ય કાળજી એ રેહેછે કે મારી દીકરીને રૂડી કેળવણી આપું, નહી તો તેનું આખું જીવતર ફોગટમાં જશે અને ભરથાર વગર કે સારી મંડળી વગર દુખી થઈ પડશે. જે દેશમાં માબાપને તથા દીકરીને કેળવણી વિષે આવી ફિકર અને ચિંતા રેહે તે દેશની સ્ત્રીઓ કેળવણી પામેલી હોવીજ જોઇએ.

માત્ર લખતાં વાંચતાં શિખવું એજ કેળવણી નથી. એ તો કેળવણીનો એક ભાગ છે. કેવી જાતની કેળવણી લે તો તે સ્ત્રી વિલાયતમાં કેળવાયળી કેહેવાય એ વિષે આઠમાં પ્રકરણમાં "સ્ત્રીનાં લક્ષણ" વિષે લખતાં હું જણાવીશ. આપણા દેશમાં સ્ત્રી કેળવણીનું હજીતો મંડાણ થયુંછે. છોકરીઓ વાંચતાં લખતાં શિખેછે એ ઠીકજ છે. પણ એતો માત્ર કેળવણીનો એક પગ થયો. એક પગથી કંઈ આખું માણસ થઈ શકતું નથી; બે પગ, બે હાથ, બે આંખ, બે કાન, એક નાક ઇત્યાદિ મળીને જેમ આખું માણસ થાયછે તેમજ કેળવણી વિષે સમજવું. ચહડતા વર્ગના આપણા દેશીઓ ત્યારે એવોજ ઠરાવ કરશે કે જે છોકરીએ કેળવણી લીધી ન હોય તેની સાથે લગ્ન કરવાંજ નહી ત્યારે આપણા લોકો છોકરીઓને કેળવણી આપવાની કાળજી રાખશે.

સ્ત્રીઓને સાથે લઇને ફરવાની અથવા તેમને સાથે લઇને કંઇ પણ

ચીજ જોવા જવાની અથવા તેમની સાથે બેસીને ઉઘાડી રીતે વાત ચિત કરવાની જેવી આપણામાં ખોટી લાજ છે તેવી ઇંગ્રેજોમાં નથી. એવી ખોટી લાજ નહી હોવાથી સ્ત્રીપુરુષને પરસ્પર ઘણો લાભ થાયછે. હરએક રૂડી વસ્તુ જોવાનો, હરએક રૂડી વસ્તુ સાંભળવાનો, હરએક રૂડી મંડળીમાં જવાનો, અને હરએક રૂડી મોજમઝા ભોગવવાનો સ્ત્રીને લાભ મળેછે. હરએક કેકાણે અને હરએક જગ્યાએ ધણી ધણીઆણી સાથે ગયાથી અને સાથે રહ્યાથી તેમની એક બીજા ઉપર મમતા અને પ્રીતિ વધેછે.

પુરુષને સ્ત્રીની મંડળીથી કેટલીક ખુશી ઉપજે છે. સ્ત્રીની કોમળ વાણીથી અને મિઠી વાતચિતથી તેનું મન આનંદ અને પ્રફુલિત રહેછે. દુનિયાદારીની જંજાળ તે તેટલો વાર ભુલી જાયછે અને તેનાં મનને આવી રીતનો વિશ્રામ મળ્યાથી તે પાછું કામ ધંધા ઉપર નવાં અને તાજાં જોરથી લાગેછે. વળી સ્ત્રીને કેટલો બધો લાભ થાયછે? તે હરએક નવી વાતથી અને હરએક નવી ચીજથી વાકેફ રહેછે અને તેથી તેનાં જ્ઞાનમાં નિત્ય વધારો થતો જાયછે. વળી આખી મંડળીને કેટલો બધો લાભ થાયછે? તેઓની મંડળીમાં સ્ત્રીજાત હોવાથી તેઓને અદબ અને મર્યાદાથી વાત કરવાની ફરજ પડેછે અને ઠોલીયાપણું દેખાડવાને તેઓને મુદલ જોગવાઈ મળતી નથી.

આપણા દેશીઓ આ બાબદમાં ખોટી લાજ રાખી બેઠાછે. ઉંચા વર્ગની સ્ત્રીઓ ઘરના ચાકર તથા મોહેતાઓ સાથે હસી બોલીને વાત કરે તો તે ચાલે; પણ પોતાના ભરથાર સાથે અથવા ભરથારના મિત્ર સાથે વાત કરવાને તેમને "લજ્જા" ઉપજેછે. ઉંચા વર્ગની સ્ત્રીઓ રસ્તામાં ઉઘાડું મોહો રાખી ચાલે પણ (ગુજરાતી હિંદુમાં) પોતાનો ભરથાર કે ભરથારનો વડો મિત્ર કે વડો સગો મળ્યો તો તેને જોઇને મોહોડા ઉપર (પોતાની સાડીનો) ઘુંમટો ખેંચે. આ કેવી રીતની "લાજ" તે હું સમજી શકતો નથી.

માગા દેશીઓએ જાણવું જોઇએ કે ખરી "લાજ" અવિવેકથી બોલવા ચાલવામાં અને દુરાચરણમાં છે. અરે આપણા દેશની કેટ

લીએક સ્ત્રીઓ કેવાં ઝીણાં અંગવસ્ત્ર પેહેરેછે અને રસ્તામાં કેવો નઠારો લટકો કરીને ચાલેછે!! ઘરમાં મોટે સાદે બોલેછે. આમાં તેઓ લાજ રાખતાં નથી અને પોતાના ભરથાર સાથે ફરવા હરવામાં અને હરએક ઠેકાણે જવા કરવામાં મોટી લાજ શામાટે રાખવી જોઇએ?

વિલાયતમાં સ્ત્રીઓને પુરુષોની મંડળીમાં સામેલ થવા દેવાથી તેઓનાં સંસાર-સુખમાં વધારો થાયછે એ વિષે તમારી ખાતરી કરવા માટે આપણા હાલના ગર્વનર સર બાર્ટલ ફ્રિયરનાં ભાષાણમાંથી માત્ર એકજ વાક્ય ટાંકું છઉં :—

"I would refer to Sir Jamsetjee Jeejeebhoy and other gentlemen who have been in England, who will understand me when I say that, if you take away the society of the ladies of London from the men of business or lawyers, or statesmen of that city, you take away half their powers and more than half their enjoyment in life."

Speech of H. E. Sir B. Frere.

"સર જમશેદજી જીજીભાઈ અને બીજા ગૃહસ્થો જેઓ ઈંગ્લંડ જઈ આવ્યાછે તેઓનો હું તમને હવાલો આપું છઉં; હું કમરા તે તેઓ સમજી જશે કે લંડનમધ્યે ધંધાવાળા પુરુષોમાંથી અથવા કાયદા જાણનારાઓમાંથી અથવા દરબારી પુરુષોમાંથી સ્ત્રીની મંડળી કાઢાડી નાખી તો તેઓની અરધી શક્તિ તમે લઈ લીધી તથા તેઓનાં જીવતરનું અરધો અરધ કરતાં વધારે સુખ લઈ લીધું એમ કેહેવાશે."

વિલાયતના લોકો સ્ત્રીજાતને ઘણું માન આપેછે. સ્ત્રીજાત નાજુક છે અને તેનું તન તથા મન કોમળ છે. તેનાં કોમળ તનને ઈજા ન પોહોચે અને તેનાં કોમળ મનને દુઃખ ન થાય એવી તજવીજ વિલાયતના લોકો રાખેછે. સ્ત્રીની મરજી બને ત્યાંસુધી તેઓ સાચવેછે. સ્ત્રી બેઠી ન હોય ત્યાં સુધી પુરુષથી બેસાય નહી. તમે કોઈ સ્ત્રીને ઓળખતા નહી હો તે છતાં તે તમારી પાસે ઉભી હોય અને તમે બેઠા તો તેને જગ્યા આપવી જોઇએ. હરએક મંડળીમાં

સ્ત્રીને પેહેલું માન મળેછે. સ્ત્રી બોલતી હોય તો તેની વાત પેહેલી સાંભળવી. મંડળીમાં બાવા પીવાની જણસ આણી હોય તો સ્ત્રીને પેહેલી આપવી. સ્ત્રીને કંઈ જોઇતું કરતું હોય તો પેહેલું આપવું. ટુંકામાં હરએક રીતે અને હરએક વાતે જેમ બને તેમ સ્ત્રીનું માન રાખવું.

આપણા દેશમાં સ્ત્રીજાતનું માન નથી. કેટલાએક દેશીઓ સ્ત્રીને પગનું બાસડું ગણેછે!! સ્ત્રી મરણ પામી તો પગનું બાસડું ગયું એમ બોલીને તરત બીજી સ્ત્રી કરી નાખેછે. "વહ અને વંશતરૂં કરવાને સ્ત્રી પેદા થઇછે; સ્ત્રીજાતને દબાણમાં રાખવી જોઇએ; જેણે ઘણાં પાપ કર્યાં હોય તેને પેટ છોકરી અવતાર પામે; છોકરી થઈ એટલે તે 'રાંડને' ટપલા મારવા" ઇત્યાદિ વચનો દેશીઓને મોહોડે જ્યારે ત્યારે નિકળેછે. વિલાતની સ્ત્રીનું ઉપલું ચિત્ર જુઓ અને દેશી સ્ત્રીઓનું આ ચિત્ર જુઓ. કેટલો બધો ફેર!!

જે દેશમાં સ્ત્રીજાતનું માન નહી તે દેશનું તોલ સુધારાનાં ત્રાજવામાં થઈ રકે નહી. એ દેશ દુનિયામાં કદી મોટાઈ ઉપર આવેજ નહી. જેની સાથે લગ્ન કરીને તમે જન્મની પ્રીતિ બાંધી તેને તમે આવી રીતનું અપમાન કરોછો; તથા જે બાળક છોકરીએ તમારે પેટે અવતાર લીધો તેનું આવું અપમાન કરોછો એ વાત વિલાયતના લોકો જાણીને ઘણાજ અચરત પામે. તમે તમારાં ઘરનું માન ન રાખો તો દુનિયામાં તમારૂં માન ક્યાંથી વધે? સ્ત્રી તમારૂં ઘર છે માટે તેનું માન જરૂર રાખવું જોઇએ. એ માન વગર આપણો દેશ મોટાઈ ઉપર આવશેજ નહી.

"All who have aspirations for a high political future for this country should know that those great changes which they look for cannot be achieved without raising the social position of the *women* of this country generally."

Speech of H. E. Sir B. Frere.

આ પ્રમાણે આપણા ગર્વનર સાહેબ–સર બાર્ટલ ફ્રિયર–એક ભાષણમાં બોલ્યા હતા. આપણા દેશ સંબંધી આ ગવર્નર સાહેબે ઘણો

અનુભવ મેળવ્યોછે. તેઓ એમજ કેહેછે કે જ્યાંલગી તમે તમારી સ્ત્રીઓનું માન વધારશો નહી ત્યાંલગી રાજપ્રકરણ સંબંધી તમારી મોઠી ઉમેદ પાર પડશે નહી. ગવર્નર સાહેબનાં આ પ્રમાણે કેહેવામાં મોટો અને ઉંડો અર્થ છે તે દેશીઓએ સમજવો જોઈએ.

હું કબુલ કરું છઉં કે જ્યાંલગી અપણી સ્ત્રીઓ કેળવણીના સણગારથી બેનશીબ રેહેશે ત્યાંલગી જેવું અને જેટલું માન વિલાયતની સ્ત્રીઓને મળેછે તેવું અને તેટલું માન આપણી સ્ત્રીઓને આપણાથી અપાશે નહી. એક અણઘડ અને મુર્ખ માણસ ઘણાં માનથી ફુલાઈ જાયછે અને તેનો નઠારો ઉપયોગ કરેછે; તેમજ અણઘડ અને મુર્ખ સ્ત્રી વિષે જાણવું. તેની લગામ હાથમાં રાખી તમે તમારી સ્ત્રીનું–એટલે તમારાં ઘરનું માન રા માટે રાખતા નથી?

વિલાયતમાં સ્ત્રી પોતાનાં કુંટુંબને ઘણી મદદ કરેછે. ભોજન તઈયાર કરવાની અથવા તે ઉપર કારભાર કરવાની મેહેનત કરેછે એટલુંજ નહી પણ ઘર સંબંધી બધી વાતની તજવીજ રાખેછે. બન્દર લાવવાની, હિસાબ રાખવાની, કપડાં ખરીદ કરવાં કે સિવડાવવાની, છોકરાંઓનાં કપડાંની અને કુંકામાં ઘર સંબંધી બધાં કામની તે કાળજી રાખેછે. ધણીને ઘર સંબંધી કંઈ પણ ફિકર કે ચિંતા રેહેતી નથી; તે એટલે સુધી કે તેનાં કપડાંમાં જરા ડાગ કે મેલ લાગ્યો હોય અથવા જરા પણ કપડું ફાટ્યું હોય તો તેની સ્ત્રીએ તેને કહ્યા વગર સાફ અને દુરસ્ત કરી રાખ્યું. કોઈ મંડળીમાં જે ધણીનાં કપડાં ઉપર મેલ રહેલો દેખાય અથવા જે ધણીનું કપડું ફાટેલું માલમ પડે તે ધણીની સ્ત્રી નઠારી હશે એમ સહુ મનમાં જાણશે. અરે આપણા દેશની સ્ત્રીઓ ઘરનો બધો ભાર ક્યારે ઉંચકી લેશે?

વિલાયતમાં કેટલીએક સ્ત્રી શ્રેષ્ટ (ઉંચા) ધંધા કરેછે. છોકરીઓને શિખવવાનો કે ગ્રંથ લખવાનો ધંધો વિલાયતની કેટલીએક સ્ત્રીઓમાં ઘણો સાધારણ છે, એ તમે જાણતા હશો. કોઈ કોઈ સ્ત્રી ડાક્ટરનો ધંધો કરનાર પણ નિકળશે. ગ્રહસ્થ વર્ગની સ્ત્રીઓને ધણું કરીને ધંધો કરવાની જરૂર પડતી નથી ને પડેછે તો મેં જણાવ્યા તે

ધંધા કરીને પોતાનાં કુટુંબના ખરચમાં મદદ કરેછે. ઉતરતા વર્ગમાં ધંધો કરનાર સ્ત્રીઓ ઘણી નિકળશે. હલકા વર્ગના લોકો વિષે હું લખીશ. ત્યારે એવી સ્ત્રીઓની સ્થિતિ વિષે કેટલીએક વાત તમને જણાવીશ.

ઘરની રીતભાત.

ઈંગ્લંડના લોકોનાં ઘરની રીતભાતમાં અને આપણા દેશના લોકોનાં ઘરની રીતભાતમાં ઘણો ફેર છે. ઈંગ્લંડમાં ચહડતા વર્ગના લોકો ઘરમાં ઘણી મર્યાદા સાચવેછે. એક એક ઘરમાં સઉ પોતપોતાના ઓરડાનાં બારણાં ઉઘાડાં મુકીને બેસતા નથી. ઘરમાં દરએક ઓરડાનું બારણું ઘણુકરીને ઢાંકેલું રેહેછે. તમે એકબીજાના ઓરડાનું બારણું ઉઘાડો તે પેહેલાં આંગલીની ટોચથી જરા ઠોકવું જોઇએ. માંહેથી "યસ" અથવા "કમ-ઈન" એવો સાદ નિકળે એટલે તમે તે ઉઘાડીને દાખલ થઈ શકો. ડ્રૉઇંગ-રૂમ અથવા બેસવાના ઓરડામાં તમે બેચાર બેઠા હો તોપણ તેનું બારણું બંધજ રેહે.

ઘરમાં એક બીજાને દેખે તેમ ઉઘાડે શરીરે ફરાય નહી. આખામાં શરીર ઉપર કંઇ અંગવસ્ત્ર પેહેરીનેજ એકબીજાના ઓરડામાં અથવા ડ્રૉઇંગ-રૂમમાં જવાય. કેડ ઉપરનો અરધો શરીરનો ભાગ ઉઘાડો મુકીને ફરો તો ચાલે નહી. આવી રીતે અરધા ઉઘાડા ફરો તો "અરધા નાગા" છો એમ કેહેવાય. આવી હાલતમાં તમે તમારા સુવાના ઓરડામાં બેઠા કે ઉભા હો તો તમારી દાસી પણ તમારા ઓરડામાં એકા એક આવશે નહી. આપણા દેશી હિંદુઓમાં આવી-રીતે અરધા ઉઘાડા-અથવા વિલાયતના લોકોના વિચાર પ્રમાણે,અરધા નાગા-ફરવાની મુદલ લાજ નથી. પારકી સ્ત્રીની હજુરમાં આવી હાલતે બેસવું અથવા ઉભું રેહેવું એ વિલાયતમાં મોટી લાજ ગણાયછે.

શરીરનો આખો કે અરધો ભાગ ઢાંકવાની મર્યાદા વિષે જુદા જુદા લોકોનો વિચાર જુદો જુદો છે. તે છતાં આટલી વાત ચોકસ છે કે જે લોકો તમામ જંગલી હોયછે તેજ લોકો તમામ નાગા અથવા તમામ ઉઘાડા ફરેછે. આ પ્રમાણ લઇએ તો જે લોકો અરધા

ઉઘાડાં ફરે તે લોકો અરધા જંગલી ગણાવા જોઈએ. હું એટલું પણ મોકસ કહી રાકું છઉં કે આપણા ઉંચા વર્ગના દેશીઓને અરધા ઉઘાડા ફરતા જોઇને ઇંગ્રેજ ગૃહસ્થોને તેમાં અગત્ય કરીને તેમની સ્ત્રીઓને તિરસ્કાર કે કંટાળો ઉપજતો હશે. ઇંગ્રેજ ગૃહસ્થો સાથે આપણે મિત્રાચારીનો સંબંધ બાંધવાને ઇચ્છા રાખતા હોઇએ તો તેમને આવો કંટાળો ઉપજાવવાનું કારણ જેમ બને તેમ થોડું આપવું. (વિલાયતના લોકો પથારીમાંથી ઉઠતાંને વાર દાતણપાણી કરવા અગાઉ ચાહે પીએછે.) જેઓ દાઢીમુછ રાખતા નથી તેઓ નિત્ય દાઢીમુછ પોતાને હાથે ધણુંકરીને બોડેછે. કેમકે આપણા દેશની પેઠે ઘેરઘેર બારણે હજામ ફરતા નથી. એ દેશની હવા ઠંડી હોવાથી તેઓને માથાના વાળ રાખવા પડેછે. આ વાળ જ્યારે ધણા મોટા થાયછે ત્યારે તેઓ હજામને બોલાવી કે તેની દુકાને જઇ કતરાવેછે. કેટલાક ઇંગ્રેજો દાઢીમુછ રાખવા લાગ્યાછે તેઓને નિત્ય અસ્ત્રો લેવાની જરૂર પડતી નથી. દાઢીમુછ રાખનારાઓની સંખ્યા નાહાની છે પણ તેમાં વધારો થતો જાયછે. જેઓને દાઢીમુછ બોડવાની ટેવ છે તેઓ નિત્ય બોડ્યા વગર બાહાર નિકળતા નથી.

વિલાયતના લોકો દાતણ કરતી વખત "ટુથ-બ્રશ" વાપરેછે. તેઓ આપણા દેશીઓનાં જેવું દાતણ વાપરતા નથી. વળી તેઓ આપણી પેઠે બારીમાં ઉભા રહીને અથવા ઓટલા ઉપર બેસીને દાતણ કરતા નથી. તેઓ પોતપોતાના સુવાના ઓરડામાં હાથમોહો ધોવાની ટેબલ આગળ ઉભા રહીને દાતણપાણી કરેછે. એ ટેબલ ઉપર હાથમોહો ધોવાનું વાસણ હોયછે તેમાં હાથમોહો ધોયછે. જીભ ઉપરની મોળ કાહાડવાને તેઓ "ટંગ-સ્ક્રેપર" નામની ચીર વાપરેછે. એક બ્રશ તથા ચીર ઘણા દાહાડા સુધી ચાલેછે. આપણે જેમ દાતણ કર્યા પછી દાતણ ફેંકી દઇએ તેમ તેઓ કરતા નથી.

તેઓ નિત્ય નાહાતા નથી, તે છતાં તેઓ ધણુંકરીને સ્વચ્છ તથા સુઘડ રેહેછે. (ધ્યાનમાં રાખવું કે હલકા વર્ગના લોકો વિષે હું બોલતો નથી.) ઇંગ્રેજ ગૃહસ્થની નાહાવાની રીત પણ જુદી છે.

તેઓ થોડું થોડું પાણી શરીર ઉપર રેડીને નાહાતા નથી. તેઓ અનેક તરેહના 'બાથ' વાપરેછે. ઘણુંકરીને લાંબા ઘાટના રંગીન પીપમાં પાણી ભરીને તેમાં લાંબા પડીને નાહેછે. "શૉવર-બાથ" વાપરેછે તેમાં ઉંચેથી ચાળણી જેવાં વાસણમાંથી પાણીની અનેક ધારા માથા ઉપર વરસાદની પેઠે વરસેછે. "ફૂટ-બાથ" વાપરેછે ત્યારે પગ ધોઇને સાફ કરેછે તથા વાદળ ભીંજવીને આખું સરીર લુંઈ (લુછી) નાખેછે. તેઓ નાહતી વખત અંગવસ્ત્ર મુદ્દલ રાખતા નથી; પણ સાવ નાગા થઇને નાહેછે.

વિલાયતના લોકો ઘણુંકરીને ચાર વખત ખાયછે. સવારે "બ્રેક-ફાસ્ટ" એટલે નાસ્તો કરેછે. બપોરે "લંચન" અથવા ટુંકો કરેછે. સાંજરે "ડિનર" એટલે ભોજન કરેછે. રાત્રે ચાહા કે કાફી લેતી વખત કંઈ મિઠાઈ કે મેવો ખાયછે. આ ચારે વખતમાં "ડિનર" એટલે ભોજનની વેળા મોટી અને મુખ્ય ગણાયછે. તે વેળાએ પકવાન ઘણાં હોયછે. દરએક પકવાનને તેઓ "ડિશ" કેહેછે. તેઓની જમવા બેસવાની અને જમવાની રીતભાત જુદી તરેહની છે. એ વિષે હું આઠમાં પ્રકરણમાં લખીશ.

ફુરસદનો વખત તેઓ ઘરમાં કે બાહાર કેવી રીતે વાપરેછે એ વિષે હવે હું તમને થોડામાં જણાવું છઉં. બાયડી છોકરાંઓ ઘરની પાસે બાગ કે બગીચો જો હોય તો તેમાં કેટલોએક વાર ફરેછે ને ઝાડ-પાન તપાસેછે. 'ડ્રૉઇંગ-રૂમ'માં બેસેછે ત્યારે ઘણુંકરીને કંઈપણ કામ હાથમાં લઈ બેસેછે. કોઈ ચોપડી વાંચેછે અને તેમાં કંઈ રમુજ જેવું અથવા જાણવા જેવું હોયછે તે બીજાઓને વાંચી સંભળાવેછે. કોઈ ચિત્ર પાડેછે. કોઈ ઉનનું કે રેશમનું ભરત ભરેછે. કોઈ સીવવાનાં યંત્રથી સીવેછે. ઘરમાં શોહોર કે ધોબીઘાટ ઘણુંકરીને જણાતો નથી.

આ બધા ઉદ્યોગમાં મનને વિશ્રાંતી તથા ગમત આપવાને તેઓ ભુલી જતા નથી. એ માટે તેઓ અનેક પ્રકારની વાતચિત કરેછે અને તેમાં આનંદ પામેછે. તેઓની વાતમાં વિવેક, પ્રેમ, મિઠાસ અને નરમાસ માલમ પડેછે. જીવને ખુશ કરવાને માટે તથા

HISTORY OF THE SECT

OF

MAHÂRÂJAS OR VALLABHÂCHÂRYAS.

(With Two Plates.)

A FURTHER supply of this Work has been received via Cape, and it is now to be had at its English price—12 shillings or 6 rupees. The following Opinions of the British Press will show the importance of the Work.

Opinions of the British Press.

Pall Mall Gazette.—"Every one who takes an interest in India should make the acquaintance of this volume about the Mahârâjas. The famous trial just referred to is reported in it in full; and it deserves, with the greater part of the book, the heedful study of our legislators and philanthropists."—*May*, 17, 1865.

Globe.—"This volume contains matter well worthy the attention of Indian reformers, both theoretical and practical. Persons of a social, and scientific turn of mind, who are not specially connected with India, and only know from books what the Hindoo varieties of religion and morality are, should also read this volume."—*May* 29, 1865.

Westminister Review.—"Meanwhile, those native gentlemen who are engaged in the work of reform will do well to concentrate their attention on specific objects, on the exposure and removal, in their several localities of particular corruptions, such as those which gave occasion to the remarkable trial related in this highly interesting book."—*April* 1865.

Watchman.—"In the course of the trial so complete an exposure of the real character of this sect of Hindoos took place, that the editor of this volume has thought it might conduce to the interest of truth to bring the subject before the British public. He has performed his task with honesty and ability, and those who have the true welfare of India at heart will be disposed to thank him for very valuable though indirect aid in promoting it."—*April* 5, 1865.

Literary Gazette.—"The complete history of the sect of Vallabhâchâryas which is unfolded here, reads like a chapter of romance, with more 'sensation' than even Miss Braddon would resort to in her wildest flights. It is the history of a class of Priests claiming to be of divine origin, who have succeeded in elevating the grossest immorality to a law of heaven. To attack these Mahârâjas personally as Luther attacked Pope, seems to be the first step in the great reformatory movement of India"—*February* 10, 1865.

Athenæum.—"The book is rather a compilation, and a valuable one, by some person who seems to know his subject well and to be acquainted with the native languages."—*February* 25, 1865.

Morning Herald.—"The present volume minutely describes that (foul) service, compared with which the abominations of Mormanism are decent."—*April* 21, 1865.

Guardian.—"The scholar will find in this copious extracts from Prem Sâgar and other parts of the Purans, which give an idea of the spirit of the Hindoo religion in its earlier stages, as well as from the still more ancient Vedic books."—*November* 8, 1865.

London Review.—"We concede to the writer of this volume that the subject of which he treats is important since it concerns the happiness of millions."—*April* 1, 1865.

Illustrated News of the World.—"A strange and fearful book is this written we believe from internal evidence by a native and therefore to be depended on."—*May* 13, 1865.

Morning Star.—"This work is written by an author evidently well acquainted with his subject."—*April* 15, 1865.

Spectator.—"Its value to the student is very great."—*April* 8, 1865.

Copies to be had at
Messrs. Thacker Vining &co.
&
Duftar Ashkarâ Press.

રૉયલ એક્સચેંજ તથા બ્યાંક ઑવ ઇંગ્લંડ.

(૧૧)



સેત્રંજની રમત.

મનને વધારે વિશ્રાંતી આપવાને તેઓ કંઈ રમત માંડી બેસેછે. તેઓ કોઈ વેળા "કાર્ડ" અથવા ગંજીફે રમેછે. કોઈ વાર 'દામ'ની રમત રમેછે. કોઇવાર સેત્રંજની રમત માંડેછે. આવી અનેક રમત રમતાં તેઓ બહુ ખુશીમાં આવી જાયછે. ઘરમાં રમવાની આ ત્રણ ચાર મુખ્ય રમત કેહેવાયછે; એ વગેરે બીજી અનેક જાતની રમત છે તે વિષે વિસ્તાર કરવાની હું જરૂર જોતો નથી. તેઓ કોઈવાર પિયાનોફોર્ટ (વાજીંત્ર) વગાડેછે અને તાનમાં આવેછે ત્યારે ગાવા પણ માંડેછે. ભરથાર પોતાની સ્ત્રીને કેહેછે કે "મારી વાહાલી એક ગીત ગા" તો તે મધુર અને ઝીણા રાગમાં એકાદ બે ગીત ગાઇને તેનું તથા આખાં કુટુંબનું મન ખુશી કરેછે. કોઈવાર તે કુટુંબના છોકરાંઓ પણ ગાવા માંડેછે. તાહાડના દાહાડામાં આખું કુટુંબ તાપણી આગળ તાપવા બેસેછે અને ઘણીએક વાત કરીને આનંદ પામેછે. વિલાયતમાં કોઈ ગૃહસ્થનાં ઘરનું સુખ જોવું હોય તો તાપણી આગળ જ્યારે ખુશીથી અને પ્રીતિથી વાત કરેછે ત્યારે જોવામાં આવશે.



બિલિયર્ડસની રમત.

કોઇવાર "બિલિયર્ડસ" અથવા ટેબલ ઉપર દડાની રમત રમેછે. કોઇવાર આખું કુટુંબ બાહાર ફરવાને નિકળેછે. લંડન શ્હેરમાં હોયછે ત્યારે પાર્કમાં ફરવા નિસરેછે. ગામમાં હોયછે ત્યારે અરણ્ય એટલે જંગલમાં ફરવા જાયછે. કોઇવાર ઘોડા ઉપર બેસીને સેલ મારવા નિસરેછે. કોઇવાર બંદુક લઇને શિકાર કરવા નિકળેછે. ઇંગ્રેજ ગૃહસ્થોને શિકાર કરવાનો ઘણોજ પ્રેમ અને અભ્યાસ હોયછે. તેઓ જંગલમાં ઘણુંકરીને પક્ષીઓનો કે હરણ વગેરેનો શિકાર કરેછે. શિકારમાં એકબીજાથી સરસ થવાની તેઓ મેહેનત કરેછે.

જે પ્રમાણે શિકારમાં એક બીજાથી સરસ થવાની મેહેનત કરેછે તે પ્રમાણે ઘોડા દોડાવવામાં, અથવા પગે દોડી જવામાં, અથવા નદી કે સરોવર કે સમુદ્રમાં મછવામાં બેસી એક બીજાથી આગળ નિકળી જવામાં અને એ વગેરે બીજી તરેહવાર અંગબળની કસરતમાં એક એકથી સરસ થવાની તેઓ બહુ મેહેનત લેછે.

"ગૉલ્ફ" નામની દડો ફેંકવાની રમત.

આ અનેક જાતની રમતમાં મોટી ઉમરના પુરુષ સામેલ થાયછે. મોટી ઉંમરે આવી અંગખળની રમતમાં સામેલ થવું એ આપણા લોકોમાં લાજભરેલું ગણાયછે. પણ લાજ રાખવી અને રાખવી નહી એ વિષે આપણા લોકોના વિચારકેટલીએક બાબતમાં ભુલભરેલા છે. શરીરની કસરત ન રાખ્યાથી આપણે આવા પોચા થઈ ગયા છઇએ.

તેઓમાં "ક્રિકેટ" અથવા દડાની રમત ઘણીજ સાધારણ છે. બીજી રમત "ગૉલ્ફ" નામની પણ ઘણી સાધારણ છે. આ રમત દડથી રમેછે ને તેમાં અંગખળ વાપરવું પડેછે.

અભ્યાસ.

વિદ્યાહુન્નરનો અને રાજપ્રકરણનો અભ્યાસ રાખવાની વિલાયતમાં મોટી ઉંમરના ગૃહસ્થોમાં ટેવ પડી ગઇછે. એ ટેવથી તેઓને અને તેઓના દેશને બહુ ફાયદો થયોછે અને નિત્ય થતો જાયછે. એવી ટેવ આપણા દેશી ગૃહસ્થોમાં સુદ્દલ નથી એમ જો હું કહું તો તે ધણુંકરીને ખોટું પડશે નહી. આપણા દેશમાં મધ્યમ સ્થિતિના લોકોને અભ્યાસમાં હરકત પડેછે તે હું કબુલ કરૂં છઉં. આપણી સ્ત્રીઓ વગર કેળવાયળી હોવાથી મધ્યમ હાલતના ગૃહસ્થોને ઘરનો ખટલો ચલાવવામાં ફુરસદનો ઘણો ખરો વખત નિકળી જાયછે ને અભ્યાસને માટે વખત ઘણોજ થોડો રેહેછે. નિત્ય બજાર મંગાવવું અથવા લઈ આવવું, પોતાને તથા કુંટુંબને માટે કપડાં વેચાતાં લેવાં, કપડાં ધોવા આપવાં તથા ધોવાઈ આવે ત્યારે ગણીને લેવાં અને મુકવાં, અનાજ તથા ઘી તેલ મંગાવવું કે આણી આપવું, ઘરનો ખરચ લખવો, દરજીને બોલાવવો અને પાસે બેસીને કપડાં વેતરાવવાં–આવો ઘરવેહેવાર વિલાયતમાં સ્ત્રીને કરવો પડેછે અને પુરૂષને અભ્યાસ કરવાનો અવકાશ મળેછે.

એટલામાટે વિલાયતના મધ્યમ સ્થિતિના લોકોને જેવો અવકાશ અભ્યાસને માટે મળેછે તેવો આપણા દેશના તે વર્ગના લોકોને મળતો નથી એ વાત હું ધ્યાનમાં લઉં છઉં. તે છતાં દેશી શ્રીમંતોને પૂરો અવકાશ મળેછે તેઓમાં અભ્યાસની ટેવ મુદલ નથી અને મધ્યમ હાલતના લોકોને બહુજ થોડો અવકાશ મળેછે તેઓમાં ત્રીજી ટેવ નથી એ વાત તમે કબુલ કરશો. વિલાયતમાં વિદ્યા હુન્નરનો તથા રાજપ્રકરણનો અભ્યાસ મોટી ઉંમરે કામ ધંધામાં કે સંસાર–ખટલામાં પડ્યા પછી પણ રાખ્યો એ નિયમ શ્રીમંત તથા મધ્યમ સ્થિતિના ગૃહસ્થોમાં ઘણુંકરીને જોવામાં આવશેજ.

વિલાયતમાં વિદ્યા હુન્નરની જે કાંઈ શોધ થાયછે તો ઉપર કહેલા વર્ગના લોકો તેથી વાકેફ રેહેછે; રાજપ્રકરણની બાબદમાં જે કાંઈ તકરાર ચાલેછે તો તે વિષે મહેતગારી રાખેછે. તેમ જો ન કરે તો હરએક મંડળીમાં એ સંબંધી વાત નિકળતાં તેમનું અજ્ઞાન માલમ પડે ને મેં અગાઉ જણાવ્યુંછે તે પ્રમાણે તેઓ બુબકમાં અથવા મુર્ખમાં ખપે. બધાઓએ ઘણુંકરીને સાધારણ બાબદોની ખબર તથા મહેતગારી રાખવી જોઈએ. એટલામાટે પુસ્તક તથા વર્તમાનપત્ર વાંચવાનો અભ્યાસ રાખવાની તેમને જરૂર પડેછે.

આ તો સાધારણ બાબદોનો અભ્યાસ કેહેવાય. પણ જેઓ જે કામમાં પડ્યાછે તેઓ તે કામ સંબંધી અભ્યાસ કરવાની વધારે કાળજી રાખેછે. જે વિદ્યામાં જેનું મન લાગ્યુંછે તે વિદ્યાના અભ્યાસમાં તે મંડ્યો અને મશ્ગુલ રેહેછે. જે હુન્નરમાં જેનું "નશીબ" ચોંટ્યુંછે તે હુન્નરના અભ્યાસમાં તે વળગી રેહેછે. જે શ્રીમંતો છે અથવા જેઓ પાર્લામેંટના અધિકારીઓ છે તેઓનું બધું ધ્યાન રાજપ્રકરણના અભ્યાસમાં વળગી તથા ચોંટી ગયુંછે. વિલાયતમાં જેઓ પ્રસિદ્ધ કે પંકાયલા થવાની ઇચ્છા રાખેછે તેઓ પઈસાનાં બળથી નહી પણ અભ્યાસનાં બળથી રાખેછે. લોકોમાં પ્રસિદ્ધ થવું અને

દરબારમાં માન મેળવવું સર્વ દેશના લોકોને ગમેછે. પણ આ કારણ માટે આપણા દેશના શ્રીમંતો હજારો અને લાખો રૂપીયા ધર્મ કે પરોપકારને નામે આપેછે તેમ વિલાયતના લોકો કરતા નથી.

હું એમ નથી કેહેતો કે ધર્મ તથા પરોપકાર માટે તેઓ મોટી રકમ ખરચતા નથી. મારી કેહેવાની મતલબ એ છે કે તેઓ ઘણુંકરીને પઈસાનાં બળથી પંકાવા ઇછતા નથી. તેઓ રાજપ્રકરણમા, કે વિદ્યા હુન્નરમાં અભ્યાસ કરીને પંકાવાની ઇછા રાખેછે. હું ધારૂં છઉં કે અપણા દેશમાં પઈસા ખરચીને માન ખરીદ કરનાર શેઠીઆઓને જ્યારે માન મળતું બંધ પડશે અને જેઓ પોતાના ઉદ્યોગ તથા અભ્યાસવડે પંકાવા ઇછતા હશે તેમનેજ જ્યારે માન મળવા લાગશે ત્યારેજ આ દેશનો દાહાડો ફરશે અને ત્યારેજ શ્રીમંતોને અભ્યાસ કરવાની જરૂર પડશે.

મુસાફરી.

વિલાયતનાં શ્રીમંત તથા મધ્યમ સ્થિતિનાં લોકોમાં મુસાફરીનો શોખ છે એટલુંજ નહી પણ જે ગૃહસ્થે મુસાફરી કરી નથી તેનું જ્ઞાન ઓછું અને અનુભવ કાચો એમ ગણાયછે. વિલાયતમાં મુસાફરી, કેળવણીનો એક મુખ્ય અને અગત્યનો ભાગ ગણાયછે. વિદ્યા હુન્નરનાં સાધન વિલાયતમાં સંપૂર્ણ હોવા છતાં ત્યાંના લોકો જ્યારે મુસાફરીને અગત્યની ગણેછે ત્યારે આપણા દેશીઓને મુસાફરીની કેટલી અગત્ય છે તેનો વિચાર તમે સેહેલાઇથી કરી શકશો.

વિલાયતનાં શ્રીમંત તથા મધ્યમ લોકો ઘણુંકરીને ઉનાળાની મોસમમાં મુસાફરી કરવા નિકળેછે. કેટલાંએક ઇંગ્લંડ તથા સ્કૉટલંડ તથા આયરલંડનાં જુદાં જુદાં ગામો તથા શેહેરોમાં મુસાફરી કરવા નિસરેછે. કેટલાંએક ફ્રાન્સ તથા જરમની તથા ઇટાલી વગેરે યુરોપના જુદા જુદા દેશોમાં મુસાફરી માટે ઉતરી પડેછે. કેટલાંએક અમેરીકા તરફ જાયછે ને કોઈ કોઈ આપણા દેશ તરફ માત્ર મુસાફરીન માટેજ આવેછે. આપણા દેશમાં આ વરસે (એટલે ૧૮૯૫ માં)

બે પ્રખ્યાત પુરુષો મુસાફરી માટે આવ્યાછે તે આ લખતાં લખતાં મને યાદ આવેછે. એક આફ્રિકાનો પ્રખ્યાત મુસાફર ડાકટર લિવિંગ્સ્ટન્ અને બીજો લૉર્ડ એડવર્ડ સિમોર.

વિલાયતના શ્રીમંતો જ્યારે મુસાફરી કરવા નિકળેછે ત્યારે પોતાની સાથે માણસોનો ખટલો રાખતા નથી. આપણા દેશના શ્રીમંતો એમ સમજેછે કે જેમ વધારે માણસો સાથે લઈને બાહાર નિસરે તેમ વધારે શ્રીમંતાઈ માલમ પડે. આવી ખોટી પતરાજી દેખાડવાને વીલાયતના શ્રીમંતો મુદલ ઈચ્છતા નથી. વિલાયતના રાજાઓ પણ જ્યારે મુસાફરી કરવા નિકળેછે ત્યારે જરૂર કરતાં વધારે માણસો સાથે લેતા નથી. આપણા દેશના ઠાકોરો તથા સરદારોમાંથી જ્યારે કોઈ મુંબઈ આવેછે ત્યારે માણસોનો કેટલો બધો ખટલો સાથે લાવેછે! આથી ખરચ વધેછે અને મુસાફરી કરવામાં હરકત પડેછે. આ વિષે આપણા ગવરનર સાહેબ સર બાર્ટલ ફ્રિયરે બેલગામની દરબારમાં ભાષણ કરતાં જે વિચાર આપ્યો હતો તે આપણા દેશી ઠાકોરોએ તથા સરદારોએ ધ્યાનમાં રાખવો ઘટેછે.

અરે આપણા દેશીઓમાં મુસાફરી કરવાની પ્રીતિ કેટલી થોડી છે? મેં જણાવ્યુંછે કે આપણા દેશીઓ જ્યાંસુધી સુધરેલા દેશોમાં પ્રવાસ કરવા નિકળશે નહી ત્યાંસુધી આ દેશનો દાહાડો ઉઘડશે નહી. અરે આવી મુસાફરીનો શોખ આપણા શ્રીમંતોમાં ક્યારે ઉત્પન્ન થશે? તેમાં અગત્ય કરીને હિંદુ શ્રીમંતો ક્યાંસુધી ન્યાતની બિહિક રાખી ઘરનાં ખુણામાં ભરાઈ રેહેશે? આવિષે જરૂર વિચાર કરવો જોઇએ.

આ બાબદ આપણા હાલના ગવર્નર સાહેબ સર બાર્ટલ ફ્રિયરના વિચાર હું અત્રે પ્રગટ કરું છઉં. હું વિલાયત જઈ આવ્યો તેને થોડા મહિના થયા પછી મુંબઈ યુનિવરસિટિની પદવી આપવા વિષેની સભા ટાઉનહૉલમાં મળી હતી. (તા૦ ૧૬ મી એપ્રિલ ૧૮૬૪.) તે વેળાએ ગવર્નર સાહેબ વિલાયતની મુસાફરી કરવા વિષે ઘણા જોરમાં બોલ્યા હતા. તેટલામાટે એ સાહેબનાં ભાષણના બોલ અત્રે નોંધી લેવાની અને તે ઉપર મારા દેશીઓનું ધ્યાન પુગાડવાની હું વિનંતી કરું છઉં.

દેશાટણ વિષે આ પ્રખ્યાત ગવર્નર સાહેબ નીચે પ્રમાણે બોલ્યા:-

" This passion for foreign travel has gone on increasing among all the advancing nations of Europe, down to the present day. Among the Under-graduates of our own Universities, there are few destined to hold a high place in academical honors, who do not habitually either travel as far and as often as their means will allow without serious interruption of their studies, or who look forward to be enabled to travel as one of the best rewards which can follow some temporary pause in the labour of learning. I think we see around us many reasons for hoping that in this respect, there is a movement going on in the awakening intellect of India, which, in fact, has marked the dawn of a new era of civilization in every age of which we have any record. It may be necessary to wait with patience till the prejudices which prevent the gratification of this most natural and wholesome form of education shall be counted among the things of the past; but it would be an insult to the intellect of India at this period, to suppose that many years can elapse before men will think with something like incredulity, that it was ever seriously contemplated to treat as outcastes men who had sought to improve their minds by foreign travel. In this, as in many other respects, the Parsees have shewn themselves worthy to lead their fellow countrymen, and scores of your fellow townsmen are now living and laboring in England, drinking in, as they walk the streets on their daily avocations, knowledge as valuable in its way as any that they could derive from books, and quite unattainable by any man who never stirs from his own native province. I trust that we shall not long be able to count travellers of other races by units. Every religious and domestic objection which ingenuity could raise has now been dissipated, and the educated youth of this part of India must be well aware, that if they would save themselves from the contempt of their fellow scholars in every other civilized country of the universe, they will talk and think of no other obstacle to foreign travel than such as the benefactions lately made to this University for the benefit of its poorer scholars are intended to remove."

Speech of H. E. Sir Bartle Frere.

આ ભાષણનો સારઃ—"દેશાટણ કરવાનો શોખ યુરોપના સુધરેલા દેશોમાં વધતો ચાલ્યો તે આજના દાહાડા સુધી વધતો ગયોછે. અમારી (વિલાયતની) યુનિવરસિટિમાં માન પામે એવા વિદ્યાર્થીઓ ઘણુંકરીને પોતાનાં ગજાં પ્રમાણે જેટલે સુધી અને જેટલી વાર બને તેટલે સુધી અને તેટલી વાર મુસાફરી કરવાને ચુકતા નથી. તેઓ પોતાના અભ્યાસનું સઉથી રૂડું ફળ મુસાફરી કરીને મેળવવામાટે ઘણા આતુર રેહેછે. આ બાબદમાં હિંદુસ્તાનની ઉગતી બુદ્ધિનાં લોકોમાં આરંભ થવા માંડ્યો હોય એવી નિશાની માલમ પડેછે. સુધારાનો આ એક નવો સને ઉગ્યો એમ લાગેછે. આ બાબદ લોકોનો ખોટો વેહેમ નિકળી જાય ત્યાંસુધી ખોટી થવાની કદાચ જરૂર હોય; પણ જે માણસોએ જ્ઞાન મેળવવામાટે દેશાટણ કરેલુંછે તેઓને ન્યાત બાહાર ગણવા જોઈએ એમ આ (સુધરેલા) વખતમાં વિચારવું એ હિંદુસ્તાનના બુદ્ધિવાન પુરૂષોની બુદ્ધિને હિણું લગાડનારી વાત છે. આ અને આવી બીજી અનેક બાબદોમાં પારસીઓએ આગેવાની કરીને માન મેળવ્યુંછે અને બીજા દેશીઓને દાખલો આપ્યોછે. કુડીબંધ પારસીઓ આજ ઇંગ્લંડમાં રહેલાછે અને ઉદ્યોગ કરેછે; અને જે માણસ પોતાના દેશનો ખુણો છોડી બાહાર જતો નથી તે માણસને જ્ઞાન મળી ન રાકે એવું જ્ઞાન તથા પુસ્તકથી જે જ્ઞાન થઈ રાકે તેવું જ્ઞાન વિલાયતમાં નિત્ય રસ્તે ચાલતાં ચાલતાં તેઓ મેળવી રાકેછે. હું આશા રાખું છઉં કે થોડી મુદતમાં પારસી શિવાય બીજી જાતના દેશીઓ વિલાયત જનારા ઘણા નિકળશે. આ બાબદમાં ધર્મ સંબંધી કે ઘર સંબંધી જે કંઈ વાંધો લેવામાં આવ્યોછે તે રદ થયોછે અને આ દેશના કેળવણી પામેલા જુવાન પુરૂષોએ જાણવું જોઈએ કે આ બાબદમાં દરએક સુધરેલા દેશના વિદ્યાર્થીઓ તમારો તિરસ્કાર કરેછે; તેમાંથી મોકળા થવું હોય તો દેશાટણ કરવાની અડચણ ટાળવાને આ યુનિવરસિટિમાં ગરીબ વિદ્યાર્થીઓમાટે ધર્માદા રકમ કાહાડવામાં આવીછે તેનોજ વિચાર કરો ને બીજી બધી વાત છોડી દેવી."



કેળવણી.

વિલાયતના શ્રીમંત તથા મધ્યમ સ્થિતિના લોકો પોતાનાં છોકરાંઓને કેળવણી આપવા માટે મોટો ખરચ કરેછે એજ ઉપરથી તમે કહી શકશો કે કેળવણીની કિંમત તેઓ સારીપેઠે સમજેછે. વિલાયત મધે જેઓ ગૃહસ્થમાં ખપેછે તેઓ પોતાનાં છોકરાંઓને ધર્મની નિશાળમાં મોકલવાનો અને મુફત કેળવણી આપવાનો વિચાર કદાપી કરશેજ નહી. છોકરાંઓને ભણાવવા માટે ખરચ કરવાની શક્તિ હોવા છતાં આપણા દેશીઓની પેઠે તેઓ ધર્મ ખાતાંની નિશાળોનો લાભ મેળવવા મુદલ ઇચ્છતા નથી. મુફત કેળવણી લેવી અને ભિખ લેવી એ બરાબર છે એમ તેઓ સમજેછે. કોઈ પાસેથી અનદાન કે વસ્ત્રદાન લેવામાં જેટલી શરમ છે તેટલીજ શરમ વિદ્યાદાન લેવામાં પણ છે એમ મારા દેશીઓ ક્યારે સમજશે?

વિલાયતમાં છોકરાંઓને બચપણથીજ રૂડી કેળવણી મળેછે. આપણા દેશીઓની પેઠે છોકરાંઓનાં દેખતાં ભુંડા બોલ અથવા ભુંડી

ગાળ દેવાનો તેઓમાં મુદલ ચાલ નથી; તેટલામાટે આપણાં છોકરાં-ઓની પેઠે તેઓનાં છોકરાંઓમાં બચપણથી ભુંડાં કામનો અને ભુંડી વાતનો વિચાર આવતોજ નથી. સફાઈ અને સુઘડતા રાખવાને તેઓ બચપણથી શિખેછે. હરએક વાતમાં વિવેક દેખાડવાને તેઓને બચપણથી કેળવણી મળેછે. બેસવા ઉઠવામાં વિવેક, ખાવા પીવામાં વિવેક અને બોલવા ચાલવામાં વિવેક ગૃહસ્થનાં છોકરાંઓ શિખેછે. વિલાયતમાં કેળવણીનો આ પહેલો ને જરૂરનો સણગાર ગણાયછે.

વિલાયતમાં છોકરાંઓને મનની કેળવણી સાથે તનની કેળવણી મળે છે. તન વગર મન શું કામનું? તનની કેળવણી વગર અંગબળ આવતું નથી. ઈંગરેજ લોકો અંગબળને માટે કેવા પ્રસિદ્ધછે તે તમે જાણોજ છોજ. ચાલવાની, દોડવાની, કુદવાની, ઘોડેસ્વાર થવાની, શિકારની, અને તરવાની કસરત તેઓમાં ઘણું કરીને બચપણથી હોયછે. રમતાં રમતાં કોઈ પડે, કોઈ ઝીકાય અને કોઇનું ડાચું રંગાય તોજ તે રમત નહી તો રમત શાની? જેને મુક્કી ખાતાં અને મુક્કી મારતાં આવડે નહી તે પોચો કેહેવાય અને છોકરીમાં ખપે.

મનની કેળવણીમાં માત્ર સ્કુલની કેળવણી અધુરી ગણાશે. કૉલેજની કેળવણી લેવી જોઇએ અને જુદી જુદી ઉંચી વિદ્યાનું જ્ઞાન મેળવવું જોઇએ. જુદા જુદા દેશોનો ઇતિહાસ જાણવો જોઇએ. ભૂગોળ તથા ખગોળનું જ્ઞાન થવું જોઇએ. અર્થવિદ્યા, વાદવિદ્યા, જ્યોત-

રવિદ્યા, પદાર્થવિજ્ઞાન, જળશાસ્ત્ર, વાયુશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણીતશાસ્ત્ર વગેરે અધ્યન કરવું જોઇએ. આપણા દેશી શ્રીમંતો માત્ર એટલોજ લોભ રાખેછે કે અમારા છોકરાઓને ઇંગ્રેજી બોલતાં અને વાચતાં બરાબર આવડે એટલે બસ; જળશાસ્ત્ર, વાયુશાસ્ત્ર અને પથરશાસ્ત્રનું આમારે શું કામ છે? આ વિચારના મારા દેશી શ્રીમંતોને હું એટલીજ સુચના કરવાની રજા લઉં છઉં કે વિલાયતના શ્રીમંતો તથા મધ્યમ હાલતના લોકો આવો વિચાર રાખતા નથી. ભાષા એ કંઈ વિદ્યા નથી પણ વિદ્યા મેળવવાનો રસ્તો છે.

વિદ્યાનાં બળ વગર વિદ્વાન ઇંગ્રેજો સાથે વાત કરવાથી કોઈ કોઈ વાર ફજેતી થયા વિના રેહેજ નહી. એક મુર્ખ માણસને બોલતાં સારૂં આવડે પણ તેનામાં વિદ્યાનું બળ ન હોવાથી તેની મુર્ખાઈ સેજ વાતમાં જણાઈ આવેછે. વિવેકને માટે તેને મોહોડે કોઈ કેહેતું નથી અને તે બિચારો બુબક કંઈ જાણતો નથી કે મેં મારી વાતમાં કે તકરારમાં શું મુર્ખાઇ કીધી? વિલાયતમાં ઉંચી કેળવણી પામેલા શ્રીમંતો તથા મધ્યમ હાલતના લોકો કંઈ સો બસો નથી પણ હજારો છે. આવો ઉંચો અભ્યાસ જ્યાંસુધી આપણા દેશના શ્રીમંતોના છોકરાઓ કરશે નહી ત્યાંસુધી આ દેશનો દાહાડો વળશે નહી.

વિલાયતમાં કેટલીએક "બોરડિંગ-સ્કુલ"છે. આ નિશાળમાં છોકરાંઓ રાત દાહાડો રહી શકેછે. તેઓને ખાવાપીવા અને સુવાનું મળેછે. તેઓને ભણવાનું અને રમવાનું મળેછે. પોતાનાં માબાપને આઠ દાહાડામાં એકાદવાર મળવા જાયછે અને એક આખો દાહાડો તથા એક આખી રાત પોતાનાં માબાપને ઘેર રહી પાછા પોતાની નિશાળે જાયછે. આથી મોટો લાભ એ થાયછે કે માબાપના લાડથી તેઓ વેગળા રહી શકેછે ને તેથી કરીને અભ્યાસ ઉપર વધારે ચિત રાખી શકેછે તથા પોતાની સંભાળ પોતે લેવાને બચપણથી શિખેછે. આવી નિશાળોની આપણા દેશમાં બહુ અગત્ય છે.

ગરીબનાં તથા હલકા વર્ગનાં છોકરાંઓને કેળવણી આપવા માટે ઘણી નિશાળો છે. કેટલીએક "સંડ-સ્કુલ"છે. તેમાં રવીવારને

દાહાડે મજુરનાં છોકરાંઓ કામ ઉપર ન જાય તેમને શિખવવા માટે કાહાડીછે. એ શિવાય ધર્માદા નિશાળ (ચારિટિ સ્કુલ) બીજી ઘણી છે. સુતર તથા કાપડનાં કારખાંનાં સાથે કેટલી એક નિશાળ છે, તેમાં એકાદ કલાક કારખાનાંમાં કામ કરનાર મજુરનાં છોકરાંઓને કેળવણી આપવામા આવેછે. એવી એક નિશાળ માન્ચેસ્ટર પાસે રૉચડેલમાં મેં જોઈ હતી. કેટલીએક "રગેડ-સ્કુલ"છે. આમાંની એક નિશાળ મેં એડીન્બરોમાં જોઈ હતી. ગરીબ તથા નિરાશ્રીત છોકરાંઓને માટે આવી અનેક નિશાલો હોવા છતાં વિલાયતમાં એ વર્ગના એવાં ઘણાં છોકરાંઓ તથા માણસો નિકળશે કે જેઓને મુદલ વાંચતાં લખતાં આવડતું નથી.

નીતિ.

વિલાયતમાં નિતીના દાખલા એવા મળશે કે આપણા દેશમાં તેવા મળવા કઠણ છે. તેમજ વિલાયતમાં અનિતીના દાખલા પણ એવા જોવામાં આવશે કે તેવા આપણા દેશમાં ક્વચિતજ તમે જોશો. કેટલાએક દયાળુ પુરૂષો એવા છે કે તેવા આપણા દેશમાં થોડાજ જોવામાં આવશે. કેટલાએક નિર્દયાળુ અને ખૂની માણસો વળી એવાં કે તેવાં માણસો બીજા દેશમાં તમે જોશો નહી. પરોપકારબુધ્ધીમાં, પ્રમાણિકપણાંમાં, સાચાઈમાં, ભલાઈમાં અને પવિત્રાઈમાં એવા પુરૂષોને તમે જોશો કે તમને એ દેશની નીતિ વિષે ઘણો ઝડો વિચાર આવ્યા વિના રેહેશે નહી. બીજી તરફ તરકટ, લુચ્ચાઈ, જુઠાઈ ઠગાઈ, અને વ્યભિચારમાં એટલાં માણસોને જોશો કે તમે એમજ કેહેશો કે એમ્ઓના જેવી અનીતિ બીજે કોઈ ઠેકાણે નહી હશે.

પણ આટલી વાત તો મને ચોકસ લાગેછે કે વિલાયતના ચહડતા વર્ગની નીતિ આપણા દેશના ચહડતા વર્ગની નીતિ કરતાં વધારે સારી છે. અનિતીને માટે તેઓમાં જેટલો તિરસ્કાર છે તેટલો અથવા તેથી અરધો તિરસ્કાર આપણા દેશીઓમાં નથી. આપણા દેશમાં કોઇને કેહેશું કે "તું જુઠો છે" તો તેથી તેને ક્રોધ ઉપજશે નહી.

વિલાયતમાં જો તમે કોઇને જુઠો કહો તો તે લાલ ચણોઠી જેવો થઇ જશે ને તમે તેને મોટામાંમોટી ગાળ દીધી એમ તે સમજશે.

વિલાયતમાં એક વખત માલમ પડ્યું કે આ માણસ તરકટી અને લુચ્ચો છે; અથવા આ માણસ વ્યભિચારી છે અથવા આ સ્ત્રી નઠારી છે તો પછી તેને કોઈ ગૃહસ્થની મંડળીમાં બોલાવશે નહી. તેની પાસે પઈસા હશે તે છતાં તે દગલબાજ અથવા વ્યભિચારી માલમ પડ્યો તો તેની દરકાર કોઈ કરશે નહી; કોઇપણ આબરૂવાળો ગૃહસ્થ તેની સાથે બોલશે નહી. તેને રસ્તામાં સલામ પણ કરશે નહી. કોઇ માણસ ઉપર તરકટનો કે ચોરીનો કે વ્યભિચારનો અન્યાય સાબિત થયો એટલે તે દુનિયાપાણીમાંથી ગયો એમ વિલાયતના લોકો માનેછે.

આપણા દેશમાં આવું કાંઈ છેજ નહી. કેટલાએક પુરૂષો તો તરકટથી અને લુચ્ચાઈથી દ્રવ્ય એકઠું કરવામાં અથવા કોઈ કુળવાન અને ખુબસુરત સ્ત્રીસાથે વ્યભિચાર કરવામાં મોટી બાહાદુરી સમજેછે અને એ બાહાદુરી વિષે પોતાના મિત્ર આગળ પત્રાજી મારેછે! કેટલાએક શેઠીઆઓ ઉઘાડે દાહાડે અને ઉઘાડે ચોકે વેશ્યાને ઘેર રખડેછે; કેટલાએક શેઠીઆઓ મોટાં તરકટ કરી તથા વિધવાઓને રડાવી દ્રવ્યવાન્ થયાછે; તે છતાં તેઓને તેમનાં દ્રવ્ય માટે સઉ આદરમાન આપેછે અને તેનાં અપલક્ષણ સામુ નજ્જેતાં તેના પઇસાના તેજમાં સઉ દબાઈ જાયછે.

વિલાયતની અને આપણા દેશની નીતિ કસોટી જોવાની આ એક મોટી કસોટી છે. એ કસોટી ઉપરથી વિલાયતના લોકોની નિતીનો ટચ અને આપણા દેશના લોકોની નિતીનો ટચ સેહેલાઇથી નીકળેછે. અનુભવથી તમે કહી શકશો કે ઘણાખરા માણસો ઈશ્વર કરતાં દુનિયાનો ડર વધારે રાખેછે. આપણા લોકોને અનિતીનાં કામ કરતાં દુનિયાનો ડર ઘણોજ થોડો રેહેછે પણ ઇંગ્રેજ લોકોને વધારે રેહેછે. એટલામાટે હું કહું છઉં કે વિલાયતના ચહડતા વર્ગની નીતિ આપણા દેશના ચહડતા વર્ગની નીતિ કરતાં ચહડતી છે.

ધર્મ.

વિલાયતનાં લોકો કયો ધર્મ માનેછે તે જણાવવાની જરૂર નથી; કેમકે તમે જાણોછો કે તેઓ ખ્રિસ્તી ધર્મ માનેછે. ધર્મસંબંધી ભોળાપણું સુધરેલા લોકોમાં નથી એમ તમે સમજશો ના. વિદ્યાના પ્રકારાથી અને સાધારણ બુદ્ધિથી જે વાત બની ન શકે એમ આપણને લાગે તે છતાં તે વાત ખરી માનવી અને તે ઉપર વિશ્વાસ મુકવો એ ભોળાપણું કેહેવાય. નિરાકાર ઈશ્વર આ પૃથ્વિ ઉપર માણસને પેટ અવતાર લેવા આવે; અથવા અવતાર લેવા પોતાના દિકરાને મોકલે, અને તે વેળા ગગનના તારા ચાલતા બંધ પડે, સૂર્ય ઉભો રેહે ઈત્યાદિ ચમત્કારની વાતો માનવી એજ ભોળાપણું.

વિલાયતના લોકોનું ધર્મપુસ્તક "બાઈબલ" છે. બાઈબલને વિલાયતનાં ઘણાખરા લોકો ઈશ્વર કૃત (Divine Revelation) માનેછે. પણ જુદા જુદા લોકો બાઈબલમાં લખેલી કેટલીએક વાતોનો અને કેટલીએક ક્રિયાઓનો જુદો જુદો અર્થ ઉઠાવેછે એ ઉપરથી જેમ આપણા દેશમાં તેમજ વિલાયતમાં અનેક મત પડયાંછે, અનેક ભેદ થયાછે અને અનેક પંથ ચાલ્યાછે. એક એક પંથવાળા એક બીજાને કેહેછે કે તમે જે માનોછો તે ખોટું અને અમે જે માનીએ છઈએ તે સાચું. આમાં સાચું કોનું માનવું અને ખોટું કોને કેહેવું એનાં જેવું કઠણ કામ બીજું એકે નથી.

ખ્રિસ્તી ધર્મની બે ફાટ મોટી અને મુખ્ય થઈછે; અને તેમાંથી બીજી અનેક શાખાઓ નિકળીછે. એ બે મોટી અને મુખ્ય ફાટ કઈ તે તમે જાણતા હશો. એક "રોમન કાથેલિક" અને બીજી "પ્રૉટેસ્ટંટ." પ્રૉટેસ્ટંટ સુધરેલો ધર્મ કેહેવાયછે. ઈંગ્લંડની રાણી અને ઈંગ્લંડની વસ્તીનો મોટો ભાગ આ સુધરેલો ધર્મ માનેછે. ખ્રિસ્તી ધર્મમાં આ મોટો સુધારો થયો તેની અગાઉ રોમના પોપની મોટી સત્તા હતી. એટલી સત્તા હતી કે યુરોપના મોટા મોટા રાજાઓને તે દંડ કરતો હતો તથા તેઓને ઉઘાડે પગે રસ્તામાં ચલાવતો હતો. એ

અને બીજો ઘણો જુલમ આ પોપનો હતો. આ જુલમની સામે થવાની પેહેલ વેહેલી હિંમત જરમન દેશના "લુથરે" ચલાવી અને ત્યારથી એ ધર્મમાં પેહેલો અને મુખ્ય સુધારો થયો અને "રોમન કાથેલિક" તથા "પ્રૉટેસ્ટંટ" એવી બે મોટી અને મુખ્ય ફાટ પડી.

આ બે મુખ્ય ફાટમાંથી બીજી અનેક ફાટ પડીછે અને ખ્રિસ્તી ધર્મમાં જુદા જુદા અનેક પંથ ઉભા થયાછે. એ મધ્યેના કેટલાએક પંથોનાં નામની ટિપ હું અત્રે પ્રગટ કરૂં છઉં:[૭]—

ઈસ્ટા૦ ચર્ચ ઑવ ઈંગ્લંડ.	બહેમેનિસ્ટ્સ.
એપિ૦ ચર્ચ ઑવ સ્કૉટલંડ.	બૉરેલિસ્ટ્સ.
ફ્રી ચર્ચ ઑવ સ્કૉટલંડ.	કામેરોનાઇટ્સ.
સીસિડર્સ.	ક્રિસપાઇટ્સ.
બરઘર્સ.	ડિસ્સેન્ટિનસ્ટ્સ.
આન્ટી બરઘર્સ.	ગ્લાસાઇટ્સ.
પ્યૂરિટન્સ.	નૉસ્ટિક્સ.
પ્રેસ્બીટેરીયન્સ.	હલડનાઇટ્સ.
યુનાઇટેડ પ્રેસ્બીટેરીયન્સ.	હૉપ્કીન્સોનિયન્સ.
રિફૉર્મ્ડ પ્રેસ્બીટેરીયન્સ.	હસ્સેઆઇટ્સ.
ઈન્ડીપેન્ડંટ્સ.	હંટિંગ્ટોનિયન્સ.
બાપટિસ્ટ્સ.	ઈન્ધમાઇટ્સ.
ફ્રી વિલ બાપટિસ્ટ્સ.	ઇરવિંગાઇટ્સ.
સ્કૉટ બાપટિસ્ટ્સ.	જાન્સેનિસ્ટ્સ.
ઓલ્ડ સ્કુલ બાપટિસ્ટ્સ.	જેસુસ્ટ્સ.
બેરિયન્સ.	જોન્સોનિયન્સ.
યુનિટેરીયન્સ.	જંપર્સ.
સોસાયટિ ઑવ ફ્રેન્ડ્સ.	મોરેવિયન્સ.
મેથોડિસ્ટ્સ.	મૉર્મન્સ.
વેસ્લીયન્સ.	મૉરિસોનિયન્સ.
કલવિનિસ્ટિક.	પંકર્સ અથવા ટંકર્સ.
ક્વાએટિસ્ટ્સ.	સ્વીડનબોર્જીયન્સ.

૭ "The Denominational Reason Why.'

રિગોરિસ્ટ્સ.	સ્વૉડલર્સ.
સબ-ટેરિયન્સ.	શેકર્સ.
સાન્ડીમેનિયન્સ.	સેકરેડ સોડાલાઇટિસ.
સૌથ-કૉટર્સ.	પ્લાઈ મૌથ બ્રેધ્રન.

આ બધા પંથોમાં "સોસાયટિ ઑવ ફ્રેન્ડઝ" વાળાઓનું મત ઘણુંજ જુદું અને કેલીએક વાતમાં જાણવાજોગ છે; માટે તેમનાં મતનો સારાંશ હું ટુંકામાં જણાવું છઉં. આ પંથવાળાઓ કુવેકર્સનાં નામથી પણ ઓળખાયછે. તેઓનું મત નીચે પ્રમાણે છેઃ—

(૧) કદી સમ ખાવા નહી. કોર્ટમાં કે કોઇ ઠેકાણે "બાઇબિલ" ના સમ આપે તે લેવા નહી. (૨) લગ્ન ક્રિયા તથા ધર્મ સંબંધી બીજી ક્રિયા (અથવા કર્મકાંડ) કરવાની જરૂર નથી. (૩) કોઈ માણસ ગમે તેવો મોટો હોય પણ તેને "તમે" કહીને બોલાવવો નહી પણ "તું" કહીને બોલાવવો. (૪) "યૉર હોલિનેસ" અથવા "યૉર માજેસ્ટી" અથવા "યૉર એક્સલંન્સી" ઇત્યાદિ માનનાં વચનથી કોઇપણ મોટા ધર્મગુરૂને કે કોઇપણ મોટા રાજાને કે કોઇપણ મોટા ગવર્નરને અથવા કોઇપિણ મોટા માણસને બોલાવવો નહી. (૫) મંડળીમાં ટોપી ઉતારવી નહી. (૬) જેમ બને તેમ સાદો પોશાક પેહેરવો. (૭) મુવેલાનો શોક પાળવો નહી. (૮) દેવળમાં ભક્તિનેમાટે લોકોને બોલાવવા ઘંટ વગાડવો નહી. (૯) બચ્ચાંઓનાં નામ પાડવાને દેવળમાં લઈ જવાં નહી. (૧૦) કદી વેર લેવું નહી અને કોઈ સાથે લહડાઇ કરવી નહી.

બીજા પંથનાં જુદાં જુદાં મત અત્રે પ્રગટ કરવાને જગ્યા નથી. ખ્રિસ્તી ધર્મમાં આવાં અનેક મત, અને અનેક પંથ હોવાથી વિલાયતના લોકોની ધર્મ સંબંધી હાલત નબળી માલમ પડેછે ખરી; પણ તે હાલતનો મુકાબલો હું જ્યારે આપણા દેશના ધર્મની હાલત સાથે કરી જોઉં છઉં ત્યારે તે ચહડતી માલમ પડેછે. કઇ વાતમાં ચહડતી માલમ પડેછે તે હું તમને કહું. આપણા દેશના જેવું ધર્મનું ભોળાપણું વિલાયતમાં નથી. આપણા દેશના રસ્તામાં એક પત્થર પડ્યો

હોય અને તેને કોઇએ સિંદુર કે કંકુ ચોપડ્યું એટલે તેને બધા લોકો દેવ સમજીને હાથ જોડતા જશે. એવા એવા પથ્થરના દેવ આ દેશમાં કેટલા બધા થઈ પડ્યાછે !!

વળી આપણા દેશીઓ પોતાના ધર્મથી જેમ અજ્ઞાન રેહેછે તેમ વિલાયતના ચહડતા વર્ગના લોકો રેહેતા નથી. આપણા દેશના ચહડતા વર્ગના દેશીઓને પુછી જોશો તો માલમ પડશે કે ધર્મનાં કહ્યાં કહ્યાં પુસ્તક છે અને તેમાં શું શું લખ્યું છે તે તેઓ ધ્યાનકરીને મુદ્દલ જાણતા નથી. ટિલ્લાં ટપકાં કરવાં, દેવ દર્શન કરવા જવું અને લોકોને દેખાડવાને ઉપર ઉપરથી જાતીભેદ રાખવા વિષે પત્રાજી મારવી એમાં બધો "ધર્મ" આવી રહ્યોછે. આવી સ્થિતિ આપણા દેશના "ધર્મની" છે; એના કરતાં વિલાયતના ધર્મની સ્થિતિ ચહડતી છે એમ જણાવ્યાં વિના મારાથી રેહેવાતું નથી.

વળી જુઓ વિલાતમાં ધર્મગુરૂઓ ધર્મનો તથા નીતિનો કેવો ઉપદેશ કરેછે; તે સાંભળ્યા પછી લોકો ઈશ્વરની પ્રાર્થના કેવી ગંભીરાઇથી અને એક ચિતથી કરેછે! આપણા દેશમાં તેવું કંઈ નથી. મૂર્ત્તિનાં દર્શન માટે "જે જે જે" સાદ મારતા દોડતા જવું અને હાથ જોડી તેનાં દર્શન કરવાં એમાંજ ઈશ્વર ભક્તિ અને ઈશ્વરપ્રાર્થના આવી રહીછે. આવી ધર્મની સ્થિતિનો મુકાબલો વિલાયતના ધર્મની સ્થિતિ સાથે કરવો એજ ખોટું જણાયછે. બધા ધર્મમાં ખ્રિસ્તી ધર્મ ઈશ્વરી છે એમ હું માનતો નથી; પણ એટલું તો હું ખાતરીથી માનું છઉં કે એ ધર્મની હાલત આપણા દેશના ધર્મની હાલત કરતાં સારી છે.

ખ્રિસ્તી ધર્મનો મુળ સિદ્ધાંત એ છે કે તું બધા મનુષ્યને તારા ભાઈ પ્રમાણે જાણ; અને તારા શત્રુનું પણ તું ભલું ઈચ્છ. જેઓ ખરા ખ્રિસ્તી છે તેઓ આ સિદ્ધાંત પ્રમાણે ચાલેછે અને મનુષ્ય જાતી માત્રનું કલ્યાણ કરવા માટે પોતાનું તન, મન અને ધન ખરચેછે. વિલાયતમાં જેઓ ખરા ખ્રિસ્તી છે અને જેઓને આપણા દેશ વિષે જ્ઞાન છે તેઓ આપણા દેશનાં ભલામાટે જેવી ઉલ-

ટથી મેહેનત કરેછે તેથી ઉટલથી મેહેનત કરનારા બીજા થોડાજ લોકો મળશે; એમ હું તમને અનુભવથી કહી શકું છઉં.

ધંધો તથા પક્ષીભેદ.

"બાપદાદા જે ધંધો કરતા આવ્યા હોય તેજ કરવો અને બીજો નહી" એમ વિલાયતનાં લોકો કેહેતાં નથી. તેઓને જે ધંધો પસંદ પડેછે અને જે ધંધો ઠીક લાગેછે તે કરેછે. "મારો બાપ સુતારનો ધંધો કરેછે તેટલામાટે મારે પણ સુતારનોજ ધંધો કરવો" અથવા "મારો બાપ ગાંધીની દુકાન માંડી બેસેછે માટે હું બીજો ધંધામાં કેમ પડું?" એવી ઉંધી સમજ તેઓમાં નથી. જે ધંધા ઉપર બચપણથી વળણ લાગે તે ધંધો કરવાથી જેવો લાભ થાયછે તેવો લાભ બાપદાદાના ધંધાને વળગી રહ્યાથી થતો નથી.

પોતાના બાપદાદાનો ધંધો છોડી દીધો અને પોતાનાં મનની વળણ પ્રમાણે નવો ધંધો પકડ્યો એવા સેંકડો દાખલા વિલાયતમાં મળશે. તેઓ મોટી પદ્વીએ ચહડ્યા અને મોટા અસામી થઈ પડ્યા. આપણા દેશમાં બાપદાદાનો ધંધો મુકી દઇને બીજો ધંધો કરવો એમાં મોટી શરમ ગણાયછે. એક હજામને કેહેશું કે તું ધોબીનો ધંધો કર તો તે બિજાઈ જશે; તેમ વળી એક ધોબીને કેહેશું કે તું હજામનો ધંધો શિખ તો તે તેટલોજ ગુસ્સે થશે. એક સોનીને કેહેશું કે તું લુહારનું એક મોટું કારખાનું કાહાડ તો તે તરત બિજવાઈને બોલશે કે હું સોની થઇને શું લુહારનો ધંધો કરું? મેં એક ઘોડાવાળાને કહ્યું કે તને હું દસને બદલે બાર રૂપીયાનો મહિનો આપું અને તું ઘોડાની ચાકરી કરવાને બદલે ઘરની ચાકરી કર, તે બોલ્યો કે મારા બાપ દાદાનો ધંધો મુકું તો હું જ્યાત બાહાર થાઉં!!

કોઇનું મન એક ધંધામાં ગોઠે અને કોઇનું મન બીજા ધંધામાં જોઠે; માટે બાપદાદાનોજ ધંધો કરવો એ વિચાર આપણા દેશીઓને નુકસાન કરનારો થઇ પડ્યોછે. વિલાયતના કોઈ વિપારીને એમ સુજ્યું કે લુહારનું મોટું કારખાનું કાહાડ્યાથી મને વધારે લાભ થશે તો લુહા-

રનો ધંધો કરવામાં તેને શરમ લાગવાની નથી. જે ધંધાથી લાભ થાય તે ધંધામાં પડવાને ચુકવું નહી પછી તે ધંધો હરએક પ્રકારનો હોય. માત્ર ચોરી, લુચ્ચાઈ અને દગલબાજી કરવામાં શરમ છે પણ હરેક ધંધો પ્રમાણિકપણે કરવામાં શરમ નથી એમ તેઓ માનેછે.

ચહડતા ઉતરતા ધંધા ઉપરથી ચહડતી ઉતરતી પદ્ધી ગણાયછે. ચહડતી ઉતરતી પદ્ધી ઉપરથી વિલાયતમાં પદ્ધીભેદ રાખવામાં આવેછે. હલકી પદ્ધીના માણસો સાથે બેસીને જમવું અથવા તેને પોતાની પાસે બેસાડવો એમાં તેઓ હલકું સમજેછે. તેછતાં હલકા વર્ગમાંના કોઈ પુરૂષે કંઈ મોટું કામ કરવાથી રૂડું નામ મેળવ્યું તો તેની સાથે બેસી વેહેવાર કરવામાં તેઓ હલકું સમજશે નહી. તે પછી ગમે તેવી જાતનો હશે તેછતાં તેની સાથે વેહેવાર રાખવાને લોકો વધારે ચાહારો.

આ ઉપરથી તમે જાણશો કે વિલાયતમાં પદ્ધીભેદ છે પણ જાતીભેદ નથી. એક બીજાના હાથનું ખાવા પીવામાં અભડાઈ જવું એમ તેઓ માનતા નથી. કોઈ પણ જાતના માણસના હાથનું પકવાન ખાવામાં વટલાઈ જવાની તેઓ ખાટી છીટ રાખતા નથી. એથી તેઓ બહુ સુખ ભોગવી શકેછે. આખી દુનીઆને તેઓ પોતાની જ્યાત ગણેછે માટે તેઓને મુઠીભર માણસોની જ્યાતનાં દબાણમાં અથવા ગુલામીપણામાં રેહેવું પડતું નથી. આ દેશમાં જ્યાંસુધી જાતીભેદનું બંધન છુટશે નહી ત્યાંસુધી આપણા લોકોમાં સ્વતંત્રપણું આવી શકશે નહી. અરે આપણામાં એવો વિચાર ક્યારે આવશે કે જેણે સ્વતંત્રપણું ખોયું તેનું બધું જીવતર ફોગટ ગયું!

આપણા દેશમાં જાતીભેદનાં બંધનથી સુધારાનાં મોટાં કામ અટકી પડયાંછે. જ્યારે કોઈ મોટા કુટકાથી જાતીભેદના બંધ છુટી જશે ત્યારે સુધારાના બધા રસ્તા ઉઘડી પડશે. બારિકીથી તપાસ કરતાં જણાયછે કે જાતીભેદનો મુળ પાયો તો ધસી ગયોછે અને આ દેશમાં રેલવે ઉઘડયાથી વધારે ધસવા માંડયોછે. આ ઠીકઠીક થવા લાગ્યુંછે; પણ એ ધસેલો પાયો હવે ઉખેડી નાખવો જોઈએ.

પાંઉ તથા બિસ્કોટ વેચનાર.

ઉતરતી પદ્ધતિનાં લોક.

કુટકલ ધંધો કરનાર દુકાનદારો તથા ફેરીયાઓ, ચાકરો તથા ગાડીવાનો, મજુરો તથા રસ્તે ભટકનારાઓ વગેરે ઉતરતી પદ્ધતિનાં લોક ગણાયછે. એવા વર્ગના લોકો બધા દેશોમાં તેમજ વિલાયતમાં ઘણા છે. એવા લોકો દુનિયાદારીના વેહેવારને માટે ઘણાંજ કામનાં અને ભારે ઉપયોગનાં ગણાયછે. એટલામાટે શ્રીમંત તથા મધ્યમ સ્થિતિનાં લોકોની સંખ્યા કરતાં આવાં લોકોની સંખ્યા દરએક દેશમાં ઈશ્વરે ઘણીજ વધારે ઉત્પન્ન કરી રાખીછે.

ઈંગ્લંડ દેશ આબાદ હોવાને લીધે આ લોકોની હાલત કેટલીએક બાબતમાં આપણા દેશના આવાં લોકો કરતાં વધારે સારી છે. આ ઉતરતી પદ્ધતિનાં જુદાં જુદાં લોકો સાથે આપણા દેશના તેવાંજ જુદાં જુદાં લોકોનો મુકાબલો કરી જોશું તો ઘણો ફેર માલમ પડશે. આપણા દેશનો એક દુકાનદાર કે ફેરીઓ, આપણા દેશનો ચાકર કે ગાડીવાન, અથવા આપણા દેશનો મજુર કે રસ્તે ભટકનાર

જેવો કંગાળ માલમં પડશે તેવો કંગાળ દેખાવ એ વર્ગના માણસોનો ધાર્યું કરીને તમે વિલાયતમાં જોશો નહી.

આપણા દુકાનદાર કે ફેરીયા કરતાં વિલાયતનો દુકાનદાર કે ફેરીયો વધારે સારાં કપડાં પેહેરેછે, વધારે .સારૂં ભોજન જમેછે અને વધારે સારી હાલતમાં રેહેછે. આપણા દેશનો મજુર કે હેલકરી કે ભિખ્યારી માત્ર લંગોટી મારીને નાગો કામકાજ ઉપર જશે અને મમરા કે ચણા ફાકીને પોતાનો નિર્વાહ ચલાવી શકશે. વિલાયતમાં તેમ તમે જોશો નહી. ત્યાનાં ગરીબ મજુર કે ભિખ્યારીનાં શરીર ઉપર કપડાં જોશો અને તે એટલાં કપડાં કે આખું શરીર ઢંકાયલું રેહે. કપડાં કંઈ ઝીણી ખાદીનાં નહી પણ ગરમ જાડાં.

આવી પહેલિના લોકોને આ પ્રમાણે આખું શરીર ઢાંકવાની જરૂર ત્યાંની ઠંડી હવાને લીધે પડેછે એ વાત ખરી છે પણ આ વાતથી ભુલી જવી ન જોઇએ કે વિક્રમ રાજાના વખતમાં જ્યારે વિલાયતનાં લોકો તમામ જંગલી હાલતમાં હતાં ત્યારે તેમ્હોને લંગોટી મારવાને પણ કપડું મળતું નહી હતું પણ તેમ્હો માત્ર રંગ લગાડીને શરીરનો નાગો ભાગ ઢાંકતાં હતાં. તે વખતે વિલાયતની હવા જુદી હતી એમ સમજવું નહી. આ ઉપરથી સાબિત થાયછે કે વિલાયતનાં ગરીબ લોકો પોતાનું આખું શરીર ઢાંકી શકેછે તે એ દેશની ચઢતાકળાની એક મુખ્ય અને અગત્યની નિશાની છે.

વિલાયતના જુદા જુદા ધંધાદારીઓનો કેવો દેખાવ હશે તે તમે જાણવાને કદાચ ચાહાતા હશો. વિલાત જઈ આવ્યા પછી મને મારા કેટલાએક દેશીઓએ પુછ્યું કે વિલાતમાં શું બધી જાતનાં હલકાં લોકો પણ ગોરા છે? મેં કહ્યું કે હા; બધા લોકો ગોરી ચામડીના છે પણ ચહડતા ઉતરતા વર્ગ પ્રમાણે તેમ્હોનાં રૂપમાં અને તેમ્હોનાં મોહોડાના ઘાટમાં ફેર છે. મેં ઉપર જણાવ્યું તેમ વિલાયતમાં કપડાં વગર તો કોઇજ તમે જોશો નહી; તેમજ જોડા વગર પણ તમે ઘણા થોડા જોશો. કેટલાંએક ધંધાદારીઓનાં ફોટોગ્રાફ ઉપરથી પાડેલાં ચિત્ર હું લાવ્યો છઉં તે અહીં દાખલ કરૂં છઉં.



કંદમુળ તથા ભાજી વેચનાર.

"Here Pertaters! Kearots and Turnups! fine Brockello-o-o!"

શેકેલા બટાટા વેચનાર.

"Baked 'taturs! All 'ot, all 'ot!"

નારંગી વેચનાર.

"Sweet Chany. Two a Pinny Or-r-ranges—tw o a Pinny!"

ભાડુતી ગાડી હાંકનાર.

કાજી-માછલી વેચનાર.

"Penny a lot, Oysters! Penny a lot!"

મજુર અથવા હેલકરી.

ઘાસપાલો વેચનાર.

જુનાં કપડાં લઈને કોડી કામનો બદલો કરનાર.

કુતરાંને ગળે બાંધવાના પટા વેચનાર.

ધૂળધોણો અથવા ધૂળ ભેગી કરનાર.

"Dust Hoi! Dust Hoi!"

હાડકાં એકઠાં કરનાર.

ધુમાડિયું સાફ કરનાર.



બૂટમાં ઘાલવાની ફિત વેચનાર આંધળો ભિખારી.

રસ્તામાં ઝાડ કાહાડનાર લંગડો ભિખારી.

રસ્તામાં ઝાડુ કાઢાડી ભિખ માંગનારા છોકરા.

વિલાયતમાં ગરીબ તથા નિરાશ્રીત ભિખારીઓને માટે ઘણી સારી ગોઠવણ કરેલી જોવામાં આવેછે. આપણા દેશમાં ઘેર ઘેર બારણે અને રસ્તે રસ્તે જેમ ભિખારીઓ રખડેછે તેમ વિલાયતમાં રસ્તે ભિખ માગનાર ભિખારી કોઈ કોઈ જગ્યાએ જણાશે પણ તે એવા કે કંઈ પણ મેહેનત કરીને ભિખ માગનારા. રસ્તામાં તમે ચાલી જાઓ ને તમારી આગળ આગળ ઝાડુ કાઢડતા જાય અને ભિખ લેવાની આશા કરે. કોઈ દિવાસળી કે એવી કંઈ હલકી જણસ વેચીને ભિખ માગે. કોઇ આંધલો ભિખારી પોતાનાં ગળામાં કંઈ

વેચવાની જણસ ટાંગીને પોતાના કુતરાને લઇને ફરે. કોઇ પોતાના હાથમાં વેચવાનો સામન લઈ ગુઠણીયાથી ચાલે અને "I WAS BORN CRIPPLE" એમ એક પાટીયાં ઉપર લખી તે પાટીયું પોતાનાં ગળામાં પેહેરીને ફરે.

કેટલાએક ભિખારીઓ વાજની પેટી ગળાંમાં પેહેરીને કોઇનાં ઘર આગળ ઉભા રહી વાજું વગાડે. આવી રીતે વાજું વગાડી પેટ ભરનારાં ભિખારીઓની સંખ્યા વધારે લાગેછે. કોઈ આંધલો ભિખારી સારંગી વગાડીને પોતાનું પેટ ભરેછે. વાજંત્રથી માણસ માત્રનું

મન રીઝેછે અને એવાં ભિખારીઓને આપતાં ઘણાખરાઓનું મન કચવાયાને બદલે ખુશી થાયછે.

આવી રીતે ભિખ માગનારા કોઈ કોઈ કિકાણે તમે જોશો પણ ભિખ માગવાનેજ ખાતર કોઇને રસ્તામાં ફરવા દેવાનો સરકારનો હુકમ નથી. જેઓ જનમથી કામ કરવાને અશક્ત હોય અથવા જેઓને કામ મળતું ન હોય તેવા ગરીબ અને નિરાશ્રીત માણસોને દરએક ગામનાં લોકોએ પોતપોતામાં ઉઘરાણું કરીને તેમનું પોષણ કરવું એવો કાયદો ઘણાં એક વરસ થયાં સરકારે કાહાડેલોછે. એ ઉઘરાણું પુર-રેટસ (Poor-rates) નામથી ઓળખાયછે. તેમાંથી ગરીબ તથા નિરાશ્રીત માણસોને માટે ગામેગામ ને શેહેરેશેહેર "વર્ક-હાઉસ" (WORK-HOUSE) નામની ધર્મશાળાઓનો ખરચ ચાલેછે. એમાં એવી ગોઠવણ રાખીછે કે જેઓમાં કામ કરવાની શક્તિ હોય તેઓ પાસે કામ કરાવવું.

આ ગોઠવણથી હરામખોરીનો વિલાયતમાં અટકાવ થયોછે. જે-ઓને ઈશ્વરે હાથપગ આપ્યાછે અને જેઓ કામ કરવાને શક્તિવાન છે તેઓ ભિખ માગીને બીજાઓની ઉપર બોજો થઈ પડે અને તેના બદલમાં કંઈ ચાકરી કે ઉપયોગની મેહેનત ન કરે તેવા લોકોને ભિખ આપવાનો ધર્મ નથી. એવા લોકોને ભિખ આપ્યાથી દેશમાં હરામીપણું વધેછે અને ઉદ્યોગ ઘટેછે. જે દેશમાં હરામીપણું વધારે અને ઉદ્યોગ થોડો તે દેશ દોલતમાં ઘણો વધી શકે નહી. આપણા દેશમાં કેટલા બધા બ્રાહ્મણોને ભિખારીઓ આખા દેશ ઉપર બોજો થઈ પડ્યાછે? ઈશ્વરે હાથપગ આપ્યા છતાં તેઓ શામાટે કામ ન કરે?

બ્રાહ્મણ થઈને ધર્મશાસ્ત્રનું અધ્યન કરે, લોકોને નીતિનો ઉપદેશ કરે તો તેવા ઉપયોગી અને ઉદ્યોગી બ્રાહ્મણને આપવામાં ખરેખર ધર્મ છે. પણ જેઓને શાસ્ત્રનું કંઈપણ જ્ઞાન નથી, અને જેઓમાં નીતિનો ઉપદેશ કરવાની શક્તિ નથી તેઓને બ્રાહ્મણ કોણ કેહે અને તેઓને દાન આપવામાં પુન્ય શાનું કેહેવાય? આવા બ્રાહ્મણો હરા-મના લાડુ ખાઈ ખાઈને મસ્તાન બનેછે અને કંઈપણ મેહેનત કે ઉદ્યોગ કરતા નથી. અને તેટલાજમાટે આપણા દેશમાં આટલી મોટી વસ્તી છતાં હાલ જે કામમાટે જેવાં માણસો જોઇએછે તેવાં મળતાં નથી અને જેઓ મળેછે તેઓનો મિજાસ સાચવવો પડેછે.

વિલાયતમાં હલકાં માણસોનો મિજાસ સાચવવાની જરૂર પડતી નથી. એક ચાકરને રજા આપી તો તેની જગ્યાએ બીજો રાખવાને મુશ્કેલ પડશે નહી. તમને કોઈ ચાકર જોઇતો હોય તો તમારા મો-હાલ્લામાં ચાકરના આડતીઆની દુકાન ઉપર જઇને તમારું નામ નોંધાવો એટલે તમને તમારી મરજી પ્રમાણે ચાકર ઘર બેઠાં મળશે. જે ચાકરની પાસે ખાતરીનું પત્ર (Certificate) નહી તેને ચાકરી મળવી કઠણ માટે ચાકરને કાળજી રેહેછે કે હું મારા શેઠની ચાકરીમાં કસર રાખીશ તો મને ખાતરીપત્ર મળશે નહી. આપણા દેશમાં ખાતરીપત્ર કોણ માગેછે? તમારો ચાકર નઠારી ચાલ માટે તમારાં ઘરમાંથી નિકાળ્યો તો તેને રાખવાને બીજા તયારજ છે.

વિલાયતનાં ચાકરોમાં અને આપણા દેશનાં ચાકરોમાં ઘણો ફેર છે. ઘરની ચાકરી કરનાર વિલાયતમાં ઘણુંકરીને દાસી હોયછે. મોટા શ્રીમંતોનાં ઘરમાં એ ઉપરાંત પુરુષ ચાકર હોયછે. તે ચાકર તેનાં કામ પ્રમાણે બૉઈ અથવા ફૂટમન વગેરેનાં નામથી વરતાયછે. સ્ત્રી ચાકર દાસીનું કામ કરેછે. તે ઘણુંકરીને કુંવારી છોકરી અથવા કુંવારી બાયડી હોયછે. ઘરનું બધું કામ તેજ કરેછે. આપણા દેશના બે કે ત્રણ ચાકર કામ ન કરે એટલું કામ એક દાસી કરેછે. એવી એક દાસીને તમારાં ઘરમાં રાખો તથા બવડાવો તો તે દર અઠવાડીએ તમારી પાસેથી ૪ કે ૫ શિલિંગ એટલે વરસના સો કે સવાસો રૂપીયા લેશે. તથા રોજની એક પેની બીરદાઇની માગશે.

પણ એ દાસીનું કામ તથા તેનો ઉદ્યોગ જોઇ તમે ખુશી થશો. બાવા કરવા વગેરેનો તમારો વખત તે બરાબર સાચવશે. તમે જે વખત ઉપર જે કામ કરી રાખવાનો હુકમ કરો તેમાં બનતાં સુધી એક મિનિટનો પણ ફેર પડવા દેશે નહી. એક વખત તમે કંઈ કામ કહી રાખ્યું તો તમને ઘણુંકરીને બીજી વખત તેને કેહેવાની કે યાદ આપવાની જરૂર પડશે નહી. તે તમારી મરજી અને મર્યાદા સાચવશે. કંઈ બોલતાં અથવા જવાબ આપતાં "સર" એટલે શેઠ-સાહેબ વગર બીજી વાત નહી. તમારા દેખતાં મોટે સાદે કદી બોલશે નહી. પિરાબપાણી કાહાડીને સાફ કરવાનું કામ મારું નથી એમ કદી તે કેહેશે નહી. એ કામ તો દરએક ઘરમાં પેહેલું કરવું જોઇએ.

ઘરની દાસી કે ચાકરજ માત્ર નહી પણ હાફિસનો કલાર્ક એટલે પેહેડીનો મેહેતો પણ શેઠનું ઘણું માન રાખેછે. તે આપણા દેશના એક કલાર્ક કે મેહેતાની પેઠ પોતાના ધણીની સામે અકડાઇમાં અથવા મિજાસમાં ઉભો રેહેવાની હિંમત કરતો નથી. દરએક હુકમ તમે કરશો તેના જવાબમાં "યસ સર" અને "રેડી-સર" એટલે હા સાહેબ, તઇયાર સાહેબ એવા નમ્રતાના બોલ તમે સાંભળશો. આપણા દેશના ચાકરોમાં કે મેહેતાઓમાં વિવેકબુદ્ધિ બહુજ થોડી છે ને

કઠોરતા ઘણી છે. અરે આપણા દેશના મેહેતાઓમાં, ચાકરોમાં અને એવી પહતિનાં બીજાં લોકોમાં અવિવેક નિકળીને વિવેક-બુદ્ધી ક્યારે આવશે?

વિલાયતનો એક ભાડુતી ગાડીવાળો લો. તેને આપણા ગાડીવાળા સાથે સરખાવો. તમે તેની "ક્યાબ"માં બેસવા જાઓ કે બેઠેલા હો ને ઉતરવા જાઓ તો બારણું ઉઘાડતી વેળા પોતાની ટોપી કાહાડી અદબથી ઉભો રેહેશે. તેનું ભાડું ચુકવશો તો લેતી વખત તમારો આભાર માનશે. આપણા દેશનો ભાડુતી ગાડીવાન કેટલી તોછડાઈ વાપરેછે? કોઈવાર તો તેનો મિજાસ સાચવવો ભારે થઈ પડેછે.

તેમજ કોઈપણ દુકાનદાર કે ફેરીઆ પાસેથી કંઈ ચીજ ખરીદ કરો તો તે તમારો ઉપકાર માન્યા વગર રેહેશે નહી. આપણા દેશનો દુકાનદાર કે ફેરીઓ કેહેશે કે વળી માલ આપીને પઈસા લેવામાં ઉપકાર શાનો માનવો જોઈએ? પણ વિલાયતમાં તેમ નથી. તમારે જોઈએ તો એક ફદિયાની કે બે ફદિયાની કંઈ વસ્તુ ખરીદ કરો પણ તેના પઈસા લેતી વખત તેનાં મોહોડાંમાંથી "થ્યાંક-યુ" (Thank you) બોલ નિકળ્યા વિના રેહેશે નહી. આપણા દેશના દુકાનદાર તથા ફેરીઆનું કઠોરપણું કેટલું હોયછે તે સહુ જાણેછે.

આ થોડા દાખલા ઉપરથી તમારી ખાતરી થશે કે વિલાયતના હલકા વર્ગના લોકોમાં વખાણવાજોગ વિવેક છે. તેમજ હું તમને જણાવું છઉં કે વિલાયતમાં એ લોકોનું જ્ઞાન આપણા દેશનાં એવાં લોકો કરતાં ઘણુંજ ચહડતું છે. તેઓમાં ચહડતા ઉતરતા ધંધા પ્રમાણે ચહડતું ઉતરતું જ્ઞાન છે. ફેરી ફરનારા, મજુરી કરનારા અને રસ્તે ભટકનારામાં મોટો ભાગ વાંચી લખી જાણતો નથી તે છતાં તેઓનો રેહેવાસ સુધરેલા દેશમાં હોવાથી રસ્તે ચાલતાં ચાલતાં અને ફરતાં ફરતાં તેઓમાં જાણવામાં અને અનુભવમાં એવી અનેક વસ્તુ આવેછે કે વગર વાંચ્યે લખ્યે તેઓનું જ્ઞાન વધેછે. વળી અનેક તરેહનાં યંત્રનાં કારખાનાંમાં મજુરી કરતાં કરતાં મજુરોનું જ્ઞાન કેટલું વધતું હશે તેનો તમે સેહેલાઈથી વિચાર કરી શકશો.

એક ગરીબ કુટુંબનાં ઘરમાં આનંદનો દેખાવ.

ફેરી ફરનારા, મજુરી કરનારા અને રસ્તે ભટકનારાઓમાં કેટલા-એકની સંસાર સ્થિતિ ઠીક કેહેવાયછે, ઘણાએકની કઠણ ગણાયછે અને મોટા ભાગની માઠી અને ભયંકર જણાયછે. જેઓની હાલત ઠીકછે તેઓમાં એક એક જણ નિત્ય અરધાથી બે રૂપીયા સુધી પેદા કરી શકેછે; જુગાર, છંદ અને છાકટાઇથી બનતાંસુધી તેઓ મોકળા રેહેછે; અને એક નાહાનાં ને ગરીબ ઘરમાં પોતાનાં કુટુંબ કબીલા સાથે આનંદ અને સુખચેનમાં પોતાની ગરીબી અવસ્થાના દાહાડા કાહાડેછે.

આહા! તેઓ જ્યારે પોતાનાં ઘરમાં પોતાનાં બાયડીછોકરાંઓને લઇને બેસેછે અને આનંદમાં આવી નાહાનાં બાળ-બચ્ચાંઓને હસાવે તથા રમાડેછે, અને વાતચિત તથા ગાંનતાંન કરી ખુશીમાં આવી જાયછે ત્યારે તેઓનાં સુખની કિંમત કોણ કરી શકશે? તેઓની ખુશીનું ઉપલું ચિત્ર જુઓ ને પછી મને કહો કે ખરૂં સુખ શામાં છે? સુખ કે દુઃખ એ કેવળ મનનું કારણ છે; દોલતથી કંઇ હંમેશા સુખ મળતું નથી તેમજ ગરીબ અવસ્થાથી કંઇ હંમેશા દુઃખ થતું નથી.

જેઓ નિત્ય છ આનાથી રૂપીયો કે દોઢોડ રૂપીયો પેદા કરેછે અને છાકટપણાંમાં કે જુગારમાં કે બદફેલમાં ઉડાવી નાખેછે તેઓની હાલત ઘણીજ કરૂણ છે. તેઓને રેહેવાને એક નાહાનું ઘર પણ ઘણીજ મુશ્કેલીથી મળેછે. તેઓના દાહાડા ઘણાજ કંગાલ હાલતમાં ગુજરેછે. પણ જેઓ નિત્ય ૬ આના જેટલું પણ પેદા કરી શકતા નથી અને જેઓ રખડી રઝળી ચોરી કરીને પેટ ભરેછે તેઓની હાલત ઘણીજ નઠારી અને ભયંકાર છે. વિલાયતમાં જેઓ ગરીબાઈ તળે દબાઈ ગયાછે અને જેઓ લોકલાજ અથવા હરામીપણાંથી ધર્મશાળા (WORK-HOUSE) નો લાભ લઈ શકતા નથી તેઓની અવસ્થા જોઈને તમને દયા આવશે ને ત્રાસ ઉપજશે.

ગરીબાઈ તળે દબાઈ ગયલાં આવાં લોકોને તમે ઘણુંકરીને અનિતીના સાગરમાં ડુબેલાં જોશો. તેઓ ઘરબાર વગરનાં–દાહાડો આખો રખડી રઝળીને ક્યાં જાય? એવાં લોકોને સુવા કરવા માટે હલકાં લોકો હલકાં મકાનો રાખેછે. એવાં એક એક મકાનમાં આસરે ૫૦ પચાસ લોકો, રાતના ઉતારો કરી શકેછે અને તેવાં મકાંન લંડન શેહેરમાં આસરે ૨૦૦ છે.[10] હલકાંમાં હલકાં એવાં મકાનમાં એક રાત પડી રેહેવાને ઓછામાં ઓછી સોલ પઈ (બે પેન્સ) આપવી જોઈએ. જેઓ પાસે એટલું પણ આપવા ન હોય તેને ચોરી કર્યા વગર છુટકો નહી. કેમકે એ દેશની હવા એવી છે કે ઉઘાડાં મેદાનમાં સુવાય નહી અને સુવા માટે કોઈ ઘરને આપણા જેવા ઓટલા પણ નથી.

આ હલકાં મકાન "લૉજીંગ–હાઉસ" (Lodging House) નામથી ઓળખાયછે. હાય હાય! આ કેવાં નઠારાં અને અનિતીનાં મકાનો છે. કેફી, જુગારી અને છંદી લોકો આ મકાનમાં એકઠાં થાયછે. આ મકાન રાખનારા પણ નઠારી આબરૂના હોયછે અને તેઓ પઈસો પેદા કરવા માટે તથા ચોરીનો માલ સંધરવા માટે એક કે બે ઓરડાઓમાં ચાલીસ કે પચાસ પચાસ માણસોને સુવાનું આપેછે.

[10] London Labour and the London Poor. Vol I. P. 271

બીછાનાં થોડાં તેથી એક એક બીછાનામાં ત્રણ ત્રણ, ચાર ચાર ને પાંચ પાંચ માણસોને સુવું પડેછે. તેમાં માત્ર બાયડા અને જુવાન છોકરાઓજ નહી પણ બાયડીઓ અને જુવાન છોકરીઓ પણ હોયછે. આ મકાનમાં ગંદકીનો સુમાર નથી અને માકડનો કંઈ પાર નથી.

આ મકાનોમાં જે અનીતિ ચાલેછે તેનો વિચાર કોણ કરી શકે? અરે આમાં કેવી નઠારી વાતો ચાલેછે ને કેવાં ભુંડાં કામો થાયછે! "કેટ-"લાંક મકાનોમાં બાયડા ને બાયડીઓ, છોકરા ને છોકરીઓ એક-"મેક સાથે થઈ જાયછે." "જુવાન છોકરાઓ ઓરડામાં એક નાકેથી "બીજે નાકે સંભળાય તેમ મોટેથી એક બીજા સાથે નઠારી અને "ભુંડી વાતો કરેછે. છોકરીઓ એ વાતો સાંભળી ખુશી થાય ને "કોઈવાર ફરીથી તેની તેજ વાત કરવાને માટે ઉસ્કેરણી કરે. ત્રણ "કે ચાર કે છ જુવાન છોકરા તથા છોકરીઓ એક નાહાની "પથારીમાં સાથે સુવે, કેટલાએક એવાં કે જેઓને એક બીજા "સાથે જનમમાં ઓળખાંણ નહી. એ વેળાએ શરીર ઉપર કંઈ "પણ કપડું રાખે તો ઉલટી અડચણ પડે."[11] પછી જે અનીતિ ચાલેછે તે લખાય એવી નથી.

વિલાયતમાં ચોરી, દગા અને ખુન ધાડુંકરીને આવાં લોકોથી થાયછે. નીતિ અને ધર્મ વિષે આ લોકોને કંઈ પણ જ્ઞાન નથી. એઓની હાલત સુધારવાને પરોપકારબુદ્ધિના ગૃહસ્થ ઘણી મેહેનત કરેછે. આવાં નઠારાં લોકો દુનિયામાં બધે ઠેકાણે છે. માણસ જાતની સ્વભાવિક પ્રેરણા બધા દેશોમાં સરખી છે. પણ નઠારાં લોક જે અજ્ઞાન અને અણઘડ હોયછે તો તેમને નઠારાં કામ કરવાના ઝાઝા ઉપાય શુજ પડતા નથી. નઠારાં લોકોમાં જો જ્ઞાન અને કળા હોયછે તો તેનાં બળથી નઠારાં કામ કરવાની હજારો યુક્તિ તેઓને સુજેછે. વિલાયતનાં નઠારાં લોકોમાં જ્ઞાન અને કળા આપણા દેશનાં તેવાં લોકો કરતાં વધારે હોવાથી તેઓ હજારો યુક્તિ કરેછે. તેમાંની કોઈ ત્યારે પ્રગટ થાયછે ત્યારે તેઓની નઠારી પ્રેરણાનું બળ તેટલુ વધારે માલમ પડેછે.

[11] London Labour and the London Poor Vol I. P. 276

ખેતીવાડી.

વિલાયતનો દેશ આપણા દેશ જેવો ફળવંત નથી અને તેની ભૂમી આપણી ભૂમી જેવી રસાળ નથી. તેછતાં ખેતીવાડીની હાલતમાં ઘણો સુધારો એ દેશમાં તમે જોશો. વિલાયતમાં હાલ ઘણેક ઠેકાણે ખેતીવાડી થાયછે તેમાં વિદ્યા હુન્નરની અનેક કળા કામે લગાડેલી તમે જોશો. વિલાયતના લોકો તેને સાયંટિફિક–ફાર્મિંગ (Scientific-Farming) કેહેછે. યંત્રશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જલશાસ્ત્ર વગેરેની વિદ્યાની કળા ખેતીવાડીમાં તેઓએ કામે લગાડીછે.

આપણા દેશમાં ખેતીવાડીની હાલત જેવી અસલના વખતમાં હતી તેવીજ હમણાના વખતમાં તમે જોશો. ખેતીવાડીમાં જે હથિયાર સો કે હજાર વરસની વાત ઉપર વપરાતાં હતાં તેમાં અને આજે વપરાયછે તેમાં ઝાઝો અથવા મુદલ ફેર તમે જોઇ શકશો નહી. વિલાયતમાં ખેતીવાડીનાં જુનાં હથિયારો બદલાઈ ગયાંછે એટલુંજ નહી પણ નવી તરહેનાં અનેક હથિયારો બનાવીને ખેતીવાડીમાં તેઓ વાપરેછે. એવાં આસરે "વણસો જાતનાં હથિયારો છે[12]."

વિલાયતમાં ખેતીવાડીનો એટલો બધો સુધારો થયો તેનું મુળ કારણ એ છે કે શ્રીમંત લોકોએ આ ઉત્તમ ધંધામાં પોતાનો હાથ ઘાલ્યો. વિલાયતમાં કેટલાએક પ્રખ્યાત શ્રીમંતો ખેતીવાડી કરેછે એટલુંજ નહી પણ મહારાણી વિક્ટોરિયાના સ્વર્ગવાસી ભરથારે ખેતીવાડી કરી હતી. આ કામ રાજપટ્ટીથી ઉતરતું છે એમ તેણે ગણ્યું નહી. આ મહા

[12] Rural Life of England; p. 53

ચંચલ અને ઉદ્યોગી રાજપદ્ધીના પુરુષે "ઑસ્બોર્ન" તથા "વિન્સર" મહેલોની પડોસનાં મોટાં ખેતરો ખેડ્યાં અને ખેતીવાડીમાં સુધારો કરવાથી કેટલો લાભ થઈ શકે તે તેણે દેખાડી આપ્યું.[13]

હજારો એકર સામટી જમીન ખેડવી અને તેમાં નવી યુક્તિ દાખલ કરવી એ કામ શ્રીમંતોનું છે. આપણા દેશના શ્રીમંતોને આ ઉત્તમ ધંધામાં હાથ ઘાલવાનું ક્યારે મન થશે? આપણા દેશમાં અસલ ખેતીનો ધંધો ઉત્તમ ગણાતો અને તે ઉપરથી આપણામાં કહેવત રહી ગઈ છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી ને નિદાન ભિખ" એ કહેવત પ્રમાણે ચાલવું છોડી દીધું; વેપારને ઉત્તમ ગણ્યો અને ખેતીને કનિષ્ટ સમજીને પડતી મુકી. આપણા દેશમાં રેલવે ઉઘડ્યો છે માટે હું આશા રાખું છઉં કે મારા દેશી શ્રીમંતોની આંખ ઉઘડશે અને ખેતીવાડીના ઉત્તમ ધંધામાં હાથ ઘાલવાનું તમને મન થશે.

આ ઉપરથી એમ સમજવું નહી કે વિલાયતમાં ખેતીવાડીનો ધંધો માત્ર શ્રીમંતોજ કરેછે. મધ્યમ સ્થિતિના ખેડુત ૧૦૦ થી ૨૫૦ એકર અને તેથી ઉતરતા લોકો ૧૦૦ એકરની અંદર જમીન ખેડેછે.[14] એવા ખેડુતોની સંસારી હાલત કેવી છે તે જુઓ.

આ ખેડુતોની હાલત આપણા દેશના ખેડુતોની હાલત કરતાં ઘણી ચઢતી છે એ તમે જાણતા હશોજ. આપણા ખેડુતો—અમેરિકામાં લડાઈ ચાલી ને વિલાયતમાં રૂનો ખપ નિકળ્યો તેથી-પઇસે કંઈક તાજા થયાછે ખરા; પણ તેઓ પોતાના પઇસાને ધણુંકરીને જમીનમાં ડાટી રાખેછે અને દેખાવમાં નિર્ધન જેવા લાગેછે. વિલાયતના ખેડુતો એવા કંગાલ દેખાવતા નથી.

વિલાયતના ખેડુતો ઘણુંકરીને વાંચી લખી જાણેછે અને વર્તમાન પત્ર કે ચોપાનિયાં કે પુસ્તક વાંચીને ઘણીક બાબતોથી વાકેફ રહેછે. આપણા દેશના ખેડુતને ઘણુંકરીને લખતાં વાંચતાં આવડતું નથી; તેઓમાં અજ્ઞાનનો કંઈ પાર નથી અને વહેમનો કંઈ સુમાર નથી.

[13] "The Royal Farms."
[14] Chambers' Information; Vol I. p. 517

ખેડુત બજારમાં જવાની તયારી કરેછે.

આપણા દેશની પેઠે વિલાયતમાં અઠવાડ્યાના અમુક દહાડે મોટાં શેહેરોમાં બજાર ભરાયછે. લંડનમાં દર રાનીવારે બજાર ભરાયછે. બજારને દહાડે જે ગામનાં જે ખેતરોને જે શેહેર પાસે પડેછે તે ગામનાં તે ખેતરનાં ખેડુતો તે શેહેરમાં જવાને ટોળે ટાળાં નિકળેછે. કંદમુળ, ભાજી, ફળ, ફુલ, માખણ, ઈંડા વગેરે ખેતીવાડી તથા ખેતરના ઢોરની પેદાસ જે કંઈ થઈ હોય તે લઈને નિસરેછે. આ દહાડે તેઓ ઘણા ખુશી અને મજામાં આવી જાયછે.

આ ખેડુતો ઘણા ઉદ્યોગી રેહેછે. ધણી પોતે ઉદ્યોગી રેહેછે એટલે તેનાં માણસ તથા મજુરોને ઉદ્યોગી રેહેવાની જરૂર પડેછે. ખેડુતો તથા તેની બાયડીયો સવારના પાંચ વાગ્યા નથી તેટલામાં ઉઠેછે. પોતાનાં ચાકર તથા મજુરો હજી સુતાં હોય તો તેઓને એક ધમકીનો સાદ દઈ ઉઠાડેછે. આ મજુરોને લઈને ખેતરનાં કામમાં

ખેતરમાં કામ કરનાર મજુર.

સવારથી તે સાંજ સુધી ખેડુતો મંડ્યાં રહેછે. ખેડુતો પોતે મજુરોની સાથે કામે લાગી જાયછે. કેમકે મજુરો સાથે બેસવું ઉઠવું અને કામે લાગવું એજ મધ્યમ હાલતના ખેડુતોનું મુખ્ય કામ ગણાયછે.

કોઈ મોટે પ્રસંગે કે મોટે દહાડે ખેડુતો ઉજાણી કરેછે. તે વેળા તેમ્ઓને જોજન કરતાં જોવા જોઇએ.[15] ખેડુત એટલે તેમનાં પકવાનમાં પુછવું શું? સારાંમાં સારાં પકવાન ટેબલ ઉપર લાવીને મુકેછે અને સઉ જમવા માંડેછે. જમતાં જમતાં અનેક પ્રકારની વાતો ચલેછે. કોઈ પોતાની ખેતીના બળદની વાત કરેછે, કોઈ પોતાના મિત્રનાં કે સગાનાં લગનની વાત કરેછે. કોઇની વાતથી એવો રસ ઉપજેછે કે સઉ હસવા માંડેછે. જમતાં જમતાં દારૂના ગ્લાસ ઢીચેછે.

જમી રહ્યા પછી સ્ત્રીઓ ઉઠીને જાયછે અને પુરુષો એક બીજાની

[15] Rural Life of England; p. 96—404

પાસે બેસી પાઈપ કે ચિરૂટ ફુંકવા માંડેછે. તમાકુ પીતાં પીતાં એતી વાડીમાં સુધારો કરવાની તથા રાજ પ્રકરણની અનેક વાતો નિકળેછે. ચાહાનો વખત થાયછે ત્યાંસુધી આ વાત ચલિછે. ચાહાની વેળાએ સ્ત્રી છોકરાંઓ પાછાં આવીને બેસેછે અને બધાં સાથે મળીને ચાહા પીએછે. વળી પાછા સહુ આનંદથી અને પ્રેમથી વાત કરેછે. પછી સહુ ઘેર જવાને ઉઠેછે, અને એક બીજા સાથે જોરથી "શેકચાંડ" કરી પોતપોતાની ગાડીમાં બેસીને પોતપોતાને ઘેર સિધાવેછે.

ગામડાંનાં ગરીબ રેહેનાર પોતાના દાહાડા કેવી રીતે કાહાડેછે તે વિષે હવે હું તમને ટુંકામાં જણાવું છઉં. જેને ઇંગ્રેજ લોક "કૅટિજ-લાઇફ" (Cottage-life) કેહેછે તેનો સેજ વિચાર આપી હું આ સાતમું પ્રકરણ સમાપ્ત કરું છઉં. ગરીબ ગામડિયાઓની રેહેવાની ઝુપડી આપણા દેશના ગામડિયાઓની ઝુપડીના જેવી નથી. કેમકે એ ઝુપડીમાં તાડપત્ર ને વાંસ તમે જોશો નહી.

ઝુપડીમાં રેહેનારૂં કુટુંબ.

પણ ઝુપડી તે ઝુપડીજ; માટે તેનો દેખાવ કંગાલ હોવોજ જોઇએ. "તેમાં એક કે બે ઓરડી. જમીન માટીની કે પથરની અને તે ઉપર કંઈ પાથરણું નહી. તેમાં લાકડાની અથવા શળિઓની ગુંથેલી થોડી ખુરસીઓ. એક જુની ટેબલ. એક નાહાની તાપણી અથવા તાપણી ને ચુલો એહ્વું એકજ. થોડાંએક વાસણ અને તપેલાં. આ બધો ગામડાનાં મજુરનો માલ ને ખજાનો ગણાયછે[15]."

"તે ગરીબ બાપડો થાકી પાકીને કામ ઉપરથી સાંજનો ઘર આવેછે. થોડાએક કલાક પોતાનાં બાયડી-છોકરાં સાથે બેસીને વાત

કરેછે. અને પછી સાદાં બિછાનામાં સુવેછે. શિયાળામાં હજુર દાહાડો ઉગ્યો નથી તેની પેહેલાં તે કામ ઉપર જાયછે. પોતાનું ભોજન ઝાડ કે ઝાડી હેઠલ બેસીને જમેછે. ઘરમાં કેટલુંએક કામ તેને પોતાને કરવું પડેછે. ઘણીએક વેળા ચુલો સળગાવીને પોતાને હાથે નાસ્તો તઈયાર કરવો પડેછે.

"રવીવાર અને કોઈ તેહેવારને દાહાડે તે હજામત કરી કારવી સારાં કપડાં પેહેરી કરી બઉખાત થઈ નિકળેછે. પછી બાયડીછોકરાંઓને સાથે લઈને ફરવા અથવા દેવળમાં જાયછે અથવા પડોસી સાથે બેસીને વાત કરેછે. પોતાનાં ઘરમાં છોકરાંઓ હોયછે તો તેમને ખોલા ઉપર બેસાડેછે અને બાપદાદાને મોહોડે સાંભળેલી વાત તેઓને કહીને પોતે ખુશી થાયછે અને છોકરાંઓને ખુશી કરેછે.[15]"

આટલી વાત જણાવી હવે હું આ સાતમું પ્રકરણ બંધ કરવાની રજા લઉં છઉં. હરએક દેશની સંસારી હાલતનું બરું અને પુરું ચિત્ર આપવું એનાં જેવું કઠણ કામ બીજું એકે નથી. ઇંગ્લંડનાં લોકોની સંસારી હાલતનું મેં જે ચિત્ર આ પ્રકરણમાં આપ્યુંછે તે હું ઘણું અધુરું સમજું છઉં. તેછતાં આ પ્રકરણ વાંચીને તમને એ વિષે ઉપર ઉપરનો કંઈક વિચાર આવે અને આપણા દેશના લોકોની સંસારી હાલત સુધારવા વિષે કંઈક વિચાર સુજે એજ અને એટલીજ ઉમેદ રાખીને મેં આ પ્રકરણ લખ્યુંછે.

પ્રકરણ ૮.

લોકોનો વિવેક તથા ચાલ.

બોલવા ચાલવામાં, ખાવા પીવામાં, સણગાર સજવામાં, વસ્ત્ર પેહેરવામાં, વાતચિત કરવામાં, મળવા કરવામાં, મિજલસ કે મેજ-બાનીમાં જવા આવવામાં, નાચ રંગ કરવામાં અને લગ્નનો સંબંધ બાંધવામાં તથા લગ્ન કરવાં કારવવામાં–કેવો વિવેક રાખવો અને દેખાડવો–એ વિલાયતમાં સ્ત્રી તથા ગૃહસ્થે જરૂર જાણવું જોઇએ. એવા વિવેકને ઇંગ્રેજ લોકો "એટિકેટ" (Etiquette) કેહેછે. એ "એટિકેટ" વિષે તથા ચાલ (એટલે રિવાજ) વિષે કેટલીએક જરૂરની વાત હું તમને આ પ્રકરણમાં જણાવવાની રજા લઉં છઉં.

ગૃહસ્થનાં લક્ષણ.

જે માણસે ગૃહસ્થમાં ખપવું હોય તેનામાં ગૃહસ્થનાં લક્ષણ જોઇએ. વિલાયતમાં ગૃહસ્થનાં લક્ષણ કયાં કયાં ગણાયછે તે હું પ્રથમ જણાવું છઉં. ગૃહસ્થનું ઘર સ્વચ્છ એટલે જરાપણ કચરો કે ગંદકી વગરનું જોઇએ અને તેના બેસવા ઉઠવાનો ઓરડો નાહાનો હોય તો ચિંતા નહી પણ તે રૂડો ને શોભાયમાન્ હોવો જોઇએ. ગૃહ-સ્થમાં સભ્યતા વગેરે અનેક બાબદોમાં વિવેક જોઇએ.

એ વગેરે ગૃહસ્થમાં સાધારણ અને ચાલુ બાબદોનું જ્ઞાન જોઇએ. પોતાની ભાષા શુદ્ધ બોલવા લખવાનું અને એકાદ બે પારકી ભાષાનું જરૂર જેટલું જ્ઞાન જોઇએ. તેણે નાચવાનું તથા ગાવાનું તથા વાજીંત્ર વગાડવાંનું જાણવું જોઇએ. તેને ઘોડે બેસતાં અને ઘોડો કુદાવતાં આવડવું જોઇએ. તાકીને બંદુક કે પિસ્તોલ ફોડતાં અથવા ઘોડે બેસી શિકાર કરતાં જાણવું જોઇએ. આ બધું હોય તોજ તેનામાં ગૃહસ્થનાં લક્ષણ છે એમ ગણાય.

આ બધાં લક્ષણ જે પુરૂષમાં હોય તેછતાં તે પુરૂષમાં તેની સાથે કેટલાંક અપલક્ષણ હોય તો તે ગૃહસ્થમાં ન ખપે. બે ચાર કે વધારે ગૃહસ્થની મંડળીમાં તમે બેઠા હો અને નાક કે કાન ખોતરવા માટે તેમાં આંગળી ખોસવી એ અપલક્ષણ ગણાયછે. તેમજ દાંત ખોતરવો કે શરીર ધવડવું કે રૂમાલ આડો લીધા વગર મોટે અવાજે છિંક ખાવી તથા દેખાય તેવી રીતે નાકમાંથી લીંટ કાઢાડવાં એ અપલક્ષણ કેહેવાયછે.

પેટમાંથી વા છોડવાની ટેવ સઉથી મોટું અને ભુંડું અપલક્ષણ ગણાયછે. તેમજ મોટે સાદે કોઇને બોલાવવો એ પણ અપલક્ષણ ગણાયછે. આપણા જે દેશીઓમાં આમાંની ઘણીખરી ટેવ હોય તેઓએ ઇંગ્રેજ ગૃહસ્થની કે સ્ત્રીની મુલાકાત લેતાં અથવા તેની સાથે વાત કરતાં સાવચેત રેહેવું જોઇએ. આમાનું કોઇ પણ અપલક્ષણ તમારામાં માલમ પડે તો તમે ગૃહસ્થની મંડળીને લાયક નથી એવો વિચાર તેને તરત આવશે.

સ્ત્રીનાં લક્ષણ.

સ્ત્રીમાં પણ બધી વાતનો વિવેક જોઇએ. પુરુષ કરતાં તેણે બોલવા ચાલવામાં તથા પારકા પુરુષની હજુર હસવા કરવામાં વધારે મર્યાદા રાખવી જોઇએ. સારા અક્ષરથી ચિઠીપત્રી લખતાં તથા વાચતાં આવડવું જોઇએ. સાધારણ બાબદોનું જ્ઞાન જોઇએ. ગાતાં, વગાડતાં અને નાચતાં સારી રીતે શિખવું જોઇએ. ચિત્ર પાડતાં ભરત ભરતાં અને સીવતાં જાણવું જોઇએ. ઘરનો બધો કારભાર ચલાવતાં અને બચાંઓની બરદાસ લેતાં આવડવું જોઇએ. આ બધા ગુણ તેનાંમાં ન હોય ત્યાંસુધી તે ગૃહસ્થની સ્ત્રીમાં ખપે નહી.

સણગાર.

વિલાયતની સ્ત્રીઓમાં સણગાર સજવાની રીત આપણા દેશની સ્ત્રીઓ કરતાં ઘણી જુદી છે. સણગાર સજવાને જેટલો વખત એ સ્ત્રીઓને લાગેછે તેટલો વખત આપણી સ્ત્રીઓને લાગતો નથી. સણ-

ગાર સજવાને જેટલીવાર એ સ્ત્રીઓને આરસામાં જોવું પડેછે તેટલીવાર આપણી સ્ત્રીઓને ઘણુંકરીને જોવું પડતું નથી. સણગાર સજવાને જે વસ્તુઓ એ સ્ત્રીઓ વાપરેછે તે આપણી સ્ત્રીઓ વાપરતી નથી. તેઓનો સણગાર કરવાનો ઓરડો ઘણુંકરીને જુદો હોયછે. એ ઓરડામાં સણગાર કરવાની ટેબલ ઉપર સણગારની બધી વસ્તુ એવીરીતે ગોઠવીને મુકેલી હોયછે કે જ્યારે જોઈએ ત્યારે તરત કામ આવે..

વાળ હોળવાને વાસ્તે વિલાયતની સ્ત્રીઓ કાંસકીને બદલે ઘણું કરીને "હેર-બ્રશ" વાપરેછે. ધુપેલ તેલને બદલે "પોમેટમ" લગાડેછે. તેઓ ઘણુંકરીને દાહાડામાં બે વખત વાળ હોળેછે. હિંદુ સ્ત્રીઓ માથાંમાં કેતક-કેવડો ઘાલેછે તેને ઠેકાણે તે સ્ત્રીઓ ટાંચણી અને કાંસકી વગેરે વાપરેછે. એ ટાંચણી અને કાંસકી જુદીજ તરેહની હોયછે. માથાંના વાળ ધોવાને નરમ વિનિગરનું પાણી અથવા ગરમ પાણીમાં ઇંડાની સફેતી નાખીને તે પાણી વાપરેછે.

કેટલીએક સ્ત્રીઓ ખુબસુરતી વધારવાને અનેક યુક્તિઓ કરે છે. કોઈ સ્ત્રીના વાળ થોડા હોયછે અથવા ભુરા રંગના હોયછે તો નવા વાળ વેચાતા લઇને પોતાનાં માથામાં ઘાલેછે. કેટલીએક સ્ત્રીઓ મોહોડાં ઉપર સપેતાઈ દેખાડવાને પર્લ-પાઉડર વાપરેછે. કેટલીએક સ્ત્રીઓ પોતાની કમર પાતળી દેખાડવાને ખુબ કચકચાવીને કમરપટો બાંધેછે. આવી રીતે કમરપટો બાંધવાનો ચાલ થોડાં વરસ ઉપર બહુજ સાધારણ હતો. હમણા એ ચાલ ઓછો થતો જાયછે. ઘણી ખરી સ્ત્રીઓ લવંડર અને બીજી અનેક સુગંધી (ખુશાબો) વાપરેછે.

સણગારની આ બધી રીત વખાણવા જોગછે એમ હું કેહેતો નથી. પ્રથમ જે ખુબસુરતી આપીછે તેને બરા આકારમાં દેખાડવાને બદલે તે ઉપર મસાલો (પાઉડર) લગાડવો ને કમરને ખુબ કચકચાવીને બાંધવી એ ચાલ સુધરેલા દેશના સુધારાને હિણું લગાડેછે. આપણા દેશની સ્ત્રીઓ આ બાબદમાં ઠપકાથી તમામ મોકળીછે એમ કેહેવાય નહી. આપણા દેશની ઘણીખરી સ્ત્રીઓ છાતીને ખૂબ કચકચાવીને બાંધેછે તથા કેટલીએક સ્ત્રીઓ પારકા કેશ પોતાનાં

માથામાં નાખેછે. સ્ત્રીને સણગાર જરૂરનો છે પણ તે એવો ન જોઇએ કે જેથી શરીરને ઇજા થાય અથવા લોકો ઠગાય.

પોશાક.

ગૃહસ્થની સ્ત્રીને સણગાર સજવામાં સારો પોશાક પેહેલો જોઇએ. તેની સાથે નાજુક ઘાટનું સેજસાજ ઘરેણું જોઇએ. ઘરેણું મુદલ ન હોય તો ચાલે પણ સારા પોશાક વગર ગૃહસ્થની સ્ત્રીને વિલાયતમાં ચાલેજ નહી. માટે સણગારમાં પોશાક એજ મુખ્ય વસ્તુ ગણાયછે. આપણા દેશમાં પોશાક જેવો તેવો હોય તો ચાલે પણ ઘરેણું પેહેલું જોઇએ. આપણા દેશમાં ગમે તેવો ગરીબ હોય પણ તેની બાયડી ઘરેણાં વગર અડવી ને ઉઘાડી ગણાય. આપણા દેશમાં કુલાણી બાઇએ શું ઘરેણું પેહેરેલું છે એ પેહેલું પુછાયછે.

વિલાયતમાં તેમ નથી. વિલાયતમાં કુલાણી બાઇએ કેવું વસ્ત્ર પેહેરેલું છે એ જોવા માટે સર્વની નજર પેહેલી દોડેછે. વિલાયતમાં ગૃહસ્થની સ્ત્રીને નવી નવી તરેહ (ફેશાન)ના પોશાક ઉપર બહુજ પ્રેમ અને ઘણોજ ભાવ હોયછે. પોશાક ઉપર તેઓ કેટલો મોટો ને કેટલો બધો ખરચ કરેછે તે મેં તમને સાતમાં પ્રકરણમાં એક કારણે જણાવ્યુંછે. વિલાયતમાં મધ્યમ સ્થિતિના ગૃહસ્થને જો ઉડાઉ સ્ત્રી મળી તો તે બિચારાની પુરી કંબખ્તી. સ્ત્રીની મરજી સાચવવી જોઇએ, માટે નવી તરેહના પોશાકના પઇસા ચુકવતાં ચુકવતાં તે બાપડાનો દમ નિકળી જાય. ઘણાખરા જુવાન પુરૂષો કુવારા રેહેવાને ચાહેછે તેનું એક મુખ્ય કારણ આ સમજવું.

ગૃહસ્થની સ્ત્રીને જુદા જુદા વખતના અને જુદા જુદા પ્રસંગના જુદા જુદા પોશાક જોઇએ. ઘરમાં સવારના પેહેરી બેસવાનો એક પોશાક તો સાંજના પેહેરી બેસવાનો જુદો પોશાક. બાહાર ચાલતાં જવાનો એક પોશાક તો ગાડીમાં જવાનો બીજો અને ઘોડા ઉપર સવારી કરવાનો ત્રીજો. કોઇ મેજબાનીમાં જમવા જવાનો એક તરેહનો પોશાક તો "બૉલ"માં નાચ કરવાનો જુદી તરેહનો. વળી ઑપે

રામાં કે નાટકરાળામાં જવામાટે એક તરેહનો તો દરબારમાં જવા માટે જુદીજ તરેહનો. આવા અનેક વખતના ને અનેક પ્રસંગના અનેક પોશાક તેઓને જોઇએછે.

મોટા શ્રીમંતની સ્ત્રીએ ઘણોજ ઉંચો પોશાક પેહેરવો જોઇએ. તેનો બધો પોશાક રેશમી અને સરદીના દાહાડા હોય તો ઉન સાથે વણેલા રેશમનો કે મખમલનો જોઇએ. સરદીના દાહાડામાં ગાડીમાં બેસી ફરવા કે કોઇને મળવા જવું હોય તો ઉંચી શાળ તેઓ વાપરેછે. મેજબાનીમાં જમવા જવાનો પોશાક ઘણોજ કિંમતી હોયછે. એ પ્રસંગે આસમાની કે ઉનાળો કે રાઇ રંગનો કે "લવંડર" રંગનો કે લીલા રંગનો પોશાક વાપરેછે. ગુલાબી રંગનો પોશાક માત્ર "બૉલ"માં (એટલે સ્ત્રી પુરુષના નાચમાં) વપરાયછે.

મેજબાનીમાં જેમ નવી ફૂચારાનનો પોશાક તેમ તે પેહેરનાર સ્ત્રીની વધારે શોભા. નવી ફૂચારાન ઉપર વિલાયતની સ્ત્રીઓ મોહી પડીછે. દુકાનદારો પોતાની ઘરાકી વધારવાને નિત્ય નવી નવી "ફૂચારાન"ના પોશાક બનાવિછે. વળી જુદી જુદી ૠતુની જુદી જુદી ફૂચારાન હોયછે. કોઈ ગૃહસ્થની સ્ત્રીએ કોઈ જુની ફૂચારાનનો પોશાક પેહેર્યો હોય તો તેની વાત એક બીજાના કાનમાં સઉ કરે. આવી રીતે વિલાયતના ગૃહસ્થો "ફૂચારાન" ની ફાંસીમાં ફસી પડ્યાછે.

ગૃહસ્થની સ્ત્રી જ્યારે સાંજની મિજલસમાં કે મેજબાનીમાં કે બૉલમાં કે નાટકરાળામાં જાયછે ત્યારે (સ્તન ઢાંકીને) છાતીનો ઉપલો ભાગ ઉઘાડો રાખેછે. તેઓના પોશાક સંબંધી બીજી એક મુખ્ય વાત જણાવવી મારે ભુલવી ન જોઇએ. તે એકે એક પોશાક કેટલીએકવાર પેહેર્યા પછી ચોળાઈ ગયો હોય તો તે બાહર પેહેરવાનાં કામમાં આવે નહી. સ્ત્રીએ પગમાં પેહેરેલાં મોજાં દેખાડવાં ન જોઇએ ને દેખાય તો તે મોજાં ઘણાં ઉંચાં અને રેશમી જોઇએ. હાથમાં પંખો રાખવો હોય તો તે પણ ઘણો ઉંચો અને સરસ જોઇએ.

ઘરેણામાં આંગલીએ એકાદ વિંટી કે હાથે પોંહોચી ને કાને "ઇયર-રિંગ" (એટલે લોલક) હોય તો બસ. ગળા સુધીનો પોશાક

પેહેર્યો હોય તો ગળે એક પદક અને છાતી ખુલ્લી મુકી હોય તો હીરાનો કે પાનાનો હાર અથવા મોતીની માળા પેહેરે. એથી વધારે ઘરેણું ગૃહસ્થની સ્ત્રીઓને પેહેરતાં તમે જોશો નહી. આપણા દેશની ગૃહસ્થની સ્ત્રીઓ ઝાઝું ઘરેણું પેહેરવામાં ઝાઝી શોભા સમજેછે પણ સારા ઘાટનું થોડું ઘરેણું પેહેરવામાં શરીરને ભાર ઓછો પડેછે એટલુંજ નહી પણ શોભા વધેછે. શ્રીમંતાઇ દેખાડવી હોય તો થોડું ઘરેણું લાખ રૂપીયાનું એક સ્ત્રી પેહેરવા ઇચ્છે તો પેહેરી શકે.

વિલાયતની સ્ત્રીઓ થોડાંએક વરસ થયાં ઘાઘરામાં "ક્રિનોલાઇન" (Crinolines) વાપરેછે. એથી તેઓનાં શરીરનો આકાર જાણે બદલાઈ જતો હોય તેમ લાગેછે. પાતળી કમર આગળથી વધતો વધતો તે એટલો તો બાહાર નિસરેછે કે તેથી તેઓનાં શરીરનો બાંધો દીપી નિકળતો હોય એમ મને લાગતું નથી. વળી કેટલીએક સ્ત્રીઓ એટલો બધો નીચો પોશાક પેહેરેછે કે તે જમીન ઉપર ઘસડાયછે. આ પોશાક રાજવંશી ગણાયછે. આપણા દેશમાં દખણમધ્યે પેરાવાના વખતમાં સ્ત્રીઓ નીચે ઘસડાય એવો પોશાક પેહેરતી હતી.

આવો પોશાક કદાચ દરબારમાં ચાલે પણ રસ્તે ચાલનારી સ્ત્રીઓને આ પોશાક વિલાયતમાં પેહેરતાં જોઇને મને એમ વારંવાર લાગતું હતું કે આ "કૂચારાન"નો પોશાક કાહાડી નાખે તો ઠીક. કેમકે રસ્તાની ધુળ તથા રેલવે સ્ટેશનના દાદરનો કચરો-દાદર ચહડતાં ઉતરતાં આ ઘાઘરાથી ઝડાઇ જતો હોય એમ મને દેખાતું હતું.

આપણી સ્ત્રીઓ રેશમી સાડીનો પોશાક પેહેરેછે એ મને ઠીક લાગેછે. એમાં સુધારો એટલો થવો જોઇએ કે હિંદુ સ્ત્રીઓએ ઉઘાડે પગે ચાલવાને બદલે જોડા કે સપાટ અને બને તો બૂટ અને મોજાં પેહેરવાં જોઇએ. કક્ષાં કે અઢાસીયાં ઉંચકવાનો ભાર કાહાડી નાખવો જોઇએ. અરે એક શ્રીમંત ગૃહસ્થની સ્ત્રી પોતાનાં શરીર ઉપર દસ કે વિસ હજાર રૂપીયાની કિંમતનું ઘરેણું અને સારાં વસ્ત્ર પેહેરી ઉઘાડે પગે રસ્તામાં રૂપાની બેડી ઘાલીને ચાલે તેને શ્રીમંતાઇનું કે ગૃહસ્થની સ્ત્રીનું લક્ષણ કોણ કેહેશે?

વિલાયતમાં કોઇને કહ્યું હોય કે અમારા શ્રીમંતની સ્ત્રી ઉઘાડે પગે રસ્તામાં ચાલેછે તો એકાએક કોઇ માનશે નહી. વિલાયતમાં સાવ ભિખારી હોય, તેનીપણ બાયડી કે છોકરી ઉઘાડે પગે રસ્તામાં ચાલવાને લજવાય. જેમ એક મોર કળા કરી પોતાના પગ સામું જોઇ લજવાયછે તેમ આપણી સ્ત્રી કિંમતી ઘરેણાંનો સણગાર સજી પોતાના મેલા ને ગંદા પગ જોઇને ક્યારે લજવાશે અને એ લાજ વિષેનો વિચાર મારા હિંદુ શ્રીમંતોમાં ક્યારે આવશે ?

પુરૂષના પોશાકમાં ઝાઝું જણાવવા જોગ નથી. જેમ બને તેમ સાદો પોશાક પેહેરવો અને વિંટી સિવાય બીજું કંઇજ ઘરેણું પેહેરવું નહી. પોશાક મેલ વગરનો અને દેખાવમાં સાદો જોઇએ. રંગીન બિલકુલ ન જોઇએ. રંગીન પોશાક રંગીલાનેજ છાજે. વિલાયતમાં કોઇ પુરૂષ રંગીલો કે ફાંકડો થઇ ફરે તે ગૃહસ્થમાં ગણાયજ નહી. ગમે તેવો મોટો શ્રીમંત તમારી પાસે રેલવેની ગાડીમાં બેઠો હોય અથવા તમને કોઇ ઠેકાણે મળ્યો હોય પણ તેના પોશાક ઉપરથી તેની શ્રીમંતાઈ મુદલ માલમ પડશે નહી.

આપણા દેશમાં શ્રીમંત તો ત્યારેજ જણાય કે જ્યારે પાઘડીમાં સોનેરી તોરો ખોંસે અને આંગળીઓમાં એક નહી પણ અનેક વિંટીઓ પેહેરે અને કાનમાં મોટાં મોતી લટકાવે અને ઉંચા શાલ દુશાળા રાખે, તથા જ્યાં જાય ત્યાં સાથે માણસ લઈ ફરે. વિલાયતના ગૃહસ્થો એમ કરતા નથી. સારાં અને જોઇએતો ઉંચાં કપડાં પેહેરે પણ ભભકાદાર કપડાં અને ઘરેણું પેહેરવું કોઇ ફકડને કે એરાકીલાલાને કે મુંબઈના દયારામ જેવા ભાટને છાજે પણ ગૃહસ્થને છાજે નહીં.

પોશાક વિષે જેમ આપણા દેશમાં તેમ વિલાયતમાં જુદા જુદા વિચાર છે. જેમ વખત બદલાતો જાયછે તેમ પોશાક બદલાતો જાયછે. જુના વિચારના જરાવાર બકબક કરી રહી જાયછે અને પોશાકની તરેહ (ફેશાન) ન જણાય એવી રીતે આખી મંડળીમાં બદલાવા માંડેછે. વિલાયતનાં લોકોના હમણાના પોશાકમાં અને આગલા વખતના પોશાકમાં ઘણો ફેર પડયોછે. આપણા લોકોના પોશાકમાં

કંઈ ઓછો ફેરફાર થયો નથી. કેવો પોશાક પેહેરવો ને કેવો નહી એ વિષે તકરાર કરવી ફોગટ છે. જે પોશાક જેને પસંદ પડ્યો તે ખરો અને જે વખતમાં જે ફચારાન ચાલી તે ખરી.

આપણા કેટલાએક દેશીઓમાં ઇંગ્રેજી પોશાક પેહેરવાની પ્રેરણા ઉત્પન્ન થઇછે. જેમ મુગલાઈ રાજમાં મુગલાઈ અને પેશવાઈ રાજમાં પેશવાઇ પોશાક પેહેરવાની પ્રેરણા લોકોમાં હતી તેમ ઇંગ્રેજી રાજમાં ઇંગ્રેજી પોશાક પેહેરવાની કેટલાએકોમાં પ્રેરણા થતી હશે. પણ મારો વિચાર એ છે કે આપણો દેશી પોશાક તમામ કાહાડી નાખીને ઇંગ્રેજી પોશાક પેહેરવાની જરૂર નથી. પાઘડી કાહાડી નાખીને ટોપી પેહેરવામાં ફાયદો નથી. જો તમને તમારી પાઘડી પસંદ પડતી ન હોય તો એમ સમજશો નહી કે ઇંગ્રેજોને તેમની ટોપી પસંદ છે. મેં એક કરતાં વધારે ઇંગ્રેજ ગૃહસ્થને મોહોડે સાંભળ્યુંછે કે તેઓ પોતાની લાંબી ટોપીને "ચિમ્ની-પૉટ" કરીને કેહેછે; ને તેઓ તેને મુદલ પસંદ કરતા નથી.

તેછતાં આપણા પોશાકમાં કેટલોએક સુધારો જરૂર કરીને થવો જોઇએ. જેથી શરીરનો ભાગ નાગો અથવા ઉઘાડો માલમ પડે તે પોશાક ચાલુ રાખવામાં મોટી લાજ ઉપજવી જોઇએ. ધોતીયાંથી પગનો ભાગ ઉઘાડો દેખાયછે એટલુંજ નહી પણ ઘણીવાર પગ ઉંચો નીચો કરીને બેસતાં-છાનો ભાગ સાવ ઉઘાડો થઈ જાયછે. આ લાજભરેલો દેખાવ ઘણીવાર નજરે પડેછે.

ચાર ગૃહસ્થની મંડળીમાં કોઇનું ધોતીયું-છાના ભાગ ઉપરથી ખસી ગયું હોય તો તેને એ વિષે કેહેવાનું કામ ઘણું કઠણ થઈ પડેછે. વળી રસ્તામાં ચાલતાં ધોતીયું પવનથી ઉડેછે તે જુદું. આવી જરૂરની બાબદમાં પોશાક સુધારવાની જરૂર છે. બાકી તો જેમ કોઇને એક પકવાન ભાવે અને કો ને બીજું; તેમ મારી આંખને એક પોશાક ગમે ને તમારી આંખને બીજો. માટે એ વિષે તકરાર કરવી ફોગટ છે. પોશાકમાં થોડો ઘણો ફેરફાર પોતાની મેળેજ થતો જાયછે. થોડાં વરસમાં આપણા પોશાકમાં જુઓ કેટલો ફેર પડી ગયોછે!

ભોજન.

ગૃહસ્થોનાં ઘરમાં જમવાનો વિવેક વખાણવાજોગ છે. કુટુંબનાં બધાં માણસો એક ટેબલ ઉપર સાથે જમવા બેસેછે. જમવાની ટેબલ ઘણું-કરીને મોટી ને લાંબી હોયછે. તે ઉપર સપેત ધોયલું (જરા મેલ કે ડાગ વગરનું) કપડું પ્રથમ પાથરીને મુકેછે. પછી ટેબલની આસ-પાસ ગોઠવેલી ખુરસીઓ ઉપર તેઓ જમવા બેસેછે. કુટુંબનો મુખ્ય પુરુષ વચમાં બેસેછે. એટલે લાંબા ઘાટની ટેબલને બે બાજુ નાહાની હોયછે તેમાંની એક બાજુની વચેની ખુરસી ઉપર તે બેસેછે.

પછી પિરસનાર બધાંને એક એક રકાબી મુકી જાયછે. દરએક રકાબીની ઉપર ધોયલા "ન્યાપ્કિન" (રૂમાલ) તથા છરી કાંટો અને ચમચો મુકેછે. "ન્યાપ્કિન"નું કામ એકે મોહાડાં ઉપર જમતાં જ-મતાં પાણી કે કંઇ પદાર્થ લાગે તે લુછી નાખવો; માટે જમનારે પોતાના ખોલા ઉપર તે મુકવો જોઇએ. છરીકાંટા ને ચમચાનું કામ એકે પકવાનમાં હાથ લગાડયા વગર તથા મોહોડાંમાં આંગલી ઘાલ્યા વગર ખવાઈ રાકાય. હાથ એઠા કર્યા વગર જે કામ હાથે કરવું પડે તે છરી કાંટા ને ચમચાએ થાયછે. કાંટા તથા ચમચા રૂપાના કે રૂપેથી રસેલા હોયછે. છરી સાફ કરેલી ચકચકતી હોયછે. ભોજનની પેહેલાં બધી છરી ઘસીને ચકચકતી કરી મુકવી તથા કાંટા ચમચા ચોખા કરી રાખવા એ ઘરની દાસીનું કે ચાકરનું પેહેલું કામ હોયછે.

હવે પિરસનાર એક મોટાં વાસણમાં પકવાન ઢાંકીને લાવેછે અને કુટુંબના મુખ્ય પુરુષની પાસે મુકેછે. આ મુખ્ય પુરુષને મેહેનત બહુ પડેછે. કેમકે પકવાનમાંથી થોડું થોડું પકવાન લઇને એક એક રકાબીમાં મુકીને પિરસનારને તે આપેછે અને પિરસનાર આ રકાબી દરએક જણને મુકેછે ને ખાલી રકાબી ઉંચકી લેછે. આ પ્રમાણે બધાને જ્યારે ફરી વળે ત્યારે મુખ્ય પુરુષ પોતે ખાવા માંડેછે. આ એક પકવાન બધાં ખાઇ રહે પછી પીરસનાર જુની રકાબીઓ ઉંચકી જાયછે ને નવી રકાબીઓ લાવી મુકેછે. પછી બીજું પક-

વાનનું વાસણ લાવી મુખ્ય પુરુષ પાસે રાખેછે ને તે તેમાંથી થોડું થોડું પકવાન કાહાડી પિરસનારને અગાઉની પેઠે આપેછે ને પિરસનાર બધાંને પિરસી જાયછે.

આ પ્રમાણે દરએક પકવાન એક પછી એક આવેછે; અને દર વેળાએ નવી નવી રકાબીઓ મુકાયછે અને કુટુંબના મુખ્ય પુરુષને તથા પિરસનારને બહુ મેહેનત પડેછે. આપણા લોકો જુદાં જુદાં પકવાનોનો સ્વાદ સાથે લેતાં જાયછે. તેમ એ લોકોમાં નથી. એક પકવાન જમી રોહો એટલે બીજું પકવાન આવે. એવાં એવાં અનેક પકવાન એક પછી એક આવેછે.

છરી કાંટે તથા ચમચે ખાવાની રીત તેઓ બચપણથીજ શિખેછે. ભાણાંમાં જે કાંઈ કાપવા લાયક આવે તે છરીથી કાપવું માટે એક હાથમાં છરી અને બીજા હાથમાં કાંટો પકડીને જમવું જોઈએ. પાંઉ વગર કોઈપણ પકવાનને હાથ લગાડી રાકાય નહી. બધું છરી કાંટે તથા ચમચેજ કામ લેવું. છરી મોહડાંમાં લેવી નહી પણ કાંટાના દાંતાઓમાં ભરાવી ને કાંટેથી ખાવું અને પિવાની વસ્તુ અથવા ભાત લેતાં ચમચો વાપરવો. જેઓને ટેવ નથી તેઓને આ કામ કઠણ લાગશે પણ ત્યાંના ગૃહસ્થનું દરએક બચું બચપણથીજ આ વાપરવાને શિખેછે.

ખાવાપિવાની પણ કેટલીએક રીતિ છે. મોહાડાંમાં "બચબચ" અવાજ કરીને ખાવું નહી તથા "ઘટઘટ" અવાજ કરીને અથવા મોટેથી સ્વાસ લઈને કંઈ પિવું નહી. કેટલીએક જાતનાં ફળ ખાવામાં પણ ચતુરાઈ જોઈએ. જેનામાં ખાવાનો વિવેક નહી તે ગૃહસ્થનાં ઘરમાં ઉછરીને મોટા થયો નહી હશે એમ સહુ માને. ભોજન કરતાં વિલાયતનાં લોકોને ઘણો વખત લાગેછે. ભોજન લેતાં લેતાં અનેક પ્રકારની વાતચિત ચાલેછે. ભોજન સંબંધી એક બીજી વાત જણાવવી ભુલી જવી ન જોઈએ. તે એકે ભોજન કરવા પેહેલાં તથા ભોજન કરવા પછી ઘણાંખરાં કુટુંબોમાં ઈશ્વરપ્રાર્થના થાયછે અને ઈશ્વરનો ઉપકાર ભોજનને માટે માનવામાં આવેછે.

આપણા દેશીઓની ભોજન કરવાની રીત જુદી છે તે તમામ બદલી નાખીને યુરોપિયનના જેવી કરવાને જરૂર નથી. પણ ભોંય ઉપર પલોઠી વાળી વાંકાં વળીને બેસવું અને મોહડાંમાં આંગલાં ઘાલીને તથા આંગલી ચાટીને જમવું એ સુધરેલા જમાનાને છાજે તેવી વાત નથી. તેમજ સ્ત્રીઓને તથા છોકરીઓને પાછળથી જુદી જમવા બેસાડવી એ પણ મને ઠીક લાગતું નથી. તમે કદાચ પુછશો કે આપણા બાપદાદા ટેબળપર ક્યારે જમતા હતા? તેના જવાબમાં હું તમને પુછું છઉં કે આપણા બાપદાદા ચ્યુરસીટિબલ ક્યારે વાપરતા ને તે ઉપર ચાહા ક્યારે પીતા હતા? જેમ જમાનો સુધરતો જાયછે તેમ આપણે પણ સુધરતા જવું જોઇએ. જેમ સમો બદલાયછે તેમ આપણી સ્થિતિ પણ બદલાતી જાયછે.

વાતચિત.

ઇંગ્રેજ ગૃહસ્થોના સંબંધમાં તમે થોડા ઘણા આવ્યા હશો તો તમે કહી શકશો કે વાતચિત કરવાના વિવેકમાં તેઓ આપણાથી ઘણા ચઢતા છે. વાતચિત કરવામાં તેઓની સભ્યતા વખાણવાલાયક અને નકલ કરવાજોગ છે. તેઓની વાતચિતમાં કઠોરતા તમે ઘણું-કરીને જોશો નહી. માત્ર સ્કુલમાં કે કૉલિજમાં કેળવણી લીધાથી વાતચિત કરવામાં વિવેક આવડવો કઠણ છે. એ વિવેક શિખ્યો હોય તો ઇંગ્રેજ કુટુંબના સંબંધમાં વધારે આવવું જોઇએ. અરે ઇંગ્રેજ ગૃહસ્થની સ્ત્રીની વાત કરવાની નરમાસ ને મિઠાસને કોણ પોંહોચી શકશે? વાત કરતાં હસતું મોહો રાખવાને પેહેલું શિખવું જોઇએ.

વાતચિત કરતાં તેઓ ઘણુંકરીને મોટેથી બોલતા નથી. કેટલી એક મંડળીમાં એવા ઝિણા સાદથી વાત કરે કે તેઓ વાત કરેછે એમ એકાએક જણાય નહી. જે જગ્યાએ ને જે પ્રસંગે જે વાત કરવી જોઇએ તે ઉપર તેઓ ઘણું લક્ષ રાખેછે. તેઓની વાતચિત ઘણુંકરીને રાજપ્રકરણ કે વિદ્યા હુન્નર કે ચાલુ બનાવ ઉપર હોયછે. તેટલામાટે વર્તમાનપત્ર તથા ચોપાનિયાં વાંચવાનો અભ્યાસ રાખવાની

તેમને જરૂર થઈ પડેછે. કેમકે એ સંબંધી વાત હરએક મંડળીમાં ને હરએક જગ્યાએ જ્યારેત્યારે નિકળેછે.

નવી નવી ફચાશન સંબંધી વાત કે શિકાર મારવા સંબંધી વાત કે "ક્રિકેટ" રમવા સંબંધી વાત કંઈ થોડી સાધારણ નથી. ઇતિહાસમાંથી કે ચરિત્રમાંથી નાહાની નાહાની વાતો (Anecdotes) કેહેવાનો ચાલ ઘણો સાધારણ છે. જેમ કે આળસુ માણસ દુનિયામાં વધી શકતો નથી તે વિષે એક બિરાપની વાત છે. "લિંકનનો બિરાપ ઘણો મોટો અને વગવાળો હતો. એક દાહાડે તેના મુખ્ય અને આળસુ ભાઈએ કહ્યું કે તું મને દુનિયામાં આગળ પાડ ને મોટો કર. બિરાપે જવાબ આપ્યો કે ભાઈ તું કેહેતો હો તો હું તારૂં ભાંગેલું હોળ સુધારી આપું, અથવા તારો બળદ મરી જાય તો બીજો લઈ આપું, પણ ભાઇ હું તને મોટો કેમ કરી શકું? તું હોળ ઓડનાર છે અને મને ભય લાગેછે કે તું તેવોજ રહીશ.[1]"

લૉર્ડ બ્રોહમ મહા ઉદ્યોગી પુરુષ હતો. તેના ઉદ્યોગ વિષે એક નાહાની વાત છે તે પણ હું તમને કહું. "એક વખત સામ્યુઅલ રૉમિલિને કોઇએ કહ્યું કે તમે મને આટલું કામ કરી આપો. તેના જવાબમાં તેણે જણાવ્યું કે મને અવકાશ નથી પણ પેલા બ્રોહમ પાસે જાઓ; કેમકે તેને દરએક કામ કરવાને અવકાશ મળતો હોય એમ લાગેછે[1]." આવી અનેક જાતની નાહાની નાહાની વાતો કરવામાં અને સાંભળવામાં તેઓને પ્રેમ તથા રસ ઉપજેછે.

કોઇના કાનમાં વાત કરવી એ મોટો અવિવેક ગણાયછે. ત્રણ કે વધારે માણસો સાથે બેસીને વાત કરતા હોય તેમાં વાત કરતાં કરતાં બીજી કોઈ એવી ભાષામાં વાત કરવી કે પાસે બેઠેલા કેટલાએક તે સમજી ન શકે, તો તે પણ મોટો અવિવેક ગણાયછે. કોઈ વાત ચાલતી હોય ને તેવામાં કોઈ જાણીતો ગૃહસ્થ કે મિત્ર આવી પોંહોચ્યો તો તેને તમારી વાતની મતલબ સમજાવ્યા વગર તેની તેજ વાત ચાલુ રાખવી તેમાં પણ અવિવેક ગણાયછે. વાત-

[1] Self Help. p. 15; 18.

ચિત કરવાને સ્ત્રી ગૃહસ્થ એકઠાં મળ્યાં હોય તેમાં કંઈ સવાલ પુછવો અથવા "પેલી વાતનું શું થયું" એમ કોઇને ભરમમાં પુછવું એ પણ અવિવેક ગણાયછે.

મુલાકાત.

વિલાયતમાં રસ્તે ચાલતાં ચાલતાં કોઈ ઓળખીતાની કે મિત્રની મુલાકાત થઇ તો તેઓ આપણી પેઠે હાથ ઉંચકીને સલામ કરતાં નથી પણ એક બીજા તરફ પોતાનું ડોકું હલાવેછે; અને સામ સામે કે પાસ પાસે આવી ગયાં તો "શેકયાંડ" કરેછે (એટલે એક બીજાના હાથ હલાવિછે). પણ કોઈ ઓળખીતી સ્ત્રીની મુલાકાત થઈ તો ટોપી કાઢાડીને તેને સલામ કરવી અને પાછી ટોપી પેહેરવી. કોઈ સ્ત્રી સાથે જ્યાંસુધી ઘણીજ ઘરવટ નહી હોય ત્યાંસુધી તે સ્ત્રી "શેકયાંડ" કરવાને કે સલામ લેવાને ચાહાતી નથી.

ઘરમાં મળવા જવાને "કાર્ડ" વાપરવામાં આવેછે. માટે દરએક સ્ત્રી ગૃહસ્થ ઘણુંકરીને પોતાનાં ખિસાંમાં પોતાનાં નામનાં છાપેલાં કાર્ડ રાખેછે. ઓળખાણપત્ર લઈને કોઇને મળવા જવું હોય તો તેનાં ઘર આગળ જઇને એ પત્ર તથા તમારાં નામનો કાર્ડ સાથે મોકલવો. જે ગૃહસ્થની સાથે તમારી ઓળખાણ આ પ્રમાણે એક વખત થઇ એટલે જ્યાંસુધી તે તમને પોતાને ઘેર બોલાવીને પોતાનાં બાયડીછોકરાં સાથે મુલાકાત કરાવે નહીં ત્યાંસુધી એમ સમજવું કે એ ગૃહસ્થ તમારી ઓળખાણ કરવાને ખુશી નથી અથવા ઓળખાણપત્ર આપનારની દરકાર કરતો નથી.

કોઈ ગૃહસ્થને ઘેર તમે મુલાકાત કરવા જઓ ને તેની મુલાકાત થઈ કે ન થઈ તે છતાં તમે તમારો કાર્ડ નાખી આવો એટલે એ મુલકાતનું તમારૂં લેહેણું થયું એમ ગણાય. તે જો તમારી સાથે મિત્રાચારી રાખતો હશે તો તે લેણું પાછું વાળી જશે. એટલે બે ત્રણ દિવસમાં તમારે ઘેર તમને જરૂર મળી જશે. તમે કોઈને ઘેર જમી આવો અથવા બૉલમાં જઈ આવો એટલે ત્રણ ચાર દહા-

ડામાં તેને ઘેર મુલાકાત કરવાને પાછું જવું જોઇએ. કોઈ તમારા ઓળખીતા કે મિત્રને ઘેર મરણ થયું હોય તો તમારી દલગીરી જણાવવા માટે તેને ઘેર જઈને તેનાં ચાકરને તમારો કાર્ડ આપી તથા એ દુઃખ ભરેલો બનાવ કેમ બન્યો એ વિષેની તેનેજ ખબર પુછી પાછા ફરવું. લગનની અથવા એવીજ કંઈ ખુશી જણાવવા માટે તમારે તેનો મળાપ કરવો જોઇએ.

લંડનમાં મુલાકાતનો વખત પાછલા પોહોરના ૩ થી ૬ વાગા સુધી ઘણુંકરીને હોયછે. જે ગૃહસ્થની કે સ્ત્રીની મુલાકાત લેવાની મરજી ન હોય તેઓ પોતાના ચાકરને કહી રાખેછે કે જે કોઈ મળવા આવે તેને કેહેવું કે "Not at home" એટલે "ઘરમાં નથી" એ પ્રમાણે ચાકર કરેછે, પણ તમારો કાર્ડ લેછે. મુલાકાત લેવાની તેની મરજી હોય ને તમે દાખલ થયા તો ૨૦ કે ૩૦ મિનિટથી વધારે બેસવું નહી. એથી વાધારે બેસો અથવા કોઈ બીજે મળવા આવ્યો પછી વાધારે વાર બેસી રોહો તો તમે બુબક-(Bore)-માં ખપો.

મિજલસ.

મિજલસ અથવા બેઠક કરવાનો ચાલ આપણા દેશની પેઠે વિલાયતમાં છે; પણ આપણા દેશીઓ જેમ વેશ્યાને મિજલસમાં કે બેઠકમાં નાચવાને બોલાવિછે તેમ વિલાયતમાં કોઇ કરતું નથી. વેશ્યાને બોલાવવી–ને તે વળી પોતાનાં ઘરમાં–એના જેવી લાજ બીજી કઈ હશે? વિલાયતમાં કોઈ ગૃહસ્થ વેશ્યાને જો પોતાનાં ઘર આગળ બોલાવે તો તે ગૃહસ્થ કેહેવાયજ નહી અને ગૃહસ્થોની મંડળીમાં તેને કોઇ બોલાવેજ નહી. ત્યારે વિલાયતમાં મિજલસ કેમ થતી હશે?

વિલાયતમાં ચાર કે પાંચ જાતની મિજલસ થાયછે. એક મિજલસ એવી થાયછે કે તેમાં એક બીજા સાથે વાતચિત ચાલેછે. મિજલસ કરવાની મુળ મતલબ તો એજ છે કે પરસ્પર પ્રીતિ અને મમતા વધે અને વાતચિતથી એક બીજાનું મન રાજી થાય. આ મતલબ પાર પાડવાને વાતચિત કરવાની મિજલસ જેવી બીજી કઈ મિજલસ

તમે પસંદ કરશો? એવી મિજલસને તેઓ Conversazione કેહેછે. બે ત્રણ ઓરડામાં નવા અને ખુશી ઉત્પન્ન કરે એવા પદાર્થ તથા ચિત્ર તથા ફોટોગ્રાફ તથા સુંદર પુસ્તકો તથા "સ્ટીરિયસ્કોપ" વગેરે ટેબલ ઉપર મુકેછે. જ્યારે મિજલસ એકઠી થાયછે ત્યારે પ્રથમ એક બીજા મળેછે ને પછી અનેક પ્રકારની વાત ચાલેછે.

કેટલીએક વાર પછી ચાહા પાવાને માટે બીજા ઓરડામાં લઈ જાયછે. જરા જરા વાર રહીને "આઈસ-ક્રીમ"થી ભરેલાં ગ્લાસ મિજલસમાં ફેરવેછે. તે લેતાં લેતાં અનેક પ્રકારની વાત થાયછે. તેવામાં ઘરધણીઆણી મિજલસમાં આવેલી કોઈ સ્ત્રીને ગાવાની વિનંતી કરેછે; એટલે તે ઉઠીને વાજાની પેટી (પીયાનો) તરફ જાયછે ને ગાવા તથા વગાડવા માંડેછે. આવી રીતનું થોડીથોડી વારે ગાંન તાંન થાયછે ને તે બંધ પડેછે એટલે પાછી વાતચિત ચાલેછે. આવી મિજલસથી કેટલો બધો લાભ થાય તેનો તમે વિચાર કરી શકશો. નિરાંતે અને ખુરા મિજાસે વાત કરવાની અને મિત્રાચારી વધારવાની આ કરતાં વધારે સારી જોગવાઈ બીજી કયે ઠેકાણે તમને મળશે? આવી મિજલસમાં હું પાંચ સાત વાર ગયો હતો ને બહુ આનંદ પામી પ્રસન્ન થયો હતો.

બિજી તરેહની મિજલસમાં કોઈ ગાનારને બોલાવેછે. ગાનાર પુરુષ હોય અથવા સ્ત્રી હોય. ગાનાર સ્ત્રીની બાનગી આબરૂ ગમે તે હો પણ તે વેશ્યાનો ધંધો કરનાર ન હોય એટલે ચાલેછે. જેમ તમે ગવઈયાને બોલાવો ને તેની બાનગી આબરૂ ગમે તેવી હોય પણ તેનું ગાયન સાંભળવામાં દુષણ ગણાશે નહી, તેમ હરએક સ્ત્રી જે વેશ્યાનો ધંધો કરતી નથી તેનું ગાયન સહુ પ્રેમથી અને ખુશીથી સાંભળેછે. એવી મિજલસને કૉન્સર્ટ (Concert) કેહેછે.

ત્રીજી તરેહની મિજલસમાં નાટકનો બેલ કરાવેછે. આ નાટકના બેલ કરનારા ઘણુંકરીને શોખને બાતર નાટક કરેછે ને તેઓનો બેલ ખુશીથી સહુ જોયછે. ચોથી તરેહની મિજલસ કોઈ શ્રીમંત ઉઘાડી જગ્યામાં કરેછે; તે *Matinée* નામથી ઓળખાયછે. પાંચમી

જાતની મિજલસને ચાહાનીમિજલસ (Tea-party) કેહેછે. પણ આ બધી મિજલસમાં પેહેલી એટલે વાતચિતની તથા છેલ્લી એટલે ચાહાની-મિજલસ વિલાયતમાં વધારે સાધારણ થતી જાયછે.

જેજણાની.

વિલાયતના લોકો જ્યારે જેજણાની કરેછે ત્યારે ઘણુંકરીને બાર કે સોળ કે અઢાર કરતાં વધારે માણસોને જમવા બોલાવતા નથી. લગન ઉપર કે બ્રધરણી ઉપર કે મરણ ઉપર મોટાં જમણ કરવાનો ચાલ જેમ આપણા દેશમાંછે તેમ વિલાયતમાં નથી. તે છતાં કોઈ મોટે પ્રસંગે મોટું જમણ થાયછે ખરું. કેટલાંએક જમણ એવાં થાયછે કે જેને આપણે ઉજણી કહીએ તો ચાલે. એવાં જમણ "પબ્લીક ડિનર" (Public Dinner) નામથી ઓળખાયછે. તેમાં જેઓ જમવા જાયછે તેઓને માથાં દીઢ ઠેરવેલું લવાજમ આપવું પડેછે.

એકાદ બે મિત્રને તમે જમાડવા ઇચ્છતા હો ને તમારાં ઘરમાં તેમ કરવાની જોગવાઈ થતી ન હોય તો તેને તમે હોટેલમાં લઈ જઈને જમાડો અને તેની સાથે બેસીને તમે જમો તો તે ચાલી શકે. એક માણસ પોતાને ઘેર બાર કે ચઉદ અસામીને જમવા બોલાવે તેમાં તેનાં કેટલાએક મિત્ર રહી જાય તો તેની ચિંતા નહી. કેમકે બીજીવાર જેજણાની આપે ત્યારે રહી ગયાલાં મિત્રને બોલાવે. તેટલા માટે એક જમણમાં એક મિત્રને બોલાવ્યો અને બીજાં જમણમાં તેને નોતરું ન દીધું તો તે વિષેનો ભેદ કોઇનાં મનમાં આવતો નથી.

જમાડવાની મુળ મતલબ તો એજ કે પરસ્પર મમતા અને પ્રીતિ વધારવી. આ મતલબ થોડાં માણસ જમાડવાથી જેવી પાર પડેછે તેવી બીજી રીતે પાર પડતી નથી. થોડાં માણસો હોય તો તેમની સાથે તમે સારી પેઠે વાતચિત કરી શકો અને તેમની સારી પેઠે બરદાસ લઈ શકો. એથી તેઓનું મન પ્રસન્ન થાયછે અને તમારા ઉપર તેમનું હેત વધેછે. જમવા જવાની અને જમવા તેડવાની આ મુળ મતલબ આમ કરવાથી વધારે સચવાયછે.

તે છતાં કેટલાં એક શ્રીમંતો મોટી મેજબાની કરવામાં વધારે મોટાઈ સમજેછે અને એમાં તેઓ મોટી રકમ ખરચેછે. મેં આગળ કહ્યુંછે તેમ માણસ માત્રની સ્વાભાવિક પ્રેરણા બધા દેશમાં અને બધે ઠેકાણે સરખી છે. આપણા શ્રીમંતો પોતાની શ્રીમંતાઈ દેખાડવાને જેમ આતુરતા રાખેછે તેમ વિલાયતમાં પણ કેટલાએક શ્રીમંતોને તમે જોશો. તેઓ ત્યારે મોટું જમણ કરેછે ત્યારે તેઓને બહુ ખરચ બેસેછે. એ ખરચનો તમને કંઈક વિચાર આવે તેટલા માટે જણાવું છઉં કે ઈંગ્લંડનો ક્વૉર્ડ મેઅર વરસો વરસ એક વખત મોટું જમણ કરેછે; અને તેવાં એક જમણના ૨૦ હજાર રૂપીયા કરતાં ઓછો ખરચ થતો નથી! એટલી મોટી રકમમાં માત્ર હજાર કે બારસો માણસો જમેછે.

વિલાયતમાં જ્યારે આવી મોટી મેજબાની થાયછે ત્યારે તેનો દેખાવ જોવાજોગ થઈપડેછે. ગમે તેવાં મોટાં જમણમાં પણ તેઓની જમવા કરવાની રીતભાત બદલાતી નથી. આપણા દેશીઓમાં જેમ મોટું જમણ તેમ જમવાની રીતિ વધારે ખરાબ. વિલાયતમાં તેથી ઉલટું છે. જેમ મોટું જમણ તેમ જમવાની રચના વધારે રૂડી. ટેબલની હારની હાર લાગી રહીછે. તે ઉપર સપેત દુમાસનું કપડું પાથરેલુંછે અને દિવાનો ઝળકાટ થઈ રહ્યોછે. રૂપાનાં અથવા રૂપાથી રસેલાં વાસણોની ધુમ મચી રહીછે. જમતાં જમતાં ઉંચા દારૂના ગ્લાસ પીવાયછે. પરસ્પર તંદુરસ્તી ઈચ્છતાં ઈચ્છતાં ને દારૂ પીતાં પીતાં ભાષણો થાયછે અને આનંદના સાદ (હુરરે) નિકળેછે.

આપણા શ્રીમંતો જ્યારે નાતવરા જમાડેછે ત્યારે તેમાં સેંકડો એવાં માણસોને જમવા તેડેછે કે જેઓની સાથે મુદલ ઓળખાણ ન હોય. વિલાયતમાં શ્રીમંતો મોટાં જમણ કરેછે તો તેમાં પોતાનાં મિત્ર કે ઓળખાણ-વાળાઓનેજ બોલાવેછે. વળી આપણામાં શ્રીમંતોને જોઈને નાતવરા કરવાનો ચાલ મધ્યમ હાલતના લોકોમાં પેઠોછે એટલુંજ નહી પણ ગરીબોમાં પણ પેઠોછે. માટે લગન કે અધરણીનો અવસર જ્યારે આવેછે અથવા મરણનું કારજ થાયછે

ત્યારે એકએક પર્શની કસર કરીને મેળવેલું ધન તેઓ ઉડાવી નાખેછે એટલુંજ નહી પણ ખુટેછે તો કરજ કરીને પણ કારજ ઉકેળેછે.

હું અમદાવાદ ગયો[2] ત્યારે ત્યાંની "ત્રેનિંગ કૉલિજ" ના વિદ્યાર્થીઓનાં સુવાનાં બિછાનાં મારા મિત્ર ભાઈ મહિપતરામ રૂપરામ—જે એ કૉલિજના પ્રિન્સીપાલ છે તેણે મને દેખાડાવ્યાં. તે બિછાનાંઓમાં રૂ મુદલ હતુંજ નહી. સાવ ફાટેલાં ચિથરાંનાં મેલાં ને ગંદાં બિછાનાં હતાં. તેછતાં મેં તેજ વિદ્યાર્થીઓને મોહોડે સાંભળ્યું કે તેઓને ઘેર જો કારજ આવે તો જમણવાર કરવામાં દોહોડ કે બે હજાર રૂપીયા ખરચ્યા વગર તેઓનો છુટકો નહી. હાય હાય! જે ગરીબ તથા મધ્યમ હાલતના લોકો ઉપર આવો મોટો કર હોય તેઓની અવસ્થા કેમ સુધરે!

પરોણાગત.

ઇંગ્રેજ ગૃહસ્થની પરોણાગતથી તમે ખુશી થયા વિના રેહેશો નહી. તમે તમારી ઓળખાણવાળા કોઈ મિત્રને મળવા જશો તો ઓરડામાં જતાંને વાર તે તથા તેની સ્ત્રી ઉઠીને ઉભાં થશે અને પ્રીતિથી "શેકચાંડ" કરી તમને બેસાડશે. આસરે પચીસ વરસ ઉપર વિલાયત જઈ આવેલા બે પારસી ગૃહસ્થોએ આ વિષે પોતાના અનુભવથી લખેલા બોલ ખરા છે એમ મને મારા અનુભવથી માલમ પડ્યુંછે. તેટલામાટે તેઓનાજ બોલ હું અત્રે ટાંકું છઉં:—

"We would prepare such of our countrymen as may visit England, to expect a hearty welcome, and a friendly shaking of the hands, much courtesy and great kindness from all with whom they become intimate. Males and females, old and young, all strive in their respective ways to do some thing to make you pleased and happy, or, to use their own strictly English word, *comfortable*. You have only to express that you like this thing or dislike that, and if it is in their power your wishes and views will be met.[3]"

[2] December, 1865

[3] Journal of a Residence in Great Britain; p. 455-56

"અમારા જે દેશીઓ વિલાયત જશે તેઓને અમે જણાવીએ છઇએ કે વિલાયતમાં જેઓની સાથે તમને ઓળખાણ થશે તેઓ તમારો મોટો આદર સત્કાર કરશે, તમારી સાથે પ્રીતિથી "શેકચાંડ" કરશે અને ઘણી સભ્યતા તથા મોટી મમતા દેખાડશે. પુરુષ તથા સ્ત્રીઓ, બુઢાં તથા જુવાનો તમને ખુશી તથા સુખી કરવાને બનશે તેટલી મેહેનત કરશે. તમને કઈ ચીજ પસંદ પડેછે ને કઈ ચીજ નથી પડતી એટલુંજ માત્ર તમે જણાવશો ને તે જે તેઓના હાથમાં હશે તો તમારી બધી ઈચ્છા અને મરજી સચવાશે."

ઇંગ્રિજ ગૃહસ્થોની પરોણાગત આવી રૂડી છે. જેવો અનુભવ આ પેહેલી વારીમાં ગયલા આપણા દેશી ભાઈઓને થયો હતો તેવોજ મને થયોછે તથા મારા બીજા દેશી મિત્રો જેઓ વિલાયત જઈ આવ્યાછે તેઓને પણ થયોજ હશે.

બૉલ અથવા સ્ત્રી પુરૂષનો નાચ.

ઇંગ્લંડમાં અને યુરોપના બધા સુધરેલા દેશોમાં એવો ચાલ છે કે કોઈ મોટે દહાડે અથવા મોટે પ્રસંગે ગૃહસ્થો તથા તેમની સ્ત્રીઓ નાચેછે. સ્ત્રી પોતાના ભરથાર સાથે નાચેછે એટલુંજ નહી પણ પારકા પુરૂષ સાથે નાચેછે. આપણા દેશમાં પણ અસલ સ્ત્રી પુરૂષ સાથે નાચવાનો ચાલ હશે એમ મને લાગેછે. ભાગવતમાં કૃષ્ણ તથા ગોપીઓ અને બળરામ તથા ગોપીઓના રાસનું વર્ણન કર્યુંછે તે એ વખતના ચાલ ઉપરથીજ ભાગવત લખનાર વ્યાસને સુઝ્યું હશે. આ મારૂં અનુમાન સાચું હો કે ખોટું પણ મને આ નાચવાનો ચાલ મુદ્દલ પસંદ નથી.

બૉલમાં નાચવાના પ્રકાર ઘણી જાતના છે. કેહેછે કે ત્રણસો જુદા જુદા પ્રકારથી નચાયછે. વિલાયતમાં દસ બાર પ્રકાર નાચવાના આવડ્યા એટલે વધારે શિખવાની મેહેનત તેઓ લેતા નથી ફ્રેન્ચ, જરમન તથા રૂશિયન લોકો નાચવામાં સરસ ગણાયછે. નાચવાના જુદા જુદા પ્રકારનાં જુદાં જુદાં નામ છે. તેમાં કુવાદ્રિલ તથા વૉલ્ઝ

આ બે પ્રકારના નાચમાં સ્ત્રીઓને કમરમાંથી પકડી તથા સ્ત્રીપુરુષ એક એકને વળગીને નાચેછે. એ નાચની ચુખી ગમે તેવી હો પણ નીતિમાં ભંગ થવાનો આ મોટો આરંભ અને પાયો છે. સ્ત્રી-પુરુષનું જ્યારે અંગેઅંગ એકઠું થાય ત્યારે માણસ જાતની સ્વાભાવિક પ્રેરણાનો અટકાવ થવો કઠણ છે.

લગ્ન.

વિલાયતમાં ઘણુંકરીને નાહાની ઉંમરમાં લગ્ન થતાં નથી. વિલાયતમાં ઘણાખરા લોકો એમ સમજેછે કે લગ્ન કરવાની શક્તિ તથા જોગવાઈ હોય અને બરાબર જોડુ જોડું મળતું હોય તોજ લગ્ન કરવાં. વગર શક્તિએ લગ્નનો બોજો ઉંચકીને સંસારના ઝટલામાં પડવું અથવા જોડુજોડું મળતું ન હોય તોય "આંધળા સાથે બેહેરે પરણાવવું" અથવા "લાકડાં સાથે માકડું વળગાવી દેવું" એવો વિચાર વિલાયતના લોકોનો નથી. ગરીબ અવસ્થામાં સંસારનો બોજો ઉંચકીને દુખી થવું અથવા કજોડું કરીને સંસારસુખમાં ઝેર નાખવું તે કરતાં કુંવારા રેહેવું વધારે સારું છે એમ તેઓ સમજેછે.

આપણા દેશમાં લગ્નની ઝુસડી બચપણથી દરએક જુવાન પુરુષને ગળે વળગાડવામાં આવેછે. તે હજી પોતાનો વિદ્યાભ્યાસ કરી રહ્યો નથી તેટલામાં તે એકાદ બે છોકરાંઓનો બાપ થઈ પડેછે. ઘેર જાય ત્યારે પરણેલી સ્ત્રીમાં જીવ રાખે કે ચોપડી લઈને પાઠ કરવા બેસે? અરે હવે આવડી ઉંચી અને મોટી બાયડીનો ધણી અને એકાદ બે છોકરાંનો બાપ થઈ કેમ ભણાય? હવે તે બાપડાને રહેટ ચોપડી લઈને ભણવા જતાં બહુ લાજ લાગેછે માટે ભાયડામાં બપવાને હવે કંઈ કામધંધે લાગવું જોઈએ. હાય હાય જે દેશના પુત્રોની જુવાનીનું તપ્યાર થતું વીર નાહાની વયમાં વહી જાય તે દેશના પુત્રોમાં વીરપણું ક્યાંથી આવે? હાય હાય જે દેશના પુત્રોને ગળે નાહાનપણથી સંસારની ઝુસડી વળગે તે દેશના પુત્રોથી લાંબો વિદ્યાભ્યાસ કેમ થાય અને તેઓ લાંબું દેશાટન કેમ કરી શકે?

વિલાયતમાં લગ્ન કરવાની ઉંમર પુરુષની બાવીસ વરસ તથા સ્ત્રીની વીસ વરસે ગણાયછે. સ્ત્રી પુરુષ એક બીજાને જોઈ કરીને પરણેછે. આપણા દેશમાં સ્વયંવરનો ચાલ અસલ હતો એમ પુરાણ વગેરેમાં દાખલા મળી શકેછે. સ્વયંવરમાં સ્ત્રી પોતાની ખુશીથી વર પસંદ કરીને પરણતી હવી. ઘણી ઘણીઆણીને એકબીજાનું મોહો ગમે નહી તે જોડું શાનું? એવાં લગ્ન માબાપ કરે તે કરતાં પોતાનાં છોકરાંઓને કુંવારા રાખે તો તે ભલું.

વિલાયતમાં સ્ત્રીપુરુષ પોતાની ખુશીથી એકબીજાને જોઈ કરીને કેમ પરણેછે અને પરણતી વેળા કેવી ક્રિયા થાયછે એ વિષે હવે હું તમને થોડામાં જણાવું છઉં.[1] મિજલસમાં કે મેજબાનીમાં કે બૉલમાં સ્ત્રી પુરુષ એકબેકને ઓળખેછે. પછી એકબીજાને ઘેર મુલાકાત કરતાં કરતાં એકબીજાના પ્યારમાં લપટાઈ જાયછે. આ પ્રમાણે એકબીજા સાથે પ્રીતિ બંધાયા પછી એકબીજાનું મન જાણવું કઠણ પડેછે પણ કેટલીક વાર મેલાપ થયા પછી વાત કરવામાં કે શેકચાંડ કરવામાં કે આંખની અસારતમાં પ્રેમનો ઉભરો જણાઇ આવેછે. પ્રેમનો ઉભરો પુરુષને જણાયાથી તે સ્ત્રીને એકાંત મોહોડે મોહોડે અથવા ચિઠ્ઠી લખીને પોતાની ઇચ્છા પ્રગટ કરેછે, ને સ્ત્રીની મરજી હોયછે તો પોતાનાં માબાપની રજા લઈને તે વાત કબુલ રાખેછે.

બંનેનું મન મળતું આવ્યું તો માબાપ એટલુંજ તપાસેછે કે તે પુરુષ સારાં કુલનો છે કે નહી અથવા અમારી દીકરીનું પોષણ સારી રીતે કરવાને શક્તિવાન છે કે નહી. કોઈ કુટુંબમાં માબાપની મરજી વિરૂધ છાનું લગ્ન થાયછે; પણ છાનાં લગ્ન કરવામાં સ્ત્રી પુરુષ બંનેને લાંછન લાગેછે માટે ઘણુંકરીને માબાપની ખુશીથીજ લગ્ન થાયછે. કોઇવાર કોઇ છોકરીનાં માબાપનું મન કોઈ જુવાન અને સ્વરૂપવાન પુરુષ ઉપર લાગ્યું તો તેનો મેલાપ પોતાની દીકરી સાથે કરાવેછે અને તેઓ એકબીજાને પ્રીતિથી ચાહાતાં હોય અને તેમની ખુશી હોય તો લગ્નનો સંબંધ સેજ બંધાયછે.

[1] "Courtship & Matrimony."

લગ્નનો સંબંધ બંધાયા પછી તેઓ કેટલીએક મુદતસુધી લગ્ન કરવાને ખોટી રેહેછે. તે મુદતમાં પુરુષને પોતાની ધારેલી સ્ત્રીની ચાલ ચલગતમાં જો કંઈ સુધારો કરવાવિષે જરૂર માલમ પડે તો તેવિષે તેને જાણ કરેછે. તે સ્ત્રી તેના પ્યારમાં એટલીતો હવે લપટાઈ ગઇછે કે તે જે કંઈ સુચના કરેછે તે ઉપર તરત લક્ષ આપેછે. પણ આ મુદતમાં કોઈમાં કંઈ મોટું દુષણ કે અપલક્ષણ માલમ પડ્યું તો આ કાચી સગાઈ ટૂટી જાયછે. પણ મજબુત કારણ વગર આ સગાઈ ધાર્યુંકરીને ટૂટી રાહતી નથી.

લગ્નનો દિવસ ઠેરવવા માટે પુરુષ કેટલીએકવાર સ્ત્રીને પુછેછે ત્યારે કન્યાની તરફથી ચોકસ દાહાડો ઠેરવવામાં આવેછે. લગ્ન ધાર્યુંકરીને દેવળમાં સવારે આઠથી બાર વાગતાંસુધી થાયછે. દેવળમાં "લાઇસંસ" મેળવીને લગ્ન કરેછે. શ્રીમંતો "સ્પેશિયલ લાઇસંસ" મેળવેછે. "સ્પેશિયલ લાઇસંસ" આપવાનું કામ સઉથી મોટા પાદરી–"આર્ચબિશપ ઑવ કાંટરબરી"ના હાથમાં છે. એ મેળવવાનો ખરચ બસો કે ત્રણસો રૂપીયા થાયછે.

લગ્નનો દાહાડો મુકરર થયા પછી કન્યાનો બાપ પોતાની શક્તિ તથા પદ્ધી પ્રમાણે પેહેરામણીની કંઈ રકમ કન્યાને આપેછે તેમજ તેનાં સગાંવાહાલાં પણ કંઈ ઘરેણાની કે ઘર-સંણગારની ચીજ પોતાની સગાઈ તથા મિત્રાઈ પ્રમાણે તેને આપેછે. બીજી ગમ "વરરાજા" લગ્નની ચિઠ્ઠી કરાવેછે. એ ચિઠ્ઠી તયાર કરાવીને લગ્નને દાહાડે પોતાનાં ખિસાંમાં મુકી રાખેછે અને દેવળમાં ક્રિયાની વખત કાહાડીને પેહેરાવેછે. લગ્નને દાહાડે વર કન્યાનાં સગાંવાહાલાંઓનેજ માત્ર નોતરું કરવામાં આવેછે.

લગ્નમાં મદદ કરવાને માટે વર પોતાના કેટલાએક કુંવારા મિત્રને "અણવર" (Bridegroomsmen) ઠેરવેછે અને કન્યા પોતાની કુંવારી સાહેલીઓને (Bridesmaids) ઠેરવી રાખેછે. લગ્નને આગળે દાહાડે વર પોતાના મદદ કરનાર સોબતીઓને ને કન્યા પોતાની સાહેલીઓને હાથનાં સપેત મોજાં સપેત કાગળમાં સપેત દોરીથી બાંધીને એકએક જોડ એકએક જણને મોકલેછે.

લગ્નને દાહાડે ઠેરવેલે કલાકે વર દેવળમાં જઈ કન્યાને લેવાને ખોટી રેહેછે. તેટલામાં કન્યા પોતાના બાપની સાથે બેસીને ઘેરથી નિકળેછે. કન્યાનાં સગાં વાહાલાં તથા વરના સોબતીઓ પણ કન્યાને ત્યાંથી નિકળેછે. કન્યા લગ્નને દાહાડે સાવ સપેત પોશાક પેહેરેછે અને મોહોડાં ઉપર સપેત જાળીનો બુરખો ઢાંકેછે. વરનો ડગલો આસમાની રંગનો અને વેસ્ટ કોટ સપેત રેશમી સાટીનનું હોયછે. કન્યા જ્યારે દેવળમાં આવી પોંહોચેછે ત્યારે વર પોતાનો ડાબો હાથ તેના જમણા હાથમાં ઘાલીને દેવળમાં પાદરી જ્યાં ક્રિયા કરાવવાનો હોયછે ત્યાં લઈ જાયછે. કન્યાનો બાપ તેની સાથે ચાલેછે. વરનો બાપ હોયછે તો તે કન્યાની માના હાથમાંહાથ ઘાલીને ચાલેછે.

ક્રિયા થતી વખત વર જમણી અને કન્યા ડાબી બાજુએ ઉભાં રેહેછે. કન્યાનો બાપ તેઓની પાછળ ઉભો રેહેછે ને હસ્તમેળાપનો સમો આવેછે એટલે કન્યાનો હાથ વરના હાથમાં આપેછે. ક્રિયાની વખતે કન્યા બોલેછે કે હું મારા સ્વામીનું માન રાખીશ અને તેનાં કહ્યાંમાં રહીશ. વર બોલેછે કે હું મારી સ્ત્રીનું સારી રીતે પોષણ કરીશ; ઇત્યાદિ. ક્રિયા થઈ રેહેછે એટલે દેવળનો ઘંટ વાગેછે અને ક્રિયા કરાવનાર પાદરી વરકન્યા સાથે તથા કન્યાનાં માબાપ સાથે શેકચાંડ કરેછે. વરકન્યા જો ખ્રિસ્તી ધર્મના એક પંથમાં ન હોય તો બંને પંથવાળાઓનાં દેવળમાં જુદી જુદી ક્રિયા તેજ દાહાડે થાયછે.

દેવળમાંથી નિકળીને વરકન્યા એક ગાડીમાં સાથે બેસેછે, ને તેની પાછળ સગાં વાહાલાંઓની ગાડી ચાલેછે. તેઓ બધાં હવે કન્યાને ઘેર ઉતરેછે. તેઓને વાસ્તે લગ્નનું જમણ તયારછે. ટેબલની ઉપર લગ્નનું કેક (Wedding-cake) ઘણું સુંદર બનાવીને મુકેલુંછે. આ કેક બાવાની અગાઉ કન્યાની આરોગ્યતા–વરની તરફનો પુત્ત ઉમરનો–કોઇ પુરુષ ઈચ્છેછે. ટેબલ ઉપર જમતાં જમતાં બે કલાક આનંદમાં કાહાડેછે પછી કન્યા ઉઠીને બીજા ઓરડામાં જાયછે.

પછી વર જરા દલગીર થઈ પોતાના કુંવારા મિત્રને છેલ્લી સલામ કરેછે. કેમકે હવે તેને કુંવારા મિત્રોને પોતાને ઘેર બોલાવાનો સંબંધ

છોડવો જોઇએ. કુંવારા મિત્રોમાંથી એક જણ ઉઠીને વરને મુબારકબાદી આપેછે. પછી વર ત્યાંથી ઉઠીને જાયછે ને મુસાફરીને માટે પોશાક બદલી કરીને થોડી વારમાં પાછો આવી બેસેછે. કન્યા પણ પોતાનો પોશાક બદલી વરની સાથે બાહાર ગામ જવાને તઇયાર થાયછે. પોતાનાં બાપનું ઘર છોડતી વેળા તેને આંખમાંથી આંસુ પડેછે. તે પોતાની માતાની ગોદમાં ભરાઇને કેટલોએક વાર રડેછે. પછી તેનો બાપ તેનો હાથ પકડી બચી (બોકી) લેછે અને તેના વરને હવાલે કરેછે. વર તેનો હાથ ઝાલી ગાડીમાં બેસાડેછે ને હાથ ઉંચકી બધાને સલામ કરતો કરતો ગાડીમાં બેસી ચાલતો થાયછે.

હવે તે બારોબાર પોતાની વાહાલીને લઇને ચાર કે પાંચ અઠવાડયાં "હનીમુન" (Honeymoon) ભોગવવાને બાહાર ગામ જાયછે. જઇને કોઈ હૉટેલમાં ઉતારો કરેછે, ને સંસારનો પેહેલો લાહાવો ત્યાંજ લેછે. ચાર પાંચ અઠવડયાં સુધી "હનીમુન" ભોગવીને તેઓ પોતાનાં ગામમાં જાયછે ને પોતાનો સંસાર ચલાવેછે.

પ્રકરણ ૯.

પ્રજાના સામાન્ય ગુણ.

ઇંગ્લંડની પ્રજાના કેટલાએક ગુણ જાણવાજોગ તથા અભ્યાસ કરવા લાયક છે. એ ગુણોથી ઇંગ્લંડ દેશની પ્રજા દુનિયામાં મોટાઈ ભોગવેછે. એ ગુણોથી ઇંગ્લંડ જેવો નાહાનો દેશ મહા જોરાવર ગણાયછે. એ ગુણોથી ઇંગ્લંડ દેશ દ્રવ્યમાં, વિદ્યામાં ને કળાકૌશલ્યમાં વધ્યોછે. એ ગુણોથી ઇંગ્લંડ દેશ હિંદુસ્તાનની આબાદ ભૂમી ઉપર અને તેની મોટી વસ્તી ઉપર સરદારી કરેછે. તેટલામાટે ઇંગ્લંડ દેશની પ્રજાના સામાન્ય ગુણ જાણવા જોઇએ અને તે ઉપર મારા દેશીઓએ સારીપેઠે ધ્યાન આપવું જોઇએ.

ઉદ્યોગ.

ઇંગ્લંડની પ્રજાનો મોટામાં મોટો ગુણ ઉદ્યોગ છે. જે દેશમાં ઉદ્યોગ વધારે તે દેશ દોલતમાં ને કૌવતમાં વધેછે; અને જે દેશમાં ઉદ્યોગ થોડો તે દેશ દોલતમાં અને કઉવતમાં ઉતરતો રેહેછે. આપણા દેશમાં ઉદ્યોગ નથી એમ હું કેહેતો નથી; પણ ઇંગ્લંડ કરતાં આપણો દેશ ઉદ્યોગમાં ઘણોજ ઉતરતો છે એમ હું ખાતરીથી જણાવી શકું છઉં. આપણા દેશમાં તન અને મન લગાડી એક સરખી મેહેનત કરનારા ઘણાજ થોડા પુરૂષો મળશે. ઇંગ્લંડમાં તન અને મન લગાડી એક સરખી મેહેનત કરનારા ઠામેઠામ તમે જોશો.

ઇંગ્લંડમાં લોકોનો ઉદ્યોગ જોઇ હું ઘણીવાર અચરત પામ્યો છઉં. નાહાના ગરીબથી તે મોટા શ્રીમંત સુધીમાં ઉદ્યોગ પસરી ગયોછે. તમે જ્યાં જશો અને જ્યાં જોશો ત્યાં ભારે ઉદ્યોગ ચાલિલોજ છે. આપણા લોકો કેહેછે એ ખોટું નથી કે પઇસા પેદા કરવાનો કસબ જેવો વિલાયતના લોકો જાણેછે તેવો આપણે જાણતા નથી. આ વાત સાચી

છે. પણ એ કસબ બધો ઉદ્યોગમાં છે. આપણા દેશમાં મોટામાં મોટો કસબી લો ને તેનામાં મોટી ખોડ એજ જોશો કે પુરો ઉદ્યોગ નહી. આપણા કારીગરો હરએક કામ લઇને વાયદા ઉપર વાયદા કરેછે ને કામ આપનારને કંટાળો ઉપજાવેછે તેનું મુળ કારણ એટાલુંજ છે કે તેઓના ધંધામાં જે ઉદ્યોગ જોઇએ તે તેઓમાં નથી.

હું કેટલાક દેશી કારીગરોને ઓળખું છઉં. તેઓમાં જો ઉદ્યોગ હોય તો આજે મોટા આસામી થઈ પડે. એ વિષેનો દાખલો આ પુસ્તક ઉપરથીજ મને યાદ આવેછે. આ પુસ્તક છાપવાના ટાઇપ બનાવનાર એક કસબી લુહાર છે; તે જો ઉદ્યોગી હત તો આજે મોટો આસામી થઇ પડત. એના જેવો કસબ મુંબઈમાં કોઇ કસબીને આવડતો નથી. વિલાયતમાં એવા દાખલા ઘણા મળશે કે ગરીબ અવસ્થામાંથી પોતાના ઉદ્યોગ અને હુન્નર વડે મોટા આસામીઓ થઈ પડ્યાછે. તેમજ એવા ઘણાઓના દાખલા મળશે કે જેઓ ગરીબ અવસ્થામાંથી ઘણી ઉંચી પદ્વીએ ચહડ્યાછે.

ઇંગ્લંડમાં ગરીબ તથા મધ્યમ સ્થિતિના લોકોજ ઉદ્યોગી છે એમ નથી; શ્રીમંતો પણ મહા ઉદ્યોગી છે. ત્યાંના શ્રીમંતો એમ સમજે છે કે અમને અમારી દોલતથી કે પદ્વીથી ખરું માન મળશે નહી. ખરું માન મેળવવાને માટે ભારે ઉદ્યોગ કરવો જોઇએ. કેમકે "દોલતનો અને પદ્વીનો વારસો મળી રાકેછે પણ જ્ઞાન તથા ડાહાપણનો વારસો મળી રાકતો નથી." કેટલાએક શ્રીમંતોનો ઉદ્યોગ જોઈ તમે અચરત થયા વગર રેહેશોજ નહી. આ વાત કેટલી સાચી છે તેવિષે હું એક પ્રખ્યાત ગ્રંથ-કરનારનો પુરાવો આપું છઉં:—

"It is principally in the department of politics and literature that we find the most energetic labourers among our higher classes. Success in these lines of action, as in all others, can only be achieved through industry, practice and study; and the great minister or parliamentary leader, must necessarily be amongst the very hardest of workers. Such are Palmerston and Derby, Russell and Disraeli, Gladstone and Bulwer.

These men have had the benefit of no Ten Hours Bill, but have often, during the busy season of Parliament worked 'double shift,' almost day and night."

Samuel Smiles.

એટલે "વિલાયતના મોટા શ્રીમંતોમાં ઘણાજ ઉદ્યોગી પુરુષ જોવા હોય તો રાજ્યપ્રકરણમાં ને વિદ્યાભ્યાસમાં ઘણુંકરીને મળશે. જેમ બીજાં કામોમાં તેમજ આ કામમાં ફતેહ મેળવવી હોય તો તે માત્ર ઉદ્યોગ, અનુભવ તથા અભ્યાસથીજ મળી શકશે. પ્રધાન કે પાર્લ્યામેંટના કોઈપણ મોટા અધિકારીને તપાસશું તો તેઓ સઉથી ઘણી મેહેનત કરનારા માલમ પડશે. જેવા કે પામર્સ્ટન તથા દરબી, રસલ તથા દિઝરાયલી, ગ્લાડસ્ટન તથા બ્રુલવર. આ પુરુષોને કંઈ નિત્ય માત્ર દસ કલાક કામ કરીને વિસામો લેવાનો લાભ મળ્યો નથી, પણ ઘણી વખત પાર્લ્યામેંટની ભર મોસમમાં બેવડી મજુરી રાત અને દહાડો કરવી પડીછે."

ચાલાકી.

ઇંગ્લંડની પ્રજાનો બીજો મોટો ગુણ ચાલાકી છે. ઉદ્યોગ સાથે ચાલાકી ન હોય તો ઘણું કામ થઈ શકે નહી. એક થાંભો માણસ ગમે તેવો ઉદ્યોગી હશે પણ તેનાથી ઘણું કામ થઇ શકશે નહી. વળી કેટલાંક કામ ચાલાકી વગર માત્ર ઉદ્યોગથીજ થઈ શકતાં નથી. વિલાયતનાં લોકોની ચાલાકી અને તેમની ઝડપ જોઇને તમે આશ્ચરત થયા વિના રેહેશો નહી. જે કામ તેઓ હાથમાં લેછે અથવા કરેછે તેમાં તેઓની ચાલાકી માલમ પડેછે. હરએક કામ કેમ કરવું અને તેમાં કેવી ચાલાકી વાપરવી એ તેઓ બચપણથી શિખેછે.

આપણા દેશીઓમાં ઉદ્યોગ થોડો છે તેની સાથે ચાલાકી પણ થોડી છે. ચાલાકી થોડી હોવાને લીધે હરએક કામ કરવામાં સુસ્તી માલમ પડેછે. આપણા દેશીઓનાં કામમાં સુસ્તી માલમ પડવાનાં

ચાર કારણ છે. પેહેલું કારણ–તેઓમાં કામ કરવાની હોંસ થોડી છે. બીજું કારણ–ચાલાકી થોડી છે. ત્રીજું કારણ–કૌવત ઓછું છે. ચોથું કારણ–આ દેશની ગરમ હવાથી થાક પેહેલો ચહડેછે. આ ચાર કારણમાંથી પેહેલાં બે કારણનો ઇલાજ થઇ શકે તેવો છે.

એકએકથી સરસ થવાની હોંસ.

એકએકથી સરસ થવાની હોંસ ઇંગ્લંડની પ્રજામાં અતિશે જોવામાં આવેછે. મારા પડોસી કરતાં હું મારા ઉદ્યોગમાં અને ધંધામાં સરસ થાઉં, નહીતો હું પાછળ પડી જઇશ એવી ધારણ વિલાયતનાં લોકોમાં વિશેષ માલમ પડેછે. એવી ધારણથી દરરોજ સુધારો થતો જાયછે અને નવી નવી તરેહ તથા બનાવટ નિકળતી જાયછે. એક કારખાનાંવાળો કે એક સાધારણ કારીગર મોટી ચિંતામાં રેહેછે કે હું કંઈ નવી કળા અથવા નવી બનાવટ નહી કરું તો મારો પડોશી મારે વાસ્તે બોટી થશે નહી. તેણે જો કંઇ નવી બનાવટ શોધી કાહાડી તો મારો માલ ખપશે નહી અને હું ઉલટો નુકસાનમાં આવી જઇશ. તેટલામાટે કંઈ નવી બનાવટ અથવા નવી કળા શોધવા પછવાડે તેનું મન લાગેલુંજ રેહેછે.

આપણા દેશમાં તેમ નથી. "મારો પડોશી નવી બનાવટ શોધી કાહાડીને મને પાછળ મુકશે તો હું રખડી મરીશ એવી ચિંતા આપણા લોકોમાં ઘણુંકરીને નથી. જે કસબ બાપદાદાથી ચાલતો આવ્યોછે તેમાં નિત્ય સુધારો કરવો અને નવી બનાવટ કરવી એ વિચાર આપણા દેશીઓનાં મનમાં આવતો નથી. આપણા દેશમાં અગાઉ જે ચીજ બનતી હતી અને હાલ બનેછે તેની બનાવટમાં કંઈ સુધારો જણાતો નથી. તેનું મુળ કારણ એજ છે કે આપણા લોકોમાં એકએકથી સરસ થવાની હોંસ મુદલ નથી; અથવા છે તો તે ઘણીજ થોડી. એકએકથી સરસ થવાની હોંસ જ્યાંસુધી આપણા દેશીઓમાં આવશે નહી ત્યાંસુધી આ દેશ પાછળનો પાછળ રેહેતો જશે. અરે આ પ્રમાણે કાંસુધી આ દેશ પાછળ પડ્યો રેહેશે!

કામની વેંહચણી.

કામની વેંહચણીને તેના ખરા આકારમાં જોવી હોય તો વિલાયતનાં લોકોમાં માલમ પડશે. "કામની વેંહચણી" એટલે શું એ કદાચ કેટલાએક વાંચનારાઓ જાણતા નહી હશે. જુદું જુદું કામ જુદાં જુદાં માણસોએ કરવું અને ઘણાં કામમાં એક માણસે હાથ ન ઘાલવો એનું નામ કામની વેંહચણી. આ ગુણની કિંમત આપણા દેશીઓ ઘણુંકરીને જાણતા નથી. એક માણસ જેટલાં કામ કરી શકે તેટલાં તેની પાસે કરાવવાં અને "કસર" ને માટે વધારે માણસ રાખવાં નહી—આ નિયમ ઉપર આપણા દેશીઓ ઘણુંકરીને ચાલેછે.

વિલાયતમાં તેમ નથી. જેને આપણે "કસર" સમજીએ છઈએ તે અંતે નુકસાન કરેછે. જેઓને અર્થ શાસ્ત્ર અથવા "પોલિટિકલ-ઇકૉનોમિ"નું જ્ઞાન છે તેઓને આ વાત સમજાવવાની જરૂર નથી. એક માણસને એકજ કામ સોંપ્યાથી તે જેવી સારી રીતે અને જેવી સેહેલાઇથી તે કરી શકેછે, તેવી સારી રીતે અને તેવી સેહેલાઇથી તેને વધારે કામ સોપ્યાં તો તે કરી શકશે નહી. હરકોઈ મોટા કારભારમાં કામની વેંહચણીનો ફાયદો માલમ પડી શકેછે. ઇંગ્રેજો મોટાં મોટાં કામોમાં હાથ ઘાલેછે ને તેમાં પાર પડેછે અને તેમનો કારભાર બરાબર ચલાવી શકેછે તેનો મુળ પાયો કામની વેંહચણી ઉપર છે.

વિલાયતમાં કોઈ વેપારીની હાટીસથી તે મોટાં કારખાનાંસુધી કામની વેંહચણી તેનાં ખરાં સ્વરૂપમાં જોઈ શકાયછે. જેઓને જે કામ સોપ્યું હોયછે તેઓ તે કામમાં તઈઆર અને હોશીયાર રેહેછે. જ્યારે તેમને સોંપેલું કામ માગો ત્યારે તે તઈઆર અને ચોપ્યું. આપણા દેશી વેપારીઓ તથા સરાફોને ત્યાં કેટલાંએક વરસનાં સરવાયાં ચહડી ગયાં હોયછે અને વેપારમાં શું ખોટ છે અને શું નુકસાન તે લાંબી મુદત સુધી જાણી શકતા નથી. પણ મુંબઈ બ્યાંક કે રેલવે કંપનીનો હિસાબ જ્યારે જોઇએ ત્યારે તઈઆર તેનું કારણ શું?

એક આપણો કારીગર લો. તે પોતાના કસબની બધી ચીજ

પોતાને હાથે કરેછે. જે મુળ કસબ ઉપર તેની પેદાસ છે તેજ પોતે કરે ને બીજું કામ બીજા પાસે કરાવે. તો તેને કેટલો લાભ થાય? પણ આપણા દેશનો કારીગર એમ કરશે નહી. જેટલું કામ પોતે કરી શકશે તેટલું કામ પઇસા ખરચીને બીજા પાસે કરાવવું એ વિચાર તેને મુદલ આવશેજ નહી. પણ જો તે હિસાબ કરીને તપારી જોશે તો તેને માલમ પડશે કે એમાં મને બરેબર નુકસાન થાયછે. જે ચાર આના હું બચાવી શકું છઉં તે બચાવતાં મારો જેટલો વખત રોકાયછે તેટલો વખત મારાં મુખ્ય કામ ઉપર રોકું તો મને વધારે લાભ થશે. એવો વિચાર આપણા કારીગરોમાં ક્યારે આવશે?

હારીને કામ છોડવું નહીં.

ઇંગ્લંડની પ્રજામાં આ એક મોટો અને કિંમતી ગુણ છે. હર કોઈ કામમાં હાથ ઘાલ્યા પછી હારીને તે કામ બનતાં સુધી છોડવું નહી પણ તેની પાછળ મંડ્યાજ રેહેવું; એ ગુણથી એ દેશને ઘણો લાભ થયોછે. આપણા દેશીઓ ઘણુંકરીને એવાં કામમાં હાથ ઘાલશે કે જેનું ફળ તરત મળે. જેનું ફળ તરત ન મળે તે કામમાં મેહેનત કરવી શા કામની? એવો વિચાર ઘણાખરા દેશીઓનો છે. તેથી તેઓ કેટલાંએક ભારે અને મોટાં કામમાં હાથ નાખી શકતા નથી. તરત નફો થાય એવું કંઇ દેખાય તો ઠીક; પણ જેમાં કંઈ તરત નફો ન થયો તો તે કામ હારીને છોડી દેશે.

વિલાયતમાં તેમ નથી. કેટલાંએક કામોમાં કેટલાંએક વરસ સુધી મુદલ પેદાસ થતી નથી. તેવાં કામોમાં પણ ગાંઠના રોટલા ખાઈને તેઓ મંડ્યાજ રેહેછે. કેટલાંએક કામોમાં બહુજ ધિરજ રાખવી પડેછે. કેટલાંએક કામોમાં વરસનાં વરસ નિકળી જાયછે ને પછી તેમાંથી મેહેનત અને ધિરજનું ફળ પાકેછે. એક માણસે એક ચિતારાને પુછ્યું કે ચિત્ર પાડવાને તને બે દાહાડા પણ લાગ્યા નહી તેના પાનસો રૂપીયા શાના માગેછે? ચિતારાએ જવાબ આપ્યો કે અરે ભાઈ તને બ્બર નથી કે બે દાહાડામાં ચિત્ર પાડીને તઇયાર કર

વાનો કસબ શિખવાને મને પંદર વરસ લાગ્યાંછે. તેટલી મુદતમાં મેં જે ગાંઠના રોટલા બાંધ્યા ને પિડા ભોગવી તેનો હવે લાભ મેળવું કે નહી.?

જેમ ધંધા રોજગારમાં તેમજ સુધારાની બાબદમાં સમજવું. સુધારાનાં કામમાં તરત ફતેહ મલતી નથી. તે ઉપર જે કાંઈ મેહેનત થાય અથવા નાણું ખરચાય તેનું ફળ તરત ન થવું તો હારીને તે છોડી દેવું ન જોઇએ. એવાં કામનાં ફળ તરત થતાં નથી. તરત ફળ ન થાય માટે એમ સમજવું નહી કે વખત આવ્યો નથી. બી વાવ્યા વગર ફળ ક્યાંથી થાય? દરએક સુધારાનાં બી હમણા આપણે વાવશું ને તેનાં ફળ આપણે ચાખશું નહી તો આપણાં છોકરાંઓ તો જરૂર ચાખશે. માટે સુધારાનાં કામમાં હારખાઈને અટકી જવામાં અથવા પાછાં પગલાં ભરવામાં ડાહાપણ નથી.

"Labourers for the public good especially, have to work long and patiently, often uncheered by the prospect of immediate recompense or result. The seeds they sow sometimes lie hidden under the winters' snow, and before the spring comes the husbandman may have gone to his rest....Adam Smith sowed the seeds of a great social amelioration in that dingy old University of Glasgow where he so long laboured, there laying the foundations of his 'Wealth of Nations'; and seventy years passed before his work bore substantial fruits, nor indeed are they all gathered in yet"

Self Help; p. 53.

આ પ્રમાણે એક પ્રખ્યાત ગ્રંથ કરનાર કેહેછે. તેનો અર્થ હું તમને કહું છઉંઃ-"લોકોના ફાયદા માટે મેહેનત કરનારાઓને તો અગત્ય કરીને લાંબી મુદત સુધી ધિરજ રાખીને કામ કરવું પડેછે અને તેનું ફળ તરત મળવાની આશા ઘણુંકરીને રેહેતી નથી. તેઓ જે બીજ વાવેછે તે શિયાળાના હીમ નીચે ઢંકાયલાં રેહેછે અને વસંતરૂતુ આવ્યાં પેહેલાં બીજ વાવનાર બેહુત બિચારો મરણ પામેછે. આદમ સ્મિથ નામના મહા પુરૂષે ગ્લાસગોની યુનિવરસિટિમાં સંસારી સુધારાનાં બીજ વાવ્યાં અને "પ્રજાની દોલત"નો પાયો નાખ્યો અને

તેની મેહેનતનાં મિઠાં ફળ ઉગી નિકળતાં સિત્તેર વરસ લાગ્યાં; તે છતાં હજીસુધી તેનાં બધાં ફળ એકઠાં થયાં નથી."

હોંસ તથા ઉલટ.

ઇંગ્લંડની પ્રજાની હોંસ તથા ઉલટને કોણ પોંહોચી શકશે? જે કામમાં ને જે વાતમાં એ દેશનાં લોકો પડેછે તેમાં હોંસ તથા ઉલટ દેખાડેછે. જે દેશનાં લોકોમાં ઝાઝી હોંસ અને ઉલટ નહી તે દેશનાં લોકોમાં ઝાઝો દમ અથવા જીવ તમે જોશો નહીં. વિલાયતનાં લોકોની હોંસ તથા ઉલટ કેટલીએક સાધારણ બાબદોમાં અને દરએક મોટી ને અગત્યની બાબદમાં માલમ પડેછે. આપણા દેશીઓમાં એવી હોંસ અને ઉલટ જોવામાં આવતી નથી. આ ગુણની ભારે જરૂર છે; એવગર મોટાં ને ભારે કામ પાર પડી શકતાં નથી.

કોઈ મોટા તેહવારને દાહાડે અથવા રાણી કે રાજપુત્ર જોવાને માટે કે કોઈ મહા પુરુષને માન આપવાને માટે કે કોઈ મોટો તમાશો જોવાને માટે-વિલાયતમાં જ્યારે ઉલટ છુટેછે ત્યારે પાંચ પચાસ કે સો બસો લોકોમાં નહી પણ આખી રઈયત-ઉલટમાં આવી જાયછે. ઈટાલીનો શૂરો અને બાહાદુર પેહેલવાન ગારીબૉલ્ડી બે વરસ ઉપર જ્યારે ઇંગ્લંડમાં ગયો હતો ત્યારે તેને માન આપવાને લોકોમાં ઉલટ એટલીતો આવી હતી કે તેનો કંઈ પારજ નહી.

કેટલીએક વેળા કેટલાંએક લોકોની ઉલટ હદની બાહાર જાયછે. એક ઘણીજ પ્રખ્યાત નાટક કરનારી સ્ત્રી (Mademoiselle Piccolomini) વિષે જાણવામાં આવ્યુંછે કે તે જ્યારે પેહેલ વેહેલી એક નાટકશાળામાં ગઈ ત્યારે લોકો તેનાં ગાવા ઉપર અને તેની ચાલાકી ઉપર એટલા તો મોહિત થયા કે તે જ્યારે નાટકશાળામાંથી પોતાને ઘેર જવા નિકળી ત્યારે લોકો-તેની ગાડીના ઘોડા છોડી નાખીને-તેની ગાડી ખેંચવાને તઈઆર થયા! આ જાતની ઉલટ નકલ કરવા-જોગ નથી પણ તે ઉપરથી એ લોકોમાં ઉલટનો ઉભરો (જુસ્સો) કેટલોછે તે જણાઈ આવેછે.

સાહાસ.

મોટાં અને ભારે કામની ઉઠવણી કરીને તેમાં હાથ નાખવો એનું નામ "સાહાસ." એ ગુણ ઇંગ્લંડની પ્રજામાં વિશેષ જોવામાં આવેછે. આપણા દેશીઓમાં એ ગુણ ઘણોજ થોડો છે; ને મુદલ નથી એમ કહીએ તોય ચાલે. વિલાયતની પ્રજામાં એ ગુણ હોવાથી તેઓ મોટાં અને ભારે કામ ઉઠાવી શકેછે ને તેથી દેશને ઘણો ફાયદો થાયછે. આપણા દેશમાં મોટાં કામોની ઉઠવણી થતી નથી ને કોઈ વાર "તરત લાભ મેળવવાની ઉમેદથી" થાયછે તો તે કામ આગળ ચાલતું નથી, અથવા ચલેછે તો જલદીથી ભાંગી પડેછે.

વિલાયતનાં લોકોનો સાહાસ માત્ર તેઓનાજ દેશના લાભ માટે છે એટલુંજ નથી પણ દુનિયાના ફાયદા માટે પરોપકારબુદ્ધિથી તેઓ કેટલાંએક મોટાં ને ભારે કામની ઉઠવણી કરેછે અને પોતાનાં સગાં-વાહાલાંઓની કે પોતાના વાહલા પ્રાણની દરકાર રાખ્યા વગર ઉજડ દેશોની અને ઉંડા સમુદ્રોની શોધને માટે બાહાર પડેછે.

"Is there not Livingstone, with a heroism greater than that of Xavier, penetrating the wilds of South Africa on his mission of Christian civilization; Layard, labouring for years to disinter the remains of the buried city of Babylon; Rawlinson, the decipherer of the cuneiform inscriptions; Brooke, establishing a nucleus of European enterprise and colonization amongst the piratical tribes of the Indian Ocean; Franklin, Maclure, Collinson, M'Clintock, and others, cleaving their way through storms, and ice and darkness, to solve the problem of the north-west passage;—enterprises which, for individual daring, self denial, energy, and heroism, are unsurpassed by those of any age or country."

Self Helf,; p. 22

સારાંશઃ–લિવિંગ્સ્ટન જેવો પુરુષ આફ્રિકાનાં ઉજડ જંગલોનાં જંગલીઓને સુધારવા માટે જાય એ શું નાહાની વાત છે ને થોડી

હિંમત છે? લેયર્ડ જેવો પુરુષ આસિરોનનું શેહેર ડટાઈ ગયું તે ખો દીને તે શેહેરના જુના પદાર્થનો સંગ્રહ એકઠો કરવા માટે મેહેનત કરે, તથા રૉલિનસન ખિલારોકા અક્ષર ઉકળાવવા માટે, તથા બ્રુક હિંદુ મહાસાગરના લુટારાઓની વચમાં ગામ વસાવીને સુધારો કરવામાટે, તથા ફ્રાંક્લિન, તથા મકલ્યુર તથા કૉલિન્સન તથા મક્લિનટાક તથા બીજાઓ ઉજડ સમુદ્રનો રસ્તો શોધવાને તોફાનમાં, અંધારામાં અને દરીઆનાં બંધાઇ ગયલાં પાણીમાં મેહેનત કરે એ શું નાહાની વાત અને થોડી હિંમત? અરે આપણા દેશમાં એવા નર ક્યારે જાગશે!

દૈવત.

દૈવત જેને ઇંગ્રેજ લોકો "એનર્જી" (Energy) કેહેછે તે ગુણ પણ ઇંગ્રેજી પ્રજામાં મોટો છે. મોટાં અને ભારે કામ માથે લેવામાં અને તેમાં મેહેનત કરવામાં એ ગુણની ભારે જરૂર છે. જે માણસમાં દૈવત નથી તેને માણસમાં સમજવો નહી. જેનામાં પુરપાતન હોયછે તેઓમાંજ ખરું દૈવત હોયછે. તમે કેટલાંએક સુધારાનાં અને બીજાં કામો પસંદ કરતા હો પણ જ્યાંસુધી તમારામાં દૈવત હશે નહી ત્યાંસૂધી તે કરવાની હિંમત આવવી કઠણ છે.

શું આપણા દેશના પુત્રોમાં દૈવત નથી? જો છે તો તે ક્યાં ભરાઈ બેઠું છે? તેઓ વિલાયત જવાની ને બીજા સુધારાની અનેક વાત પસંદ કરેછે પણ જો તેઓમાં દૈવત અથવા "રામ" હોય તો પસંદ કરીને બેસી રેહે નહી. પણ જે દેશના પુત્રોમાં દૈતવ ઓછું તેઓ દૈવત લાવે ક્યાંથી? મેં આગળ કહ્યુંછે કે જુવાનીનું વીર તો બાળ વયમાં વહી જાયછે, ને વીરપણું રહ્યું ન હોય તો દૈવત ક્યાંથી આવે? હાય હાય શું આવી આપણી અવસ્થા થઈ પડીછે?

"The longer I live, the more I am certain that the great difference between men, between the feeble and the powerful, the great and the insignificant, is *energy—invincible determination*—a purpose once fixed, and then death or victory!

That quality will do anything that can be done in this world; and no talents, no circumstances, no opportunities, will make a two-legged creature a man without it."

F. Burton.

પાર્લ્યામેંટનો એક પ્રખ્યાત અધિકારી જેણે ગુલામગીરીનો ધંધો બંધ પાડવા માટે મોટી મેહનત લીધીછે તે શું કેહેછે તે સાંભળોઃ– "જેમ મારી આવરદાના દાહાડા વધારે લંબાતા જાયછે તેમ મારી વધારે ખાતરી થતી જાયછે કે નબળા અને બળવંત, તથા નાહના અને મોટા માણસોમાં મોટો ભેદ દૈવતમાં છે. એક ચોકસ ઠરાવ કરવો ને પછી કાં તો મરવું કે જીતવું. એ ગુણથી આ દુનિયામાં જે કરવા માગો તે થઈ શકે; અને એ ગુણ વગર–ગમે તેવી બુદ્ધિ હશે, અથવા ગમે તેવો સંજોગ અને પ્રસંગ હશે તેછતાં બે પગવાળું પ્રાણી–માણસમાં ગણાશે નહી."

હિંમત.

દૈવત સાથે હિંમત હોવીજ જોઈએ; તેટલામાટે જે પ્રજામાં દૈવત છે તે પ્રજામાં હિંમત પણ હોવી જોઈએ. ઇંગ્લંડની પ્રજામાં હિંમતનો ગુણ પણ ઘણો મોટો અને અગત્યનો છે. હિંમત વગર મોટાં કામ થઈ શકતાં નથી, ને હિંમત વગર મોટાં રાજ મળતાં નથી, અને મોટાં રાજ ચાલતાં નથી. હિંમતથી ઇંગ્રિજ લોકો શું કરી રાક્યાછે અને શું કરી શકેછે તે આપણી આંખ આગળ છે.

ખરે પ્રસંગે ખરી હિંમત દેખાડવાને ઇંગ્લંડનાં લોકો ચુકતાં નથી. જ્યારે વખત આવે "ત્યારે એક હાથે ધોતીઉં પકડીને તથા બીજે હાથે પાઘડી ચોભીને" ભાગી જવું એ હિંમતનું કામ નથી. હિંમત તો એજ કે લાગ આવે તો બાંહિ ઉંચી ચહડાવીને મેદાન પડવું. "કલાણો શેઠ આવે તો હું સુધારો કરું અથવા કલાણો ભાઈ તયિાર થાય તો હું વિલાયત જાઉં" એથી કંઈ આ દેશનો દાહાડો ફરશે નહી. બસ દરએકનાં મનમાં એવુંજ આવવું જોઈએ કે મારે બરાબર આ કામ

કરવુંજ જોઇએ અને તે કરતાં કોઈ મને અટકાવે તો તેનાં ડબાણમાં રહીને ગુલામી અવસ્થા ભોગવવી તે કરતાં મરવું ભલું. અરે જે કામ રૂડું ને જરૂરનું લાગ્યું તે કરવા માટે કોઈની બિહિક શામાટે રાખવી જોઇએ? અરે બિહિક રાખવી, તો પરમેશ્વરનીજ રાખવી. પણ માણસજાતની બિહિક રાખીને દેરાટન અથવા કોઈ મોટું કામ ન કરવું પણ ઘરનો ખુણો થોભી બેસી રેહેવું એ જીવતર શાનું?

"The battle of life, in by far the greater number of cases, must necessarily be fought up-hill; and to win it without a struggle were perhaps to win it without honour. If there were no difficulties there would be no success; if there were nothing to struggle for, there would be nothing to be achieved. Difficulties may intimidate the weak, but they act only as a wholesome stimulus to men of pluck and resolution. All experience of life indeed serves to prove that the impediments thrown in the way of human advancement, may for the most part be overcome by steady good conduct, honest zeal, activity, perseverance, and above all by a *determined resolution* to surmount difficulties, and stand up manfully against misfortune."

Samuel Smiles.

એક ચંચલ ગ્રંથ કરનાર કેહેછે કે "સંસારની લહડાઇ ઘણી ખરી બાબદોમાં ટેકડી ઉપર ચહડીને કરવી પડેછે; અને તે મુશ્કેલી વગર જીતી રાકાતી હોય તો તેમાં માન શાનું હોય? જે કામમાં મુશ્કેલી નહી તે કામમાં ફતેહ મળવા જેવું કંઈ હોયજ નહી. જે કામમાં અડચણ નહી તે કામનું સાર્થક કંઈજ નહી. મુશ્કેલીઓથી નબળાં માણસો બિહેછે પણ ચકોર તથા ચોકસ ઠરાવવાળાં માણસોને તેથી જોર આવેછે. દુનિયાના અનુભવ ઉપરથી માલમ પડેછે કે માણસ જાતના સુધારામાં જે જે હરકતો નડેછે તે બધી હરકતો–મજબુત ને રૂડી ચાલથી, પ્રમાણિક હોંસથી, ચંચલ બુદ્ધિથી, તેજ કામમાં મંડ્યા રહ્યાથી ને સહુ કરતાં સરસ–ચોકસ ઠરાવથી અને દુઃખની સામે મરદાઈપણે ઉભાં રેહેવાથી–ટળી જાયછે."

ટેક.

વિલાયતનાં લોકો પોતાનો ટેક જે પ્રમાણે રાખી જાણેછે તે પ્રમા૯, આપણાં લોકોને ટેક રાખતાં આવડતો નથી. જે માણસે પોતાનો ટેક છોડયો તેને પોતાની આબરૂ વાહાલી છે એમ કોઈ કેહેશે નહી. માટે પોતાનો ટેક છોડવો એના જેવી બીજી શરમ વિલાયતમાં એકે ગણાતી નથી. માણસે પોતાનો ટેક રાખવો એટલે ગર્વ કરવો અને ખોટો મમત રાખવો એમ નથી. હરએક રીતે સામાની આંખમાં તે હલકો ઠરે એવું હલકું કામ ન કરવું એનું નામ ટેક. દરએક માણસે પોતાની પ્રતિષ્ઠા એટલે આબરૂને પ્યારી ગણવી જોઇએ.

માણસે પોતાનો ટેક રાખવો એટલે શું તે વિષે સમજ આપણાં દેશીઓમાં ઘણીજ થોડી છે. જ્યારે કંઈ પોતાની મતલબ પાર પડતી હશે તો "વાણીયા મુછ નીચી–તો નીચી" એમ કહીને હલકું કરવાને અને પોતાની વાહાલી અબરૂને હલકી પાડવાને વિલંબ લગાડતા નથી. જેમાં પોતાને નુકસાન થતું ન હોય તેમાં મિજાસ અને મમત તેઓ ઘણો રાખેછે. આ ગુણથી આ દેશને ખમવું પડયુંછે ને હજુર ખમવું પડશે. ખોટો મિજાસ ને ખોટો મમત મુકી દેવો જોઇએ પણ પોતાનો ટેક હમેંશા સાચવવો જોઇએ. જે માણસે પોતાનું "પણ" ખોયું તે માણસનું જીવતર વ્યર્થ જાણવું.

સ્વતંત્રપણું.

ઇંગ્લંડની પ્રજા સ્વતંત્રપણાંને માટે આખી પૃથ્વિમાં વખણાયછે. ગુલામી અવસ્થાનો જેવો ધિક્કાર ઇંગ્રેજી પ્રજામાં છે તેવો ધિક્કાર બીજી થોડીજ પ્રજામાં હશે. સ્વતંત્રપણું રાખવાને માટે તેઓ પોતાનાં સગાં વાહાલાંઓને છોડીને તરવાર કે બંદુક ઉંચકરો ને મરવું કાં જીતવું એવો ઠરાવ કરીને મેદાન પડશે. અરે મારા જીવનું કેમ થશે–અરે મારાં બાયડીછોકરાંઓની શી અવસ્થા થશે એવી બીહીકભરેલી ચિંતા જરૂરની વેળાએ તેઓ કરવી છોડી દેશે.

તેઓનાં જાણવામાં આવ્યું કે અમારૂં સ્વતંત્રપણું કોઈ લઈ લેવા આવેછે તો તેઓ બીજો બધો વિચાર અને બીજી બધી વાત પડતી મુકી લહડાઈનાં હથિયાર કમરે બાંધશે.

આ સ્વતંત્રપણાંનો જુસ્સો એટલો બધો છે કે કોઈ પણ મોટો રાજા કે રાજપુત્ર કે કોઈ પણ મોટો પ્રધાન કે ગવર્નર આડો ચાલે તો તેને વર્તમાનપત્રમાં અને પ્રસિદ્ધ મંડળીમાં ઠપકો આપવાને તેઓ મુદલ આંચકો ખાતા નથી. ફલાણા શેઠને કે ફલાણા સાહેબને મારા વિચારથી માઠું લાગશે માટે "સબસે ભલી ચુપ" રાખું એવો વિચાર વિલાયતનાં લોકો કરતાં નથી. તેઓ સ્વતંત્રપણે દરએક બાબદ વિષે પોતાના વિચાર જણાવેછે ને તેમાં મોટા ભાઇની કે મોટા સાહેબની બિહિક રાખતા નથી.

તેઓ સ્વતંત્રપણે વિચાર આપેછે એટલુંજ નહી પણ સ્વતંત્રપણે ચાલેછે. આમ હું ચાલીશ અથવા આમ હું કરીશ તો લોકો મને માઠું બોલશે એવી બિહિક રાખી તેઓ બેસી રેહેતા નથી. તેઓનાં માથામાં એક વાર એક વાત ઉતરી ને તે કરવી એઇએ એમ તેઓને લાગ્યું તો પછી તેઓના ઠરાવને કોણ અટકાવી રાકશે? જેને એ લોકો વિવેક સમજેછે અથવા જેને એટિકેટ કેહેછે તે તોડવાને તેઓ આંચકો ખાતા હશે પણ જેથી તેઓના દેશનું ભલું થાય તે વાત કરવાને તેઓ બીહતા નથી. પછી તેનું પરિણામ ગમે તે થાવો.

આપણા દેશીઓમાં સ્વતંત્રપણાંનો આવો જુસ્સો આવવો કઠણ છે. ઘણાં વરસ સુધી મુસલમાનના જુલમી રાજમાં રહીને તેઓએ પરતંત્રપણું એટલું બધું તો સેજુંછે કે તેઓની સ્વતંત્રપણાંની ઇંદ્રી સુધ રહીછે, અથવા બેહેર પામીછે. ઇંગ્રેજી રાજમાં અને ઇંગ્રેજ ગૃહસ્થોના સંબંધમાં આવ્યા પછી પણ જો હવે આણે આપણું સ્વતંત્રપણું મેળવવાની તજવીજ કરશું નહી તો આપણ સ્વતંત્રપણાંને લાયક નથી એમ માલમ પડશે. જુદી જુદી અને નાહાની નાહાની ન્યાતોના તાબામાં રેહેવું અને સુધારાનાં કામ કરતાં અટકવું અને દેશાટન કરવાં જતાં બિહવું એ સ્વતંત્ર માણસનું લક્ષણ નથી. એ ઉપરથી

જો ઇંગ્રેજ લોકો અનુમાન કરે કે તમે સ્વતંત્ર થવાને
તો તે અનુમાન તમે કેમ ખોટું પાડી શકશો?

સ્વતંત્રપણાંનો જુસ્સો વિલાયતમાં શ્રીમંત લોકોમાંજ હશે * સમજશો નહી. મધ્યમ હાલતના તથા ગરીબ લોકોમાં પણ એ જુસ્સો જોવામાં આવેછે. એ વિષે એક ગ્રંથકરનારની પુરવારી આપું છઉંઃ–

"It is not to one rank or class alone that this spirit of free action is confined, but it pervades all ranks and classes; perhaps its most vigorous outgrowths being observable in the commonest orders of the people."

S. Smiles.

પરોપકારબુદ્ધિ.

પરોપકારબુદ્ધિ–એ પણ વિલાયતની પ્રજાનો મોટો અને વખાણવાજોગ ગુણ દેખાયછે. ખરો પરોપકાર કોને કેહેવો એ જેવું વિલાયતના લોકો સમજેછે તેવું આપણા દેશીઓ સમજતા નથી. માણસ જેવાં પ્રાણીને ઠગવો અને તેનું ધન લુટી લેવું ને જનાવરોને માટે પાંજરાપોળ બાંધવી અથવા બહરામણોને સારી પેઠે ઘીગોળના લાડુ જમાડવા એ પરોપકાર સમજવો નહી.

પરોપકાર એટલે એક માણસે બીજાની ઉપર ઉપકાર કરવો. તે જો દુઃખમાં હોય તો તેને મદદ થવું અને માબાપ વગરના છોકરાંઓનું તથા ભરથાર વગરની વિધવાઓનું પોષણ કરવું; નિરાશ્રીત ને માટે ધર્મશાળા અને દુઃખી તથા દરદીને માટે હાસ્પીતાલ બાંધવી, લોકોમાં વિદ્યા તથા નીતિનો પ્રસાર કરવામાટે રકમ વાપરવી ઇત્યાદિ એ ખરો પરોપકાર કેહેવાયછે; એવો પરોપકાર વિલાયતનાં લોકોમાં તમે જોશો. આ જાતનો પરોપકાર વખાણવાજોગ છે.

આપણા દેશીઓમાં પરોપકાર નથી એમ હું કેહેતો નથી. મુંબઇના કેટલાએક શેઠીઆઓ ઉદાર દિલથી મોટી રકમ ઘણા રૂડા પરોપકારમાં વાપરેછે; પણ એવી રીતે વાપરનારાઓની સંખ્યા ઘણીજ થોડી છે. મુંબઇની આખી વસ્તીમાં સો કે બસો માણસો એક

પરોપકારનાં કામમાં મદદ કરશે. પણ આ દેશનો મોટો ભાગ એમને નામે જે નાણું ખરચેછે તે આળસુ બ્રાહ્મણો તથા વૈરાગીઓને જમાડવામાં ને જાતરા કરવામાં તથા દેહેરાં બંધાવવામાં ખરચેછે. આવી રીતે નાણું ખરચનારા ખરો પરોપકાર કરેછે એમ કોઇપણ સમજી વાંચનાર કેહેશે નહી.

વિલાયતમાં પરોપકાર કરનારાઓ ઘણુંકરીને મોટી રકમ કોઈજ વેળા ને કોઇકજ ભરેછે પણ ખરા પરોપકારનાં કામમાં નાહાની નાહાની રકમ ભરવાને એટલા બધા લોકો તઈઆર થાયછે કે સેજ વાતમાં મોટી રકમ ભરાઈ જાયછે. કોઈ આઠ આના ભરે ને કોઈ દસ રૂપીઆ કે વિસ રૂપીયા ભરે પણ એમ કરતાં એકએક ફંડમાં લાખો રૂપીઆ સેજ ભરાઈ જાયછે. માત્ર લંડનમાંજ એવાં ૬૪૦ ધર્મખાતાંઓ છે અને તેનો કારભાર ચલાવવા માટે ૬૪૦ ધર્મની મંડળીઓ ઉભી થયલીછે. આટલાં બધાં ધર્મખાતાંઓમાંથી કોને ને કેવાં લોકોને આશ્રો મળેછે તે જો વિસ્તારીને જણાવું તો ઘણુંજ લંબાણ થઈ જાય. તેટલામાટે હું થોડામાંજ જણાવું છઉં

માંદાં તથા રોગી માણસોને ઓરાડ આપવા તથા તેમની ખરદાસ લેવાને ઠેકાણે ઠેકાણે હાસ્પીતાલો છે. માબાપ વગરનાં નિરાશ્રીત છોકરાંઓની ખરદાસ લેવાને તથા તેમને કેળવણી આપવાને ઠેકાણે ઠેકાણે વિદ્યારાળાઓ છે. ભરથાર વગરની નિરાશ્રીત સ્ત્રીઓની ખરદાસ લેવા તથા તેઓને કુસંગથી વેગળી રાખવામાટે અનેક ધર્મરાળાઓ છે. લોકોની આરોગ્યતા તથા નીતિનું રક્ષણ કરવામાટે ઠામેઠામ મંડળીઓ છે. એકાએક સંકટથી મઠી હાલતમાં આવી ગયલાં માણસોને મદદ કરવાને ઠામેઠામ સભાઓ છે. આંધલાં, બેહેરાં ને મુંગાંઓની ખરદાસ લેવાને અને તેમને ઘણીજ મેહેનતથી વાંચતાંલખતાં શિખવવાને વિદ્યારાળાઓ છે.

તે ઉપરાંત સમુદ્રમાં ડુબી જતાં હોય તેઓનો જીવ બચાવવાને અનેક મંડળીઓ છે. જણેલાં છોકરાંઓ ઉછેરી મોટાં કરવાની જેઓની શક્તિ નથી તેઓનાં જનમેલાં બાળકો લેવાને તથા તેમની

બરદાસ રાખવાને ધર્મશાળાઓ છે. જેઓ મેહેનત કરવાને ખુશી છતાં રોજગાર વગરનાં છે તેઓને રોજગાર આપનારી મંડળીઓ છે. જેઓ બંધીખાનાંમાં પડ્યાંછે તેઓને સુધારવામાટે અનેક મંડળીઓ છે. મજુરોનાં છોકરાંઓને કેળવણી આપવાની અનેક નિશાળો છે. પરદેશીઓની બરદાસ લેવાને ધર્મશાળા છે. મજુરોની હાલત સુધારવાને તથા અનેક જાતની અનીતિ અટકાવવાને અનેક મંડળીઓ છે.

લંડનનાં મુખ્ય ધર્મખાતાંઓની ટીપ[1]:—

		દરવરસે બરાબ રૂપીયા.
૧૪૦	માંદાં તથા રોગી માણસોને માટે:—	
	૧૪ હાસ્પીતાલ—બધી જાતના રોગની.	લાખ ૧૮॥
	૬૬ હાસ્પીતાલ—જુદા જુદા રોગની જુદી જુદી.	,, ૧૫॥
	૨૨ હાસ્પીતાલ—સ્ત્રીઓનેમાટે.....	,, ૯॥
	૧ હાસ્પીતાલ—જનમેલાં બાળકોને રાખવાની.	
	૩૭ ડિસ્પેન્સરી અથવા દવાખાનાં.....	,, ૨॥
૧૨	જીવતથા આરોગ્યતા તથા નીતિનું રક્ષણ કરનાર મંડળી	,, ૪॥
૧૬	બંધીવાનોને સુધારવાની મંડળી.....	
૨૯	રસ્તામાં રઝલતા નિરાશ્રીતોને આશ્રો આપવામાટે	,, ૬॥
૨૧	કામ મળતું ન હોય તેઓના ઉદ્યોગમાટે.....	,, ૧
૧૨૪	ઘરડા ભિખારીઓના આશ્રામાટે ધર્મશાળા....	,, ૯॥
૧૬	આંધલાં, બેહેરાં, મુંગાં તથા લંગડાંઓનેમાટે..	,, ૪॥
૬૫	નિરાશ્રીત બાળકોને કેળવણી આપનાર મંડળી..	,, ૨૬॥
૭૨	ગરીબ ધંધાદારીઓને મદદ કરનાર મંડળી....	,, ૧૦॥
૨૦	ગરીબ પાદરીઓને મદદ કરનાર મંડળી.....	,, ૫
૮૦	ખ્રિસ્તી ધર્મના ફેલાવામાટે મંડળી.	
	૫૫ વિલાયતમાં ખ્રિસ્તી ધર્મના ઉપદેશમાટે..	,, ૩૬
	૨૫ બાહાર ગામ ખ્રિસ્તી ધર્મના ઉપદેશમાટે..	,, ૬૪
૪૫	પરચુરણ ધર્મખાતાં.....	,, ૩૦

[1] Charities of London.

અરે આપણા દેશમાં આવાં ધર્મખ્તાંઓની કેટલી જરૂર છે! અરે આપણા દેશમાં નિરાશ્રીત વિધવાઓની બરદાસ લેવાની, નિરાશ્રીત બાળકોનું પોષણ કરનારી, સંકટમાં પડેલાં કુટુંબોને સાહે થવાની, લોકોમાં અનીતિનો અટકાવ કરનારી, મજુર તથા ઐદુતોની હાલત સુધારનારી, આગ અને એવી મોટી આફતમાં જીવનું રક્ષણ કરનારી, ગરીબ લોકોની આરોગ્યતા તપાસનારી, નીતિ તથા ઇશ્વરી મારગ દેખાડનારી, બાળ ઘાતનો અટકાવ કરનારી, દેશ સુધારકોને હિંમત અને સાહેતા આપનારી, ઇત્યાદિ મંડળીઓ કાંહાં છે? આવી પરોપકારી મંડળીઓની આપણા દેશમાં શું થોડી જરૂર છે?

વિલાયતના લોકોની પરોપકારબુદ્ધિની મોટી ખુબી તો એજ માલમ પડેછે કે કોઈપણ મનુષ્યને બનતાં સુધી દુખી થવા કે ભુખે મરવા દેવું નહી ને તેને બનતા સુધી મદદ કરવી. કેટલી એક પરોપકાર સ્ત્રીઓ વિલાયતમાં ગરીબ દરદીઓની ચાકરી કરવાને ખુશીથી મેહનત કરેછે. તેમાં કેટલીએક સ્ત્રીઓ ઉંચાં કુળની ને શ્રીમંતની હોયછે. મિસ નાઇટિંગેલ પોતાનો દેશ છોડીને ક્રિમિયાની લહડાઈમાં ઘાયલ થયલા સિપાઈની ચાકરી તથા બરદાસ લેવાને ગઈ હતી તે વિષે તમે સાંભળ્યુંજ હશે. આવા પરોપકારની આપણા દેશમાં વધારે જરૂર છે.

પ્રકરણ ૧૦.

ઇંગ્લંડની મોટાઇનાં મુખ્ય કારણ.

ઇંગ્લંડ દેશની મોટાઇનાં મુખ્ય કારણ શું છે તે જાણવાની અને તપાસવાની જરૂર છે. ગયા પ્રકરણમાં એ દેશની પ્રજાના સામાન્ય ગુણ જે મેં દેખાડ્યાછે તે બધા ગુણ ઇંગ્લંડ દેશની મોટાઇનું એક મુખ્ય કારણ છે. પણ તે ઉપરાંત એ દેશમાં કેટલાએક સંજોગ એવા એકઠા થયાછે કે જેથી એ દેશ દુનિયામાં મોટાઇ ભોગવેછે. તેટલામાટે એમાંના મુખ્ય સંજોગ હું આ પ્રકરણમાં જણાવવાની ને તેઉપર મારા દેશીઓનું ધ્યાન પોંહોંચાડવાની રજા લઉં છઉં.

વિદ્યા.

મોટામાં મોટો સંજોગ વિદ્યાનો છે. વિદ્યા એટલે જ્ઞાન. એ દેશના લોકોનું જ્ઞાન ઘણું ચહડનું છે. એ દેશમાં જેઓ ઉંચી કેળવણી પામેછે તેઓમાં અનેક બાબદોનું જ્ઞાન ઘણું ઉંચું હોયછે. વરાળ યંત્રમાં કેવી ગોઠવણોછે, વરાળથી આગબોટ તથા આગગાડી કેમ ચલેછે, વિજળીથી તારમાં સંદેસા કેવી રીતે ફરીવળેછે, આકારામાં ગૂહણ અને બીજા વરતારા કેમ વરતાયછે, જુદાં જુદાં યંત્રમાં પાણીનો તથા વાયુનો કેવી અને કેટલી તરેહનો ઉપયોગ થઈ શકેછે, અનેક તરેહના પદાર્થોમાં કેવી અને કેટલી મેળવણી હોયછે અને તે કેવી રીતે થાયછે, તોફાન, વાદળ, વરસાદ તથા ધરતીકંપ વગેરે મોટા ચમત્કાર શાથી થાયછે—આવી અનેક બાબદોનું ઉંચું જ્ઞાન ઉંચી કેળવણી પામેલા હજારો લોકોમાં છે.

સાધારણ કેળવણી જેઓને મળેછે તેઓમાં આ બધી બાબદોનું સાંધારણ જ્ઞાન છે. તે ઉપરાંત જેઓને કેળવણી મુદલ મળતી નથી તેઓમાં મત્ર નજરે જોયાથી જે જ્ઞાન એ દેશમાં મળેછે તે આપ-

ણા દેશમાં નથી. રસ્તે ચાલતાં કે કોઈ કારખાનામાં કામે લાગતાં કે કોઈ મોટાં મ્યુઝીયમમાં કે બિજોરી મેહેલમાં જતાં ને જોતાં જે જ્ઞાન ત્યાનાં લોકોને ઉત્પન્ન થાયછે તે જ્ઞાનનું બળ કંઈ જેવું તેવું નથી.[1] એ જ્ઞાનનાં બળથી વિલાયતમાં હુન્નર વધતોજ જાયછે, નવી શોધ અને નવી કળા નિકળતીજ જાયછે અને કારખાનાં વધતાંજ જાયછે.

1 "The natives of India we class far below the natives of England, not in intelligence, but in the kind of knowledge possessed, and in the opportunities for obtaining valuable instruction. An English charity-school boy, we hold, is acquainted with things which it better behoves a man to know than all the learing of the greatest Hindoo sage."

Times of India, 11, *January*, 1866.

હુન્નર.

અનેક જાતના અનેક હુન્નર એ દેશમાં છે એ તેની મોટાઈનો બીજો મોટો સંજોગ છે. કેટલા અને કેવી પ્રકારના હુન્નર એ દેશના લોકો જાણેછે તેનો કંઈ પાર નથી. "આ વસ્તુ અમારાથી કેમ થઈ ન શકે" એવો બરો મમત રાખીને તેની બનાવટ ઉપર ખુબ ધ્યાન આપેછે ને તે બનાવવામાટે બહુ મેહેનત કરેછે. વિલાયતમાં તમે કહો કે મારે ફલાણી જાતની બનાવટ જોઇએ તો તે તયાર. વિલાયતમાં હુન્નર કેટલો વધ્યોછે તેનો વિચાર આગબોટથી કે આગ ગાડીથી કે વિજળીના સંદેસાથી આવી શકશે.

એ ઉપરાંત વિલાયતથી કંઈ હજારો તો શું પણ લાખો તરેહની ચીજો આવેછે એજ ઉપરથી તમે ત્યાના હુન્નરનો વિચાર કરી શકશો. આપણા દેશમાં કોતરકામ તથા નકશીકામ તથા શાલની બનાવટ વગેરે થોડોએક ઉંચો હુન્નર રહ્યોછે કેમકે એ હુન્નરની બરાબરી વિલાયતના લોકો હજુ સુધી કરી શકતા નથી. તે વગર આ દેશમાં હુન્નર નારા પામ્યોછે ને નિત્ય વધારે નારા પામતો જાયછે. એક ઝીણી સોયથી તે પેહેરવાનાં વસ્ત્ર સુધી આપણો હવે વિલાયત ઉપર આધાર રહ્યોછે. ગામડી બનાવટનો માલ ઉતરતો અને તેની કિંમત વધારે પડેછે માટે તેનો ખપ ઓછો થતો જાયછે.

હુનરનું પરિણામ–ઇન્ટરનેશનલ એક્ઝીબિશન.

(૧)



નવી શોધ તથા કળા.

ઇંગ્લંડમાં વિદ્યાહુન્નરનો વધારો હોવાથી તથા એકએકથી સરસ થવાની હોંસ હોવાથી નિત્ય નવી શોધ અને નવી કળા નિકળતી જાયછે. ગયાં શો વરસમાં જે નવી શોધ થઇછે ને નવી કળા નિકળીછે તેની ગણતરી થઈ શકે એમ નથી. લોકોનું ધક અને ધ્યાન નવી શોધ કે નવી કળા કે નવી બનાવટ ઉપર એટલું તો ચોંઠી ગયુંછે કે બીજાં થોડાં વરસમાં બીજાં કેટલાં નવાં કૌતક જુની આંખે દેખાશે તેનો મુદલ વિચાર થઈ શકતો નથી.

કંઈ પણ સુધારો કરવો; કંઈપણ નવી કળા કે નવી યુક્તિ શોધી કાહાડવી;—એજ પ્રેરણા એ લોકોનાં મનમાં આવી ગઈછે. જે કારીગરે કંઇ નવી હિકમત શોધી કાહાડી નહી તે કારીગરમાં ગણાયજ નહી. જે બીજાઓએ શોધી કાહાડયુંછે તે પ્રમાણે કરવું એમાં માલ શો? બરદમ ને બરદમ રાખાસી ત્યારેજ કે કંઈ નવી કળા સોધીને "પેટંટ" મેળવવું. આવી હોંસ ને આવો ચસ ત્યાનાં લોકોમાં ઘણો છે ને તેથી એ લોકો આગળ વધતાજ જાયછે.

કારખાનાં.

વિલાયતમાં કારખાનાંનો કંઈ સુમાર નથી. આહા ઠામેઠામ કારખાનાંની ધુમ મચી રહીછે તે જોઈ નજર ચળી જાયછે! કેટલાં બધાં કારખાનાં ને વળી કેટલાં મોટાં કારખાનાં! આપણા દેશમાં થોડાંએક સુતર કાપડ વગેરેનાં કારખાનાં નિકળ્યાંછે તેતો ત્યાં વટાવમાં જાય! ઠામેઠામ કારખાનાં! ને ઠામેઠામ વરાળયંત્ર! આહા એ દેશની કેટલી બધી દોલત એમાં રોકાઈ ગઇ હશે! આહા કેટલા બધા દેશોને આ કારખાનાંઓમાંથી માલ પુરો પડતો હશે!

ઇંગ્લંડમાં એકએક જાતનાં અનેક કારખાનાં છે. તમને સેજ વિચાર આવવામાંટે જણાવું છઉં[2] કે સુતર તથા કાપડનાં આસરે ૨૫૦૦ કારખાનાં છે; ને તેમાંથી દર વરસે ૮૦ કરોડ રૂપીયાની કિંમતનો માલ નિકળેછે. આસરે ૨૦૦૦ કારખાનાં ઉનનાં કાપડનાં છે

[2] Chambers' Information, Vol. II; p. 186.

તેમાંથી દર વરસે ૨૫ કરોડ રૂપીયાનો માલ તઈયાર થાયછે. આસરે ૫૦૦ કારખાનાં રેશમી કાપડનાં તથા તેટલાંજ સણનાં કાપડનાં છે ને તેમાંથી આસરે ૧૫ કરોડ રૂપીયાનો માલ તઈયાર થાયછે. વિલાયતમાં કઈ કઈ જાતનાં કારખાનાં છે તેની હુંટીપ[3] આપું છઉંઃ—

કારખાનાંઃ—	કારખાનાંઃ—	કારખાનાંઃ—
સુતરનાં	દારૂનાં	આગબોટનાં
કાપડનાં	ચામડાંનાં	ગ્યાસનાં
ધોવાનાં	માટીકામનાં	યંત્રકામનાં
રંગવાનાં	કોડીકામનાં	લોહોડાંકામનાં
છીંટનાં	ગ્લાસકામનાં	સોઈનાં
ઉંનનાં	પથ્થરકામનાં	ખીલાનાં
રેશમીકાપડનાં	કાગળનાં	ઈસકોરૂનાં
ગાલિચાનાં	સાબુનાં	કાનસનાં
મોજાંનાં	તેલનાં	કરવતીનાં
ટોપીનાં	બંદુકનાં	છરીકાતરનાં
સણનાં	પિસ્તોલનાં	તરવારનાં
દોરડાનાં	વાજીંત્રનાં	સ્ટીલપેનનાં
સાકરનાં	ઘડિયાળનાં	ટાંચણીનનાં
તમાકુનાં	વાહાણુનાં	બટનનાં

કોયલો.

ઇંગ્લંડની બરી અને મોટી દોલત તેના કોયલામાં છે. ઇંગ્લંડમાં કોયલાની બાણ એટલી તો મોટી લાગીછે ને તેનો બપ એ દેશમાં અને બીજા દેશોમાં એટલો મોટો થઈ પડયોછે કે આસ્ટ્રેલિયાની સોનાની બાણ કરતાં તે વધારે કિંમતી થઇ પડીછે. આસરે ૨૦ કરોડ રૂપીયાની કિંમતનો કોયલો દર વરસે ઇંગ્લંડની ભૂમીમાંથી બોદાઇને નિકળેછે[4]! એટલો બધો કોયલો એ ભૂમીમાં હજી ભરેલો છે કે બીજાં ૩૫૦૦ વરસ સુધી બૂટશે નહી એવી ગણત્રી કરવામાં આવીછે[4]! આવી મોટી બાણ બીજા કોઈ દેશમાં નથી.

[3] Dodd's British Manufactures Vol. I. VI.
[4] The British Nation ; p. 13-14.

વિલાયતમાં આટલો બધો કોયલો હોવાથી યંત્રમાં અને કારખાનાંમાં એ દેશ બીજા દેશો કરતાં સરસ ગણાયછે. એ દેશમાં કોયલો ઘણો સસતો હોવાથી કારખાનાંવાળાંઓને જબરો લાભ મળેછે. જે કારખાનાંઓ કોયલાની ખાણવાળી જમીનની પાસે આવ્યાંછે તેઓને કોયલો ઘણોજ સસ્તો પડેછે. સાત શિલિંગ એટલે ૩।। રૂપીયે ટન મળેછે. લંડન–જે ઠેકાણે કોયલો બીજાં ગામો કરતાં મોંઘો વેચાયછે–ત્યાં પણ તેની કિંમત ટન એકના ૧૧ રૂપીયા અથવા ખાંડીના ૨।।। રૂપીયા કરતાં વધારે બેસતી નથી. આપણા દેશમાં વિલાતી કોયલો હમણા[5] ૩૭ કે ૩૮ રૂપીયે ટન વેચાયછે. આપણા કારખાનાંવાળાઓને ૩૩ રૂપીયાની આવરેજ ગણીએ તો વિલાયતનાં અને અહીંનાં કારખાનાંમાં કેટલો બધો ફેર પડે!

મુંબઇનું કોઈ કારખાનું લો. એક કારખાનામાં ૩૦ હજાર સ્પીંડલ સુતરનાં અને ૬૦૦ લુમ કાપડનાં છે તેમાં નિત્ય જાણે ૭ ટન કોયલો ખપેછે. આ ગણુતરી પ્રમાણે વરસ એકનો ૨૨૦૦ થી ૨૫૦૦ ટન કોયલો જોઇએ. વિલાયતમાં એટલો કોયલો વાપરવાને આઠ કે દસ હજાર રૂપીયા લાગે તેને બદલે આપણને મુંબઇમાં પોણો લાખ કે હેંસી હજાર રૂપીયા બેસે. આ પ્રમાણે પાંસઠ કે સીતેર હજાર રૂપીયા એક કારખાનાંવાળાને ઓછો ખરચ બેસેછે ને તેટલો તે દેશને વધારે ફાયદો થાયછે.

લોહોડું.

વળી ઇંગ્લંડમાં લોહોડાંની ખાણ પણ મોટી હોવાથી એ દેશના કારખાનાંવાળાઓને વધારે પરવડેછે. યંત્ર કામને માટે લોહોડાંનો ખપ કંઈ જેવો તેવો નથી. ઇંગ્લંડમાં લોહોડાંની પેદાસ દર વરસે ૧૭ કરોડ રૂપીયાની ઉપજેછે[4]. ઇંગ્લંડમાં લોહોડું તથા કોયલો પુષ્કલ હોવાથી એ દેશ બીજા દેશોને યંત્ર કામ પુરું પાડેછે. આપણા દેશમાં કારખાનાં કાહાડવાને યંત્રકામ મંગાવતાં ઘણો ખરચ બેસેછે.

તેના બદલામાં આપણા દેશનાં કારખાનાંવાળાઓને બીજી રીતે

[5] January; 1866.

લાભ મળેછે. તે એકે અહીંથી કેટલો એક માલ તે દેશમાં આપણે મોકલીએ છંઇએ ને તે તયૅાર થઇને આ દેશમાં આવતાં મોંધો પડવો જોઇએ. માટે આપણા કારખાનાંવાળાઓનો કારભાર સારી રીતે ચાલતો હોયતો યંત્રકામ તથા કોયલામાં જે નુકસાની જાયછે તેનો બદલો વળી જવો જોઇએ, અને ભાગી દારોને ફાયદો થવો જોઇએ.

હવા.

ઇંગ્લંડની હવા પણ એ દેશની મોટાઇનું એક કારણ છે. એ હવા ઠંડી છે ને ઘડી ઘડીમાં બદલાઈ જાયછે; તે છતાં એ હવામાં મોટો ગુણ છે. મેહેનત કરતાં થાક જલદીથી ચહડતો નથી. આ દેશમાં તમે જેટલું કામ કરી શકો તેથી દોહોડું કે બેવડું કામ એ દેશમાં કરો તે છતાં તમે થાકી જશો નહી. અને જેટલું વધારે કામ થઇ શકે તેટલો વધારે ફાયદો થવોજ જોઇએ.

વળી આ દેશમાં ગરીબ માણસો લંગોટી મારીને ફરતા ફરે તથા ચણા કુરમરા ફાકીને પોતાનો નિર્વાહ ચલાવી શકે તેમ વિલાયતમાં ત્યાંની ઠંડી હવાને લીધે થઈ શકતું નથી. ગમે તેવાં ગરીબે ગરમ જાડાં કપડાં પેહેરવાં જોઇએ અને મજબુત ખોરાક ખાવો જોઇએ. મેં આગળ જણાવ્યુંછે કે વિલાયતમાં ગરીબી હાલતમાં કઠણ મેહેનત જેઓ ન કરે તેઓની અવસ્થા ઘણીજ માઠી અને ત્રાસદાયક થઇ પડે. ત્યાંની હવાને લીધે ત્યાંનાં ગરીબ લોકોથી આળસુ રહી શકાયજ નહી. તેટલા માટે તેઓના ઉદ્યોગથી એ દેશની દોલતમાં વધારો થાયછે.

રેલવે.

ઇંગ્લંડમાં ચારેતરફ રેલવેની સડક પથરાઈ ગઇછે તેથી દરએક ગામ અને દરએક શેહેરનો એકબીજા સાથે સંબંધ વધ્યોછે. એથી એ દેશને જે લાભ થયોછે ને થાયછે તેનો અડસટો થઈ શકશે નહી. જુદાંજુદાં ગામનાં લોકો જુદાંજુદાં ગણાતાં હતાં તે બધાં એક થઇ ગયાંછે. એકએક સાથે ઓળખાણ અને મમતા બંધાતી ગઇછે અને તેથી એ દેશનું કઉવત વધી ગયુંછે. એકએક માણ-

સમાં જોર ગમે તેટલું હોય પણ જ્યાંસુધી તેઓ એકએકથી જુદાં રેહે ને જુદાં ગણાય ત્યાંસુધી એ જોર કંઈ કામનું નથી.

ઇંગ્લંડ તથા તેની સાથે જોડાયલા બીજા બે દેશોમાં મળીને (૧૮૬૪ ની આખેરી સુધીમાં) ૧૨૩૦૦ માઈલ રેલવે ઉઘડ્યોછે.[6] આટલા રેલવેમાં ચાર અબજ રૂપીયા એ દેશના રોકાયાછે.[7] આપણા દેશમાં ૩૧૦૦ માઈલ રેલવે ઉઘડ્યોછે.[8] આપણા દેશનો વિસ્તાર એ ત્રણે દેશ કરતાં બાર ગણો મોટો છે; માટે આ દેશમાં દોહોડ લાખ માઈલ રેલવે ઉઘડે ત્યાંસુધી તે વિલાયતની બરાબરી કરી શકશે નહી.

એક ભાષા.

આપ્પા દેશમાં એક ભાષા બોલાયછે ને સમજાયછે એથી વીલાયતના લોકોને ઘણો ફાયદો છે. વર્તમાનપત્રમાં કે ચોપાનિયાંમાં કે પુસ્તકમાં જે કાંઈ છપાય તે બધાં ગામનાં લોકો બધે ઠેકાણે વાંચી શકેછે ને તેનો લાભ મેળવેછે. આપણા દેશમાં તેમ નથી. આ પુસ્તકજ લો. માત્ર ગુજરાતી વાંચનારાઓ મુંબઇમાં ને ગુજરાતમાંજ વાંચી શકશે ને તેમાં શું લખ્યુંછે તે દખ્ખણમાં કે મધરાસમાં કે બંગાળામાં કે પંજાબમાં કે રજપુતસ્થાનમાં કોઈ જાણી શકશે નહી.

આ દેશમાં જુદાંજુદાં ગામની જુદીજુદી ભાષા થઇ પડીછે એ આ દેશનું મોટું અભાગ સમજવું. કેળવણી પામેલા જુવાનોમાં ઇંગ્રેજી ભાષા સાધારણ થતી જાયછે ને તે બધે ઠેકાણે બધા કેળવાયળા દેશીઓ હવે વાંચી તથા સમજી શકેછે. પણ જેઓ ઇંગ્રેજી કેળવણીથી બેનશીબ છે તેઓને માટે એકજ ભાષા અને એકજ લિપિ થવી જોઇએ. હિંદુસ્તાની ભાષા અને દેવનગરી લિપિ આપ્પા દેશમાં કંઈક સાધારણ છે તે ચાલુ થાય તો આ દેશનો દાહાડો બરેબર ઉઘડે. એક ભાષા વગૅર આ દેશના જુદાંજુદાં ગામનાં જુદાંજુદાં લોકો એકબીજાને બરાબર ઓળખશે નહી ને તેઓમાં પ્રીતિ બંધાશે નહી.

6 Chambers' Journal; April, 1865.
7 Westminister Review; January, 1865.
8 Friend of India; September; 1865.

વેપાર.

ઇંગ્લંડમાં જે મોટો વેપાર ચાલેછે તે પણ એ દેશની મોટાઈનું મોટું કારણ છે. ઇંગ્લંડનો વેપાર કંઈ પાંચ દસ શેહેર કે ગામ સાથે ચાલતો નથી પણ પૃથ્વિનાં તમામ મુખ્ય શેહેરો સાથે ચાલેછે. કોઈ દેશ એવો નથી કે જેની સાથે ઇંગ્લંડનો વેપાર ચાલતો નહી હશે. અંગ્રેજી વેપારીઓ દુનિયાના ચારે ખંડમાં પસરાઈ ગયાછે. કોઈપણ દેશ જેમાં વેપારની જણસ પાકતી હશે ને તેનો વેપાર બીજા દેશો સાથે ચાલતો હશે તેમાં અંગ્રેજી વેપારીને તમે જોયા વગર રેહેશો નહી. વેપાર માટે અંગ્રેજી વેપારીઓ દુનિયામાં ઠામેઠામ વસીગયાછે. આપણા દેશમાં તેઓ વેપારમાટેજ પ્રથમ આવ્યા હતા.

ઇંગ્લંડમાં કંઈ લાખો રૂપીયાનોજ નહી પણ કરોડો રૂપીયાનો વેપાર ચાલેછે. દર વરસમાં ૧।।। થી ૨ અબજ રૂપીયાનો માલ વિલાયતમાંથી બાહારના દેશાવરો બાતે જાયછે અને ૨ થી ૨।। અબજ રૂપીયાનો માલ બાહરના દેશાવરોનો વિલાયતમાં જાયછે. આપ્રમાણે ૪। અબજ એટલે ચારસો પચીસ કરોડ રૂપીયાની લેવડ દેવડ બીજા દેશો સાથે માલ મંગાવવાની તથા મોકલવાની ચાલેછે[9]. ઇંગ્લંડનાં જુદાં જુદાં કારખાનાંઓમાંજ આસરે ૧।।। અબજ (એટલે એકસો પંચોતર કરોડ) રૂપીયાનો માલ તયાર થાયછે! અરે એક વરસમાં ૫૦ હજાર વાહાણ તથા પાંચ હજાર આગબોટ જે દેશનાં બંદરોમાં આવજાવ કરે તે દેશનો વેપાર કેટલો હશે!

આપણા દેશનો દાહડો ફસ્યોછે તે વિલાયતનાજ વેપારથી ફસ્યોછે એ સહુ કોઇ જાણેછે. વિલાયતની સાથે વેપાર નહી હોત તો આપણો દેશ—જે દરિદ્ર હાલતમાં આવ્યો હતો તેમાંથી છુટો થાત નહી. પેહેલી વારીમાં (એટલે અંગ્રેજોના હાથમાં આ દેશનું રાજ આવ્યું તેના પ્રારંભમાં) આ દેશનું દ્રવ્ય વિલાયત તરફ ધસડાઈ ગયું એ વાત સાચી છે; પણ હવે કેટલાંએક વરસ થયાં વિલાયતથી દૂરજોપે મોટી રકમ આવવા માંડીછે, તે એ દેશના વેપારનો પ્રતાપ.

[9] Home News ; April, 1864.

દરિયાઈ ફોજ.

ઇંગ્લંડ દેશની પ્રજાનું મોટાંમાં મોટું પરાક્રમ તેની સમુદ્રની ફોજમાં છે અને તેથી એ દેશની મોટાઈ આખી પૃથ્વિમાં માલમ પડીછે. દરિયામાં મોટાં મોટાં વાહાણો તથા મોટી મોટી આગબોટ ઉપર લશ્કર તથા તોપગોળા ને લહડાઇનો સામન રાખવો અને જરૂર પડે ત્યારે દરિયામાં વાહાણ ઉપરથીજ લહડાઈ કરવી. આ કળામાં ઇંગ્રેજી પ્રજની ચાલાકી જેવી માલમ પડીછે તેવી ચાલાકી બીજી કોઇકિજ પ્રજની જણાઈ હશે. સમુદ્રની લહડાઇમાં ઇંગ્લંડની ચાલાકી આખી દુનિયામાં પ્રસિદ્ધ છે. ઇંગ્રેજી પ્રજની મોટાઇ ઉપર આ કિંમતી છાપ પડીછે તે કાયમ રાખવાને એ પ્રજને વરસો વરસ દરિયાઈ ફોજમાં સુધારો તથા વધારો કરવાની જરૂર પડેછે.

આ સમુદ્રની ફોજ માટે દર વરસ મોટો ખરચ બેસેછે તે વિલાયતની રઇયત ખુશીથી આપેછે. દર વરસ દસ કરોડ રૂપીયા આ સમુદ્રનાં લશ્કર પછવાડે ખરચના બેસેછે! એટલી રકમમાં ૫૦ હજાર માણસો તથા ૫૫૬ લહડાઇનાં વાહાણો અથવા મનવારો, તથા ૧૬૦ ગનબોટોનો ખરચ નિકળેછે[10]. આવી મોટી સમુદ્રની ફોજ ફ્રાન્સની કે રૂશિયાની પણ નથી. વિલાયતી લશ્કરની "મનવાર" તમે જો જોઇ ન હોય તો હવે પછી તમને લાગ મળે તો ભુલશોમા. આ લહડાઇનાં વાહાણ ઉપરની બધી રચના ને કવાયત જોઇ તમે અચરત પામ્યા વગર રેહેશોજ નહી. ઇંગ્રેજી બ્લાસીઓને તથા સિપાઈઓને ધન્ય છે કે તેઓ મહાસમુદ્રમાં મોટી લહડાઈ કરી શકેછે!

દયાળુ સરકાર.

જે દેશની સરકાર જુલમી હોય તે દેશ મોટાઈ ઉપર કદી આવેજ નહી. જે દેશની સરકાર દયાળુ છે તે દેશ વેહેલો મોડો આબાદ થયા વિના રેહેતો નથી. ઇંગ્લંડની મોટાઇ વધારવાનું માન તેની માયાળુ સરકારને ઘટેછે. ઇંગ્લંડની સરકારથી રઇયત રાજી છે

10 Chambers' Information ; Vol. II. p. 187.

એટલુંજ નહી પણ તેની ઉપર રૈયત ફિદા થયલી છે. એ સરકારનો બચાવ કરવા માટે આખી રૈયત પોતાનું તન મન, અને ધન ખરચવાને અને જરૂર પડે તો જીવ આપવાને તયાર છે. જે દેશની સરકાર અને રૈયત વચે આવી મજબુત પ્રીતિ બંધાયછે તે દેશની મોટાઈ વધે એમાં નવાઈ શી?

ઈશ્વરને નમસ્કાર કરી તેનો ઉપકાર માનવો જોઇએ કેમકે આપણને પણ તેજ દયાળુ સરકાર મળીછે. આપણો દેશ ઘણાં વરસ સુધી મુસલમાન રાજાઓના અંધેર કારભારમાં તથા જુલમમાં રહીને માયાળુ અને સ્વતંત્ર રાજના તાબામાં આવ્યોછે. જુલમ તથા લહડાઈ તથા બંડ બંધ પડી ગયાંછે; ભીલ તથા વાઘર વગેરેની લુટફાટ બંધ પડીછે, સતીની મહા નઠારી અને મહા પાપી રૂઢી નાશ પામીછે, વિદ્યા ને હુન્નરનો પ્રસાર થવા માંડ્યોછે, રસ્તા ને પુલો થયાછે, આગગાડી તથા આગબોટ ચાલવા માંડીછે; વેપાર અને ઉદ્યોગ વધ્યોછે; ને સઉ ખુશી તથા સુખી છે. એ બધો દયાળુ ઇંગ્રેજી રાજનો પ્રતાપ છે. એ રાજની સદા ચહડતી થજો!



પ્રકરણ ૧૧.

રાજબળ તથા રાજનીતિ.

ઇંગ્લંડનું રાજબળ કેટલું છે અને ઇંગ્લંડની રાજનીતિ કેવી છે તે હવે હું તમને જણાવવાની રજા લઉં છઉં. જે દેશનો હું પ્રવાસ લખ્યું છઉં તે દેશનું રાજબળ તથા તે દેશની રાજનીતિ વિષે થોડુંઘણું લખવાની જરૂર સમજું છઉં. એ વિષે વિસ્તાર કરીને લખવાની આ પ્રવાસમાં જગ્યા નથી તેટલામાટે હું ટુંકામાંજ કહું છઉં.

રાજબળ.

આખી દુનીયામાં છ રાજ મોટાં અને મહા બળવંત ગણાયછે તેમાંનું એક રાજ ઇંગ્લંડનું છે. ઇંગ્લંડ, ફ્રાન્સ, રૂશિયા, ઑસ્ત્રીયા, પ્રુશિયા અને અમેરીકિનાં યુનાઇટેડ સ્ટેટ્—આ છ રાજ આજકાલ મોટાં અને જોરાવર છે. એકએકથી ગાંજ્યા ન જાય એવાં એ છ રાજ છે. આજ આઠસો વરસ થયાં ઇંગ્લંડ પોતાના દેશમાં કોઈ બારકાં રાજનો પગ પેસવા દીધો નથી એટલીજ વાત એ રાજનું બળ જાણવાને બસ છે. પણ એ રાજનું બળ એથી વધારે છે. જ્યારે ફ્રાન્સના નેપોલિયન બોનાપાર્ટે યુરોપખંડનો મોટો ભાગ જીતી લીધો ને આખા યુરોપખંડમાં ત્રાસ ઉપજાવ્યો ત્યારે ફ્રાન્સનો મદ ઇંગ્લંડ ઉતાર્યો. ન જીતાય એવો બોનાપાર્ટ તેને ઇંગ્લંડના શૂરા સરદાર—ડ્યુક ઑવ વેલિંગટને જીત્યો અને કેદ કર્યો.

આસરે બાર વરસ ઉપર ઇંગ્લંડનું રાજ રૂશિયાનાં રાજની સામે લઢ્ઢાઇમાં ઉતર્યું હતું તેમાં પણ ઇંગ્રેજી લશ્કરે ફતેહ મેળવવામાં જે બાહાદુરી દેખાડી હતી તે દુનિયામાં પ્રસિદ્ધ ને લોકોની યાદીમાં તાજી છે. આપણાજ દેશમાં (૧૮૫૭—૫૮માં) ભયંકાર બળવો ઉઠ્યો તે બેસાડી દેવામાં ઇંગ્રેજી રાજનું કઉવત માલમ પડી ચુક્યુંછે. આ

તો હું હમણાના વખતના તાજા દાખલા આપું છઉં પણ જરા દૂરના વખત ઉપર લઈ જાઉં તો ઇતિહાસમાંથી બીજા અનેક દાખલા મળશે.

ઇંગ્લંડ પોતેતો ઘણો નાહાનો દેશ છે–માત્ર ૩૬૦ માઇલ લાંબો અને ૨૮૦ પોહોળો છે–પણ તેની સાથે સ્કૉટલંડ તથા આયરલંડ જોડાઈ ગયાછે અને તેના તાબામાં બીજા ઘણા દેશો આવ્યાછે. ઇંગ્લંડ અને તેની સાથે જોડાઈ ગયાલાં બે રાજ એ ત્રણે મળીને "યુનાઇટેડ કિંગડમ" કેહેવાયછે. એ ત્રણે દેશ પાસેપાસે છે અને તેમની ચોમેર સમુદ્ર આવ્યોછે. આ ત્રણે દેશનો વિસ્તાર સવા લાખ ચોરસ માઇલ છે ને તેમની વસ્તી ત્રણ કરોડમાં કંઇક ઓછી ગણાયછે. ઇંગ્લંડના વિસ્તારનું પ્રમાણ તપાસીએ તો ઇંગ્લંડની વસ્તી ઘણીજ મોટી જણાશે કેમકે એ પ્રમાણ પ્રમાણે આપણા દેશમાં પચીસ ગણી વસ્તી વધારે જોઇએ. આપણા દેશની વસ્તી ૧૮॥ કરોડની ગણાયછે પણ ઇંગ્લંડનું પ્રમાણ લઇએ તો ૪॥ અબજ કરતાં વધારે થવી જોઇએ.

પણ ઇંગ્લંડનું રાજ ત્યાંજ અટકતું નથી. એ રાજનો વિસ્તાર પૃથ્વિના ચારે ખંડમાં ફેલાઇ ગયોછે; યુરોપ, એશિયા, આફ્રિકા અને અમેરિકા એ ચારે ખંડમાં અને અસ્ત્રેલિયાંના મોટા બેટમાં ઇંગ્રેજી રાજનો વાવટો ઉડેછે. એશિયા ખંડમાં આપણો દેશ તથા સિલોન (લંકા) મળીને ૧૪ લાખ ચોરસ માઇલ જમીન ઉપર આફ્રિકામાં ૨ લાખ ચોરસ માઇલ જમીન ઉપર, અમેરિકામાં ૨૫ લાખ ચોરસ માઇલ જમીન ઉપર અને આસ્ત્રેલીયામાં ૧૬ લાખ ચોરસ માઇલ જમીન ઉપર ઇંગ્લંડની ધજા ઉડેછે.

રાજફોજ.

હરએક રાજની નાહાની મોટી ફોજ ઉપરથી તે રાજનું બળ જણાયછે. વિલાયતનાં ત્રણ જોડાઈ ગયલાં રાજનું બધું મળીને સવાબે લાખ માણસનું લશ્કર છે. તેમાં ૧॥ લાખ ખુશાકી ઉપરનું તથા ૦॥ લાખ દરિયાઇ લશ્કર ગણાયછે. ખુશાકી લશ્કર ઉપર દરવરસ ૧૫ કરોડ રૂપીયાનો તથા દરિયાઈ લશ્કર ઉપર ૧૦ કરોડ રૂપીયાનો

ખરચ થાયછે. ખુશકી લશ્કરમાં પાયદળ, ઘોડેસ્વાર, તથા તોપખાનું છે. આ બધું લશ્કર કવાયત શિખેલું અને બાહાદુર છે. લહડાઈની જે કાંઇ નવી કળા અને નવી યુક્તિ માલમ પડીછે ને માલમ પડેછે તેથી ઇંગ્રેજી લશ્કર વાકેફ રેહેછે તથા નિત્ય લશ્કરી કવાયતનો અભ્યાસ કરેછે તથા હથિયાર સાફ ને તયાર રાખેછે.

આ લશ્કર ઉપરાંત મિલિશિયા (Militia) નામનું ૧૧૧ લાખથી ૧૫ લાખ માણસનું લશ્કર છે. આ લશ્કરનાં માણસો આખો દાહાડો સરકારી ચાકરી કરવાને તથા બાહારગામ લહડાઈ કરવા જવાને બંધાયા નથી. તેઓ રેરવેલે દાહાડે લશ્કરી કવાયત લેછે અને ત્યારે જરૂર પડે ત્યારે લહડાઈનાં હથિયાર બાંધીને મેદાન પડવાને બંધાયલા છે. મિલિશિયામાં સાત વરસ સુધી રેહેવાને બંધાવું પડેછે.

વિલાયતના બચાવનું વધારે જોર તેનાં "વૉલંટિયર" લશ્કરમાં છે. આ લશ્કરમાં જુદાંજુદા ધંધાના લોકો પોતપોતાની ખુશીથી સામેલ થયાછે અને તેના બદલામાં સરકાર પાસેથી કંઇજ લેતા નથી. તેઓ લશ્કરી કવાયત રેરવેલા દાહાડા ઉપર શિખેછે અને તેનો અભ્યાસ રાખેછે તે એટલામાટે કે પોતાના દેશ ઉપર બીજું કોઈ રાજ ચહડી આવે તો હથિયાર બાંધીને લહડાઈનાં મેદાનમાં ઉતરી પડે. સ્વદેશ પ્રીતિનો આવો જુસ્સો બીજા થોડાજ લોકોમાં હશે.

સરકારી ઉપજ.

ઇંગ્લંડ તથા તેની સાથે જોડાઇ ગયલાં બે રાજ–સ્કૉટલંડ તથા આયરલંડ–ની દર વરસની પેદાસ ૭૦ કરોડ રૂપીયા ઉપજેછે.[1] આપણા દેશની વસ્તી વિલાયતની વસ્તા કરતાં છ કે સાત ગણી વધારે છતાં તેની પેદાસ આસરે ૪૫ કરોડ રૂપીયા દર વરસે થાયછે. વિલાયતની સરકારને વરસ એકની ૭૦ કરોડ રૂપીયાની પેદાસ છતાં તેને માથે મોટું કરજ છે. લહડાઇ અને એવાં મોટાં કારણથી ત્યારે ખરચ વધી જાયછે ત્યારે સરકારને કરજ કરવું પડેછે.

1 Home News: April 1864.

હાલ આસરે ૮ અબજ રૂપીયાનું કરજ એ સરકારને માથે છે. સિતેર કરોડ રૂપીયાની પેદાસમાંથી આસરે ૨૫ કરોડ રૂપીયા લશ્કરના ખરચમાં ને ૨૮ કરોડ રૂપીયા કરજના વ્યાજમાં ઘસડાઈ જાયછે. બાકીના પંદર કે અઢાર કરોડ રૂપીયામાં સરકારનો બીજો ખરચ ચાલેછે.

રાજની ગોઠવણ.

ઇંગ્રેજી રાજની ગોઠવણ ઘણી રૂડી અને વખાણવાજોગ છે. એ રાજમાં જેવું છુટાપણું રાજા તથા અમીર ભોગવેછે તેવુંજ છુટાપણું ગરીબ રૈયત પણ ભોગવેછે. એ રાજમાં કોઈ કોઇના ઉપર જુલમ કે જબરદસ્તી કરી શકતું નથી. એ રાજમાં કોઇ કોઇને ગેર કાયદે કેદ કે કબજ રાખી શકતું નથી; ને રાખે તો તેને ચોવીસ કલાકમાં છુટો કરવાને "હેબીયસ કૉરપસ"નું હુકમનામું તઈયાર છે. એ રાજમાં ગમેતેવાં કારણસર અથવા ગમેતેવા વાંક કે અપરાધ માટે ઇનસાફ કર્યા વગર કોઈ માણસને સજા થઈ શકતી નથી. એ રાજમાં ગમે તેવો માણસ ઇનસાફ માગે તો તેને ઇનસાફ મળી શકેછે. એ રાજમાં ગમે ત્યાં ફરી શકાય અને કાયદાસર ગમે તે કરી શકાય. જે રાજની આવી ચુખી છે તે રાજની ગોઠવણ ઘણી રૂડી તથા વખાણવાજોગ હોવી જોઈએ.

એ રાજની ગોઠવણ એવી છે કે રાજકારભારનું કામ જુદાજુદા પુરુષોને જુદુંજુદું વેંહેચી આપ્યુંછે; એવા એકએક પુરુષને માથે પોતપોતાનાં કામનું જોખમ રેહેછે. જે ખાતામાં કંઈ અંધેર કે ખામી માલમ પડે તો તે ખાતાંના ઉપરીને તે વિષે જવાબ દેવો પડે. કામકાજની વેંહેચણી રાજકારભારમાં એવી રીતે કરીછે કે સહુ પોત પોતાનાં કામમાં તઈયાર અને હોશિયાર રેહેછે. કોઇ કોઇની આડે કે વચ્ચે આવતું નથી. જે કારભારીએ કે અમલદારે પોતાનું કામ બરાબર બજાવ્યું નહી તો તે બીજોવાર પોતાના ઓદ્યા ઉપર ટકી શકતો નથી. તેટલામાટે દરએક જણને પોતપોતાની આબરૂ રાખવાને પોતપોતાનું કામ ધ્યાનું કરીને ઉલટથી અને પ્રમાણિકપણે બજાવવું પડેછે.

રાજકારભારમાં માત્ર રાજાનોજ અખત્યાર નથી. અમીરોનો તથા લોકોનો પણ અખત્યાર રાજકારભારમાં હંમેશા રહેલો છે. તેટલામાટે પ્રજાની ખુશી વગર રાજા પોતાની મરજી પ્રમાણે કરી શકતો નથી. લોકોની મરજી વગર તે નવો કર કે વેરો નાખી શકતો નથી. લોકોની તથા અમિરોની મરજી વગર કંઈ પણ નવો કાયદો કે કાયદામાં કંઈપણ ફેરફાર કરી શકતો નથી. પોતાની કોઈપણ રૈયત ઉપર કોઈપણ રીતનો જુલમ કે કોઈપણ રીતની જબરદસ્તી ચલાવી શકતો નથી. રાજસભામાં ખ્યાંલગી અમીરો તથા લોકો સામેલ થઈને રૈયત ઉપરના કરમાં વધારો કે ઘટાડો કરે નહી તથા નવા કાયદા કે કાયદામાં ફેરફાર કરે નહી ત્યાંલગી રાજાથી કંઈ થઈ શકે નહી.

રાજસભા.

રાજસભા અથવા "ઇમ્પીરિયલ પાર્લ્યમેંટ"માં બેસવાનો હક અમીરોના તથા લોકોની તરફથી ઠરલા વકીલોનો છે. એમાં બે સભા મળેછે; એક સભા અમીરોની–"હાઉસ ઑાવ લૉર્ડ્સ" અને બીજી સભા લોકોની–"હાઉસ ઑાવ કૉમન્સ" કેહેવાયછે. અમીરોની સભામાં આસરે ૪૫૦, અને લોકોની સભામાં ૬૫૦ અધિકારીઓ છે. આ અધિકારીઓને તેમની મેહેનતનું કંઇ લવાજમ મળતું નથી. રાજસભાના અધિકારી ઠરી તેમાં બેસવું એ મોટું માન ગણાયછે અને તેટલામાટે એ સભાના અધિકારી ઠરવાને ને તેમાં મેહેનત કરી પ્રસિદ્ધ થવાને તેઓ ઘણી આતુરતા રાખેછે.

રાજસભા કંઈ બારે માસ બેસતી નથી. પાંચમાં પ્રકરણ મધ્યે પાર્લ્યામેંટ વિષે લખતાં જણાવ્યુંછે કે પાર્લ્યામેંટની દરબાર દર વરસ ધણીકરીને ફેબ્રવારીથી જુલાઈ મહિનાસુધી રવીવાર કે મોટા તેહવાર શિવાય નિત્ય બેસેછે. એ સભામાં મહારાણી ધણીકરીને વરસમાં બેજ વાર હાજર થાયછે; એકવાર ફેબ્રવારીમાં પાર્લ્યામેંટ ઉઘડતી વેળા અને બીજીવાર જુલાઈમાં પાર્લ્યામેંટ બંધ કરતી વેળા. એ શિવાય આ રાજસભાનાં કામકાજમાં મહારાણી સામેલ થતાં

નથી. પણ એમની તરફથી પ્રધાનોને હંમેશા હાજર થવું પડેછે.

રાજસભામાં રાજને લગતું હરએક કામ કેમ ચાલેછે તે વિષે પ્રધાનોને પુછવામાં આવેછે. જે ખાતામાં કંઈ ગફલતી ચાલતી હોય અથવા જે ખાતામાં કંઈ ખામી જણાતી હોય તે વિષે ટીકા કરવાનો અને ખુલાસો માગવાનો દરએક અધિકારીને હક છે. રઇયતનું નાણું બરાબર વપરાયછે કે નહી અને રઇયતનું રક્ષણ બરાબર થાયછે કે નહી એ વિષે રાજસભાના અધિકારીઓ બારિકીથી તપાસ રાખેછે. રાજકારભાર કેમ ચલાવવો એ કામ પ્રધાનોનું છે અને તેનું બધું જોખમ મુખ્ય-પ્રધાનને માથે છે; તેટલામાટે હરએક ખાતામાં કંઈ ચુક કે ખામી માલમ પડે તો તેવિષે રાજસભાનો કોઇપણ અધિકારી રાજસભામાં ઉઘાડી રીતે બોલી શકે ને તેનો ખુલાસો તે ખાતાના પ્રધાન પાસે માગી શકે.

વળી રાજસભાના અધિકારીઓમાં બે મંડળી જુદાંજુદાં મતનીછે. એક મંડળી "વિહિગ" અથવા "લિબરલ" નામથી ઓળખાયછે. તેઓનું મત સુધારા તરફ છે. કાયદામાં કે રાજપ્રકરણની હરકોઈ બાબદમાં સુધારો કરવાને તેઓ વધારે ચાહેછે. બીજી મંડળી "ટોરી" અથવા "કૉનઝરવેટિવ" નામથી ઓળખાયછે. તેઓનું મત સુધારા તરફ ઘણુંજ થોડું છે. જુના કાયદા અને રાજપ્રકરણના જુના રિવાજ બનતાં સુધી ફેરવવા નહી એમ તેઓ ઇચ્છેછે.

આ બેમાંથી જે મંડળીનું પ્રધાનપણું ચાલતું હોય તે મંડળી જોરાવર કેહેવાયછે. હાલ કેટલાંક વરસ થયાં "વિહિગ" અથવા "લિબરલ" એટલે સુધારા મંડળીનું પ્રધાનપણું ચાલેછે તેટલામાટે એ મંડળી જોરાવર કેહેવાયછે. પણ તેઓની સામે બીજી મંડળીવાળા રાજસભામાં-જ્યારે ત્યારે થાયછે અને તેઓનું જોર તોડવાને મેહેનત કરેછે. તેઓ હરએક બાબદમાં પ્રધાનોની સામે થાયછે અને તેઓની ખોડ બાપણ માલમ પડેછે તો સેજ વાતમાં ઉઘાડી પાડેછે. તેઓ "ઑપોઝિશન"વાળા કેહેવાયછે. આ "ઑપોઝિશન"થી રાજકારભાર વધારે સારી રીતે ચાલેછે અને રઇયતનો લાભ વધારે સચવાયછે.

રાજસભાના કોઇ અધિકારીને કોઈ કાયદામાં ફેરફાર કરવાની અથવા કોઇ નવો કાયદો કાઢાવવાની જરૂર માલમ પડે તો તે વિષે તે દરખાસ્ત કરેછે અને પોતે તયાર કરેલો ખરડો વાચી સંભળાવિછે. તે ખરડો "બિલ"નાં નામથી ઓળખાયછે. દરએક બિલ વાંચ્યાની પેહેલાં તે દાખલ કરવામાટે પ્રથમ રાજસભાની રજા લેવી જોઇએ. એક વખત વંચાઇ રહ્યા પછી તે ઉપર સઉ અધિકારીઓ વિચાર કરેછે, ને કેટલાક દાહાડા પછી તે પાછું ફરીથી વંચાયછે. ઘણાં મતથી તેમાં જે કંઈ ફેરફાર કરવો હોયછે તે થાયછે.

તે બિલને બારીકીથી તપાસવામાટે થોડાએક અધિકારીઓની કમીટી કરીને તેમને સોંપેછે; કોઈ બિલ ઘણુંજ અગત્યનું ને સરકારી હોયછે તો પાર્લ્યમેંટના બધા અધિકારીઓ કમીટી થઇને તપાસવાને બેસેછે. જ્યારે કમીટી થઇને પાર્લ્યામેંટના બધા અધિકારીઓ બિલ તપાસવા બેઠા હોય ત્યારે દરએક અધિકારીને એકથી વધારેવાર બોવાલની છુટ છે. વગર કમીટીએ કોઈ અધિકારી એકથી વધારેવાર એકજ બાબદ ઉપર રાજસભામાં બોલી શકે નહી. વળી ત્રીજી વાર ફરીથી એ બિલ વંચાયછે ને તે વિષે બધા અધિકારીઓનાં મત લેવામાં આવેછે. તેની તરફ ઘણાં મત હોય તો તે પસાર થાયછે.

આતો એક સભામાં પસાર થયું. હવે બીજી સભામાં પસાર થવું જોઇએ. કૉમન્સ અથવા લોકોની સભામાં જો પેહેલું પસાર થયું હોય તો "લૉર્ડસ" અથવા અમીરોની સભામાં બીજીવાર પસાર થવું જોઇએ અને અમીરોની સભામાં પેહેલું પસાર થયું હોય તો બીજી વાર લોકોની સભામાં પસાર થવું જોઇએ. બીજી સભામાં પણ પસાર થવાને વળી ત્રણ વખત વંચાવું જોઇએ. એ પ્રમાણે વંચાઇને બીજી સભામાં પાસ થયા પછી મહારાણીની મંજુરીમાટે તેમના ઉપર મોકલવું જોઇએ. ત્યાંથી મંજુર થઇને જ્યારે આવે ત્યારે તે બિલ શેવટે પાસ થયું એમ કેહેવાયછે ને પછી તે પાર્લ્યામેંટનો "આક્ટ" અથવા કાયદો ગણાયછે. તે કાયદા પ્રમાણે રઇયતે ચાલવું જોઇએ.

કોઇ કોઇવાર બે સભા કોઇ બિલ વિષે એક મત થાય નહી તો

બેહુ સભાની તરફથી કમીટી થઇને કંઈ ફેરફાર કરી સમજુતી ઉપર આવેછે. જ્યાંસુધી સમજુતી ઉપર આવે નહી ત્યાંસુધી એ બિલ પસાર થતું નથી; ને અંતે ૨૬ જાયછે. બેહુ સભાએ પસાર કર્યું તો મહારાણી ઘણુંકરીને તે કબુલજ રાખેછે. આ ઉપરથી માલમ પડશે કે રાજકાજમાં લોક, અમીર તથા રાજા એ ત્રણેનો હાથ રેહેછે અને એકબીજાની મરજી વગર તેઓ કાયદામાં ફેરફાર કરી શકતા નથી અથવા નવો કાયદો કાહાડી શકતા નથી. લોકોની તરફથી ઠરેલા જે વકીલો પોતાનો અધિકાર ચાલાકીથી બરાબર બજાવી શકતા નથી તો તેઓને બીજીવાર લોકો પસંદ કરતા નથી.

પાર્લ્યામેંટ અથવા રાજસભાના હાથમાં મોટી સત્તા છે. ગમે તેવો મોટો અમલદાર હોય પણ તેણે જો કંઇ તકસીર કરી તો તેને બોલાવી મંગાવે અને તેને શિક્ષા કરે. તેટલામાટે રાજનો કોર્ટપણ કારભારી આડી રીતે ચાલી શકતો નથી. પાર્લ્યામેંટના હાથમાં આ મોટી સત્તા છે બરી પણ પાર્લ્યામેંટ કંઇ બારેમાસ બેસતી નથી. એક વખત બંધ થયા પછી તેની મુદત ઉપર પાર્લ્યામેંટ ઉઘાડવી કે ન ઉઘાડવી એ ગાદીપતિના હાથમાં છે. તે જ્યાંસુધી પોતાનાં નામથી પાર્લ્યામેંટને બોલાવે નહીં ત્યાંસુધી તે ઉઘડી શકે નહી; અને પાર્લ્યામેંટ ઉઘડી ન હોય તો તેની સત્તા ચાલતી નથી. તેમજ વળી પાર્લ્યામેંટનું ચાલતું કામ બંધ પાડવાનો અખ્તયાર ગાદીપતિનો છે.

જ્યારે આ પ્રમાણે પાર્લ્યામેંટ ઉઘાડવાનો અથવા તેનું કામ બંધ પાડવાનો અખ્તયાર ગાદીપતિનો છે ત્યારે તમે કેહેશો કે કોઇ જુલમી રાજા કે રાણી પોતાના પ્રધાનોની મારફતે ગમે તેવી બરાબ રીતે રાજ ચલાવે તો પછી પાર્લ્યામેંટ શું કરી શકે? જ્યાંસુધી ગાદીપતિએ પાર્લ્યામેંટ બોલાવી નથી ને ઉઘાડી નથી ત્યાંસુધી પાર્લ્યામેંટની સત્તા ચાલતી નથી. એ બરી વાત છે. પણ ગાદીપતિને પાર્લ્યામેંટ વેહેલી મોડી બોલાવ્યા વગર છુટકોજ નહી. કેમકે પાર્લ્યામેંટની મંજુરી શિવાય રદ્યિત કદી કર આપેજ નહી; ને જ્યારે કર આપે નહી ત્યારે બજાનો ચુટી જાય અને રાજકાજનું બધું કામકાજ અટકી પડે.

કૉમન્સ અથવા લોકોની સભા.

આ સભામાં બેસનાર અધિકારીઓને રૈયત પોતાની તરફથી પસંદ કરેછે. જુદાંજુદાં શહેર અને જુદાંજુદાં પરગણાઓની તરફથી જુદાજુદા અધિકારીઓ ઠરેછે. મોટાં શહેરોની તરફથી ધણુંકરીને બબે અને નાહાનાં શહેરોની તરફથી એકએક અધિકારી–જુમલે ઇંગ્લંડ તથા વેલ્સની તરફથી ૫૦૦ અધિકારીઓ, સ્કૉટલંડની તરફથી ૫૩ અધિકારીઓ અને આયરલંડની તરફથી ૧૦૫ અધિકારીઓ બેસેછે. અધિકારીઓને પસંદ કરવાનો હક જે રૈયતનાં ઘરબાર અથવા બેતર હોય તેઓને છે. જેઓનાં ઘરની પેદાસ દર વરસ સો રૂપીયાથી વધારે હોય અથવા જેઓ બેતરોનું ભાડું દરવરસ પાનસો રૂપીયા કે તેથી વધારે ભરતા હોય તેઓને પોતાના અધિકારી નેમવાનો હક છે.

જે અધિકારી આ પ્રમાણે ઠરેછે તેઓ ઘણાંમાંઘણાં સાત વરસ સુધી રહી શકે, ત્યારપછી ફરીથી દરએક શહેર તથા ગામમાં પોત-પોતાના અધિકારી ઠેરવવાનું કામ ચાલેછે. પણ તેઓ એટલી મુદતસુધી ધણુંકરીને ટકી શકતા નથી. ગાદીપતિ મરણ પામે તો ફરીથી દરએક ગામમાં તથા શહેરમાં પસંદ કરવાનું કામ ચાલેછે. અથવા પ્રધાનોનાં કામકાજથી ઘણાખરા અધિકારીઓ નાખુશ થાય અથવા કોઈ ઘણીજ મોટી બાબદમાં મતભેદ થઇ પડે તો જુની સભા ભાંગી પડેછે ને નવા અધિકારીઓ ફરીથી નેમવાનું કામ ચાલેછે. આ પ્રમાણે અઢી કે ત્રણ કે ચાર વરસમાં એકવાર ધણુંકરીને બનેછે.

અમીરોની સભા.

ઇંગ્લંડમાં બધા મળીને ૩૭૬ અમીરો છે તેઓ સર્વને પાર્લામેંટમાં બેસવાનો અધિકાર છે. તેઓની સાથે બે "આર્ચબિશપ"–સઉથી મોટા ધર્મગુરૂ–તથા ૨૪ બિશપ–એટલે બીજી પદ્ના ધર્મગુરૂ બેસેછે. સ્કૉટલંડના ૧૬ અમીર તથા આયરલંડના ૨૮ અમીર આ સભામાં બેસેછે. અમિરની પદ્ધી વંશપરંપરા ઉતરેછે એટલે અમિરના વડા

દીકરાને અમીરની પદ્વી તેનાં મરણ પછી મળેછે. એ દિકરો જ્યાં લગી ઉમરમાં આવ્યો ન હોય ત્યાંલગી "માઈનર" ગણાયછે તેટલા માટે તે પારલ્યામેંટમાં બેસી શકતો નથી.

અમીરોની સાથે રાજ કુટુંબના ત્રણ અમિર–એક "પ્રિન્સ ઑવ વેલ્સ" બીજો "ડ્યુક ઑવ કંબરલાંડ" ને ત્રીજો "ડ્યુક ઑવ કેમ્બ્રિજ" એમ્મો પણ બેસેછે. અમીરોમાં ચહડતી ઉતરતી પાંચ પદ્વી છે. પેહેલી પદ્વી ડ્યુકની; બીજી મારકુવીસની; ત્રીજી અરલની; ચોથી વાઈકૌંટની ને પાંચમી બારનની. પેહેલી પદ્વીના ૨૦; બીજીના ૧૯; ત્રીજીના ૧૦૯; ચોથીના ૨૧ અને પાચમીના ૨૦૭ અમીરો છે.[2] બારન એટલે બારોનેટ નહી. બારોનેટ તથા નાઇટની પદ્વીવાળા અમીરમાં ગણાતા નથી. તેઓ કૉમન્સ અથવા સાધારણ લોકોમાં પેહેલી પદ્વીના ગણાયછે. બધા અમીરો લૉર્ડ કેહેવાયછે. અમીરની પદ્વી આપવાનું ગાદીપતિ રાજા અથવા રાણીના હાથમાં છે.

• અગાઉ અમીરની પદ્વી ઘણાજ મોટા જાગીરદાર તથા શ્રીમંતોનેજ મળતી હતી; પણ હમણા જે પુરુષ લહડાંઇમાં કે વિદ્યામાં મહા પરાક્રમી માલમ પડેછે તો તેને એ પદ્વીનું માન મળેછે. પણ આ મોટું માન કોઇ મહા પરાક્રમી પુરુષ વગર કોઇને મળતું નથી. કોઈ પુરુષને અમીરની પદ્વી એવી શરતથી મળેછે કે તેનાં મરણ પછી એ પદ્વી તેનાં વારસને મળે નહી. એવી શરતથી જેમ્મોને અમીરની પદ્વી મળેછે તેમ્મો અમીરોની સભામાં બેસી શકતા નથી.

ઇંગ્લંડના અમીર કેટએલાક મોટા હક ભોગવેછે. તમારું લેણું કોઇ અમીર ઉપર નિકળતું હોય તો તેને તમે પકડાવીને કેદમાં નાખી શકો નહી અથવા તેને પકડવાનું હોકમનામું કોઇ કોરટથી અપાય નહી. ફોજદારીમાં તેમનો ઇનસાફ અમીરોની સભા શિવાય કોઇપણ બીજી કોરટ કરી શકે નહી. અમીરની આબરૂ ઉપર કોઈથી હુમલો કરી રાકાય નહી. અથવા તેની આબરૂને નુકસાન પોંહોચે એવી વાત જાહેર કરાય નહી. તે વાત ખરી હોય તો પણ કોઇ જાહેર કરી શકે નહી;

[2] Times of India Directory, 1866.

જો જાહેર કરે તો ન્યાયાધિસની નજરમાં આવે તેટલો તેનો ડંડ કરે, અને ડંડ ન આપે તો ખરી કે ખોટી નિંદા કરનારને કેદખાનું ભોગવવું પડે. ઇનિસાફની અદાલતમાં અમીર ટોપી પેહેરીને જઈ શકે, બીજાથી તેમ કરી શકાય નહી.

પાંચ વર્ગના અમીરોની ટોપીમાં થોડો થોડો ફેર હોયછે. તેઓની ટોપીનો ઘાટ રાજા અથવા રાણીના તાજને મળતો આવેછે. ટોપી ઉપરથી અથવા પોશાક ઉપરથી હરએક અમીરનો વર્ગ કહી શકાય. ડ્યુકની ઉપમા "હિઝગ્રેસ" કરીને લખાયછે. મારકુવીસ "મોસ્ટ ઑનરઅબલ" કરીને લખાયછે. અરલ તથા વાઇકૌંટ તથા બારન એઓ "રાઇટ ઑનરઅબલ" કરીને લખાયછે. ડ્યુકની સ્ત્રી મારકુવીસ સાથે પરણે તો તે સ્ત્રી પોતાની અસલ ઉંચી પદ્વીથી ઓળખાયછે. મારકુવીસની સ્ત્રી ડ્યુક સાથે પરણે તો પોતાના ધણીની ઉંચી પદ્વીથી ઓળખાયછે. તે સ્ત્રીને પેટે બે છોકરા હોય તો મોટા છોકરાને બાપની તરફથી ડ્યુકની અને નાહાના છોકરાને માની તરફથી મારકુવીસની પદ્વી મળેછે.[3]

રાજા અથવા રાણી.

ઇંગ્લંડનાં રાજની ગાદી ઉપર ઘણુંકરીને રાજા અને કોઇકિવાર રાણી હોયછે. ગાદીના વારસા સંબંધી ઇંગ્લંડમાં એવો ચોખ્ખો કાયદો છે કે કોઈ રાજા કે રાણીનાં મરણ પછી તેનો વારસ કોણ એ જાણવાને અને ઠેરવવાને મુશ્કેલ પડતું નથી. તેટલામાટે ગાદી ઉપર બેસવાનો જેનો હક પોંહોચ્યતો નથી તે તેનો દાવો કરવાને હિંમત ચલાવી શકતો નથી. જ્યાંસુધી રાજપુત્ર હોય ત્યાંસુધી રાજપુત્રીથી ગાદી ઉપર બેસાય નહી. રાજપુત્રી ગાદી ઉપર બેસે તો તે ગાદીની માલેક ગણાય ને ગાદીપતિનું બધું માન તેનેજ મળે. તેનો વર કૂંઈ રાજા કેહેવાય નહી. દરબારમાં તખ્ત ઉપર રાણી બેસે તેનો રાજવર હોય તો તેને ઉતરતી બેઠક ઉપર બેસવું પડે અથવા

[3] Debrett's Peerage.

ઉભા રેહેવું પડે. તે છતાં ઘર સંસારમાં ભરથાર લેખે રાણી તેને પોતાથી મોટી પદ્વીનો ગણે અને તેને માન આપીને ચાલે.

હાલ ઇંગ્લંડની ગાદી ઉપર કોણ છે તે તમે જાણોછો. ત્યારથી મહારાણી વિકટોરિયા ગાદી ઉપર બિરાજેછે ત્યારથી ઇંગ્લંડની ચહડતીમાં વધારે ચહડતી થવા માંડીછે. આ ભલી રાણીની ભલાઈ, સાદાઈ, સલુકાઈ, ચતુરાઈ અને પવીત્રાઈ વિષે ઇંગ્લંડની રૈયતનો એવો તો સારો વિચાર બેઠોછે કે આખ્ખી રૈયત વિકટોરિયાનાં નામથી વારી જાયછે ને ફિદા થાયછે. આ મહારાણીનું નામ, કામ અને ઠામ ઇંગિલંડની રૈયતને અતિ વાહાલું થઇ પડ્યુંછે.

આ મહારાણીનો જન્મ ઈ૰ સ૰ ૧૮૧૯માં થયો હતો. તે ઉપરથી તમે ગણી શકશો કે તે હમણા (૧૮૬૬માં) ૪૭ વરસની ઉંમરમાં છે. ઇંગ્લંડનો રાજા ચોથો વિલિયમ મહારાણીજીનો કાકો થાય. ઇંગ્લંડના પેહેલા રાજા એગબરટથી ગણવા માંડીએ તો મહારાણી વિકટોરિયા ૩૭ મી પેહેડી અથવા ઓલાદે થાય. ચોથો વિલિયમ રાજા મરણ પામ્યો એટલે ઈ. સ. ૧૮૩૭ માં મહારાણી ગાદી ઉપર બેઠાં. એમનાં લગ્ન જરમની દેશના રાજપુત્ર "પ્રિન્સ ઑલબર્ટ" સાથે ૧૮૪૦માં થયાં હતાં. એ નામદાર સરદારને પેટે ચાર રાજપુત્ર અને પાંચ રાજપુત્રી ઇ૰ સ૰ ૧૮૫૭ સુધીમાં થયાં તેઓ બધાં જીવતાં છે. તેઓમાં બે રાજપુત્રીનાં અને એક મોટા રાજપુત્રનાં લગ્ન થયાંછે.

સઉથી મોટી રાજપુત્રીની ઉંમર ૨૫ વરસની છે અને ગાદીના વારસ પ્રિન્સ ઑવ વેલ્સની ઉંમર ૨૪ વરસની છે. અમે જે વરસમાં વિલાયત ગયા તે વરસમાં આ રાજપુત્રનાં લગ્ન જરમની દેશની રાજપુત્રી સાથે થયાં હતાં. આ મહારાનીનો વાહાલો રાજવર ઇ૰ સ૰ ૧૮૬૧ માં મરણ પામ્યો તેનો શોક ૧૮૬૫ ની આખેરી સુધી મહારાણીએ રાખ્યો. આ રાજવર ઘણો ચંચલ અને હોંશિયાર હતો. વિદ્યા હુનરનો વધારો કરવામાં તે ઘણી ઉલટ લેતો હતો, ને રાજપ્રકરણને લગતી બાબદમાં મહારાણીને રૂડી સલ્લાહા આપતો હતો. સઉથી રૂડો ગુણ તેનામાં એ હતો કે તે ઘણો ભલો ને દયાળુ હતો.

મહારાણીનો રાજમહેલ–બકિંગામ પાલેસ.

(૪)



BUCKINGHAM PALACE.

રાજા અથવા રાણીનો અખત્યાર.

રાજા અથવા રાણીનો અખત્યાર રાજકારભાર ચલાવવામાં ઘણોજ થોડો છે. અપણા દેશી રાજાઓ જેને ચાહે તેને દંડી શકે, અથવા કેદખાનાંમાં નાખી શકે તેમ ઈંગ્લંડનાં રાજા કે રાણીથી થઈ શકે નહી. પોતાના ખરચને વાસ્તે પણ પાર્લામેંટે જે લવાજમ ઠરવ્યું હોય તેથી વધારે ઉપાડી શકાય નહી. મહારાણી વિકટોરિયાને દરવરસ ૩૮॥ લાખ રૂપીયાનું લવાજમ મળેછે; તેમાંથી ૧૭ લાખ ઘર ખરચના અને ૬ લાખ પરચુરણ ખરચના થાયછે. ખજાનાનું જોખમ મુખ્ય પ્રધાનને માથે છે માટે સરકારી ખજાનો પોતાનો છે એમૈ સમજી ઠેરવેલી રકમ કરતાં વધારે રકમ ખરચાય નહી.

રાજકારભારમાં આ પ્રમાણે રાજા અથવા રાણીનો અખત્યાર ઓછો છે પણ બીજી બાબદોમાં તેનો અખત્યાર ઘણો મોટો છે. કોઈ બંધીવાનને મોટી શિક્ષા થઈ હોય તો તેને છોડી મુકવાનું અથવા ઓછી શિક્ષા કરવાનું તેના હાથમાં છે. ઉંચા ઓધ્ધા આપવાનું તથા પદ્વીએ ચઢાવવાનું અથવા એતાબ બખ્સવાનું તેના હાથમાં છે. પાર્લામેંટ બંધ કરવી કે ઉઘાડવી, કોઈ દેશ સાથે લહડાઈ કરવી કે સલાહા કરવી એ તેના હાથમાં છે. પાર્લામેંટે જે ધારો પાસ કર્યો હોય તે કબુલ રાખવો કે રદ કરવો તે પણ તેના હાથમાં છે. દરિયાઈ તથા જુસ્કીનાં લશ્કર ઉપર સરદારી તેજ ભોગવેછે.

રાજા અથવા રાણીના પ્રધાન.

રાજા અથવા રાણી પોતાની તરફથી રાજકારભાર ચલાવવાને એક મુખ્ય પ્રધાન ઠેરવેછે. એ મુખ્ય પ્રધાન પોતાના હાથ નીચે બીજા પ્રધાનો તથા રાજના સેક્રટરીઓ ઠેરવેછે અને તેઓ મળીને રાજનો બધો કારભાર ચળાવેછે. રાજા કે રાણી પોતાનો મુખ્ય પ્રધાન એવો ઠેરવેછે કે લોકોને તે પસંદ હોય; નહીતો તે પ્રધાન ઘણી મુદત સુધી ટકી રાકે નહી. કેમકે એ પ્રધાન જે કાંઈ કહે અથવા કરે તેની સામે પાર્લામેંટના અધિકારીઓ થાય તો તેનું કામ આગળ ચાલી શકે નહી.

તેટલામાટે રાજપ્રકરણમાં જે પુરુષ ઘણોજ ખબરદાર તથા દ્યાનતદાર ગણાતો હોય અને જેની ઉપર પાર્લ્યામેંટના ઘણાખરા અધિકારીઓનો વિશ્વાસ હોય તેવાજ પુરુષને રાણી પોતાનો મુખ્ય પ્રધાન ઠેરવેછે. એ પ્રધાન "ફર્સ્ટ લૉર્ડ ઑવ ત્રેઝરી" કેહેવાયછે; એટલે એનાં નામ ઉપરથી એનું કામ સરકારી નાણું એકઠું કરવું તથા વાપરવું એ જણાયછે, પણ તેનું ખરું કામ તો રાજકારભાર ચલાવવાનું છે.

મુખ્ય પ્રધાનથી ઉતરતી પદ્વી "લૉર્ડ હાઈ ચાનસેલર"ની છે; આ મહાપુરુષ મોટામાં મોટી અદાલતનો મુખ્ય જડજ અથવા ન્યાયાધિરા અને અમીરોની સભામાં પ્રમુખ ગણાયછે. તેનાથી ઉતરતી પદ્વી "લૉર્ડ પ્રિવિ સીલ"ની કેહેવાયછે. તેનું કામ એકે રાણીની મોરછાપ રાખવી. તેનાથી ઉતરતી પદ્વી "ચાનસેલર ઑવ એક્સ ચેકર"ની કેહેવાયછે. તેનું કામ એ કે સરકારી ખજાનાનો હિસાબ રાખવો. તેનાથી ઉતરતી પદ્વી રાજના જુદાજુદા સેક્રેટરીઓની છે.

પેહેલો સેક્રેટરી "હોમ-ડીપાર્ટમેંટ"નો કેહેવાયછે. તેનું કામ એકે ઇંગ્લંડ અને તેની સાથે જોડાઇ ગયાલાં ત્રણ રાજને લગતું જેટલું રાજકારભારનું કામ હોય તે કરવું. બીજો સેક્રેટરી "ફૉરેન-અફેર"નો કેહેવાયછે; તેનું કામ એ કે જુદાજુદા દેરાના રાજાઓ સાથે રાજ પ્રકરણને લગતો પત્રવેહેવાહાર ચલાવવો. ત્રીજો સેક્રેટરી "કૉલોની"નો કેહેવાયછે; તેનું કામ એ કે ઇંગ્રેજી રાજના બાહારના સંસથાનોના કારભારની તપાસ રાખવી. ચોથો સેક્રેટરી લહડાઇનો કેહેવાયછે; તેનું કામ એ કે લશ્કર અને લહડાઇ સંબંધી ચોકસી રાખવી. પાંચમો સેક્રેટરી હિંદુસ્તાનનો કેહેવાયછે તેનું કામ એ કે હિંદુસ્તાનના રાજકારભાર ઉપર તપાસ રાખવી.

સેક્રેટરીઓથી ઉતરતી પદ્વી "ફર્સ્ટ-લૉર્ડ-ઑવ-અદમિરાલટિ"ની કેહેવાયછે. તેનું કામ એકે વાહાણની ખબરદારી રાખવી. તેથી ઉતરતી પદ્વી "બોર્ડ-ઑવ-ત્રેડ"ના પ્રમુખની છે. એનું કામ એ કે વેપાર સંબંધી તપાસ રાખવી. તેનાથી ઉતરતી પદ્વી "પોસ્ટ માસ્તર-જેનરલ"ની છે તેનું કામ એ કે ટપાલ અથવા ડાકખાતું ચલાવવું.

આ પ્રમાણે મુખ્ય પ્રધાનના હાથ હેઠલ બીજા બાર નાહના પ્રધાનો છે. એક મુખ્ય પ્રધાન ને બાર નાહાના પ્રધાન મળીને "પ્રધાન મંડળ" થાયછે. તે "કાબીનેટ" અથવા "મિનિસ્ત્રી" નામથી ઓળખાયછે. રાજનો બધો કારભાર એઓ ચલાવેછે. મુખ્ય પ્રધાનને તથા તેના હાથ હેઠલના દરએક પ્રધાન અથવા સેક્રેટરીને દર વરસ ૫૦ હજાર ને "લૉર્ડ હાઇ ચાન્સલરને" એક લાખ રૂપીયાનું લવાજમ મળેછે.

પ્રિવિ-કૌન્સીલ.

પ્રધાન મંડળ વગેરે મહારાણીની પ્રિવિ-કૌન્સીલ છે. આ મંડળીનું કામ એ કે મહારાણીને જરૂર પડે ત્યારે રાજ પ્રકરણની બાબદમાં રૂડી સલ્લાહા આપવી. આ કૌન્સીલમાં પ્રધાન મંડળના ૧૩ અધિકારી સુધા બધા મળીનેં ૧૭૬ અધિકારી છે તેમાં ૧૮ અધિકારી ન્યાય શાસ્ત્ર શીખેલા છે.[2] પ્રધાન મંડળ જે કાંઈ કરે તેનું જોખમ આ કૌન્સીલને માથે નથી. પણ જ્યારે મહારાણી સલ્લાહા લેવાને તેઓને બોલાવે ત્યારે જે સલ્લાહા તેઓ આપે તેનું જોખમ તેઓને માથે.

પ્રિવિ-કૌન્સીલના અધિકારીઓને પસંદ કરવાનું અથવા રદ કરવાનું મહારાણીજીના હાથમાં છે. પ્રિવિ-કૌન્સીલની જુડિશીયળ કમીટીમાં ન્યાયશાસ્ત્ર જાણનારા અધિકારીઓ બેસેછે અને તેઓનું કામ એ કે બાહારનાં સંસથાનોમાં થયલા ચુકાદાની વિરૂધ અરજી (આપીલ) આવે તે તપાસવી અને તે ઉપર છેલ્લો ચુકાદો કરી આપવો. આપણા દેશની હાઇ કોરટના ચુકાદાની સામે "આપીલ" કરવી હોય તો આ પ્રિવિ-કૌન્સીલની જુડિશીયળ કમીટીને કરવી જોઇએ.

ઇનસાફની ગોઠવણ.

ઇંગ્લંડનાં રાજની મોટી ખુબી તેના ઇનસાફમાં છે. અમીર તથા ફકીરને, અથવા શ્રીમંત તથા ભિખારીને સરખો ઇનસાફ મળેછે. સરખો ઇનસાફ મળેછે એટલુંજ નહી પણ ઘણુંકરીને વાજબી અને ખરો ઇનસાફ મળેછે. ઇનસાફ કરનાર ન્યાય શાસ્ત્રમાં પુરવીણ હોયછે

તે છતાં જુરી અથવા પંચનો વિચાર લઈને જડજ ચુકાદો કરેછે. ફોજદારીમાંજ જુરી અથવા પંચ બેસેછે એમજ નથી પણ દિવાની કામમાં પણ જુરી બેસેછે. ઇંગ્રેજી ઇનસાફની મોટી ચુખી જુરી અથવા પંચ મેળવીને ઇનસાફ કરવામાં છે.

વિલાયતમાં મોટામાંમોટી અદાલત કોરટ ઑવ કિંગ અથવા કુવીન બેન્ચ કેહેવાયછે. તેથી ઉતરતી અદાલત કોરટ-ઑવ-કૉમન-પ્લીઝ તથા કોરટ ઑવ એકસચેકર ગણાયછે. કોરટ-ઑવ-ચાનસરી એકવીટી એટલે ભાગલાગના કજીયા ચુકવેછે. કોરટ-ઑવ-આસાઈઝ છે તે પરગણાઓમાં વરસમાં એકાદ બે વખત ફરવા નિસરેછે અને ફોજદારી કજીઆઓનો ચુકાદો કરેછે. બીજી કોરટો ઘણી છે. પરણેલ જોડાંના છુટાછેડા કરવાની કોરટમાં અરજી કરનાર વ્યભિચાર સાબેત કરે તો કોરટ છુટાછેડા કરવાનું હોકમનામું કરી આપેછે.

મોટી કોરટ લંડન મધે પાર્લામેંટનાં મકાનમાંજ બેસેછે. ઉપર કહ્યું કે મોટી કોરટ કિંગ અથવા કુવીન બેન્ચની કેહેવાયછે પણ એ કોરટની સામે આપીલ કરવી હોય તો પાર્લામેંટમધે અમીરોની સભામાં થઈ શકેછે. વળી મોટા રાજ્યાધિકારી અથવા અમીરના અપરાધનો ન્યાય કોરટ-ઑવ-કિંગ (અથવા કુવીન) બેન્ચ કરી શકે નહી; તેથી તેનો ન્યાય પાર્લામેંટમધે અમીરોની સભા કરેછે.

પ્રકરણ ૧૨.

વિલાયતનાં ગામોમાં મુસાફરી.

લંડનથી મુંબઈ આવતાં પેહેલાં ઇંગ્લંડ તથા સ્કૉટલંડનાં કેટલાંએક શેહેરો તથા ગામો જોવાની તથા કેટલાંએક કારખાનાં જોવાની તથા એ દેશનાં ખેતરો, ડુંગરો અને સરોવરોનો દેખાવ જોવાની મને ઘણી હોંસ હતી. તે હોંસ બધેતેટલી પુરી પાડવાને હું જુલાઇ મહિનામાં એટલે ભર ઉનાળાની ઋતુમાં વિલાયતનાં કેટલાંએક શેહેરો તથા ગામોમાં મુસાફરી કરવાને નિકળ્યો હતો.

વિલાયતમાં મુસાફરી કરવાની આ સઉથી સરસ ઋતુ ગણાય છે, ને એ ઋતુમાં મુસાફરી માટે વિલાયતનાં ઘણાં લોકો બાહાર નિસરેછે. વિલાયતમાં મુસાફરી કરવાનું બહુ સેહેલું છે; કેમકે ઘણુંકરીને ગામેગામ રેલવેની સડક ઉપર આગની ગાડી દોડેછે, ને ઠામેઠામ મુસાફરોને ઉતરવા માટે રાજમેહેલ જેવાં સુંદર મકાનો છે. આવી મુસાફરી કરતાં અનેક ગૃહસ્થોની સંગત તથા ઓળખાણ થાયછે અને તેઓના કેટલાએક ગુણ ને દોષ જાણવાની જોગવાઇ મળેછે.

હાર્ટફોર્ડ.

આ ગામમાં ઑસ્ટીન નામે એક પ્રખ્યાત છાપાખાનાંવાળાને હું મળવા ગયો હતો. આ ઘણી ઘણું સુંદર છાપેછે ને સંસ્કૃત, જંદ અને ફારસી વગેરે પૂર્વ દેશોની ભાષાનાં કેટલાંક પુસ્તકો ઘણીજ સુંદર રીતે છાપ્યાથી એ ગૃહસ્થને ઇંગ્લંડની મહારાણી તરફથી તથા ફ્રાન્સના શેનરાહા તરફથી ચાંદનું ઈનામ મળ્યુંછે. એ ગૃહસ્થને મેં એક પુસ્તક (મહારાજાનો ઇતિહાસ) અંગ્રેજીમાં છાપવાને આપ્યો હતો, તે સંબંધી તેની મુલાકાત કરવાને હું ગયો હતો. એ ગૃહસ્થનું છાપખાનું જોવા કરતાં તેનું મોટું કુટુંબ ને તે કુટુંબની પરોણાગત જોઈ હું વધારે ખુશી થયો હતો.

આ ગામમાં લંડનથી આસરે એક કલાકમાં જઈ પોંહોંચાય છે. એમાં ઝાઝું જોવાજોગ નથી. હેલીબરિ કૉલિજ–જેમાં આપણા દેશની "સિવિલ–સરવિસ" એટલે સનદવાળી સરકારી ચાકરી કરવાને વિદ્યાર્થીઓ તઇયાર થાયછે–તે પ્રખ્યાત પાઠશાળા આ ગામમાં છે. આપણા દેશ ઉપર અમલ ચલાવનાર ઘણાખરા અમલદારો આ પાઠશાળામાંથી પાસ થઇને તથા સનદ મેળવીને આવેછે. હાઇટ ફ્રેર્ડમાં હું આસરે ૭ કલાક ખોટી થયો તેમાંનો ઘણોખરો વખત છાપનારનાં કુટુંબમાં તથા તેનાં છાપાખાનાંમાં મેં કાઢ્યો હતો.

માનચેસ્ટર.

સુતર તથા કાપડનાં કારખાનાંઓનું આ મોટું અને મુખ્ય શહેર કેહેવાયછે. લંડનથી નિકળેલો આસરે ૭ કલાકમાં હું આ શહેરમાં જઈ પોંહોચ્યો હતો. લંડનથી તે ૧૮૨ માઇલ થાયછે. આ શહેરમાં માલની વખારોની ઘણી ઉંચી અને સુંદર ઇમારતો છે. ચારચાર કે પાંચપાંચ માળની આ ઇમારતો છે ને તે બાંધવામાં લાખો રૂપીયા ખરચાયા હશે. રસ્તા તથા ચોક તથા કેટલાંએક મકાનો તથા દેવળોની ખુબસુરતીમાં કંઈ મણા કે કસર નથી.

જેમ્સ વૉટ.

માનચેસ્ટરના કેટલાએક સરીયામ રસ્તાઉપર કેટલાએક પ્રખ્યાત પુરુષોનાં પુતળાં છે. જે મહાપુરુષની બુદ્ધિ તથા શોધથી માનચેસ્ટરની મોટાઈ વધી છે તેનું પુતળું સરીયામ જગ્યામાં અલબત હોવું જ જોઈએ. જે જગ્યાએ આ પુરુષ—(જેમ્સ વૉટ)નું પુતળું છે તે જગ્યા ઘણી ખીરાજેછે. આ પુરુષે કરાળયંત્રની શોધ કરી હતી. તે શોધનું ફળ માનચેસ્ટર તથા તેની આસપાસનાં ગામોના લોકોએ જેવું મેળવ્યુંછે તેવું ફળ દુનિયાના થોડાજ લોકોએ મેળવ્યું હશે.

સુતરનું યંત્ર.

માનચેસ્ટરમાં પેહેલ વેહેલાં સુતરનું કારખાનું જોવા ગયો. મુંબઈમાં એવું કારખાનું જોયું હતું તેમાં અને આમાં કંઈ ઝાઝો ફેર ન હતો. તેછતાં નાહાની નાહાની છોકરીઓ ઝડપથી કામ કરતી હતી તે તથા કારખાનાંનો કારભાર જોઈને તથા કારખાનાંના માલિકની સભ્યતા તથા ભલાઈ જોઈને હું ઘણો પ્રસન્ન થયો હતો.

માનચેસ્ટરના વેપારીઓ તથા કારખાનાંવાળાઓ મોટા શ્રીમંત તથા આસામીઓ કેહેવાયછે. જેટલું ધન માનચેસ્ટર તથા તેની આસપાસનાં ગામોમાં છે તેટલું ધન તેટલાજ વિસ્તારની જગ્યામાં કોઈ ઠેકાણે નહી હશે. મોટાં મોટાં કારખાનાંઓના માલિક એકએક બબે કે ચારચાર આસામીઓ હોયછે; આવાં કારખાનાં ઉભાં કરવાને તથા ચલાવવાને આપણા દેશની પેઠે કંપનીઓની આ ઠેકાણે ઝાઝી જરૂર નથી. કારખાનાંઓની ઇમારત તથા તેમાનાં યંત્ર કામમાં અરે કેટલું બધું ધન રોકાયું હશે! અહીંના વેપારીઓ લાખો રૂપીયાના સોદા તથા લેવડદેવડ કરેછે પણ કંઈ ધોંધાટ કે ગડબડ તમે જોશો નહી. આપણા દેશમાં ગમેતેવો નાહાનો સોદો કરતી વેળા પણ કેટલીબધી ટકટક અને ખેંચાખેંચ ચાલેછે! આવો દેખાવ ગમેતેવા મોટા સોદામાં પણ અહીં જણાતો નથી.

માનચેસ્ટરનું શેહેર લંકિશાયર પરગણામાં છે. આ પરગણામાં સુતર તથા કાપડનાં ઓછાંમાં ઓછાં ૧૦૦૦ કારખાનાં હશે, તેમાં બધાં મળીને દસ લાખ સાળ (Looms) તથા બે કરોડ યાતી (Spindles) છે અને તેમાં ૩ લાખ મજુરો કામે લાગેલાંછે! આ કારખાનાંઓને માટે

અમેરિકાથી ૨૦ લાખ ગાંસડી દર વરસ પુરી પડતી તે જ્યારે ત્યાંની લહડાઈ બંધ પડી ત્યારે આમાંના ઘણાંખરાં કારખાનાં બંધ પડ્યાં હતાં અને મજુરોની રોજી પણ બંધ થઈ હતી. તેઓને માટે "લાંકેશાયર રિલિફ ફંડ" આપણા દેશમાં ઉઘું કરવું હતું તે તમે ભુલી ગયા નહી હશો. હું આ કારખાનાં જોવા ગયો હતો ત્યારે બંધ પડેલાં કારખાનાં ઘણાંખરાં ચાલુ થયાં હતાં. કાપડ તથા ઉનનાં કારખાનાં જોવાને માનચેસ્ટરની પડોસમાં રૉચડેલ નામનું એક નાહાનું પણ રૂડું ગામ છે ત્યાં હું ગયો.

રૉચડેલ.

આ ગામ માનચેસ્ટરની પાસેજ છે; અને તેમાં સુતર, કાપડ તથા ઉન વગેરેનાં ઘણાં કારખાનાં છે. માનચેસ્ટરથી ત્રીસ માઈલ સુધી ચારે દિશામ્યે એટલાં બધાં કારખાનાં છે કે જ્યાં જોશો ત્યાં લાંબી ભુંગળી (ચિમ્નીઓ) આકસમાં ગઈ હોય એમ લાગેછે. માનચેસ્ટરથી રેલવેમાં બેસીને રૉચડેલ એક કલાકની અંદર જવાયછે. લંડનથી મારા એક મિત્ર મી૦ એસ ગ્રામે રૉચડેલના મેયર એટલે તે ગામના મુખ્ય અમલદાર ઉપર ઓળખાણપત્ર આપ્યો હતો તે લઈને હું એ ગામમાં પેહેલ વેહેલો મેયરને ઘેર ગયો.

આહા! આ મેયરનાં કુટુંબની હું શી ભલાઈ કહું! આખાં કુટુંબે મારી બરદાસ કરી તે મારાથી કદી ભુલાશે નહી. મેયર પોતે ઘરમાં નહી હતો પણ તેનો જુવાન પુત્ર મળ્યો. એ મેયરનું પોતાનું કારખાનું હતું તે મને પ્રથમ દેખાડ્યું. પછી પોતાનું કામ પડતું મુકી ગાડી મંગાવીને બીજાં કારખાનાં દેખાડવાને મને લઈ ગયો. આ મેહેનત લેવામાં કંટાળો ઉપજવાને બદલે તેને ઘણી ખુશી ઉપજી હતી. તે ઘણી પ્રીતિ તથા મમતાથી મારી સાથે વાત કરતો હતો અને આપણા દેશને લગતી કેટલીએક વાત જાણી તે ખુશી તથા અજબ થતો હતો.

ઉનનાં કાપડનું કારખાનું દેખાડ્યા પછી તે મને કાપડનું કારખાનું

દેખાડવા લઈ ગયો. એણે મને જણાવ્યું કે આ કારખાનાંના માલિક મજુરો છે. કારખાનાંઓમાં કામ કરનારા મજુરોએ પોતાના ઉદ્યોગ અને કસરથી જે નાણું એકઠું કરેલું હતું તેમાંથી તેઓએ પોતપોતાની શક્તિ પ્રમાણે શેર ભરીને મોટી થાપણ ઉભી કરી અને કારખાનું કાઢ્યું. તેઓ ધણુંકરીને પોતાનાજ કારખાનામાં મજુરી કરેછે. પોતાનું કામ સમજીને ઘણી ઉલટથી મેહનત કરેછે; ને તેથી તેઓને લાભ પણ ઘણો થાયછે.



કાપડનું યંત્ર.

પછી આ ભલો ગૃહસ્થ મને ગાલિચા બનાવવાનું કારખાનું દેખાડવા લઈ ગયો. એ કારખાનું પાર્લામેંટના એક પ્રખ્યાત અધિકારીનું હતું. પણ અમે ગયાં તે વેળા આ કારખાનું બંધ હતું. તે છતાં તેના મેનેજરે એ કારખનાંમાં તયાર થયલા કેટલાએક ગાલીચા મને દેખાડ્યા. તે કેમ બનતા હશે એ જોવાને હું વધારે આતુર હતો પણ આ ગામમાં મારી આ આતુરતા પુરી પડી નહી. તેટલામાં ફુંગાનો (અથવા લંચનનો) વખત થયો તેથી મને પાછો પોતાને ઘેર તેડી ગયો. આખું કુટુંબ ફુંગો કરવા બેઠું. તેઓની રીતભાત, નમ્રતાઈ અને ભલાઈ જોઈને હું બહુજ આનંદ પામ્યો.

આપણા દેશને લગતી કેટલીએક વાત સાંભળી આખાં કુટુંબને ખુશી તથા અચરતી ઉપજતી હતી. આપણા દેશના જાતીભેદ સંબંધી વાત નિકળી અને એક જાતનાં લોક બીજી જાતનાં હાથનું રાંધેલું કે અડકેલું જમી શકે નહી તે સાંભળી તેઓ બહુજ અચરત પામ્યા હતા. જનાવરના ખોરાક સંબંધી વાત નિકળતાં તેઓ અજબ થયા કે તમે અમારા દેશમાં એ વગર કેમ રહી શકતા હશો!

મેં કહ્યું કે હું રહી શકું છઉં. મને એ ખોરાક મુદ્દલ પસંદ નથી. કોઈ જનાવરનાં શરીરના જુદા જુદા ભાગ કાપીને ખાવા એ વિચારથીજ મને કંટાળો ઉપજેછે. તેઓએ કહ્યું કે એમાં કંટાળો શાનો? મેં જણાવ્યું કે ફ્રેંચ લોક દેડકાને ખાઈને ઘણા સ્વાદથી ખાયછે પણ ઘણાખરા ઇંગ્રેજોને એ પકવાનથી કંટાળો ઉપજેછે. દેડકાનું નામજ સાંભળતાં એ કુટુંબની મુખ્ય ધણીઆણીને એટલો તો કંટાળો છુટ્યો કે તેનાંથી પછી ખવાયુંજ નહી.

હું મારા અવિવેકને માટે જરા દલગીર થયો પણ મારાં કેહેવાની સાથેતી તરતજ મળી તેથી આખું કુટુંબ મોટી ખુશીમાં આવીને હસવા માંડયું અને મને "થ્રેવો! થ્રેવો!" કરીને સાબાસી આપી. લેડીનું મન કચવાયું હશે એમ સમજીને મેં માફ માગી પણ તે ભલી સ્ત્રી પોતે બોલી કે તેની જરાય ચિંતા કરશો ના. મારૂં મન મુદ્દલ કચવાયું નથી પણ હવે હું સેહેલાઇથી સમજી શકું છઉં કે તમને બચપણથી જનાવરના ખોરાકનો કંટાળો હશે તે કંટાળો ઘણોજ મજબુત હશે.

ત્યારપછી આ જુવાન મેયરે પોતાનાં કારખાનાંને લગતી નિરાળ મને દેખાડી. કારખાનાંમાં કામ કરનાર મજુરનાં છોકરાંઓને એકએક કલાક આ નિરાળમાં કેળવણી મળેછે. તેનાં બોલવા ઉપરથી માલમ પડ્યું કે તે તથા તેનો ભલો પિતા કેળવણી વગેરે દેશ સુધારામાં ઘણી હોંસ તથા ઉલટ રાખેછે. ત્યાંથી તે મને ગ્યાસનું કારખાનું દેખાડવા લઈ ગયો. તે બધું દેખાડ્યા તથા સમજાવ્યા પછી સાંજ પડી ગઈ અને માનચેસ્ટર તરફ જવાનો વખત થયો.

આ ભલો ગૃહસ્થ મને ઠેઠ રેલવેનાં સ્ટેશન સુધી મુકવાને આવ્યો અને ગાડી ઉપડી ત્યાંસુધી બોટી થયો. આખો દાહાડો કયાબમાં બેસીને ગામમાં અમે ફર્યા તેનું ભાડું મને હરગીસ આપવા દીધુંજ નહી; તેણે પોતે આપ્યું. એનું નામ "આરાવર્થ" હતું. તેની પરોણાગત હું કદી ભુલીશ નહી. મેયર એટલે ગામનો સઉથી મોટો અમલદાર અને માજીસ્ત્રેટ હોવા છતાં તેનાં આખાં કુટુંબની ભ-

લાઈ અને સલુકાઈ વિસરાય તેવી નથી. રૉચડેલથી હું પાછો માન-ચેસ્ટર આવ્યો અને ત્યાં એક દાહાડો વધારે રહીને લિવરપુલ ગયો.

લિવરપુલ.

આ શહેર માનચેસ્ટરથી ૩૬ માઇલ છે ત્યાં પોંહોચતાં આસરે સવા કલાક લાગ્યો. લંડનથી લિવરપુલ ૨૦૪ માઇલ થાય. આ શહેર વેપારનું મુખ્ય અને પ્રખ્યાત મથક છે. એની ગોદી તથા એનું બંદર જોવાજોગ છે. ગોદી એવડી મોટી કે જાણે મોટાં મોટાં વાહા-ણોની વખાર હોય. માલની વખારો બંદરની પાસે હતી તે જોવામાં આવી. તે બહુજ મોટી હતી. લિવરપુલમાં આસરે ત્રીસથી વધારે ગોદી છે; તેની પેદાસ દરવરસ ૨૫ લાખ રૂપીયા ઉપજે છે. એમાં ૧૫૦૦ મોટાં વાહાણનો સમાસ થઈ શકે.[1] હું જે દાહાડે લિવરપુલમાં પોંહોચ્યો તેને વળતે દાહાડે સવારના તેનાં બારાંમાંથી "ગ્રેટ ઈસ્ટરણ" નામની સઉથી મોટી અને પ્રખ્યાત આગબોટ અમેરિકા તરફ ઉપડ-નાર હતી. એ આગબોટ જોવાની મને ઘણી હોંસ હતી. તેથી જે પેહેડી સાથે મારો સંબંધ હતો તે પેહેડીનું માણસ લઇને સવાર પડતાં એ જોવાને ગયો.

પણ અમે તેની પાસે ગયા તેવામાં તો તેનું લંગર ઉપડ્યું અને તે ચલાવા માંડી. એથી મારાં મનમાં જરા ખેદ થયો ખરો, તે છતાં તે મોટી આગબોટનો બાહારનો દેખાવ મારી નજરે પડ્યો, તેથી મને કંઈ થોડી ખુશી ઉપજી નહોતી. આ મોટી આગબોટ આગળ બીજી આગબોટ નાહના મછવા જેવી લાગતી હતી. તેનું મોટું કદ જોઇને હું બહુજ અચરત પામ્યો. માહે જઇને જોઇ હોત તો હું વધારે અચ-રત થાત. આ આગબોટ એટલી બધી મોટી છે કે તેમાં કેહેછે એક છેડથી બીજા છેડા સુધી કામ કાજના સંધેરા વિજળીના તારમાં ચલેછે. જ્યાંસુધી મારી નજર રહી ત્યાંસુધી મેં નિરખી નિરખીને દૂરથી તેની ચાલ જોયા કીધી. પછી બંદરનો અને ગોદીનો દેખાવ સારીપેઠે જોયો.

[1] Bradshaw's Manufacturing Districts.



'રોયલ ડ્યુક' પ્રિન્સ ફ્રેડરિક વિલિયમ નિકોલસ ચાર્લ્સ

ત્યાંની એક્સચેંજ એટલે વેપારીઓને મળવાની ઈમારત જોવા હું ત્યારે ગયો ત્યારે વચોવચ એક પાંજરામાં એક મુખ્ય દલાલ અથવા લીલામ પોકારનાર ઉભો રહીને રેલવે વગેરેની કંપનીઓના શેરોનું લીલામ કરતો હતો. તેની આસપાસ ઘણા દલાલો એકઠા થયા હતા. ત્યાંની ટૌનહાલ પણ મેં જોઈ. "જૉરજીઅ હૉલ" નામની ઘણીજ સુંદર ઇમારત પણ જોઈ. તે બાંધવાનો ખરચ ૨૫ લાખ રૂપીયા કેહેવાયછે. આ ઈમારત ચારસો ફૂટ લાંબી છે; ને તેના સ્તંભ ૫૦ પચાસ ફૂટ ઉંચા છે. વાહાણના ખલાસીઓને માટે સેલરહોમ બાંધ્યુંછે તેમાં આસરે ૬૦૦ ખલાસીઓ ઉતરે તેટલો સમાસ છે. લિવરપુલમાં આંધલાઓને માટે તથા બેહરાં અને મુંગાંઓને માટે નિરાળો છે. આ નિરાળો જોવા જવાનું મારાથી બન્યું નહી.

સાંજના એક નાટકશાળામાં હું ગયો હતો અને નાટક જોઈ હું બહુ પ્રસન્ન થયો હતો. એક મિત્રે પોતાના મિત્રનો જીવ બચાવવાને પોતાનો જીવ આપ્યો એ દેખાવ દિલમાં લાગે તેવો હતો. અરે આપણા દેશમાં એવા મિત્રો કાં છે કે જેઓ પોતાના મિત્રને માટે પોતાનો વાહાલો જીવ આપે! અરે જે મિત્રો નાતજાતની બિહિકથી અલગાને અલગા રેહે તેઓ પોતાના મિત્રને માટે જીવ શું આપવાના હતા? ઉપલા નાટકનો દેખાવ મને જ્યારેત્યારે યાદ આવેછે. એ નાટક કલ્પીત નહોતું પણ બનેલા બનાવ ઉપરથીજ હતું. લિવરપુલમાં માત્ર ત્રણ દાહાડા રહી એડિનબરો તરફ હું નિકળ્યો.

સેંટહિલન્સ.

લિવરપુલથી એડિનબરો જતાં રસ્તામાં "સેંટહિલન્સ" નામનું ગામ આવેછે. એ ગામમાં કાચનાં તથા ધાતુનાં મોટાં કારખાંનાં છે એમ સાંભળીને હું એ સ્ટેશન આગળ ઉતરી પડ્યો હતો. સ્ટેશન આગળથી ગામ આસરે ત્રણ માઇલ વેગળું હોવાને લીધે રેલવેની બીજી સડક ઉપર આગની ગાડીમાં બેસીને હું આ ગામમાં ગયો. આ ગામ દેખાવમાં રૂડું નથી પણ તેમાં મોટાં કારખાનાં છે. જેના ઉપર

ઓળખાણપત્ર હતું તે ધણી ન મળ્યો તેથી નિરાશ થઇ હું પાછો ફરતો હતો તેવામાં એક ગૃહસ્થ રસ્તામાં મળ્યો. તેને મેં મારી ઇચ્છા જણાવી કે તરત તે ભલો ગૃહસ્થ કારખાનું દેખાડવા મને લઈ ગયો.



ભઠ્ઠી.

પણ કંઈ કારણથી તે દહાડે કાચનું કારખાનું બંધ હતું તેથી તે મને ધાતુ ગાળવાનું એક મોટું કારખાનું જોવાને લઈ ગયો. તે કારખાનું જોઈ હું ઘણો ખુશી તથા અજબ થયો. લોહેાનું ગાળવાની મોટી ને ઉંચી ભઠ્ઠી હતી. કચરામાંથી ધાતુ કેમ કાહાડેછે તેની જુદી જુદી ક્રિયા મને સમજાવી. તે બધું આ પુસ્તકમાં વિસ્તારીને કહી શકાય તેમ નથી. એ કારખાનાંના માલિકનો તથા આ અણજાણ્યા ભલા ગૃહસ્થનો ઉપકાર માની હું પાછો પેલાં સ્ટેશન ઉપર ગયો ને બીજી ત્રેન આવી તેમાં બેસી એડિનબરો તરફ રવાના થયો.

એડિનબરો.

સેંટહિલન્સથી સમી સાંજના નિકળેલો મોડી રાતના એડીનબરોમાં જઇ પોંહોચ્યો. જે હૉટેલમાં મેં ઉતારો કર્યો તે હૉટેલ સુંદર હતું અને એડિનબરોના સઉથી સરસ મોહલ્લામાં હતું. સવારના ઉઠીને બારીનો પડદો ઉઘાડી જોઉં છઉં તો આહા! કેવો સુંદર દેખાવ મારી નજરે પડ્યો! એકતો એડિનબરોનું શેહેર આખા યુનાઇટેડ કિંગડમમાં ખુબસુરત અને સોહામણું કેહેવાયછે અને જે મોહલ્લામાં હું ઉતર્યો હતો તે મોહલ્લો સઉથી સરસ ગણાયછે. એટલામાટે મારી આંખને જે આનંદ ઉપજ્યો તેમાં પુછવું શું?

આ મોહલ્લો "પ્રિન્સેસ સ્ક્વીટ" નામે ઓળખાયછે. કપડાં પેહેરી કરી તથા નાસ્તો કરી કારવી નીચે ઉતર્યો ત્યારે આ મોહલ્લાનો દેખાવ ખરેખર ખુબસુરત લાગ્યો. રસ્તો ઘણો પોહોળો અને ઘણો

એડિનબરો–પ્રિનસેસ બાગનો સુંદર દેખાવ.

(૪)



સ્વચ્છ એટલુંજ નહી પણ અમારાં મકાનની સામે રસ્તાની કોરતરફ ઉંડાણમાં એક સુંદર બગીચો અને તેમાં એક સુંદર મિનારો. એ ઉંચો મિનારો કોનો હશે? સર વૉલટર-સ્કૉટ જેની કવિતા ઇંગ્રેજી વિદ્યાર્થીઓ મોટા પ્રેમથી અને રસથી વાંચેછે અને જે ઈ૰ સ૰ ૧૮૩૨ માં મરણ પામ્યો તે પ્રખ્યાત કવિની યાદગારી માટે આવો સુંદર મિનારો બાંધ્યોછે. સામે બે સુંદર ઇમારતો છે. એક ન્યારાનલ ગ્યાલરી ને બીજી રૉયલ ઇન્સ્ટીટ્યુટ. તેની પછવાડે એક ઉંચા ટેકડા ઉપર એડિંબરોનો કિલ્લો બિરાજેછે. આ બધો દેખાવ ઇજેને હું બહુજ પ્રસન્ન થયો તથા આનંદ પામ્યો.

પેહેલ વેહેલો હું કિલ્લો જોવાને તથા તે ઉપર ચઢીને શેહેરનો દેખાવ જોવાને ગયો. કિલ્લા ઉપર સિપાઈઓની ગાર્ડ હતી. તેઓનો પોશાક હાઈલંડરનો હતો. એટલે સ્કૉટલંડનો કેટલો એક પાહાડી ભાગ "હાઈલાંડ" નામથી ઓળખાયછે તે તરફના રેહેવાસીઓનો આ પોશાક કેહેવાયછે. આ પોશાકમાં પગના મોજાની ઉપરથી તે ગુડણ સુધીનો ભાગ ઉઘાડો રેહેછે. મહારાણી વિકટોરિયાને આ પોશાક પસંદ હોય એમ લાગેછે; કેમકે બે નાહાના રાજપુત્ર ઘણુંકરીને આવો પોશાક પેહેરેછે. કિલ્લાની ઉપર ચહડીને જોયું તો શેહેરનો ઘણો ખરો ભાગ સારીપેઠે દેખાયો. સવારનું પોહોર હતું એટલે દેખાવ ઘણો સુંદર અને રમણ્ય લાગતો હતો.

આ કિલ્લો જોઈ આવ્યા પછી જે ગૃહસ્થની ઉપર ઓળખાણપત્ર હું લાવ્યો હતો તે ગૃહસ્થને મળવા ગયો. તે મને જોઇ બહુ ખુશી થયો. તેણે મને સ્કૉટલંડનું ક્રીચર્ચ દેખાડ્યું. ત્યારપછી ત્યાના પ્રખ્યાત ડાકટર ગથ્રીને મળવા તે મને લઈગયો. આ ગૃહસ્થ જે ૧૮૬૫ માં મરણ પામ્યો તે વિલાયતમાં ઘણો પ્રસિદ્ધ હતો. અગત્ય કરીને એડિનબરોનાં

લોકો તેની પરોપકારબુદ્ધિમાટે તથા ઈશ્વરજ્ઞાન ને નીતિમાર્ગ સંબંધી તેનાં ભાષણમાટે તેની ઉપર મોહી પડ્યા હતા.

રવીવાર હતો તે છતાં તેણે મારી મુલાકાત લીધી. તે મને નામથી ઓલખતો હતો અને હું વિલાયત આવ્યો છઉં તેની પણ તેને ખબર હતી. તે મોટી ખુશીથી મને મળ્યો અને મારી સાથે આ પણા દેશ સંબંધી કેટલીએક વાતચિત કરી. તેણે મને કહ્યું કે તમે દસબાર દાહાડા આ શેહેરમાં રહો તો ઠીક. પણ ત્રણ દિવસ કરતાં વધારે મારે ખોટી થવાય એમ નહોતું. તે દાહાડે એ ગૃહસ્થ ભાષણ કરનાર હતો માટે મને કહ્યું કે તમે જરૂર આવજો. હું એનું ભાષણ સાંભળવાને બપોરે ગયો. દેવળ તમામ ભરાઈ ગયું હતું. જે દાહાડે એનું ભાષણ હોય તે દાહાડે લોકો એટલા ઉલટે કે તે સાંભળવાની અગાઉથી ચિઠ્ઠો મેળવી રાખે. આવા પુરુષનું ભાષણ સાંભળવાની મને જોગવાઇ મળી એ હું મારૂં ભાગ્ય સમજ્યો.

આહા! ભાષણ તે ખરેખર ભાષણજ હતું. તે જે કાંઇ બોલતો હતો તે ચોખ્ખું અને અસરકારક હતું. તે જે કાંઇ બોલતો તે તેનાં અંતઃકરણમાંથી અંતઃકરણના ઉભરા કાહાડીને બોલતો હતો. સાંભળનારનાં રૂંવેરૂંવાં ઉભાં થતાં એટલુંજ નહી પણ કેટલા-એકોની આંખોમાંથી આંસુની ધારા પડતી મેં જોઈ અને મારૂં દિલ પણ મીણ જેવું થઈ ગયું. આ સંસાર મિથ્યા છે ને મનુષ્ય માત્રે ઈશ્વર ઉપર પ્રીતિ અને ભક્તિ રાખવી જરૂર છે એમ સર્વનાં મનમાં રામબાણની પેઠે ઠસી ગયું.

સ્કૉટલંડમાં રવીવારનો દાહાડો ઇંગ્લંડ કરતાં વધારે પાળેછે. એ દાહાડે રેલવેની ગાડી પણ ચાલતી નથી ને ભાડુતી ગાડી ઘણી મળવી કઠણ. તેથી એ ભાષણ સાંભળ્યા પછી હું મારાં માકાનની સામેના બગીચામાં બે કલાક ફર્યો. વૉલટર-સ્કૉટનો મિનારો—સ્કૉટ-મૉન્યુમેંટ નામથી ઓળખાયછે તે નિરખી નિરખીને જોયો. તેનું બાંધ કામ ઘણુંજ તોફે છે. એ મિનારાને ઠેઠ મથાલે ચઢીને જોયું તો મોમેર દેખાવ ઘણોજ ખુબસુરત લાગ્યો. તે ૨૦૦ ફુટ

એડિનબરોનો જુનો રાજમહેલ–"હોલીરૂડ"

(૦)



ઉંચો છે ને તે બાંધવાનો ખરચ ૧૧। લાખ રૂપીઆનો થયોછે.[1] પછી મિનારા ઉપર જે લેખ હતો તે વાંચ્યો. આ સુંદર બાગમાં હું થોડીક વાર ફર્યો ને થોડીકવાર બેઠો અને તેમ કરતાં સાંજ પડી.

વળતે દાહાડે "હોલીરૂડ"નામનો જુના વખતનો રાજમહેલ જોવાને હું ગયો. મહેલની બાહાર એક ઘણોજ સુંદર ફુવારો ઉડેછે. જુના વખતનો કેટલોએક પાદશાહી સામન આ મહેલમાં જોવાજોગ છે. આ મહેલના કેટલાએક ઓરડા મેરી નામની સ્કૉટલંડની રાણીના વખતમાં જેવા હતા તેવાજ હમણાસુધી રેહેવા દીધાછે. 'મેરી રાણીનો સુવાનો ઓરડો જેવી હાલતમાં તેના છપરપલંગ તથા સામન સુધા હતો તેવીજ હાલતમાં અહીં તમે જોશો.

આ મહેલની પડોસમાં "આરથર-સીટ" નામની ઉંચી ને સુંદર ટેકડી છે. તે આસરે ૮૦૦ ફૂટ ઉંચી છે તે ઉપર ચહડીને જોયાથી આસપાસનો દેખાવ ઘણો રમણય અને સુંદર લાગેછે. હું એ ટેકડી ઉપર ચહડ્યો હતો અને ચોતરફ જે દેખાવ નજરે પડ્યો તેથી બહુ આનંદ પામ્યો હતો. એ ટેકડી તરફ જતાં એક ઘણોજ સુંદર રસ્તો આવેછે. તે "ક્વીન્સ ડ્રાઈવ" નામથી ઓળખાયછે.

ત્યાંથી નિકળીને યુનિવરસિટિને રસ્તેથી ગાડી લેવડાવી. યુનિવરસિટિ બંધ હતી પણ મ્હેલીકોર જઈને તેનું મ્યૂઝીયમ જોયું. મ્યૂઝીયમમાં "સ્ટફ" કરેલાં જનાવરોનો મોટો સંગ્રહ જોયો. બ્રિટિશ મ્યૂઝીયમ આગળ તો તે કંઈજ નહી; તે છતાં તેમાં કિંમતી સંગ્રહ હતો. આસરે હજાર જનાવરો હશે. તે ઉપરાંત ધાતુ તથા પત્થરોનો સંગ્રહ હતો તે જુદો. તેની પાસે પુસ્તકશાળા જોઈ. તેમાં એક લાખ પુસ્તકો છે. વિદ્યાર્થીઓના અભ્યાસના ઓરડા જોયા. આ યુનિવરસિટિમાં આસરે ૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરેછે.

એડિનબરોનું જુનું શેહેર મેં જોયું. જુનાં શેહેરનો ભાગ નવાં શેહેરથી જુદો પડી ગયોછે. જુનું તે જુનું; માટે દેખાવમાં સારું ક્યાંથી હોય? નવાં શેહેરમાં ઘણી રચનાથી-મોહોલ્લાઓ તથા ઓક

[1] Black's Guide to Scotland: p 21

રાખીને–પોરબંદર જેવા સપેત પથરનાં ઘર બાંધ્યાંછે. પારિસથી ઉતરતો દેખાવ આ ઇમારતોનો છે. પણ ઇંગ્લંડ તથા સ્કૉટલંડમાં આવું ખુબસુરત શેહેર બીજું એકે નથી. તેનાં ઘરો તથા રસ્તાની રચના સાથે કુદરતી રચના મળી ગઇછે. એડિનબરોની વસ્તી આસરે ૨૫ લાખની છે. એડિનબરોમાં ત્રણ દાહાડા રહી ગ્લાસગો તરફ જવાને હું નિકળ્યો.

ગ્લાસગો.

એડિનબરોથી નિકળેલો ૩॥ કલાકની અંદર હું ગ્લાસગોમાં પોંહોચ્યો. આ બે શેહેરો વચે માત્ર ૪૨ માઇલનો અંતર છે. લંડનથી આ શેહેર આસરે ૪૦૦ માઇલ થાય. આ શેહેરમાં હું માત્ર બે દાહાડા રહ્યો ને તેટલામાં જેટલું જોવાયું તેટલું જોઈ લીધું. આ શેહેરમાં સુતર, કાપડ, છીંટ, રૂમાલ, યંત્રકામ, કાચકામ તથા લોહોડાકામનાં કારખાનાં છે. તેમાંનાં સાત કે આઠ કારખાનાં મેં જોયાં. આ શેહેરમાં સુતરાઉ કાપડનાં બધાં કારખાનાંમાં મળીને ૩૦ હજાર સાળ (Looms) છે. આ શેહેરમાં મોટાં વાહાણો તથા મોટી આગબોટો બંધાયછે. વરસો વરસ બે થી ત્રણ કરોડ રૂપીયાની કિંમતનાં વાહાણ ગ્લાસગોમાં બંધાઈ તયાર થાયછે.

જે ગૃહસ્થની ઉપર ઓળખાણપત્ર લઈ ગયો હતો તેનો મેળાપ થયો નહી. તેથી મુંબઈનો એક યુરોપિયન વેપારી જેને હું નામથી ઓળખતો હતો અને જેનું ઠેકાણું હું જાણતો હતો તેને મળ્યો. તે ગૃહસ્થનો ત્યાનાં મોટાં કારખાનાવાળાઓ સાથે વગ નહોતો તેથી તે મને એક બીજા મોટા વેપારીને ત્યાં લઇ ગયો. તેની સાથે મને ઓળખાણ કરાવી. તે ગૃહસ્થે કારખાનાં જોવા વિષે મારી ઇચ્છા જાણી કે તરત તયાર થયો ને મને દોહોડ દાહાડામાં સાત કે આઠ કારખાનાં દેખાડ્યાં. મુખ્યવાળો ગૃહસ્થ તો તેને સોંપી ચાલતો થયો પણ આ ભલા ગૃહસ્થે પોતાનું કામકાજ છોડી જુદાંજુદાં કારખાનાં દેખાડવાને જે મેહેનત કરી તે હું કદી ભુલી જઈશ નહી.

પેહેલ વહેલું છીંટનું કારખાનું જોયું. તેમાં કપડાં ધોવાઇને કેમ તઇયાર થતાં હતાં અને તેના ઉપર જુદીજુદી ભાત કેમ પડતી હતી અને તે કેવીરીતે તરત સુકાઈ જતાં હતાં એ બધું મારી નજરે જોયું. છીંટ છાપવાને નવી નવી તરેહના નવા નવા ત્રાંબાના રોલર કોતરાઇને એક મોટા હૉલમાં તઇયાર થતા હતા ને તે તઇયાર કરવાને ઘણા કારીગરો કામે લાગ્યા હતા. આ બધા કારીગરોને મોટા પગાર મળેછે. તેમને જાથુક રાખીને નવી નવી તરેહ અને જુદી તઇયાર કરાવેછે. જુની તરેહ રદ પડેછે કેમકે જુની તરેહ ચાલુ રાખેતો માલનો ઝાજો ઉઠાવ થાય નહી. છાપવાનો જુદી જુદી તરેહનો રંગ તઇયાર થતો હતો. બીજું કારખાનું સુતરાઉ રૂમાલનું જોયું. તેમાં લાખો રૂમાલો છપાઇને તઇયાર થતા હતા.

ત્રીજું કારખાનું ધોતીયાંઓનું જોયું. તેમાં ધોતીયાંની કોરમાં ભાત કેમ વણાતી હતી તે જોવામાં આવ્યું. ચોથું કારખાનું રેશમી કાપડનું જોયું. પાંચમું કારખાનું ગાલિચાનું જોયું. તેમાં ઉનની તહેરે વણવાની જે ગોઠવણ તથા યુક્તિ કરીછે તે જરૂર જોવાજોગ અને અચરતી ઉપજાવનાર છે. છઠ્ઠું કારખાનું જામદાની અથવા સપેત કપડાંમાં સપેત ભાત પાડવાનું જોયું. સાતમું કારખાનું લોખંડનું યંત્રકામ બનાવવાનું જોયું. અને આઠમું કારખાનું કાચ બનાવવાનું જોયું.

આ કાચનું કારખાનું ઘણું મોટું હતું અને તેનો માલિક ઘણોજ ભલો હતો. તેણે કાચની ભઠ્ઠી દેખાડી. માણસો એ ભઠી આગળ ઉભા રહીને કાચનો ઉકળતો રસ એક લાંબી ભુંગળીને છેડે લઇને ફુંક મારીને તથા ફેરવીને જુદાજુદા આકાર કેમ આપેછે તે દેખાડ્યું. જુદાંજુદાં કાચકામની જુદીજુદી બનાવટ દેખાડી. કાચની ઉપર ભાત કેમ પડેછે અને જેવી જોઇએ તેવી જુઠી કે ભાત કેમ અપાયછે તે બધું ધિરજથી દેખાડ્યું, અને સમજાવ્યું. એક બે સાદાં ગ્લાસ ઉપર તરત ભાત પડાવીને તે મને ભેટ આપ્યાં. આ ગૃહસ્થની સભ્યતા, લાયકી અને ભલાઈ જોઇને હું બહુજ પ્રસન્ન થયો. આ તથા દેખાડવા આવનાર ગૃહસ્થનો આભાર જલદીથી ભુલાય તેવો નથી.



કાચનું કારખાનું.

આ બધાં કારખાનાંઓ નજરે જોયા વગર તેની સમજ આવવી કઠણ છે; તેટલામાટે હું વિસ્તાર કરીને વધારે લખવાની જરૂર જોતો નથી. ગ્લાસગો શેહેર "કલાઇડ" નદીને કાંઠે આવ્યુંછે. તે એડિનબરોનાં જેવું રૂડું નથી તે છતાં તે મોટું અને અગત્યનું શેહેર છે. દુનિયામાં કોઈ ઠેકાણે આગબોટ ચાલતી નહોતી ત્યારે પેહેલ વેહેલી આગબોટ આ શેહેરમાં કલાઇડ નદીની ઉપર ચાલી હતી. એ શેહેરમાં સઉથી સારી ઇમારત ત્યાંની "રૉયલ એક્સચેંજ" છે. એમાં મોટામોટા વેપારીઓ નિત્ય મળેછે. જેમ લંડનની એક્સચેંજ આગળ ડ્યુક ઑવ વેલિંગ્ટનનું ઘોડા ઉપર પુતળું છે તેમ આ એક્સચેંજ આગળ પણ છે. આ શેહેરની વસ્તી આસરે ૪ લાખ માણસની છે. એ શેહેરમાંથી સ્કૉટલંડનાં સરોવર તથા પાહાડ તથા જંગલનો દેખાવ જોવાને હું નિકળ્યો.

લૉખ લોમંડ સરોવર.

સ્કૉટલંડનાં સરોવર તથા પાહાડનો દેખાવ ઘણો વખણાયછે તે જોવાની મને ઘણી હોંસ હતી. આખા બ્રિટન દેશમાં સઉથી મોટું સરોવર લૉખ લોમંડ ગણાયછે. આ સરોવર તથા એક બીજું સરોવર—લૉખ કેટરાઇન જોઈને પાછા એડિનબરોમાં જવાની ટિકિટ મેં રેલવે સ્ટેશન ઉપરથી લીધી. ગ્લાસગોથી લૉખ લોમંડ ૨૦ માઈલ આધું છે. ગ્લાસગોથી રેલવેની ગાડીમાં બેસી મોટી સવારે હું નિકળ્યો તે એક કલાકમાં આ સરોવર આગળ આવી પોંહોચ્યો. આ સરોવર બાલક નામનાં ગામની પાસે છે. સરોવરને કાંઠે એક નાહાની આગબોટ તઈયાર હતી. એ આગબોટમાં હું બેઠો. આસરે પચીસ યુરોપીયનો એ આગબોટમાં મારા સાથી થયા. આગબોટમાં નાસ્તો તઈયાર હતો. જેઓની ખુશી હતી તેઓએ લીધો. પછી આગબોટ ઉપડી.

આહા! મીઠાં અને નિર્મળ પાણીનાં સરોવરમાં આગબોટ ચાલવા માંડી એટલે અમે કેટલા ખુશી થયા! આહા! આગબોટમાં કેવો આનંદ મચી ગયો અને સઉ કેવી ખુશીમાં આવી ગયા! જગા આગળ વધ્યા

એટલે પાણીનો કંઈ થાગ નહી. આહા! આ કેટલું મોટું સરોવર, તેની ચોમેર કેવા મોટા ડુંગર અને સરોવરમાં કેટલા નાહાના નાહાના ટાપુઓ! સ્વચ્છ પાણીમાં આગબોટ દોડે, જરા વારમાં કોઈ ટાપુ દેખાય, જરાવાર પાહાડ ઉપર નજર પડે, પાહાડ ઉપર લિલોતરી તથા ઝાડપાનની ઘટા દેખાય ને કોઈ કોઈ ઠેકાણે પાણીનો ધોત કે ઝરો વેહેતો જણાય. આવો અદ્‌ભૂત અને રમણ્ય દેખાવ મારી આંખે કોઈ વેળા પડ્યો નહોતો.

હવે જરાવારમાં વાદળ થઈ આવ્યું. આસપાસનો દેખાવ બદલાઇ ગયો. પાહાડ અને સરોવરનું રૂપ ફરી ગયું. એક ખુબસુરત સ્ત્રી જેમ પોતાના સણગારથી મોહો ઉપજાવેછે તેમ પાહાડ અને સરોવરે હવે સણગાર સજ્યો. પણ વરસાદ વગર સણગાર અધુરો હતો તે હવે પૂરો થયો. વરસાદનાં છુંદ પડવા માંડ્યાં. રૂપાળી નારની આંખ કાળા અંજણથી જેમ મોહની ઉપજવે તેમ કાળા વાદળથી પાહડની આંખ દીપવા માંડી. આ અદ્‌ભૂત દેખાવની ખુબસુરતી એટલી તો વધી ગઈ કે આંખ માંડીને તેની સામું જોવાય નહી. મોટું સરોવર, ઉંચા પાહાડ, સરોવરમાં નાહાનાં મોટાં બેટ, તે ઉપર ઝાડી અને ઝાડપાનની ઘટા, આકારામાં કાળું વાદળ અને ઝરમર ઝરમર વરસતો મેઘ–આ બધો દેખાવ મહા રળીઆમણો અને રમણ્ય થઈ પડ્યો.

આ સરોવર ૨૪ માઇલ લાંબું છે. કોઇ ઠેકાણેથી એક માઇલ અને કોઇ ઠેકાણેથી ૭ માઇલ પોહોળું છે. તેનાં પાણી ૨૦ વામ ઉંડાંછે; કોઈક ઠેકાણે ૧૦૦ વામ કરતાં વધારે હશે. આ સરોવરને અડખે પડખે ઉંચા ડુંગર છે તેમાં સઉથી ઉંચો પાંહાડ "બેન–લોમંડ" નામનો છે. તેની ઉંચાઇ ૩૦૦૦ ફૂટ કરતાં વધારે છે. આ સરોવરને એક કાંઠેથી બીજે લાંબે કાંઠે જતાં આસરે ત્રણ કલાક લાગ્યા. બીજે કાંઠે ઉતર્યા એટલે ઘોડાની ગાડીઓ અમને લેવાને તયારજ ઉભી હતી. જેમ જેને લાગ ફાવ્યો તેમ બધા બેસી ગયા. કેટલીએક મજલ કર્યાપછી બીજું સરોવર આવ્યું. ત્યાં અમે ગાડીમાંથી ઉતરી પડ્યા.

સરોવર પાસે બાલ્લ્ય ગામનો દેખાવ.

(૨)



BALLOCH.

લૉમ્બલોમંડ સરોવરનો કાંઠો.

(૭)



HEAD OF LOCH LOMOND.

LOCH LOMOND FROM MOUNT MISERY.

લૉખ્લોમંડ સરોવરનો દેખાવ.

(R)

લૉચ ક્યાટરાઈન સરોવરનો દેખાવ.

(૪)



BENVENUE & LOCH KATRINE FROM NEAR THE SILVER STRAND.

લૉખ્ખ ક્યાટરાઈન.

આ એ બીજાં સરોવરનું નામ હતું. એમાં પણ આગબોટ અમને લેવાને તયાર ઉભીજ હતી. પાણી મીઠાં, નિર્મળ અને સ્વચ્છ હતાં. એવાં આ સરોવરનાં નીર કે જાણે કાચ પાથર્યો હોય. કાંઠે ગાય તથા બળદ પાણી પીતાં હતાં અને માણસ ઉભાં હતાં તેઓનું પ્રતિબિંબ પાણીમાં સાફ પડતું હતું. અમારી આગબોટનું પ્રતિબિંબ પાણીમાં એવું તો સાફ દેખાતું હતું કે જાણે બીજી આગબોટ પાણીમાં તળીએથી ચાલતી હોય. આ વખત વરસાદ રહી ગયો હતો તે છતાં સરોવર તથા પાહાડનો દેખાવ મોટો અને અદભૂત લાગતો હતો.

લૉખ્ખ લોમંડથી આ સરોવર નાહાનું ખરૂં; પણ તેની ખુબસુરતી કંઈ ઓછી નહી હતી. ઉંચા પાહાડોની ટોંચ આકાસમાં જતી હોય એમ લાગતું હતું. રાક્ષસ જેવા આ પાહાડ હતા. ઉંચામાં ઉંચી ટોંચ "બેન-વિન્યુ" નામથી ઓળખાયછે. તેની ઉંચાઇ ૨૪૦૦ ફૂટની કેહેવાયછે. આ ઉંચા પાહાડની ઉંચી ટોંચ ઉપર જઈને આ સરોવરનો અને તેની આસપાસનો દેખાવ જોઉં એવી મારાં મનમાં હોંસ થઈ. આ સરોવરને બીજે કાંઠે ઉતરતાં આસરે ૧॥ કલાક થયો હશે. એટલોવારસુધી મારાં મનમાં આનંદના ઉભરા આવતા હતા. હું મારાં મનમાં બોલતો હતો કે મારૂં ધન્યભાગ કે આવી મહા યાત્રા થઈ. આ મહા "વન યાત્રા"નાં સરોવરનું "ગંગાજળ" ભરી લઉં એમ આ સરોવરનો કાંઠો છોડતાં મને લાગ્યું. અરે એ સરોવરનાં દર્શન ફરીથી ક્યારે થશે!

પાહાડ વચે બોનો તથા વનનો દેખાવ.

અમે સરોવરને કાંઠે આવી પોંહોચ્યા એટલે ત્યાંપણ અમારે વાસ્તે ગાડી તયાર હતી. તેમાં પણ અમને જેમ ફાવ્યું તેમ બેસી ગયા. ગાડીની બાહાર ઉંચી બેઠક ઉપર અમે બેઠા કેમકે હવે અમે પાહાડો વચેની બીણ અથવા બોમાં થઈને જનાર હતા; ને તેનો દેખાવ જોવાજોગ હતો. અમારી ગાડી ચાલી ને થોડા વખતમાં સરોવર

દેખાતું બંધ પડ્યું. અમે પાહાડની વચે એક ખોમાં તથા વનમાં પેઠા. તેવામાં મેઘરાજાએ પધરામણી કરી. ઝરમર ફરતો મેવળો વરસવા માંડ્યો. અમે તો ભીંજાઈને રસબોળ થઈ ગયા. વરસાદ તે ધૂમથી ઝાપટવા માંડ્યો ને અમારું કહ્યું માને નહી. મને ધાસ્તી હતી કે રબેને સરદી થઈ આવે.

પણ દુઃખ વગર મઝાનો રસ મિઠો લાગે નહી. વરસાદે અમને દુખી કરવા ખરા પણ આસપાસનો દેખાવ વરસાદની ઝાપટથી એવો તો રળીયામણો, રમણિય અને રસીક થઈ પડ્યો કે અમે સઉ આનંદની લેહેરમાં આવી ગયા. અમરા સોબતીઓમાંથી ધાણાખરા મોટે ધાટે ગીત ગાવા મંડી ગયા અને ઉંચા ને વાંકાચુંકા ડુંગરો વચેની ખીણમાં અને ઝાડપાનની ઘટામાં ખુશીના પોકાર થઇ રહ્યા. આ મોજનો મિઠો રસ એટલોતો મિઠો લાગ્યો કે તેનો સ્વાદ હજીસુધી મારી દાઢમાં રહી ગયોછે. આ ખીણ વિષે એક વખણાયલા કવિએ કવિતા કરીછે તેના બોલ બોલીને આ પાહાડ વચેની ખોને તથા વનને હું છેલ્લી સલામ કરૂં છઉંઃ–

"So wondrous wild, the whole might seem
The scenery of a fairy dream."

આ ખીણ તથા વન મુક્યા પછી એક હૉટેલમાં અમે ગયા. મારા પગ સરદીથી તાહાડા હીમ થઈ ગયા હતા. તરત મેં કપડાં બદલ્યાં. તાપણી તયારજ હતી. પણ એક તાપણીથી બધાનો સુકરવાર કેમ થાય? મારા બધા સાથીઓની મારા ઉપર મેહેરબાની માલમ પડી. તેમાએ તાપણી કરવાને મને સઉથી આગળ જગ્યા આપી. તાપણીના સેકથી જરા હુંફ વળી એટલે મને નિરાંત થઈ. આ મેહેરબાનીને માટે મેં મારા સોબતીઓનો ઉપકાર માન્યો. તેમાનો એક ભલો અને મુખ્ય ગૃહસ્થ બોલ્યો કે તમે પરદેશી છો માટે તમને અમે અમારા દેરાના પરોણા ગણીએ છઈએ. ત્યાંના ભલા ગૃહસ્થોનું આ ભલું આચરણ જોઇ હું બહુ ખુશી થયો. આસરે ૧॥ કલાક વિસામો લઈ અમે ત્યાંથી નિકળ્યા ને આગની ગાડીનાં સ્ટેશન આગળ જઈ પોંહોચ્યા.

સ્ટર્લિંગનો કિલ્લો.

(૧)



STIRLING CASTLE.

સ્ટર્લિંગ કયાસ્ટળ.

કયાલંડર નામનું એક ગામ મુક્યા પછી ૧૬ માઈલની મજલે ઇતિહાસમાં વખણાયલો કિલ્લો–સ્ટર્લિંગ કયાસ્ટલમાં અમે આસરે ૪૦ મિનિટમાં આવી પોંહોચ્યા. આ કિલ્લો જોવાને માટે અમે ઉતર્યા. પછી અમે આ કિલ્લા ઉપર ચહડ્યા. આ કિલ્લો જોવામાટે મારી સાથે માત્ર ત્રણજ સોબતી રહ્યા હતા ને બાકીનાઓ છેલ્લી સલામ કરી ચાલતા થયા. આ કીલ્લામાં હાઇલંડરનું લસ્કર હતું. એક હાઇલંડર બ્યાગપાઇપ વાજીંત્ર વગાડતો હતો. તેને અમે કહ્યું કે અમને કિલ્લો જોવાની ઇચ્છા છે. તેણે પોતાના એક સોબતીને અમારી સાથે ઉપર મોકલ્યો. તેણે અમને કિલ્લામાંનો મેહેલ દેખાડ્યો.

આ મેહેલમાં આગાઉના વખતના સ્કૉટલંડના કેટલાએક રાજાઓ રેહેતા હતા. કેટલાએક રાજાઓનો આ કિલ્લામાં જન્મ થયો હતો. "ડાઉગ્લાસ રૂમ" નામનો એક ઓરડો મેં જોયો. તે દેખાડનાર એક બાયડી હતી. તેણે એ ઓરડાને લગતો ટુંકામાં ઇતિયાહાસ કહી સંભળાવ્યો. તે એ કે બીજા જેમ્સ રાજાના વખતમાં ડાઉગ્લાસ નામનો એક અમીર હતો. તેણે રાજાની સત્તા તોડવાને એક ખત બનાવ્યું હતું. તે ઉપર તેણે સઈ કરી હતી તથા બીજા અમીરોની સઈ લીધી હતી. રાજાને ખબર પડવાથી આ કિલ્લામાં તેને વાત કરવા બોલાવ્યો. રાજા તેને આ ઓરડામાં લઇ ગયો અને તેને સમજાવ્યું કે મારી સામે થવાને તેં જે ખત ઉપર સઈ કરીછે તે રદ કર. અમીરે ના પાડી તેથી તેને તરત મારી નાખ્યો અને તેનું મુડદું બારીમાંથી ફેંકીને નાખી દીધું. એ ઉપરથી આ ઓરડાનું નામ "ડાઉગ્લાસ રૂમ" પડ્યુંછે.

પછી કિલ્લા ઉપરથી નીચેનો દેખાવ જોયો. આસપાસ મોટું મેદાન અને અરણ્ય દેખાતું હતું. તેનો દેખાવ ઉપરથી ઘણોજ સુંદર લાગ્યો. "ફ્રૈર્થ" નામની નદી સામે એતરમાંથી વેહેતી હતી તેથી આ દેખાવ વધારે દીપતો હતો. કેહેછે કે આ મેદાનમાં અસલના વખતમાં રાજાઓ

ઘોડાઓની મોટી રમત કરાવતા હતા. અમારો એક સોબતી જે જુવાન ફ્રેંચ હતો તે મારી સાથે ઉભો રહીને કિલ્લા ઉપરથી જોતો હતો તેની ટોપી પવનથી ઉડીને છેક નીચે ગઈ! અમારી સાથે દેખાડવા આવેલા હાઈલંડરે તે આણી આપી. અમે નીચે ઉતર્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. ત્યારે આગગાડીની બીજી ત્રેન આવી ત્યારે તેમાં બેસીને અમે પાછા એડિનબરો પોંહોચ્યા.

સ્કૉટલંડમાં ૧૫૦ માઇલની પ્રદક્ષણા કરીને બીજીવાર એડિનબરોમાં હું આવી પોંહોચ્યો. ત્યાં એક દાહાડો વિસામો લઈ બીજે દીને સાંજના રેલવેમાં બેઠો ને ત્રીજે દાહાડે દસ વાગતામાં ૪૦૦ માઇલની મજલ કરી લંડનમાં આવી પોંહોચ્યો. આ પ્રમાણે વિલાયતનાં ગામોમાં આવવા જવાની મળીને આસરે ૧૦૦૦ માઇલની મુસાફરી કરી. વધારે વખત અને વધારે જોગવાઈ હોત તો વધારે ગામોમાં જવાની અને તેમાંનાં બીજાં કારખાનાં અને ખેતરો જોવાની વધારે હોંસ હતી. ઈશ્વર કરશે તો એ હોંસ તથા યુરોપનાં બીજાં દેશો જોવાની તથા અમેરિકા જવાની હોંસ કોઈ વખત પુરી પડશે.

પ્રવાસનો છેડો.

અહીં હવે હું મારા પ્રવાસનો છેડો લાવું છઉં. વિલાયતનાં ગામોમાં મુસાફરી કરી આવ્યા પછી થોડા દાહાડામાં હું આપણા દેશમાં પાછો આવવાને નિકળ્યો. પારિસ, લાયન, માર્સેલ્સ, મૉલટા, કેરો અને આદન થઈને ઈ૰ સ૰ ૧૮૬૩ના સપટમ્બરની આખેરીએ મારી સ્વભૂમી–મુંબઈમાં હું પાછો આવી પોંહોચ્યો. ઈંગ્લંડની મહાયાત્રા કરીને સાત મહિનામાં મારે ઘેર આવ્યો. મારી ઈચ્છા અને ગોઠવણ ઈંગ્લંડમાં બે કે ત્રણ વરસ રેહેવાની હતી; પણ મને કેટલાંક વરસ થયાં છાતીનું દરદ હતું તેમાટે ઈંગ્લંડના ડાકટરની સલ્લાહાથી ત્યાંના શિયાળાની અગાઉ હું પાછો ફર્‌યો. આ ઠેકાણે જણાવવાની જરૂર છે કે વિલાયતમાં એકે વખત એ દરદ મને જણાયું નહોતું એટલુંજ નહી પણ ત્યારપછી એ દરદ મટી ગયલું જણાયછે; એ આ પ્રવાસથી એક મોટો લાભ થયોછે.

મારા પ્રવાસ વિષે લોકો ગમેતેમ બોલો પણ મને જે રૂડું અને ઠીક લાંગ્યું તે મેં કરયુંછે. આ બાબદમાં મારા ઉપર જે દુઃખ પડેછે તે હું ધિરજથી સહન કરું છઉં, પણ મને મોટામાં મોટો સંતોષ તો એજ છે કે હું એક મોટી અને રૂડી યાત્રા કરી આવ્યો છઉં. એ યાત્રાનાં સ્મરણથી મને મારાં દુઃખમાં જે સુખ ઉપજેછે તેમાં હું બહુ આનંદ પામું છઉં. હું ધારું છઉં કે જેમ દેશના બચાવની લહડાઈમાં–ગમેતેટલું લશ્કર છતાં–લહડાઈની પેહેલી હારમાં ઉભેલા સીપાઈઓ કપાઈ જવાજ અથવા ઘાયલ થવાજ જોઈએ, તેમ હરએક સુધારાનાં મોટાં કામમાં પેહેલ કાહાડનારાઓ ઉપર દુઃખ પડવુંજ જોઈએ. એ દુઃખમાં ભાગ લેવાને જ્યાંલગી સુધારાના સાથીઓ કે મિત્રો હિંમત પકડીને મેદાન પડશે નહી ત્યાંલગી આખી જાત કે આખી નાત પોતાની મેળે કોઈ પણ મોટા સુધારામાં સામેલ થઈ શકશે નહી. સુધારાનું કોઈપણ મોટું કામ આખી જાતનાં કે આખી

નાતનાં એક મતથી અને એક વિચારથી કોઈકાળે થઈ રાક્યું નથી અને હું ધારૂં છઉં કે કોઈકાળે થઈ રાકશે પણ નહી.

પેહેલ કાહાડનાર ઉપર જુલમ પડ્યાથી કંઈ સુધારો અટકશે નહી. વિલાયત જનાર પેહેલા થોડાએક ગૃહસ્થો ઉપર દુઃખ પડ્યાથી વિલાયતનો રસ્તો બંધ પડશે એમ તમે કદી માનશો ના. ભાઈ મહિપતરામ ઉપર આ બાબતમાં દુઃખ પડ્યું તે જોઈને જેમ હું અટક્યો નહી, તેમ મને જોઈને બીજાઓ અટકશે નહી એમ હું માનું છઉં. ઇંગ્રેજી કેળવણીથી ઇંગ્રેજી છુટાપણાંનો ખરો વિચાર જ્યારે આપણા દેશીઓમાં આવશે ત્યારે દરએક ગૃહસ્થને એમજ લાગશે કે;–"મેં મારૂં છુટાપણું મારી નાતને વેચ્યું નથી ને હું કંઈ તેમનો ગુલામ થયો નથી. જે કામ મને રૂડું અને જરૂરનું લાગ્યું તે કરવાથી મને કોઈ અટકાવે અથવા મારા હાથપગ બાંધી રાખે–તો તેવી સ્થિતિમાં રેહેવું તે કરતાં મરવું ભલું". છુટાપણાંનો આવો જુસ્સો જ્યારે આપણા દેશીઓમાં આવશે ત્યારેજ નાતનો જુલમ અને દસ્ત તૂટી જશે અને ત્યારેજ સુધારાના દરવાજા ઉઘાડા થશે. હું છેલ્લીવાર ફરીથી કહું છઉં કે મારા પ્રવાસ વિષે લોકો ગમેતેમ બોલો પણ તેનું ફળ રૂડુંજ નિપજશે એવી હું આશા રાખું છઉં. હો ઈશ્વર! તું આ આશા વેહેલી પુરી પાડ! અને મારા દેશીભાઇઓને નાતનાં બંધમાંથી જલદી છોડવ! તથાસ્તુ.

આ પુસ્તક

અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોનાં નામની યાદ.

અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોની યાદ.

મુંબઈ.	નંગ.
નામદાર ગવરનર સાહેબ સર બાર્ટલ ફ્રિયર	૧૦
સર જમશેદજી જીજીભાઈ બારોનેટ	૧૦૦
શેઠ પ્રેમચંદ રાયચંદ	૧૦૦
શેઠ કમલસી પ્રેમજી	૨૫
શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ	૧૦
શેઠ ખુરશેદજી નસરવાનજી કામાજી	૧૦
શેઠ સોરાબજી શાપુરજી	૧૦
શેઠ માણેકજી શાપુરજી કાકા	૧૦
શેઠ નવરોજી દોરાબજી બનાતવાળા	૧૦
શેઠ દાદી બેહરામજી	૧૦
શેઠ જીજીભાઈ જહાંગીરજી લામના	૧૦
શેઠ લીમજીભાઈ જમશેદજી બાટલીવોઈ	૧૦
શેઠ ભીમસી માણેક	૧૦
હાનરબલ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ	૭
શેઠ દોસાભાઈ ફરામજી કામાજી	૭
શેઠ વરજીવનદાસ તથા નરોતમદાસ માધવદાસ	૬
હાનરબલ શેઠ મંગલદાસ નથુભાઈ	૫
શેઠ વીનાયકરાવ જગનનાથજી શંકરશેઠ	૫
શેઠ મયાભાઈ પ્રેમાભાઈ	૫
શેઠ કરસનદાસ માધવદાસ	૫

આ પુસ્તક અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થાનાં નામ.

મુંબઈ.	નંગ.
શેઠ ધોસાભાઈ હોરમજજી કામાજી	૫
શેઠ પેસતનજી હોરમજજી કામાંજી	૫
શેઠ ખમનજી જીજીભાઈ	૫
શેઠ ગોકલદાસ તેજપાલ	૫
શેઠ કેસવજી નાયક	૫
શેઠ ભારમલ પરવત	૫
શેઠ જીવરાજ રતનસી	૫
શેઠ કલીઆણજી તથા વંદરાવનદાસ પુરશોતમદાસ	૫
રાવબાહાદુર રામચંદ્ર બાળકૃષ્ણજી	૫
ડાકટર આતમારામ પાંડુરંગ	૫
શેઠ મુલજી ડાકરસી	૫
શેઠ લખ્મીદાસ ખીમજી	૪
શેઠ મથુરાદાસ લવજી	૪
શેઠ હંસરાજ કરમસી	૩
શેઠ વીરચંદ દીપચંદ	૩
શેઠ દુવારકાંદાસ વસનજી	૨
શેઠ ખટાઉ મકનજી	૨
શેઠ મોરારજી ગોકલદાસ	૨
શેઠ પીતાંબરદાસ નાહાનાભાઈ	૨
શેઠ ત્રીકમજી વેલજી	૨
શેઠ નરસી કેસવજી	૨
શેઠ લખ્મસી શીવજી	૨
શેઠ હીરજી રતનસી	૨
શેઠ કરસનદાસ નેણસી	૨
શેઠ પ્રાણજીવનદાસ વાધજી	૨
શેઠ ખરશેદજી જમશેદજી નાયગામવાળા	૨
શેઠ પેસતનજી ખરશેદજી સરાફ	૨

આ પુસ્તક અગાઉથી ખરીદ કરનાર ગૃહસ્થોનાં નામ.

મુંબઈ.

	નંગ.
શેઠ દીનશાભાઈ નવરોજજી બનાતવાળા	૨
ડાકટર ફરામજી શાપુરજી	૨
શેઠ પીરભાઈ બાલકદીના	૨
રાવ બહાદુર વીનાયકરાવ વાસુદેવજી	૧
રાવ ગોવીંદજી બાળકૃષ્ણાજી	૧
શેઠ દોસાભાઈ ફરામજી આકટીંગ માજીસ્ટ્રેટ	૧
શેઠ દોસાભાઈ હોરમજજી પટેલ	૧
શેઠ અરદેશર ફરામજી મુસ	૧
શેઠ નાનાભાઈ રૂસતમજી રાણીના	૧
શેઠ નસરવાનજી ચાંદાભાઈ સીવીલ ઇજનેર	૧
શેઠ પાલણજી હોરમજજી કાપડીઆ	૧
શેઠ મનચેરજી પેસતનજી ચીજગર	૧
શેઠ બેજનજી મનચેરજી ઇજનેર	૧
શેઠ અરદેશર બરજોરજી વાછા	૧
શેઠ માણેકજી મનચેરજી શેઠના	૧
શેઠ રૂસતમજી બમનજી બનાતવાળા	૧
શેઠ કાવસજી ઉકરજી બરાસ	૫
શેઠ પેસતનજી નવરોજજી બરાસ	૧
શેઠ દોસાભાઈ ધનજીભાઈ દીનશાહા	૧
શેઠ હોરમજજી અરદેશરજી સંતોક	૧
શેઠ કાવસજી સોરાબજી પટેલ	૧
શેઠ બરજોદજી રૂસતમજી દાવર	૧
શેઠ સોરાબજી રૂસતમજી દાવર	૧
શેઠ માણેકજી જમસજી કાકા	૧
રાવ બ્રીજભુખણદાસ હરીભાઈ	૧
રાવ જમનાદાસ શીવકલાલ	૧
શેઠ દલપતરામ પ્રાણજીવન બબ્બર	૧

આ પુસ્તક અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોનાં નામ.

મુંબઈ.	નંગ
શેઠ દેવીદાસ પુરશોતમદાસ	૧
શેઠ માધવદાસ રઘનાથદાસ	૧
કવી નરમદાશંકર લાલશંકર	૧
શેઠ ગંગાદાસ કીશોરદાસ	૧
શેઠ પ્રાણલાલ મથુરાદાસ	૧
આજમ મનસુખરામ સુરજરામ	૧
આજમ રણછોડભાઈ ઉદયરામ	૧
શેઠ પ્રાગજી ભીમજી	૧
શેઠ પ્રાગજી લખમીદાસ	૧
શેઠ હરીદાસ ખીમજી	૧
શેઠ ઠાકરસી નારણજી	૧
શેઠ લીલાધર ઓધવજી	૧
શેઠ માધવદાસ ઘેલામોદી	૧
શેઠ હરીલાલ મોહનલાલ	૧
શેઠ હરીવલભદાસ બાળગોવનદાસ	૧
શેઠ લલુભાઈ રાઈચંદ	૧
શેઠ હનમંતરામ પીતી	૧
શેઠ મોરોબા ધોંડજી કારલેકર	૧
શેઠ કરમાલીભાઈ કાસમભાઈ	૧
શેઠ રહીમભાઈ અબુભાઇ	૧
શેઠ જેરાજભાઇ પીરભાઇ	૧
શેઠ અલારખીઆ શીવજી	૧
શેઠ મુલજી નથુ	૧
શેઠ કુવરજી કાવસજી ગાંધી	૧
શેઠ મેરવાનજી દાદાભાઈ કોલાબાવાળા	૧
શેઠ ખુરશેદજી મેજનજી કરાણી	૧
શેઠ દીનશા હોરમજજી	૧

આ પુસ્તક અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોનાં નામ.

	નંગ.
મુંબઈ.	
શેઠ ૩૦ એ૦	૧
શેઠ પેસતનજી દારાશા શેઠના	૧
શેઠ ફરામજી બમનજી પસતાંગીઆ	૧
શેઠ જીવણજી રતનજી	૧
શેઠ નવરોજજી રતનજી	૧
શેઠ હોરમજજી માણેકજી શીંગારા	૧
શેઠ એદલજી રૂસતમજી રીપોટર	૧
શેઠ લીમજી હોમજી	૧
શેઠ મેરવાનજી જંહાંગીર	૧
શેઠ રૂસતમજી મેરવાનજી માસતર	૧
શેઠ રૂસતમજી સોરાબજી પુણેગર	૧
શેઠ જંહાંગીરજી ફરામજી બક્ષી	૧
શેઠ રતનજી ભીખાજી મુસ	૧
મુંબઈની નેટીવ જેનરલ લાઈબ્રેરી	૧
ભાવનગર.	
મહારાજા શ્રી ઠાકોર જસવંતસંધજી	૨૫
આજમ ગવરીશંકર ઉદેશંકર મુખ્ય દીવાન	૧૦
આજમ સંતોકરામ શેવકરામ મુખ્ય કારભારી	૧૦
આજમ છગનલાલ વી૦ સંતોકરામ પ્રાઈવેટ કારભારી ..	૫
આજમ વજેશંકર વી૦ ગવરીશંકર વહીવટદાર પ્રા૦ કુંડલા.	૫
આજમ સામલદાસ પરમાનંદદાસ વડા ન્યાયાધીશ	૨
દેશાઈ વજેશંકર વી૦ ગુલાબરાય	૨
મેહેતા સવાઈલાલ સોમજી મુખ્ય વકીલ	૧
ગોધા.	
શેઠ શરીફ શાલેમહમદ	૧
રાજકોટ.	
કાઠીઆવાડ લાઈબ્રેરી	૧

આ પુસ્તક અગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોનાં નામ.

અમદાવાદ.	નંગ.
ગુજરાત વરનાક્યુલર સોસાએટી.....	૧૨
આજમ ભોલાનાથ સારાભાઈ પ્રીનસીપાલ સદરઅમીન.	૧
આજમ કલ્યાણરાય ગીરધરલાલ.....	૧
આજમ જગજીવનદાસ ખુશાલદાસ હજુર ડેપ્યુટીમાજીસ્ટ્રેટ.	૧
ડાકટર રતનજી હોરમજજી	૧
રાવસાહેબ મહીપતરામ રૂપરામ	૧

મેહમદાવાદ.	
આજમ હરગોવન ગીરધરલાલ	૫

ખેડા.	
ખેડાની લાઈબ્રરી	૧

કડી.	
આજમ મોતીભાઈ વીનાયકરાવ હેડકારકુન ઉ૦ રેવીન્યુ..	૧

ભરૂચ.	
દેશાઈ કલ્યાણરાય હકુમતરાય.....	૬
શેઠ નાદરશા પાલણજી	૧
શેઠ નાદરશા ખેજનજી રના ઈન્સપેકટર	૧

સુરત.	
આજમ નંદશંકર તુલજાશંકર; હેડમાસ્તર ટ્રેનિંગસ્કુલ..	૧
આજમ દયાભાઈ સવઈચંદ વકીલ.....	૧
શેઠ ખેજનજી પાલણજી કોટવાળ.....	૧
શેઠ હોરમજજીયાર માણેકજી ખરશેદજી.....	૧
સુરત કાનવર્ટ લાઈબ્રરી	૧

વલસાડ.	
શેઠ એદલજી પેસતનજી બ્રિટીશ હોટેલ કીપર	૧

આ પુસ્તક આગાઉથી ખરીદકરનાર ગૃહસ્થોનાં નામ.

	નંગ.
ખીરાર–શીઓગામ.	
શેઠ કાવસજી મેહેરવાનજી હાથીદારૂ	૨
શેઠ નસરવાનજી માણેકજી નગરવાળા	૧
મહુ.	
શેઠ ન૦ મેરામજી ખંભાતા	૧
કચ્છ.	
રાવ, મીરજાં મહારાવ શ્રી પ્રાગમલજી બાહાદુર.....	૨
દા૦ રવજી મુલજી (માંડવી)	૧
૦ ગોવીંદજી પરમસી (માંડવી).....	૧
કરાંચી.	
શેઠ પેસતનજી મેહરામજી કોટવાલ	૧
ડાકટર અ૦ કા૦ લુકમાનજી	૧
સકર.	
શેઠ મનચેરજી જમશેદજી મેરામદાદાના.....	૧
મુલતાન.	
શેઠ પેસતનજી દોરાબજી મીસતરી	૧
પંજાબ–ધર્મશાળા.	
શેઠ કરામજી મોરાબજી સરાફ	૧
દખણ હૈદરાબાદ–બીદર.	
શેઠ બુરજોરજી બાપુજી બીકાજી	૧
ઉરણ.	
ઉરણની લાયબ્રરી	૧
એડન.	
મી૦ ઇમલીઉ જી૦ વેબ	૧

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018